કામ વહ લે લીજિયે તુમ કો જો રાઝી કરે
ઠીક હો નામે 'રઝા' તુમ પે કરોડોં દુરૂદ

**૧૦૦મા**

ઉર્સે રઝવી નિમિત્તે....

100

**આ'લા હઝરત رحمۃ اللہ علیہ ની શાનમાં ઈ.સ. ૨૦૦૪થી આજ સુધી લખાયેલ બરકાતે ખ્વાજા (મંથલી) દયાદરાના વિવિધ અનોખા લેખોનો સંગ્રહ....**

**એટલે**

# બરકાતે રઝા رحمۃ اللہ علیہ

**સંપાદક**


મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)


**પ્રકાશક**


**બરકાતે ખ્વાજા મંથલી–દયાદરા**

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www. barkatekhwaja.net Email :anjuman2006@hotmail.com

પ્રકાશન નં.: ૧૮–સફરુલ મુઝફ્ફર    આવૃત્તિ–૧    પ્રત: ૧૦૦૦
હિ.સ. ૧૪૪૦    ઓકટોબર–૨૦૧૮

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ ﷺ

وَعَلٰى آلِكَ وَاَصْحَابِكَ يَا حَبِيْبَ اللّٰهِ ﷺ

**સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન**


**કિતાબનું નામ** : **બરકાતે રઝા**

**સંપાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

**પેજીસ** : ૪૯૨ **કિંમત** : ₹ ૨૫૦/–

**કંપોઝિંગ** : સાદિક્ યાકૂબ પટેલ દયાદરવી
મુઝમ્મિલ ઈલ્યાસ પટેલ ઈખરવી

**પ્રુફ રીડિંગ** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**આવૃત્તિ** : પ્રથમ ★ **નકલ** : ૧૦૦૦

**પ્રકાશન નં.** :

**પ્રકાશન વર્ષ** : ૧૮ સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૪૦
અંગ્રેજી તા. ૨૮–ઓકટોબર–૨૦૧૮, રવિવાર

**પ્રાપ્તિસ્થાન** : **બરકાતે ખ્વાજા (માસિક)–દયાદરા**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**,
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦

**પ્રકાશક**

**બરકાતે ખ્વાજા (માસિક)–દયાદરા**

**GRWB/059/Bharuch/02 C/o.** ફય્ઝાને રઝાએ મુસ્તફા,
મુ.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન. ૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ (ઓફિસ), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રાસંગિક વાત..... *(અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)* | 13 |
| **આ'લા હઝરત : ફક઼ીહે આલમ, મઝહરે ઈમામે આ'ઝમ** | 15 |
| વિલાદતે બા સઆદત (જન્મ) | 15 |
| નામ નામી ઈસ્મે ગિરામી (મુબારક નામ) | 16 |
| બિસ્મિલ્લાહખ્વાની ફરાસતે ઈમાની | 17 |
| બચપનમાં પણ ગલતીથી મેહફૂઝ | 18 |
| માણસ છો કે જિન ! | 19 |
| મઝહરે ઈમામે આ'ઝમ | 20 |
| ઈમામે આ'ઝમનું પ્રતિબિંબ ! | 23 |
| કેવળ એક જ મહિનામાં કુર્આન હિફ્ઝ કર્યું ! | 24 |
| **ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અક઼ીદત** | 26 |
| અજમેર શરીફને "શરીફ" ન કહેવું કેવું ? | 31 |
| ખ્વાજા સાહબ ચોક્કસ ગરીબનવાઝ છે ! | 33 |
| હઝરત ખ્વાજાના મઝારથી ઘણા ફયૂઝો તથા બરકતો મળે છે | 34 |
| આ'લા હઝરત અને બખ્તિયાર કાકી | 36 |
| આ'લા હઝરત બારગાહે નિઝામુદ્દીન ઔલિયામાં | 38 |
| આ'લા હઝરત અને બંદાનવાઝ ગેસૂ દરાઝ | 44 |
| **કાફિર ઠરાવવાનો મસ્અલો અને ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ | 48 |
| ઈસ્લામી સરહદોનો લાજવાબ રક્ષક કમાન્ડર ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ | 48 |
| આ'લા હઝરત قدس سرہٗની અનોખી શાન ! | 50 |
| શું કોઈને કાફિર કહેવું ગુનોહ છે ? | 56 |

| | |
|---|---|
| સહાબાએ કિરામનો અમલ | 62 |
| તાબેઈને કિરામનો અમલ | 62 |
| આવો ! હવે મૂળ મુદ્દા પર ! | 64 |
| નાનોત્વી સાહેબનું કુફ્રી લખાણ | 70 |
| ખાતમુન્નબિય્યિનનો અર્થ આખરી નબી હોવાનો ઈન્કાર | 71 |
| નાનોત્વી સાહેબ પર શરીઅતની પકડ | 78 |
| તહઝીરુન્નાસ સામે વિરોધ વંટોળ | 80 |
| ગંગોહી તથા અંબેઠવી સાહેબનું સંયુક્ત કુફ્રી લખાણ | 82 |
| એના ઉપર અમારી પકડો | 84 |
| હાસ્યાસ્પદ વાતો | 85 |
| અન્ય ઉલમાનો ટેકો | 87 |
| થાનવી સાહેબનું કુફ્રી લખાણ | 88 |
| તટસ્થ લોકોની સાક્ષી | 91 |
| **એહલે સુન્નતની કામ્યાબી ચાહનારાઓ માટે દીવાદાંડી** | 98 |
| મસ્લક તથા મઝહબની પ્રગતિ માટે<br>આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ દર્શાવેલ મુદ્દાઓ | 106 |
| **ગૌષે આ'ઝમના અકીદા અને મસ્લકે આ'લા હઝરત** | 110 |
| હાડકામાંથી મરઘી જીવંત કરી | 110 |
| હવાએ ગૌષ પાકનો હુકમ માન્યો ! | 111 |
| જાનવર પણ ગૌષે આ'ઝમના હુકમનાં પાબંદ હતાં ! | 112 |
| પૈસાની થેલીઓ દબાવી તેમાંથી લોહી વહાવ્યું ! | 113 |
| **આ'લા હઝરતના કમાલો તથા કરામતોની એક ઝલક !** | 117 |
| આપનો દરેક પ્રસંગ કરામત છે ! | 117 |

| | |
|---|---|
| સાડા ચૌદસો વરસની કિતાબોના હાફિઝ ! | 117 |
| એકવાર વાંચતાં કિતાબ પેજ લીટી નં. સાથે મોઢે ! | 118 |
| આ'લા હઝરતની કરામતથી ટ્રેન અટકી ગઈ ! | 119 |
| આ'લા હઝરતની કરામતથી જાદૂગરનો ઈસ્લામ સ્વીકાર ! | 120 |
| રામપુરના નવાબની બેગમના મૃત્યુની પેશનગોઈ | 121 |
| **આપના પત્રો તથા ફત્વાઓની રોશનીમાં આપની બેનિયાઝીની દાસ્તાન !** | 123 |
| નવાબો તથા નિઝામોથી બેપરવાઈ | 125 |
| નઝરાણાની લાલચોથી ન લલચાયા ! | 126 |
| અહીં ફત્વા માટે લાંચ કે વળતર નથી હોતું ! | 128 |
| નિઃસ્વાર્થ દીનની ખિદમત માટે હિદાયત | 131 |
| **ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની શાને બેનિયાઝી** | 133 |
| મેરા દીન પારાએ નાં નહીં ! | 133 |
| મોટુ નઝરાણુ પરત કર્યું ! | 133 |
| નવાબોથી બેનિયાઝી | 134 |
| શીઆના તથા તા'ઝિયાદારીના તરફદારને જવાબ ! | 134 |
| રૂા. ૬૦ તો શું ૬૦ હજાર હોય તો પણ..... | 134 |
| નઝરાણુ સ્વીકાર્યું તો પણ...... | 135 |
| ઔલાદ પણ બાપના માર્ગે | 135 |
| ફત્વા માટે મહેનતાણુ નથી લેતા ! | 135 |
| મારો બદલો તો પરવરદિગાર પર છે | 137 |
| જિંદગીની પળેપળ દીન માટે વક્ફ | 137 |
| **ઈમામ અહમદ રઝા અને દીનની દા'વતનો દૃષ્ટિકોણ** | 139 |

| | |
|---|---|
| દા'વતની હક઼ીક઼ત તથા સાચો ભાવાર્થ | 140 |
| **''અહદનામા''ની શરઈ હૈસિયત તથા ''શબિસ્તાને રઝા''ના અમુક અમલ તથા તાવીઝની હક઼ીક઼ત** | 148 |
| અહદનામા, શજરા તયબહ તથા કલ્મએ તયબહ લખવા સંબંધે એક શંકા તથા તેનું નિવારણ | 155 |
| **ઈમામ અહમદ રઝા અને તર્બિયતે તલબા** | 160 |
| **અહલે સુન્નત વ જમાઅતનું પ્રતીક : ''મસ્લકે આ'લા હઝરત''** | 169 |
| **મસ્લકે આ'લા હઝરત શા માટે ?** | 177 |
| **મસ્લકે આ'લા હઝરત શું છે ?** | 182 |
| **'મસ્લકે આ'લા હઝરત' એ જ 'મસ્લકે શાહ વલીયુલ્લાહ' છે !** | 189 |
| મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલીઓના તસર્રુફને માનવું ! | 190 |
| મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલી જીવતાને મારે અને મરેલો જીવતો કરે એ માનવું ! | 191 |
| મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલી રબની અતાથી બીમારી દૂર કરે એ માનવું ! | 192 |
| મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલીને ઈખ્તિયારવાળા માનવું ! | 192 |
| મસ્લકે શાહ વલીયુલ્લાહ એ છે કે વલી લોકોના વિચારો, ભાવિના બનાવો જાણી લે છે ! | 193 |
| મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલી વિસાલ પછી પણ મદદે પહોંચે છે ! | 194 |
| મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલીના ઈલ્મે ગયબને માનવું ! | 196 |
| ગયબની વાત જાણવું આને જ કહે છે ! | 198 |
| શાહ સાહબની ઝબાની ગયબદાનીની કહાની ! | 199 |

| | |
|---|---|
| મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે નબી વલીને હાઝિર નાઝિર માનવું ! | 203 |
| મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલીઓને ઝિંદા માનવુ ! | 204 |
| મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે મઝારો પર જવું જાઈઝ ! | 207 |
| દેવબંદી અક઼ીદા હેઠળ સર્વ બુઝુર્ગો મુશ્રિક !! | 208 |
| **આ'લા હઝરત શા માટે ?** | 210 |
| **ઈમામ અહમદ રઝા અને ઈલ્મે હદીષ** | 215 |
| **આ'લા હઝરત ઈમામ અહમદરઝાખાં મોહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ | 221 |
| **ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ **અને મશ્હૂર વૈજ્ઞાનિક ન્યૂટન** | 227 |
| ગુરુત્વાકર્ષણના ખંડનમાં ઈમામ અહમદ રઝાએ આપેલી સચોટ દલીલો | 227 |
| **ઈમામ અહમદ રઝાનાં સાયન્ટિફિક મંતવ્યો** | 234 |
| **'ઈમામ અહમદ રઝાખાં' જેવા સાયન્ટીસ્ટ (વૈજ્ઞાનિક)** | 242 |
| **ઈમામે અહલે સુન્નતનો હૈરતનાક ફિક઼્હી ઈલ્મી કમાલ !** | 245 |
| અલ્લાહ પોતાના ખાસબંદાઓને નવાઝે છે | 245 |
| ઈલ્મે લદુન્ની તે આનુ નામ ! | 246 |
| પોતાના સમયનો જબરદસ્ત ફક઼ીહ | 247 |
| ઉચ્ચ કોટીના ફક઼ીહ તેમજ મહાન મુહદ્દિષ પણ | 248 |
| હાશિયા લેખનનો પ્રારંભ વિદ્યાર્થીકાળથી જ ! | 249 |
| આપની ઈલ્મી જલાલતના અરબ તથા અજમના ઉલમા શયદાઈ | 251 |
| ફિક઼્હી નિપૂણતા 'જદુલ મુમ્તાર'ના આઈનામાં | 252 |
| અહલે હદીષનો આલિમ પ્રશંસા માટે મજબૂર ! | 253 |
| **ઈમામ અહમદ રઝા અને તસવ્વુફની હક઼ીક઼ત** | 256 |
| તસવ્વુફ તથા તરીક઼ત એટલે શું ? | 256 |
| કરામતોના પ્રકાર કયા કયા ? | 257 |

| | |
|---|---|
| અસલ કરામત શરીઅત પર અડગતા ! | 258 |
| આ'લા હઝરત શરૂથી જ બાકમાલ સૂફી હતા | 259 |
| તક્વો તે આનું નામ ! સાચા સૂફી આવા હોય છે ! | 260 |
| ઘસડાતા ઘસડાતા મસ્જિદે પહોંચી જમાઅતમાં જોડાયા ! | 262 |
| નમાઝથી બેપરવા કહેવાતા સૂફીઓ માટે બોધદાયક પ્રસંગ | 262 |
| સાચા સૂફીઓ તથા વલીઓ આવા હોય છે ! | 263 |
| ઔરતોને બે પર્દા સામે ન બેસાડતા ! | 264 |
| અહીં તાવીઝ વેચવામાં નથી આવતુ ! | 265 |
| ઈમાન તથા યકીનમાં પુખ્તગીનો આલમ ! | 266 |
| આપની અમુક 'હિસ્સી' કરામતો | 267 |
| **ઈમામ અહમદ રઝા અને કડક વલણ વિશે નિષ્પક્ષ પરીક્ષણ** | 269 |
| **ઈમામ અહમદ રઝાનો ઈબાદતથી અનોખો લગાવ** | 280 |
| નમાઝની પાંબદી વિશે હદીષોમાં તાકીદ | 281 |
| નમાઝની પાબંદીના ઈમાન અફરોઝ વાકિઆ | 282 |
| બીમારીની હાલતમાં નમાઝ | 286 |
| જમાઅતની પાબંદી | 289 |
| જંગલોમાં અઝાનની ગુંજ | 296 |
| **કન્ઝુલ ઈમાન એક અજોડ તર્જુમાએ કુર્આન** | 299 |
| પોતાના તથા પરાયાઓની નજરમાં | 299 |
| "કન્ઝુલ ઈમાન"ની ઐતિહાસિક પૂર્વભૂમિકા | 301 |
| "કન્ઝુલ ઈમાન"ની જરૂરત શાથી ? | 303 |

| | |
|---|---|
| કન્ઝુલ ઈમાનની વિશિષ્ટતાઓ | 304 |
| શાને ઉલૂહિયતનો લેહાઝ | 304 |
| શાને રિસાલતનો એહતેરામ | 306 |
| આશ્ચર્યજનક કુર્આની સમજ | 309 |
| તર્જુમાની વિશિષ્ટતા | 311 |
| વાસ્તવિક હેતુ સુધી પહોંચ | 313 |
| વર્ણનની શૈલી | 317 |
| **ફતાવા રઝવિય્યહ્‌ની વિશિષ્ટતાઓની એક ઝલક !** | 318 |
| **ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અને પ્રચાર અને પ્રસાર માધ્યમોનું મહત્વ** | 324 |
| આ'લા હઝરતની દીર્ઘદષ્ટિ અને આપણી સુસ્તી ! | 324 |
| મીડિયાનો નેગેટિવ રોલ | 326 |
| આ'લા હઝરતથી સંકળાયેલાઓની આ ક્ષેત્રે કારકિર્દી | 327 |
| દીનની રક્ષા માટે રઝાની ભલી ભાવના | 330 |
| અખ્બારી ક્ષેત્રે આપણી ગફલત અસહય છે ! | 331 |
| **ઈમામ અહમદ રઝાની કામયાબીનું રાઝ** | 334 |
| **મસ્લકે આ'લા હઝરત આજના યુગમાં મસ્લકે એહલે સુન્નતનું જ ચમકતું નામ** | 337 |
| આ'લા હઝરત رحمۃ اللہ علیہ તરફ મસ્લકને સંબંધિત કરવાનું કારણ | 339 |
| મસ્લકે આ'લા હઝરત શું છે ? | 344 |
| **ઈમામ અહમદ રઝા અને દર્સ તથા તદરીસ** | 352 |
| મન્ઝરે ઈસ્લામના પ્રથમ શયખુલ હદીષ | 360 |
| આ'લા હઝરત رحمۃ اللہ علیہનો દર્સે બુખારી | 361 |

| | |
|---|---|
| **ઈમામ અહમદ રઝા અને સમકાલિન ઉલમાએ અરબ** | 366 |
| પ્રથમ હજ વખતે ઉલમાએ અરબે શું ઈજ્જત આપી ?! | 366 |
| આ'લા હઝરતની પેશાનીમાં ખુદાનું નૂર ! | 367 |
| અરબમાં આ'લા હઝરતની ચાહનાની એક ઝલક ! | 367 |
| હજની બીજી સફર અને આ'લા હઝરતની અરબમાં બોલબાલાની ઝલક ! | 369 |
| આ ખુદાનો ફઝ્લ છે તે જેને ચાહે અતા કરે ! | 370 |
| ''અદ્દવલતુલ્ મક્કિયહ્''માં ઈલ્મે ગયબની સાબિતી | 371 |
| અદ્દવલતુલ મક્કિયહ પર પ્રશંસાના પુષ્પોની વર્ષા ! | 373 |
| **ઈમામ અહમદરઝાની પોલિટિકલ નિપૂણતા** | 378 |
| **ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના લક઼બો** | 383 |
| **આ'લા હઝરત رضی اللہ عنہના ઈમાન તથા યક઼ીનની પુખ્તતાની ઝલકો** | 397 |
| જો આ'લા હઝરતના દિલના બે ટુકડા કરવામાં આવે તો...?! | 397 |
| રબની કામિલ કુદરત પર યક઼ીનની સ્થિતિ | 398 |
| રસૂલે પાક ﷺના ક઼ૌલ પર યક઼ીનની સ્થિતિ | 400 |
| દુઆ પઢવાને કારણે જે તે બીમારી ન થવાનુ પાકુ યક઼ીન ! | 401 |
| જે વર્ષા દરમ્યાન તવાફ કરે તે રહમતે ઈલાહીમાં તરે છે ! | 401 |
| **ઈમામ અહમદ રઝા : શૈખુલ ઈસ્લામકી નઝરમેં** | 404 |
| યહ બચ્ચા પળ્હને આયા હૈ કે પળ્હાને ?! | 404 |
| ૧૪ સાલકી ઉમ્રમેં ૫૦ ઈલ્મો ફનકા ઈમામ ! | 406 |
| ક્યા ઐસા ભી કોઈ મુફ્તી દુન્યામેં હે ?! | 407 |
| એક માહમેં કુર્આન હિફ્ઝ કર લિયા ! | 409 |
| આખિર આ'લા હઝરત હૈ ક્યા ?! | 410 |

| | |
|---|---|
| **ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અને સમયનું મહત્વ** | 412 |
| બાળપણમાં સમયની પાબંદીનો વિચાર | 413 |
| સફરમાં સમયની પાબંદી (નમાઝની અદાયગી બારામાં) | 414 |
| ખિદમતે દીન અને સમયની પાબંદી | 415 |
| પુસ્તકો અને સમયની પાબંદીની ઝલક | 416 |
| કુર્આનનો તર્જુમો કયા સમયે થયો ? | 417 |
| **ઈમામ અહમદ રઝા તથા ઈશ્કે મુસ્તફા صلی اللہ علیہ وسلم** | 418 |
| આ'લા હઝરત : એક સર્વ ક્ષેત્રિય શખ્સિયત | 419 |
| ઈશ્કે મુસ્તફા صلی اللہ علیہ وسلمથી ભરપૂર શેઅરોની ઝલકો | 421 |
| ઈશ્કે મુસ્તફા صلی اللہ علیہ وسلمથી લબરેઝ બે અજોડ કસીદાઓ વિશે જાણો | 424 |
| આ'લા હઝરતનો સાચો ઈશ્કે રસૂલ અને આપણી હાલત ! | 428 |
| ઈશ્કે નબી صلی اللہ علیہ وسلمનો તકાઝો આ છે ! | 428 |
| **ઈમામ અહમદ રઝાનો ૧૦૦મો ઉર્સ** | 431 |
| **આ'લા હઝરત : એક મહાન વિદ્વાન વ્યક્તિ** | 434 |
| **તફસીર વિદ્યામાં ઈમામ અહમદ રઝાનું વિશિષ્ટ સ્થાન** | 437 |
| અલ નઝરતુલ ઉલા લક વષાનિયા | 437 |
| **આ'લા હઝરતનાં આપણા પર એહસાનો અને આપણે!** | 445 |
| સૌથી મહાન એહસાન ઈમાનની રક્ષા ! | 447 |
| ગુમરાહીનાં ઘટાટોપ વાદળો વચ્ચે ઈમામ અહમદ રઝા ચમકતો સૂરજ ! | 448 |
| એક વસવસા તથા શંકાનું નિવારણ | 450 |
| માજી મુફ્તી મદીના મુનવ્વરાનો કાદયાની દેવબંદી વિશે ઈમાન અફરોઝ ફત્વો ! | 451 |

| | |
|---|---|
| આ'લા હઝરતનું 'કન્ઝુલ ઈમાન' ! આપણા પર મહાન એહસાન ! | 453 |
| ''ફતાવા રઝવિય્યહ'' તો એક કરામત જ છે ! | 456 |
| ''હદાઈકે બખ્શિશ'માં તો બખ્શિશનો ભરપૂર સામાન છે ! | 458 |
| અનેક વિધ ક્ષેત્રે આપનાં અજોડ કારનામાંઓ | 460 |
| ...પણ આપણે આ'લા હઝરતની કેટલી કદર કરી ?! | 460 |
| **સલામે 'રઝા'માં સહાબાએ કિરામનો ઉલ્લેખ** | 463 |
| હઝરત તલ્હા ઈબ્ને ઉબૈદુલ્લાહ رضی اللہ عنہ | 468 |
| હઝરત ઝુબૈર ઈબ્ને અવ્વામ رضی اللہ عنہ | 468 |
| હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ | 469 |
| હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ | 469 |
| હઝરત સઈદ બિન ઝૈદ رضی اللہ عنہ | 470 |
| હઝરત અબૂ ઉબૈદા ઈબ્ને જર્રાહ رضی اللہ عنہ | 470 |
| **અલ્લાહનું તમામ અયબોથી પાક હોવાનો મસ્અલો અને ઈમામ અહમદ રઝા** | 474 |
| ઈમ્કાને કિઝ્બ (અલ્લાહ જૂઠ બોલી શકે)વાળો મસ્અલો | 481 |
| ઈખ્તેલાફનું બેક ગ્રાઉન્ડ | 485 |

# પ્રાસંગિક વાત...

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

**વાદી રઝાકી કોહે હિમાલા રઝા કા હૈ**
**જિસ સિમ્ત દેખિયે વો ઈલાક઼ા રઝા કા હૈ**

**અગલોંને તો લિખા હૈ બહુત ઈલ્મે દીન પર**
**જો કુછ હૈ ઈસ સદીમેં વો તન્હા રઝા કા હૈ**

૨૫ સફર હિ.સ. ૧૪૪૦, અં. તા. ૪–૧૧–૨૦૧૮ રવિવારે આ'લા હઝરત મુજદ્દિદો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہના ૧૦૦મા ઉર્સનો દિવસ છે. સર્વ સુન્નીઓને, બરકાતે ખ્વાજા મંથલીના ચાહકોને એ જાણીને ખુશી થશે કે આ મુબારક અવસરે અમોએ આ'લા હઝરત رحمۃ اللہ علیہના વિવિધ કમાલો તથા આપની દીની ખિદમતો સંબંધે તેમજ આપની આ'લા શાનને પ્રદર્શિત કરતા જેટલા લેખો ઈ.સ. ૨૦૦૪ જાન્યુ.થી આજ સુધી બરકાતે ખ્વાજા (મંથલી)માં પ્રગટ થયા તેમાંથી ચુનંદા લેખોનો સંગ્રહ **"બરકાતે રઝા"** કિતાબ રૂપે અત્રે રજૂ કરીએ છીએ. એમાં આ'લા હઝરતના બચપનના હાલાતથી લઈને આપના ઈલ્મી કમાલો, આપના અજોડ કારનામાંઓ વિશે ઈમાન અફરોઝ વર્ણન છે. ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અક઼ીદત, કાફિર ઠરાવવાનો મસ્અલો અને ઈમામ


અહમદ રઝા, ગૌષે આ'ઝમના અક઼ીદા અને મસ્લકે આ'લા હઝરત, આપની કરામતોની ઝલક, આપની શાને બેનિયાઝી, આ'લા હઝરત અને દાવતે દીન, આ'લા હઝરત શા માટે ?, આ'લા હઝરત અને ઈલ્મે હદીષ, આપના સાયન્ટિફિક મંતવ્યો, આપનો ફિક઼્હી કમાલ, ઈમામ અહમદ રઝા અને તસવ્વુફની હક઼ીક઼ત, આપનો ઈબાદતથી અનોખો લગાવ, આપના કડક વલણ વિશે નિષ્પક્ષ પરીક્ષણ, અજોડ તર્જુમાએ કુર્આન કન્ઝુલ ઈમાન વિશે, ફતાવા રઝવિય્યહની વિશિષ્ટતાઓ, આપની કામયાબીનું રાઝ, ઈમામ અહમદ અને દર્સ તથા તદરીસ, ઈમામ અહમદ રઝા અને સમકાલિન ઉલમાએ અરબ, આપની પોલિટિકલ નિપૂણતા, આપના લક઼બો, આપના યક઼ીનની મજબૂતી, ઈમામ અહમદ રઝા અને સમયનું મહત્વ, ઈશ્કે મુસ્તફા, તફસીર વિદ્યા...વગેરે અનેક વિષયે તંત્રી લેખો ઉપરાંત વિવિધ ઉલમાએ અહલે સુન્નતના ઉચ્ચ કક્ષાના લેખ સંગ્રહને વાંચો અને ખુશીથી ઝુમી ઉઠો કે અમ સુન્નીઓને આવા શાનવાળા ઈમામ મળ્યા, મજદ્દિદે આ'ઝમ મળ્યા એ આપણી સદનસીબી છે, એટલું જ નહીં આપના નક઼્શે ક઼દમ પર ચાલવા પણ કોશિશ કરશો. અને વધુથી વધુ આ કિતાબનો ફેલાવો થાય તે માટે જરૂરથી સહકાર કરશો એવી દરખાસ્ત છે.

**–પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી**

*(ખલીફા : હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

૧૮–સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૪૦,

અંગ્રેજી તા. ૨૮–૧૦–૨૦૧૮, રવિવાર



بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

# આ'લા હઝરત : ફક઼ીહે આલમ, મઝહરે ઈમામે આ'ઝમ

**(જન્મ : હિ.સ. ૧૨૭૨, વિસાલ : હિ.સ. ૧૩૪૦)**

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہની શખ્સિયત અગણિત ખૂબીઓનો સમૂહ છે, એનું વર્ણન આ ટૂંકા લેખમાં શક્ય નથી. અહીં કેવળ આપના ફકીહાના અંદાઝની કેવળ અમુક ઝલકો જ રજૂ કરીએ છીએ. આવો ! આપના બચપનથી જ આપની ખુદાદાદ ફક઼ીહાના કુવ્વતનો નઝારો જોતા ચાલીએ :

## ★ વિલાદતે બા સઆદત (જન્મ) ★

**ઝુબ્દતુલ આરિફીન કુદ્વતુસ્સાલિકીન સૈયિદી મુર્શિદી શાહ અહમદ રઝા બાખુદા નાઈબે સૈયિદિલ મુરસલીન સૈયિદી મુર્શિદી શાહ અહમદ રઝા**

ચૌદમી સદીના મુજદ્દિદ, શરીઅતે મુહમ્મદીના નાસિર વ મુઐયિદ, ઈમામે અહલે સુન્નત, આ'લા હઝરત, અઝીમુલ બરકત, આ'ક઼ાએ નેઅમત, દરયાએ રહ્મત, મખ્ઝને ઈલ્મો હિકમત, પયકરે રુશ્દો હિદાયત, આરિફે શરીઅતો તરીક઼ત, ગ઼વ્વાસે બહ્રે હક઼ીક઼ત વ મઅ્રિફત, તાજદારે વિલાયત, શૈખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન, હુજ્જતુલ્લાહ ફિલ અરદ઼ૈન, તાજુલ ફુહૂલ, અલ કામિલીને ઝિયાઉલ મિલ્લતે વદ્દીન, વારિષે અંબિયા વલ્ મુરસલીન, સિરાજુલ્ ફુક઼હા વલ્ મુહદ્દિષીન, ઝુબ્દતુલ્ આરિફીન વસ્સાલિકીન, આયતુમ્ મિન આયાતિલ્લાહિ રબ્બુલ આલમીન, મોઅજિઝતુ મિન્ મોઅજિઝાતે

રહ્‌મતુલ્ લિલ્ આલમીન, અલ્લામા, મૌલાના, મૌલ્વી, હાફિઝ, કારી, મુફતી, હકીમ, અલ્હાજ, અશ્શાહ અબૂ મુહમ્મદ અબ્દુલ્ મુસ્તફા મુહમ્મદ અહમદ રઝાખાં સાહબ ફાઝિલે બરેલ્વી قدس سرہનીવિલાદત બા સઆદત (જન્મ મુબારક) મહોલ્લા ઝખીરા બરેલી શહેરમાં (કે પહેલાં તે જ આપના બાપ દાદાનું મકાન અને દાદા અલ્લામા શાહ મુહમ્મદ રઝા અલીખાં સાહબ قدس سرہનો કયામ હતો.) ૧૦–શવ્વાલુલ્ મુકર્રમ હિ.સ. ૧૨૭૨ શનિવારના દિવસે ઝોહ્‌રના સમયે ૧૪–જૂન ઈ.સ. ૧૮૫૬, ૧૧–જેઠ સંવત ૧૯૧૩માં થઈ. આપને ઘણા નામો તથા લકબો વડે નવાઝવામાં આવે છે.

**રોઝે શમ્બા દહુમ માહે શવ્વાલ કી ઝોહ્‌ર કા વક્ત થા જબ વિલાદત હૂઈ સન બહત્તર થી ઔર સદી બારહવીં સૈયદી મુર્શિદી શાહ અહમદ રઝા**

## ★ નામ નામી ઈસ્મે ગિરામી (મુબારક નામ) ★

આપનું પેદાઈશી નામ **મુહમ્મદ** છે. આપનાં વાલિદા માજિદા મહોબ્બતમાં આપને **અમ્મનમિયાં** કહ્યા કરતાં હતાં. વાલિદા માજિદા તથા અન્ય કુટુંબીજનો **અહમદમિયાં**ના નામથી પોકારતાં હતાં. આપના દાદાએ આપનું નામ **અહમદ રઝા** રાખ્યું અને આપનું તારીખી નામ **મુખ્તાર** છે અને આ'લા હઝરત પોતાના નામની આગળ ખૂદ **અબ્દુલ મુસ્તફા** લખ્યા કરતા તેમજ આપે આપની વિલાદતની સન આ આયતે કરીમાથી કાઢી :

اُولٰٓئِكَ كَتَبَ فِیۡ قُلُوۡبِهِمُ الۡاِیۡمَانَ وَاَیَّدَهُمۡ بِرُوۡحٍ مِّنۡهُ ۝

۱۲۷۲ھ

**તર્જુમો** : "આ તે લોકો છે જેમનાં દિલમાં અલ્લાહ તઆલાએ ઈમાન નક્શ ફર્માવી દીધું અને પોતાના તરફની રૂહથી તેમની મદદ ફર્માવી."

આ'લા હઝરત સરકાર رحمۃ اللہ علیہએ ખૂદ ફર્માવ્યું બિહમ્દિલ્લાહિ તઆલા જો મારા દિલના બે ટુકડા કરવામાં આવે તો ખુદાની કસમ ! એક પર લખ્યું હશે : **લાઈલાહ ઈલ્લલ્લાહ** અને બીજા પર લખ્યું હશે : **મુહમ્મદુર્રસૂલુલ્લાહ** (جل جلالہ વ صلی اللہ علیہ وسلم) અને બિહમ્દિલ્લાહિ તઆલા દરેક

બદ્મઝહબ પર ફતહ તથા ઝફર હાંસલ થઈ. રબ્બુલ ઈઝ્ઝત ﷻ એ રૂહુલ કુદ્સથી સમર્થન કર્યું.

## ★ બિસ્મિલ્લાહખ્વાની ફરાસતે ઈમાની ★

એની ખરી માહિતી ન મળી શકી કે આ'લા હઝરતની બિસ્મિલ્લાહખ્વાની કેટલી ઉમરમાં થઈ. હા ! તમે એના પરથી અંદાઝો કરી લો કે આ'લા હઝરતે ચાર વરસની ઉમરમાં કુર્આને કરીમ નાઝરા ખત્મ કરી લીધું હતું. અમુક હઝરાતનો ખયાલ છે કે એ વખતે ત્રણ વરસની ઉમર હશે. બિસ્મિલ્લાહખ્વાની વખતે એક અજબનો બનાવ ઉપસ્થિતી થયો. આ'લા હઝરતના ઉસ્તાદે મોહતરમે બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ પછી અલિફ, બા, તા, ષા....જે રીતે પઢાવવામાં આવે છે તેમ પઢાવ્યું. આ'લા હઝરત તેમના પઢાવ્યા પ્રમાણે પઢતા રહ્યા. જ્યારે લામ આલિફ (لا)આગળ પહોંચ્યા તો ઉસ્તાદે કહ્યું, પઢો, લામ અલિફ ! તો આ'લા હઝરત ખામોશ થઈ ગયા, અને ન કહ્યું. ઉસ્તાદે બીજીવાર કહ્યું, કહો મિયાં, લામ અલિફ ! આ'લા હઝરતે કહ્યું કે એ બંનેવ તો પઢી ચૂક્યા છીએ, લામ પણ પઢી ચૂક્યા, અલિફ પણ પઢી ચૂક્યા ! તો આ બંનેવ ફરીથી શા માટે ? એ સમયે આ'લા હઝરતના દાદા કુત્બે વક્ત મૌલાના શાહ રઝા અલીખાં સાહબ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْએ (જેઓ જાહેરી તથા બાતિની કમાલના સંગમ હતા) ફર્માવ્યું, બેટા ! ઉસ્તાદનું કહ્યું માનો ! જે કહે છે પઢો ! આ'લા હઝરતે પોતાના દાદાની તરફ નજર કરી. દાદાએ ઈમાની ફરાસતથી સમજી લીધું કે આ બાળકને શંકા એ થઈ રહી છે કે આ હુરૂફે મુફરાદા (અલગ અલગ અક્ષરો)નું વર્ણન છે એમાં એક મુરક્કબા (મિલાવેલો) કઈ રીતે આવી ગયો ?! નહીં તો એ બંને હુરૂફ (અક્ષરો) અલગ અલગ તો પઢાઈ જ ચૂક્યા છે. જો કે બાળકની ઉમરના લેહાઝથી એનું રહસ્ય જાહેર કરવું યોગ્ય ન હતું અને તેની સમજથી પર ખયાલ કરવામાં આવતું, પણ દાદાએ નૂરે બાતિનીથી સમજી લીધું કે આ બાળક કાંઈક બનનાર છે ! એટલા માટે અત્યારથી રહસ્યો તથા મુદ્દાઓનું વર્ણન તેની સમક્ષ યોગ્ય જાણ્યું અને ફર્માવ્યું કે, ''બેટા !

તમારો ખયાલ દુરુસ્ત અને સમજવું યોગ્ય છે, પણ વાત એ છે કે શરૂમાં તમે જેને અલિફ પઢયો એ હક઼ીક઼તમાં હમ્ઝા છે. અલિફ કેમ કે હમેશાં સાકિન હોય છે અને સાકિનની સાથે શરૂઆત અશક્ય છે એટલા માટે અક્ષર એટલે લામ શરૂમાં લાવીને તેનો ઉચ્ચાર બનાવવાનો હેતુ છે. આ'લા હઝરતે ફરી ફર્માવ્યું, તો કોઈ ગમે તે હર્ફ મિલાવી દેવો પૂરતું હતું, આટલે દૂર આવ્યા પછી લામની શું વિશિષ્ટતા છે કે તેને મિલાવ્યો ? ب،ت،د،س પણ પ્રથમ લાવી શક્તા હતા ! દાદાએ અતિશય મહોબ્બતના આવેશમાં આવીને ગળે લગાડી લીધા અને દિલથી ખૂબ દુઆઓ આપી અને ફર્માવ્યું કે લામ અને અલિફમાં દેખાવની રૂએ તથા સીરતની રૂએ ખાસ મળતાપણુ છે, જાહેરી રીતે લખવામાં પણ બંનેનો દેખાવ એક સરખો હોય છે لا અથવા لا. સીરતની રૂએ એ કારણે કે લામનું ક઼લ્બ અલિફ છે અને અલિફનું ક઼લ્બ લામ છે એટલે અલિફ લામની વચમાં છે અને લામ, અલિફની વચમાં છે : لَاُمُ-اَلِفُ આ ઈત્તેહાદી ક઼લ્બની (દિલી એકરૂપતા) બીજા હર્ફને પ્રાપ્ય નથી, જાણો :–

**મન તૂ શુદમ તૂ મન શુદી, મન તન શુદમ તૂ જાં શુદી**
**તા કસ ન ગોયદ બઅદ અઝીં, મન દિગરમ, તૂ દિગરી**

કહેવા પૂરતું તો આ'લા હઝરતના દાદાએ આ લામ અલિફના સંકલનનું કારણ બયાન કર્યું, પણ સાચૂ પૂછો તો વાતો વાતોમાં સર્વ કાંઈ જણાવી આપ્યું અને રહસ્ય તથા હક઼ીક઼તોના રાઝો તથા નિર્દેશોની જાણ તથા પહોંચની ક્ષમતા (કાબેલિયત) એ જ વખતે પેદા કરી આપી. જેની અસર સૌએ આંખો વડે જોઈ લીધી કે શરીઅતમાં તેઓ જો સૈયેદેના ઈમામે આ'ઝમ رضی اللہ عنہના કદમ બ કદમ છે તો તરીકતમાં હુઝૂર પુરનૂર સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہના નાઈબે અકરમ છે.

## ★ બચપનમાં પણ ગલતીથી મેહફૂઝ ★

કાશાનાએ અક઼દસ (આપના ઘરે) એક મોલ્વી સાહબ થોડાંક બાળકોને પઢાવ્યા કરતા હતા. આ'લા હઝરત પણ તેમનાથી

કલામુલ્લાહ પઢયા કરતા હતા. એક દિવસની વાત છે કે મોલ્વી સાહબ કોઈ આયતે કરીમામાં વારંવાર એક શબ્દ આ'લા હઝરતને બતાવતા હતા પણ આપની જીભેથી નીકળતો ન હતો, તે ઝબર બતાવતા હતા અને આપ ઝેર પઢતા હતા. એ કૈફિયત આ'લા હઝરતના દાદાએ જોઈને પોતાની પાસે બોલાવ્યા અને કુર્આન મજીદ મંગાવીને જોયું તો એમાં કાતિબ થકી એઅરાફની (ઝબર, ઝેર લગાડવામાં) ગલતી થઈ હતી. ઝેરની જગ્યાએ ઝબર લખાઈ ગયો હતો. અને એ જ પ્રમાણે સુધારણા થયા વિના છપાઈ ગયું હતું. એટલે કે જે આ'લા હઝરતની જીભેથી નીકળી રહ્યું હતું તે જ સહીહ હતું. આ'લા હઝરતને દાદાએ કહ્યું, કે મોલ્વી સાહબ જે રીતે તમને બતાવતા હતા એ પ્રમાણે કેમ પઢતા ન હતા ? અર્ઝ કરી, હું ઈરાદો કરતો હતો કે એ જ પ્રમાણે પઢું પણ જીભ પર કાબૂ પામી શક્તો ન હતો. દાદાએ કહ્યું, સરસ ! અને સ્મિત કરીને માથા પર હાથ ફેરવ્યો અને દિલથી દુઆ આપી. પછી એ મોલ્વી સાહબને ફર્માવ્યું, આ બાળક સહીહ પઢી રહ્યો હતો, હક઼ીક઼તમાં કાતિબે ખોટુ લખી દીધું છે, પછી હક્ક઼ લખનારી ક઼લમ વડે તેને સુધારી આપ્યું. આ પ્રકારના બનાવો મોલ્વી સાહબને ઘણીવાર બન્યા તો એક દિવસ એકાંતમાં આ'લા હઝરતને કહેવા લાગ્યા, સાહબઝાદા ! સાચે સાચુ કહી દો ! કોઈને કહીશ નહીં ! તમે ઈન્સાન છો કે જિન ?! આપે ફર્માવ્યું, ખુદાનો શુક્ર છે, હું ઈન્સાન જ છુ. અલ્લાહ તઆલાનો ફઝ્લો કરમ મારી સાથે છે. ગલત શબ્દ બચપનમાં પણ મુબારક જીભ પર ન આવ્યો. જિસ્મ તથા જાન, દિલ તથા જીભના માલિક રબ તઆલાએ આપને દરેક લગઝિશથી મેહફૂઝ રાખ્યા.

## ★ માણસ છો કે જિન ! ★

આ'લા હઝરત ખૂદ ફર્માવ્યા કરતા હતા કે મારા ઉસ્તાદ જેમનાથી હું પ્રારંભિક કિતાબ પઢતો હતો જ્યારે મને સબક પઢાવી દીધા કરતા તો એક બે વાર કિતાબ જોઈને કિતાબ બંધ કરી લેતો. દરરોજ આ હાલત જોઈને ખૂબ જ આશ્ચર્ય કરતા. એક દિવસ મને ફર્માવવા લાગ્યા કે, અહમદ મિયાં ! એ તો કહો, તમો આદમી છો કિ જિન છો ?! મને પઢાવતાં વાર

લાગે છે પણ તમને યાદ કરતાં વાર નથી લાગતી.

## ★ મઝહરે ઈમામે આ'ઝમ ★

મલિકુલ ઉલમા હઝરત મૌલાના ઝફરુદ્દીન બિહારી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ પોતાની કિતાબ ''સવાનેહે આ'લા હઝરત''માં લખે છે : આ'લા હઝરત કિબ્લાની ઉમરનું ૧૪મું વરસ હતું એવામાં ઈફતા (ફત્વા લખવાનું) કામ આ'લા હઝરતે પોતાના માથે લીધું હતું. હિ.સ. ૧૨૯૨માં એક શખ્સ રામપૂરથી ઈમામુલ મોહક્કિકીન હઝરત મૌલાના શાહ નકી અલીખાં સાહબ قدس سرہનો ખ્યાતિ સાંભળીને આવ્યો. ઉસ્તાઝુલ ઉલમા હઝરત મૌલાના શાહ ઈર્શાદ હુસૈન સાહબ ફારૂકી મુજદ્દિદી રામપૂરી કુદ્દેસિર્રહૂનો ફત્વો જેના પર ઉલમાની મોહરો તથા સહીઓ કરેલી હતી તે આપની ખિદમતમાં રજૂ કર્યો. હઝરતે ફર્માવ્યું કે રૂમમાં મોલ્વી સાહબ છે તેમને આપી દો જવાબ લખી આપશે. તે રૂમમાં ગયા અને પરત આવીને અર્ઝ કરી કે રૂમમાં મોલ્વી સાહબ નથી, ફક્ત એક સાહબઝાદા સાહબ બેઠા છે. ફર્માવ્યું, એમને જ આપી દો ! તેઓ લખી આપશે. તેમણે કહ્યું, હુઝૂર ! હું તો આપ જનાબની ખ્યાતિ સાંભળીને આવ્યો હતો ! હઝરતે ફર્માવ્યું, આજકાલ એઓ ફત્વા લખ્યા કરે છે, એમને જ આપી દો. આ'લા હઝરતે જયારે એ ફત્વાને જોયો તો બરાબર ન હતો જેથી આ'લા હઝરતે તે જવાબની વિરુધ્ધ જવાબ લખી આપ્યો અને પોતાના વાલિદ માજિદની સેવામાં રજૂ કર્યો. હઝરતે તેને સમર્થન કરી આપ્યું અને સહી સિક્કો કરી આપ્યો. રામપુરના વાલી જનાબ નવાબ કલ્બેઅલીખાં સાહબની પાસે તે ફત્વો પહોંચ્યો. તેમણે શરૂથી અંત સુધી તે ફત્વો વાંચ્યો અને સર્વ લોકોના સમર્થિત લખાણો સહીઓ જોઈ. સૌ ઉલમાની રાય એક છે કેવળ બરેલીના બે આલિમોએ વાંધો ઉઠાવ્યો છે. તો મૌલાના શાહ ઈર્શાદ હુસૈન સાહબ મુજદ્દિદીને બોલાવ્યા. હઝરત તશરીફ લાવ્યા તો તે ફત્વો નવાબ સાહબે તેમની સમક્ષ રજૂ કર્યો. હઝરત મૌલાની દયાનત તથા ન્યાયપ્રિયતા જુઓ, કે સાફ ફર્માવ્યું, ખરેખર એ

જ હુકમ સાચો છે ! જે આ બંનેવ સાહબોએ લખ્યો. નવાબ સાહબે પૂછયું કે તો પછી આટલા બધા આલિમોએ આપના ફત્વાનું સમર્થન કેવી રીતે કર્યું ?! કહ્યું, એ લોકોએ મારા પર વિશ્વાસ મારી ખ્યાતિને કારણે કર્યો અને મારું સમર્થન કર્યું, નહીં તો હક્ક એ જ છે તેમણે લખ્યું. આ સાંભળીને નવાબ સાહબને આ'લા હઝરતની મુલાકાતનો શોખ થયો.

આરિફ બિલ્લાહ હઝરત અલ્લામા સલાતુલ્લાહ સાહબ મુજદિદી રામપુરી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ઉસ્તાઝુલ ઉલમા હઝરત અલ્લામા મૌલાના શાહ ઈર્શાદહુસૈન સાહબ મુજદિદી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ના શાગિર્દ તથા ખલીફા હતા જેમણે કુત્બે પીલીભીત હઝરત શાહજી મુહમ્મદ શેર મિયાં સાહબ قدس سرہ ની નમાઝે જનાઝા પઢાવી. જનાબ નવાબ કલ્બે અલીખાં સાહબે ત્યાં જનાબ શયખ ફઝ્લે હુસૈન ખાં સાહબ પોસ્ટ ખાતાના ઓફિસર હતા તેમને પૂછયું, કે તમે જાણો છો આ મૌલાના મુફતી અહમદ રઝાખાં સાહબ કોણ છે ? જનાબ શયખ સાહબે કહ્યું, મારાં સગા થાય છે. જનાબ શયખ સાહબ રામપુર રાજ્યમાં ગવર્નમેન્ટ તરફથી પોસ્ટ ખાતામાં નોકરી કરતા હતા. નવાબ સાહબ અને રાજ્યના ખૂબ જ હમદર્દ હતા જેના કારણે નવાબ સાહબના દિલમાં તેમનું ખૂબ જ માન હતું. જ્યારે નવાબ સાહબને ખબર મળી કે મૌલાના મુફતી અહમદ રઝાખાં સાહબ શેખ સાહબના સગા છે અને ફત્વાને સમર્થન કરનાર મૌલાના નકી અલીખાં શેખ સાહબના વેવાઈ થાય છે તો નવાબ સાહબે ફર્માવ્યું, તમે તમારા સગાને બોલાવો, હું એમને જોવા માગું છું. શૈખ સાહબની માંગણી તથા દા'વત અનુસાર આ'લા હઝરત કિબ્લા રામપુર તશરીફ લઈ ગયા. શૈખ સાહબ આ'લા હઝરતને પોતાની સાથે લઈને ગયા. જે વખતે આ'લા હઝરત નવાબ કલ્બે અલી સાહબને ત્યાં પહોંચ્યા તો દુબળા પાતળા હતા. નવાબ સાહબે જોઈને ખૂબ જ આશ્ચર્ય કર્યું. અને ચાંદીની ખુરશી બેસવા માટે રજૂ કરી, આ'લા હઝરતે કહ્યું કે ચાંદીનો ઉપયોગ પુરૂષો માટે જાઈઝ નથી. આ સાંભળીને નવાબ સાહબ કાંઈક નારાજ થયા, અને લાકડાની ખુરશી પર બેસાડયા, અને ખૂબ જ પ્રેમસભર

વાતો કરવા લાગ્યા. એ દરમ્યાન નવાબ સાહબે એ મશ્વરો આપ્યો કે, માશાઅલ્લાહ ! તમો ફિક્હ તથા દીનીયાતમાં ખૂબ જ કમાલ ધરાવો છો, બેહતર એ થશે કે મૌલાના અબ્દુલ હક્ક઼ સાહબ ખૈરાબાદીથી મન્તિકની ઉપરની કિતાબો પઢી લો. આ'લા હઝરતે ફર્માવ્યું, જો વાલિદ સાહબે ઈજાઝત આપી તો આપની વાત પર અમલ થશે. સંજોગોવસાત એ જ દરમ્યાન જનાબ મૌલાના અબ્દુલ હક્ક સાહબ ખૈરાબાદી પણ તશરીફ લઈ આવ્યા. નવાબ સાહબે આ'લા હઝરતની તેમની સાથે ઓળખાણ કરાવી અને પોતાની રાય પેશ કરી. જેવી રીતે અમુક માલદાર લોકો કેવળ માલદાર જ નથી હોતા બલ્કે માલ તેમના દિમાગો પર સવાર રહે છે એ જ પ્રમાણે અમુક આલિમો પણ કેવળ આલિમ જ નથી હોતા બલ્કે ઈલ્મ તેમના સર પર સવાર રહે છે. એવા લોકો બીજા આલિમની કોઈ ઈજ્જત કે માન મોભો જાળવવાનું જાણતા જ નથી, બલ્કે અન્યની શાનમાં વિના કારણે તૌહીન તથા તુચ્છકારભર્યા વાક્યો તથા શબ્દો બોલવાને પોતાના ઈલ્મની શાન સમજે છે. આ'લા હઝરતથી ખૈરાબાદીએ પૂછયું, મન્તિકની કિતાબ ક્યાં સુધી પઢી છે ? આ'લા હઝરતે ફર્માવ્યું, કાઝી મુબારક ! આ સાંભળીને મૌલાના અબ્દુલ હક્ક સાહબ ખૈરાબાદીએ કદાચ ઉમર જોઈને મઝાક ખયાલ કર્યું અને પૂછયું કે "તેહઝીબ" પઢી ચૂક્યા છો ?! જે દિમાગ અને શાન (તેવર) સાથે મૌલાનાએ એ સવાલ કર્યો એ જ અંદાઝમાં આ'લા હઝરતે એ જવાબ આપ્યો કે, તમારે ત્યાં "કાઝી મુબારક" પછી "તેહઝીબ" પઢાવવામાં આવે છે ?! એ જવાબ સાંભળીને મૌલાનાએ ખયાલ કર્યો કે, હા ! આ પણ કોઈ શખ્સ છે ! એટલા માટે એ વાત છોડીને બીજો સવાલ કર્યો કે બરેલીમાં તમે શું કરો છો ?! આ'લા હઝરતે જવાબ આપ્યો; તદરીસ, ઈફતા, લેખનકાર્ય. અલ્લામા ખૈરાબાદીએ પૂછયું કે, કયા વિષયમાં લખો છો ?! આ'લા હઝરતે ફર્માવ્યું, જે જરૂરી મસ્અલામાં જરૂરત જણાઈ અને રદ્દે વહાબિયહ્. મૌલાના અબ્દુલ હક્ક ખૈરાબાદી સુન્ની હતા પણ સુન્નીગર ન હતા, દીનની હિમાયતનો કોઈ ખાસ વલવલો તથા શોખ દિલમાં ધરાવતા ન હતા જેથી

કહ્યું કે, તમે પણ રદ્દે વહાબિયહ્ કરો છો ! એક તે અમારો ખબ્તી છે કે દરેક વખતે એ જ ખબ્તમાં સંડોવાયેલો રહે છે. આ ઈશારો તાજુલ ફહૂલ મુહિબ્બે રસૂલ હઝરત મૌલાના ખ્વાજા શાહ અબ્દુલકાદિર સાહબ બદાયૂનીની તરફ હતો. આટલા મહાન આલિમને આવા શબ્દોથી યાદ કરવાનું મૌલાના અબ્દુલ હક્ક ખૈરાબાદીને શોભતુ હતુ કે નહીં એ તો વાંચકો નિર્ણય લેશે, શક્ય છે કે બંનેમાં એવો નિઃસંકોચ મહોબ્બતભર્યો સંબંધ હોય, કેમ કે તાજુલ ફહૂલ તેમના વાલિદ માજિદ સુલ્તાનુલ્ મુહક્કિકીન હઝરત મૌલાના શાહ ફઝલે હક્ક ખૈરાબાદી قدس سرہٗના પ્રિય શાગિર્દ તથા મૌલાના અબ્દુલહક્ક ખૈરાબાદીના ઉસ્તાદ ભાઈ, દોસ્ત તથા સાથી હતા, પરંતુ આ'લા હઝરત તેમની દીનની હિમાયત તથા ફાસિદોની રદ કરવાના કારણે ખૂબ જ ઈજ્જત કરતા હતા. જેથી આ શબ્દ સાંભળી ઘણા જ રંજમય બન્યા, અને ફર્માવ્યું, જનાબેવાલા ! સૌ પ્રથમ વહાબીઓની રદ તમારા પિતા હઝરત મૌલાના ફઝ્લે હક્ક સાહબ رحمۃ اللہ علیہએ કરી અને "તહકીકુલ ફતાવા ફી ઈબ્તાલિત્તગવા" પૂરી કિતાબ મોલ્વી ઈસ્માઈલના રદમાં લખી ! આ સાંભળીને મૌલાના અબ્દુલહક્ક ખૈરાબાદી સાહબે ફર્માવ્યું, જો આવી હાજર જવાબી મારા સામે રહી તો મારી પાસે પઢવું શક્ય નથી થઈ શક્તું. આ'લા હઝરતે ફર્માવ્યું, તમારી વાતો સાંભળીને મેં પહેલાં જ નિર્ણય કરી લીધો કે આવી વ્યક્તિ પાસે મન્તિક પઢવામાં આપણી મિલ્લતના આલિમોની તૌહીન સાંભળવી પડશે, એ જ વખતે પઢવાનો ખયાલ દિલથી તદ્દન દૂર કરી નાખ્યો, ત્યારે જ આપની વાતનો આવો જવાબ આપ્યો.

**આપ હર ફનમેં હર ઈલ્મમેં હૈ ઈમામ**
**મુસ્તફૈઝ આપસે હૈં સભી ખાસો આમ**
**આપ હૈં નાઈબે ખાતિમુલ્ મુરસલીન**
**સૈયદી મુર્શિદી શાહ અહમદ રઝા**

## ★ ઈમામે આ'ઝમનું પ્રતિબિંબ ! ★

ઈમામુલ અઈમ્મા કાશફુલ ગમ્મા, સિરાજુલ ઉમ્મત મુહીયુસ્સુનહ્

સૈયદના વ મૌલાના અબૂ હનીફા નોઅમાન બિન ષાબિત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ દર રાત્રે ત્રણસો રકાત નફ્લ પઢયા કરતા હતા. એકવાર આપ ક્યાંક જઈ રહ્યા હતા તો માર્ગમાં એક માણસે બીજાને કહ્યું આ તે ઈમામ છે જેઓ દર રાત્રે ૫૦૦ રકાત નફ્લ નમાઝ પઢે છે. હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ એવું સાંભળ્યું તો તે જ ઘડીએ એ નિય્યત કરી લીધી કે આજથી ૫૦૦ રકાત જ નફ્લ પઢયા કરીશ, જેથી પેલા શખ્સનું ગુમાન દુરુસ્ત થઈ જાય. એક દિવસે આપના શાગિર્દોએ આપને કહ્યું કે લોકો કહે છે કે ઈમામ સાહબ રાતભર ઈબાદત કર્યા કરે છે અને સૂતા નથી. સૈયેદના ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું, આજથી હું એવું જ કરીશ ! અને આખી રાત જાગ્યા કરીશ, કેમ કે ખુદા તઆલા جل جلالہ ફર્માવે છે કે જે બંદાઓ એ ચીજથી પ્રશંસા પસંદ કરે છે જે એનામાં નથી તો તેઓ કદી પણ અઝાબથી છૂટશે નહીં, જેથી હવેથી હું આખી રાત જાગ્યા કરીશ, જેથી આ ફર્માનના હેઠળ ન આવી જઉં. ત્યારબાદ આપે ૪૦ વરસો સુધી ઈશાના વુઝૂથી ફજરની નમાઝ પઢી, અને આપે જે જગા વિસાલ ફર્માવ્યો ત્યાં આપે સાત હજાર વાર કુર્આને અઝીમ ખત્મ ફર્માવ્યું હતું.

## ★ કેવળ એક જ મહિનામાં કુર્આન હિફ્ઝ કર્યું ! ★

એ જ ઈમામે આ'ઝમ رضی اللہ عنہના ઉત્તમ મઝહર નાઈબે અકરમ ચૌદમી સદીના મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત હઝરત અલ્લામા મૌલાના શાહ અબૂ મુહમ્મદ અબ્દુલ મુસ્તફા ઈમામ અહમદ રઝાખાં સાહબ ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہની ખિદમતમાં એક સાહબે પત્ર મોકલ્યો તે પત્રમાં આ'લા હઝરતના લકબોની સાથો સાથ હાફિઝ પણ લખી દીધું. આ'લા હઝરત તે સમય સુધી હાફિઝ ન હતા. શેર બે શએ અહલે સુન્નતનું બયાન છે કે એ પત્ર સાંભળીને આ'લા હઝરત કિબ્લાની મુબારક આંખોમાં આંસૂ ઉભરાઈ આવ્યાં અને ફર્માવવા લાગ્યા કે હું એ વાતથી ડરું છું કે મારો હશ્ર તે લોકોમાં ન થાય જેમના બારામાં કુર્આન મજીદ ફર્માવે છે :–

يُحِبُّوۡنَ اَنۡ يُّحۡمَدُوۡا بِمَا لَمۡ يَفۡعَلُوۡا۔ અર્થ : "જ્યારે એ લોકોની તારીફમાં એવી ખૂબીઓ બયાન કરવામાં આવે છે જે એમનાથી નથી તો એ લોકો પોતાની એવી તારીફને પસંદ કરે છે." આ બનાવ ૨૯ શાબાન મોઅઝ્ઝમે બન્યો હતો. બીજા જ દિવસથી કુર્આને પાક યાદ કરવાનું શરૂ કરી આપ્યું જેનો સમય ઈશાનું વુઝૂ ફર્માવ્યા બાદથી જમાઅત ઊભી થતા સુધી ખાસ હતો. આ સંક્ષિપ્ત સમયમાં હિફ્ઝ કરવાનો નિરાળો તરીકો જુઓ :

સદરુશ્શરીઅહ્ બદરુત્તરીક્હ્ હઝરત અલ્લામા મોલ્વી હકીમ શાહ અબુલ અલા અમજદ અલી સાહબ રઝવી અન્સારી આ'ઝમી قدس سرہ બહારે શરીઅતના લેખક કુર્આન મજીદની તિલાવત કરતા હતા અને આ'લા હઝરત સાંભળતા હતા, પછી જમાઅત ઊભી થતી હતી. આ'લા હઝરત કિબ્લા જેટલું કુર્આન મજીદ સદરુશ્શરીઅહ્થી સાંભળતા હતા તે સઘળુ તરાવીહમાં સંભળાવી દેતા હતા, ક્યારેક એક પારો તો ક્યારેક દોઢ પારો. દરરોજનો એ જ નિયમ રહ્યો, એટલે સુધી કે રમઝાન મુબારકની સત્તાવીસ તારીખે કુર્આને અઝીમ આખુ હિફ્ઝ કરી લીધું. અને કેવળ એક મહિનાની મુદ્દતમાં હાફિઝ થઈ ગયા. અને રમઝાન મુબારકની સત્તાવીસમી રાત્રે તરાવીહમાં કુર્આને અઝીમ તિલાવત કરીને ખત્મ ફર્માવી દીધું. ફર્માવ્યું, બિહમ્દિલ્લાહ ! મેં કુર્આન પાક તરતીબની સાથે યાદ કરી લીધું, અને એ એટલા માટે કે ખુદાના બંદાઓનું કહેવું ગલત ન સાબિત થાય. મહાન ખૂબી તો એ હતી કે ઈશાના વુઝૂ કર્યા પછી જમાઅત ઉભી થતા સુધીના ટૂંકા સમયમાં દરરોજ દોઢ પારો મૌખિક કેવળ સાંભળીને યાદ કરી લેવા છતાં વિવિધ ફતાવા મુબારકા લખવા, શરીઅતના મસાઈલ તથા ખુદા વ રસૂલ جل جلاله વ صلى الله عليه وسلمના પવિત્ર ફર્માનો વગેરે દરરોજની દીની વ્યસ્તતામાં કોઈ પ્રકારનો તફાવત નથી પડયો !

**હયરત અંગેઝથી કુવ્વતે હાફિઝા, સિર્ફ એક માહમેં હિફ્ઝ કુર્આં કિયા**
**આપકા દૌરે હાઝિરમેં ષાની નહીં, સૈયદી મુર્શિદી શાહ અહમદ રઝા**

*–(તજલ્લિયાતે ઈમામ અહમદ રઝામાંથી સાભાર, અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, ફેબ્રુઆરી–૨૦૧૦, બરકાતે ખ્વાજા–માસિક, તંત્રી લેખ)*

# ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અક઼ીદત

**મેરી હિમ્મત કો સરાહો મેરે હમરાહ ચલો**
**મેને ઈક શમ્આ જલાઈ હૈ હવાઓં કે ખિલાફ઼ !**

શયખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضي الله عنه ની મહોબ્બત એ હક્ક મઝહબવાળાની ઓળખ છે કેમ કે આપ અજોડ આશિકે રસૂલ હતા અને રસૂલેપાકના દુશ્મનો, ગુસ્તાખો માટે ઉઘાડી તલ્વાર હતા. જેથી જેના દિલમાં ઈશ્કે નબીની શમ્અ રોશન હોય તે જરૂર ઈમામ અહમદ રઝાનો શયદાઈ હશે. અને એ જ સુન્નીની પેહચાન પણ દર્શાવવામાં આવી છે. જેમ કે હઝરત મૌલાના કાદિરબખ્શ સાહબ સહસરામી જેઓ એક ઘણા મહાન મશ્હૂર આલિમ અને જબરદસ્ત મુકર્રિર હતા તેમણે જણાવ્યું કે, "તમે લોકો જ્યારે કોઈના વિશે જાણવા ચાહો કે સુન્ની છે કે વહાબી ? તો તેની સમક્ષ આ'લા હઝરતની ચર્ચા છેડી દો અને તેના ચહેરાને ધ્યાનપૂર્વક જોતા રહો. જો ચહેરા પર ખુશી તથા ઉમંગના ભાવો પ્રદર્શિત થતા જણાય તો સમજી લો કે સુન્ની છે, અને જો ચહેરા પર અણગમાના ભાવો જણાય તો સમજી લો કે વહાબી છે, અને **જો વહાબી ન હોય તો પણ તેમાં કોઈક પ્રકારની બેદીની ચોક્કસ છે."**

*–(હવાલો : સવાનેહે આ'લા હઝરત, પેજ–૧૧૪)*

આ'લા હઝરત હક્ક મઝહબવાળાની પેહચાન અને સમયના મુજદ્દિદ છે. અને આપ "મુજદ્દિદ" કોઈ આમ પબ્લિકના માણસોના

જોશ જઝબાતભર્યા ના'રા લગાડી દેવાથી અથવા અધૂરા તથા લાલચી મોલ્વીઓના ખેંચી તાણીને કહી દેવાથી કે એલાન કરી દેવાથી નથી કહેવાયા ! બલ્કે હિંદુસ્તાનના જ નહીં મક્કા શરીફ તથા મદીના શરીફના તે સમયના મહાન સુન્ની ઉલમા આપના ઈલ્મી કમાલોને જોઈને અનાયાસે પોકારી ઉઠયા કે :–

★ કરન્સી નોટના મસ્અલા પર કિતાબ 'અલ્ કિફલુલ્ ફકીહ'ના અભ્યાસ પછી કહ્યું; ''ખુદાની કસમ ! હું કહું છું અને સાચુ કહું છું કે જો ઈમામે આ'ઝમ અબૂ હનીફા એને જોતા તો યકીનન તેમની આંખો ઠંડી થાત અને નિઃશંક ! તેઓ એના લેખક ઈમામ અહમદ રઝાને પોતાના શાગિર્દોમાં દાખલ કરી લેત......જો એમના (આ'લા હઝરતના) બારામાં કહેવામાં આવે કે એઓ આ સદીના **મુજદ્દિદ** છે તો બેશક ! હક્ક તથા સહીહ છે.''

*[શયખુલ ઉલમા મુહાફિઝે કુતુબે હરમ અલ્લામા સૈયદ શાહ ઈસ્માઈલ ખલીલ رحمۃ اللہ علیہ મદીના મુનવ્વરા]*

★ (ઈલ્મે ગયબ પર આ'લા હઝરતે લખેલી કિતાબ ''અદ્દવલતુલ મક્કિયહ્''ના અભ્યાસથી પ્રભાવિત થઈ તેની પ્રશંસા તથા દુઆ બાદ) ''તે (આ'લા હઝરત) આ ઉમ્મતના દીની બાબતોના **ઈમામોના ઈમામ** તથા **મુજદ્દિદ** છે શૈખ અહમદ રઝાખાં જે દિલોના નૂર અને યકીનના સમર્થનથી સજ્જ છે. અલ્લાહ તઆલા આપને દુનિયા તથા આખેરતમાં કબૂલ ફર્માવે.'' *[શયખુલ ઉલમા હઝરત અલ્લામા મૂસા અલી શામી અઝહરી અહમદી દરવૈરી મદની رحمۃ اللہ علیہ]*

ટૂંકમાં એ કે વિશ્વભરના મહાન ઉલમાએ એકી અવાજે આપને પોતાના ઈમામ તથા મુજદ્દિદ સ્વીકાર્યા.

આ'લા હઝરતે વહાબી ફિર્કાનાં બદ્અકીદગીભર્યા લખાણોનો પીછો કરી કુર્આન, હદીષ તથા અકવાલ થકી તેમના બાતિલપણાને સાબિત કરી તેમની કમ્મર તોડી નાખી. છતાંય આપની શખ્સિયતનો એ કમાલ હતો કે આપની મહાનતાનો ગૈરોએ પણ સ્વીકાર કર્યો છે. જેમ કે :–

**મૌલાના શિબ્લી નોઅમાની (દેવબંદી)** લખે છે કે, ''મૌલાના અહમદ રઝા સાહબનું ઈલ્મી વર્તુળ એટલા પ્રમાણમાં મહાન છે કે વર્તમાનકાળના તમામ આલિમો આ મોલ્વી અહમદ રઝા સાહબ સમક્ષ જરા જેટલી પણ હૈસિયત નથી ધરાવતા. આ અહકરે પણ આપની વિવિધ કિતાબો જોઈ છે. *(માહનામા નદવા, ઓક્ટો.–૧૯૧૪, પેજ–૧૭, બહવાલા અલ્ કૌલુસ્સદીદ, પેજ–૨૬૪)*

**મૌલાના અબુલ આ'લા મૌદૂદી (જમાઅતે ઈસ્લામી)** લખે છે કે, ''મૌલાના અહમદ રઝા સાહબના ઈલ્મો ફઝ્લનો મારા દિલમાં ઘણો એહતેરામ છે. હકીકતમાં તેઓ દીની ઈલ્મો પર ગહરી દષ્ટિ ધરાવતા હતા અને તેમની આ ફઝીલતનો સ્વીકાર તે લોકોને પણ છે જેઓ તેમનાથી મતભેદ ધરાવે છે.'' *(મકાલાતે યૌમે રઝા, ભાગ–૨, પેજ–૪૦)*

**મૌલાના અબુલ હસન અલી નદવી (દેવબંદી)** લખે છે, ''તે એક સમૃદ્ધ આલિમ હતા જેમની માલૂમાત વિશાળ અને અભ્યાસ ઘણો જ વિશેષ હતો. તે એક હરતી ફરતી કલમ તથા લેખન કાર્યમાં સમૃદ્ધ ચિંતનવંત હતા. હનફી ફિકહ તથા તેના જુઝઈય્યાતથી માહિતગાર હોવામાં તેમના જેવો કોઈ જોવા મળતો નથી, જેના માટે તેમનો ફતાવા સંગ્રહ તથા કિતાબ કિફલુલ્ ફકીહ.... સાક્ષી છે જે મક્કામાં લખવામાં આવી. આપ ગણિત વિદ્યા, ગ્રહગતિ વિજ્ઞાન, જ્યોતિષ વિદ્યા, પંચાગ વિદ્યાના નિષ્ણાત હતા. ભાવિસૂચના તથા જ્યોતિષમાં પણ માહિર હતા. અન્ય ઘણા ઈલ્મોમાં આપનો હિસ્સો હતો.'' *(નુઝહતુલ ખવાતિર, ભાગ–૮)*

**જનાબ મલિક ગુલામ અલી નાયબ મૌદૂદી** લખે છે કે, ''હકીકત એ છે કે મૌલાના અહમદ રઝાખાં સાહબના બારામાં અત્યાર સુધી અમે લોકો સખત ગલતફહમીમાં અટવાયેલા રહ્યા. તેમની અમુક કિતાબો તથા ફતવાઓના અભ્યાસ બાદ એ નિર્ણયે પહોંચ્યો છું કે જે ઈલ્મી ગહરાઈ મેં તેમને ત્યાં જોઈ તે ખૂબ જ જુઝ ઉલમામાં જોવા મળે છે. અને ખુદા વ રસૂલનો ઈશ્ક તો તેમની લીટી લીટીએથી ફૂટી પડે છે.''

*(શહાબ–અઠવાડિક, લાહોર, ૨૫–નવે. ૧૯૬૬)*

ઉપરાંત ઘણા વિરોધી આલિમોએ મજબૂરન આપની તારીફ કરી છે. ત્યારથી આજ સુધી આપની ખૂબીઓની પ્રશંસા આપણા તો આપણા પણ વિરોધીઓ કરતા રહ્યા. પણ અફસોસ કે વર્તમાનકાળમાં એક બલા એવી નીકળી કે કહેવાતા સુન્નીઓમાં કેટલાક દીન તથા શરીઅતની બાબતમાં પોલ ચલાવનારા તથા પોતાની વાહ વાહ તથા નામના ચાહનારા દુનિયા કમાવાની ગરજે સમયના આ મહાન મુજદ્દિદની વિરૂધ્ધ કુપ્રચાર કરવા મંડી પડયા અને ત્યાં સુધી કે એવી હવા ચલાવી કે આ'લા હઝરતને ખ્વાજા સાહબ તથા ચિશ્તી બુઝુર્ગોથી અકીદત ન હતી ! (મઆઝલ્લાહ !)

ખુદાના ફઝ્લથી હઝરત મૌલાના સૈયદ સલીમ બાપુ બેડીવાળા (જામનગર) થકી એક કિતાબ ''ઈમામ અહમદ રઝા ઔર મશાઈખે ચિશ્ત'' (લેખક : **હઝરત મૌલાના રહ્‌મતુલ્લાહ સિદ્દીકી સાહબ,** તંત્રી–પૈગામે રઝા, ખતીબો ઈમામ કાદરી જામે મસ્જિદ, નાયકનગર–સાયન, મુંબઈ) મને વાંચવા મળી જેમાંથી ઉપરોક્ત કુપ્રચારનો પર્દો ચીરતા પ્રસંગો તથા કથનો અત્રે રજુ કરતાં હું ખુશી અનુભવું છું અને વાંચકોને દીની બાબતે ઈન્સાફથી રહેવા તથા હક્કને સ્વીકારવાની અપીલ કરું છું કે આંખો મીંચીને કોઈની વાતોમાં આવી તેના અનુસરણમાં રહી ગુમરાહીમાં ન પડે, બલ્કે ખુદાએ બુદ્ધિ આપી છે તો હક્કની પરખ કરી હક્ક માર્ગે રહે એમાં જ બંને જહાનની ભલાઈ છે.

**રાજ કિસ શહરમેં કરતે નહીં તેરે ખુદ્દામ**
**બાજ કિસ નહરસે લેતા નહીં દરયા તેરા**
**મઝરએ ચિશ્તો બુખારાઓ ઈરાકો અજમેર**
**કૌનસી કિશ્ત પર બરસા નહીં ઝાલા તેરા**

*-(આ'લા હઝરત رضی اللہ عنہ)*

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ નાં સુન્નિયત પર જે એહસાનો છે તેનાથી કોણ અજાણ છે ? આપે એહલે સુન્નત વ જમાઅત સામે ઉઠતા તમામ પ્રકારના ફિત્નાઓ સામે તને તનહા જબરદસ્ત ટક્કર લઈને તેમની કમ્મરને તોડી

નાખી છે, ચાહે તે વહાબિયતનો ફિત્નો હોય કે દેવબંદિયતનો હોય, કાદયાનિયતનો ફિત્નો હોય કે ચકળાલ્વિયતનો ફિત્નો હોય, ચાહે બેશરઅ પીરોનો હોય કે જૂઠા સૂફીઓનો હોય...... દરેકની સામે કુર્આન, હદીષ તથા બુઝુર્ગોના અકવાલ (કથનો) થકી મોરચો રચીને તેમની નાકને ધૂળમાં રગડી કાઢી છે. ખાનકાહી રસ્મો રિવાજ સમક્ષ, કબરો પર ફૂલ ચાદર ચઢાવવા સંબંધે હોય કે ઉર્સ તથા ન્યાઝ સંબંધે હોય, ફાતેહા તથા તબર્રુકના સંબંધે હોય, બદ્અકીદા લોકો તરફથી ઉઠેલા શિર્ક બિદઅતના ફત્વાઓના મારા સામે સીનો તાણીને હિંદુસ્તાનની ભૂમી પર કોઈએ એનો સામનો કરી તેના સચોટ જવાબો આપ્યા હોય તો તે ઈમામ અહમદ રઝાની જ શખ્સિયત છે.

ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી علیہ الرحمۃ والرضوان ના ઈશ્કો ઈર્ફાન તથા ઈમાનો યકીનના પ્રજવલિત કરેલા ચિરાગના તુફૈલ દર્સગાહોનો વકાર અને ખાનકાહોની પવિત્રતા મેહફૂઝ છે. તે ખાનકાહ તબાહ થઈ ગઈ જેનો રિશ્તો ઈમામ અહમદ રઝાથી તૂટી ગયો અને તે દર્સગાહ તમામતર શોહરત તથા મકબૂલિયતના હોવા છતાં પોતાની મઝહબી તથા મસ્લકી વિશિષ્ટતાને સાચવી ન શકી જેણે આપની વિચારધારા તથા માન્યતાઓ સાથે એકમતિ ન સાધી.

દેશની ઘણી ખરી ખાનકાહોમાં બિદઅતો તથા મના કરેલ બાબતો ખુલ્લેઆમ થાય છે અને ઈમામે અહલે સુન્નતે બિદઅતો તથા ગુનાહિત બાબતોમાં પડનારાઓનો સખત રીતે પીછો કર્યો છે, એ જ કારણે ઘણા બધા પીર સાહબો આપના ખયાલો તથા વિચારો સાથે સંમતિ ધરાવતા હોવા છતાં માલ પ્રાપ્તિના ખાતર ખાનકાહોને એ ગંદકીઓથી દૂર ન રાખી શક્યા જેના કારણે આજે મઝહબ તથા મસ્લકને સખત નુકસાનોનો સામનો કરવો પડી રહ્યો છે. કાશ ! આપણા સજ્જાદાઓએ ઈસ્લામી કાનૂન તથા શરીઅતના પાકીઝા નિયમોની ભરપૂર તરફદારી કરી હોત તો દીન તથા શરીઅતની આ રીતે બેહુર્મતી તથા બેદઅબી થતી ન જોવા મળત.

વિરોધીઓએ એક તરફ ગૈર શરઈ રસ્મોને ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رضی اللہ عنہ થી સંબંધિત કરી દીધી અને બીજી બાજુ મશાઈખે ચિશ્તના મુરીદો તથા ચાહકોના દિમાગોમાં એ વાત નાખવાની નાપાક કોશિશ કરી કે, "ઈમામે અહલે સુન્નત ચિશ્તી મશાઈખની શાનની મહાનતાને સ્વીકારનારા ન હતા ! જો એવું ન હોત તો પોતાની કિતાબોમાં જેવી રીતે તેમણે સૈયેદિના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ની અઝમતોનાં ગીતો ગાયાં છે અને તેમનો મોટા પાયા પર ઉલ્લેખ કર્યો છે એ જ પ્રમાણે મશાઈખે ચિશ્તનો પણ કરત, પણ આપની કિતાબો ચિશ્તી બુઝુર્ગોના વર્ણનોથી ખાલી છે." જો કે **આ પ્રકારની વાતોને વાસ્તવિક્તા સાથે કોઈ સંબંધ નથી,** પણ વિરોધીઓએ હિટલરના કૌલ પર સખ્તી સાથે અમલ કર્યો કે એક જૂઠને એટલીવાર બોલો કે તે સત્ય લાગવા માંડે. આ રીતે અહલે સુન્નતનો એક મોટો વર્ગ ઈમામ અહમદ રઝા قدس سرہٗ થી કતરાયેલો તથા વિમુખ રહેવા લાગ્યો અને બદ્‌ગુમાનીનું વાતાવરણ આજે પણ જોવામાં આવી રહ્યું છે.

એ હકીકતથી કોઈ ઈન્કાર નથી કરી શક્તુ કે ઘણી બધી ચિશ્તી મશાઈખની ખાનકાહો એવી છે જ્યાં ઈમામે અહલે સુન્નતનો ઉલ્લેખ ઘણા જ અણગમા સાથે કરવામાં આવે છે. આ જ બાબતોને લક્ષમાં લઈને અમે આ લેખ લખવા પ્રેરાયા છીએ જેના થકી આવા પ્રકારની શંકા કુશંકાઓને સત્યના પ્રકાશમાં દૂર કરવામાં આવે.

આવો ! આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ને અજમેર શરીફથી કેવી અકીદત હતી તેનો નઝરો જોઈ લો !

### ★ અજમેર શરીફને "શરીફ" ન કહેવું કેવું ? ★

અજમેર શરીફથી જનાબ હકીમ ગુલામ અલી સાહબ મર્હૂમે ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીની બારગાહમાં સવાલ મોકલ્યો કે :–

**સવાલ** : "જો કોઈ મોલ્વી પોતાના મદ્રસાના દરવાજા પર,

ખિલાફતના બોર્ડ ઉપર, ખિલાફતની ટોપી ઉપર અને ખિલાફતની રસીદ ઉપર ફક્ત "અજમેર" લખે, તો શું અજમેરની સાથે શબ્દ "શરીફ" ન લખવો અને અસલી નામ "ગુલામ મોઈનુદ્દીન" પર "ગુલામ" ન લખવું એ અહલે સુન્નતના અકીદાની વિરૂધ્ધ છે કે નહીં ?

**જવાબ** : આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ એ એનો જવાબ આ પ્રમાણે આપ્યો છે :–

"અજમેર શરીફના પાક નામ સાથે "શરીફ" શબ્દ ન લખવો અને તે તમામ મૌકાઓમાં તેની કાળજી લેવી જો એ કારણે છે કે હુઝૂર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ના તશરીફ લાવવાને, આપની જાહેરી હયાતને તેમજ મઝારે પુર અન્વારને (જેના સબબે મુસલમાનો અજમેર શરીફ કહે છે) શરાફત–બુઝુર્ગીનો સબબ નથી સમજતો તો ગુમરાહ છે, બલ્કે અલ્લાહનો દુશ્મન છે. સહીહ બુખારી શરીફમાં છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે; "અલ્લાહ عزوجل ફર્માવે છે કે જેણે મારા વલી સાથે અદાવત રાખી તેની સાથે મારુ જંગનું એ'લાન છે." અને જો આ નાપાક કાર્ય (કે "શરીફ" ઈરાદાપૂર્વક ન લખવું) જો લખવામાં આળસ કે સુસ્તીના કારણે છે તો સખ્ત બેબરકતી તથા મહાન ફઝ્લ તથા અઢળક ભલાઈથી મેહરૂમ છે. જેમ કે ઈમામ મુહક્કિક મોહ્યુદ્દીન અબૂ ઝકરિયા قدس سرہٗ એ તારીઝમાં દર્શાવ્યું છે. અને જો એનો સબબ વહાબિયત છે તો વહાબિયત કુફ્ર છે પછી તો એવી વાતોની ફરિયાદ જ શું !

પોતાના નામની સાથે "ગુલામ" ન લગાડવું જો એ કારણે હોય કે હુઝૂર ખ્વાજએ ખ્વાજગાન رضی اللہ عنہ નો ગુલામ થવાથી ઈન્કાર ધરાવે છે તો દસ્તૂર મુજબ ગુમરાહ છે તથા હદીષના હુકમાનુસાર અલ્લાહનો દુશ્મન છે અને તેનું ઠેકાણુ જહન્નમ છે. રબ ફર્માવે છેઃ–

**(અર્થ)** : "ઘમંડીઓનું ઠેકાણુ, જહન્નમ જ છે." અને જો વહાબિયતના કારણે છે કે ઔલિયાના ગુલામ બનનારાઓને મુશ્રિક અને "ગુલામ મોહ્યુદ્દીન" તથા "ગુલામ મોઈનુદ્દીન"ને શિર્ક જાણે છે, તો વહાબી તો ખૂદ ઝિન્દીક, બેદીન, કાફિર તથા મુર્તદો છે. "અને કાફિરો

માટે દર્દનાક અઝાબ છે." અલ્લાહ બેહતર જાણનાર છે.

*(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૬, પેજ–૧૮૬)*

ઉપરોક્ત સવાલ તથા આ'લા હઝરતના જવાબને ફરી એકવાર વાંચો અને જુઓ કે ઈમામ અહમદ રઝાને ખ્વાજા સાહબથી કેવી અકીદત તથા મહોબ્બત છે અને ખ્વાજા સાહબથી કીનો રાખનારાઓ પર આપ કેવા સખ્ત છે ?!

પ્યારા સુન્ની ભાઈઓ ! જ્યારે એક મુસલમાન પર બદ્‌ગુમાની હરામ છે તો પછી આજે રસ્તે ચાલતો જાહિલ અદના માણસ એક મુજદ્દિદ તથા ઈમામે અહલે સુન્નત માટે ધડ દઈને ગમે તેમ બકવાસ કરી નાખે તો વિચારી લો ! એ પોતાનું ઠેકાણું ક્યાં બનાવશે ? અને આ'લા હઝરત વલીએ કામિલ હતા તો આ વલીની સાથે અદાવત કે કીનો રાખી જહન્નમનો હક્કદાર નહીં બને ! જેણે આપણને ઈશ્કે નબીમાં તડપતાં શીખવાડયું, જેણે ઈશ્કે અવલિયાની દૌલતથી આપણા સીનાને રોશન કર્યો, જેણે ઔલિયાના દુશ્મનોનાં ચિથડાં વેરી કાઢયાં, જેણે આ'લે રસૂલની તા'ઝીમ દુનિયાને શીખવાડી તેના પર ઉલ્ટો ઈલ્ઝામ ?! હે લોકો ! અલ્લાહથી ડરો ! અને આવી વાતોથી તૌબા કરો.

આવો ! આગળ વધો ! મશાઈખે ચિશ્તથી ઈમામ અહમદ રઝાને કેવો લગાવ તથા મહોબ્બત છે તેને જોઈ લો ! :–

### ★ ખ્વાજા સાહબ ચોક્કસ ગરીબનવાઝ છે ! ★

કાનૂપરથી જનાબ યાકૂબ સાહબ મર્હૂમે છ સવાલો પર આધારિત એક સવાલનામુ આ'લા હઝરત ઈમામે અહલે સુન્નતની ખિદમતમાં મોકલ્યું, તેમાંના બે પ્રશ્નો અત્રે રજુ કરીએ છીએ :–

**(૧)** હઝરત ગૌષે પાક قدس سرہ ને "દસ્તગીર" કહેવા જાઈઝ છે કે નહીં ?

**(૨)** હઝરત ખ્વાજા મોઈનુદ્દીન સંજરી قدس سرہ ને "ગરીબ નવાઝ" લકબથી પુકારવા જાઈઝ છે કે નહીં ?

ઈમામે અહલે સુન્નતે એનો આ પ્રમાણે જવાબ આપ્યો છે :–

''હુઝૂર સૈયેદેના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ચોક્કસ (Sure) ''દસ્તગીર'' છે અને સુલ્તાનુલ હિંદ મોઈનુલ્ હક્ક વદીન ચોક્કસ ''ગરીબ નવાઝ'' છે.

સૈયદેના ઈમામુલ હસન નૂરુદ્દીન ''બેહજતુલ અસ્રાર શરીફ''માં સૈયેદેના અબુલ કાસિમ ઉમર બઝ્ઝાઝ قدس سرہ થી રિવાયત કરે છે : (અર્થ) મેં મારા શયખ સૈયદ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ ને ઘણીવાર એવું ફર્માવતાં સાંભળ્યા કે મારા ભાઈ હુસૈન હલ્લાજનો પગ સરકયો. તેમના સમયમાં કોઈ એવો ન હતો કે તેમની દસ્તગીરી કરતો, એ સમયે હું હોત તો તેમની દસ્તગીરી (મદદ) કરત અને મારા અસ્હાબ અને મારા મુરીદો અને મારાથી મહોબ્બત રાખનારાઓમાં કિયામત સુધી જેનાથી લગઝિશ થશે તેમનો હું ''દસ્તગીર'' (મદદગાર) છુ. વલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન. તમામ મુસલમાનોની જીભ પર હુઝૂરનો લકબ ગૌષે આ'ઝમ છે એટલે ''સૌથી મોટી ફરિયાદ રસ''. શાહ વલીયુલ્લાહ તથા શાહ અબ્દુલ અઝીઝ એ તો ઠીક પણ ખૂદ ઈસ્માઈલ દહેલ્વીએ ઠેક ઠેકાણે હુઝૂરને ગૌષે આ'ઝમથી યાદ કર્યા છે, આ ફરિયાદ રસી તથા દસ્તગીરી નથી તો શું છે ? હઝરત શયખ મુજદ્દિદ અલ્ફેષાની પોતાના પત્રોમાં ફર્માવે છે :–

''આ દુનિયાથી આપના (ખ્વાજા સાહબના) તશરીફ લઈ ગયા બાદ તેમના મઝાર પર ઈદના દિવસે ઝિયારત માટે ગયો હતો. મઝારે મોતબર્રકથી તવજ્જોહ દરમ્યાન તેમની મુકદ્દસ રૂહાનિયતથી સંપૂર્ણ તવજ્જોહ જાહેર થઈ. **ગરીબ નવાઝ**નો કમાલ કે જેની ખાસ નિસ્બત ખૂદ હઝરત ખ્વાજા અહરાર પ્રતિ મન્સૂબ છે તે અતા ફર્માવ્યો.''

*–(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૧૧, પેજ–૪૪)*

## ★ હઝરત ખ્વાજાના મઝારથી ઘણા ફયૂઝો તથા બરકતો મળે છે ★

એક સવાલના જવાબમાં આ'લા હઝરતે ખ્વાજા સાહબનો ઉલ્લેખ

કરતાં ફર્માવ્યું :–

"......હઝરત ખ્વાજાના મઝારથી ઘણા બધા ફયૂઝો તથા બરકતો હાંસલ થાય છે. મૌલાના બરકાત અહમદ સાહબ મર્હૂમ જેઓ મારા પીર ભાઈ તથા મારા વાલિદ માજિદ رحمۃ اللہ علیہ ના શાર્ગિદ હતા તેમણે મને વર્ણન કર્યું કે મેં મારી આંખોથી જોયું કે એક હિન્દુ જેના માથાથી પગો સુધી ફોલ્લા હતા, અલ્લાહ જ જાણે કે કેટલા હશે ?! તે બપોરે આવતો અને દરગાહ શરીફની સામે ગરમ કાંકરીઓ અને પથ્થર પર આળોટતો અને કહેતો કે ખ્વાજા ! અગન લાગી છે ! ....... ત્રીજા દિવસે જોયું કે સારો થઈ ગયો છે. *(મલ્ફૂઝાત, પેજ–૩૨૪)*

આ'લા હઝરતે ફર્માવ્યું કે ભાગલપુરથી એક ભાઈ દર વર્ષે અજમેર શરીફ હાજર થતા રહેતા હતા. એક વહાબી રઈસથી મુલાકાત થઈ તેણે કહ્યું કે મિયાં ! દર વર્ષે કયાં જયા કરો છો ? બેકાર આટલા રૂપિયા ખર્ચ કરો છો ! તેમણે કહ્યું કે, ચાલો ! ઈન્સાફની આંખથી જુઓ પછી તમને ઈખ્તિયાર છે. ખૈર, એક વરસે તે સાથે આવ્યો. જોયું કે એક ફકીર સોટો લઈને રોઝા શરીફની આસપાસ ચક્કર મારી રહ્યો છે અને એવું પોકારી રહ્યો છે કે, "ખ્વાજા ! પાંચ રૂપિયા લઈશ અને એક કલાકની અંદર લઈશ ! અને એક જ માણસ પાસેથી લઈશ !" જયારે તે વહાબીને ખયાલ આવ્યો કે હવે ઘણો સમય પસાર થઈ ગયો છે, એક કલાક થઈ ગયો અને હજી સુધી તેને કોઈએ કાંઈ નથી આપ્યું, તો ખિસ્સામાંથી પાંચ રૂપિયા કાઢીને તેના હાથમાં રાખતાં કહ્યું કે, "મિયાં ! તમે ખ્વાજા સાહબથી માંગી રહ્યા છો ! ભલા એ શું આપશે ! લો હું આપુ છું !" ફકીરે તે પાંચ રૂપિયા તો ખિસ્સામાં રાખી દીધા અને એક ચક્કર લગાડીને જોરથી કહ્યું કે, ખ્વાજા ! તારા પર કુર્બાન જાઉં ! અપાવ્યા પણ કેવા ખબીષ મુન્કિર પાસેથી !" *(અલ્ મલ્ફૂઝાત, પેજ–૩૨૬, ૩૨૭)*

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ હુઝૂર સૈયેદના ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہ ના સંબંધે ઘણા વાકયાઓ પોતાની કિતાબોમાં ઠેક ઠેકાણે નકલ કરેલા છે એને એક ઠેકાણે સંકલિત કરવાની જરૂર છે.

કેટલાક માણસો છે જેઓ પોતાની શક્તિ અનુસાર કાંઈ ન કાંઈ કરતા રહે છે. પણ માલદાર **તબકો** તોષા તથા **ન્યાઝ** પર લાખો રૂપિયા ખર્ચ કરી નાખે છે, પરંતુ જ્યારે એ જ **તોષો** તથા **ન્યાઝ** જેની કરવામાં આવે **તે બુઝુર્ગના જીવનચરિત્ર પર, આપની દીની ખિદમતો પર, આપની શરીઅતની પાબંદી તથા તકવા સંબંધે તેમજ આપના આદેશો સંબંધે કિતાબ છપાવવાની વાત આવે છે તો ચહેરાનો રંગ બદલાય જાય છે !** આપણી સુન્ની જમાઅતમાં જે લોકો લેખનકાર્યમાં, સંપાદન કાર્યમાં શોખ ધરાવે છે તેમને સહાય કરી પ્રોત્સાહિત કરવા જોઈએ તો આવા ગલત ખયાલો ફેલાવનારાઓથી અવામ ગુમરાહી તરફ જતી બચી શકે અને એ અતિ જરૂરી તથા અતિ સવાબનું કાર્ય છે અને તે બુઝુર્ગની બારગાહમાં સવાબનું અણમોલ નઝરાણુ ગણાશે.

મઝહબ તથા મસ્લકની રક્ષા માટે સાહિત્ય મહત્વનો રોલ ભજવે છે. આ'લા હઝરતે પોતે "સુન્નિયતની પ્રગતિ" માટે દસ મુદ્દાનો જે કાર્યક્રમ દર્શાવ્યો છે, તેમાં આ બાબત પર ખૂબ ધ્યાન કરવા જણાવ્યું છે પણ આપણી જમાઅતના સમજદાર લોકોએ આ તરફ ધ્યાન નથી કર્યું જ્યારે કે વિરોધી જમાઅતો આ ક્ષેત્રે આગળ નીકળી ગઈ છે અને તેનાં નુકસાનો આપણી સમક્ષ છે. (એ મુદ્દો એ છે કે જે માણસ જે કામની લાયકાત ધરાવતો હોય તેને રોજી રોટીની ચિંતાથી મુક્ત કરી દો અને તેની પાસેથી તે કામ લો. જે લખી શકે છે તેની પાસેથી તેવું કામ લો, જે અન્ય કામ કરી શકે તેનાથી તેવું કામ લો.)

### ★ આ'લા હઝરત અને બખ્તિયાર કાકી ★

એક જણે આ'લા હઝરત ઈમામ અહમદ રઝાને બિસ્મિલ્લાહ ખ્વાનીની રસ્મની ઉમરના વિશે સવાલ કર્યો તો તેનો જવાબ આપે હુઝૂર સૈયદ કુત્બુદ્દીન બખ્તિયાર رحمۃ اللہ علیہ ના હવાલાથી આપ્યો.

સવાલ કરવામાં આવ્યો કે હુઝૂર ! બિસ્મિલ્લાહ ખ્વાની કરાવવાની ઉમર શરીઅતની રૂએ નિશ્ચિત છે ? તો આપે જવાબ આપ્યો :–

"શરીઅતની રૂએ કાંઈ નિશ્ચિત નથી, હા ! મશાઈખે કિરામને ત્યાં ચાર વરસ, ચાર મહીના, ચાર દિવસ નિશ્ચિત છે. હઝરત ખ્વાજા કુત્બુલહક્ક વદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ની ઉંમર જે દિવસે ચાર વરસ, ચાર મહીના, ચાર દિવસની થઈ તો બિસ્મિલ્લાહ ખ્વાનીનો પ્રોગ્રામ નક્કી થયો, લોકોને બોલાવવામાં આવ્યા. હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہ પણ તશરીફ લાવ્યા. બિસ્મિલ્લાહ પઢાવવા ચાહ્યું તો ઈલ્હામ થયો કે, થોભો ! હમીદુદ્દીન નાગોરી આવે છે તે પઢાવશે. આ તરફ નાગોરમાં કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ ને ઈલ્હામ થયો કે જલ્દી જાવ ! અને મારા બંદાને બિસ્મિલ્લાહ પઢાવ ! કાઝી સાહબ તુરત જ તશરીફ લાવ્યા અને આપને ફર્માવ્યું, "સાહબઝાદા! પઢો ! **બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ** !" આપે પઢયું, **અઊઝુબિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમ, બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ.** અને શરૂથી લઈને પંદર સીપારા મોઢે સંભળાવી દીધા ! હઝરત કાઝી સાહબ અને ખ્વાજા સાહબે સાહબઝાદાને આગળ પઢવા જણાવ્યું તો કહ્યું કે, "મેં મારી માના પેટમાં આટલા જ સાંભળ્યા હતા અને એટલા જ એમને યાદ હતા જે મને પણ યાદ થઈ ગયા....." *(મલ્ફૂઝાત, પેજ-૪૧૪)*

**આંખવાલા તેરે જોબનકા તમાશા દેખે**
**દીદાએ કોર કો ક્યા આયે નઝર ? ક્યા દેખે!**

તબીઅત ચાહે છે કે ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદરઝા رضی اللہ عنہ ના કલમને ચૂમી લેવામાં આવે ! પૂર્વજ બુઝુર્ગો (અસ્લાફ)ની જે અકીદત આપણને આપની બારગાહથી મળે છે તે અન્ય ઠેકાણે ખૂબ જ ઓછી જોવા મળશે. બાતિલ કુવ્વતો હમેશાં હક્કની વિરૂધ્ધ અવાજો ઉઠાવતી રહી છે અને તેમની એ કોશિશ હોય છે કે પહેલાં તે ઉમ્મતના સ્તંભોમાંની શખ્સિયતોને નિશાન બનાવવામાં આવે જેમના થકી દીન તથા શરીઅતનો ભરમ કાયમ છે, અને જેમના કદમોમાં લોકો પોતાનું સર્વસ્વ કુર્બાન કરવા તત્પર રહે છે. તો જ્યારે તે શખ્સિયત

શંકાસ્પદ થઈ જાય (કોઈ ખોટો આક્ષેપ લગાડીને) તો તેનું મિશન અને તેની તા'લીમાત ખૂદ બ ખૂદ શંકાસ્પદ થઈ જશે ! પણ જેમને રબ તઆલા સારું દિલ આપે છે તેમને ખરા ખોટા વચ્ચે તફાવત કરવાની કાબેલિયત પણ આપી દે છે. તેઓ સુની સુનાઈ વાતો પર કદી ભરોસો નથી કરતા જ્યાં સુધી કે આંખોથી નથી જોઈ લેતા અને તે સમય સુધી જીભ નથી ઉઘાડતા.

હુઝૂર સૈયેદેના ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ થી એક જણે સવાલ કર્યો કે હુઝૂર ! "કાકી"નો શો અર્થ છે અને એની નિસ્બત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકીથી શાથી થઈ ? તો જવાબ આપ્યો :–

"હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ની ખિદમતમાં કેટલાક મુસાફરો હાજર થયા. આપના ત્યાં તે સમયે કાંઈ ખાવા પીવાનો સામાન હતો નહીં, તો ગયબથી રોટલીઓ (કાક) આવી જે સૌને માટે પૂરતી થઈ ગઈ. ત્યારથી આપ "કાકી" મશ્હૂર થઈ ગયા........"

*–(મલ્ફૂઝાત શરીફ, પેજ–૧૧૫, ૧૧૬)*

## ★ આ'લા હઝરત બારગાહે નિઝામુદ્દીન ઔલિયામાં ★

મુસલમાનો પર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ નાં જેવી રીતે ઘણા એહસાનો છે તેમાંનું એક એહસાન એ પણ છે કે આપે ઔલિયાએ કિરામના મકામ તથા મર્તબા અને તેમની અઝમત (મહાનતા) તથા રફઅત (ઉચ્ચતા)ની હિફાઝતના માટે ખૂબ જ જદ્દો જેહદ કરી છે. આપની અતિશય કોશિશોનું જ પરિણામ છે કે મુસલમાનોનાં દિલોમાં એ પાકીઝા સિફાત શખ્સિયતોની મહોબ્બતનો ચિરાગ રોશન છે.

હઝરત સૈયેદેના મહબૂબે ઈલાહી رضی اللہ عنہ ની બારગાહ બીમારોના માટે દારુશ્શિફા છે, મોટા મોટા હોદ્દેદારો અને માલો દૌલતવાળા ત્યાં ન્યાઝમંદીની સાથે હાજર થાય છે અને ઈન્શાઅલ્લાહ કિયામત સુધી આ ક્રમ ચાલુ રહેશે.

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત કોઈ વલીની અઝમતો (મહાનતા)નો સ્વીકાર કિતાબોના અભ્યાસથી કર્યા કરતા ન હતા, બલ્કે પોતાની નિગાહોથી જોઈને કર્યા કરતા હતા. એટલા માટે કે આપની ખૂદની બાતિની કુવ્વત (રૂહાની શક્તિ)નો આલમ એ હતો કે જો કોઈના મુર્દા દિલ પર પોતાનો દસ્તે કરમ ફેરવી દેતા તો મુર્દા દિલ ઝિંદા થઈ જતું. અને જો કોઈ ખુદાના વલીના પર ફૈઝનો દરવાજો બંધ થઈ જતો તો તેને ખોલવાની આપને ગુઝારિશ કરતા.

હુઝૂર સૈયેદેના મહબૂબે ઈલાહી નિઝામુદ્દીન ઔલિયા رضی اللہ عنہ ની બાઅઝમત બારગાહમાં ઈમામે અહલે સુન્નતે પણ હાજર થઈને ફૈઝ પ્રાપ્ત કર્યો છે. આપે આપના મલ્ફૂઝાત શરીફમાં હુઝૂર સૈયેદેના મહબૂબે ઈલાહીનું જે રીતે વર્ણન કર્યુ છે એનાથી હુઝૂર સૈયેદેના મહબૂબે ઈલાહીની અતિશય મહોબ્બત અને મકામ તથા મર્તબો પ્રદર્શિત થતો જોવા મળે છે. હુઝૂર સૈયેદેના મહબૂબે ઈલાહીની રોશન ઝમીરીનો ઉલ્લેખ આ'લા હઝરત આ પ્રમાણે કરે છે :–

''૧૭ મી શરીફ માહે ફાખિર રબીઉલ આખિર હિ.સ. ૧૨૯૩ માં ફકીર (આ'લા હઝરત)ને એકવીસમુ વરસ હતું. આ'લા હઝરત પોતાના વાલિદે માજિદ તથા હઝરત મુહિબ્બે રસૂલ જનાબ મૌલાના મોલ્વી મુહમ્મદ અબ્દુલકાદિર સાહબ કાદરી બદાયૂની આલિયાની સાથે મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ની બારગાહમાં હાજર થયા. હુજરા શરીફની ચારેબાજુ બાતિલ ખેલ તથા મનોરંજનની મજલિસો ગરમ હતી. શોર તથા ધમાલમાં કાન પર કોઈ વાતનો અવાજ સંભળાતો ન હતો. બંને હઝરાતે આલિયા પોતાના મુત્મઈન દિલો સાથે કબ્ર શરીફ પાસે હાજર થઈને મશ્ગૂલ થઈ ગયા. આ ફકીરે (આ'લા હઝરતે પોતે) શોરબકોરની ભીડના લીધે પરેશાની અનુભવી. દરવાઝાએ મુતહ્હરા પર ઉભા રહીને હઝરત સુલ્તાનુલ ઔલિયાથી અર્ઝ કરી કે, હે મૌલા ! ગુલામ જેના માટે હાજર થયો તેમાં આ અવાજો દખલ પાડી રહી છે. આવી અર્ઝ કરીને **બિસ્મિલ્લાહ** કહીને જમણો પગ હુજરાના પાક દરવાજામાં રાખ્યો તો

ખુદાના હુકમથી સર્વ અવાજો તરત જ અદશ્ય થઈ ગયા. મેં ગુમાન કર્યું કે આ લોકો ખામોશ થઈ ગયા છે. પાછળ ફરીને જોયું તો એ જ બજાર ગરમ હતું, અંદર રાખેલો કદમ બહાર કાઢયો તો ફરી તે જ અવાજો ને જોશ જોવા મળ્યો. ફરી **બિસ્મિલ્લાહ** કહીને જમણો પગ અંદર મૂક્યો તો ફરી એ જ પ્રમાણે શાંતિ જણાઈ (કાન પર કાંઈ ન સંભળાતુ હતુ). હવે જણાયું કે આ મૌલાનો કરમ અને હઝરત સુલ્તાનુલ ઔલિયાની કરામત તથા આ નાચીઝ બંદા પર રહમત તથા મદદ છે. અલ્લાહનો શુક્ર અદા કર્યો અને મવાજહે આલિયામાં મશ્ગૂલ થઈ ગયો, ત્યાં કોઈ અવાજ ન સંભળાયો. પણ જેવો બહાર આવ્યો તો ફરી એ જ હાલ હતો કે ખાનકાહની બહાર કિયામગાહ સુધી પહોંચવું મુશ્કેલ થયું. ફકીરે (આ'લા હઝરતે) આ પોતાના પર ગુઝરેલી ગુઝારિશ રજુ કરી, કેમ કે પ્રથમ તો એ અલ્લાહની નેઅમત હતી અને રબ તઆલા ફર્માવે છે : **(અર્થ)** ''તમારા રબની એ નેઅમતોને લોકોમાં ખૂબ વર્ણન કરો.'' તેમ જ બીજું એમાં ઔલિયા કિરામના ગુલામો માટે ખુશખબરી તથા મુન્કિરો માટે બલા તથા અફસોસ છે. ઈલાહી ! સદકો તારા મહબૂબ બંદાઓનો કે અમને દુનિયા તથા આખેરત, કબ્ર તથા હશ્રમાં તારા મહબૂબોની અતિશય બરકતોથી અમને માલામાલ કરે !.. *(મલ્ફૂઝાત શરીફ, પેજ–૪૧૫, ૪૧૬)*

દોસ્તો ! વાંચો ! આ આ'લા હઝરતે વર્ણન કર્યું છે ! અને જેમના દિલમાં આ'લા હઝરત પ્રત્યે કીનો છે તેવા બીમાર દિલોને બતાવો ! કે **અકીદત શીખવી હોય બુઝુર્ગોની તો આ'લા હઝરતના દરના પ્રથમ ગુલામ બનો !** પણ તમારી ગંદી ઝબાનને આ'લા હઝરતની વિરૂધ્ધ ચલાવતાં લાખ વાર વિચારો કે તમે કેટલો ભયાનક જુર્મ કરી રહ્યા છો !

એક જગાએ મલ્ફૂઝાત શરીફમાં આ'લા હઝરતે સૈયેદેના મહબૂબે ઈલાહી رضی اللہ عنہ તથા હઝરત ઈમામ યૂસુફ رضی اللہ عنہ ના ઝોહદ તથા કરામત તથા ફિકહી બસીરત, મકામ તથા મર્તબામાં ફર્ક અને મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ ના વાંધાનો જવાબ આપતાં લખ્યું છે :–

હઝરત મહબૂબે ઈલાહી رضی اللہ عنہ નો લકબ ઝરબખ્શ છે. હઝરતની બખ્શિશની એ હાલત હતી કે બાદશાહને ત્યાંથી મોટા મોટા કિંમતી જવેરાત ભરેલા થાળો લાવીને રાખવામાં આવ્યા. એક જણ હાજર હતો તેણે અર્ઝ કરી, આ તમારા માટે તોહફો છે.

તો આપે ઈર્શાદ ફર્માવ્યો, આ એકલા મારા માટે જ નથી ! આવું કહીને સૌ તેને આપી દીધું.

હઝરત ઈમામ યૂસુફ رضی اللہ عنہ ની પાસે હારૂન રશીદે રૂપિયા અશ્રફીઓના થાળ મોકલ્યા. એક જણે અર્ઝ કરી, આ તોહફા તમારા સૌના માટે છે. ઈર્શાદ ફર્માવ્યો, આ ફળોની જેમ છે કે જે હદિયો પેશ કરવામાં આવે તે તમામ હાજરનોમાં બરાબર રીતે વહેંચાતો હોય છે. એના સિવાય અન્ય ચીજોનો હુકમ નથી. આ બંને બનાવોને લખીને મુલ્લા અલી કારી علیہ رحمۃ الباری એ વાંધો ઉઠાવ્યો કે બંને જવાબો આપસમાં મેળ ખાતા નથી. મેં તેના હાશિયા પર એ જવાબ લખ્યો કે ઈમામ યૂસુફ رحمۃ اللہ علیہ મકામે તશ્રીહમાં હતા, તેમના એક એક કાર્યો તથા કથનો તથા હાલતોથી એટલે સુધી કે તેમના એક એક દેખાવ પરથી દલીલો કરવામાં આવે છે અને આ મકામે તબતીલમાં હતા, આમનો મર્તબો એમના મર્તબાથી અલગ છે. અહીં ગૈરથી તદ્દન કટ થવું છે, એથી ઉલ્ટુ તેમનો એક ફેઅલ બલ્કે તેમની એક પોશિશ (છુપાવવું) સુદ્ધાં દલીલ હોય છે. તેમની તમામ હાલતો મન્કૂલ હોય છે. એકવાર આપ યૌમે શકમાં એટલે જે દિવસે શક હોય કે તે રમઝાનની પહેલી છે કે શા'બાનની ત્રીસમી છે, આપ બપોર પછી બજારમાં તશરીફ લાવ્યા અને ફર્માવ્યું કે રોઝો ખોલી નાખો. તે વખતનો આપનો દેખાવ નકલ થયેલ છે કે કાળા ઘોડા પર સવાર હતા, કાળો લિબાસ પહેરલ હતા, કાળો અમામો બાંધેલ હતો, મતલબ કે દાઢી મુબારક સિવાય કોઈ ચીજ સફેદ ન હતી. એના પર ક્યાસ કાઢવામાં આવ્યો કે કપડાં કાળા રંગનાં પહેરવાં જાઈઝ છે. એક જણે સવાલ કર્યો કે તમારો રોઝો છે કે નથી ? ચુપકીદીથી કાનમાં કહ્યું, હું રોઝાથી છું. એનાથી એ મસ્અલો નીકળ્યો કે મુફ્તી ખૂદ શકના દિવસે

રોઝો રાખે અને અવામને ન રાખવાનો હુકમ આપે. સારાંશ કે આપે બંને સાહબોના મર્તબામાં તફાવત નથી કર્યો. કેમ કે તેમણે કહ્યું કે બંને કથનોમાં કેટલો ફરક છે પરંતુ બંને મર્તબાઓમાં પણ તો કેટલો ફરક છે ........" *(મલ્ફૂઝાત શરીફ, પેજ–૪૧૫, ૪૧૬)*

ઈમામે અહલે સુન્નતની એ ખૂબી હતી કે અસ્લાફની (પૂર્વજ બુઝુર્ગોની) અદબની જાળવણી કોઈ પળે હાથથી જવા દેતા ન હતા અને જે મસ્અલાની તેહકીક કરે છે તેના દરેક પાસાને સ્પષ્ટ કરી દે છે જેનાથી વાંચક દરેક રીતે મુત્મઈન થઈ જાય છે. આપે અસ્લાફના અદબ તથા એહતેરામની જે સમજ જાગૃત કરી છે તેની અસરો આજે દરેક ઠેકાણે જોવા મળે છે. **પૂરા વિશ્વાસની સાથે કહી શકાય છે કે જો આપની જાત ન હોત તો કોઈ ખાનકાહ ગુસ્તાખ તથા બદ્ઝબાનોની બુરાઈથી મેહફૂઝ ન રહેત.**

**નજદિયત દારો રસન પર દેખીયે મસ્લૂબ હે**
**હમકો બસ નક્શે શહે અહમદ રઝા મત્લૂબ હે**

એક સાહિબે વિલાયતે હઝરત મહબૂબે ઈલાહી قدس سرہ ની બારગાહમાં દૂર દરાઝથી હાજરીનો ઈરાદો કર્યો. માર્ગમાં જેનાથી પણ મહબૂબે ઈલાહીના વિશે પૂછતા તે આપની તારીફ જ કરતો. તો તે બુઝુર્ગે પોતાના દિલમાં વિચાર્યું કે મારી મહેનત બેકાર થઈ ગઈ ! કેમ કે તેઓ **જો હક્ક ગો (સત્ય કહેનારા) હોત તો લોકો જરૂર તેમનુ બુરુ બોલતા હોત.** જ્યારે દિલ્હી નજીક આવ્યું તો તેમણે લોકોને આપના વિશે પૂછયું તો હવે બુરાઈઓ સાંભળવા મળી ! કોઈ કહેતું કે દિલ્હીનો મક્કાર (ધોકાબાઝ) છે ! તો કોઈ કાંઈ કહેતું ! તેમણે કહ્યું કે અલ્હમ્દુલિલ્લાહ ! મહેનત વસૂલ થઈ !....."

*–(મલ્ફૂઝાત શરીફ, પેજ–૨૦૪)*

**આવો ! વધુ એક પ્રસંગ જોઈ લો ! :** ત્રણ કલંદર હઝરત નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ની બારગાહમાં આવ્યા અને

એમણે ભોજનની માંગણી કરી. હઝરતે તરત જ ખાદિમોને ભોજન લઈ આવવાનો આદેશ આપ્યો અને તેઓએ જે કાંઈ હાજર હતું તે તેમની સામે મૂક્યું. કલંદરોમાંથી એક જણે તે ભોજન ઉપાડીને ફેંકી દીધું અને કહ્યું કે સારું ભોજન લાવો. હઝરતે તેના અસભ્ય વર્તન તરફ ધ્યાન ન આપતાં ખાદિમોને તેના કરતાં વધારે સારુ ખાણું લાવવાની આજ્ઞા આપી. પરિણામે ખાદિમ પહેલાં કરતાં વધારે સારુ ખાણું લાવ્યો. પેલા કલંદરે પાછુ તે ફેંકી દીધું અને તેના કરતાં સારુ ખાણું માંગ્યું. હઝરતે તેના કરતાં પણ વધારે સારુ ખાણું પીરસવાનો હુકમ કર્યો અને ખાદિમે તેની સમક્ષ પહેલાં કરતાં પણ ચઢિયાતું ખાણું મૂક્યું પરંતુ કલંદરે તે પાછુ ઉપાડીને ફેંકી દીધું અને તેના કરતાં પણ ચઢિયાતા ખાણાની માંગણી કરી. અંતે હઝરતે પેલા કલંદરને પોતાની પાસે બોલવીને તેના કાનમાં ઈર્શાદ ફર્માવ્યો કે તમે માર્ગમાં મરી ગયેલા બળદનું જે માંસ ખાધું હતું તેના કરતાં તો આ ખાણું સારુ હતું ! આ સાંભળીને પેલા કલંદરની હાલત બદલાઈ ગઈ. હકીકતમાં તેઓ ત્રણેય લાંઘણો ખેંચ્યા પછી રસ્તામાં એક મરેલો બળદ પડયો હતો જેમાં કીડા પડી ગયા હતા તેનું માસ ખાઈને આવ્યા હતા. હા, તો પેલો કલંદર આપના કદમોમાં પડી ગયો. હઝરતે તેને ઉભો કરીને પોતાના સીનાથી લગાડી લીધો અને જે કાંઈ તેને અર્પણ કરવાનું હતું તે અર્પણ કરી દીધું. *(મલ્ફૂઝાતે આ'લા હઝરત, ભાગ–૧, પેજ–૧૨)*

હઝરત મહબૂબે ઈલાહી رضی اللہ عنہ સાથે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ને જે લગાવ તથા હુસ્ને અકીદત તથા અત્યંત મહોબ્બત હતી તે લખાણની લીટી લીટીએથી છલકાઈ રહી છે અને તેમ છતાં હસદખોરો તથા વિરોધીઓ કોઈ અણછાજતા શબ્દો બોલે તો તેમણે પોતાની આખેરતની ફિકર કરવી જોઈએ કે આ ગલત આક્ષેપ સમયના મુજદ્દિદ પર, વલીએ કામિલ લગાડીને તેઓ ક્યાં જશે ?!

ઈમામે અહલે સુન્નતે ઔલિયાએ કિરામની અઝમતોની હિફાઝત કરી, ખાનકાહોના પીરાને તરીકત તથા મશાઈખે શરીઅતને એનો એહસાસ હોવો જોઈએ અને ખાનકાહો તથા દર્સગાહોના બંધારણના વખતે

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરતના ખયાલોની (માન્યતાઓની) કે જે કુર્આન હદીષ તથા અકવાલે ઉલમાથી સનદ પામેલ છે કાળજી લેવી જોઈએ, એ પ્રમાણે થશે તો ખાનકાહોની પાકીઝગીને પાયમાલ કરવાની કોઈનામાં હિંમત થશે નહીં. મોટી મોટી ખાનકાહો પર બદ્અકીદા લોકો પોતાની નજરો જમાવીને બેઠેલા છે અને ઘણી બધી જગાઓ પર તેઓ કબજા માટે કેસો પણ લડી રહ્યા છે. જો કોઈએ એની તેહકીક કરવી હોય તો દિલ્હીની ભૂમી પર ચાલ્યો જાય કે ત્યાં વહાબી દેવબંદીઓ બાકાયદા મુજાવરી કરતા જોવા મળશે !

## ★ આ'લા હઝરત અને બંદાનવાઝ ગેસૂ દરાઝ ★

ઈમામે અહલે સુન્નત رضی اللہ عنہ ને પૂછવામાં આવ્યું કે, ''હુઝૂર ! મોટા ભાગના વાળોને લાંબા રાખનારા હઝરત ગેસૂ દરાઝ બંદા નવાઝ رحمۃ اللہ علیہ ને દલીલ બનાવે છે. તેમના વિશે શો હુકમ છે ?''

આ'લા હઝરતે જવાબ આપ્યો કે, ''જેહાલત છે ! નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પુષ્કળ હદીષોમાં એ પુરૂષો પર લઅનત ફર્માવી જેઓ ઔરતો સાથે મુશાબેહત (મળતાપણુ) પેદા કરે. અને તે સ્ત્રીઓ પર લઅ્નત ફર્માવી જે પુરૂષો સાથે સામ્યતા ઉભી કરે. અને સામ્યતા (મુશાબેહત) ઉભી કરવા માટે દરેક વાતમાં સંપૂર્ણપણે દેખાવ બનાવવો જરૂરી નથી, એક જ વાતમાં મળતાપણુ પેદા થાય તે પૂરતુ છે.

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક સ્ત્રીને જોઈ કે પુરૂષો જેમ ખભા પર કમાન લટકાવીને જઈ રહી છે, એના માટે પણ એ જ ફર્માવ્યું કે તે સ્ત્રીઓ પર લઅ્નત જેઓ મર્દો સાથે સામ્યતા (મળતાપણુ) ઉભુ કરે.

ઉમ્મુલ મુઅ્મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ એક સ્ત્રીને પુરૂષો જેવા જોડા પહેરેલી જોઈ. તેના માટે પણ આ જ હદીષ રિવાયત કરી કે પુરૂષો સાથે સામ્યતા ઉભી કરનારી સ્ત્રીઓ મલઊન છે. જ્યારે કેવળ જોડા તથા કમાન લટકાવવામાં સામ્યતા લઅ્નતનો સબબ છે તો સ્ત્રીઓ જેવા વાળ લાંબા રાખવા એ તો એનાથી સખ્તતર લઅનતનો સબબ બનશે

કે તે એક બાહ્ય ચીજ છે અને આ ખાસ શરીરના અંગમાંની છે જેથી ખભાઓથી નીચે વાળો રાખવા હદીષોના હુકમાનુસાર જરૂર લઅ્નતનો સબબ છે અને ચોટલો ગૂંથવો એથીયે અધિક લઅ્નતનો સબબ છે. અને એમાં વધારો કરવો એનાથીય અધિક લઅનતનો સબબ ગણાશે.

આપ ફર્માવે છે : હઝરત સૈયદ ગૈસૂ દરાઝ قدس سرہ એ મુશાબેહત (સામ્યતા) કરી ન હતી. એક ગેસૂ (વાળ) રાખ્યો હતો અને એના માટે ખાસ કારણ હતું કે આપ મહાન આલિમો તથા મહાન સાદાતોમાંથી હતા. યુવાનીની ઉમર હતી. સાદાતની જેમ ખભાઓ સુધી બે વાળો રાખતા હતા કે એ રીતે શરીઅતની રૂએ જાઈઝ બલ્કે સુન્નતથી સાબિત છે. એકવાર માર્ગમાં બેઠેલા હતા એવામાં હઝરત નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃ اللہ علیہ ની સવારી નીકળી. તો આપે ઉઠીને ઝાનૂએ (જાંગ) મુબારક પર બોસો આપ્યો. હઝરત ખ્વાજા નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, સૈયદ ! હજી નીચે બોસો આપો ! પગો મુબારક પર બોસો આપ્યો. ફર્માવ્યુ ! સૈયદ ! ઔર નીચે ! તો આપે ઘોડાની ખરી પર બોસો આપ્યો. એક વાળ (ગેસૂ) પેંગડા મુબારકમાં ભેરવાઈ ગયો હતો તે ત્યાં જ ભેરવાયેલો રહ્યો અને આપ ઘોડાની ખરી સુધી પહોંચી ગયા. હઝરતે ફર્માવ્યું, સૈયદ ! ઔર નીચે ! તેમણે હટાવીને જમીન પર બોસો આપ્યો. ગેસૂ (વાળ) મુબારકથી અલગ કરીને હઝરત તશરીફ લઈ ગયા. લોકોને આશ્ચર્ય થયું કે, "આવા મહાન સૈયદે આટલા મોટા આલિમની જાંગ પર બોસો આપ્યો છતાં હઝરત રાજી ન થયા ! અને ઔર નીચે બોસો આપવા હુકમ કર્યો ?! તેમણે પગો મુબારકનો બોસો આપ્યો તો ઔર નીચે હુકમ ફર્માવ્યો ! ઘોડાની ખરી પર બોસો આપ્યો તો ઔર નીચેનો હુકમ કર્યો એટલે સુધી કે જમીન પર બોસો આપ્યો !" આ વાંધો હઝરત સૈયદ ગેસૂ દરાઝે સાંભળ્યો તો ફર્માવ્યું કે, "લોકો નથી જાણતા કે મારા શયખે આ ચાર બોસાઓમાં શું અતા ફર્માવ્યું ?! જ્યારે મેં ઝાનૂ મુબારક પર બોસો આપ્યો તો આલમે નાસૂત જાહેર થઈ ગયો, જ્યારે મુબારક પગો પર બોસો આપ્યો તો આલમે મલકૂત જાહેર થઈ ગયો, ઘોડાની ખરી પર

બોસો આપ્યો તો આલમે જબરૂત જાહેર થયો અને જ્યારે જમીન પર બોસો આપ્યો ત્યારે આલમે લાહૂત જાહેર થઈ ગયો. તે એક વાળ (ગેસૂ) જે આવી મહાન નેઅમતની યાદગાર હતો અને તેને આવી રહમતની તજલ્લીએ વધાર્યો હતો જેથી ન કતરાવ્યો. એને સ્ત્રીથી મુશાબેહત (મળતાપણા) સાથે શું સંબંધ ?! સ્ત્રીઓનો એક વાળ મોટો નથી હોતો ન આટલો લાંબો હોય છે, અને ન તેને મેહફૂઝ રાખવામાં આવું રાઝ હોય છે. એની સનદ (સહાબી) અબૂ મહઝૂરા رضی اللہ عنہ નો ફેઅલ છે.

જયારે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તાઈફ શરીફ ફતહ કર્યું અને અઝાન થઈ તો બાળકોએ એની નકલ કરી. એમાં અબૂ મહઝૂરા رضی اللہ عنہ પણ હતા, તેમનો અવાજ ઘણો સારો હતો. હુઝૂરે આપને બોલાવ્યા અને માથા પર હાથ મુબારક રાખ્યો અને તેમને મોઅઝ્ઝિન નિયુક્ત કર્યા. માંએ બરકતના માટે પેશાનીના તે વાળોને જેના પર દસ્તે અકદસ રાખવામાં આવ્યો હતો તેને મેહફૂઝ રાખ્યો. જે વખતે વાળો ખોલવામાં આવતા તો જમીન પર આવી જતા હતા. એને પણ (સ્ત્રીઓથી) મુશાબેહત સાથે કોઈ સંબંધ નથી. સ્ત્રીઓ કેવળ પેશાનીના વાળો નથી વધારતી. અને તેને મેહફૂઝ રાખવું બરકતના કારણે હતું.........''

*–(મલ્ફૂઝાત શરીફ, પેજ–૨૫૫, ૨૬૬)*

દુનિયાનો કોઈ પણ માણસ આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી علیہ الرحمۃ والرضوان નું કોઈ એવું લખાણ કે એવું કથન રજુ નથી કરી શકતો જેનાથી અસ્લાફ તથા મશાઈખે અહલે સુન્નતની શાનને હલકી પાડવાનો અણસાર પણ નીકળતો હોય. તો પછી જે ઔલાદે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم માંથી હોય તેનો માન મર્તબો આ'લા હઝરતની દષ્ટિમાં કેટલો ઉચ્ચ છે તેનો અંદાજો કોણ લગાડી શકે છે ?! આપે ઉલમા તથા મશાઈખની અદબ તથા એહતેરામનો મુસલમાનોને જે શઉર (સમજ) બખ્શ્યો છે એનું દષ્ટાંત લાખ કોશિશ છતાં મળતુ નથી.

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરતના ખયાલોનો પ્રચાર અત્યંત

જરૂરી છે અને એ વિચારસરણીને ઘેર ઘેર પહોંચાડવાની દરેક શક્ય કોશિશ અમલમાં મૂકવી જોઈએ. પીરાને તરીકત તથા શરીઅતના ઈમામો પોતાના રાત દિવસના મા'મૂલાતમાં આ'લા હઝરતની કિતાબોને સામેલ રાખે અને પોતાના મુરીદો તથા ચાહકોને તેને પઢવા તથા તેના પર અમલ કરવાની તાકીદ કરતા રહે જેથી શંકા કુશંકાનું કોઈ વાતાવરણ ઉદ્‌ભવી ન શકે અને વિરોધીઓ પોતાના મકસદોમાં સફળ ન થઈ શકે.

રબ્બે કાયનાત આપણને ગુનેહગારોને ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ના નકશે કદમ પર ચાલવાની તૌફીક બખ્શે અને તેમના ઈશ્કે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم થી આપણને પણ કાંઈ હિસ્સો અતા ફર્માવે. (આમીન)

*—(કિતાબ ઈમામ અહમદ રઝા ઔર મશાઈખે ચિશ્તના હવાલાથી, સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, બરકાતે ખ્વાજા—માસિક, જાન્યુઆરી—૨૦૦૪ થી એપ્રિલ—૨૦૦૪)*

# કાફિર ઠરાવવાનો મસ્અલો અને ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ

## ★ ઈસ્લામી સરહદોનો લાજવાબ રક્ષક કમાન્ડર ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ★

એક કિતાબ ગુજરાતીમાં મારા વાંચવામાં આવી **''વિશ્વધર્મ ઈસ્લામ''** (સંપાદક : હાજી અસદ અલ્–બકીલી–વલસાડ) જેમાં લેખકે સુલેહ કુલ્લી બનીને શીઆ, સુન્ની, દેવબંદી, આગાખાની વગેરે ફિર્કાવાળાના મતભેદના વિશે ઠેકઠેકાણે લખ્યું છે કે, ''આ બધાની પાયાની માન્યતામાં કોઈ ફરક નથી, કુફ્રનો ફત્વો લગાડવાની બીમારી ઘણી સામાન્ય થઈ ગઈ છે..... આ વાડાબંધી દૂર કરી સૌએ એક થઈ જવું જોઈએ..... વગેરે.'' તથા લખ્યું છે કે ''એક મુસ્લિમની કોઈ વાત અંગે અકીદાની સો જાહેરી વાત હોઈ શકે જેમાંથી નવ્વાણુ કુફ્રની હોય અને ફક્ત એક જ ઈમાનવાળી હોય તો તેને કાફર કહેવું જોઈએ નહીં.'' વગેરે....

તો મેં તેમને પત્રથી પૂછયું કે કુર્આન, હદીષ તથા ઉલમાના કથનોથી છે કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાનમાં મામૂલી સરખી ગુસ્તાખી કરનાર કાફિર છે તથા વહાબી દેવબંદીઓએ હુઝૂરની શાનમાં હલકો શબ્દો વાપરી ગુસ્તાખી કરી જેથી તેમને હરમૈન શરીફૈન તેમજ વિશ્વના ઉલમાએ કાફિર ઠરાવ્યા અને તેમના કાફિર હોવામાં જે શક કરે તે પણ કાફિર છે એમ દર્શાવ્યું.. તો તમે સર્વ ફિર્કાવાળાને ઈમાનવાળા નથી કહી શક્તા, જે કુફ્ર કરે તે કાફિર થશે. અને હદીષમાં પણ છે કે, ''મારી ઉમ્મતમાં ૭૩ ફિર્કા થશે તેમાંથી ૭૨ જહન્નમી છે સિવાય એકના તે અહલે સુન્નત વ જમાઅત.'' જે હાલમાં બરેલ્વી તરીકે ઓળખાય છે કેમ કે અન્ય ફિર્કાઓએ સહાબા તેમજ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાનમાં ગુસ્તાખીઓ કરી છે

અને તેની રદ બરેલ્વી સુન્નીઓએ જ કરી છે. આ અર્થમાં મેં પત્ર લખ્યો તેનો ગોળ ગોળ જવાબ આવ્યો કે વર્તમાનકાળમાં આમ છે ને તેમ છે... વગેરે લખેલું તેમજ ઉપર લખ્યું તેમ "કોઈ મુસ્લિમમાં સો જાહેરી વાતમાં નવ્વાણુ કુફ્રની હોય અને કેવળ એક જ વાત ઈમાનવાળી હોય તો તેને કાફિર ન કહેવો જોઈએ" વાળી વાત દોહરાવી. તો મેં ફરી પૂછયું કે, "કોઈ મુસલમાન ૨૪ કલાક નમાઝમાં, તિલાવતમાં અને અલ્લાહ ! અલ્લાહ ! કર્યા કરે અને એક જ પળ માટે મૂર્તિને નમી આપે તો તે મુસલમાન રહેશે ?" તથા અન્ય ચર્ચા કરી પણ ત્યાર પછી બકીલ સાહબે જવાબ આપ્યો નહીં.

આમ કુર્આન, હદીષ તથા ઉલમાના કથનોના અભ્યાસ વિના અથવા એ તરફ આંખ આડા કાન કરી સૌના વહાલા થવા માંગતા લેખકો પોતાના દિમાગથી ગમે તેમ લખી મારીને પોતે એજ્યુકેટેડ તથા ભલા માણસ તરીકે છાપ પાડી સૌમાં છવાઈ જવા **"તમે પણ સારા ! અમે પણ સારા ! તમે પણ સાચા ! આ પણ સાચા !"** જેવું સાહિત્ય બહાર પાડી મઝહબની અસલ રૂહથી કૌમને દૂર કરી સુલેહકુલ્લિયત ફેલાવતા હોય છે. તેવાઓથી બચવા આ કિતાબનો અભ્યાસ જરૂરી છે જેથી **"કોઈ કાફિર ક્યારે ઠરે છે"** તેની મુસલમાનો સમજ મેળવે અને આવા સુધારાવાદી પોતાના દિમાગી ખયાલોથી ગુમરાહી ફેલાવતા અટકે.

"કુર્આનના એક નુક્તાનો પણ કોઈ ઈન્કાર કરે કે તેમાં શંકા લાવે તો તે કાફિર છે, **એ પાયાનો અકીદો નથી ?!** તો **શીઆઓનો અકીદો** છે કે, "કુર્આનના ૪૦ પારા હતા જેમાંથી દસ ગુમ થઈ ગયા છે !" તો એક જ અકીદાના કારણે તેઓ કાફિર ઠર્યા. ઉપરાંત ઘણા કુફ્રી અકીદા (પાયાના) તેમના છે જેથી શીઆ ઈસ્લામથી ખારિજ છે.

**વહાબી દેવબંદીઓ**ના મોલ્વી કાસિમ નાનોત્વીએ લખ્યું કે, **"હુઝૂર** صلی اللہ تعالیٰ علیہ وسلم **પછી પણ કોઈ નબી આવી શકે છે અને હુઝૂર પછી કોઈ નબીના આવવાથી હુઝૂર** صلی اللہ تعالیٰ علیہ وسلم **ના છેલ્લા નબી હોવામાં ફરક આવશે નહીં !"** તો શું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આખરી નબી માનવું અને

તેમના પછી કોઈ નબી નહીં આવે એ માન્યતા પાયાની નથી ?! પછી કઈ રીતે બકીલી સાહબ કહે છે કે શીઆ, સુન્ની, દેવબંદી, આગાખાની બધા સરખા છે ! પાયાના અકીદામાં કોઈ ફરક નથી ?! (મઆઝલ્લાહ !)

બકીલી સાહબની કિતાબમાં ગાંધીજીને માટે "મહાત્મા" લખ્યું છે, (પેજ–૫૩) જ્યારે કે ગૈર મુસ્લિમને મહાત્મા લખવું કુફ્ર છે. તથા પેજ–૫૧ ઉપર કાફિર શબ્દની ઈસ્લામી શરીઅત વિરૂધ્ધ વ્યાખ્યા કરવામાં આવી છે. સારાંશ કે સ્વદિમાગના વિચારો થકી ઈમાન તથા ઈસ્લામની ઓળખ આપવાના પ્રયાસો કર્યા છે. બીજી પણ એવી વાતો છે જે અત્રે સ્થળ સંકોચને કારણે લખતો નથી.

ટૂંકમાં એ કે, "જે કુફ્ર કરે તેને કોઈ કાફિરનો ફત્વો આપે કે ન આપે પણ અલ્લાહની નજીક તે કાફિર ઠરી જ જાય છે અને તે કુફ્રથી તૌબા કર્યા વિના મરે તો હમેશાંની જહન્નમમાં જશે." અત્રે આ લખાણો જેમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ શા માટે વહાબી, દેવબંદી વગેરે મોલ્વીઓને કુફ્રના ફત્વા આપેલા તેનો અભ્યાસ ખૂબ જરૂરી છે જેથી કુફ્ર કોને કહેવાય અને કુફ્ર કરનારને કાફિર ન માનીએ તો આપણા શા હાલ થાય, તેની માહિતી રાખવી જરૂરી છે જેથી મુસલમાનો પોતાના ઈમાનને સાચવી શકે, અને આવી "તમે પણ સાચા ! અમે પણ સાચા !" વાળી ભ્રામક વાતો કરનારાઓથી લોકો બચી શકે.

*(૧૧–રબીઉલ આખર, હિ.સ. ૧૪૨૫, –પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)*

## ★ આ'લા હઝરત قدس سرہની અનોખી શાન ! ★

મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہ તે મહાન મરતબો ધરાવનાર કેટલાય પ્રકારના ઈલ્મોમાં પારંગત વિદ્વાન આલિમ હતા કે જો ઈર્ષા અને વૈમનસ્યને દિલમાંથી કાઢી ખૌફે ખુદાને દિલમાં જગા આપી ન્યાયી દૃષ્ટિએ જોવામાં આવે તો તેમના સમાન તેમના સમયકાળમાં તો શું પરંતુ ભૂતકાળમાં પણ વર્ષો પહેલાં તેમનો કોઈ જ જોટો મળતો નથી.

એકાવન અથવા બાવન વિષયો પર તેમની લગભગ એક હજાર કિતાબો કે જે પુસ્તિકા સાઈઝના આશરે એક લાખ પેજીસ પર ફેલાએલી છે. જેના લગભગ ચાર કરોડ સાઠ લાખ શબ્દો થાય છે. જો કે આ મારો અંદાજો છે પણ મને ઉમ્મીદ છે કે એ સાચો જ હશે. આમ તો અમુક બુઝુર્ગોનું કહેવું છે કે એક વખત અંદાજો કાઢવામાં આવ્યો તો દરરોજના ૫૬ પેજીસ આપ લખતા હતા.

દશમી શવ્વાલ હિજરી સન ૧૨૭૨ માં પેદા થયા અને હિ.સ. ૧૩૪૦ માં વફાત પામ્યા. આ હિસાબે આપની ઉમર શરીફ ૬૭ વર્ષ, ૫ માસ, ૧૫ દિવસ થઈ. જો કે આપે મુફતી તરીકેની વિધિસરની શરૂઆત ૧૪ શા'બાન હિ.સ. ૧૨૮૬ થી કરી એ હિસાબે આપની ફતવા આપવાની મુદ્દત ૫૩ વર્ષ, ૬ માસ, ૧૧ દિવસ થાય છે.

પરંતુ કિતાબો લખવાનું કામ તો આપે ઘણા દિવસો પહેલાંથી શરૂ કર્યું હતું. દા.ત. આઠ વર્ષની વયે હિદાયતુન્નહ્વની શરહ (વિવરણ) લખી તદ્ઉપરાંત ઘણા ફત્વા લખ્યા જે હઝરત વાલિદે માજિદ (નકી અલીખાં)ની તસ્હીહ તથા તસ્દીકથી સંપાદિત થયા, એ સૌને છોડી દો, કેવળ મસ્નદે ઈફ્તા પર બિરાજમાન થયા બાદથી હિસાબ લગાડો તો (૧૦૬૫૮૪૩) દસ લાખ પાંસઠ હજાર આઠસો તેંતાલીસ પેજીસ થાય છે.

જો એ મુદ્દો દિમાગમાં રાખવામાં આવે કે આ'લા હઝરત قدس سرہٗ ફુલ સ્કેપ સાઈઝ પર લખતા હતા અને અક્ષરો ઘણા નાના રહેતા હતા, આ'લા હઝરતનું ફુલ સ્કેપ સાઈઝનું લખાણ કિતાબી સાઈઝમાં કમસે કમ દોઢ પેજ જરૂર થતુ હતું તો કિતાબી સાઈઝ પર સંખ્યા લગભગ સોળ લાખ થઈ જશે. આ વિગતના પ્રકાશમાં મારો કયાસ ખૂબ ઓછો છે.

આ'લા હઝરતની કિતાબો બાબત ઉલમા ફર્માવે છે કે લગભગ એક હજાર જેટલી કિતાબો આપે લખી છે અને વાત તદ્દન સત્ય છે કારણ કે મૌલાના અબ્દુલ મુબીન નોઅમાનીએ આપની કિતાબોનું લિસ્ટ તૈયાર કર્યું છે જેમાં ૭૫૦ જેટલી કિતાબોનાં નામ છે.

એ વાત સહી છે કે આ'લા હઝરતના હજારો હજાર ફત્વા

રજીસ્ટરમાં નોંધાઈ ન શક્યા. મેં ખૂદ મારહરા મુતહ્હરા તથા જબલપૂરમાં ઘણા એવા ફત્વાઓ જોયા છે જે છપાયેલા ફત્વાઓમાં નથી. ખૂદ ફતાવા રઝવિય્યહ્ની કેટલીક જિલ્દો ગાયબ થઈ ગઈ. કિતાબુત્તલાક, કિતાબુસ્સિયર, કિતાબુલ્ હઝરે વલ ઈબાહત ગાયબ થઈ ગઈ. હવે જે કાંઈ છાપ્યા છે તે એ જિલ્દોના ગાયબ થયા પછી જે લખવામાં આવ્યા તે છપાયા છે. હઝરત મુફતીએ આ'ઝમે હિંદ قدس سرہ ફર્માવ્યા કરતા હતા કે "કિતાબુત્તલાક્" પ્રથમ જિલ્દ કરતાં પણ વધારે જાડી હતી. એ જ કારણ છે કે ૧૨૦૦૦ પેજોના બદલે છપાયેલા ફત્વાએ રઝવિય્યહ્ના કુલ પેજી પેજીસ સાત હજારથી કાંઈક ઉપર છે.

રિસાલાઓ (પુસ્તિકાઓ)નો હાલ એ છે કે સેંકડો રિસાલા ગૈર મુતઅલ્લિક લોકોની પાસે આ'લા હઝરત قدس سرہ ના હાથ મુબારકના લખેલા મૌજૂદ છે.

રિસાલા મુબારક "ફવઝે મુબીન દર રદ્દે હરકતે ઝમીન" આ'લા હઝરતના કુતુબખાનાથી ગાયબ છે તે એક મોલ્વી સાહબને ત્યાં મળી જેને તેમણે ખાસ્સી રકમના બદલામાં વેચી !

રિસાલા મુબારક "મત્ઉલ્ કમરૈન ફી ઈબાનતિ સબ્કતિલ્ અમરૈન" મેં એક ભાઈની પાસે જોયી. તે વખતે ઝેરોક્ષ મશીન હિંદુસ્તાનમાં આવ્યું ન હતું. મેં માંગી કે આપી દો, નકલ કરીને પાછી આપી દઈશ. તો તેમણે ઈન્કાર કર્યો, હવે કહે છે કે ગાયબ થઈ ગઈ.

છપાયેલા ફત્વામાં ઠેકઠેકાણે મળશે કે લખ્યું : (અર્થ) "જેમ કે અમે અમારા ફત્વામાં તફસીલ બયાન કરી છે." પણ તફસીલ ક્યાંય નથી મળતી. આ વિગતોના ઉલ્લેખથી હું બહુ ભારે તેજ લખનાર પણ નથી છતાં અમુક દિવસોમાં બસો બસો (૨૦૦) લીટીઓ લખી છે.

અને આ'લા હઝરત قدس سرہ ના ઝડપી લખાણનો હાલ એ હતો કે જનાબ સૈયદ કનાઅત અલી સાહબ ફર્માવતા હતા કે આ'લા હઝરત قدس سرہ એટલું ઝડપી લખતા હતા કે જ્યારે લખતા તો જણાતુ કે લખી નથી રહ્યા પણ હાથમાં ધ્રુજારી થાય છે. ક્યારેક ક્યારેક ટેમ્પરરી

જરૂરતોનાં પ્રસંગે આ'લા હઝરત قدس سرہ એક પેજ લખીને અમને લોકોને સાફ કરવા માટે આપતા તો અમે લોકો જેટલી વારમાં એક પેજ સાફ કરતા એટલીવારમાં આ'લા હઝરત ચાર પાંચ પેજો લખી નાખતા ! જ્યારે કે અમારી લેખનમાં તીવ્ર ગતિ મશહૂર હતી.'' આવી તીવ્ર લેખન શક્તિવાળી વ્યક્તિ ૫૩ વરસ સુધી દરરોજ ૧૬–૧૬, ૧૭–૧૭ કલાકો સુધી સતત લેખનકાર્ય કરે તો કાંઈ અશક્ય નથી કે તેના લખાણના પેજો પંદર લાખ સુધી પહોંચી જાય. પરંતુ મેં જે અંદાઝો લગાડયો તે મારી તેહકીકના લેહાઝથી લગાડયો છે. આ મામલો જઝબાતનો નથી વાસ્તવિક્તાનો છે, એટલા માટે એના પર ખૂબ જ ગંભીરતાપૂર્વક, સભ્યતાપૂર્વક અને ઠંડા દિલથી વિચારવાની જરૂર છે. વાત એવી કહેવામાં આવે કે જો કોઈ એને ચેલંજ કરે તો સાબિત કરવામાં આવી શકે. જો જરૂરત હશે તો હું સાબિત કરી દઈશ કે કિતાબોના પેજીસોની સંખ્યા એક લાખથી ઓછી નથી. હાલમાં હું નુઝહતુલ કારી, ભાગ આઠના પ્રુફ રીડીંગમાં વ્યસ્ત છું તેવા સંજોગોમાં હવે દુશ્મનો (બાતિલ ફિર્કા)એ એક નવી વાત ઉપજાવી છે કે આ'લા હઝરતના બધા જ અથવા વધુ પડતા રિસાલા ફતવા રઝવિય્યહ્માં જ છે પરંતુ સુન્ની ધોકો આપે છે કે ફતાવા રઝવિય્યહ્ને અલગથી ગણે છે અને રિસાલાઓને અલગથી ગણે છે.

આનો ઉત્તર એ છે કે અમુક રિસાલાઓને ફતાવા રઝવિય્યહ્માં સમાવેશ કરી લેવામાં આવ્યા છે, જેની ગણતરી ૧૪૧ છે. ચાલો વિરોધીઓના વિરોધને ધ્યાનમાં રાખી એક હજારમાંથી ૧૪૧ ને કાઢી લઈએ તો પણ ૮૦૦ થી વધુ બાકી બચે છે. તો શું આટલી મોટી સંખ્યામાં લખાણ ઓછું ગણાય !

રિસાલાઓ (કિતાબો)ની ગણતરી તો એક પેટા વાત છે અસલ તેહકીકી વાત તો એ છે કે આ'લા હઝરતના સમકાલિન ઉલમાના ફતવા એક તરફ મૂકો. એ સૌની ઉપર ફતાવા રઝવિય્યહ્નો ફક્ત પહેલો ભાગ ભારે થઈ પડશે ! પરંતુ ન્યાય અને ઈમાનદારી શર્ત છે. જે તેહકીકો, બહસો, દલીલો એમાં મૌજૂદ છે તેવા પ્રકારની તેહકીકો, બહસો,

દલીલોથી બીજાઓની ફતાવાની કિતાબો ખાલી છે. દા.ત. એક સવાલ છે કે કઈ કઈ વસ્તુથી તયમ્મુમ જાઈઝ છે અને કઈ કઈ વસ્તુથી જાઈઝ નથી. ?

આનો ટૂંકો અને સ્પષ્ટ જવાબ મસાઈલની કિતાબોમાં એ છે કે જમીન અને જમીન સાથે સંબંધ ધરાવતી વસ્તુઓથી તયમ્મુમ જાઈઝ છે. જમીન શું ચીજ છે ? એ તો સૌને ખબર છે પરંતુ જમીનથી સંબંધ ધરાવતી વસ્તુ કઈ કઈ છે અને જમીનથી સંબંધ ધરાવવાનો શો અર્થ છે ? એ વિષયમાં આ'લા હઝરતના જ્ઞાનની વિશાળતા અને તેહકીકો જોઈશું તો અક્કલ હૈરાન થઈ જશે !

જમીનમાંથી કઈ કઈ વસ્તુઓ પેદા થાય છે અને કઈ રીતે પેદા થાય છે તેના કયા કયા પદાર્થો છે આ સઘળી બાબતો ઉપર એટલી સરસ તહકીક કરી છે કે ખનિજશાસ્ત્ર (પદાર્થ વિજ્ઞાન)નો મહાન સંશોધક પણ તેની રજ સુધી નથી પહોંચી શક્તો.

તેહકીક ફર્માવતાં લખે છે કે ૧૮૦ વસ્તુઓથી તયમ્મુમ જાઈઝ છે અને ૧૩૨ વસ્તુઓ એવી છે કે જેનાથી શંકા થાય છે કે તે જમીન સાથે સંબંધ ધરાવે છે કે કેમ ! પરંતુ વાસ્તવમાં તે ચીજો જમીનથી સંબંધ ધરાવતી નથી. અને તે કારણે તેનાથી તયમ્મુમ જાઈઝ નથી. બંને પ્રકારની વસ્તુઓમાં ૧૮૦ માંથી ૧૦૭ અને બીજા ૧૩૨ માં થી ૭૩ વસ્તુઓ તો માત્ર આ'લા હઝરતે જ બતાવી છે. એમનાથી પહેલા કોઈએ પણ ઉપરોક્ત ૧૮૦ વસ્તુઓનું વર્ણન કર્યું નથી. (**નોંધ** : વધુ જાણકારી માટે ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧ જુઓ. *–લેખક*)

હું (લેખક) વારંવાર સ્પષ્ટ કહી ચૂક્યો છું કે આ'લા હઝરત પોતાના સમકાલિન આલિમોથી દરેક પ્રકારના ઈલ્મમાં ઉચ્ચતમ સ્થાને બિરાજમાન હતા. અને એની દલીલ ફક્ત ફતાવા રઝવિય્યહ્નો ભાગ–૧ લો જ છે.

આપની દરેક કૃતિ રિસર્ચની એટલી ઉચ્ચ કક્ષાએ પહોંચી હોય છે કે પોતાના કે પારકા કોઈને એમાં જરા સરખો પણ વધારો ઘટાડો કરવાનો મોકો ન મળી શકે. જે વિષય ઉપર પણ આપે કલમ ઉઠાવી

તેમાં તે ચર્ચાઓ, દલીલો, શંકાઓ દરેક પાસાંઓ વિસ્તૃત રીતે એવી દલીલસભર રજુઆતો કરી, છણાવટ કરી છે કે, વાંચકને માટે કોઈપણ શંકા કુશંકાનું સ્થાન ન રહે.

ઉલ્માએ હરમૈન શરીફ (મક્કા–મદીના) આ'લા હઝરતની અમુક કિતાબો જોઈ એટલા બધા પ્રભાવિત થયા કે એમણે એક અવાજે કહ્યું કે :–

لیس علیٰ اللّٰہ بمستنکر ان یجمع العالم فی واحد

એ આ'લા હઝરતને લાગુ પડે છે.

**અર્થાત** : "અલ્લાહ તઆલા માટે એ વાત અશક્ય નથી કે તે આખી દુનિયા એક જ વ્યક્તિમાં ભેગી કરી દે અને એ વાત આ'લા હઝરત અહમદ રઝા પર લાગુ પડે છે."

અને એમના એક ફત્વાનો અભ્યાસ કર્યા પછી તો ફર્માવ્યું કે, "જો ઈમામ અબૂ હનીફા એમને જોઈ લેતા તો તેઓની આંખોને ઠંડક પહોંચતી (ખુશી ઉત્પન્ન થાત) અને પોતાના શાગિર્દોમાં શામેલ કરી લેત."

પરંતુ લોકોમાં કેટલાય એવા લોકો પણ છે કે જેઓ તમામ ખૂબીઓ અને ફઝીલતો ઉપર પરદો નાંખી દેવા પોતાની નફ્સાનિયત, દુશ્મની અને ઈર્ષાને કારણે એમને (આ'લા હઝરતને) બદનામ કરવા રાત–દિવસ પ્રોપેગન્ડા કરે છે કે, **"એમણે તો એ સિવાય અન્ય કોઈ કામ નથી કર્યું કે પોતાના સિવાય સૌને કાફિર કહી મુસલમાનોને પરસ્પર લડાવી ફિત્ના ફસાદ ફેલાવવા સિવાય બીજું કશું જ કર્યું નથી."**

એટલા જ કારણે આજના અઝીમુશ્શાન અહમદ રઝા સેમિનારમાં કે જેમાં દેશના દરેક વર્ગના મહાન આલિમો, પ્રોફેસરો, રિસર્ચ કરનારાઓ આ'લા હઝરતની જિંદગીના વિવિધ પાસાઓ ઉપર પોત પોતાની ઈલ્મી રોશની નાંખશે, મેં પોતે નક્કી કર્યું કે મસ્લએ તકફીર (કાફિર ઠરાવવા વિશેના મસ્અલા) પર કંઈક લખું. સેમિનારના કાર્યકતાઓની પણ એ જ ઈચ્છા હતી.

જે લોકો મેદાને મેહશરમાં રબ તઆલા સમક્ષ હાજર થઈ પોતાના અમલોના રજ રજ માત્રના હિસાબ દેવા પર એતેકાદ ધરાવે છે તેમનાથી મારી નમ્ર વિનંતિ છે કે તેઓ ગૃપબંદીની ઈર્ષા અદેખાઈને દિલમાંથી કાઢી મારા લખાણને ખૂબ જ ઠંડા દિલે શાંતિથી દયાતનદારી સાથે વાંચી વિચારી વાસ્તવિકતાના ઊંડાણ સુધી પહોંચવાની કોશિશ કરે. આ બાબતે અમુક પાયાની વાતો સમજી તેને પોતાના દિમાગમાં બેસાડી લો, જે વાતોમાં બધા ફિર્કા (ગૃપ) વાળાઓ એકમતે છે અને જે કુફ્રના મસ્અલાની પાયાની બાબત છે.

*(અઝ : મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી, તંત્રી : અશ્રફિયહ મંથલી–મુબારકપુર)*

## ★ શું કોઈને કાફિર કહેવું ગુનોહ છે ? ★

આ બાબતમાં સૌ પ્રથમ એ ચર્ચા આવે છે કે કોઈ માણસ પોતાની જાતને મુસલમાન કહે છે, એનો એ દા'વો પણ છે કે હું અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવ્યો છું, પરંતુ તેનાથી એવું કોઈ કામ થઈ જાય અથવા જીભથી એવી કોઈ વાત બોલાઈ ગઈ કે જેનાથી ખરેખર કુફ્ર થતું હોય તો શું એવી પરિસ્થિતિમાં તેને કાફિર કહેવું ગુનોહ છે કે કાફિર કહેવું ફર્ઝ છે ? એને કાફિર કહેવું ભાગલાવાદી ગણાય કે પછી ભાગલા દૂર કરનાર કહેવાય ? ફિત્નો ફેલાવનાર ગણાય કે ફિત્નો દૂર કરનાર ?!

અમે આ સવાલના જવાબ માટે તે લોકો કે જેઓ ઈન્સાફની દષ્ટિથી સાચી પરિસ્થિતિ જાણવા ઈચ્છતાઓને મસાઈલની કિતાબોમાં બાબુલ મુર્તદ (ઈમાન લાવ્યા પછી ઈસ્લામથી ફરી જનાર વિશે પ્રકરણ)નો અભ્યાસ કરવાની તકલીફ લેવા વિનંતિ કરીશું. આ વિષયમાં સેંકડો વર્ષથી આપણા મહાન ઉલમા અને મોહદ્દિષોએ અકીદા અને ફિકહની કિતાબોમાં એક આખુય પ્રકરણ અલગથી જ રાખ્યું છે. (એમાં બધાય ફિર્કાના આલિમો સહમત છે.) આ પ્રકરણમાં તે કામો અને તે વાક્યોનાં વિગતવાર વર્ણનો લખેલાં છે, અને સ્પષ્ટ વિસ્તૃત છણાવટ સાથે કોઈપણ જાતની શંકા કુશંકાથી પર ખુલ્લા શબ્દોમાં વર્ણન કર્યાં છે કે જેણે આ કામ કર્યું તે કાફિર છે, જેણે આવા શબ્દો બોલ્યા કે લખ્યા તે કાફિર છે.

બલ્કે કુર્આન પાકમાં નજર કરવામાં આવે તો તેમાં પણ રસૂલે પાક ﷺ ની જાહેરી હયાતના જમાનામાં ઘણા નમાઝીઓ, ગાઝીઓને, કસમો ખાઈને કલેમો પઢનારાઓને કાફિર કહ્યા, ફક્ત એટલા જ કારણે કે તેઓ કોઈ કુફ્રીયા વાત બોલ્યા હતા.

ઈબ્ને અબી શૈબા ઈબ્ને મુન્ઝર *(તફસીરે દુર્રે મન્ષૈર, ભાગ–૩, પેજ–૨૫૩)* અબુશ્શૈખ અદી ઈબ્ને અબી હાતિમે પોતાની તફસીરમાં આ હદીષ વર્ણન કરી છે કે અમુક લોકોએ એવું કહ્યું કે :–

یحدثنا محمدان ناقة فلان بوادی
کذاوکذافی یوم کذاوکذاوما یدریه بالغیب۔

**અર્થાત** : "મુહમ્મદ ﷺ બયાન કરે છે કે ફલાણાની ઊંટડી ફલાણા જંગલમાં છે, એમને ગૈબની શું ખબર !" આ મુજબ બોલનાર તે લોકો હતા કે જેઓએ પોતાના બારામાં જાહેર કર્યું હતું કે, **"આમન્ના બિલ્લાહિ વબિલ્ યવમિલ્ આખિર."** એટલે કે અમે અલ્લાહ અને કયામતના દિવસ ઉપર ઈમાન લાવ્યા. અને તે કે જેમણે છડેચોક સ્પષ્ટ શબ્દોમાં પોતાની જીભોથી કબૂલ કર્યું હતું કે **"નશ્હદુ અન્નક રસૂલુલ્લાહ"** નિઃશંક ! અમે ગવાહી આપીએ છીએ કે આપ અલ્લાહના રસૂલ છો."

જે લોકોએ આપ ﷺ નો દીદાર કર્યો, જે લોકો આપની ઈકતેદામાં નમાઝો પઢયા, જે લોકો આપના ઝંડા હેઠળ રહી જેહાદમાં પણ નીકળતા હતા, પરંતુ જ્યારે તે લોકો બાબત હુઝૂર ﷺ ને ખબર પહોંચી કે તેઓ આવો બકવાસ કરે છે કે, "નબી ગૈબ શું જાણે ?!" તો તે લોકોને બોલાવ્યા અને પૂછયું; શું તમે આ પ્રમાણે બોલતા હતા ? તેમણે જવાબ આપ્યો, યા રસૂલલ્લાહ ! اِنَّمَا كُنَّا نَخُوْضُ وَنَلْعَبُ અમે તો એમ જ હંસી મજાકમાં વાતો કરી રહ્યા હતા!"

આ વાત પર તરત જ અલ્લાહ તઆલાએ વહી દ્વારા હુકમ ફર્માવ્યો, તે લોકો માટે કે ખૂબ જ જોરદાર અલ્ફાઝમાં કલેમો પઢનારા હતા, નબી

પાછળ જમાઅતથી નમાઝ પઢનારા હતા, નમાઝીઓ હતા, ગાઝીઓ હતા, મદનીઓ હતો, ઈમાનના દાવેદાર હતા. *(સૂરએ તૌબા)*

قُل اَبِاللّٰه وَاٰيٰتِهٖ وَرَسُوْلِهٖ كُنْتُمْ تَسْتَهْزِءُوْنَ لَا تَعْتَذِرُوْاقَدْ كَفَرْ تُمْ بَعْدَ اِيْمَا نِكُمْ

**અર્થાત** : ''અય મહબૂબ ! એમને કહી દો કે, શું અલ્લાહ અને એની આયતો અને એના રસૂલથી તમે ઠટ્ટા મજાક કરો છો ? બહાનાં ન બનાવો ! **ઈમાન લાવી મુસલમાન થયા પછી બેશક ! તમે કાફિર થઈ ગયા.''**

રિસાલતકાળમાં બે વ્યક્તિઓ વચ્ચે ઝઘડો થયો, તેઓ ફૈંસલા માટે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થયા, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એકના હક્કમાં ફૈંસલો કરી દીધો. જેના વિરૂદ્ધ ફૈંસલો થયો હતો તેણે કહ્યું, આપણા ઝઘડાની અપીલ હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની પાસે કરીએ. બંનેવ હઝરત ઉમર رضی اللہ عنہ ની બારગાહમાં હાજર થયા. હઝરતની સમક્ષ કેસની રજુઆત કરતાં એકે વાત વાતમાં કહી નાખ્યું; હઝરત નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ કેસનો ફૈંસલો મારા તરફે કરી નાખ્યો છે, પરંતુ આ મારા વિરૂદ્ધ દાવેદાર મને આપની પાસે ફૈંસલો કરવા લઈ આવ્યો છે. હઝરત ફારૂકે આ'ઝમે પેલા હરીફને પૂછયું, શું આની વાત સાચી છે ?! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ આનો ફૈંસલો કરી આપ્યો છે ? તેણે કહ્યું, હા ! એ સાચું કહી રહ્યો છે !

હઝરત ઉમર رضی اللہ عنہ એ કહ્યું; તમે બંનેવ પોતાની જગાએ ઊભા રહો, ઘરમાં જઈ તલવાર લઈ આવીને એકને કત્લ કરી દીધો જે હઝરત પાસે અપીલ કરવા લઈને આવ્યો હતો, કહ્યું; જેને નબીનો ફૈંસલો મંજૂર ન હોય તેની આ જ સજા હોય છે !

બીજો ત્યાંથી ભાગી આવી સરકારે صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં કહેવા લાગ્યો, હુઝૂર ! હઝરત ઉમરે મારા હરીફ સાથીને કત્લ કરી નાંખ્યો.

હુઝૂરે ફર્માવ્યું : ઉમર કોઈ મુસલમાનને કત્લ નથી કરી શકતા.

*–(તફસીર દુર્રે મુન્સૂર, ભાગ–૨, પેજ–૧૮)*

આના ઉપરથી તરત જ વહી નાઝિલ થઈ.

فَلَاوَرَبِّكَ لَايُؤْمِنُوْنَ حتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا
يَجِدُوْافِىْ اَنْفُسِهِمْ حَرَجًا هَمَّا قَضَيْتَ وَيُسَلِّمُوْا تَسْلِيْمَا

**અર્થાત** : અય મહબૂબ ! તારા પરવરદિગારની કસમ ! તે કદી પણ મુસલમાન ન હોઈ શકે જ્યારે કે તેઓ પોતાના પરસ્પરના ઝઘડાઓમાં તમને હાકિમ (જજ) ન બનાવે, અને તમે જે ફેંસલો કરી દો તેમાં તેમના દિલમાં ખતરો ન લાવે. અને તેને દિલથી સાચો માની ન લે.

*–(સૂરએ નિસાઅ, પારો–૫)*

હુઝૂરે અકદસ ﷺ એ આ કત્લના (ખૂનના) બદલામાં કિસાસ કે દિયત કાંઈ પણ વાજિબનો હુકમ નથી આપ્યો. (**કિસાસ** એટલે ખૂનના બદલામાં ખૂન, અને **દિયત** એટલે ખૂનના બદલામાં માલ કે રકમ.)

જેણે હુઝૂર સરકારે દો આલમ ﷺ ના કરેલા ફેંસલાને મંજૂર ન રાખ્યો અને ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના દરબારમાં અપીલ માટે ગયો. તે બદ્નસીબ કલેમો પઢનાર હતો, પોતાને મુસલમાન કહેતો હતો, પરંતુ અલ્લાહ તઆલાએ પોતાના કલામે પાકમાં સ્પષ્ટ શબ્દોમાં ફર્માવ્યું, કે **એવા લોકો કે જે મારા મહબૂબ રસૂલના ફેંસલાનો ઈન્કાર કરે તે મુસલમાન નથી.**

હવે કુર્આને પાકની સ્પષ્ટ આયતે કરીમાના ફર્માનથી સાબિત થયું કે, જો કોઈનાથી કુફ્ર થઈ જાય અથવા કોઈ કુફ્રની વાત બોલી નાખે કે લખી નાંખે, તો તે નિઃશંક ! કાફિર છે ! ભલે પછી તે કલેમો પઢતો હોય, નમાઝ પઢતો હોય કે જેહાદ પણ કરતો હોય. અને જો એનો એ કુફ્ર બાબતનો ગુનોહ અલ્લાહના રસૂલની ગુસ્તાખીનો છે તો તે મામલો ઘણો જ ગંભીર સાબિત થશે, કેટલો ગંભીર કે જેને માટે ઉલમાએ કિરામે વર્ણન કર્યું છે કે કોઈ ગુસ્તાખે રસૂલ હોય અને ગુસ્તાખી બદલ તૌબા પણ કરી લે તો પણ ઈસ્લામી બાદશાહ તેને જીવતો નહીં છોડે. *(પ્રુફ : સાબિતી માટે જુઓ શિફા શરીફ અને એની શરહો તથા કિતાબ દુરર ગુરર, દુર્રે મુખ્તાર વગેરે.)*

આથી સાબિત થયું કે **જો કોઈ માણસ પોતાને મુસલમાન કહે, નમાઝ પઢે, ઝકાત આપે, રોઝા રાખે, હજ્જ કરે, રાત–દિવસ કુર્આન હદીષની તા'લીમ આપે, ઘણો જ મુત્તકી પરહેઝગાર હોય ત્યાં સુધી કે કિબ્લા તરફ થૂંકે પણ નહીં, છતાં પણ જો તેનાથી કોઈ કુફ્રિયા કામ થઈ ગયું, કે કોઈ કુફ્રિયા વાત લખાઈ ગઈ કે બોલાઈ ગઈ તો તેને કાફિર કહેવું કુર્આનની સ્પષ્ટ આયતના આધારે ફર્ઝ છે.** એ ગુનો નથી બલ્કે મહાન ઈબાદત છે, કલમી જિહાદ છે, ઝબાની જિહાદ છે, અને ઈસ્લામી શરીઅતને ગંદા તત્વોથી પાક કરવાની બેહતરીન કોશિશ છે, વાસ્તવિક રીતે અલ્લાહ અને તેના રસૂલની સુન્નત છે, એને ગુનોહ કહેવું એક જિમ્મેદારી પૂરી કરનાર આલિમે દીનને ગાળ, ગલોચ કરવી, તેની શાનમાં ગુસ્તાખી કરવી, ખૂદ મહાપાપ છે.

આ બાબતમાં કેટલાક ગુસ્તાખો તરફથી એક ધોકો આપવામાં આવે છે કે, "અકાઈદના બારામાં સર્વસામાન્ય કાયદો એ છે કે એહલે કિબ્લાને કાફિર કહેવું જાઈઝ નથી, એટલે કે જે કા'બા શરીફ તરફ મોઢું કરી નમાઝ પઢનાર હોય તેને કાફિર કહેવું જાઈઝ નથી !"

એ બાબતમાં અમારી બે નમ્ર અપીલો છે : **એક** એ કે જે લોકો ઉલમાના આ ઈર્શાદને પોતાની ઢાલ માને છે તેમનો અમલ એનાથી વિરૂદ્ધ જોવા મળે છે, દાખલા તરીકે કાદિયાનીને એ લોકો પણ કાફિર કહે છે, જ્યારે કે કાદિયાની પણ કા'બા શરીફને કિબ્લો માની તે તરફ મોઢું કરી નમાઝ પઢે છે. હવે દરેક માણસે વિચારવાની જરૂરત છે કે જો એહલે કિબ્લાનો મતલબ કિબ્લા તરફ મોઢું કરી નમાઝ પઢે તે દરેક સંજોગોમાં મુસલમાન જ છે ભલે પછી ગમે તેટલો કુફ્રિયા ગુનો કરી બેસે, તો પછી કાદિયાનીઓને કાફિર શા માટે કહેવામાં આવે છે ? **બીજી** વાત એ કે એહલે કિબ્લાનો અર્થ એ નથી જે તમે (દેવબંદી) લોકો બતાવીને પોતાના માટે ઢાલ બનાવો છો બલ્કે એહલે કિબ્લાનો અર્થ એ છે કે, જે કા'બા શરીફ તરફ મોઢું કરી નમાઝ તો પઢતો હોય પરંતુ તે સાથે જ તે દીનની

તમામ જરૂરી બાબતો ઉપર સંપૂર્ણ ઈમાન પણ ધરાવતો હોય, દીનની જરૂરી વાતોમાંથી કોઈ એકનો પણ ઈન્કાર ન કરતો હોય. કોઈ માણસ કિબ્લા તરફ મોઢું કરી નમાઝ તો પઢતો હોય પરંતુ દીનની જરૂરી વાતોમાંથી કોઈ એકનો પણ ઈન્કાર કરતો હોય તો તે એહલે કિબ્લામાંથી ગણાશે જ નહીં. આવો ! આ બાબતનો સ્પષ્ટ ખુલાસો પોતાના સમયના સૌથી મહાન ફકીહ અને મુહદ્દિષ હઝરત અલ્લામા મુલ્લા અલી કારી رحمۃاللہ علیہ ની ઝબાનથી સાંભળો :–

اعـلـم انّ الـمراد باهل القبلة الّذين اتفقوا عَلىٰ ماهو من ضرورارات الـدّيـن كـحـدوث الـعَـالَـم وحشـرالا جسَـادوعـعـلم اللّٰـه بالكليات والجزئيات امااشبه ذالك من امسائل فمن واظب و طول عمره على الطّاعات والعبادات مع اعتقاد قدم العالم اونفى الحشر اونفى علمهٖ سُبـحـانـه بـالـجـزئـيـات لايـكـون مـن اهل القبلة وان المراد بعدم تـكفيراحد من اهل القبلة عنداهل السنّة انّهٗ لا يكفرمالم يوجد شئٌ مـن امـارات الـكـفـروعـلا مـاتـهٖ ولـم يـصـدر عنه شئٌ من موجباتهٖ

એહલે કિબ્લાથી તે લોકો પ્રતિ નિર્દેશ છે, જેઓ દીનની તમામ જરૂરી બાબતો ઉપર સંપૂર્ણપણે ઈમાન ધરાવતા હોય. જેમ કે દુનિયા અને તેની બધીય ચીજોનું હાદિષ હોવું, (હાદિષનો અર્થ જે હમેશાંથી ન હોય અને હમેશાં રહેનાર ન હોય.) બદનો–શરીરોનો હશ્ર (મરવા પછીની જિંદગી, હિસાબ–કિતાબ) અને એ કે અલ્લાહ તમામ મોટામાં મોટીથી લઈ નાનામાં નાની રજે રજ માત્રને જાણે છે, અને એવી જ બીજી બાબતોના બારામાં, જે માણસ જિંદગીભર ઈબાદતનો પાબંદ રહે, અને દુનિયાને કદીમ (હમેશાંથી છે) હોવાનો અકીદો રાખે અથવા હશ્ર–નશ્રનો ઈન્કાર કરે અથવા અલ્લાહ તઆલાના માટે અમુક બાબતોના ઈલ્મનો ઈન્કાર કરે તે એહલે કિબ્લામાંથી નથી. અને એહલે કિબ્લાને કાફિર ન કહેવાનો એહલે સુન્નત જમાઅતની નજદીક મતલબ એ જ છે કે, એને ત્યાં સુધી કાફિર કહેવામાં નહીં આવે જ્યાં સુધી તેનામાં કુફ્રની નિશાનીઓમાંથી કોઈ એક પણ નિશાની જોવાની ન મળે, કુફ્રિયા

કામોમાંથી કોઈ એક પણ (કામ) એનાથી થયાની સાબિતિ ન મળે.

*(શર્હે ફિકહે અકબર, પેજ–૧૮૯, મુલ્લા અલી કારી, વફાત : હિ.સ. ૧૦૪૦)*

આ વિષયમાં સૌથી વધુ ઉત્તમ અને ધ્યાન આપવાની વાત એ છે કે સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين ના સમયકાળથી આજ સુધીના તમામ કલમો પઢનાર મુસલમાનોના રહનુમાઓ (આલિમો)નો અમલ શો છે તે જાણવું જોઈએ.

## ★ સહાબાએ કિરામનો અમલ ★

હઝરત અલી શેરે ખુદા كرم الله تعالى وجهه الكريم ના સમયમાં ખારજીઓ પેદા થયા, જેમણે હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ને એટલા જ કારણે મુશ્રિક કહ્યા કે એમણે સિફ્ફીનની લડાઈમાં તહકીમ કબૂલ કરી લીધી અર્થાત સુલેહપંચને માની લીધું. કે બંનેવ પોત પોતાના પક્ષમાંથી એક એક માણસને પોતાનો હકમ (સુલેહ માટેનો લીડર) બનાવી લે અને તેઓ જે ફેંસલો કરે તે બંનેવ પક્ષે કબૂલ કરી લેવો.

ખારજીઓએ આના વિરૂધ્ધ કુર્આને કરીમથી દલીલ રજુ કરી કે **ઈનિલહુકમુ ઈલ્લા લિલ્લાહ.** હઝરત અલી رضي الله عنه એ એમના વિરૂધ્ધ જેહાદ કરી એમને કત્લ કર્યા, ત્યાં સુધી કે તેઓ જમીન પરથી મરી ફીટે. લડાઈના અંતે આપે પોતાના સાથી સહાબાઓને ફર્માવ્યું, નબીએ કરીમ صلى الله تعالى عليه وسلم ના ફર્માન મુજબ તમે જમીન ઉપરથી બદ્તરીન (સૌથી ખરાબ) મખ્લૂકને (ખારાજીઓને) કત્લ કરી છે.

આપના સમયમાં એવા લોકો પણ થયા કે જેમણે આપને (હઝરત અલીને) ખુદા કહ્યા. હઝરતે એવા લોકોને માટે હુકમ આપ્યો કે એમને પકડી પકડીને આગમાં સળગાવી દેવામાં આવે. અને તે જ પ્રમાણે અમલ પણ થયો.

## ★ તાબેઈને કિરામનો અમલ ★

તાબેઈને કિરામના સમયકાળમાં ખારજીઓ અને મોઅતઝલા ફિર્કાના લોકો પેદા થયા, જેમાં ખારજીઓએ ઘણી મજબૂતી પકડી લીધી

હતી. તેમની સાથે તાબેઈન હઝરાતે વારંવાર જેહાદ કરવી પડી અને એમની ગુમરાહ વાતોના જવાબો આપી રદિયો આપ્યો.

મુજતહિદ ઈમામોના સમયમાં બીજા પણ કેટલાક ગુમરાહ ફિર્કાઓએ જન્મ લીધો (જેમ કે, કદરિયા, જહમિયહ્ વગેરે...) તો એઓનો પણ ખૂબ ખૂબ રદિયો કરવામાં આવ્યો.

જ્યારે બાદશાહ મા'મૂન રશીદના સમયમાં મોઅતઝલાએ માથું ઉચક્યું તો તમામ મોહદ્દિષો અને ફુકહાએ કિરામે મળીને પોતાની ઈલ્મી તાકાતથી ખૂબ જ જદ્દો જેહાદ કરી, એના કિલ્લાને ભસ્મીભૂત કર્યો.

રાફઝીઓ (શીઆ) બીજી સદી હિજરીમાં જ પેદા થઈ ચૂક્યા હતા પરંતુ તે વખતે એમની પાસે ન એમની પોતાની કોઈ પાર્ટી કે નક્કી થએલી સંસ્થા હતી કે ન તો એમના અકીદાઓનું કાયદેસરનું બંધારણ હતું, પરંતુ જ્યારે પણ કોઈ બુઝર્ગને એમના ગુમરાહ અકીદાની ખબર પડતી તો તેઓ તેનો જોરદાર રદ ફર્માવતા.

હઝરત ઝૈદ શહીદ رضی اللہ عنہ ની દુશ્મનો સાથે લડાઈ થઈ તે વખતે એમના લશ્કરમાંથી રાફઝીઓએ માંગણી કરી કે હઝરતે શૈખયન (હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہما ) પર તબર્રા (ગાળો ભાંડવી) કરવામાં આવે, તો આપે એ લોકોને ઈન્કાર કરી દીધો એટલું જ નહીં સાથે જ પોતાના લશ્કરમાંથી (જમાઅતમાંથી) કાઢી મૂક્યા, અને ફર્માવ્યું, એમણે અમોને છોડી દીધા (અકીદામાં) તો અમે પણ એમને છોડી મૂક્યા. પછી જ્યારે રાફઝીઓ એક મજબૂત ફિર્કારૂપે બની ગયા તો ઉલમાએ કિરામે એમનો સંપૂર્ણપણે વિનાશ નોતરતો રદ કર્યો.

આપણા દેશમાં (હિંદુસ્તાનમાં) મહેદવી ફિર્કો નીકળ્યો તો ઉલમાએ કિરામ ચૂપકીદી સાધી બેસી નથી રહ્યા બલ્કે એના નાશ માટે બને તેટલી વધુ કોશિશો કરી રદ કરતા રહ્યા છે.

સારાંશ કે ઈસ્લામી ઈતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે કે જ્યારે જ્યારે પણ ઈસ્લામના સર્વમાન્ય અકીદાઓની વિરૂદ્ધ અકીદો લઈ કોઈ

પણ કલમો પઢનાર ઉભો થયો તો તેને ઉલમાએ છોડયો નથી, અને તે કેવી રીતે ચૂપકીદી સાધી છોડી શકે ! હુઝૂર આકાએ કાઈનાત صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે કે, "જ્યારે ફિત્ના અને ગુમરાહીઓ, બિદઅતો જાહેર થાય અને તે સમયે આલિમ પોતાનો ઈલ્મ જાહેર ન કરે તો તેવા આલિમ ઉપર અલ્લાહ તેના ફરિશ્તા અને તમામ મખ્લૂકની લા'નત છે."

ઉપરોક્ત વિસ્તૃત ચર્ચાને અંતે સાબિત થઈ ચૂક્યું કે, કોઈપણ વ્યક્તિ પછી તે પોતાની જાતને કલમો પઢી મુસલમાન જાહેર કરનાર હોય પરંતુ તે સવાદે આ'ઝમ અહલે સુન્નત (અહલે ઈસ્લામ)ની વિરૂધ્ધ કોઈપણ અકીદો કે માન્યતા ફેલાવવાની કોશિશ કરે તો જવાબદાર ઉલમા, મશાઈખ અને મુફતી સાહેબો પર ફર્ઝ છે કે તેઓ પોતપોતાની ઈલ્મી શક્તિ મુજબ બને તેટલો વધુ રદિયો કરી તેના જૂઠા અકીદા અને માન્યતાને જૂઠ સાબિત કરી, શરીઅત મુજબ તેના ઉપર જે હુકમ લાગુ પડતો હોય તેનો ફેંસલો જાહેર કરે.

## ★ આવો ! હવે મૂળ મુદ્દા પર ! ★

મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ જે લોકોને કાફિર કહ્યા, તે ઉપરોક્ત વર્ણન મુજબ અલ્લાહ તઆલા અને તેના પ્યારા મહબૂબ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નત તેમજ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી લઈને આજ સુધીના તમામ ઉલ્માએ અહલે સુન્નતની તાબેદારીમાં અને પ્રણાલિકા અનુસાર જ કર્યુ છે.

હવે આપણે ફક્ત જોવાનું એ રહ્યું કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ જે લોકોને કાફિર કહ્યા છે તેમનાથી ખરેખર કોઈ કુફ્ર થયું છે કે નહીં ? અને એ કુફ્રિયા બાબત (લખવા, બોલવા કે અમલ કરવામાં) તેઓ ગુનેહગાર છે કે નહીં ? આ વિષયમાં ચાર નામો ખાસ ચર્ચાને લાયક ઠરે છે : (૧) મૌલાના રશીદ અહમદ ગંગોહી (૨) મૌલાના કાસિમ નાનોત્વી (૩) ખલીલ અહમદ અંબેઠવી (૪) મૌલાના અશરફ અલી થાનવી. આ વિશે અમે ન્યાયી તપાસ કરીએ તે પહેલાં એ સ્પષ્ટ રીતે બતાવી આપીએ કે આ મૌલાનાઓનો સંબંધ કયા ગૃપ સાથે હતો ?

આ ચારેય વ્યક્તિઓ મૌલાના ઈસ્માઈલ દહેલ્વીના અનુયાયીઓ અને એમની કિતાબ તકવિયતુલ ઈમાન, સિરાતે મુસ્તકીમ, રિસાલા યકરોઝી, ઈજાહુલ હક્ક વગેરે.... પ્રમાણે અકીદા અને અમલ કરનાર હતી. આ ચારેવમાં એમનામાં સૌથી વધુ પ્રિય તથા મોભદાર ગણાતા મૌલાના રશીદ અહમદ ગંગોહીએ પોતાના ફતાવામાં મૌલાના ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ તકવિયતુલ ઈમાન માટે લખ્યું છે કે;

"તકવિયતુલ ઈમાન ઘણી જ સારી કિતાબ છે, એને રાખવી, પઢવી અને એના ઉપર અમલ કરવો અયન ઈસ્લામ છે."

*(ફતાવા રશીદિયહ્, કરાંચી પ્રેસની છપાઈ, પેજ–૪૧)*

આ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી તે જ છે જેમણે પોતે તકવિયતુલ ઈમાન કિતાબ લખી તો તે સમયના દિલ્હીના બધા જ ઉલમાએ અહલે સુન્નતે એકમતે તેનો રદ લખ્યો, અને તેમને કાફિર કહ્યા, જેની વિગત ઉલમાના પણ ઉસ્તાદ હઝરત અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી رحمۃ اللہ علیہ ની કિતાબ "તહકીકુલ ફતાવા બ ઈબ્તાલુત્તગ્વા"માં વર્ણવેલ છે, જેની સચ્ચાઈ ઉપર તે સમયના દિલ્હીના સર્વ મહાન ઉલ્માએ કિરામે પોત પોતાની મહોર (સહી) લગાડી છે. કિતાબ તકવિયતુલ ઈમાનના વિરૂધ્ધ એમના જ ખાનદાનના બલ્કે એમના કાકાના દિકરા (પિત્રાઈ ભાઈ) મૌલાના મુહમ્મદ મૂસા અને મૌલાના મખ્સૂસુલ્લાહે "મોઈદુલ ઈમાન" નામની કિતાબ લખી. આ સિવાય દેશના ખૂણે ખૂણેથી તકવિયતુલ ઈમાનની વિરૂધ્ધ લખાણો લખી વિરોધ જાહેર કરવામાં આવ્યો. મૌલ્વી ઈસ્માઈલના મૃત્યુ પછી એમના અનુયાયીઓએ એમના સમર્થનમાં જે કિતાબો લખી તેનો પણ ઉલ્માએ સતત વિરોધ દર્શાવી જવાબોમાં કિતાબો લખતા રહ્યા છે. જેનો એક દસ્તાવેજી પુરાવો હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કીની કિતાબ "ફૈસલા હફ્ત મસાઈલ" છે, અને એમના મુરીદ, ખલીફા મૌલાના અબ્દુસ્સમીઅ રામપુરી સાહેબની કિતાબ "અન્વારે સાતેઅહ" છે.

મુજદ્દિદે આ'ઝમ હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જયારે

દીનના માર્ગદર્શન અને હિદાયતની ગાદી ઉપર બિરાજમાન થયા તે વળા દેશનું દીની વાતાવરણ એવું હતું કે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીના અનુયાયી મૌલ્વી કાસિમ નાનોત્વીની કિતાબ "તહઝીરુન્નાસ"ના વિરૂધ્ધમાં આખાય દેશમાં આગ લાગેલી હતી. જેની વિગત આગળ આવી રહી છે.

એ જ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીના મઝહબને ફેલાવનાર મૌલ્વી રશીદ અહમદ ગંગોહી અને મૌલાના ખલીલ અહમદ અંબેઠવીની કિતાબ "બરાહીને કાતેઅહ્"એ પણ દેશમાં ગુસ્સાની આગ ભડકાવેલી હતી. જેના પરિણામે ભોપાળ રાજયમાં (હિ. ૧૩૦૬) ભાવલપુર મુકામે કિતાબના લેખક મૌલ્વી અંબેઠવી અને મૌલાના ગુલામ દસ્તગીર કિસ્વરીની વચ્ચે એક અગત્યનો ઐતિહાસિક મુનાઝિરો થયો, જે મુનાઝિરાના ફૈસલો આપનાર જજે મૌલાના ખલીલ અહમદ અંબેઠવીની વિરૂધ્ધ પોતાનું જજમેન્ટ આપ્યું.

જ્યારે મુજદ્દિદે આ'ઝમ હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ "તહઝીરુન્નાસ" અને "બરાહીને કાતિઅહ"ની તે ઈબારતો (લખાણો)થી કે જેમાં જરૂરિયાતે દીનનો ઈન્કાર અને સરદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તૌહીન હતી વાકેફ થયા તો એ કઈ રીતે શક્ય હતું કે આપ તેનાથી જાણકાર થયા પછી પણ ચૂપ રહી શકે ! આપે પ્રથમ એ લોકોના રદમાં "જઝાઉલ્લાહુ અદુવ્વહુ", "સુબ્હાનુસ્સુબુહ" વગેરે કિતાબો લખી પરંતુ એ લોકોએ એનો કોઈ જ જવાબ ન આપ્યો, ન તો એ કુફ્રી લખાણથી તૌબા કરી, ન તો લખાણો પાછા ખેંચ્યાં. એટલે પછી આ'લા હઝરતે હિ.સ.૧૩૨૦ માં એ કુફ્રી લખાણોને કારણે એમને કાફિર ઠરાવ્યા. આ'લા હઝરતે એમને કુફ્રનો ફત્વો આપ્યો તે બરાબર છે કે નહીં ! આવો અને અકીદાઓની રોશન કસોટી પર પરખ કરો.

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم અને સહાબાએ કિરામે તેમજ ઉલમાએ સલફ એટલે પહેલાંના ઉલમા અને ઉલમાએ ખલફ અર્થાત આ સમયના ઉલમાએ કિરામ તમામે ખાતેમુન્નબીય્યીનનો અર્થ નબીઓમાં સૌથી છેલ્લા નબી બતાવ્યો છે. એટલે કે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمની જાહેરી

જિંદગીના સમયમાં કે તે પછી કયામત સુધી કોઈને પણ નબુવ્વતનો દરજ્જો નથી મળી શકતો, અને કોઈ નબી થવો શક્ય જ નથી. અને તે શર્તની સાથે કે એમાં કોઈ અર્થઘટનને કે તખસીસ (ખાસપણા)ને સ્થાન જ નથી. સ્પષ્ટ રીતે ફર્માવવામાં આવ્યું છે કે, જો કોઈ આ બાબત કોઈ તા'વીલ (અર્થઘટન) કરે તખસીસ (ખાસપણું) કરે તો તે પણ કાફિર છે. જેના વિષયમાં હદીષોમાં, ઉલમાએ કિરામ, ફુકહાએ કિરામ, મોહદ્દિષીને કિરામના ફર્માનોથી કિતાબ ભરી છે. જેને આ વિષયમાં વધુ જાણકારી મેળવવી હોય તેણે મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની કિતાબ 'જઝાઉલ્લાહુ અદુવ્વહુ'નો અભ્યાસ કરવો. જેમાં ૧૩૦ (એકસો ત્રીસ) હદીષો અને ૩૦ (ત્રીસ) ઉલમાએ કિરામના ફર્માનોથી સાબિત કરેલ છે કે ખાતિમુન્નબીય્યીનનો અર્થ ''આખરી નબી'' એવો સ્પષ્ટ, ચોક્કસ, યકીની અને મશહૂર છે કે અગર સામાન્ય પબ્લિકના માણસને પણ પૂછવામાં આવે કે ખાતિમુન્નબીય્યીનનો અર્થ શો છે તો તે જરૂર તરત જ કહેશે ''છેલ્લા નબી'', આ બાબત જરા પણ શંકાને સ્થાન જ નથી. એટલા જ કારણે એ ઈસ્લામના જરૂરી અકીદાઓમાંથી છે.

**(૧)** હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ શિફા શરીફમાં ફર્માવે છે :–

لانـه اخبر صلي اللّٰه تعا لىٰ عليه وسلم انه خاتم النبين لانبى بعده
واخبـر عـن اللّٰـه تـعـا لـىٰ انه خاتم النبين وانه ارسل كافة للناس
اجمعت الا مة علىٰ حمل هذاالكلام علىٰ ظاهره وان مفهومه المرادبه
دون تاويل ولاتخصيص فلا شك فى كفر هؤلاء الطوائف كلها قطعا

**અર્થાત** : ''નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખબર આપી છે તેઓ પોતે ખાતેમુન્નબીય્યીન છે, અને એ પણ ખબર આપી કે અલ્લાહ તઆલાએ એમને ખાતેમુન્નબી બનાવ્યા અને તમામ મખ્લૂકના રસૂલ બનાવ્યા, આ વાત પર ઉમ્મતનો ઈજમાઅ (સર્વસંમતિ) છે. આ કથન (ખાતેમુન્નબી) પોતાના જાહેરી અર્થ ઉપર જ આધારિત છે. એટલે આખરી નબી હોવું એ જ અર્થ છે જેમાં કોઈપણ તા'વીલ (અર્થઘટન) કે

બીજા કોઈ પણ મતલબને સ્થાન નથી. એટલે ઉપરોક્ત જણાવેલ તે લોકો કે **જેઓ ખાતેમુન્નબીય્યીનના અર્થમાં તા'વીલો કરી જાહેરી અર્થને માનતા નથી તેઓના કાફિર હોવામાં કોઈ શંકાને સ્થાન નથી."**

*–(શિફા શરીફ, ભાગ–૨, પેજ–૨૫૦)*

**(૨)** શિફા શરીફની ઉપરોક્ત ઈબારત (લખાણ)ને મુફતી મુહમ્મદ શફીઅ મુફતીએ દેવંબદે પણ પોતાની કિતાબ " ખત્મે નબુવ્વત ફિલ્ અષાર"માં કાદિયાનીઓના વિરૂધ્ધ એક સનદ (પ્રુફ) રૂપે રજુ કરી છે.

**(૩)** હુજજતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ કિતાબુલ ઈક્તેસારમાં ફર્માવે છે, "એમાં શંકા નથી કે પૂરી ઉમ્મતે ખાતેમુન્નબીય્યીન"થી એ જ સમજ્યું છે કે એનો મતલબ એ જ છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم છેલ્લા નબી છે, આપના પછી કયામત સુધી કદી પણ ન કોઈ નબી થશે ન કોઈ રસૂલ. વળી આ બાબત બીજુ કોઈ અર્થઘટન થઈ શકતું જ નથી અને જે કોઈ કરે તો તેના દિમાગની બકવાસ કહી શકાય. **એવાઓને કાફિર કહેવામાં કોઈ ચીજ રોકી શકતી નથી કારણ કે એ કુર્આનની સ્પષ્ટ આયતને જૂઠાડી રહ્યા છે** જેને પૂરી ઉમ્મતે સર્વસંમતિથી માન્ય રાખી છે કે એમાં કોઈ જ તા'વીલને સ્થાન નથી.

**(૪)** અલ્લામા અબ્દુલગની નાબેલ્સી શર્હે ફવાઈદમાં લખે છે કે, તત્વજ્ઞાનીઓનું એમ કહેવું કે નબુવ્વત કસબ એટલે કે મેહનતથી મળી શકે છે એ એટલું સ્પષ્ટ જૂઠ છે કે એને સમજાવવાની જરૂરત જ નથી, અને કેમ જૂઠ ન હોય કારણ કે એનો મતલબ થાય કે આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે અથવા એમના પછી બીજા નબીનું હોવું જાઈઝ છે, તો આવી વાત કુર્આનની આયતને જૂઠાડે છે.

એટલા માટે જ કુર્આને કરીમે આની ઉપર સ્પષ્ટ નક્કર દલીલ કાયમ કરી દીધી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم છેલ્લા નબી અને છેલ્લા જ રસૂલ છે. અને હદીષમાં છે કે **"હું સૌ નબીઓમાં છેલ્લો નબી છું અને મારા પછી કોઈ જ નબી નથી."** ઉમ્મતે આ બાબત એકીમતે સર્વસંમતિ

સાધી કે આ કથન પોતાના જાહેરી અર્થમાં બાકી છે. અને આ તે મસ્અલાઓમાંથી છે કે જેના કારણે તત્વજ્ઞાનીઓને (ફિલોસોફરોને) કાફિર કહેવામાં આવ્યા છે, અલ્લાહ તઆલા એમના ઉપર લા'નત મોકલે.

(अ) વાંચકો ! વિચાર કરો કે આ ત્રણેવ લખાણોથી સ્પષ્ટ થયું કે પૂરી ઉમ્મતનો એના ઉપર ચોક્કસ જરા પણ શંકા વિના ઈજમાઅ (એકમતી) છે કે **ખાતેમુન્નબીય્યીન** અને **લા નબીય્ય બાઅદી**નો ફક્ત અને ફક્ત એ જ અર્થ છે કે હુઝૂરે અકદસ ﷺ છેલ્લા નબી જ છે, છેલ્લા જ રસૂલ છે, હુઝૂરના સમયમાં કે હુઝૂર ﷺ પછી કોઈ બીજા નબી બનીને આવવાને જાઈઝ માનવાવાળો કાફિર છે. પછી ભલે તે નબી બિલ અર્ઝ માને, ઝિલ્લી, બરુઝી (અવતાર) નબી માને, ગમે તે રીતે માને પણ તે કાફિર છે.

(ब) હુઝૂરના સમયમાં કે તે પછી કોઈ નબી માનવાને શક્ય માનવું ખાતમિય્યતે મુહમ્મદીના વિરોધમાં છે અને કુર્આનને જૂઠાડવા સમાન છે.

(क) એટલા માટે એમ કહેવું કે હુઝૂરના સમયમાં અથવા હુઝૂરના પછી કોઈ અન્ય નબી પેદા થાય તો પણ આપનું છેલ્લા નબી હોવું હેમખેમ રહે છે ! અને એનાથી ખાતમિય્યતે મુહમ્મદીમાં કશો ફરક પડશે નહીં !

**આવુ માનવું કુર્આનને જૂઠુ ઠરાવવાને કારણે કુફ્ર છે અને એવું કહેનાર, માનનાર કાફિર છે.**

(ड) આ લખાણોએ બતાવી દીધું કે ઉમ્મતની એ બાબતે પણ એકમતી છે, આ વાતમાં કોઈપણ પ્રકારના અર્થઘટનની જરા પણ ગુંજાઈશ નથી. બલ્કે અર્થઘટન કરનાર કાફિર છે. એટલા માટે એવું કહેવું કે ખાતેમુન્નબીય્યીનનો અર્થ નબી બિઝ્ઝાત (સ્વયં પોતે નબી) છે, જરૂર જરૂર કુફ્ર છે, અને એવું કહેનાર કાફિર છે.

હવે આવો આ વિષયમાં દેવબંદી વિચારસરણી (અકીદા–માન્યતા) શી છે તે જોઈએ :–

## ★ નાનોત્વી સાહેબનું કુફ્રી લખાણ ★

મૌલ્વી કાસિમ નાનોત્વી દારુલ દેવબંદના સ્થાપક પોતાની કિતાબ તહઝીરુન્નાસમાં લખે છે કે :–

**"અવ્વલ માઅના ખાતેમુન્નબીય્યીન મા'લૂમ કરના ચાહિયે તા કે ફહમે જવાબમેં દિક્કત ન હો, સો અવામ કે ખયાલમેં તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કા ખાતિમ હોના બઇં માઅના હૈ કે આપકા ઝમાના અંબિયાએ સાબિક કે ઝમાને કે બાદ ઔર આપ સબમેં આખરી નબી હૈં, મગર એહલે ફહમ પર રોશન હોગા કે તકદ્દુમ વ તઅખ્ખુરે ઝમાનીમેં બિઝ્ઝાત કુછ ફઝીલત નહીં. ફિર મકામે મદહમેં વલાકિર્રસૂલલ્લાહ વ ખાતમન્નબિય્યીન ફર્માના ઈસ સૂરતમેં ક્યૂંકર દુરુસ્ત હો સકતા હૈ ? હાં, અગર ઈસ વસ્ફ કો અવસાફે મદહમેંસે ન કહિએ ઔર ઈસ મકામ કો મકામે મદહમેં મદહ ન કરાર દીજીએ તો અલ્બત્ત ખાતમિય્યત બ એ'તેબારે તઅખ્ખુરે ઝમાની સહીહ હો સકતી હૈ. મગર મૈં જાનતા હૂં કે એહલે ઈસ્લામ મેં સે કિસી કો યે બાત ગવારા ન હોંગી કે ઈસમેં એક તો ખુદા કી જાનિબ ઝિયાદહ્ ગોઈ કા વહમ હૈ. આખિર ઈસ વસ્ફમેં ઔર કદ્દો કામત વ શકલો રંગ વ હસબ વ નસબ સુકૂનત વગૈરહ્ અવસાફમેં જિનકો નબુવ્વત યા ઔર ફઝાઈલમેં કુછ દખલ નહીં ક્યા ફર્ક હૈ! જો ઈસકો ઝિક્ર કિયા ઔરોં કો ન કિયા.**

**દુસરે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કી જાનિબ નુકસાને કદરકા એહતેમાલ હૈ, ક્યૂં કિ એહલે કમાલ કે કમાલાત ઝિક્ર કિયા કરતે હૈં. ઔર ઐસે વૈસે લોગોં કે ઈસ કિસ્મ કે અહવાલ બયાન કિયા કરતે હૈં. એ'તેબાર ન હો તો તારીખોંકો દેખ લિજીએ.**

**બાકી યેહ એહતેમાલ કે યહ દીન આખરી દીન થા ઈસ લીયે સદ્દે બાબે ઈત્તેબાએ મુદ્દઈય્યાને નબુવ્વત ક્યા હૈ જો કલકો જૂઠે દાઅવે કરકે ખલાઈક કો ગુમરાહ કરેંગે. અલબત્ત ફી હદ્દેઝાતેહી કાબિલે લિહાઝ હૈ.**

**પર જુમ્લા ''માકાન મુહમ્મદુન્ અબા અહદુમ્ મિર રિજાલિકુમ્'' ઔર જુમ્લા ''વલાકિર રસૂલુલ્લાહિ વ ખાતમુન્નબિય્યીન''મેં ક્યા તનાસુબ થા ? જો એક કો દુસરે પર અત્ફ કિયા ઔર એક કો મુસ્તદરક મિન્હુ ઔર દૂસરે કો ઈસ્તિદરાક કરાર દિયા.**

**ઔર ઝાહિર હૈ કે ઈસ કિસ્મ કી બે રબ્તી બે ઈબારતી ખુદા કે કલામે મુઅઝ્ઝિઝ નિઝામમેં મુતસવ્વુર નહીં, ઔર સદ્દે બાબે મઝકૂર મંઝૂર હી થા તો ઈસ્કે લિએ બીસોં મૌકે થે, બલ્કે બિનાએ ખાતમિય્યત ઔર બાત પર હૈ જિસસે તઅખ્ખુરે ઝમાની ઔર સદ્દે બાબે મઝકૂર ખૂદ બ ખૂદ લા'ઝિમ આતા હૈ.''**

## ★ ખાતમુન્નબિય્યિનનો અર્થ આખરી નબી હોવાનો ઈન્કાર ★

અમે તહઝીરુન્નાસની સંબંધિત ઈબારત શબ્દસઃ પૂરેપૂરી નકલ કરી દીધી છે, વાંચકો એને ધ્યાનપૂર્વક વાંચે. ઈબારત ઘણી ગુઢ અને અટપટી છે એટલા માટે બની શકે છે કે એકવાર વાંચવાથી સમજાય નહીં તો વારંવાર વાંચો અને અરબી શબ્દોના અર્થ શબ્દકોષમાં જોઈ લો, અમે કોઈ ખુલાસો એટલા માટે નથી કર્યો કે, શક્ય છે કે નાનોત્વી સાહેબના કોઈ શ્રદ્ધાળુને એવું કહેવાનો મોકો મળી જાય કે, તહઝીરુન્નાસની ઈબારતનો મતલબ ખોટો તારવ્યો છે. તેથી એનો અર્થ કુફ્રી બની ગયો છે !

નાનોત્વી સાહેબે આ ઈબારતમાં ઘણા જ જોરશોરથી ભારપૂર્વક સાબિત કર્યું છે કે **ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી (છેલ્લા) નબી**

**નથી, અને એ અર્થ કોઈ પણ રીતે બંધબેસતો નથી. ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી નબી હોવાને તેઓએ સત્તર રીતે ખોટો ઠેરવ્યો છે.**

**પ્રથમ** : ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી છેલ્લા નબી હોવું એ ઓછી સમજના સામાન્ય લોકોનો ખ્યાલ છે.

**બીજું** : એને માત્ર એક ખયાલ ઠેરવ્યો, અકીદો કે માન્યતા નહીં. ખ્યાલનો અર્થ વહેમ, ગુમાન, અભિપ્રાય એવું થાય છે. હવે એનો મતલબ એ થયો કે ખાતમુન્નબિય્યીનનો અર્થ અંતિમ (છેલ્લા) નબી એ અકીદો નથી કે જે ચોક્કસ, અટલ વાત કહેવાય, બલ્કે અણસમજુ સામાન્ય માણસોનો ફક્ત ખયાલ છે, જે તેમણે પોતે વિચારી લીધું છે. કુર્આન, હદીષ કે પૂર્વજોના કથનોથી પુરવાર થએલ નથી.

**ત્રીજું** : અંતિમ છેલ્લા નબી હોવાને વખાણપાત્ર ગણીને તેની વાત કરવી એ ખરું નથી, જ્યારે કે આ આયત વખાણની જગ્યાએ આવી છે તેથી આ આયતમાં ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી ન હોઈ શકે એનો સાફ સાફ મતલબ એ થયો કે **આખરી છેલ્લા નબી હોવું એ કોઈ વખાણને પાત્ર બાબત નથી એમાં કશી જ મહાનતા જેવું નથી....** સ્વયં પણ નહીં અને બીજા કોઈ કારણસર પણ નહીં.

★ **નોંધ** : નબી બિઝ્ઝાતનો મતલબ બીજા પર આધારિત નહીં. નબી બિલ્ અર્ઝ એટલે બીજાના પ્રતાપે–બીજા પર આધારિત.

**ચોથું** : આ આયતને વખાણ, માન, મર્તબાના વિષયમાં માનવામાં ન આવે, અને ખાતમુન્નબિય્યીનનો પણ વખાણપાત્ર માન–મર્તબાને માટે વપરાએલ માનવામાં ન આવે તો ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી નબી હોવું બરાબર થઈ શકે છે. પરંતુ આ આયત વખાણના સ્થાનમાં છે અને ''ખાતમુન્નબિય્યીન'' વખાણપાત્ર ગુણ છે, તેથી આ આયતમાં ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી નબી યોગ્ય ઠરી શકે નહીં.

**પાંચમું** : જો ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી–છેલ્લા નબી

લઈશું તો અલ્લાહ પર બેહૂદુ અને અર્થહિન બોલનાર હોવાનો વહેમ કરાશે. એનો મતલબ એ થયો કે આખરી નબી હોવું બેહૂદુ, અર્થહિન ગુણ છે, જેમાં કોઈ જ ફઝીલત–શ્રેષ્ઠતા નથી, ન જાતિય રીતે કે બીજા કોઈપણ રીતે.

**છઠ્ઠું** : આખરી નબી હોવું વ્યક્તિના શારીરિક બાંધા વગેરે ગુણોમાં દાખલ છે જેનાથી કશી જ વિશેષતા કે શ્રેષ્ઠતા જણાતી નથી. એનો સ્પષ્ટ સાર એ નીકળ્યો કે આખરી નબી હોવામાં કશી જ ફઝીલત નથી, ન તો સ્વંય (બિઝ્ઝાત) ન બિલ્અર્ઝ (બીજા કોઈપણ કારણે, બીજાના પ્રતાપે, બીજાના તુફેલથી વગેરે...)

**સાતમું** : જો હુઝૂર ﷺ ને અંતિમ–છેલ્લા નબી માનીશું તો એનાથી હુઝૂરની કદર, માન, મર્તબો ઓછો થવાની શક્યતા છે અર્થાત એનો મતલબ એ થશે કે હુઝૂરનો મર્તબો ઓછો છે. એનો સાર એ નીકળ્યો કે આખરી નબી હોવું એ માન (મર્તબા)ને ઘટાડનાર છે, જેમાં કશી જ ફઝીલત નથી, ન સ્વંય–બિઝ્ઝાત કે ન બિલ્અર્ઝ.

**આઠમું** : આખરી નબી હોવું એ ગમે તેવા ફાલતુ માણસોની વિશેષતા સમાન છે. એનો સાર પણ એ જ છે કે આખરી નબી હોવામાં કશી જ ફઝીલત નથી, ન સ્વંય ન બીજા કારણસર (ન બિઝ્ઝાત, ન બિલ્અર્ઝ)

**નવમું** : જો ખાતમુન્નબિય્યીનનો અર્થ નબીઓમાં આખરી–છેલ્લા નબી લઈશું તો આ આયતના આગલા વાક્ય સાથે એનો કશો જ સંબંધ રહેશે નહીં.

**દશમું** : એકનું અવલંબન બીજા પર રહેશે નહીં.

**અગ્યારમું** : એકનો અર્થ બીજાથી સમજી શકાશે નહીં.

**બારમું** : અલ્લાહના ચમત્કારિક કલામમાં અસંબંધિત વાક્યો (આયતો) હોવાનું પુરવાર થશે.

**તેરમું** : નબુવ્વતના જૂઠા દાવેદારોને અટકાવવા આ આયતમાં

ખાતમુન્નબિય્યીન કહેવામાં આવ્યું નથી, જો એ આશય હોય તો ખાતમુન્નબિય્યીનનો અર્થ જરૂર આખરી નબી હોત, પણ એનો આ હેતુ–આશય નથી એટલે આ આયતમાં ખાતમુન્નબિય્યીનનો અર્થ અંતિમ આખરી નબી નથી.

**ચૌદમું** : આ સ્થાન એનું નથી એના માટે બીજાં કેટલાય સ્થાનો હતાં.

**પંદરમું** : છેલ્લા નબી હોવાનું એ અંતિમતાનો પાયો નથી એનો પાયો એક બીજી બાબત પર છે.

**"ખાતમુન્નબિય્યીન"**નો અર્થ **"છેલ્લા નબી"** નથી એ વિશે નાનોત્વી સાહેબે આરંભમાં જ એક સામટી પંદર દલીલો ઉભી કરી દીધી છે પણ એમના જેવા નુક્તેબાઝ, બારીકાઈથી ઊંડાણપૂર્વક તપાસ કરનારની કલમ એટલે જ અટકતી નથી પણ આગળ વધીને હજુ વધારે દોડે છે ! પેજ–૪ ઉપર કહે છે :–

**"સો ઈસી તૌર રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કી ખાતમિય્યત કો તસવ્વુર ફર્માઈયે યાઅને આપ મૌસૂફ બવસ્ફે નબુવ્વત બિઝ્ઝાત હૈં ઔર સિવા આપકે ઔર નબી મૌસૂફ બ વસ્ફે નબુવ્વત બિલ અર્ઝ. ઔરોં કી નબુવ્વત આપકા ફૈઝ હૈ, આપકી નબુવ્વત કિસી ઔર કા ફૈઝ નહીં."**

હવે વાત તદ્દન સ્પષ્ટ થઈ ગઈ, ખાતમુન્નબિય્યીનનો અર્થ આખરી નબી નથી બલ્કે બિઝ્ઝાત નબી હોવું છે. ખાતમિય્યત (અંતિમતા)નો પાયો બિઝ્ઝાત (સ્વંય) હોવા પર છે.

**સોળમું** : એટલા માટે પેજ–૧૪ ઉપર તારણ કાઢતાં પોતે કહે છે કે, **"ગર્ઝ ઈખ્તેમામ અગર બઈં માઅના તજવીઝ કિયા જાએ જો મૈંને અર્ઝ કિયા તો આપકા ખાતિમ હોના અંબિયા ગુઝિશ્તા હી કી નિસ્બત ખાસ ન હોગા બલ્કે અગર બિલ ફર્ઝ આપકે ઝમાનેમેં ભી કહીં ઔર કોઈ નબી હો જબ ભી આપકા ખાતિમ હોના બદસ્તૂર બાકી રહતા હૈ."**

**સત્તરમું** : વળી આગળ જતાં પેજ–૨૮ ઉપર વધુ તારણ કાઢતાં કહે છે કે :–

**"અગર બિલ ફર્ઝ બાદ ઝમાનાએ નબવી સલઅમ (**صلی اللہ تعالیٰ علیہ وسلم **ની જગ્યાએ સલઅમ લખવાની દેવબંદીઓની આદત મુજબ) કોઈ નબી પૈદા હો તો ફિર ભી ખાતમિય્યતે મુહમ્મદી મેં કુછ ફર્ક ન આએગા, ચેહ જાએ કે આપ કે મઆસિર કિસી ઔર ઝમીનમેં યા ફર્ઝ કિજીએ ઈસી ઝમીનમેં કોઈ ઔર નબી તજવીઝ કિયા જાએ."**

આ કુલ સત્તર કારણો થયાં જેનાથી નાનોત્વી સાહેબે પોતે પોતાનો એ અકીદો સાબિત કર્યો છે કે ખાતમુન્નબિય્યીનનો અર્થ નબીઓમાં સૌથી આખરી નબી નહીં બલ્કે બિઝ્ઝાત નબી છે. વળી એ પણ સ્પષ્ટ કરી દીધું કે નબી બિઝ્ઝાત હોવાથી આખરી નબી હોવાનું કોઈ રીતે પુરવાર થતું નથી.

**પ્રથમ** : તો નાનોત્વી સાહેબ જેવા હોશિયાર અને પ્રવીણ મુનાઝિર નબી બિઝ્ઝાતને છેલ્લા નબી માનતા હોત તો પેજ–૧૪ ઉપર આવું લખત નહીં, **"બલ્કે અગર બિલ્ફર્ઝ આપકે ઝમાનેમેં ભી કહીં કોઈ ઔર નબી હો જબ ભી આપકા ખાતિમ હોના બદસ્તૂર બાકી રહતા હૈ."**

**બીજું** : પેજ–૨૮ ઉપર પણ આ મુજબ ન લખત :–

"બલ્કે અગર બિલ્ફર્ઝ બાદ ઝમાના નબવી કોઈ નબી પૈદા હો તો ફિર ભી ખાતમિય્યતે મુહમ્મદીમેં ફર્ક ન આએગા. ચેહ જાએ કે આપકે મુઆસિર કિસી ઔર ઝમીનમેં યા ફર્ઝ કિજીએ ઈસી ઝમીનમેં કોઈ ઔર નબી તજવીઝ કિયા જાએ."

આ બાબત સ્પષ્ટ છે કે જો નબી બિઝ્ઝાત (સ્વંય નબી) હોવા માટે છેલ્લા–આખરી નબી હોવું જરૂરી હોત તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સમયમાં બીજા કોઈ નબી હોવાથી આપ નબીઓમાં છેલ્લા નબી ન ગણી

શકાત. અને આપના પછી કોઈ નબી પેદા થાત તો પણ આપની અંતિમતા ખતમ થઈ જાત. (અર્થાત નબુવ્વત આપના ઉપર ખતમ (પૂર્ણ) થઈ ગઈ, નબુવ્વતનો દરવાજો આપના પછીથી બંધ થઈ ગયેલો ન ગણી શકાત.)

એટલા માટે થોડીક બુદ્ધિ ધરાવનાર પણ જાણે છે કે હુઝૂરનું આખરી નબી હોવું એ વાતનું વિરોધી છે કે હુઝૂરના મુબારક સમયમાં કે હુઝૂરના પછી (કયામત સુધી) કોઈ નવો નબી કોઈ પણ જગ્યાએ પેદા થાય. જ્યારે નાનોત્વી સાહેબ આ પ્રમાણે વિવરણ કરે છે કે આપના જમાનામાં કે આપના પછી કોઈ નવો નબી પેદા થાય તો પણ આપનું ખાતિમ હોવું (નબીઓને ખતમ કરનાર, છેલ્લા હોવું) બદસ્તૂર (હેમખેમ) બાકી રહેશે ! અને આપની ખાતમિય્યત (અંતિમતા)માં કશો જ ફરક નહીં પડે. આથી સ્પષ્ટ પુરવાર થયું કે તેઓ સ્વયં નબી (નબી બિઝ્ઝાત) હોવાને માટે આખરી નબી હોવું જરૂરી માનતા નથી. એટલા માટે કે જે વસ્તુ આવશ્યક્તાની વિરોધી હોય તે એ વસ્તુની પણ વિરોધી હશે જેના માટે પેલી આવશ્યક્તા અનિવાર્ય છે, અને સ્પષ્ટ છે કે હુઝૂરે અકદસ ﷺ ના સમયમાં કે ત્યાર પછી બીજો કોઈ નબી થવાથી સમયમાં અંતિમ (આખરી) હોવું અવશ્ય ના'બૂદ થઈ જશે અને જ્યારે એ ના'બૂદ તો સ્વયં અંતિમતા પણ ના'બૂદ. એટલે જ્યારે ચર્ચાએલી પરિસ્થિતિમાં સ્વંય અંતિમતા અને સામયિક અંતિમતા બંનેવ ના'બૂદ થશે.

**ત્રીજું** : નાનોત્વી સાહેબ શરૂઆતમાં જ ૧૪ કારણોથી એ સાબિત કરતા આવ્યા છે કે ખાતમુન્નબિય્યીનનો અર્થ નબીઓમાં સૌથી આખરી (છેલ્લા) નબી એ ખોટું છે, તેથી અનિવાર્યતા જો ખોટી ઠરે તો તે વસ્તુ પણ ખોટી ઠરશે જેના માટે પેલી અનિવાર્યતા છે. તેથી જો તેમના અકીદા વિરૂધ્ધ કોઈ સ્વંય (ઝાતી) અંતિમતા માટે સામયિક અંતિમતા જરૂરી માને તો એનાથી ઝાતી અંતિમતા પણ ખોટી ઠરશે, હવે ન ઝાતી (સ્વંય) રહી ન સામયિક (ઝમાની.)

**ચોથું** : નાનોત્વી સાહેબના શ્રધ્ધાળુઓ ખોટી રીતે એમના ઉપર આક્ષેપ મૂકે છે એનો અમારી પાસે કે ખૂદ નાનોત્વી સાહેબ હોત તો પણ

તેમની પાસે શો ઈલાજ હતો ! કેમ કે નાનોત્વી સાહેબે પોતે જ તહઝીરુન્નાસના પેજ–૮ ઉપર લખ્યું છે કે :–

"હા ! અગર બતોરે ઈત્લાક યા ઉમૂમે મજાઝ ઈસ ખાતમિય્યત કો ઝમાની ઔર રૂત્બીસે આમ લિજીયે તો ફિર દોનોં તરહકા ખતમ મુરાદ હોગા, પર એક મુરાદ હો તો શાયાને શાને મુહમ્મદી ખાતમિય્યત ન રૂત્બી હૈ ન ઝમાની." *(પેજ નં. ૮)*

આનો સ્પષ્ટ મતલબ એ થયો કે ખાતમિય્યતે ઝમાની અર્થાત નબીઓમાં સૌથી આખર હોવું હુઝૂર અકદસ ﷺ ની શાન (મોભા)ને અનુરૂપ નથી. તો પછી એને જરૂરી માનવાથી શો લાભ ?! બલ્કે એનાથી તો સાબિત થશે કે જે ગુણ હુઝૂરની શાન (મોભા)ને લાયક નથી તેને હુઝૂર માટે માનવો. શું એમાં નાનોત્વી સાહેબના પોતાના ઉપર કહેવા મુજબ હુઝૂરે અકદસ ﷺ ની શાનને (મોભા–મર્તબા) ન છાજે તેવી મર્તબાને ઘટાડનાર તથા અલ્લાહ તઆલા પ્રતિ અર્થહિન, બેકાર વાતો કહેવાનો સંબંધ જોડવા સમાન નથી ?! અને એમના છેલ્લા વાક્યે તો સામયિક અંતિમતા (સમયના આધારે છેલ્લા)નો પાયો જ ઉખેડી નાંખ્યો કે, "જ્યારે એ હુઝૂરના મર્તબાને લાયક જ નથી તો પછી એને સામાન્ય અર્થમાં માનીએ કે કોઈ ખાસ અર્થમાં માનીએ બંને રીતે નકામું છે, બલ્કે મર્તબો ઘટવાની શક્યતા છે."

આ બાબતમાં બીજી બધી વાતો તરફથી હટીને ખૂદ નાનોત્વી સાહેબની પોતાની કબૂલાત સાંભળી લો. તેઓ પોતે જ પોતાના એક વિશ્વાસુને પત્રમાં લખે છે કે :–

"ખાતમુન્નબિય્યીનનો અર્થ ઉપલક દૃષ્ટિવાળાઓની દૃષ્ટિમાં તો એ છે કે નબી ﷺ નો સમય આગળ થઈ ચૂકેલા નબીઓના સમયથી પાછળ છે અને હવે કોઈ નબી આવશે નહીં. પરંતુ આપ જાણો છો કે આ એવી વાત છે કે એમાં ન તો કોઈ તારીફ છે કે કોઈ બુરાઈ.

*[કાસિમુલ ઉલૂમ, પેજ–૫૫, પ્રથમ પત્ર મૌલાના મુહમ્મદ ફાઝિલને (ફારસી)]*

દરેક માણસ ખૂબ જાણે છે કે, લેખક પોતાનો લખવાનો મતલબ શો છે તે બીજા કરતાં વધુ સારી રીતે જાણે છે, જ્યારે કે નાનોત્વી સાહેબ પોતે જ કોઈ પણ જાતના વાંધા–વચકા કે ગુંચવણો ઉભી કર્યા વિના સાફ સાફ વર્ણન કરી દે છે કે, "નબીઓમાં સૌથી છેલ્લા નબી હોવું એ કોઈ તારીફ કે વખાણની વાત નથી જ્યારે કે એમાં કોઈ તારીફ (વખાણ) કે વિશિષ્ટતા જેવું નથી તો પછી એમને નબીઓમાં સ્વંય છેલ્લા નબી હોવું જરૂરી માનવું તદ્દન અર્થહીન (બેકાર) વાતો છે."

આનાથી સ્પષ્ટ થયું કે, નાનોત્વી સાહેબ ખત્મે ઝાતી (સ્વંય નબી) સાથે ખત્મે ઝમાની (સમયમાં) જરૂરી માને છે તો આ એમના ઉપર જૂઠા આક્ષેપ સિવાય બીજું શું કહી શકાય !

એનાથી એ પણ જણાયું કે, પેજ–૩૦ પર "બિઝ્ઝાત કુછ ફઝીલત નહીં"માં બિઝ્ઝાતનો વધારો માત્ર ધોકો આપવાની આડ છે. એમનો અસલ અકીદો તો એ જ છે કે, "છેલ્લા નબી હોવું" કોઈ ફઝીલતની વાત નથી. બલ્કે આખરી નબીનો મતલબ સ્વયં નબી છે એમાં છેલ્લા નબી હોવું જરૂરી નથી. અને એ જ કારણે એમણે પેજ–૧૪ અને પેજ–૨૮, પર સાફ સાફ લખી નાખ્યું છે કે, 'અગર હુઝૂર કે ઝમાને મેં કોઈ ઔર નબી પૈદા હો જાએ તો ભી આપકા ખાતિમ હોના (છેલ્લા નબી) બદસ્તૂર બાકી રહતા હૈ, બલ્કે અગર બિલ્ ફર્ઝ બાદ ઝમાના નબવી કોઈ નબી પૈદા હો જાએ તો ખાતમિય્યતે મુહમ્મદીમેં કુછ ફર્ક નહીં આએગા."

## ★ નાનોત્વી સાહેબ પર શરીઅતની પકડ ★

નાનોત્વી સાહેબે જાણીબુઝીને ઈરાદાપૂર્વક "તહઝીરુન્નાસ"ની આ ઈબારતોમાં (લખાણોમાં) નીચે જણાવેલા ચોક્કસ અને ખાત્રીપૂર્વકના કુફ્રિયાત આદર્યા છે જેમાં કોઈપણ પ્રકારની આશંકાની ઝર્રા બરાબર પણ ગુંજાઈશ નથી. જેમાં કોઈપણ તાવીલ (અર્થઘટન)ની કોઈ જ ગુંજાઈશ નથી, ન તો જલ્દી સમજાય તેવા અર્થઘટનની શક્યતા છે કે ન તો ગુંચવણમય અર્થઘટનની.

૦૧. કુર્આન મજીદના ઈર્શાદ ''ખાતમુન્નબિય્યીન''નો અર્થ બધાંથી ''છેલ્લા નબી'', ''અંતિમ નબી'' એ પોતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તારવેલો છે. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ એ પણ એ જ અર્થ લીધો છે. સમગ્ર ઉમ્મતે પણ એનું એવું જ અર્થઘટન કર્યું છે અને એ બાબતે સમગ્ર ઉમ્મતની એકમતિ સધાએલી છે. ''ખાતમુન્નબિય્યીન''નો એક જ અર્થ ''છેલ્લા નબી'' છે. ''એમાં બીજા કોઈ પણ અર્થઘટનની જરા જેટલી પણ ગુંજાઈશ નથી.'' એવું ઉલમાએ લખી દીધું છે. પરંતુ આ વાતને નાનોત્વી સાહેબે સામાન્ય માણસો એટલે કે નાસમજ (કમ અક્કલ) માણસોનો ખ્યાલ ગણાવ્યો છે.

૦૨. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને, સહાબાએ કિરામને તથા આખી ઉમ્મતના ઉલમા, અવલિયા અને તમામ લોકોને નાસમજ (કમઅક્કલ) ગણી કાઢયા.

૦૩. આ ઉચ્ચ પ્રકારનો વખાણપાત્ર ગુણ (અંતિમ નબી) વખાણના સ્થાનમાં વાપરવા યોગ્ય હોવાનો ઈન્કાર કર્યો, બલ્કે એ ગુણ વખાણપાત્ર છે તેવું માનવાનો પણ ઈન્કાર કર્યો.

૦૪. એને એલ ફેલ બકવાસ અને અર્થહિન વાત તરીકે ઓળખાવ્યું.

૦૫. છેલ્લા નબી (અંતિમ નબી) હોવામાં ફઝીલત કશી જ નથી એમ કહ્યું.

૦૬. એને નીચલી કક્ષાના અને અભણ લોકોની વાતો કહી.

૦૭. એને અલ્લાહના ઉચ્ચ કક્ષાના કલામની વિરૂધ્ધ કહ્યું.

૦૮. એને કુર્આનની વાક્ય રચના અને શબ્દોના એકબીજા સાથેના સંબંધમાં અવરોધરૂપ ગણી કહ્યું કે એનાથી કુર્આનનાં વાક્યો, આયતોમાં સંબંધ જળવાતો નથી.

૦૯. એને નબુવ્વતના જૂઠા દાવેદારોના જૂઠા દાવાઓ માટેના દરવાજા બંધ કરનાર તરીકે નથી માન્યું, આ આયતને એવું સ્થાન આપવાનો ઈન્કાર કર્યો !

૧૦. એમને નબુવ્વતની અંતિમતાનું મૂળ માનવાનો ઈન્કાર કર્યો, બલ્કે અંતિમતાનું મૂળ બીજું જ છે એમ કહ્યું.

૧૧. ખાતમિય્યત એટલે કે અંતિમતાનો અર્થ પોતે પોતાના મનથી ઘડી કાઢવો કે આપની નબુવ્વત બિઝ્ઝાત એટલે સ્વંયનબી છે, જ્યારે બીજા નબીઓ બિલ્અર્ઝ (આપણા નબીની નબુવ્વત પર આધારિત) છે.

૧૨. હુઝૂરના સમયમાં બીજા કોઈ નબી આવવાને આપની અંતિમતા (છેલ્લાપણા)ને વિરોધી ન માન્યું. એટલે કે કોઈ નબી આપના સમયમાં આવી જાય તો પણ આપ ખાતમુન્નબી ગણાય એમાં કશો વાંધો ન આવે ! એમ બતાવ્યું.

૧૩. આપના પછી પણ કોઈ નબી હોવાનો દા'વો કરે તો પણ ખાતમિય્યતમાં (આપના છેલ્લા હોવામાં) કોઈ વાંધો ન આવે ! એમ કહ્યું.

વાંચકોને પૂછીએ છીએ કે, આટલી કુફ્રી વાતો આદર્યા પછી પણ શું ''તહઝીરુન્નાસ''ના લેખક નાનોત્વી સાહેબ મુસલમાન જ રહ્યા ! શું ઉલમા પર એમને કુફ્રનો ફતવો આપવો જરૂરી ન હતો ?! એનો ફેંસલો તમારા ઉપર છોડું છું.

## ★ તહઝીરુન્નાસ સામે વિરોધ વંટોળ ★

તહઝીરુન્નાસ જ્યાં જ્યાં પહોંચી ત્યાંના ઉલમાએ એનાથી પોતાની બેઝારી વ્યક્ત કરી અને એના વિરૂદ્ધ લખાણ લખી રદ કર્યું. તહઝીરુન્નાસથી આખી ઉમ્મત બેઝાર હતી એને થાનવી સાહબે નીચેના શબ્દોમાં વર્ણવ્યું છે :–

''જ્યારે મૌલાના નાનોત્વી સાહબે તહઝીરુન્નાસ લખી હતી ત્યારે કોઈએ પણ મૌલાના અબ્દુલહય્ય સિવાય એમની સાથે સહમતિ દર્શાવી ન હતી.'' *(ઈફ઼ાઝતુલ્ યવમિયહ્, ભાગ–૪, પેજ–૫૮૦)*

નાનોત્વી સાહેબ એક વેળા રામપુર રાજ્યમાં ગયા હતા ત્યારનો

બનાવ "અરવાહે ષલાષહ્"માં આ રીતે લખ્યો છે :–

"અપને કો એક મુલાઝિમ કી હૈસિયત સે ઝાહિર કિયા ઈસ લિયે કે ખુફિયહ્ પહોંચે. જબ રામપુર પહોંચે તો હઝરતને અપના નામ ખુર્શિદ હસન (તારીખી નામ) બતાયા ઔર લિખા દિયા ઔર એક નિહાયત હી ગૈર માઅરૂફ સરાય મેં મુકીમ હુએ, ઉસમેં ભી એક કમરા છત પર લિયા, યેહ વોહ ઝમાના થા કિ તહઝીરુન્નાસ કે ખિલાફ એહલે બિદઆતમેં શૌર બરપા થા. મૌલાનાકી તકફીર તક હો રહી થી. હઝરતકી ગરઝ ઈસ ઈખ્ફાસે યેહી થી કે મેરે એલાનિયા પહોંચને સે ઈસ બારેમેં ઝગળે ઔર બહષેં ખળી ન હોં. *(પેજ–૨૬૧)*

"અરવાહે ષલાષહ્"ના જાહિલ કિન્નાખોર રાવીએ તહઝીરુન્નાસનો રદ કરનાર ઉલમાને બિદઅતી કહ્યા. હવે આવો, એમના જ એક શ્રધ્ધાળુ દેવબંદી જમાઅતના એક મહાન આલિમ બલ્કે પોતાની જમાઅતમાં ઉલમાની એક જમાઅતની બરાબર ગણાતા મૌલાના અન્વરશાહ કાશ્મિરી બલ્કે ડાભેલી તહઝીરુન્નાસની વિરૂધ્ધ લખાણ કરતાં જણાવે છે કે :–

"મા બિઝ્ઝાત વ મા બિલઅર્ઝ કા ઈરાદા (જૈસા કે તહઝીરુન્નાસમેં હૈ) ફલસફા કા ઉર્ફ હૈ. કુર્આન મજીદકા ઉર્ફ યા અરબકા મુહાવરા નહીં, ઔર ન નઝમે કુર્આન કા ઉસકી તરફ કોઈ ઈશારા હૈ, પસ ઈઝાફએ ઈસ્તેફાદાએ નબુવ્વત મહઝ ઈત્તેબાએ હવા કી વજહસે કુર્આન પર ઝિયાદતી હૈ. *(ખત્મે નબુવ્વત, પેજ–૩૮)*

આ જ તેમના બુઝુર્ગ લગભગ આ લખાણની જેમ પોતાના બીજા રિસાલા "અકીદતુલ્ ઈસ્લામ"ના પેજ–૨૫૬ પર પણ લખી ચૂક્યા છે.

જુઓ ! આ મૌલાના અન્વર શાહ એ નાનોત્વી સાહેબના ખૂબ શ્રધ્ધાળુઓમાંથી છે છતાં "તહઝીરુન્નાસ"માં આખી ઉમ્મતની માન્યતા વિરૂધ્ધ કુર્આન મજીદની મનમાની તફસીર કરવામાં આવી છે તેનો રદિયો આપી રહ્યા છે. માત્ર રદિયો જ નહીં બલ્કે એને મનસ્વીપણુ અને નફ્સાની ઈચ્છાનું અનુસરણ કહી રહ્યા છે અને કુર્આનમાં વધારો કરવાનું ગણાવી રહ્યા છે.

હવે ! વાંચકો પોતે જ ફેંસલો કરે કે, તમામ ઉમ્મતની ચોક્કસ અને એકમતે કરેલી તફસીરની વિરૂધ્ધ પોતાની મનમાની તફસીર કરી કુર્આનમાં વધારો કરનાર મુસલમાન રહી શકે કે કાફિર ?!

કદાચ ! મૌલાના અન્વર શાહનો માફ ન કરી શકાય તેવો એ જ ગુનોહ હતો કે જેના કારણે એમને દેવબંદ છોડવું પડયું ! જેને એઓ ખૂબ જ ગમગીની પસ્તાવા સહિત કહ્યા કરતા હતા કે, "હમને કલમએ હક્ક કહા તો ઉસકી વજહસે યહાં ડાભેલ આના પળા !"

## ★ ગંગોહી તથા અંબેઠવી સાહેબનું સંયુક્ત કુફ્રી લખાણ ★

જ્યારે દેવબંદીઓએ મીલાદ, કિયામ એટલે ઉભા થઈ સલામ પઢવા, નિયાઝ , ફાતેહા તેમજ ઉર્સ વિરૂધ્ધ પોતાની તમામ શક્તિ ભેગી કરી ચળવળ ઉપાડી અને એહલે સુન્નતના ઉપરોક્ત કામોની વિરૂધ્ધ અનેક ફતવાઓ અને પુસ્તિકાઓ લખી લડત ચલાવી ત્યારે મૌલાના અબ્દુસ્સમીઅ રામપુરી رحمۃ اللہ علیہ એ ખૂબ જ સભ્યતાપૂર્વકની શૈલીમાં દલીલો અને પુરાવાઓ સહિત ઉપરોક્ત કામો જાઈઝ હોવાની સાબિતી આપતી એક કિતાબ "અન્વારે સાતેઅહ્" લખી, જે બાબતે ગંગોહી સાહેબનો ક્રોધાગ્નિ ભભૂકી ઉઠયો અને એના જવાબમાં એમણે "બરાહીને કાતિઅહ્" નામે કિતાબ લખી, અને તેને પોતાના મુરીદ અને ખલીફા ખલીલ અહમદ અંબેઠવીના નામથી પ્રસિદ્ધ કરી. આ કિતાબ ગંગોહી સાહેબે જ લખી છે તેનો પુરાવો એ છે કે એમનું જીવનચરિત્ર લખનાર મૌલાના આશિક ઈલાહી મેરઠીએ એ કિતાબને ગંગોહીની કિતાબ તરીકે વર્ણવી છે. તેઓ લખે છે કે :–

"બરાહીને કાતેઅહ્" યહ "અન્વારે સાતેઅહ્" કા જવાબ હૈ, ઔર રદ્દે બિદઅત વ તહકીકે સુન્નતમેં વોહ લાષાની કિતાબ હૈ, જિસકો હઝરત કે કમાલાતે ઈલ્મિયાહ્ અમલિયાહ્કા મઝહર કહેં તો બજા હૈ, સુન્નત કે ઈશ્કમેં ગુસ્યાવહ (ક્રોધી) અંદાઝ ઔર શાને જલાલી કા ઈઝહાર ઈસમેં નઝર આતા હૈ, દીગર તસાનિફમેં કમ હૈ. *(તઝકેરતુર્રશીદ, ભાગ–૨, પેજ–૩૪૧)*

વાત અસલમાં એ હતી કે "મૌલ્વી અબ્દુલજબ્બાર ઉમરપુરી દેવબંદીએ લખ્યું હતું કે, "હઝરત કી નિસ્બત યેહ એ'તેકાદ કે જહાં મૌલૂદશરીફ પઢા જાતા હૈ વો તશરીફ લાતે હૈં, શિર્ક હૈ. હર જગહ મૌજૂદ અલ્લાહ તઆલા હૈ, અલ્લાહ સુબ્હાનહૂને અપની સિફત દુસરે કો ઈનાયત નહીં ફર્માઈ."

*–(અન્વારે સાતેઅહ્ બાલાએ બરાહીને કાતેઅહ્, પેજ–પર)*

નાનોત્વી, ગંગોહી અને થાનવી સાહેબોના પીરભાઈ મૌલાના અબ્દુસ્સમીઅ સાહેબ રામપુરી رحمۃ اللہ علیہ અન્વારે સાતેઆહ્માં એને બે રીતે રદિયો આપ્યો. પ્રથમ એ કે જ્યાં મૌલૂદ શરીફ પઢવામાં આવે છે ત્યાં (નબી صلی اللہ تعالیٰ علیہ وسلم) હાજર થવાનો અર્થ એવો કેવી રીતે થઈ ગયો કે નબી સાહેબ દરેક જગ્યાએ હાજર છે ? બીજું એ કે જમીનમાં હર એક જગાએ પહોંચી જવાનો અર્થ અલ્લાહ તઆલાની સિફત ગણવું તદ્દન વજૂદ વગરની વાત છે, પૂર્વથી પશ્ચિમ સુધી ગમે ત્યાંથી મૃત્યુ સમયે હઝરત ઈઝરાઈલ علیہ الصلوٰۃ والتسلیم (મૌતના ફરિશ્તા) રૂહને કાઢી લે છે, પ્રત્યેક ઘરને, તેમાં રહેનારાઓને તેઓ રાત દિવસ જોતા હોય છે, અલ્લાહ તઆલાએ જમીન તેમના માટે નાનકડા થાળ સમાન કરી દીધી છે. એ તો એક મુકર્રબ ફરિશ્તા છે, પરંતુ અલ્લાહ તઆલાએ તો શૈતાન–દુશ્મનને પણ એવી તાકાત આપી છે કે, તે દરેક માણસની સાથે રહે છે ! સાર એ નીકળ્યો કે જ્યારે કે અલ્લાહે પોતાના સિવાય બીજી મખ્લૂકને એવી શક્તિ આપેલી છે તો પછી તે અલ્લાહ તઆલાની ખાસ સિફત ન ગણી શકાય. અને જ્યારે (આ ચીજ એટલે હર એક જગાએ પહોંચી જવું) ખાસ અલ્લાહની સિફતમાં નથી ગણાતી તો પછી તે જો કોઈ રસૂલ, નબી માટે માને તો તે કદાપિ શિર્ક નથી.

આ રદિયાનો જવાબ ગંગોહી સાહેબથી ન આપી શકાયો અને કયામત સુધી કોઈથી ન આપી શકાશે.

ગંગોહી સાહેબે પોતે પોતાના મનથી નક્કી કરી લીધું કે મૌલાના અબ્દુસ્સમીએ રદ નથી કર્યું પણ દલીલો રજુ કરી છે કે જ્યારે કે શૈતાન

મલેકુલ મૌત હર જગહ હાઝિર છે તો પછી હુઝૂર ﷺ પણ હર જગહ હાઝિર છે કેમ કે હુઝૂર ﷺ તો એ બંનેવથી અફઝલ છે.

હાલાં કે મૌલાના અબ્દુસ્સમીઅ પર આ ખુલ્લો આક્ષેપ છે, મૌલાનાએ તો મૌલવી ઉમરપુરીની વાતને રદ કરવા પર દલીલ મૂકી હતી, ન કે પોતે પોતાનો કોઈ દા'વો સાબિત કરવા દલીલો કરી હતી, પરંતુ એ દેવબંદી બુઝુર્ગોને વારસામાં આદતો મળેલી છે કે પોતાના હરીફ (વિરોધી) ઉપર જૂઠા આક્ષેપો મૂકવાનું ચૂકતા જ નથી.

ગંગોહીજીએ આ રદિયાને દલીલ ઠેરવી એ વિશે લખી નાખ્યું કે;

''અલ્ હાસિલ ગૌર કરના ચાહિયે કે શૈતાન વ મલકુલ મૌત કા હાલ દેખકર ઈલ્મે મુહીત ઝમીનકા ફખ્રે આલમકો ખિલાફે નુસૂસે કતઈય્યહ્ કે બિલા દલીલ મહઝ કિયાસે ફાસિદહ્સે સાબિત કરના શિર્ક નહીં તો કૌનસા ઈમાનકા હિસ્સા હૈ ? કે શૈતાન વ મલકૂલ મૌત કો યહ (ઈલ્મી) વુસ્અત (વિશાળતા) નસ સે સાબિત હુઈ, ફખ્રે આલમ કી વુસ્અતે ઈલ્મકી કૌનસી નસ્સે કતઈ હૈ જિસસે તમામ નુસૂસ કો રદ કરકે એક શિર્ક સાબિત કરતા હૈ. *(બરાહીને કાતેઅહ્, પેજ–૫૫)*

## ★ એના ઉપર અમારી પકડો ★

**(૧)** જમીનનો ઈલ્મે મુહીત : અર્થાત સમગ્ર પૃથ્વીને ઘેરી લેતો ઈલ્મ ગંગોહી સાહેબે શૈતાન અને મલકૂલ મૌત માટે કુર્આન અને હદીષથી સાબિત માન્યો, પણ એ જ ઈલ્મને નબી ﷺ માટે શિર્ક બતાવ્યો અને આ શિર્ક ત્યારે જ થશે જ્યારે કે એને અલ્લાહ عزوجل ની ખાસ સિફતોમાંથી એક સિફત માનો. હવે જ્યારે એને અલ્લાહ તઆલાની ખાસ સિફત માનવામાં આવશે તો શૈતાન અને મલકૂલ મૌત માટે ઈલ્મે મુહીત માનવાનો એ મતલબ થશે કે શૈતાન અને મલકૂલ મૌત પણ ખુદા તઆલાના શરીક છે. અને ગંગોહી સાહેબે એ બંનેવ માટે સાબિત માન્યું છે ! હવે જરૂર સાબિત થયું કે એમણે એ બંનેવને અલ્લાહ તઆલાના શરીક ઠેરવ્યા જે એમની એ ઈબારતથી નક્કી થયું અને અલ્લાહનો શરીક

કોઈને પણ ઠેરવવું ખુલ્લું (સાફ) કુફ્ર છે.

**(૨)** વળી એ કુફ્ર–શિર્કને નસ્સ એટલે કુર્આન અને હદીષોથી સાબિત માન્યું એ બીજું કુફ્ર થયું.

**(૩)** શૈતાન અને મલકૂલ મૌતનો ઈલ્મ એટલા માટે વધારે છે કે તે કુર્આન–હદીષથી સાબિત થયેલું છે, પરંતુ નબી ﷺ માટે ઈલ્મની વિશાળતાની કુર્આન હદીષથી કોઈ દલીલ મળતી નથી માટે નબી સાહેબ માટે ઈલ્મ વધારે છે એમ માનવું શિર્ક છે, એવું સ્પષ્ટ પણે ગંગોહી સાહેબ લખે છે. **આનો સ્પષ્ટ મતલબ એ નીકળ્યો કે ગંગોહી સાહેબની નઝદીક શૈતાનનો ઈલ્મ નબી સાહેબના ઈલ્મથી વધારે છે,** બીજા શબ્દોમાં નબી સાહેબનો ઈલ્મ શૈતાનના ઈલ્મથી ઓછો છે.

تکادالسمٰوٰت یتفطرن منه وتنشق الارض وتخرالجبال هدًا

આકાશો તૂટી પડે, ધરતી ફાટી જાય અને પર્વતો ધસી પડે તો પણ ઓછું છે !

જેના દિલમાં ઝર્રા બરાબર પણ ઈમાન હશે તેને શું એ બાબતમાં શંકા હશે કે આ કુફ્રી કલામ નથી ! આ વાતમાં સ્પષ્ટ, સાફ સાફ ગુસ્તાખી નથી ? છે જ. (કોઈપણ ઈમાનદારનું ઈમાન આ વાત કેવી રીતે કબૂલ કરશે કે શૈતાનનું ઈલ્મ નબી સાહેબના ઈલ્મથી વધારે હતું.)

શું આવા ખુલ્લા કુફ્ર પછી પણ ગંગોહી સાહેબ અને એમના મુરીદ ખલીફા અંબેઠવી સાહેબના કાફિર હોવામાં કોઈ શંકા બાકી રહી જાય છે ? **આવી સ્પષ્ટ ગંદી ગાળ નબી સાહેબના બાબત લખવા પર** મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ગંગોહી અને અંબેઠવી સાહેબને કાફિર કહ્યા તો શું ગુનોહ કર્યો ?

## ★ હાસ્યાસ્પદ વાતો ★

આ બરાહીને કાતેઅહ્માં અમુક હાસ્યાસ્પદ વાતો પણ છે !

આ સ્પષ્ટ ગંદી કુફ્રી વાતો સિવાય બીજી પણ કેટલીક હાસ્યાસ્પદ વાતો પણ છે, જેમ કે :–

**(૧)** શૈતાનના ઈલ્મની વિશાળતા સાબિત કરવા ફક્ત નસ (દલીલ) પર સંતોષ માની લીધો, પણ હુઝૂરના ઈલ્મની વિશાળતા માટે માત્ર નસ્સને પૂરતી ગણવામાં આવી નથી. બલ્કે તેના માટે નસ્સે કતઈની માંગણી કરવામાં આવી !

**(૨)** હુઝૂરના ઈલ્મે પાકના ઈન્કારને પુરવાર કરવા એક દલીલ વગરની રિવાયત રજુ કરવામાં આવી, અને એનો સંબંધ હઝરત શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ સાથે જોડી દેવામાં આવ્યો. અને લખ્યું કે :–

"શૈખ અબ્દુલહક્ક રિવાયત કરતે હૈં કે મુઝે દીવાર કે પીછે કા ભી ઈલ્મ નહીં."

આ હઝરત શૈખ رحمۃ اللہ علیہ પર જૂઠુ બોહતાન છે, રિવાયત તો દૂરની વાત છે બલ્કે પોતે મદારિજુન્નુબુવ્વત, જિલ્દ–૧, પેજ–૯ ઉપર એ રિવાયતનો રદ કરી ફર્માવ્યું છે કે :–

"ઈસ જગહ ઈશ્કાલ લાતે હૈં કે બાઅઝ રિવાયતોંમેં આયા હૈં કે આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માયા કે મૈં બંદા હૂં નહીં જાનતા કે ઈસ દીવાર કે પીછે ક્યા હૈ. ઈસકા જવાબ યેહ હૈ કે ઈસ બાતકી કોઈ અસલ નહીં ઔર યેહ રિવાયત સહીહ નહીં." *(ફારસી પરથી ઉર્દૂ)*

શું જેના દિલમાં અલ્લાહના નબી صلی اللہ تعالیٰ علیہ وسلم થી જરા જેટલી પણ મહોબ્બત હોય તે એવી હિંમત કરી શકે ખરો કે હુઝૂરના ઈલ્મને ઘટાડવા ખાતર ખૂદ હુઝૂર પર જ જૂઠો આક્ષેપ કરે અને હુઝૂરના ફર્માનનો પણ ખૌફ ન રાખે કે હુઝૂરે તો ફર્માવ્યું છે કે, "જે જાણી બુઝી મારા ઉપર જૂઠો આક્ષેપ કરે તે પોતાનું ઠેકાણું જહન્નમમાં બનાવી લે."

વળી પાછી કેટલી મોટી હિંમત કે એ ગંગોહી સાહેબ જે બુઝુર્ગે (શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી) આ રિવાયત રદ કરી તેમને જ રાવી (રિવાયત કરનાર) તરીકે લખે છે ! જૂઠ ઉપર મહાન જૂઠ !!

## ★ અન્ય ઉલમાનો ટેકો ★

આજથી ૧૦૦ વર્ષ પહેલાં હિ. ૧૩૦૬ ની વાત છે. ભાવલપુર રાજ્યમાં "બરાહીને કાતેઅહ્"ની ગુમરાહ કરનારી ઈબારતો (લખાણો) પર એક ઘણો જ જરૂરી ફૈસલાકુન મુનાઝિરો થયો હતો. એ વેળા દેવબંદી જમાઅતના તે સમયના સૌથી મોટા ગણાતા આલિમ એમના શૈખુલ હિંદ મેહમૂદુલ હસન કોંગ્રેસી અને અંબેઠવી સાહેબ પોતે પણ (કે જેમના નામથી આ કિતાબ "બરાહીને કાતિઅહ્" છપાઈ છે) હતા. એહલે સુન્નતની તરફથી ઈમામુલ્ મુનાઝેરીન અલ્લામા ગુલામ દસ્તગીર કિસ્વરી رحمۃ اللہ علیہ મુનાઝિર હતા, આ મુનાઝિરો લેખિત હતો. (અર્થાત સામ સામે સવાલ જવાબ લખીને આપવા) આ મુનાઝિરના જજ તરીકે હઝરત મૌલાના શાહ ગુલામ ફરીદ સાહેબ ચાચિરાં શરીફ નવાબના પીર હતા. એમણે આ મુનાઝિરા બાદ જે ફેંસલો આપ્યો છે તે આ મુજબ છે :–

"મોઅલ્લિફ (કિતાબના લેખક) ખલીલ અહમદ અંબેઠવી એમના મદદગારો સહિત વહાબી છે એહલે સુન્નતથી ખારિજ (નીકળી ગયેલા) છે." *(તકદીસુલ વકીલ, પેજ–૨)*

આ મુનાઝિરો લેખિત હતો એની તમામ વિગત "તકદીસુલ વકીલ અન્ તવહીને રશીદો ખલીલ" નામથી છપાઈ ચૂકી છે. એમાં મૌલાના ગુલામ દસ્તગીર સાહેબે "બરાહીને કાતિઅહ્"ની એ ઈબારત પર એ જ વાંધો ઉઠાવ્યો છે કે આ લખાણમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈલ્મને શૈતાન મરદૂદના ઈલ્મથી ઓછો બતાવ્યો છે.

"ફકીર કાનલ્લાહુ લહૂકા એ'તેરાઝ યેહ હૈ કે સરવરે કાએનાતે આઅ્લમે મખ્લૂકાત علیہ الصلوٰۃ والتسلیم કી વુસ્અતે ઈલ્મ કા જો ઈન્કાર કિયા હૈ ઔર શૈતાન કે ઈલ્મસે આપકે ઈલ્મકો કમ લિખ દિયા હૈ. યેહ નિહાયત દરજહ કી તૌહીન હૈ." *(તકદીસુલ વકીલ, પેજ–૧૯૩)*

એ જ તકદીસુલ વકીલની સચ્ચાઈમાં મૌલાના રહ્મતુલ્લાહ્ કેરાનવી મુહાજિર મક્કી رحمۃ اللہ علیہ એ લખ્યું છે કે :–

"હું મૌલ્વી રશીદ અહમદને રશીદ સમજતો હતો, પરંતુ મારી ધારણાની વિરૂધ્ધ કાંઈક જુદા જ નીકળ્યા, એમણે એ બાબત સાબિત કરવામાં ખૂબ જ મહેનત કરી છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈલ્મ શૈતાન (મરદૂદ)થી ઓછો હતો અને એનાથી વિરૂધ્ધ માન્યતાને (અકીદા) શિર્ક કહ્યું." *(તકદીસુલ વકીલ, પેજ–૪૧૯)*

હઝરત મૌલાના રહ્‌મતુલ્લાહ્‌ કેરાનવી તે વ્યક્તિ છે કે જેમને તુર્કીના તે વખતના બાદશાહે "પાયએ હરમૈન" (હરમૈન શરીફની બુન્યાદ) નામનો ઈલ્કાબ આપ્યો. જેમના માટે ખૂદ બરાહીને કાતિઅહ્‌માં "અમારા શયખુલ હિંદ" રહમતુલ્લાહ લખ્યુ છે.

જે લોકો આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની ઉપર પાયા વગરનો જૂઠો આક્ષેપ મૂકે છે કે તેઓએ વિના કારણે (એ દેવબંદી, વહાબી આલિમોને) કાફિર કહ્યા છે, તેઓને આમંત્રણ છે કે આવો અને જુઓ, મૌલાના રહ્‌મતુલ્લાહ્‌ અને મૌલાના ગુલામદસ્તગીર قدس سرہ આ'લા હઝરતના ન તો મુરીદ છે ન તો ખલીફા છે કે ન પીરભાઈ છે ! એ લોકોએ પણ એ જ કહ્યું છે અને લખ્યું કે આ ઈબારતમાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلمની તૌહીન છે, એમાં આપના ઈલ્મને શૈતાનના ઈલ્મથી ઓછો બતાવ્યો છે.

શું આવી પરિસ્થિતિમાં પણ આ'લા હઝરતને બુરું ભલું કહેવું ઠીક ગણાશે ? કે એમણે વિના કારણે એ બંનેવ દેવબંદી ઉલમાને કાફિર કહ્યા. શું કોઈ મુસલમાનને એમાં શંકા ઉભી થઈ શકે છે કે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلمની તૌહીન કરવી કુફ્ર છે ?

## ★ થાનવી સાહેબનું કુફ્રી લખાણ ★

દેવબંદી જમાઅતના હકીમુલ ઉમ્મત અશરફઅલી થાનવી સાહેબે પોતાની પુસ્તિકા "હિફઝુલ ઈમાન"ના પેજ સાત ઉપર લખ્યું છે કે;

"ફિર યેહ કે આપકી ઝાતે મુકદ્દસા પર ઈલ્મે ગૈબકા હુક્મ કિયા જાના બકૌલે ઝૈદ સહીહ હો તો દર્યાફ્ત તલબ યેહ અમ્ર હૈં કે

ઈસ ગૈબ સે મુરાદ બાઅઝ ગૈબ હૈ યા કુલ ગૈબ. અગર બાઅઝ ઉલૂમે ગૈબિયહ્ મુરાદ હૈ તો ઈસમે હુઝૂર કી ક્યા તખ્સીસ હૈ. ઐસા ઈલ્મે ગૈબ તો ઝૈદ, અમર વ બકર બલ્કે હર સબી (બચ્ચે), મજનૂન (પાગલ) બલ્કે જમીઅ હૈવાનત (જાનવર) વ બહાઈમ (જંગલી પ્રાણીઓ) કે લિયે ભી હાસિલ હૈ.''

અમુક લીટીઓ પછી લખાણ લખ્યું છે કે :–

''ઔર અગર તમામ ઉલૂમે ગૈબિયહ્ મુરાદ હૈં ઈસ તરહ કે એક ફર્દ ભી ખારિજ ન રહે તો ઈસ બુતલાન દલીલે અકલી વ નકલી સે ભી ષાબિત હૈ.''

ઉપરોક્ત ઈબારત (લખાણ)નો સ્પષ્ટ મતલબ એ જ છે કે થાનવી સાહેબે હુઝૂર ﷺના ઈલ્મને ઝૈદ, અમર, બકર બલ્કે જાનવરો, પાગલો અને પ્રાણીઓના ઈલ્મ સાથે સરખાવ્યો છે અને હુઝૂરના ઈલ્મને એમના જેટલો ઈલ્મ કહ્યું છે.

(**નોંધ** : આ રદિયો એટલા માટે કરવામાં આવે છે કે થાનવી સાહેબના ચેલાઓ પરસ્પર એકબીજા સાથે ઉલઝનમાં પડેલા છે કે થાનવીજી એ ''ઐસા'' શબ્દ વાપર્યો છે તેનો મતલબ સરખામણી માટે છે કે પછી ''એટલો'', ''એના જેવો''ના અર્થમાં છે.)

બંનેવ પક્ષોની આ બાબતમાં એકમતી છે આ બંનેવ વાતોમાં હુઝૂર ﷺનું ઘોર અપમાન છે. અને કોઈ પણ નબીનું અપમાન (તૌહીન) અને તે પણ નબીઓના સરદારનું અપમાન (તૌહીન) સર્વાનુમતે કુફ્ર છે અને તૌહીન કરનાર કાફિર છે.

આ ઈબારતથી ઉપરોક્ત મઝમૂન કોઈપણ જાતના અંધારપટ વગર, કોઈપણ જાતની હેરાફેરી વગર સ્પષ્ટ થાય છે, વધુ ચોખવટ માટે અરજ એ છે કે :–

**(૧)** શરૂઆતમાં લખ્યું છે કે, ''આપકી ઝાતે મુકદ્દસા પર ઈલ્મે ગૈબ કા હુકમ કિયા જાના'' આનો મતલબ માત્ર એ જ છે કે ''એવું કહેવું

કે હુઝૂર ગૈબ જાણતા હતા'' કારણ કે હુકમનો અર્થ એ જ થાય કે એક વસ્તુ બીજા માટે સાબિત કરવામાં આવે.

આગળ લખ્યું કે, ''ઈસ ગૈબસે મુરાદ બાઅ્ઝ ગૈબ હૈ યા કુલ ગૈબ''

આ ઈબારત (વાકય)માં ''ઈસ''નો ઈશારો પ્રથમ વાકયમાં વપરાએલા તે ''ઈલ્મે ગૈબ'' તરફ છે, અર્થાત જે ઈલ્મે ગૈબ હુઝૂર ﷺ જાણતા હતા. તે કે જે ''બાઅઝ ઈલ્મે ગૈબ'' જે હુઝૂર ﷺને પ્રાપ્ય હતું. તે પછી આ ''બાઅઝ ઈલ્મે ગૈબ'' વિશે લખ્યું છે કે, ''ઈસમેં હુઝૂર હી કી ક્યા તખસીસ હૈ ! ઐસા ઈલ્મે ગૈબ તો હર ઝૈદ અમ્ર વ બકર બલ્કે હર સબી, મજનૂન બલ્કે જમીઅ હૈવાનાત વ બહાઈમ કે લિયે ભી હાસિલ હૈ.''

હવે કોઈપણ જાતની શંકા વિના સ્પષ્ટ થઈ ગયું કે **થાનવી સાહેબે હુઝૂરના ઈલ્મેપાકને દરેક લાયક, નાલાયક, ઝૈદ, અમ્ર, બકર બલ્કે બાળકો, પાગલો અને જાનવરો, ચોપગાં પ્રાણીઓના ઈલ્મ સાથે સરખાવ્યું છે, અથવા તો તેમના જેટલો ઈલ્મ કહ્યો.**

એને ટૂંકાણમાં આ રીતે કહી શકો છો કે થાનવી સાહેબે હુઝૂરે અકદસ ﷺ ના માટે ઝૈદના કહેવા પ્રમાણેનો જે ઈલ્મે ગૈબ મળેલો માન્યો, તેના બે પ્રકાર ગણાવ્યા; **એક** બાઅઝ ઈલ્મે ગૈબ અને **બીજો** કુલ ગૈબ. કુલ ગૈબ મળ્યા હોવાનું દરેક રીતે નકારી કાઢયું. હવે જરૂરી રીતે નક્કી થયું કે હુઝૂર માટે એમણે બાઅઝ ગૈબ હોવાનું કબૂલ કર્યું અને એ ઈલ્મે ગેબ માટે એમણે લખ્યું કે, ''એવો ઈલ્મે ગૈબ તો ઝૈદ, અમ્ર, બકર બલ્કે બાળકો, પાગલો, જાનવરો, પ્રાણીઓને પણ મળેલો છે.''

હવે જો ''ઐસા'' શબ્દને બરાબરી–સરખામણી માટે ઉપયોગ કરેલો માનીએ જેમ કે દેવબંદીઓના શૈખુલ ઈસ્લામ હુસૈન અહમદ ટાંડવીની તહકીક છે, તો તેમણે (થાનવી સાહેબે) હુઝૂરના મુકદ્દસ (મહાન) બુલંદ મર્તબા ઈલ્મને એક હલકી, નીચ, હીણ ચીજો સાથે સરખાવવાની ચેષ્ટા કરી.

એમાં સ્પષ્ટ રીતે સરકારે દો આલમ ﷺ ની તૌહીન (બેઅદબી) છે.

હવે જો "ઐસા" શબ્દને "એટલો" કે "એના જેવડો"ના અર્થમાં માનવામાં આવે જેમ કે હસન દરભંગી સાહબ (નાઝિમે તા'લીમાત)ની તહકીક છે તો પણ તેમણે (થાનવીજીએ) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈલ્મે પાકની વિશાળતા કે જેને ખાસ ફરિશ્તાઓ, નબીઓ અને રસૂલો પણ નથી જાણી શક્યા તેને એક હલકી, નીચ હીણ ચીજોના ઈલ્મની બરાબર કરી દીધો, એ પણ બદ્તરીન (ખરાબમાં ખરાબ) તૌહીન છે.

## ★ તટસ્થ લોકોની સાક્ષી ★

દિલ્હીના મશ્હૂર સિલસિલા નક્શબંદિયહ્‌ના શૈખે તરીકત ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની હઝરત શૈખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ ના સાહબઝાદા હઝરત મૌલાના શાહ અબ્દુલ ખૈર દહેલ્વી મિરઠમાં ઈલાહીબક્ષ સાહબના ઘરે મહેમાન હતા, ત્યાં ઈમામુલ મુનાઝરીન મૌલાના ગુલામ દસ્તગીર કિસ્વરીના ચાહક એક બુઝુર્ગ પીર સૈયદ ગુલાબશાહ અને થાનવી સાહબ તેમજ કારી તૈયબ દેવબંદના સદરના વાલિદ હાફિઝ અહમદ પણ હતા. હવે આગળનો બનાવ મૌલાના ઝૈદ અબુલ હસનની ઝબાનથી સાંભળો :–

"પીર સૈયદ ગુલાબશાહે મૌલાના અશરફઅલી સાહબની હિફઝુલ ઈમાન કિતાબમાંથી પેજ નં. ૭ નો હવાલો આપતાં સંભળાવ્યું કે, "દર્યાફ્ત તલબ યેહ અમ્ર હૈ કિ ઈસ ગૈબ સે મુરાદ બાઅઝ ગૈબ હૈ યા કુલ ગૈબ....... ઈબારતના અંત સુધી." આ સાંભળી મૌલાના અબુલ ખૈર સાહબે મૌલાના અશરફઅલીને કહ્યું, શું આ જ દીનની ખિદમત છે ? તમારા મોટાઓ તો અમારા તરીકા પર હતા ! તમે એમનાથી વિરૂધ્ધ કેમ કર્યુ ?! મૌલાના અશરફઅલી સાહબે કહ્યું, મેં એ ઈબારતની વધુ છણાવટ મારી બીજી કિતાબમાં કરી દીધી છે. આ સાંભળી મૌલાના શાહ અબુલ ખૈરે કહ્યું કે તમારા આ રિસાલા (કિતાબ)થી કેટલાય લોકો ગુમરાહ થઈ ગયા, અમે બીજા રિસાલાને લઈને શું કરીશું ?

*(બઝમે ખૈર, અઝ ઝૈદ, પેજ–૧૧, મકામાતે ખેર, પેજ–૨૪૯)*

અને ખૂદ થાનવી સાહબે બયાન કર્યું છે કે, ''મૌલાના અબુલ ખયર સાહબે એમને (થાનવી સાહબને) પોતાની જમાઅતમાં શરીક થવાથી રોકી લીધા. એ જુદી વાત છે કે પોતાની સ્વભાવિક અને વારસામાં મળેલ ખુશ અખ્લાકીના કારણે મીઠા શબ્દોમાં લખે છે કે જ્યારે જમાઅત તૈયાર થઈ ગઈ ત્યારે મૌલાના અબુલખૈર સાહબે મુસલ્લા પર જતાં જતાં ફર્માવ્યું, ''મારી જમાઅતવાળાઓના સિવાય જે બીજા લોકો હોય તેઓ અલગ થઈ જાય.'' *(બઝ્મે જમશેદ)*

*(આનો સ્પષ્ટ મતલબ એ કે મૌલાના અબુલ ખૈર સાહબે પોતાના (એહલે સુન્નત) અકીદા સિવાયના અકીદાવાળાઓને જમાઅતમાં સામેલ થવાથી રોકી લીધા અને એ બીજા અકીદાવાળાઓમાં મૌલાના થાનવી હતા. –અનુવાદક)*

અને આ પહેલાં જ્યારે થાનવી સાહેબ મજલિસમાં પધાર્યા હતા ત્યારે શાહ અબુલ ખૈર સાહબ પોતે વૃદ્ધ હોવા છતાં ઉભા થઈને આવકાર આપ્યો હતો. પરંતુ જ્યારે અલ્લાહના મહબૂબની શાનમાં ગુસ્તાખી કર્યાની જાણ થયા પછી નમાઝમાં સામેલ થવા દીધા નહીં.

**(૨)** આ મૌલાના શાહ અબુલ ખૈરના સાહેબઝાદા મૌલાના અબુલ હસન ઝૈદ સાહબ લખે છે કે :–

''હિફઝુલ ઈમાન''ની ઈબારત (નું લખાણ)''બરાહીને કાતિઅહ્''ની ઈબારતથી (મીલાદ મનાવવાને કૃષ્ણ કનૈયાના જન્મદિન ઉજવવા બરાબરવાળી) પણ વધુ ધૃણાજનક છે, આ કિતાબ છપાતાં જ હિંદુસ્તાનમાં ચોતરફ મુસલમાનોમાં બેચેની ફેલાઈ ગઈ. અલ્લાહના નેક બંદાઓ હેરાન પરેશાન હતા કે, મૌલ્વી સાહબે આ શું લખી નાખ્યું ? ક્યાં મહબૂબે ખુદાનો ઈલ્મ શરીફ પછી ભલે કોઈ એક જ બાબતનો કેમ ન હોય અને ક્યાં ઝૈદ, બકર, અમ્ર અને પાગલો, જાનવરોનો ઈલ્મ !''

*–(બઝમે ખૈર, અઝ ઝૈદ, પેજ–૨૨)*

આ રિસાલો (કિતાબ) હિફઝુલ્ ઈમાન છપાતાં જ મૌલ્વી થાનવી

સાહબ પર એઅ્તરાઝો શરૂ થઈ ગયા. મૌલ્વી સાહબ પોતાની ઈબારત પર ખુલ્લા દિલે વિચાર કરતે તો યકીનન એમને જરૂર સમજાઈ જાત કે આ ઈબારત (લખાણ) ઘણી જ ધૃણાજનક છે, અને એનો સુધારો કરી લેવો ઘણો જ આવશ્યક છે. પરંતુ દસ વર્ષ સુધી મૌલ્વી સાહબે ચૂપકીદી સેવી અને હિજરી ૧૩૨૯ માં મૌલ્વી મુર્તુઝા હસન દરભંગીના સવાલ પર મૌલ્વી સાહબ ૪–૫ પેજનો રિસાલો બસ્તાનુલ બયાનના નામે છાપી પ્રગટ કર્યો. આ રિસાલામાં એમણે પોતાની એ ઈબારત (લખાણ)નું અર્થઘટન કર્યું. હાલાં કે કોઈપણ ઈબારતની તા'વીલ (અર્થઘટન) વિવરણ ત્યારે જ કરવાની જરૂરત ઉભી થાય કે ઈબારતના કહેવાનો અર્થ મતલબ સ્પષ્ટ સમજાય તેવો ન હોય, ઘણા વાંચકોના સમજવામાં આવી શકે તેવી સાફ ન હોય.

મૌલ્વી સાહબની તા'વીલમાં એમણે એક તા'વીલ એ કરી કે ''ઐસા'' શબ્દ હમેશાં સરખામણી માટે નથી વપરાતો, ભાષાઓમાં નિપૂણ એવા લોકો પોતાના મહાવરાઓ ઘણી વખત બોલે છે કે, ''અલ્લાહ તઆલા ઐસા કાદિર હૈ......મષલન્..... ઈલા આખૈરેહી.''

મૌલ્વી સાહબે વિચારવું જોઈતું હતું કે, આ રિસાલો એમણે સામાન્ય લોકો માટે લખ્યો હતો, એમાં આવી ઈબારત લખવાની શી જરૂરત હતી કે જે સામાન્ય તો સામાન્ય બલ્કે ઉલમા અને ભાષામાં પારંગત હોય તેમની સમજમાં પણ ન આવી શકે !

વળી લફ્ઝ ''ઐસા' તો ડીક્ષનરીની ભાષાકીય ચર્ચાનો વિષય છે. ઉર્દૂની જાણીતી ડીક્ષનરીઓમાં જોઈ લેવામાં આવે તો સ્પષ્ટ રીતે સમજાઈ જશે. કિતાબોમાં લખ્યું છે કે લફ્ઝ ''ઐસા'' દો તરહ ઈસ્તેમાલ હોતા હૈ, યા'તો લફ્ઝ સિફત વાકેઅ હોતા હૈ, ઔર ઈસ સૂરતમાં ઉસકે માઅની મમાષિલ મસાવી (સરખામણી) ઔર ઈસ કિસમ કે હોતે હૈ. મસલન્ યેહ ખત તુમને લિખા ! ઐસા ખત તો બચ્ચા ભી લિખ લે. યેહ કામ તુમને કિયા ! ઐસા કામ તો કોઈ હોશમંદ ન કરે.

ઔર યા યેહ "ઐસા" લફ્ઝ તાબેઅ વાકેઅ હોતા હૈ. ઔર ઈસ સૂરતમેં ઈસકે માઅની ઈસ કદર ઔર ઉમદા કે હોતે હૈં. મષલન્ તુમને ઐસા ખત લિખા કે દિલ ખુશ હો ગયા, તુમને ઐસી બાત કહી કે દિલ બૈઠ ગયા.

મૌલ્વી સાહબની ઈબારત (લખાણ)માં લફ્ઝ "ઐસા" સિફતના માટે છે. અને એ શબ્દો કે "હુઝૂર હી કી ક્યા તખ્સીસ !" વાતને બિલ્કુલ સ્પષ્ટપણે જાહેર કરી દે છે. મૌલ્વી સાહબે પોતાની દસ વર્ષની લાંબી ચૂપકીદીનું કારણ બતાવ્યું કે, "કિસીને ભલે માનસોં કી તરહ પૂછા હી નહીં થા !"

સુબ્હાનલ્લાહ ! કેટલું સરસ બહાનું બનાવ્યું ! મસ્અલાની નઝાકતનો ખ્યાલ નથી ! (મુસલમાનોના ઈમાનને બરબાદ થવાનો જરા પણ એહસાસ નથી અને ભલા માણસો અને બુરા માણસોના લખવાની નોટીસો લેવામાં આવી રહી છે ! આખરે એવી ઈબારત લખી જ શા માટે ? જેનાથી મુસલમાનોના દિલો દુઃખી થાય ?!") *(બઝમે ખૈર, પેજ–૨૪)*

આ ઉપરનું લખનાર બંને સાહબોને મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ સાથે કોઈપણ પ્રકારનો કશોય સંબંધ તો હતો નહીં, ન ઉસ્તાદીનો, ન શાગિર્દીનો, ન પીરી મુરીદીનો, ન સગાઈ સંબંધનો, ન દોસ્તીનો. બલ્કે એમાં બીજા (મૌલાના અબુલ હસન ઝૈદ) તો નાનોત્વી સાહબના શાગિર્દ મૌલ્વી અબ્દુલ અલી મિરઠીના શાગિર્દ હતા. અને નાનોત્વી અને ગંગોહી સાહબો શાહ અબ્દુલગનીના શાર્ગિદ હતા જે હઝરત મૌલાના અબુલ ખૈર સાહબના દાદા શાહ અહમદ સઈદના ભાઈ થતા હતા. બલ્કે ગંગોહી સાહબ તો શાહ અહમદ સઈદના પણ શાર્ગિદ હતા. એ રીતે દેવબંદી મઝહબના સ્થાપકો સાથે આ સાહબોને એક પ્રકારનો સંબંધ હતો, **છતાં એમણે "હિફ્ઝુલ ઈમાન"ની ઈબારતને ઈમાન બર્બાદ કરનાર, મુસલમાનોના દિલોને દુઃખી કરનાર વગેરે કહ્યું, અને કહ્યું કે, એમાં હુઝૂર** صلی اللہ تعالیٰ علیہ وسلم **ની તૌહીન છે**, એ લોકોને શાની ઈર્ષા હતી ? શાની દુશ્મની

હતી ? શી લાલચ હતી ? અને શેની ઉણપ હતી ? એમનો શો હેતુ છુપાએલો હતો ! એઓ સ્પષ્ટ વર્ણવે છે કે;

"આ રિસાલો (નાની કિતાબ) છપાતાં જ હિંદુસ્તાનમાં દૂર નઝદીક સર્વત્ર મુસલમાનોમાં બેચેની ફેલાઈ ગઈ. મૌલ્વી સાહબ પર એઅ્તરાઝો શરૂ થઈ ગયા."

શું આખુંય હિંદુસ્તાન મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા قدس سرہ નું મુરીદ હતું ? સાચી વાત એ છે કે મુસલમાનોના ઈમાને તેમને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તૌહીન બદલ બેચેન કરી મૂક્યા.

## ★ ત્રીજી સાક્ષી ★

"મુકામાતે ખૈર" પેજ–૬૧૬ ના હાશિયા પર હઝરત મૌલના પીર સૈયદ મુહમ્મદ જીલાની બગદાદી, રિફાઈ, કાદરી, નક્શબંદી, ખાલિદી, હૈદરાબાદી, મદનીના વિશે લખ્યું છે કે એમના પૌત્ર સૈયદ નઝીરુદ્દીન વલદ સૈયદ મોઈનુદ્દીન કહે છે કે :–

મેરે દાદ (સૈયદ પીર મુહમ્મદ બગદાદી) કે પાસ હૈદરાબાદ કે લોગ મૌલ્વી અશરફ અલીકા રિસાલા "હિફઝુલ ઈમાન" લાએ, ઔર ઉસકે મુતઅલ્લિક આપસે દર્યાફ્ત કિયા. આપને રિસાલા પળ્હ કે ફર્માયા, "ઈલ્મે ગૈબ કે મુતઅલ્લિક મૌલ્વી અશરફ અલીને નિહાયત કબીહ (ધૃણાજનક) ઈબારત લિખ્ખી હૈ. ઈસ કે ચંદ રોઝ બાદ મક્કા મસ્જિદમેં મૌલ્વી અશરફઅલી બૈઠે થે, મેરે દાદાને ખળે હોકર મૌલ્વી અશરફ અલી કે રિસાલે કી કબાહત બયાન કી, ઔર કહા કે ઈસ ઈબારત સે બૂએ કુફ્ર આતી હૈ. ફિર ચંદ રોઝ બાદ મૌલાના હાફિઝ અહમદ (ફરઝંદ કાસિમ નાનોત્વી) કે મકાન પર ઉલમાકા ઈજતેમા હુઆ, ચૂં કે હાફિઝ અહમદ સાહબ કો મેરે દાદાસે મહબ્બત થી, ઈસ લિયે ઉન્હોંને આપકો બુલાયા, ઔર આપ તશરીફ લે ગએ, વહાં હિફઝુલ્ ઈમાન કી ઈબારત પર ઉલમાને ઈઝહારે ખયાલ ફર્માયા, આપને ઉસ રિસાલે કી કબાહત કા બયાન કિયા, ઔર રિસાલે કે ખિલાફ ફતવા દિયા, ફિર થોળે દિન બાદ

આપને ખ્વાબમેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કો દેખા, આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم આપસે રિસાલા હિફઝુલ્ ઈમાનકી ઈબારત રદ કરને ઔર ઉસકો કબીહ (ધૃણાજનક) કેહને પર ઈઝહારે ખૂશી ફર્મા રહે હેં, ઔર આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માયા, હમ તુમ સે ખુશ હુએ તુમ ક્યા ચાહતે હો ! આપને અર્ઝ કી, મેરી તમન્ના હૈ કે અપની બાકી માન્દા ઝિંદગી મદીના મુનવ્વરામેં બસર કરું ઔર મદીના મુનવ્વરાકી મિટ્ટીમેં દફન હોઉં. આપકી દરખાસ્ત મંઝૂર હૂઈ, ઔર આપ ઈસકે બાદ મદીના મુનવ્વરા હિજરત કર ગએ. દસ સાલ વહાં મુકીમ રહે ઔર હિજરી ૧૩૬૪ મેં રહલત ફર્મા ગએ.

હિફઝુલ્ ઈમાનની એ ઈબારતના વિષયમાં જે ભાઈઓ કોઈપણ પ્રકારની શંકા કુશંકામાં ફસાયા હોય તેમણે વિચાર કરવો જોઈએ કે, આ મૌલાના પીર સૈયદ મુહમ્મદ બગદાદીને થાનવી સાહબથી શાની દુશ્મનાવટ હતી ? શાનો હસદ હતો ? કે તેમણે આ બાબત વિરૂધ્ધ ફતવો આપ્યો ! અને તે પણ થાનવી સાહબના ખાસ ચાહકના ઘરમાં બેસીને. અને થાનવી સાહબની રૂબરૂ એના રદમાં બયાન આપ્યું. તેમ જ સ્પષ્ટ કહી દીધું કે, આ ઈબારત (લખાણ)થી કુફ્રની બૂ (દુર્ગંધ) આવે છે, અસલ વાત એ છે કે ઈબારત ચીની, જાપાની, લેટીન, કે સંસ્કૃત ભાષામાં નથી કે જેથી એને કોઈ સમજી શકે નહીં, બલ્કે પ્રત્યેક ઉર્દૂ જાણકાર જે થોડુ ઘણુ ઉર્દૂ જાણતો હોય તે પણ તેને વાંચીને તરત જ કહી દેશે કે, બેશક ! કોઈપણ જાતની શંકા વગર આમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું અપમાન (તૌહીન) છે.

હવે તમામ દીનદાર ઈન્સાફ પસંદ મુસલમાનોથી સવાલ છે કે, જ્યારે થાનવી સાહબે હુઝૂર નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની આટલી સાફ તૌહીન કરી તો હવે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ એ થાનવી સાહબને કાફિર કહ્યા તો એ ગુનોહ કર્યો ! કે એમનો એક ઈસ્લામિક અને કૌમી ફર્ઝ હતો ?

શિફા શરીફ અને એની શર્હો અને શામીમાં છે કે, મુસલમાનોનો એ બાબતમાં ઈજમાઅ (એકમતી) છે કે, **"નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની તૌહીન કરનાર કાફિર છે. જે માણસ એના અઝાબ અને કુફ્રમાં શક**

**કરે તે પણ કાફિર છે."**

હવે અમે આ વિવાદને દેવબંદી જમાઅતના મોટા મુનાઝિર અને થાનવી સાહબના લખાણ મુજબ એમના વકીલ મુર્તઝા હસન દરભંગી ના'ઝિમે તા'લીમાત દારુલ ઉલૂમ દેવબંદના એક ખાસ બયાન પર પૂર્ણ કરીએ છીએ, એમણે "અશદુલ અઝાબ"માં લખ્યું છે કે, "અગર ખાનસાહબ ફાઝિલે બરેલ્વી કે નઝદીક બાઅ્ઝ ઉલમાએ દેવબંદ વાકઈ ઐસે હી થે, જૈસા કે ઉન્હોંને સમઝા તો ખાન સાહબ પર ઉન ઉલમાએ દેવબંદ કી તકફીર ફર્ઝ થી, અગર વોહ કાફિર ન કેહતે તો ખૂદ કાફિર હો જાતે, ક્યૂં કે **કાફિરકો કાફિર ન કહે વોહ ખૂદ કાફિર હૈ.**"

હવે રહી એ વાત કે મુજદ્દિદે આ'ઝમ હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ એ જેવા સમજ્યા તે સમજવું એમનું સાચુ અને હકીકત પ્રમાણે બરાબર છે કે નહીં તેની પૂરી વિસ્તૃત વિગત તમે વાંચી વાકેફ થઈ ચૂક્યા છો. છતાં હજુ વધારે વિગતથી જાણવાની કોઈ ભાઈની ઈચ્છા હોય તો તેણે મારી કિતાબ "મુન્સિફાના જાઈઝહ્" ઉર્દૂ (સુન્ની–દેવબંદી મતભેદની ન્યાયી તપાસ, ગુજરાતી) વાંચી જવા વિનંતિ છે. મને આશા છે કે, એના અભ્યાસ પછી જેના દિલમાં થોડા પણ ઈમાનનો અંશ બાકી હશે તો તે જરૂર જરૂર એ જ ફેંસલો કરશે કે દેવબંદી જમાઅતના આ મોટેરાઓ એટલે મૌલાના કાસિમ નાનોત્વી સાહબ, મૌલ્વી રશીદ અહમદ ગંગોહી, ખલીલ અહમદ અંબેઠવી અને અશરફ અલી થાનવી સાહબે દીને ઈસ્લામની જરૂરી બાબતોનો ઈન્કાર કર્યો છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તૌહીન કરી છે, જેના પછી એક મુસલમાન માટે એ ચારેવને કાફિર સમજવા સિવાય બીજો કોઈ જ રસ્તો નથી, આને માટે ઈમામ અહમદ રઝા (મુજદ્દિદે આ'ઝમ) رحمۃ اللہ علیہ ને બદનામ કરવા એ દયાનત નથી બલ્કે મહા ખયાનત છે, લોકોની ભલાઈ નથી બલ્કે મહા ફસાદ છે. *(લેખક : ફકીહે આ'ઝમે હિંદ, શારેહે બુખારી હઝરત અલ્લામા મુફતી શરીફુલ્ હક્ક رحمۃ اللہ علیہ,અનુવાદક : અલ્હાજ હાફેઝ મૂસા ઝંઘારવી–પ્રેસ્ટન, યુ.કે., બરકાતે ખ્વાજા–માસિક, જાન્યુઆરી–૨૦૦૪ થી ઓગસ્ટ–૨૦૦૪)*

# એહલે સુન્નતની કામ્યાબી ચાહનારાઓ માટે દીવાદાંડી

**ઉઠ કે અબ બઝ્મે જહાંકા ઔર હી અંદાઝ હૈ**
**મશ્રિકો મગ્‌રિબમેં તેરે દૌરકા આગાઝ હૈ**

ઈસ્લામ દીને ફિતરત (પ્રાકૃતિક ધર્મ) તથા વિશ્વમાનવ ધર્મ છે, તેની અજોડ તા'લીમ તથા તેના નિયમોની સમૃદ્ધતા તથા નિપૂણતા માટે કુર્આને હકીમ બોલતુ સાક્ષી છે. આદમથી લઈને આજ સુધી ઈસ્લામ ધર્મ ખાલિકે કાયનાતનો પસંદીદા ધર્મ છે અને કિયામત સુધી આ જ ધર્મ માનવ જાતના માર્ગદર્શન તથા હિદાયતના માટે પૂરતો છે. તેની તબ્લીગ સર્વ અંબિયા તથા રસૂલો عَلَيْهِمُ السَّلَام એ કરી અને ખાતમુન્નબિય્યીન પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالٰی علیہ وسلم એ ગારે હિરાથી નીકળીને ફારાનની ટોચ પરથી એના તરફ જ લોકોને દા'વત આપી કે તેઓ અરબ તથા અજમ અને પૂર્વ તથા પશ્ચિમ સૌના રસૂલ હતા અને તેમની નબુવ્વત તથા રિસાલત સૌના માટે આમ હતી. આ દીનની પસંદગીનું કુર્આને હકીમ આ રીતે એલાન કરે છે :

**(અર્થ)** : ''બેશક ! દીન અલ્લાહની નજીક ઈસ્લામ જ છે.''

*—(સૂરએ આલે ઈમરાન)*

અને રસૂલ કાઈનાત صلی اللہ تعالٰی علیہ وسلم ને બારગાહે ઈલાહીથી એ જ એલાનનો હુકમ થયો કે :

**(અર્થ)** : ''તમે કહો કે હે લોકો ! બેશક ! હું તમારા સૌની તરફ અલ્લાહનો રસૂલ છે.'' *(સૂરએ અઅ્‌રાફ)*

રસૂલે કૌનેન صلی اللہ تعالٰی علیہ وسلم ની ઉમ્મત ખયરે ઉમમ છે, સર્વ ઉમ્મતની શાહિદ (સાક્ષી) છે અને હક્ક તથા હિદાયતની દા'વત આપનાર ઉમ્મત

છે. જેમ કે કુર્આને હકીમ ઈર્શાદ ફર્માવે છે :

**(અર્થ)** :"તમે તે સૌ ઉમ્મતોમાં બેહતર છો જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ આપો છો અને બુરાઈથી રોકો છો."

*–(સૂરએ આલે ઈમરાન)*

**(અર્થ)** : "અને એ જ પ્રમાણે અમે તમને દરમ્યાની ઉમ્મત બનાવી કે લોકો પર તમે ગવાહ બનો અને રસૂલ તમારા માટે ગવાહ બને." (સૂરએ બકરહ્)

**(અર્થ)** : "બોલાવો ! તમારા રબની રાહની તરફ હિકમત અને સારી નસીહતની સાથે અને તેમની સાથે એ પદ્ધતિથી બહષ કરો જે સૌથી શ્રેષ્ઠ હોય." *(સૂરએ નહ્લ)*

પયગંબરે ઈસ્લામ صلی اللہ تعالیٰ علیہ وسلم ને રબ્બે કાઈનાતે જે દીનની તબ્લીગનો હુકમ આપ્યો તે જ સંપૂર્ણ સમૃદ્ધ, કામિલ તથા મુકમ્મલ દીન છે અને વિશ્વના સર્વ ધર્મો પર છવાઈ જનારો છે કે ઈજ્જત તથા પ્રભાવ દીને હક્કની જ શાનને લાયક છે.

**(અર્થ)** : "તે જ અલ્લાહ જેણે પોતાના રસૂલને હિદાયત અને હક્ક ધર્મની સાથે મોકલ્યા જેથી કરીને સર્વ ધર્મો પર તેને ચઢીયતો કરે, ભલે મુશ્રિકને તે ભારે તથા નાપસંદ હોય." *(સૂરતુસ્ સફ)*

અલ્હમ્દુલિલ્લાહ ! આપણે એ જ દીને હક્કના ઝંડાધારી છીએ જે બાતિલ દીનો પર ગાલિબ (ચઢીયાતો) છે. એ જ કિતાબ તથા સુન્નતના આપણે અનુસરણ કરનારા છીએ જેના બારામાં હાદીએ બર હક્ક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો છે કે તેને જે મજબૂતીથી પકડી લેશે તે કદી ગુમરાહ થશે નહીં. સુન્નતે રસૂલ તથા સુન્નતે સહાબાએ કિરામ આપણો જીવન ધોરી માર્ગ છે. જે અંબિયા તથા સિદ્દીકો તથા શહીદો તથા સાલેહ લોકો પર અલ્લાહનું ઈનામ છે તેમના જ હિદાયતના માર્ગે આપણે ચાલી રહ્યા છીએ. સલફથી ખલફ સુધીનો આપણો દીની રિશ્તો સતત જોડાયેલો અને એકબીજાથી સંકળાયેલો છે, જે આપણી દુનિયવી તથા ઉખરવી (આખેરતની) ભલાઈ તથા કામયાબી બેહતરીનની ઝમાનત છે.

સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅત જ ઈસ્લામના ખરેખર વારસ તથા તેના હામિલ તથા અમીન છે એટલા માટે તેમની પ્રથમ કક્ષાની જિમ્મેદારી અને તેમનો મઝહબી તથા મિલ્લી ફરીઝો છે કે તેઓ ઈસ્લામ પર કાયમ તથા દાયમ રહીને માનવ જાતની સહીહ કિયાદત તથા રહનુમાઈના પોતે પોતાને લાયક પુરવાર કરે. ઈસ્લામની સાચી તા'લીમાત દુનિયા સમક્ષ રજુ કરે, તેના વિશ્વવ્યાપી પૈગામને જગતભરના કિનારાઓમાં ફેલાવી દે, દુનિયાની કૌમોને તેના પ્રતિ ધ્યાનિત કરે, રૂહાની કુવ્વત અને ઈલ્મી દલીલોની સાથે તેની તા'બીર તથા સ્પષ્ટતા કરે, અને પુખ્ત હિકમતપૂર્ણ રીતે ઈસ્લામના વિરોધીઓના વાંધાઓ તથા આક્ષેપોને રદિયો આપીને પોતાની અમાનત તથા વરાસતની સાચા અર્થમાં રક્ષા કરે.

આજે ઈસ્લામ પર ચોતરફથી હુમ્લા થઈ રહ્યા છે, કુર્આનની વિરૂદ્ધ આક્ષેપોનો વરસાદ છે, ઈસ્લામી જગત જાત જાતના ખતરાઓનો સામનો કરી રહ્યું છે અને એવું લાગે છે કે આપણુ સંપૂર્ણ અસ્તિત્વ અમેરિકા તથા યૂરોપની ભૌતિક તથા વૈજ્ઞાનિક શક્તિઓના સમક્ષ મજબૂર, બેબસ તથા લચાર છે. શું આ સ્થિતિ આપણને ગફલતની નિંદ્રામાંથી જાગૃત કરવાના માટે પૂરતી નથી ?

ખૂદ આપણા હિંદુસ્તાનની સ્થિતિ પણ આજે વિપરિત છે. મુસ્લિમ વિરોધી તત્વો ઘણી તીવ્રતાપૂર્વક હિંદના મુસ્લિમોની વિરૂદ્ધ પોતાનો ઘેરાવ સાંકડો કરી રહ્યાં છે. ઈસ્લામ, કુર્આન, જેહાદ, મસ્જિદ, મદ્રસા, તા'લીમ, નોકરી, ધંધા, વેપાર કઈ કઈ ચીજની વિરૂદ્ધ રાત દિવસ તેમના હુમ્લા નથી થઈ રહ્યા ? અને બેઈજ્જતી તથા ઝલીલ કરવાનું તે કયુ હથિયાર છે જે આપણા વિરૂદ્ધ નથી ઉગામી રહ્યા ? શું આપણો દીન તથા ઈમાન, આપણી ઈજ્જત આબરૂ અને આપણી જાન તથા માલ તેમના સતત હુમ્લાઓના હેઠળ નથી ? અને આપણી મહાનતાઓની દરેક નિશાનીઓ અસ્તિત્વને મિટાવવાના માટે સિતમકારો તથા દગાબાજોના સશસ્ત્ર દળો ડગલેને પગલે સાવધાન તથા સફબંધી થઈ તૈયાર નથી ?

જો એવું છે ! અને યકીનન છે ! તો પછી સંજોગોના સામે ટકરાવું અને હિંમત તથા અડગતાભેર અમલના મેદાનમાં આવવું સવાદે આ'ઝમ અહલે સુન્નતની જ જિમ્મેદારી છે. તેને જ શોભે છે કે તે દીની ઈલ્મી શક્તિ તથા દરેક તે તૈયારીની સાથે મેદાનને સંભાળે જેનાથી ઈસ્લામ તથા મુસલમાનોની ઈજ્જતની રક્ષા થઈ શકે અને ઝિલ્લત તથા મુફલિસી અને અધોગતિ તથા પડતીની તે જ આંધીની દિશાને ફેરવી દેવામાં આવે.

ઈસ્લામી જગત તથા હિંદના મુસ્લિમોના લાભોની રક્ષા એ સવાદે આ'ઝમ અહલે સુન્નતની ફરજોનું એક મહત્વનું અંગ છે. દીન તથા મઝહબ અથવા સંસ્કૃતિ તથા સભ્યતા અથવા ભાષા અથવા મુસલમાનો સંબંધે કોઈ ચીજ પ્રગતિ ચીંધાતી આંગળી તથા ટીકા ટીપ્પણોનો સામનો કરવો સવાદે આ'ઝમની અનિવાર્ય ફરજ બને છે. અને એનાથી ગફલત તથા ઉણપ વર્તવી તેની મિલ્લી (કૌમી) ગૈરતનું ખૂન છે. જો રગોનું લોહી જામ નથી થઈ ગયું તો પછી દર્દ તથા બેકરારીનો એહસાસ તેને એક પળ ના માટે પણ ચૈનથી રહેવા દેશે નહીં. આ જ ઈમ્તેહાન છે એની હયાતનું અને તેની ઈમાની ઉષ્માનું અને આ જ માપદંડ છે એનું કે સવાદ આ'ઝમ કહેવડાવવાના માટેનો તેને ખરેખર હક્ક છે કે નહીં !

ઈસ્લામના એહસાનને ઓળખવું, ઈસ્લામની રક્ષા તથા ઈસ્લામની હિફાઝતનો નિશ્ચય તથા હોસલો તથા જઝબો અને તડપ જ સવાદે આ'ઝમ (અહલે સુન્નત)ની ખાસ ખૂબી રહી છે, એનાથી એનું વજૂદ છે, એ જ એની ઓળખ છે અને આ જ તેનો વકાર છે. ઈસ્લામના અસંખ્ય એહસાનો તેમ જ તેના પર તૂટી પડેલી મુસીબતોની ઘટાઓનો ઘણા જ વલાવલાપૂર્ણ અંદાઝમાં ખલીફએ આ'લા હઝરત સદરુલ અફાઝિલ નઈમુદ્દીન મુરાદાબાદી علیہ الرحمۃ والرضوان એ (વિસાલ–હિ.સ. ૧૩૬૭, ઈ.સ ૧૯૪૮) જે તે સમયને અનુલક્ષીને ઉલ્લેખ કરીને સવાદે આ'ઝમ અહલે સુન્નતને ખબરદાર કરી હતી. તે જ પ્રમાણે હુજ્જતુલ ઈસ્લામ મૌલાના મુહમ્મદ હામિદ રઝા કાદરી બરકાતી قدس سرہ એ

(વિસાલ : ઈ.સ. ૧૯૪૩)એ સુન્ની કોન્ફરન્સ મુરાદાબાદ ખાતે ઈ.સ. ૧૯૨૫ માં જે ઐતિહાસિક ખુત્બો પ્રમુખ સ્થાનેથી આપ્યો હતો તેમાં ઘણી જ અર્થપૂર્ણતા તથા દીર્ઘદષ્ટિની સાથે હિંદના મુસ્લિમોને અમલની દા'વત આપી હતી જેના પ્રમાણે જો આગેકૂચ કરવામાં આવી હોત તો ઈસ્લામની ઉચ્ચતા તથા મહાનતા અને મુસલમાનોની સરબુલંદી તથા અમ્ન શાંતિને આજે આ રીતે ચો તરફથી ચલેંજોનો સામનો ન કરવો પડત. ઈ.સ. ૧૯૪૬ સુન્ની કોન્ફરન્સ–બનારસમાં મોહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત મૌલાના સૈયદ મુહમ્મદ અશરફી જીલાની કછોછવી قدس سرہٗ (વિસાલ : ઈ.સ. ૧૯૬૦)ની વલવલાઅંગેઝ તકરીરે પણ કાંઈ એવો જ પૈગામ આપ્યો હતો. પરંતુ અફસોસ ! કે સવાદે આ'ઝમ (અહલે સુન્નત)નો મોટો ભાગ કોન્ફરન્સો પર કોન્ફરન્સો અને જલસા પર જલસાઓ તો કરતો રહ્યો પણ આયોજનો અને તેના પર અમલની પ્રતિ ગફલત તથા સુસ્તીનો લકવો આજ સુધી છવાયેલો છે.

આ જ ગફલતના હીમને તોડવા હઝરત અલ્લામા અર્શદુલ કાદરી علیہ الرحمۃ والرضوان એ પણ તનતોડ કોશિશો કલમ તથા ઝબાન તથા પોતાની હિકમતપૂર્ણ પ્રવૃત્તિઓ વડે કરી છે.

અને ખાસ તો મુજદ્દિદે આ'ઝમ, ઈમામે અહલે સુન્નત, આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ એ કેવી મહાન ખિદમતો ખુદ તને તન્હા અંજામ આપી અને મુસ્લિમ ઉમ્મતની સુધારણા તથા ભલાઈ તથા રુશ્દો હિદાયત (માર્ગદર્શન)ના માટે તેમણે શું શું નથી કર્યું ? અને જે કર્યું તે શા માટે કર્યું અને જે નથી કરી શક્યા તેના માટે એમની પાસે શા ઉઝ્ર હતા ? તેઓ અહલે સુન્નતના ભાવિના માટે શું કરવા ચાહતા હતા અને એ માટે કાર્યપદ્ધતિ તેમની પાસે શી હતી ? કયા કયા કાર્યક્ષેત્રો પર તેમની નજર હતી અને તેઓ અહલે ઈલ્મ તથા સંપત્તિધારીઓ માટે શું શું વિચારતા હતા ? અહલે સુન્નતની પ્રગતિના માટે તેમના દિમાગમાં શું આયોજનો હતાં ? એ સૌને જાણવાના માટે નીચેના લખાણો વાંચો, **વાંચીને વિચારો અને વિચારીને તેના પર અમલ કરો** કે આ સૌ

લખવા લખાવવાનો અને આપની સમક્ષ રજુ કરવાનો મકસદ એ જ છે. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ જણાવે છે :–

''આ ફકીર હકીર (આ'લા હઝરત)ની જિમ્મેદારીમાં પુષ્કળ કામો છે અને એમાંય શક્તિની ઉણપ અને એના ઉપર એકલાપણુ, એ એવી બાતો છે કે ફકીરને બીજાં કામો પ્રતિ ધ્યાનિત થવાથી મજબૂરન્ દૂર રાખે છે. ખૂદ પોતાના મદ્રસામાં કદમ રાખવાની ફુરસદ નથી મળતી.

આ ખિદમત કે ફકીર સરાપા તકસીરથી મારા મૌલાએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم કેવળ પોતાના કરમથી લઈ રહેલા છે, એ અહલે સુન્નત તથા મઝહબે અહલે સુન્નતની જ ખિદમત છે.

જે ભાઈ ચાહે જેટલા દિવસ ચાહે ફકીર (આ'લા હઝરત)ના ત્યાં રોકાણ કરે, મહીનો, બે મહીના, વરસ બે વરસ, અને ફકીરની મિનિટ ખાલી જુએ અથવા જે સમયે ફકીરને (આ'લા હઝરતને) કોઈ અંગત કરતાં જુએ તો તે જ વખતે પકડ કરે કે તું આટલી વારમાં બીજુ કામ કરી શકતો હતો.

હવે જયારે કે બિહમ્દિહી તઆલા પૂરો સમય જ આપના મઝહબની ખિદમતગારીમાં ગુઝારે છે તો હવે એ કામ જો ફુઝૂલ અથવા બીજુ એનાથી મહત્વનું હોય તો મને હિદાયત કરવામાં આવે, નહીં તો ફકીરનો ઉઝ્ર સ્વીકારને પાત્ર છે.

મોલ્વી સૈયદ દીદાર અલી સાહબ (અલ્વરી) મોલ્વી અબુલ ફરહ અબ્દુલ હમીદ સાહબે ફકીરને (આ'લા હઝરતને) એક અંજુમન સ્થાપીને તેની ખિદમતો અંજામ આપવાના માટે કહ્યું. ફકીરે ગુઝારિશ કરી કે જે કામ અલ્લાહ عزوجل અહીંથી લઈ રહ્યો છે તે જરૂરી છે કે નહીં ? ફર્માવ્યું, સખ્ત જરૂરી છે ! ફકીરે અર્ઝ કરી, અન્ય કોઈ વ્યક્તિને અહીં એના માટે નિયુક્ત કરી આપો અને મારી પાસેથી કોઈ અન્ય ખિદમત અહલે સુન્નતની લો ! ફર્માવ્યું, ન બીજો કોઈ એને કરી શકે છે ન દસ માણસો મળીને અંજામ આપી શકે છે. ફકીરે ગુઝારિશ કરી કે તો પછી ઉઝ્ર સ્પષ્ટ છે.

મતલબ કે અંજુમને અહલે સુન્નત જે મહત્વના મકસદો ચાહે છે તેમાંથી એક મારી શક્તિ અનુસાર પ્રેક્ટિકલી મૌજૂદ છે તો તેને જ અંજુમનની ખિદમત સમજશો. **હું જ્યાં પણ છું અને જે હાલમાં છું મઝહબે અહલે સુન્નતનો અદના ખિદમતગાર અને મારા સુન્ની ભાઈઓનો શુભેચ્છક અને દુઆગો છું.**

*(પેજ–૪૧, ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૨)*

''ખાલિસ અહલે સુન્નત (મજબૂત સુન્નીઓ)ની એક સંગઠિત શક્તિની ચોક્કસ જરૂરત છે પણ તેના માટે ત્રણ ચીજોની સખત જરૂરત છે : **(૧)** આલિમોનો ઈત્તેફાક **(૨)** શક્તિ અનુસાર સહન શક્તિ **(૩)** અલ્લાહની રાહમાં માલદારોનું ખર્ચ કરવું, અહીં એ સર્વની ઉણપ છે.

આપણા માલદારો નામના ચાહે છે, ગુનાહનાં કામોમાં બલ્કે ઉઘાડી ગુમરાહીમાં હજારો ઉડાડી આપશે, તીજારીઓનાં મોં ખોલી આપશે, યુનિવર્સિટીના માટે કેટલા જલ્દી ત્રીસ લાખ ભેગા થઈ ગયા ! દેવબંદ મદ્રસાને એક સ્ત્રીએ પચાસ હજાર આપી દીધા પણ કોઈ સુન્ની મદ્રસાને પણ આ દૈન નસીબ થઈ ?! (આ તે સમયની વાત છે.)

પ્રથમ તો દીન તથા મઝહબના સમર્થનનું નામ લેતાં (માલદારો) ગભરાય ! (અને બકી નાખે કે) મિયાં ! આ તો મોલ્વીઓના ઝઘડા છે ! અને વળી જો શરમા શરમી થોડોક સરખો મામૂલી ચંદો પણ નક્કી કર્યો તો જ્યારે માથા પર સવાર થઈએ ત્યારે જ આપશે. બલ્કે તકાઝો કરીએ તો ગુસ્સો થાય અને ઢીલ દઈએ તો સૂઈ રહે !

બીજું કે આપણા કાર્યકરોને તે ચાલબાજી માલૂમ નથી જેનાથી વહાબીઓ ખુદાના બંદાઓને છળકપટથી ન કેવળ પોતાના સમાન મઝહબવાળાઓને બલ્કે પોતાના સાથીદારોની પાસેથી રૂપિયા પડાવી લે છે. એના માટે રિયા તથા નિફાક તથા પ્રપંચ તથા બેહયાઈ તથા બેશરમી લા'ઝિમ છે. તે ન આપણામાં છે ન આપણી શરીઅત તે માટે ઈજાઝત આપે છે, તો હવે કહો કે કામ કઈ રીતે થશે ?

હમણાં એક નંબરનો વહાબી એક બાઅસર સૂફીને ત્યાં ચંદો લેવા ગયો. તેમણે કહ્યું કે, સાંભળ્યું છે કે તમે અહમદ રઝાના વિરોધી છો ? તો તેણે કહ્યું કે, "કસમથી ! હું તો એમના દરનો કૂતરો છું !" કૂતરો બનીને પાંચસો લઈ આવ્યો.

આલિમોની એ હાલત છે કે રઈસો કરતાં અધિક આરામ તલબ છે અને મઝહબની હિમાયતના નામથી ગભરાય છે. જે ખુદાનો બંદો પોતાની જાન તેના પર વકફ કરે તેને મૂર્ખ બલ્કે મુફસિદ સમજે છે ! સુસ્તી તેમના દિલોમાં ઘર કરી ચૂકી છે. નદવાના દિવસોમાં હિંદુસ્તાનભરનો અનુભવ થયો. નદવાનાં લખાણો સાંભળીને ઝલાલત ! ઝલાલત ! (ગુમરાહી ! ગુમરાહી !)ની રટ લગાડે અને જ્યારે કહો કે, હઝરત ! લખી આપો ! તો કહે, ભાઈ ! લખાવો નહીં ! અમારા ફલાણા મિત્ર બુરુ માની જશે ! અમારા ફલાણા ઉસ્તાદને ખોટુ લાગશે ! ઘણાનો એ ખયાલ કે એ વબાલ પોતાના માથે કોણ લે ?! બદ્મઝહબ દુશ્મન થઈ જશે, દાંતો પર રાખી લેશે, ગાળો, ધમકીઓ અખ્બારોમાં છાપશે, જાત જાતના આક્ષેપો ઉછાળશે, સારી ભલી જાનને ખતરામાં કોણ નાખે ? અમુકને એવું કે મઝહબની હિમાયત કરી તો સુલેહ કુલ્લી ન રહેશે ! હર દિલ અઝીઝી જતી રહેશે ! અને પુલાવ ખુર્મા તથા નજરાણામાં ફરક પડી જશે અથવા કમસે કમ આગતા સ્વાગતા તો આમ ન રહેશે.

ઉલમાના ઈત્તેફાક (એકતા)ની હાલત છે કે હસદનું બજાર ગરમ છે, એકનું નામ કોઈ રીતે મશહૂર થયું તો ઘણા તેના વિરોધી થઈ ગયા ! તેની તૌહીન તથા ટીકામાં ગુમરાહોના હમઝબાન બન્યા કે, "હેં" લોકો એને પૂછે છે ! અને અમને નહીં !

**હવે બતાવો ! કે જે કૌમ પોતાનામાં કોઈને ચઢિયાતો ન જોઈ શકે, તે પોતાના અપૂર્ણ લોકોને કામિલ અને આજિઝોને ફઝ્લ (કમાલ)વાળા બનાવવાની શું કોશિશ કરશે ?** ખરેખર આ બાબત સૌમાં નથી, પણ મોટા ભાગના માટેનો હુકમ કુલ માટે ગણાય છે. *(પેજ–૧૩૨, ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૨)*

"ગુમરાહોનો સામનો કરવામાં આ ફકીર (આ'લા હઝરત)થી જે બની શક્યું બિહમ્દિહી તઆલા ચૌદ વરસની વયથી એમાં મશ્ગૂલ છે અને મારા રબ્બે કરીમે કરમ કરીને મારી વિસાત, મારા હોસલામાં મારાં કામો કરતાં હજાર ગણો અધિક ફાયદો બખ્શ્યો. બાકી તમે જે ચાહો છો તે એ જ એકતાની શક્તિ પર આધારિત છે જેની સ્થિતિ ઉપર વર્ણવી.

મહાન કમી માલદારોની નિષ્કાળજી અને રૂપિયાની નાદારી છે. હદીષનો ઈર્શાદ સાચો ઠર્યો કે, **"તે જમાનો આવનારો છે કે દીનનું કામ પણ રૂપિયા વિના ચાલશે નહીં."**

કોઈ બાકાયદા આલીશાન મદ્રસા તો તમારા હાથોમાં નથી, કોઈ અખ્બાર, પેપર આપને ત્યાં નથી, મુદર્રિસો, વાઈઝો, મુનાઝિરો, લેખકોની અધિકતા જરૂરત પ્રમાણે આપણી પાસે નથી, અને **જેઓ કાંઈ કરી શકે છે તેઓ રોજી રોટીની જિમ્મેદારીવાળા છે** અને **જેઓ ઘરની જવાબદારીથી મુક્ત છે તેઓ એ લાયક નથી.**

અમુકે જિગરનું લોહી બાળીને કિતાબ લખી તો છપાય કઈ રીતે ? કોઈ રીતે કાંઈક છપાયું તો ફેલાવો કઈ રીતે થાય ? કેમ કે દીવાન (શાયરીની બુક) નથી, નોવેલ નથી કે આપણા ભાઈઓ બે આનાની ચીજનો રૂપિયો આપીને શોખથી ખરીદે ! અહીં તો સૌ મોઢું વકાસે છે ! પુષ્કળ રૂપિયા હોય તો શક્ય છે કે આ સૌ ફરિયાદો દૂર થાય.

### ★ મસ્લક તથા મઝહબની પ્રગતિ માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ દર્શાવેલ મુદ્દાઓ ★

૦૧. અઝીમુશ્શાન મદ્રસાઓ ખોલવામાં આવે જેમાં બાકાયદા તા'લીમ આપવામાં આવે.

૦૨. તલબા (વિદ્યાર્થીઓ)ને સ્કોલરશીપ આપવામાં આવે જેથી મને કમને પણ ઈલ્મના પ્રતિ ખેંચાઈ.

૦૩. મુદર્રિસોને ઊંચા (સંતોષજનક) પગારો તેમની કારવાઈઓ પ્રમાણે આપવામાં આવે.

૦૪. ઉત્સાહી તલબાની તપાસ રાખવામાં આવે અને જે જે કામમાં વધુ મુનાસિબ જોવા મળે તેને યોગ્ય સ્કોલરશીપ આપીને તેમાં લગાડવામાં આવે.

૦૫. તેઓમાંથી જેઓ તૈયાર થતા જાય તેમને પગારો આપીને દેશમાં ફેલાવી દેવામાં આવે જેથી તેઓ સાહિત્ય થકી, તકરીરો તથા વાએઝો થકી તથા મુનાઝરાઓ વડે દીન તથા મઝહબનો પ્રચાર કરે.

૦૬. મઝહબની તરફદારીમાં તથા બદ્‌મઝહબોની રદમાં ઉમદા કિતાબો તથા રિસાલાઓ યોગ્ય નઝરાણાઓ લેખકોને આપીને લખાવવામાં આવે.

૦૭. છપાઈ ચૂકેલા તથા ન છપાએલા રિસાલાઓને સુંદર રીતે છાપીને દેશમાં મફત વહેંચવામાં આવે.

૦૮. વિવધ શહેરોમાં તમારા સફીરો નિગરાનીમાં રહે અને જ્યાં જે પ્રકારના વાઅઝ તથા મુનાઝરા કે કિતાબની જરૂરત હોય તેની તમને ખબર કરે અને તમે દુશ્મનોની સરકોબીના માટે (રદને માટે) તમારી ફોજો, મેગેઝીનો તથા રિસાલાઓ મોકલો.

૦૯. જે આપણા લોકોમાં કામ કરવાને પાત્ર હોય પણ પોતાના ધંધામાં મશગૂલ હોય તેને વઝીફાઓ નક્કી કરીને રોજી રોટીના પ્રશ્નથી બેફિકર કરી દો અને જે કામમાં તેને આવડત હોય તે કામમાં લગાડી દો.

૧૦. તમારાં મઝહબી અખબારો પ્રકાશિત થાય, અમુક અમુક સમયમાં દરેક વિષયનાં લખાણો મઝહબની હિમાયતમાં આખા દેશમાં કિંમત સાથે કે વિના મૂલ્યે દૈનિક અથવા કમસે કમ અઠવાડિકના હિસાબે પહોંચાડતા રહો.

હદીષનો ઈર્શાદ છે : ''આખર જમાનામાં દીનનું કામ પણ દિરહમ તથા દીનાર (રૂપિયા પૈસા)થી ચાલશે.'' અને કેમ ન સાચુ ઠરે કે સાદિકો મસ્દૂક صلی اللہ تعالٰی علیہ وسلم નું કલામ છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૨, પેજ–૧૩૩)*

**ઈમામે અહલે સુન્નતના રજુ કરેલા મુદ્દાઓનો સાર :**
**(૧)** અઝીમુશ્શાન મદ્રસાઓ **(૨)** તલબા માટે સ્કોલરશીપો **(૩)** મુદર્રિસો માટે મોટા મોટા સંતોષજનક પગારો **(૪)** તલબાના માટે યોગ્ય સ્કોલરશીપ સાથે તર્બિયતી કોર્સ **(૫)** પગારદાર લેખકો તથા મુકર્રિરો તથા મુનાઝિરો **(૬)** ફાયદાકારક કિતાબો તથા મેગેઝિનો (અંકો)ના લેખન તથા સંપાદનના માટે નઝરાણા **(૭)** ઉમદા તથા સ્ટાન્ડર્ડ કક્ષાની કિતાબો તથા પુસ્તિકાઓની મફત વહેંચણી **(૮)** શહેર શહેરની સર્વે (**Survey**) રિપોર્ટ અને જરૂરત અનુસાર આયોજનપૂર્વકની કોશિશ **(૯)** પોતાના રોજી રોટીના ધંધામાં મશ્ગૂલ જે તે ક્ષેત્રના નિષ્ણાતોને રોજી રોટીની જિમ્મેદારીથી મુક્ત કરીને દીની તથા ઈલ્મી કામ પર લગાડવાના માટે વઝીફા **(૧૦)** પ્રચાર માધ્યમો, દૈનિક પત્ર, અઠવાડિક વગેરે.

સારાંશ કે **(૧)** જરૂરત તથા લાયકાત પ્રમાણે કાર્યની વહેંચણી **(૨)** મુખ્લિસ તથા લાયકાતવાળા આલિમોની રાજી રોટીની જિમ્મેદારીથી મુક્તિ **(૩)** દરેક જમાઅતને લગતા તથા કૌમને લગતી જિમ્મેદારીના માટે યોગ્ય સરમાયા (આર્થિક પુંજી)ની વ્યવસ્થા કરવી.

સો વરસો પહેલાં ઈમામે અહલે સુન્નતે મસ્લક તથા મઝહબની પ્રગતિના માટે આ હિદાયતનાં નિશાનો ઈતિહાસના પૃષ્ઠો પર અંક્તિ કર્યાં હતાં. હવે નવીન સંજોગો અને જરૂરતોના પ્રમાણે આ અમલ કરવા માટેની રેખાઓની સ્પષ્ટતા તથા ખુલાસો અતિ લા'ઝિમ તથા જરૂરી છે. નવા જમાનાના તકાઝાઓ આપણી પાસેથી કાંઈક ઔર પણ માંગણીઓ કરી રહ્યા છે. કેવળ હિંદુસ્તાન નહીં બલ્કે ઈસ્લામી જગતના પ્રવાહમાં સવાદે આ'ઝમે (અહલે સુન્નત) પોતાની વ્યવસ્થિત યોજના આયોજીત કરીને તીવ્ર ગતિની સાથે અમલ કરવાની જરૂરત છે. **કેવળ લફ્ફાઝી અને ના'રાબાજીથી કૌમ તથા મિલ્લતની સમસ્યાઓ હલ નથી થતી, એના માટે લાંબા ગાળાની આયોજનપૂર્વકની યોજના, મહેનત તથા મશક્કત, સબ્ર તથા સહનશીલતા અને કિરદાર તથા અમલના લાંબા માર્ગોએથી પસાર થવું પડે છે** અને અતિ વિશાળ બેક ગ્રાઉન્ડ તથા આગળ પાછળના સંજોગોને સામે રાખીને કદમ

ઉઠાવવો પડે છે. કૌમ શું ચીજ છે ? અને કૌમોની કિયાદત (લીડર શીપ) તથા ઈમામત કોને કહે છે એના માટે : (શેઅર)

*જિગર ખૂં હો તો ચશ્મે દિલમેં હોતી હૈ નઝર પૈદા*

*(અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક માર્ચ–૨૦૦૪, બરકાતે ખ્વાજા–માસિક, તંત્રી લેખ)*

## ★ રુત્બા રઝા કા હૈ ★

**અઝ : આક઼િબખાન બરકાતી પેટલાદી**

રૂહાની તૌર પર તો વો રુત્બા રઝા કા હૈ
બરકાતી ખાનકાહ મેં ચર્ચા રઝા કા હૈ

હર હર અદા હૈ સુન્નતે મહબૂબે કિબ્રીયા
ઈશ્કે઼ નબી મેં ડૂબા સરાપા રઝા કા હૈ

યે બોલતી ઝુબાનેં યે ચલતે હુએ ક઼લમ
કિસકા યે ફૈઝ હૈ પસે પર્દા રઝા કા હૈ

હોતા હૈ નજદીયોં કે કલેજે સે આરપાર
ક્યૂંકર ન આરપાર હો નેઝા રઝા કા હૈ

સૂરજ પે ખાક ડાલતે ફિરતે હો દોસ્તો !
રોશન નબી કે નૂરસે ચેહરા રઝા કા હૈ

માને ન માને કોઈ મગર હક્ક તો હૈ યહી
સુન્ની કે સર પે આજ ભી સાયા રઝા કા હૈ

તખ્તા ઉલટ કે જિસને હુકૂમત કા રખ દિયા
વો મુસ્તફા રઝા હૈ જો બેટા રઝા કા હૈ

મસ્લક નયા નહીં, હૈ યેહી મસ્લકે હુસૈન
ઈસ દૌર મેં જો મસ્લકેવાલા રઝા કા હૈ

**“આક઼િબ”** જો શૌકે઼ દીદે રઝા હૈ તો દેખ લે
અખ્તર રઝા કે ચેહરેમેં જલ્વા રઝા કા હૈ

# ગૌષે આ'ઝમના અકીદા અને મસ્લકે આ'લા હઝરત

ગૌષે પાક સરકારે બગદાદ શયખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہ ની મુબારક જિંદગીનો અભ્યાસ કરવાથી, તેમનાં ફર્માનોને અનુસરવાથી ખુશ અકીદા મુસલમાનના ઈમાન તથા અમલમાં પુખ્તગી આવે છે અને યકીનન ! તે સર્વ પ્રકારની ગુમરાહીઓથી બચી જાય છે. અને ગુમરાહ જો ઈન્સાફથી અભ્યાસ કરે તો સીધો માર્ગ પામી શકે છે.

**★ હાડકામાંથી મરઘી જીવંત કરી ★**

હઝરત અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ મુહદ્દિષાના અસનાદની સાથે લખે છે કે; એક સ્ત્રી હઝરત ગૌષે આ'ઝમ શૈખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ ની ખિદમતમાં પોતાના એક છોકરાને લઈને હાજર થઈ અને અર્ઝ કરી કે મારા આ બાળકને આપનાથી કલ્બી (દિલી) લગાવ છે એટલા માટે હું તેના હક્કથી મુક્ત થઈને તેને અલ્લાહની અને પછી આપને સોંપણી કરું છું. હઝરત ગૌષ પાક رضی اللہ عنہ એ તેણીની વિનંતિ કબૂલ કરી લીધી અને તે બાળકને બુઝુર્ગોના તરીકા પર મુજાહિદા તથા રિયાઝતો (ઈબાદતો) કરવાનો હુકમ ફર્માવ્યો. થોડા દિવસો બાદ તેની માં પોતાના બાળકને મળવા આવી તો જોયું કે બાળક ખૂબ જ કમજોર તથા પીળો પડી ગયો છે અને જોયું કે જવની રોટીનો ટૂકડો ખાઈ રહ્યો છે. પછી જ્યારે તે હઝરતની ખિદમતમાં હાજર થઈ તો જોયું કે આપની સમક્ષ વાસણમાં આખી મરઘીનાં હાડકાં રાખવામાં આવ્યાં છે જેને આપ ખાઈ રહ્યા છે. તેણીએ કહ્યું કે હે મારા સરદાર ! તમે પોતે તો મરઘી ખાઈ રહ્યા છો અને મારા પુત્રને જવની રોટી ખવડાવો છો ! તે વખતે હઝરતે તે હાડકાંઓ પર પોતાનો હાથ મુબારક રાખ્યો અને ફર્માવ્યું :–

قُوۡمِیۡ بِاِذۡنِ اللّٰہِ الَّذِیۡ یُحۡیِ الۡعِظَامَ وَھِیَ رَمِیۡمٌ

**(અર્થ)** : "તે અલ્લાહના હુકમથી ઉભી થઈ જા ! જે સડી ગયેલાં હાડકાંને જીવંત ફર્માવશે." આપના આ હુકમ પર તુરત જ તે મરઘી જીવતી થઈને ઉભી થઈ ગઈ અને બોલવા લાગી. પછી આપે તે સ્ત્રીને કહ્યું, "જ્યારે તારો પુત્ર આ દરજ્જે પહોંચી જશે તો જે જીવમાં ચાહશે ખાશે." *(બહજતુલ અસ્રાર, પેજ–૬૫)*

**સબક :** હઝરત ગૌષે પાક رضی اللہ عنہ એ પોતાનો અકીદો સાબિત કરી આપ્યો કે રબ તઆલાએ મને ખાઈ કાઢેલી મરઘીને ફરીથી જીવતી કરી દેવાનો અખ્તિયાર અતા કર્યો છે અને **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ નો પણ એ અકીદો તથા એ જ મસ્લક છે કે વલી પોતે અલ્લાહની અતાથી મુડદાંને જીવંત કરી શકે છે.**

**ચેતવણી** : યાદ રાખો ! ગૌષે પાક સરકારે બગદાદ رضی اللہ عنہ નો જન્મ હિ.સ. ૪૭૦ કે ૪૭૧ માં થયો અને હિ.સ. ૫૬૧ માં આપનો વિસાલ થયો. ત્યારથી લઈને વહાબિયતના ઉદ્ભવ થતાં સુધી નબી વલીના આ અલ્લાહના આપેલ ઈખ્તિયાર સામે કોઈએ વાંધો નથી લીધો પણ હિ.સ. ૧૧૧૫ માં નજદમાં પેદા થનાર મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબે અંગ્રેજોના ઈશારે નવા અકીદા ઘડીને એ વાતોને શિર્ક દર્શાવી. જેના ચીલે ચાલીને હિંદમાં મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ **"તકવિયતુલ ઈમાન"**માં લખ્યું કે, **"જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કશીય ચીજના માલિક તથા મુખ્તાર નથી."** બીજે ઠેકાણે લખ્યું, "સઘળો કારોબાર આખા જગતનો અલ્લાહ તઆલાની ઈચ્છાથી જ પાર પાડે છે, **રસૂલના ઈચ્છવાથી કશું થતું નથી."** *(તકવિયતુલ ઈમાન)*

હવે વાંચકો ફેંસલો કરે કે પાંચમી સદીના મહાન બુઝુર્ગ ગૌષેપાક رضی اللہ عنہ નો અકીદો સાચો કે આજકાલના નીકળેલા વહાબી દેવબંદીઓનો ?!

## ★ હવાએ ગૌષ પાકનો હુકમ માન્યો ! ★

કેટલાયે મોઅ્તબર રાવીઓનું બયાન છે કે એકવાર અમે લોકો

હઝરત ગૌષપાક رضی اللہ عنہ ની પાસે બેસેલા હતા એવામાં આપની મજલિસ ઉપરથી એક ચીલ ચીખતી ચિલ્લાતી ઉડીને પસાર થઈ જેનાથી હાજરજનોને ઉલ્ઝન થઈ. આપે ફર્માવ્યું, "હે હવા ! આ ચીલનું માથુ કાપી લે !" આવું કહેતાં જ ચીલ મુડદુ બનીને જમીન પર ગબડી પડી. એક તરફ એનું માથુ અને બીજી તરફ તેનું ધડ પડયું. આપે ખુરશી પરથી ઉતરીને તેને એક હાથ વડે ઉઠાવીને બીજો હાથ તેના પર ફેરવ્યો અને **બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ** પઢી તો તે અલ્લાહના હુકમથી જીવંત થઈને ઉડી ગઈ અને સર્વ લોકો જોતા જ રહી ગયા !

**સબક** : આ પ્રસંગથી જાણવા મળ્યું કે હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ નો અકીદો હતો કે ખુદા તઆલાએ તેમને હવા પર હુકૂમત બખ્શી છે એટલા માટે તેમણે હવાને હુકમ આપીને ચીલનું માથુ કપાવી નાખ્યું. મસ્લકે આ'લા હઝરત પણ એ જ છે કે **અલ્લાહના વલીઓને અલ્લાહે ઈખ્તિયાર આપ્યો છે કે** ખુદાની મખ્લૂક તેમના હુકમનું પાલન કરે.

### ★ જાનવર પણ ગૌષે આ'ઝમના હુકમનાં પાબંદ હતાં ! ★

અબુલ હસન અલી ઈબ્ને અબૂ બકર અબહરીએ અમને બયાન કર્યું કે મેં કાઝીઉલ કઝા (ચીફ જસ્ટીસ) અબૂ સાલેહ નસ્રથી સાંભળ્યું, તેમણે કહ્યું કે મેં મારા બાપ અબ્દુર્રઝ્ઝાકથી સાંભળ્યું તે કહેતા હતા કે મારા વાલિદે ગિરામી એટલે કે હઝરત શૈખ મુહીય્યુદ્દીન અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہ એક દિવસે જુમ્આની નમાઝના માટે નીકળ્યા. હું અને મારા બે ભાઈ અબ્દુલ વહ્‌હાબ અને ઈસા આપની સાથે હતા. માર્ગમાં અમને શરાબનાં ત્રણ માટલાં મળ્યાં જે બાદશાહનાં હતાં અને જેની ગંધ ખૂબ જ તીવ્ર હતી. તેની સાથે કોટવાલ અને કચેરીના કેટલાક અન્ય લોકો હતા. આપે ફર્માવ્યું કે "ઉભા રહો !" તો તેઓ ઉભા રહ્યા નહીં અને જાનવરોને ચલાવવામાં તેમણે જલ્દી કરી. તો હઝરતે જાનવરોને કહ્યું, "થોભી જાવ ! એવી રીતે જેમ કે નિર્જીવ હોઉ !" તો તેઓ એવી રીતે થોભી ગયાં જાણે કે નિર્જીવ હોય ! તે લોકો જાનવરોને ખૂબ જ મારતા

હતા પણ તેઓ પોતાની જગાએથી હટતાં ન હતાં અને તે લોકોને કુલંજનું (પાંસળી નીચે થતું) દર્દ શરૂ થઈ ગયું અને સખ્ત દર્દના કારણે તમામે તમામ ડાબે જમણે જમીન પર આળોટવા લાગ્યા. પછી એ લોકો ખુદા તઆલાને યાદ કરવા લાગ્યા અને એલાનિયા તૌબા વ ઈસ્તિગફાર કરવા લાગ્યા તો તેમનું દર્દ જતુ રહ્યું. અને શરાબની ગંધ સિરકામાં ફેરવાઈ ગઈ. તેમણે વાસણોને ખોલ્યાં તો જોયું તો સિરકો બની ગયો હતો. *(બહજતુલ અસ્રાર, પેજ–૪૧)*

**સબક** : હઝરત ગૌષે આ'ઝમે આ પ્રસંગ પરથી પોતાનો એ અકીદો સ્પષ્ટપણે જાહેર કરી આપ્યો કે ચાલતાં જાનવરોને કેવળ જીભથી હુકમ આપીને પથ્થરની જેમ અટકાવી આપવા, લોકોને કુલંજના દર્દમાં સપડાવી દેવા તથા એક નજરમાં શરાબને સિરકો બનાવી દેવાની કુદરત અલ્લાહ તઆલાએ મને આપી છે. એ જ તો મસ્લકે આ'લા હઝરત છે કે : *નિગાહે મર્દે મો'મિનસે બદલ જાતી હૈં તકદીરેં !*

## ★ પૈસાની થેલીઓ દબાવી તેમાંથી લોહી વહાવ્યું ! ★

અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ ઈબ્ને શૈખ અબુલ અબ્બાસ ખિઝર ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને યહ્યા મૌસલીએ મને કાહિરામાં વર્ણન કર્યું કે હિ.સ. ૬૨૩ માં મને મારા બાપે શહેર મૌસલમાં ખબર આપી કે અમે એક રાત્રે અમારા શયખ મોહીય્યુદ્દીન અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہ ના મદ્રસા બગદાદમાં હતા કે એવામાં આપની ખિદમતમાં બાદશાહ મુસ્તન્જિદ બિલ્લાહ અબૂ મુઝફ્ફર યૂસુફ હાજર થયો. તેણે આપને સલામ અર્ઝ કરી અને નસીહત તલબ કરતાં આપની સમક્ષ દસ થેલીઓ રાખી દીધી જેને દસ ગુલામ ઉઠાવીને લાવ્યા હતા. આપે ફર્માવ્યું કે, "મને એની જરૂરત નથી !" અને સ્વીકારવાની ના પાડી આપી. બાદશાહે ઘણી જ આજીજી કરી તો આપ એક થેલી પોતાના જમણા હાથમાં બીજી ડાબા હાથમાં લીધી અને બંનેને હાથમાં દબાવી તો તે લોહી બનીને વહેવા લાગી !

આપે ફર્માવ્યું, એ અબૂ મુઝફ્ફર ! શું તમે ખુદા તઆલાથી નથી ડરતા કે લોકોનું લોહી ચૂસો છો ! અને મારી સામે લાવો છો ! બાદશાહ

બેહોશ થઈ ગયો. આપે ફર્માવ્યું, "મઅબૂદની ઈજ્જતની કસમ! જો રસૂલુલ્લાહ ﷺ સાથે એના રિશ્તાનો લેહાઝ ન હોત તો હું લોહીને જરૂર છોડત કે તે તેના મકાન સુધી વહેત." *(બહજતુલ અસ્રાર, પેજ–૬૧)*

**સબક :** ગૌષ પાક رضی اللہ عنہ એ આ પ્રસંગે પોતાનો એ અકીદો સાબિત કર્યો કે રબ તઆલાએ મને તસર્રુફની તે શક્તિ અતા કરી છે કે હું ચાંદી તથા સોનાના સિક્કાઓ, દિરહમ તથા દીનારોને લોહી બનાવીને એને દૂર સુધી વહાવી શકુ છું. અને **મસ્લકે આ'લા હઝરત પણ નબી વલીના તસર્રુફ પર યકીન રાખવાનો અકીદો શીખવે છે.**

**ચેતવણી :** ગૌષે પાકના ઈખ્તિયાર, ઈલ્મે ગૈબ તથા તસરુર્ફના વાક્યા તો આપ જોઈ જ રહ્યા છો, આ તો નબી પાક ﷺ ના ગુલામોના ગુલામનો હાલ છે ! જ્યારે વહાબી દેવબંદીઓની કંથારીયા (જિ. ભરૂચ) દારુલ ઉલૂમથી છપાયેલ કિતાબ તકવિયતુલ ઈમાન *(ગુજરાતી અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશન નં. ૯૬)*માં પેજ નં. ૬૬ ઉપર ખૂદ અલ્લાહના નબી હુઝૂર ﷺ માટે દેવબંદી અકીદો લખ્યો છે કે, "અલ્લાહ તઆલાએ આપને જ હુકમ ફર્માવ્યો કે લોકોની સામે પોતાની વિસાત વર્ણવી દો કે મને કાંઈ કુદરત પ્રાપ્ત નથી અને હું ગૈબ પણ નથી જાણતો. મારી કુદરતનો અંદાઝો આટેલીથી જ લગાડી લો કે હું ખૂદ સ્વજાત (મારા પોતાના) માટેય નફા નુકસાનનો માલિક નથી ! તો બીજાઓને તો શું લાભ–નુકસાન પહોંચાડી શકવાનો હતો ?!..."

એ જ કિતાબના પેજ ૧૪૬ ઉપર લખ્યું છે : "રસૂલના ઈચ્છવાથી કશું જ થતું નથી !"

પેજ ૧૪૦ ઉપર લખ્યું છે : "અલ્લાહની શાન તો ઘણી મહાન તથા ઉચ્ચ છે. સઘળા અંબિયા અને ઔલિયા એની આગળ "એક તુચ્છ રજકણ" કરતાંય વધુ તુચ્છ અને અલ્પ છે." તમે કહો !! શું મુસલમાન આવું વિચારી પણ શકે કે, "અને એ બાબતમાં (ગયબ જાણવામાં) ઔલિયા, અંબિયા તથા જિન્નાત તથા શૈતાન અને ભૂત તથા પરીમાં કોઈ ફરક નથી." *(તકવિયતુલ ઈમાન)* હા ! આ છે દેવબંદી અકીદા !!

જયારે **"મસ્લકે આ'લા હઝરત"** એ તે જ અકીદા જે સહાબા, તાબઈન, તબેતાબઈન, ગૌષપાક તથા સર્વ ઔલિયાના હતા એના પર જ ઈમાન રાખવાની તાકીદ કરે છે અને એનાથી ચલિત થનારને ગુમરાહ ગણે છે, શાને રિસાલતમાં ગુસ્તાખીભર્યા શબ્દો લખનારને કાફિર ઠરાવે છે.

દેવબંદી ધર્મમાં **કુર્આનથી અધિક મહત્વ** જે કુખ્યાત કિતાબ **"તકવિયતુલ ઈમાન"**ને આપવામાં આવે છે તેમાંના હલકા શબ્દો આપે નબી વલી માટે વાંચી લીધા, આપનું દિલ એ શબ્દો વાંચી કકડી ઉઠયું હશે કે "આવા બદ્બખ્તો પાછા પોતાને **"અહલે સુન્નત"** જણાવે છે ! અને લોકોને **"સુન્ની"** લેબલ લગાડી પોતાને **"મસ્લકે અહલે સુન્નત"**વાળા તથા પોતાને **"અહલે સુન્નત વ જમાઅત"** જણાવીને ધોકો આપે છે !" તો સુન્ની મુસલમાનો ! આજે એટલા જ માટે ખરા **"સુન્ની"**ની તથા ખરા **"મસ્લકે અહલે સુન્નત"**ની ઓળખ માટે કોઈ ફાંફાં મારવાની જરૂર નથી ! કેવળ **"સુન્ની બરેલ્વી"** તથા **"મસ્લકે આ'લા હઝરત"** નામની જરૂરત છે કે નામ પરથી તુરત જ ખબર પડી જાય કે **આ જ સાચા સુન્નીઓ છે જેમના અકીદા સહાબા, તાબઈન તથા ઔલિયા કિરામના પ્રમાણેના છે.**

**ચેતવણી** : બીજુ આશ્ચર્ય એ બાબતનું છે કે, **નબી, વલીના, ગૌષ પાકના આવા ગુસ્તાખો વહાબી, દેવબંદી, કહેવાતા અહલે હદીષ, કહેવાતા જમાઅતે ઈસ્લામી વગેરેના અકીદા વિશે વરસોથી વારંવાર તકરીરો તથા લખાણોથી મુસલમાનોને જાણ કરવામાં આવતી જ રહે છે છતાં આપણા ભાઈઓ, કહેવાતા સુન્નીઓ તેમની સોહબત, તેમની સાથે ઉઠક બેઠક, દોસ્તી, શાદી, વહેવાર, મરી જાય ત્યારે બંને બાજુ આવજા તથા ન્યાઝ જેવી પવિત્ર ચીજમાં તેમને દા'વત તથા બકરા ઈદ વેળા તેમનો ગોશ્ત (જે ખાવો હરામ છે) લેવો તથા તેમને ત્યાં ગોશ્ત આપવો....** વગેરે પણ ચાલુ જ રાખે છે અને પાછા ગૌષ પાકના ચાહક બની દેગો ને દેગો ન્યાઝ પણ પકાવે છે ! તો આવી દોગલી પોલીસીથી કોઈ ફાયદો

નથી ! માટે જે ગૌષ પાકનો ગુસ્તાખ છે તેને આપણો દુશ્મન સમજી તેના સાયાથી પણ દૂર રહેવું જોઈએ. નહીં કે તેમને પોતાની બહેન, દીકરીઓ સોંપી દેવી કે તેમની દીકરીઓને આપણે ત્યાં લાવી તેમને સગા બનાવવા ! એ કેવી તમારી અકીદત છે કે નબી વલીથી મહોબ્બતનો પણ દા'વો છે અને તેમના દુશ્મનોથી ગળે પણ લાગવું છે !!

હે લોકો ! દૂધમાંને દહીંમાં પગ રાખવાનું છોડો ! અને મઝહબે હક્કને મજબૂતીથી પકડી રાખો ! તમારા દિમાગના સર્વ ભરમો આ આંખો મીંચાતાં જ ખુલી જશે અને જે શરીઅતના કાનૂનો છે જે કુર્આન, હદીષ તથા ઉલમાના બુઝુર્ગોના કથનો છે કે નબી વલીના ગુસ્તાખોથી દૂર રહો તેના પર જ અમલ કરીને બંને જહાનમાં ઈજ્જત મેળવો. સાંભળો ! આશિકે ગૌષ તો આવો હોય છે :–

**ક્યા દબે જિસપે હિમાયત કા હો પંજા તેરા**
**શેર કો ખતરે મેં લાતા નહીં કુત્તા તેરા**
**તુઝ સે દર, દરસે સગ, ઔર સગસે હૈ મુઝ કો નિસ્બત**
**મેરી ગરદન મેં ભી હૈ દૂર કા ડોરા તેરા**
**ઈસ નિશાની કે જો સગ હૈ નહીં મારે જાતે**
**હશ્ર તક મેરે ગલે મેં રહે પટ્ટા તેરા**
**મેરી કિસ્મત કી કસમ ખાએઁ સગાને બગદાદ**
**હિંદમેં ભી હૂં તો દેતા રહૂં પેહરા તેરા**

*–(આ'લા હઝરત)*

★ સગ = કૂતરો ★ સગાને = કૂતરાઓ

*(અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક જુન–૨૦૦૪, બરકાતે ખ્વાજા–માસિક, તંત્રી લેખ)*

# આ'લા હઝરતના કમાલો તથા કરામતોની એક ઝલક !

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ અસંખ્ય ખૂબીઓના માલિક હતા. ઈલ્મી દુનિયાનો કયો ઈલ્મ એવો છે જેમાં આપને મહારત ન હતી. આપના કમાલો તથા કરામતો પણ બેશુમાર છે આપની બારગાહમાં ખિરાજે અકીદતના તૌર પર એની એક ઝલક અત્રે રજૂ કરીએ છીએ :–

**★ આપનો દરેક પ્રસંગ કરામત છે ! ★**

**મુહદ્દિષે આ'ઝમે હિંદ, મખ્દૂમે મિલ્લત સૈયદ મુહમ્મદ અશરફી જીલાની કછોછવી** عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ ફર્માવે છે કે, ''આજે હું તમને જગબીતી નહીં આપબીતી સંભાળવી રહ્યો છું કે જ્યારે દર્સે નિઝામી તથા દર્સે હદીષની પરિપૂર્ણતા કર્યા બાદ મારા મુરબ્બીઓએ જ્યારે મને આ'લા હઝરતને સુપ્રત કર્યો, તો **જિંદગીની આ જ ઘડીઓ મારા માટે જિંદગીની મહામૂલી મૂડી બની ગઈ !** અને હું મેહસૂસ કરવા લાગ્યો કે **આજ સુધી જે કાંઈ પઢયો હતો તે કાંઈ ન હતું અને હવે એક ઈલ્મના સમુદ્રનો કિનારો મેળવી લીધો છે !** ઈલ્મને ઠસાવી દેવો અને ઈમાનને રગ રગમાં ઉતારી દેવું અને સહીહ ઈલ્મ આપીને નફ્સની સફાઈ કરવી આ તે કરામત હતી જે દરેકે દરેક મિનિટે બહાર પડતી રહેતી હતી.

**★ સાડા ચૌદસો વરસની કિતાબોના હાફિઝ ! ★**

એ જ મુહદ્દિષે આ'ઝમે હિંદ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ ફર્માવે છે કે આ વસ્તુ દરરોજ બનતી કે જવાબની પૂર્ણતાના માટે ફિકહના જુઝઈય્યા (અસ્લ કાનૂન)ની તલાશમાં જો લોકો (આ'લા હઝરતને) અર્ઝ કરતા તો આ'લા

હઝરત તે જ વખતે ફર્માવી આપતા કે રદુલ મુહતાર, ભાગ ફલાણો, પેજ નં. ફલાણાની લીટી ફલાણીમાં આ શબ્દો સાથે જુઝઈય્યહ (મુખ્ય કાયદો) મૌજૂદ છે. દુર્રે મુખ્તારના ફલાણા પેજની ફલાણી લીટીમાં આ લખાણ છે, આલમગીરીમાં ફલાણા ભાગ, ફલાણા પેજ, ફલાણી લીટીમાં આ શબ્દોમાં મૌજૂદ છે, એવો ઈર્શાદ ફર્માવી આપતા. હવે જો કિતાબોમાં જઈને જોતા તો પેજ તથા લીટી તથા લખાણ એ જ જોવા મળતુ જે આ'લા હઝરતે મૌખિક કહ્યું હતું ! એને તમે વધુમાં વધુ એ જ કહી શકો કે **ખુદાદાદ યાદ શક્તિથી સાડા ચૌદસો વરસની કિતાબો યાદ (હિફ્ઝ) હતી.** એ ચીજ પણ એના સ્થાને આશ્ચર્યજનક છે પણ હું તો એ કહી શકુ છું કે કુર્આને કરીમના હાફિઝે વરસો વરસ સુધી કુર્આનને પઢીને હિફ્ઝ કર્યું, દરરોજ દોહરાવ્યું, એક એક દિવસમાં સો સો વાર જોયું, હાફિઝ થયો. મહરાબ સંભળાવવા માટેની તૈયારીમાં આખો દિવસ કાઢી નાખ્યો અને કેવળ એક કિતાબ (કુર્આન)થી જ વાસ્તો રાખ્યો. હિફ્ઝ કર્યા પછી વરસો વરસ એ જ પ્રવૃતિ રહી તો શક્ય છે કે કોઈ હાફિઝને તરાવીહમાં લુકમાની જરૂરત ન પડી હોય, જો કે એવું જોવામાં નથી આવ્યું. અને શક્ય છે કે હાફિઝે કુર્આન કોઈ કુર્આની આયતને સાંભળીને એટલી યાદ રાખે કે તેમની પાસે જે કુર્આને કરીમ છે તેમાં આ આયતે કરીમા જમણી બાજુ છે કે ડાબી બાજુ. જો કે આ પણ ખૂબ જ જવલ્લેજ બને, **પણ એ તો આદતની રૂએ અશક્ય છે કે કુર્આની આયતના પેજ તથા લીટીને બતાવવામાં આવી શકે તો કોઈ બતાવે કે તમામ મોટી મોટી કિતાબો (ભાગોવાળી)ના દરેક વાક્યોને પેજ-લીટી નંબર સાથે બતાવનાર એ પૂરા ઈસ્લામી કુતુબખાનાનો કેવળ હાફિઝ જ છે અથવા તે અલ્લાહની અતા કરેલી આ'લા કરામતનો નમૂનો છે** જેનો બુલંદ મુકામ વર્ણન કરવાના માટે હજી શબ્દકોશના નિષ્ણાતો પાસે કોઈ શબ્દ નથી.

**★ એકવાર વાંચતાં કિતાબ પેજ લીટી નં. સાથે મોઢે ! ★**

એ જ પ્રમાણે **મલિકુલ ઉલમા હઝરત અલ્લામા મૌલાના શાહ**

**ઝફરુદીન બિહારી** عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُનો રિવાયત કરેલ પ્રસંગ છે. વાતને ટૂંકાવતાં જણાવું કે સફરમાં કિયામ દરમ્યાન મુહદ્દિષે સૂરતી હઝરત અલ્લામા વસી અહમદ સાહબ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُથી એક કિતાબ લઈ રાતમાં જ વાંચી સવારે પરત કરી, આપે સાથે લઈ જવા કહ્યું તો આ'લા હઝરતે ફર્માવ્યું કે, "આ કિતાબમાં વિષયોની અનુક્રમણિકા ન હતી, તો ફકીરે કિતાબની પાછળ અનુક્રમણિકા પણ લખી દીધી છે, જોઈ લો !" મુહદ્દિષે સૂરતીએ કહ્યું, "શું એક વાર જોઈ લેવું પૂરતુ છે ?!" આ'લા હઝરતે ફર્માવ્યું, **"અલ્લાહ عَزَّوَجَلَّ ના ફઝલો કરમથી ઉમ્મીદ છે કે બે ત્રણ મહિના સુધી જ્યાંના લખાણ (જે પેજ નં. લીટી નં.)ની જરૂરત હશે ફતવામાં લખી દઈશ અને વિષય તો ઈન્શાઅલ્લાહ ! જીવનભર માટે મેહફૂઝ થઈ ગયા !** *(તજલ્લિયાતે આ'લા ઈમામ અહમદ રઝા)* આ સિવાય અસંખ્ય પ્રસંગો આપના ઈલ્મી કમાલો તથા કરામતો વિશે છે.

## ★ આ'લા હઝરતની કરામતથી ટ્રેન અટકી ગઈ ! ★

હઝરત મુહદ્દિષે સૂરતી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે કે, એકવાર હિ.સ. ૧૩૩૭માં જ્યારે કે હું દસ વરસનો હતો. આ'લા હઝરત સરકાર બરેલી શરીફ જવા માટે સ્ટેશને તશરીફ લઈ ગયા. ટ્રેન તૈયાર હતી, ટિકિટ લેવામાં આવી. આ'લા હઝરતે ફર્માવ્યું, મગરિબની નમાઝ પઢી લેવામાં આવે. કોઈ ભાઈએ કહ્યું કે ટ્રેન છૂટી જશે ! ઈર્શાદ ફર્માવ્યો, "જો ટ્રેન જતી હોય તો જાય, હવે તો પહેલા નમાઝ પઢીશું ! ઈન્શાઅલ્લાહ ! ફકીરના વિના ટ્રેન જશે નહીં !" આ તરફ આ'લા હઝરતે નમાઝ શરૂ કરી પેલી બાજુ ટ્રેન ઉપડી ગઈ. જ્યારે સલામ ફેરવી તો ટ્રેનનું દૂર સુધી નામો નિશાન ન હતું. સુન્નતો વગેરે પઢી પછી વઝીફા શરૂ કરી દીધા. થોડીક મિનિટો પછી જોવામાં આવ્યું કે મોટા ટોળાની સાથે રેલ્વેના કર્મચારી અધિકારીઓ આ'લા હઝરતની તરફ ચાલ્યા આવે છે. જ્યારે નજીક આવ્યા તો ખાદિમોએ પૂછયું કે શું મામલો છે ? તો જણાવ્યું કે ટ્રેન પુલ પર જઈને રોકાઈ ગઈ ! હવે ન આગળ વધે છે ન પાછળ હટે છે !

રસ્તો પણ બંધ થઈ ચૂક્યો છે અને બંને તરફની ટ્રેનોનો ટ્રાફિક બ્લોક થઈ ગયો છે. અને એંજિનમાં કોઈ ખરાબી પણ જણાતી નથી. લોકોએ જણાવ્યું કે બરેલીના એક ખૂબ જ મહાન બુઝુર્ગ નમાઝ પઢી રહ્યા હતા તેમણે આ ટ્રેન રોકી દીધી, અમારી ગલતી માફ કરવામાં આવે. આ'લા હઝરતને જલાલ આવી ગયો અને ફર્માવ્યું, જો કોઈમાં તાકત હોય તો ટ્રેનને લઈ જઈને બતાવી આપે ! ટ્રેન ફકીરે નથી રોકી બલ્કે ફકીર જે અલ્લાહની નમાઝ પઢી રહ્યો હતો તે વહદહૂ લાશરીકે રોકી દીધી. અધિકારીઓએ આ'લા હઝરતના કદમોને પકડી લીધા અને કહ્યું, હવે અમારી ગલતી માફ કરો ! આપે ઈર્શાદ ફર્માવ્યો, સારું ! એ અલ્લાહે ચાહ્યું તો ટ્રેન ચાલશે, તેને પાછી સ્ટેશન પર લાવવામાં આવે. ડ્રાયવર વગેરે ગયા અને ટ્રેન આગળ ચલાવવા ઈચ્છયું પણ ન ચાલી પણ જ્યારે રિવર્ઝ કરી તો ટ્રેન પાછી ફરવા માંડી અને સ્ટેશન પર આવી. આ'લા હઝરત એમાં બિરાજમાન થયા પછી ટ્રેન બરેલી જવા રવાના થઈ. *(તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા)*

## ★ આ'લા હઝરતની કરામતથી જાદૂગરનો ઈસ્લામ સ્વીકાર ! ★

હઝરત શાહ માના મિયાં સાહબનું બયાન છે કે મારા પીરો મુર્શિદ આ'લા હઝરત સરકાર عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ પોતાની મસ્જિદેથી નમાઝ પઢી આવી રહ્યા હતા, સોદાગ્રાન મહોલ્લામાં લોકોની ભીડ જોઈ. પૂછતાં ખબર પડી કે એક ગૈર મુસ્લિમ જાદૂગર પોતાનો જાદૂ બતાવી રહ્યો છે. ત્રણ ચાર કિલો પાણીથી ભરેલું વાસણ કાચા દોરા વડે ઉઠાવી રહ્યો છે. આ'લા હઝરત સરકાર પણ એ મજમાની તરફ ગયા અને તે જાદૂગરને કહેવા લાગ્યા કે સાંભળ્યું છે કે તમે કાચા દોરા વડે ત્રણ ચાર કિલો પાણી ભરેલુ વાસણ ઉઠાવી લો છો ! તેણે કહ્યું, જી ! હા ! ઈર્શાદ ફર્માવ્યો, કોઈ અન્ય ચીજ પણ ઉઠાવી શકો છો ? તેણે કહ્યું, જે ચીજ પણ તમે આપો ઉઠાવી લઈશ ! આ'લા હઝરતે પોતાના જૂતા મુબારકને પગેથી કાઢતાં

(આપ નાગરા જૂતા પહેરતા હતા જેનું લગભગ ૫૦ ગ્રામ વજન હશે) ફર્માવ્યું, આ જૂતાને ઉઠાવવાનું તો મોટી વાત છે, પણ એની જગાએથી હટાવીને જ બતાવી દો ! જાદૂગરે ખૂબ જ કોશિશ કરી પરંતુ તે જૂતા મુબારકને તેની જગાએ હલાવી ન શક્યો. આ'લા હઝરતે ફરી ઈર્શાદ ફર્માવ્યો, સારું ! આ વાસણને જ હવે ઉઠાવી બતાવો ! હવે એણે વાસણ ઉઠાવવા પ્રયત્ન કર્યો તો તેને પણ ન ઉઠાવી શક્યો ! તે જાદૂગર એ કરામતને જોઈને આ'લા હઝરતના કદમો પર ગબડી પડયો અને કલ્મો પઢીને ઈસ્લામથી પાવન થઈ ગયો અને આ'લા હઝરતની બારગાહથી રૂહાનિયતની મહાન દૌલત લઈને પરત થયો. *(હવાલો : ઉપર મુજબ)*

## ★ રામપુરના નવાબની બેગમના મૃત્યુની પેશનગોઈ ★

હિ.સ. ૧૩૨૮માં એક અજબનો પ્રસંગ બન્યો કે રામપુરના નવાબ સાહબની બેગમ જે શીઆ હતી તે બીમાર થઈ ગઈ. આ'લા હઝરતને એ બેગમના વિશે પૂછવામાં આવ્યું તો જવાબ આપ્યો, ''રાફઝીપણુ છોડીને સુન્ની થઈ જાય, નહીં તો સાજી થશે નહીં !'' તેણી સુન્ની થવા માટે તૈયાર ન થઈ જેથી બીમારી વધતી ગઈ. એ વરસે આઠ શવ્વાલે બીજો સવાલ કરવામાં આવ્યો કે, તેણીનું મૃત્યુ ક્યારે અને ક્યાં થશે ? તેણી તે વખતે આબોહવાના ફેરના માટે નૈનીતાલમાં રહેતી હતી. આ'લા હઝરતે જવાબ આપ્યો કે તેનું મૃત્યુ મોહર્રમના મહિનામાં થશે પણ નૈનીતાલમાં નહીં બલ્કે પોતાના શહેર રામપુરની નજીક થશે. અમુક ઉતાવળીયા લોકોને આ જવાબની ખબર પડી તો તેમણે ઝી કઅદામાં જ પત્રો લખવાનું શરૂ કરી આપ્યું, જુઓ ! તેણી તો હજી જીવે છે ! તેમને જવાબ આપવામાં આવ્યો કે મોહર્રમ તો આવવા દો ! મોહર્રમમાં ન મરે તો જવાબ ગલત થઈ જશે ! જેથી નવાબ નૈનીતાલમાં રોકાયેલા હતા એવામાં કાનપૂરની મસ્જિદ શહીદગંજના હંગામામાં લેફટન્ટ મિ. મેસ્ટિનની બેચૈની હદથી વધી તો નવાબ સાહબને તાર કર્યો કે રામપુર આવુ છું, જલ્દી આવીને મળો ! નવાબ એકલા જવા તૈયાર થયા તો બેગમે

ન માન્યું. છેવટે બંનેવ માહે મુહર્રમમાં જેવાં રામપુર નજીક પહોંચ્યાં તેવો જ બેગમનો ઈન્તેકાલ થઈ ગયો. આ તો કેવળ કમાલો તથા કરામતોની ઝલક જ છે, આ'લા હઝરતના કમાલોનો અભ્યાસ કરો તો તમારા ઈમાનને ચાર ચાંદ લાગી જશે અને બંને જહાન લુત્ફથી ભરપુર થઈ જશે.

*(અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક માર્ચ–૨૦૦૬, બરકાતે ખ્વાજા–માસિક)*

## દરશાને ઈમામ અહમદ રઝા મોહદ્દિષ બરેલ્વી رحمۃ اللہ علیہ

**અઝ ક઼લમ : મુહમ્મદ અબ્દુલવહહાબ 'અકરમ' ખલીફએ મિજાઝ અલ્લામા મુફ્તી તૌસીફ રઝાખાન મદ્દઝિલ્લહુ કોમુલ આલી**

* શરીઅતકા દરખ્શિન્દા સિતારા આ'લા હઝરત હંય
  વોહ જિસને ચેહરએ મઝહબ સંવારા આ'લા હઝરત હંય
* તૂ ઉનકે નામકી કયોં કર અરે જપતા નહીં માલા
  હૈ જિનકા નામ મુશ્કિલમેં સહારા આ'લા હઝરત હંય
* ઉન્હીં કે દમસે બાગે દીં મુનવ્વર ઔર મુઅત્તર હે
  ન હોતે યે તો દીન થા પારા પારા આ'લા હઝરત હંય
* ઉલૂમે દીનો–દુન્યા કે જો હર શોઅબે પે હૈં હાવી
  જિન્હે સબને મુજદ્દિદ હી પુકારા આ'લા હઝરત હંય
* મૈં કયું ન જાઉ કુરબાં ઈસ ઈમામે એહલે સુન્નત પર
  હે જિનકે નામસે ચર્ચા હમારા આ'લા હઝરત હંય
* નિગાહે મુસ્તફા صلی اللہ علیہ وسلم ઔર ગૌષ સે યે મરતબા પાયા
  મુરીદોંકી નિગાહોંકા ઉજાલા આ'લા હઝરત હંય
* અરે "અકરમ" અભી કુરબાન હો જા ઈસ મુજદ્દિદ પર
  કિયા ઈસ્લામકો ઝિન્દા દો બારા આ'લા હઝરત હંય

## આપના પત્રો તથા ફત્વાઓની રોશનીમાં આપની બેનિયાઝીની દાસ્તાન !

પાણી તથા માટીનું મિશ્રણ થયું તો માનવી અસ્તિત્વમાં આવ્યો અને સર્વમાન્ય વાત છે કે આ ઈન્સાનનો પ્રારંભ એક પાણીનું ટીપુ છે અને અંજામ એક મુટ્ટી માટી છે. આ પ્રારંભ તથા અંજામની કહાની પળ ભરની પણ હોય શકે છે, પહોરો સુધી પણ આ કહાની ચાલી શકે છે અને પેઢી દર પેઢી પણ આ કહાની સમાપ્ત થઈ શકતી નથી. પરંતુ હા ! માનવી જેટલો નિર્બળ તથા કમજોર છે એટલો જ વિસ્તૃત તથા વિશાળ છે. શાયરે પોતાની કલ્પના વડે કેટલી સુંદર છબી રજૂ કરી છે કે :–

*અગર ઘટે તો બસ એક મુશ્ત ખાક હૈ ઈન્સાં*
*બઢે તો વુસ્અતે કોનૈન મેં સમા ન સકે*

તે મહાન વ્યક્તિ જેની વિચારસરણીની શક્તિઓ દ્વારા દીનો મિલ્લતનું ઘડતર થાય છે, એક સમાજનું નિર્માણ થાય છે, ઈતિહાસ તેને દરેક યુગમાં મહાન વ્યક્તિ, મહાન શૂરવીર, મુસ્લેહે ઉમ્મત, મુફક્કિરે મિલ્લત બનાવીને દુનિયા સમક્ષ રજૂ કરે છે એ વ્યક્તિ તો ગુજરી ગઈ કેમ કે તેને જવાનું જ હતું, પરંતુ તેના ઉપદેશો જીવંત છે, તેના સુધારણા સંબંધેના પ્રયાસો તથા કોશિશો ઉજજવળ છે, તેની દીની તથા ઈલ્મી લેખિત સેવાઓ દ્વારા આજે એક જગત પ્રકાશિત છે.

ઈતિહાસ ગવાહ છે ન તો ફિરઓન રહ્યો ન તો નમરૂદ, ન તો હામાન તથા શદ્દાદ રહ્યા, હા ! તેમની હિકાયતો જરૂર બાકી રહી છે. પરંતુ કેટલી ભયાનક છે, અફસોસનાક છે ! કેટલો મૂર્ખ છે તે માનવી જેણે જિંદગીને આવારગીની ભેટ ચઢાવી આપી. આ અક્લમંદી નથી, નાદાની છે, મૂર્ખાઈ છે. ખરેખર બુદ્ધિમાન છે તે વ્યક્તિ જેણે જિંદગીને બંદગી માટે

વકફ કરી આપી, તેણે જિંદગીને ગુમાવી નથી, જિંદગી કમાઈ છે, જિંદગી બગાડી નથી પણ સુધારી છે અને હકીકતમાં તે જ જિંદગી કામયાબી તથા ઉજ્જવળતાના સોનેરી કિરણોથી સોનેરી થઈ છે.

દૂરની વાત તો દૂર છે, નજીક આવો ! ડોકિયુ કરો. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ વિશે લખવામાં આવેલી કિતાબોની સંખ્યા ૧૧૪૦ છે અને હનફીઓની સંખ્યા ૮૬ કરોડથી વધુ છે. ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની ઉપર ૩૬૦ કિતાબો લખવામાં આવી છે. આ સંખ્યા હિ.સ. ૧૦૯૪ સુધીની છે પણ અત્યારે તે વધુ હશે. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ઉપર ૭૨૬ કિતાબો તથા લેખો અસ્તિત્વમાં આવ્યા. આ તો માત્ર અત્યાર સુધીની ગણના છે જ્યારે કે આ પરંપરા છબીલા પ્રેમીની ઝુલ્ફો જેમ વધ્યા જ કરશે. હવે તમે જ બતાવો કે આ જિંદગી રોશન તથા જગમગાટભરી નથી તો શું છે ?

આમ વિચારવું માત્ર ભૂલ જ છે કે જિંદગી આવવાનું તથા જવાનું નામ છે, આનંદ તથા મનોરંજનનું નામ છે. ના ! જીવન તથા મૃત્યુ આ તો બે કિનારા છે. ન તો જિંદગીથી ફરાર (ભાગવું) શક્ય છે, ન તો મૌતથી કોઈ છૂટકારો , આ તો અનુભવિત જિંદગી (સામાન્ય જીવન)ની વાત છે, નહીં, તો જિંદગીથી પહેલાંના જીવનની અને મૌત પછીના જીવનની હકીકત અલગ અલગ છે. એક જીવનમાં બીજું જીવન સમાયેલ છે, જિંદગી કદી પણ સમાપ્ત નથી થતી.

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ સરદારી, સત્તા તથા માલદારીમાં આંખો ખોલી અને તંગી તથા ગરીબીમાં જીવન વિતાવ્યું પણ તે તંગી તથા ગરીબી નહીં જે તંગી જરૂરતના સમયે દામન ફેલાવવા મજબૂર કરે ! એને જ તો સબ્ર તથા બેનિયાઝી, પરહેઝગારી તથા સંતોષ કહેવાય છે. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના એક પત્રમાં આ વાક્ય જોવા મળે છે કે, "મો'મિન માટે દુનિયામાં પૂરતી રોજી બસ છે." કેટલી સબ્ર તથા શુક્રની શીખામણ છે આ શબ્દોમાં જેનો નમૂનો માત્ર અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગો) તથા નેક બંદાઓના જીવનચરિત્રમાં જ મળી શકે છે.

## ★ નવાબો તથા નિઝામોથી બેપરવાઈ ★

એક સાહબને આપની બારગાહમાં હાજર રહેવાનો શરફ પ્રાપ્ત હતો. તેમણે નાનપારાના નવાબની શાનમાં કસીદો (પ્રશંસા કરતી કવિતા) લખવાનો પ્રસ્તાવ મૂક્યો. જાતિના તો પઠાણ હતા જ ! ઈમાની પ્રતાપ અને ખાનદાની સ્વમાને જવાબ આપ્યો તો ક઼લમ ઉઠાવીને લખી આપ્યું, શું લખી આપ્યું ? લખ્યું કે :–

*કરૂં મદહે અહલે દોવલ 'રઝા' પળે ઈસ બલામેં મેરી બલા*
*મૈં ગદા હૂં અપને કરીમ કા મેરા દીન પારાએ નાં ન હો*

રામપૂરના નવાબ નૈનીતાલ જઈ રહ્યા હતા. બરેલી સ્ટેશન આવ્યું તો નવાબની સ્પેશ્યલ ટ્રેન રોકાઈ ગઈ. નવાબના વઝીરને સૈયદ મેહદી હસનમિયાંએ પોતાના નામે દોઢ હજાર રૂપિયાની ભેટ લઈને સેવામાં હાજર કર્યા. લગભગ ઝોહરનો સમય હતો. આપ (ઈમામ અહમદ રઝા) કૈ઼લૂલા ફર્માવી રહ્યા હતા. ખબર પડી તો દરવાજા સુધી આવ્યા, પૂછયું શું છે ? અર્ઝ કરવામાં આવી, આ દોઢ હજાર રૂપિયા આપની સેવામાં ભેટ રૂપે લાવ્યા છીએ અને પરત થતી વેળાએ નવાબ આપની મુલાકાતની ઈચ્છા ધરાવે છે. આપે ઉભા ઉભા જ સીધો જવાબ આપ્યો, ''આ દોઢ હજાર (તે સમયના દોઢ હજાર વર્તમાનકાળના દોઢ લાખ સમાન ગણાય) શું ?! કેટલા પણ હોય પાછા લઈ જાવ ! અને નવાબને કહી આપજો કે ફક઼ીરનું મકાન એ લાયક ક્યાં કે તમને બોલાવી શકું અને ન તો હું રાજ્યસત્તાના વાલીઓના આદાબથી વાકેફ છું કે હું જાતે આવી શકું.

ઉભા ઉભા આમ રોકડો જવાબ જાહેરમાં સારો નથી જણાતો, પરંતુ આ જ શાને ફક઼ીરી છે, આ જ દુરવેશી શાન કહેવાય ! જે સમયના બાદશાહ તથા નવાબને પણ ગણકારે નહીં. આનું આબેહુબ દષ્ટાંત બુઝુર્ગોના જીવનચરિત્રમાં જ જોવા મળે છે.

*[**નોંધ** : આજે તો કોઈ મિનિસ્ટર કે રાજકરણી કે ફિલ્મી કલાકાર કે ક્રિકેટર દરગાહે આવી જાય તો અમુક જગાએ કહેવાતા સજ્જાદા અડધા*

*અડધા થઈને ગર્વ અનુભવે છે ! વળી એટલું જ નહીં, ખાનકાહો પર કાફિરોના ધર્મગુરૂઓને બોલાવી સન્માન કરાય છે ! તૌબા ! તેમની પાસે લેકચરો અપાવાય છે અને તેમાં તેઓ કુફ્રી કલામ પણ સૌને સંભળાવી જાય છે. એવા સમયે આ'લા હઝરતનો અમલ તેમના માટે દીવાદાંડી સમાન છે. પ્રકાશક]*

હૈદરાબાદના નવાબનો વાકૃયો મૌલાના સૈફુલ ઈસ્લામ દહેલ્વીની ઝબાની સાંભળો :–

મૌલાના લખે છે કે, ''મેં સૌદાગરી મહોલ્લાના (જ્યાં આ'લા હઝરતનું નિવાસ્થાન હતું અને હાલમાં છે) કેટલાય બુઝુર્ગો થકી સાંભળ્યું છે કે હૈદરાબાદના નિઝામે ઘણીયે વખત લખી જણાવ્યું કે હુઝૂર ! એકવાર અમારે ત્યાં તશરીફ લાવીને શુક્રિયાનો મોકો આપો, અથવા મને જાતે જ નિયાઝમંદીનો અવસર આપો ! તો આપે જવાબ આપ્યો કે મારી પાસે અલ્લાહ તઆલાનો ઈનાયત કરેલ સમય માત્ર તેની જ ફર્માંબરદારી તથા સેવા માટે છે, તો પછી હું તમારી આગતા સ્વાગતા માટે સમય ક્યાંથી કાઢું !''

એ જ મૌલાના સૈફુલ ઈસ્લામ દહેલ્વી લખે છે કે : નવાબ હામિદ અલીખાન મર્હૂમ વિશે જાણવા મળ્યું કે તેમણે કેટલીયેવાર આ'લા હઝરતની બારગાહમાં લખ્યું કે, હુઝૂર ! રામપૂર તશરીફ લાવો તો હું ઘણો ખુશ થઈશ. અને એ સંભવ ન બને તો મને જાતે જ તમારી ઝિયારતનો મોકો આપો. આપે જવાબમાં લખી જણાવ્યું કે, **તમે સહાબાએ કિરામ** رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡھِمۡ اَجۡمَعِیۡنَ **ના વિરોધી શીઆઓના તરફદાર છો અને તાઝીયાદારી તથા માતમ વગેરે જેવી બિદઅતોમાં તેમના સહાયક બનો છો ! એટલા માટે હું ન તો તમને જોવા જાઈઝ સમજું છું અને ન તો હું પોતાની સૂરત દેખાડવાની ઈચ્છા રાખું છું.**

## ★ નઝરાણાની લાલચોથી ન લલચાયા ! ★

આ તો નવાબો તથા રાજાઓની વાત હતી. પોતાના નિકટવર્તી તથા

અંગત દીનદાર સાથીઓનાં નઝરાણાં તથા ભેટો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ કૂબૂલ નથી કરી, અથવા ક્યારેક કૂબૂલ પણ કરી તો બીજા કોઈ બહાને તેનાથી વધુ પરત પણ કરી આપતા ! અઝીમાબાદ પટણાના સફર દરમિયાન કાઝી અબ્દુલ વહીદ ફિરદોસીના સસરાએ એક સુશોભિત થાળીમાં અમુક તોહફા અને નઝરાણુ પેશ કર્યું, તો આપે કૂબૂલ કરવાથી ઈન્કાર કરી આપ્યો. મેઝબાને કહ્યું, હુઝૂર ! સાઈઠ (૬૦) રૂપિયા છે ! તો આપે જવાબ આપ્યો, **"સાઈઠ હજાર હોય તો પણ ફકીર અલ્લાહના કરમથી બેનિયાઝ છે !"** (૬૦ રૂા. એ હાલના ૬૦ હજાર થાય.)

હિ.સ. ૧૩૩૭માં ઈમામ અહમદ રઝા જબલપુર તશરીફ લઈ ગયા. લગભગ એક મહિનો અને ચાર દિવસ સુધી કયામ ફર્માવ્યો, મેઝબાન મૌલાના શાહ અબ્દુસ્સલામ રઝવીએ એક હજાર રૂપિયા હદિયા રૂપે પેશ કર્યા. આપે કૂબૂલ તો કરી લીધા પરંતુ તેનાથી કેટલીયે ઘણી વધારે રોકડ રકમ અને સોનાની વસ્તુઓ મેઝબાન તથા તેમના છોકરાઓ અને છોકરીઓને અતા કરી આપી.

બિસલપૂરના સફર દરમિયાન જે કાંઈ આપને નઝરાણુ મળ્યું તેને આપે નઅત ખ્વાનો તથા શાયરીમાં વહેંચી આપ્યું.

ઝાડ પોતાના ફળોથી ઓળખાય છે. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના મોટા ફરઝંદ મૌલાના હામિદ રઝાખાન હતા. હૈદરાબાદ દક્કનના નિઝામે તેમને હૈદરાબાદ પધારવા માટે આમંત્રણ આપ્યું, કાઝીયુલ કુઝાત (શહેર કાઝી)નો હોદ્દો તથા ચીફ જસ્ટીસનો હોદ્દો પણ પેશ કર્યો. ઘણો આગ્રહ કર્યો, દરેક પ્રકારની લાલચ આપી, તો મૌલાના હામિદ રઝા رحمۃ اللہ علیہ એ આ જવાબ દઈને નવાબને માયૂસ કરી આપ્યો કે, **"હું જે ખુદાએ કરીમના દ્વારનો ફકીર છું એ જ મારા માટે કાફી છે."**

મૌલાના ઈબ્રાહીમ રઝાખાન (હુઝૂર અખ્તર રઝા અઝહરીમિયાંના વાલિદ) رحمۃ اللہ علیہ મૌલાના હામિદ રઝાખાન رحمۃ اللہ علیہના પુત્ર હતા અને ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના પૌત્ર હતા. આસપાસના ગામડાઓમાં

તથા દૂર દરાઝના શહેરોમાં ઈબ્રાહીમ રઝાખાન رحمۃ اللہ علیہ દીની ઈજતેમાઓ તથા જલ્સાઓનું આયોજન પોતાના ખર્ચે કરાવતા. આપ મદ્રસા મંઝરે ઈસ્લામના પ્રમુખ હતા. કેટલીયેવાર તો એવું પણ બન્યું કે આપ પોતાના ઘરની સંપત્તિ તથા ઝવેરાત વેચીને મદરસાનો ખર્ચ પૂરો પાડતા હતા.

## ★ અહીં ફત્વા માટે લાંચ કે વળતર નથી હોતું ! ★

આ તો રહી સીરત લખનારની ઝબાની, પણ હવે પોતે જ સાહિબે સીરત એટલે કે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની ઝબાની સાંભળો :–

મૌલાના શાહ સૈયદ હમીદુર્રહમાન રઝવી નેવાખાલી બાંગ્લાદેશના મશ્હૂર આલિમે દીન હતા અને ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના શાગિર્દ તથા અક઼ીદતમંદ હતા. તેમણે પહેલી ઝીલ હજ્જ હિ.સ. ૧૩૩૯માં મસાઈલના જવાબ માટે એક પત્ર લખ્યો જેમાં એક વાત એ પણ લખી કે, "એક રૂપિયો મારા (મૌલાના હમિદુર્રહમાનના) ઉસ્તાઝ હોવાના ખાતર આપની ખિદમતમાં રવાના કરું છું.

જવાબમાં આ'લા હઝરત ફર્માવે છે, "મસ્અલાનો જવાબ હાજર છે. અલ્હમ્દુલિલ્લાહ ! તમારો રૂપિયો ન આવ્યો અને આવતો પણ નહીં ! કેમ કે **જો લાખ રૂપિયા પણ (આવ્યા) હોત તો અલ્લાહના ફઝ્લથી તેને પરત કરી દેવામાં આવતા. અહીંયાં બિહમ્દિલ્લાહ ! ન તો રિશ્વત (લાંચ) લેવામાં આવે છે ન તો ફત્વા ઉપર મજૂરી."**

*[**નોંધ :** લાંચ લઈને ફત્વા આપવા એ દેવબંદના મુફતીઓનો ઈતિહાસ બની ગયો, જેને દુનિયાએ ટી.વી. પર જોઈ લીધું. પણ આ કોઈ બિકાઉ મુફતી નથી ! વળી અમુક મુફતીઓ પણ* **ક્યારેક વ્યક્તિ જોઈને કે ડાયરેક્ટ કે ઈન્ડાયરેક્ટ કવર મળવાની ઝંખનામાં ગોળ ગોળ ફત્વા આપી દેતા હોય છે, તેઓ પણ આ'લા હઝરતના અમલને જોઈ લે.** *પ્રકાશક]*

કલકત્તાના હાજી નાદિરઅલી સાહબે ફત્વો પૂછયો તો સવાલમાં એક વાક્ય આ હતું કે, ખર્ચ વગેરે માટે આ ગુલામ ખિદમત માટે હાજર છે.

જવાબમાં આ'લા હઝરત ફર્માવે છે, ''અહીંયા ફત્વા ઉપર કોઈ ખર્ચ લેવામાં નથી આવતો અને તે ખર્ચને ન તો પોતાના હક્કમાં જાઈઝ સમજવામાં આવે છે.''

બહાવલપુર રાજ્યથી મૌલાના અબ્દુર્રહીમ ખાનકાહીનું આ વાક્ય કે, ''વળતર (બદલો) જવાબ મળ્યા બાદ આપવામાં આવશે.'' તેના જવાબમાં આ'લા હઝરતે ફર્માવ્યું, ''અહીંયા ફત્વા ઉપર કોઈ મજૂરી નથી લેવામાં આવતી, ન તો પહેલાં ન તો જવાબ પહોંચ્યા પછી. તેને અમે પોતાના જાઈઝ પણ નથી સમજતા.''

ગોજરખાન રાવલપિંડીથી મુહમ્મદજી સાહેબે કેટલીયેવાર પત્રો લખીને મસાઈલના જવાબ પ્રાપ્ત કર્યા છે અને દરેક વખતે તેમણે વળતર તથા કિંમતની વાત કરી છે. તો જવાબ લખાણ તથા કલામનો તેવર જુઓ : આ'લા હઝરત લખે છે કે, ''કાગળની કિંમત વિશે પહેલાં જ તમને લખી આપવામાં આવ્યું છે કે અહીંયા ફત્વો અલ્લાહના માટે આપવામાં આવે છે, વેચવામાં નથી આવતો. અત્યાર પછી **હવે કદી પણ આ વાક્ય લખશો નહીં !''**

બરેલીની નજીક તલ્હર શાહજહાંપૂરથી મૌલાના અબ્દુલ ગફ્ફારખાને એક મસ્અલો પૂછયો. તો આ'લા હઝરત ફર્માવે છે કે, ''આ ફકીર બિફઝ્લિહી ત્આલા ગની (બેનિયાઝ) છે, ખૈરાતનો માલ નથી લઈ શક્તો.''

મૌલાના મોહર્રમ અલી ચિશ્તી અંજુમને નોમાનિયા લાહોરના પ્રમુખને સંબોધીને આ'લા હઝરત લખે છે કે, ''જેને પણ પોતાનાથી અધિક જોયો એ વ્યક્તિ દુનિયાવી માલ તથા સંપત્તિમાં અધિક છે (તો) અંદરથી દિલે તેને હકીર તુચ્છ સમજ્યું.''

પટિયાલા રાજ્યના શૈખ શેર મુહમ્મદ સાહબના જવાબમાં આ રીતે લખે છે કે, ''અહીંયાં બિહમ્દિલ્લાહ ! ફત્વા ઉપર કોઈ ફી નથી

લેવામાં આવતી. અલ્લાહના ફઝ્લથી તમામ હિંદુસ્તાન તથા અન્ય દેશો જેમ કે ચીન, આફ્રિકા, અમેરિકા તથા ખૂદ અરબ શરીફ અને ઈરાકથી અહીંયા ઈસ્તિફતા (ફત્વો પૂછવા સવાલો) આવે છે, અને એકી સાથે ચારસો ચારસો ફત્વા ભેગા થઈ જાય છે. બિહમ્દિહી તઆલા હઝરત દાદા (અલ્લામા રઝા અલી ખાન رضی اللہ عنہ)ના સમયથી અત્યાર સુધી એટલે હિ.સ. ૧૩૩૭ સુધી આ દરવાજેથી ફત્વા પ્રસિદ્ધ થવાને ૧૯ વર્ષ અને જાતે આ ફક઼ીર [આ'લા હઝરતે ઈન્કેસારી તથા આજિઝીરૂપે ફક઼ીર શબ્દનો ઉપયોગ કર્યો છે. આપ જાત તો દીની તથા દુનિયવી બંનેવ રીતે દૌલતમંદ હતા]ના ક઼લમ દ્વારા ફત્વા જાહેર થવાને ૫૧ વર્ષ થવા આવ્યાં એટલે કે આ સફર મહિનાની ૧૪ તારીખે પચાસ વર્ષ અને છ મહિના થયા. **આ ૯૧ વર્ષના સમયગાળામાં કેટલાયે હજાર ફત્વા લખવામાં આવ્યા. બાર જિલ્દો (ફત્વાનો મોટો સંગ્રહ) તો માત્ર આ ફક઼ીરના ફત્વાઓની જ છે. બિહમ્દિલ્લાહ અહીંયાં પણ એક પૈસો ન લેવામાં આવ્યો અને ન તો લેવામાં આવશે, અલ્લાહની તૌફીક઼ અને તેની મદદથી.**

ખબર નહીં કોણ એવા નીચ ફિતરત અને કમજોર હિંમતવાળા લોકો છે કે જેમણે રોજી કમાવવાનો આધાર ફત્વાનવેશીને બનાવી લીધો છે, જેના કારણે દૂર દરાઝના ભોળા તથા અજ્ઞાન મુસલમાનો કેટલીયવાર પૂછી ચૂક્યા છે કે ફી કેટલી થશે ?! ભાઈઓ !

**ما اسئلکم علیہ من اجران اجری الا علی رب العالمین۔**

"હું તેના ઉપર કોઈ ઉજરત (બદલો) નથી માંગતો મારો અજર (બદલો) તો તમામ જહાનના પરવરદિગાર ઉપર છે જો એ ચાહે તો."

*–(કુર્આન, ૨૬/૧૨૭)*

લેખિત ઈલ્મી કારનામાંઓમાં અને દીનની સેવામાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની દરેક પળો તથા દરેક ઘડીઓ વ્યસ્ત હતી. આપ લખે છે કે, "જે સાહબ ચાહે અને જેટલા દિવસો ચાહે ફક઼ીરને ત્યાં ક઼યામ ફર્માવે. મહિનો, બે મહિના, વર્ષ, બે વર્ષ ફક઼ીરની જે મિનિટ ખાલી (કામ સિવાય) જુએ અથવા

જે સમયે ફકીરને કોઈ અંગત કામ કરતાં જુએ તો તે જ મિનિટે ફકીરથી પૂછપરછ કરે કે તું આટલીવારમાં બીજુ (દીની) કામ કરી શકતો હતો.''

પોતે તો દુનિયાની મહોબ્બતથી આઝાદ હતા જ, પોતાની ઔલાદ, પોતાના શાગિર્દો, મુરીદો, ખલીફાઓ, સંબંધીઓ અને હનફી આલિમોને તેની જ સખત તાકીદ કરતા હતા એક જરૂરી હિદાયત નામાનો આ ભાગ જુઓ :–

### ★ નિઃસ્વાર્થ દીનની ખિદમત માટે હિદાયત ★

''અહીંયા બિહમ્દિહી તઆલા ક્યારે પણ દીની ખિદમતને રોજી કમાવવાનો ઝરીયો તથા આધાર નથી બનાવવામાં આવ્યો, અને ન તો શરીઅતના હનફી આલિમોને અથવા તરીકતના ભાઈઓને (મુરીદો તથા ખલીફાઓને) તેની હિદાયત કરવામાં આવી. બલ્કે તાકીદ અને સખત તાકીદ કરવામાં આવે છે કે દસ્તે સવાલ (માંગવા માટે હાથ) ફેલાવવો તો દૂર, સુન્નતના પ્રચાર તથા તેની તરફદારીમાં માલી ફાયદાનો વિચાર પણ દિલમાં ન ધરાવે, કે તેમની ખિદમત તથા સેવા કેવળ અને કેવળ અલ્લાહના માટે જ હોય.

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની આ વિશેષતા ફક્ત તેમનાં લખાણો તથા ફત્વાઓમાં જ નહીં પરંતુ તેમની શાયરી તથા નઅત ગોઈમાં પણ ખૂબ જ ઠેક ઠેકાણે જોવા મળે છે. જેમ કે આપે ફર્માવ્યું :–

*કાંટા મેરે જિગર સે ગમે રોઝગાર કા*
*યૂં ખીંચ લીજીયે કે જિગર કો ખબર ન હો*

ઉપરોક્ત હવાલાઓ તથા જાહેરમાં લાગતી મામૂલી વાતોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યા બાદ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہનો ચેહરો અને આપનું જે સ્વરૂપ સામે આવે છે તે એવું છે કે તેમના સામે દુનિયા તુચ્છ છે, ચરિત્રહીન તથા ફાહિશા છે. દુનિયાથી મહોબ્બત તથા લગાવનો અર્થ તુચ્છપણા અને ચરિત્રહિનતાની સાથે મહોબ્બત તથા લગાવ રાખવું છે, જે દીન તથા બુદ્ધિથી બિલકુલ વિરોધી છે. તમે ખુદાની સમક્ષ ઝુકો

દુનિયા તમારી સમક્ષ ખૂદ બખૂદ ઝુકી જશે.

ومن یتق اللہ یجعل لہ مخرجاً ویر زقہ من حیث لا یحتسب۔

"જે (વ્યક્તિ) અલ્લાહથી ડર્યો અલ્લાહ તેના માટે એક માર્ગ બતાવી આપે છે અને તેને ત્યાંથી રોજી પહોંચાડે છે જયાં તેનું ગુમાન પણ નથી હોતું."*(અલ્ મલ્ફૂઝ)* એટલા જ માટે ઈમામ અહમદ રઝાએ ફક઼ીરીમાં અમીરી કરી, અમીરીમાં ફક઼ીરી નહીં, દરવેશીમાં રઈસી કરી, રઈસીમાં દુરવેશી નહીં. ફક઼ીરી તથા દુર્વેશી એને ન કહેવાય કે બાદશાહો, નવાબો તથા દીનથી બેઝાર દુનિયાપરસ્ત માલદારો, શાહકારોની ચાપલૂસી તથા હા જી હા કરે બલ્કે ફક઼ીરીનું ગૌરવ તથા દુર્વેશીનું ગૌરવ તો એ છે કે જેની ચોખટ તથા જેના દ્વારે આ તમામ લોકો પોતે સૂતેલુ નસીબ માથાભેર લઈને આવે અને જીવતુ જાગતુ નસીબ લઈને પાછા ફરે. પોતાના નવાબપણા તથા તવંગરીના નશાને ઉતારી એક ભિખારીની હેસિયતથી દુર્વેશી બારગાહમાં હાજર થાય અને દુનિયાના સાચા તવંગર તથા નવાબ બનીને પરત જાય. આ છે ચૌદવી સદીના મુજદ્દિદ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની શાને બેનિયાઝી શાને દુરવેશી !

અલ્લાહ તઆલા દરેક મુસલમાનને પોતાની આખેરતને શણગારવાની નેક તૌફીક઼ આપે.

*(ત્રિમાસિક : સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, એપ્રિલ–જૂન, ૨૦૦૮,*
રજૂકર્તા : મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી
*બરકાતે ખ્વાજા–માસિક, મે–૨૦૦૮)*

# ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની શાને બેનિયાઝી

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ અમીરી અને માલદારીમાં આંખ ખોલી છતાં ગરીબીમાં જિંદગી વિતાવી, એ ગરીબી નહીં જે બીજાઓ સામે હાથ ફેલાવવા મજબૂર કરે, બલ્કે એ તો સબ્ર, સર્વ મખ્લૂક઼થી બેનિયાઝી, દુનિયાના ત્યાગ અને થોડાને વધુ સમજવાનુ નામ છે. આપ ફર્માવતા, "દુનિયામાં મો'મિનનું ગુઝારા પૂરતુ રિઝ્ક઼ પૂરતુ છે."

## ★ મેરા દીન પારાએ નાં નહીં ! ★

એક વ્યક્તિને આપની સેવાનું સદ્ભાગ્ય મળ્યું હતું તો તેણે નાનાપારાના નવાબની શાનમાં ક઼સીદો લખાવાની દરખાસ્ત કરી. (કે ખૂબ નઝરાણા આપશે !) ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ઈમાની ગૈરત જોશમાં આવી લખ્યું :–

*કરું મદહે અહલે દોવલ રઝા ! પળે ઈસ બલામેં મેરી બલા !*
*મૈં ગદા હૂં અપને કરીમ કા, મેરા દીન પારએ નાં નહીં !*
*(પારાએ નાં = રોટીનો ટુકડો)*

## ★ મોટુ નઝરાણુ પરત કર્યું ! ★

રામપૂરના નવાબ નૈનિતાલ જઈ રહ્યા હતા, બરેલી સ્ટેશન આવ્યું તો નવાબની સ્પેશ્યલ ટ્રેન થોભી ગઈ. નવાબના વઝીરે આ'ઝમ સૈયદ મહેંદી હસન મિયાં દોઢ હજાર રૂપિયાનું નઝરાણુ લઈ આપની ખિદમતમાં આવ્યા. ઝોહર પછીનો સમય હતો, આપ કૈલૂલા ફર્માવી રહ્યા હતા, જાણ થતાં બહાર આવ્યા. આપે પૂછયું, શું છે ? અર્ઝ કરવામાં આવી, આ દોઢ હજાર (હાલના દોઢ લાખ બરાબર થાય !) નઝરાણુ છે અને પાછા ફરતી વેળા નવાબ આપની મુલાકાત કરવા ઈચ્છે છે.

આપે ફર્માવ્યું, આ દોઢ હજાર શું ? કેટલાય પણ હોય, પાછા લઈ

જાવ ! અને નવાબને કહી આપશો કે ફક઼ીરનું મકાન એ લાયક ક્યાં કે એમને બોલાવી શકું ?! અને હું પોતે રાજા મહારાજાઓના આદર સન્માનથી વાકેફ નથી કે પોતે ત્યાં જાઉં !

### ★ નવાબોથી બેનિયાઝી ★

મૌલાના સૈફુલ ઈસ્લામ દહેલ્વી લખે છે, ''મેં સૌદાગર મહોલ્લાના કેટલાક બુઝુર્ગોથી સાંભળ્યું છે કે હૈદરાબાદના (નવાબ) નિઝામે ઘણીવાર સંદેશો મોકલ્યો કે હુઝૂર ! કદી અમારે ત્યાં પધારી આભારી કરશો, અથવા મને જ હાજરીનું સદ્અવસર આપશો. આપે જવાબમાં ફર્માવ્યું, મારી પાસે અલ્લાહ તઆલાનો અતા કરેલો સમય માત્ર તેની ઈતાઅત માટે છે, હું તમારી આગતા સ્વાગતા માટે સમય ક્યાંથી લાવું ?!''

### ★ શીઆના તથા તા'ઝિયાદારીના તરફદારને જવાબ ! ★

નવાબ હામિદ અલીખાન વિશે જાણવા મળ્યું કે એમણે ઘણીવાર આ'લા હઝરત (ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)ને નિમંત્રણ આપ્યું કે હુઝૂર ! રામપૂર પધારો તો અમને ઘણી ખુશી થશે. જો એ શક્ય ન હોય તો મને ઝિયારતનો મોક઼ો આપશો, આપે જવાબમાં ફર્માવ્યું, ''તમે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના વિરોધી શીઆઓના તરફદાર અને તેમની તાઝિયાદારી તથા માતમમાં સહાયકર્તા છો, એટલા માટે હું ન તમને જોવું જાઈઝ સમજું છું ન પોતાની સૂરત દેખાડવાનું પસંદ કરું છું !''

### ★ રૂા. ૬૦ તો શું ૬૦ હજાર હોય તો પણ..... ★

આ તો રહી નવાબોની વાત ! પરંતુ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ દીનદાર લોકોનાં નઝરાણા પણ ન સ્વીકાર્યા, અથવા સ્વીકાર્યા તો તેનાથી અધિક કોઈપણ રીતે પરત કરી દીધાં.

અઝીમાબાદ, પટનાના સફર દરમિયાન ક઼ાઝી અબ્દુલ વહ઼ીદ ફિરદૌસીના સસરાએ એક સજાવેલ થાળમાં અમુક તોહફા અને નઝરાણુ પેશ કર્યું. આપે ક઼બૂલ કરવાથી ઈન્કાર કર્યો. યજમાને કહ્યું, હુઝૂર ! સાઈઠ

રૂપિયા છે ! જવાબ મળ્યો, ''સાઈઠ તો શું સાઈઠ હજાર પણ હોય તો પણ ફક઼ીર અલ્લાહના કરમથી (દુનિયાવી દૌલતથી) બેનિયાઝ છે.''

### ★ નઝરાણુ સ્વીકાર્યું તો પણ...... ★

હિ.સ. ૧૩૩૭માં આપ જબલપૂર તશરીફ લઈ ગયા અને ૪ માસ ૪ દિવસ લગભગ ત્યાં રહ્યા. યજમાન મૌલાના શાહ અબ્દુસ્સલામ રઝવીએ એક હજાર રૂપિયા નઝરાણુ આપ્યુ. આપે ક઼બૂલ તો કરી લીધુ પરંતુ એનાથી કેટલા ઘણુ અધિક રોકડ અને સોનાના ઝવેરાત યજમાન અને તેમનાં બાળબચ્ચાંઓ માટે આપી દીધા !''

બેસલપૂરના સફરમાં આપને નઝરાણા રજૂ કરવામાં આવ્યાં તો આપે એ સૌ નઅતખ્વાનોમાં વહેંચી દીધાં.

### ★ ઔલાદ પણ બાપના માર્ગે ★

ફળ પોતાના વૃક્ષથી ઓળખવામાં આવે છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના મોટા સાહબઝાદા હઝરત હામિદ રઝા ખાન رحمۃ اللہ علیہ હતા. હૈદરાબાદ દક્કનના નિઝામે હૈદરાબાદ પધારવા આમંત્રણ આપ્યું અને ક઼ાઝીયુલ કુઝાત, ચિફ જસ્ટિસનું પદ સ્વીકારવા રજૂઆત કરીને ઘણો જ આગ્રહ કર્યો, પરંતુ આપે જવાબ આપ્યો, હું જે ખુદાએ કરીમની ચોખટનો ફક઼ીર છું, મારા માટે એ જ કાફી છે.

હઝરત મૌલાના ઈબ્રાહીમ રઝાખાન (અલ્લામા હામિદ રઝાખાનના સાહબઝાદા અને ઈમામ અહમદ રઝાખાન رحمۃ اللہ علیہના પૌત્ર) પોતાના ખર્ચે પાસ પડોશના ગામડાંઓ તથા દૂર દૂરના શહેરોમાં દીની જલ્સાઓ કરાવતા. આપ મદ્રસાના મંઝરે ઈસ્લામ (બરેલી શરીફ)ના વ્યવસ્થાપક હતા. ઘણીવાર એવું પણ બન્યું કે મદ્રસાના ખર્ચા માટે પોતાના ઘરનો સામાન અને ઘરેણા પણ વેચી દીધાં !

### ★ ફત્વા માટે મહેનતાણુ નથી લેતા ! ★

મૌલાના સૈયદ શાહ હમીદુર્રહમાન રઝવી નવાખાલી,

બાંગલાદેશના મશ્હૂર આલિમે દીન તથા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના શાગિર્દ અને અક઼ીદતમંદ હતા. તેમણે પહેલી ઝિલ હજ્જ હિ.સ. ૧૩૩૯માં અમુક દીની મસાઈલ વિશે પત્ર લખ્યો. તેમાં લખ્યું કે એક રૂપિયો મારા ઉસ્તાદની ખિદમત અર્થે રવાના કરું છું. આપે જવાબમાં લખ્યું, મસ્અલાનો જવાબ હાજર છે. અલ્હમ્દુલિલ્લાહ ! આપનો રૂપિયો ન આવ્યો અને ન આવતો ! એક લાખ રૂપિયા પણ હોતા તો પણ બેઅવનિહી તઆલા પરત કરવામાં આવતા ! બિહમ્દિહિ તઆલા અહીંયાં ન રિશ્વત (લાંચ) લેવામાં આવે છે ન ફત્વા પર ઉઝરત (મહેનતાણુ) લેવામાં આવે છે.

કલકત્તાથી હાજી નાદિર અલી સાહબે ફત્વો પૂછયો જેમાં લખ્યું હતું, ખર્ચ વગેરે માટે તો ગુલામ ખિદમત માટે હાજર છે. આપે જવાબમાં લખ્યું, અહીંયાં ફત્વા પર કોઈ ખર્ચ લેવામાં નથી આવતો, ન તેને પોતાના હક્ક઼માં જાઈઝ સમજવામાં આવે છે.

ગોજરખાન, રાવલપીંડીથી મુહમ્મદ સાહબે ઘણીવાર પત્ર વ્યવહાર દ્વારા મસાઈલના જવાબ પૂછયા અને દરેકવાર ઉઝરતની વાત કરી, તો એમને જવાબ મળે છે : કાગળની કિંમત વિશે પહેલાં તમને લખી જણાવી દેવામાં આવ્યું કે અહીંયાં અલ્લાહના માટે ફત્વા આપવામાં આવે છે, ફત્વા(ની ઉઝરત લઈ) વેચવામાં નથી આવતા. હવે પછી કદી પણ આ (ઉઝરત અને કિંમત વગેરેની વાત) શબ્દો ન લખશો.

તલ્હર, શાહજહાંપૂરથી મૌલાના અબ્દુલગફ્ફાર ખાને એક મસ્અલો પૂછયો. તેના જવાબમાં ફર્માવ્યું, બિફઝલિહી તઆલા ! આ ફક઼ીર ગ઼ની (માલદાર) છે, ખૈરાતની રક઼મ નથી લઈ શકતો.

મૌલાના મુહર્રમ અલી ચિશ્તી સાબરી (સદર : અંજુમને નોઅમાનિયા–લાહોર)ને સંબોધીને ફર્માવે છે, પોતાનાથી જેને વધારે જોયો, જો દુનિયાની માલમત્તામાં વધારે છે તો દિલે અંદરથી તેને હકીર સમજ્યો.

## ★ મારો બદલો તો પરવરદિગાર પર છે ★

પટ્યાલાના શૈખ શેર મુહમ્મદ સાહબના જવાબમાં ફર્માવે છે, બિહમ્દિહી તઆલા અહીંયા ફત્વા પર ફી નથી લેવામાં આવતી. બિફઝલિહી તઆલા સમગ્ર હિંદુસ્તાન તથા અન્ય દેશો જેમ કે ચીન, આફ્રિકા, અમેરિકા, અરબ શરીફ તથા ઈરાક઼થી ઈસ્તિફતા આવે છે અને એક સમયમાં ચાર ચાર સો ફત્વા ભેગા થઈ જાય છે. બિહમ્દિહી તઆલા ! હઝરત જદ્દે અમજદ رحمۃ اللہ علیہના સમયથી લઈ આ હિ.સ. ૧૩૩૭ સુધી અહીંયાથી ફત્વા (શરઈ હુકમ સાદર થવાને) જારી થવાને ૯૧ વરસ અને ખૂદ મુઝ ફક઼ીરના ક઼લમથી ફત્વા નીકળવાને ૫૧ વરસ થશે. એટલે કે આ સફરની ૧૪ તારીખે ૫૦ વરસ ૬ મહિના થયા. આ ૯૧ વરસમાં કેટલા હજાર ફત્વા લખવામાં આવ્યા. ૧૨ દળદાર સંગ્રહ તો માત્ર મુઝ ફક઼ીરના ફત્વાઓના છે. બિહમ્દિલ્લાહ ! અહીંયાં કદી એક પૈસો લેવામાં નથી આવ્યો, ન લેવામાં આવશે. બિઅવનિહી તઆલા વ લહુલ હમ્દ. ખબર નહીં ! કોણ લોકો આવા નીચ પ્રકૃતિના છે જેમણે આ કમાણીનું સાધન બનાવી લીધુ છે જેના કારણે દૂર દૂરના અજાણ મુસલમાનો કેટલીયેવાર પૂછી ચૂક્યા છે કે (ફત્વાની) ફી કેટલી થશે ? ભાઈઓ ! :–

وَمَآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ اِنْ اَجْرِىَ اِلَّا عَلٰى رَبِّ الْعٰلَمِيْنَ

"હું એના પર કોઈ બદલો નથી માંગતો, મારો બદલો તો સમગ્ર જગતના પરવરદિગાર પર છે." *(પારા : ૧૯, શુઅરા : ૧૨૭)*

## ★ જિંદગીની પળેપળ દીન માટે વક઼્ફ ★

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની એક એક ક્ષણ દીનની ખિદમતમાં વ્યસ્ત હતી આપ ફર્માવે છે : જે ઈચ્છે અને જેટલા દિવસ ઈચ્છે ફક઼ીરને ત્યાં રહે મહિના બે મહિના, વર્ષ બે વર્ષ અને ફક઼ીરની જે મિનિટ ખાલી જુએ અથવા જ્યારે ફક઼ીરને કોઈ પોતાનું કાર્ય કરતાં જુએ તુરંત પકડ કરે કે તું આટલીવારમાં બીજુ કામ કરી શકત.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પોતાના રબ عزوجل અને પોતાના

રસૂલ ﷺના ઈશ્કો મહોબ્બતમાં સરશાર થઈ પોતે તો દુનિયાની મહોબ્બતથી આઝાદ રહ્યા પોતાની ઔલાદ, શાગિર્દો, મુરીદો, ખુલ્ફા, અકીદતમંદો તથા ઉલ્માને પણ સખત તાકીદ કરતાં ફર્માવે છે : અહિંયા અલ્હમ્દુલિલ્લાહ ! દીનની ખિદમતને કદી કમાઈનું સાધન બનાવવામાં ન આવ્યું ન હન્ફી ઉલ્માએ શરીઅત અથવા બિરાદરાને તરીકતને કોઈ એની હિદાયત કરવામાં આવી. બલ્કે તાકીદ અને સખત તાકીદ કરવામાં આવે છે કે માંગવુ તો દૂરની વાત, સુન્નત (દીન)ના પ્રચાર–પ્રસારમાં માલી ફાયદાનો વિચાર પણ દિલમાં ન લાવે જેથી એમની ખિદમત કેવળ અલ્લાહના માટે થાય.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની શાયરી અને કાવ્ય રચનામાં પણ દુનિયાથી બેરગબતીનું વર્ણન મળે છે. આકાએ કરીમ ﷺની બારગાહમાં દુનિયાના ગમ અને ફિકરથી છુટકારા માટે આ રીતે અર્ઝ કરે છે યા રસૂલલ્લાહ ! ﷺ

**કાંટા મેરે જિગર સે ગ઼મે રોઝગાર કા**
**યું ખીંચ લીજીયે કે જિગર કો ખબર ન હો**

*(હવાલા : ફતાવા રઝવિય્યહ્, હયાતે આ'લા હઝરત, જહાને ઈમામ રબ્બાની...વગેરે બહવાલા અશ્રફિયા મંથલી, ડિસેમ્બર : ૨૦૧૦, અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક એપ્રિલ–૨૦૧૧, બરકાતે ખ્વાજા–માસિક, તંત્રી લેખ)*

# ઈમામ અહમદ રઝા અને દીનની દા'વતનો દષ્ટિકોણ

મુજદ્દિદે આ'ઝમ, ફકીહે ઈસ્લામ, ઈમામે એહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરકાતી رحمۃ اللہ علیہ (હિ.સ. ૧૨૭૨–૧૪૩૦)ની સર્વ ક્ષેત્રિય તથા માનને પાત્ર શખ્સિયત કોઈ ઓળખ, વિવેચન કે તર્જુમાની મોહતાજ નથી. આપે પૂરી જિંદગી દીનની તબ્લીગ તથા તેને ફેલાવવામાં વક્ફ કરી આપી. નબળાં પડેલાં દિલોમાં ઈશ્કે નબવી صلی اللہ علیہ وسلمનો ચિરાગ જલાવ્યો. ઈસ્લામી નિશાનીઓની રક્ષા તથા સલામતીના માટે કલમી જેહાદ કર્યો, મુસ્લિમ ઉમ્મતના અકીદાઓને મજબૂતી અતા કરી, ખુદા વ રસૂલની જાત પર, અહલે સુન્નતના મામૂલાત પર અને અકીદાઓના મસ્અલા પર થનારા હુમ્લાઓનો ભરપૂર સામનો કર્યો. આપનાં ઈલ્મી તથા ફિકહી તરી આવતાં કારનામાં અને દીની તથા મિલ્લી મહાન ખિદમતો સોનેરી પાણી વડે લખવા પાત્ર છે જેના પર વિશ્વની ઉચ્ચ યુનિવર્સિટીઓમાં સંશોધનનો ક્રમ ચાલુ છે[૧]. આપની વિશ્વ વિખ્યાત શખ્સિયતના નિત નવાં પાસાંઓ સામે આવી રહ્યાં છે, આપના ચમકતાં નિશાનોથી ઈસ્લામી જગત ચમકી રહ્યું છે[૨].

મઝહબની પ્રગતિ તથા મજબૂતીમાં ઈમામ અહમદ રઝાની તા'લીમાત તથા વિશ્વવ્યાપી જાત માઈલ સ્ટોનનો દરજો ધરાવે છે જેના ખુશ્નૂમા તથા રંગબેરંગી કિરણો વડે આખુ ઈસ્લામી જગત માર્ગદર્શન હાંસલ કરી રહેલ છે.

"ઈમામ અહમદ રઝાની જાત એક ભરચક સમુદ્ર અને રોશન સૂરજ તથા ચંદ્ર છે જેનાં મોજાંઓ તથા કિરણોની ગણત્રી કરવી શક્ય નથી[૩].

હઝરત અલ્લામા સૈયદ આલે રસૂલ હસ્નૈન મિયાં નઝમી મારહરવી ફર્માવે છે :–

''ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો એ કમાલ નથી કે અક઼્લી તથા નક઼્લી ઈલ્મોના નિષ્ણાત હતા, એ પણ કમાલ નથી કે તે ખૂબ જ ઉચ્ચ પાયાના ફિલોસોફર હતા, એ પણ કમાલ નથી કે ગણિત શાસ્ત્ર તથા આંકડાશાસ્ત્રના રહસ્યોના જાણનાર હતા, એ પણ કમાલ નથી કે ફ઼િક઼્હના ક્ષિતિજના ચમકતા સૂરજ હતા, એ પણ કમાલ નથી કે અરબી, ફારસી, ઉર્દૂ તથા હિન્દીમાં સરસ શાયરી કરતા હતા, પણ કમાલ તો એ છે કે તે સર્વ ખૂબીઓના સંગમ હતા જે વ્યક્તિગત રીતે અન્ય લોકોમાં ગર્વમય શાન તથા મહાનતાનો સબબ બન્યા કરે છે.''[૪]

## ★ દા'વતની હક઼ીક઼ત તથા સાચો ભાવાર્થ ★

દા'વતનો તરીક઼ો અને તેના પાયાના સિદ્ધાંતો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની દૃષ્ટિમાં કયા હતા ? આપની તા'લીમાતથી શું નિર્દેશ મળે છે ? એના મહત્વ તથા ફાયદાઓના સંબંધે આપે કયો સિદ્ધાંત રજૂ કર્યો ? નીચે વિષયવાર રજૂ કરેલ ક્રમમાં એ સર્વ વાતો પર થોડીક વિગતવાર ચર્ચા રજૂ કરવામાં આવેલી છે.

દા'વત તથા તબ્લીગ એક મહત્વનો મઝહબી ફરીઝો છે જે ઈમાનવાળાઓને ખુદાવંદે કુદુસની તરફથી અર્પણ થયો છે. કુર્આન મજીદની ઘણી બધી આયતો અને હદીષો એના માટે સાક્ષી છે. ખૂદ ઉમ્મતે મુહમ્મદિયાની અફઝલિયત તથા ઉચ્ચતા તેમજ શાન તથા અઝમતની સ્પષ્ટતામાં કુર્આને કરીમમાં ''અમ્ર બિલ્ મઅરૂફ વ નહીં અનિલ મુન્કર'' જેવી ખૂબીઓનો ઉલ્લેખ થયો[૫]. અંબિયાએ કિરામ અને મહાન રસૂલોની બઅષત તથા આગમનનો હેતુ અલ્લાહ પ્રતિની દા'વતનો હતો[૬]. શક્તિ અનુસાર આસપાસમાં ફેલાયેલ મુન્કિરાત (નાફર્માનીઓ)નો ખાત્મો તથા શરીઅત વિરુદ્ધ વાતોનો અવરોધ તથા ક઼ૌમની રહનુમાઈ એ ખૂબ જ જરૂરી કામો છે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ક઼ાદરી બરકાતી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"શરીઅત વિરુદ્ધ થતાં કામોને દૂર કરવાં યથાશક્તિ ફર્ઝ છે."[૭]

વધુમાં ફર્માવે છે : "અમ્ર બિલ મઅરૂફ વ નહીં અનિલ મુન્કર (સારી વાતોનો હુકમ કરવો બુરી વાતોથી રોકવું)એ જરૂરથી કુર્આની કતઈ દલીલો (આયતો)થી મહત્વના દીની ફર્ઝોમાંથી છે અને વાજિબ હોવાની સ્થિતિમાં તેને ત્યજનાર પાપી તથા ગુનેહગાર તથા એ નાફર્માનોની જેમ પોતે પણ દુનિયવી તથા ઉખરવી અઝાબનો હક્કદાર છે. પુષ્કળ હદીષો આ અર્થ પર સાક્ષી છે."[૮]

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضي الله عنهથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, એવું નથી ખુદાની કસમ ! ક્યાં તો તમે જરૂર "સારી વાતોનો હુકમ" કરશો, જરૂર "બુરી વાતોથી રોકશો" અથવા જરૂર અલ્લાહ તઆલા તમારાં દિલ એકબીજા પર મારશે પછી તમારા સર્વ પર પોતાની લા'નત ઉતારશે જેવી રીતે તે બની ઈસ્રાઈલ પર ઉતારી."[૯]

દા'વત તથા તબ્લીગનું મહત્વનું તથા લાભદાયી હોવું તો સિદ્ધહસ્ત છે જ પણ એનાથી વિશેષ મહત્વ તે અનિવાર્ય બાબતોનું છે જેને અંજામ આપવા આ અમલ અતિશય જરૂરી છે. આ ક્ષેત્ર ઘણુ જ મુશ્કેલીઓથી ભરપુર અને કાંટાળુ છે જેને પાર પાડવા હિકમતપૂર્ણ કાર્ય, નસીહતયમય વર્ણન પદ્ધતિ અપનાવવી તેમજ વર્તમાનકાળના તકાઝાઓને દષ્ટિ સમક્ષ રાખવા અને બેહતરીન તદબીરોને અમલમાં લાવવું ખૂબ જ જરૂરી છે.

રબ તઆલાનો ઈર્શાદ છે : "તમારા રબના માર્ગની તરફ બોલાવો મજબૂત તદબીર અને સારી નસીહત થકી."[૧૦] એ જ કારણે હદીષ શરીફમાં હુકમ આપવામાં આવ્યો કે તબ્લીગ સામેવાળાઓની સ્થિતિના પ્રમાણે હોવી જોઈએ. આ'લા હઝરત رحمة الله عليهએ ફતાવા રઝવિય્યહમાં આ પ્રકારની કેટલીયે હદીષો વર્ણન કરી છે.[૧૧]

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضي الله عنهماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જ્યારે તું કોઈ કૌમની સમક્ષ તે

વાતો બયાન કરીશ જેના સુધી તેમની બુદ્ધિઓ ન પહોંચે તો જરૂર કોઈના પર ફિત્નો બનશે.''[૧૨]

દીનના પ્રચાર તથા પ્રસારમાં હિકમત તથા નસીહત, નમ્રતા તથા નરમાશ, ખુશ અખ્લાકી તથા નમ્ર વર્તાવને આત્માનો દરજ્જો હાંસલ છે એટલા માટે કે ગંભીર વાણી દિલ પર અસરકર્તા હોય છે અને દિમાગો ખૂદ બખૂદ તેના તરફ વળે છે. એથી ઉલ્ટુ ગંભીરતા વિનાની તથા ઉશ્કેરાટવાળી તથા કડકાઈપૂર્ણ વાણી પદ્ધતિથી કામ બનવાને બદલે બગડી જાય છે અને એનાથી નકારાત્મક અસરો ઉપસ્થિત થાય છે. નરમાશના ફાયદાઓના બારામાં ઈમામે અહલે સુન્નત ઈર્શાદ ફર્માવે છે :–

''જુઓ ! નરમાશના જે ફાયદાઓ છે તે સખ્તીમાં કદી પણ નથી મળી શકતા. જો એ વ્યક્તિ સાથે કડકાઈથી વર્તવામાં આવત તો કદી પણ આ વાત ન બનતી. જે લોકોના અકીદા બદ્‌મઝહબ હોય તેમની સાથે નમ્રતાથી વર્તાવ કરવામાં આવે કે જેથી તેઓ ઠીક થઈ જાય. આ જેઓ વહાબીઓમાં મોટા મોટા છે તેમની સાથે પ્રારંભમાં નરમી વર્તવામાં આવી.''[૧૩]

પોતાના એક ફત્વામાં લખે છે :–

''શરીઅતના હેતુઓના નિષ્ણાત સારી પેઠે જાણે છે કે શરીઅત પાક નરમી તથા આસાની પસંદ કરે છે ન મઆઝલ્લાહ ! મુશ્કેલી તથા કડકાઈ.''[૧૪]

લોકોને બુરાઈઓથી રોકવા અને સારી વાતોનો હુકમ આપવામાં અલ્લાહની હદોની કાળજી તથા તેનો લેહાઝ રાખવો અનિવાર્ય છે. નિરર્થક પૂર્વગ્રહ તથા કડક વલણવાળી વાણી સખત નુકસાન ઉભુ કરે છે. ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''અમ્ર બિલ મઅરૂફ વ નહી અનિલ મુન્કર (સારી વાતોનો હુકમ કરવો અને બુરી વાતોથી રોકવું) મુસલમાનોની ઉમદા નિશાની છે. આ નેક કામમાં ઘણા લોકો અલ્લાહની હદોનો ખયાલ નથી કરતા અને

પૂર્વગ્રહને એટલે સુધી નિભાવે છે કે એમનો ગુનોહ એ જાહિલોના ગુનાહોથી અનંતગણો વધી જાય છે જેમના માટે એ પ્રેમાળ નસીહત કરનારા બન્યા હતા.''૧૫

માં બાપ સાથે સદ્‌વર્તાવની તાકીદ કુર્આન તથા હદીષમાં સ્પષ્ટ શબ્દોમાં કરવામાં આવી છે. તેમની દિલદારી તથા આજ્ઞાપાલન હર હાલતમાં અનિવાર્ય છે. હા, જો એ દિલદારી તથા આજ્ઞાપાલન શરઈ બાબતોમાં આડરૂપ હોય તો જાઈઝ નથી. માં બાપ જો શરીઅત વિરુદ્ધ કામ પણ કરે તો તેમને તેનાથી રોકવા તથા દૂર કરવા માટે સખતીથી વર્તવાની મનાઈ છે બલ્કે નરમી તથા તેમનું માન સાચવવું હર હાલતમાં જરૂરી છે.

આ હક઼ીક઼તનો નિર્દેશ કરતાં લખે છે :–

''અમરો નેહી (સારી વાતનો હુકમ, બુરી વાતથી રોકવું)માં માં બાપ સાથે કડક વાણીથી વર્તવું જાઈઝ નથી.''૧૬

''માં બાપનું આજ્ઞાપાલન જાઈઝ વાતોમાં ફર્ઝ છે, ભલે તેઓ પોતે કબીરા ગુનાહોમાં પડેલા હોય. તેમના કબીરા ગુનાહોનો વબાલ તેમના માથે છે પણ એના સબબે આ જાઈઝ બાબતોમાં તેમના આજ્ઞાપાલનથી બહાર નથી થઈ શકતા. હા ! જો તેઓ કોઈ નાજાઈઝ વાતનો હુકમ કરે તો એમાં તેમનું આજ્ઞાપાલન જાઈઝ નથી. لا طاعة لأحد فی معصية الله تعالیٰ માં બાપ જો ગુનાહો કરતાં હોય તો તેમને ખૂબ નરમી તથા અદબપૂર્વક વિનંતિ કરે, જો માની જાય તો બેહતર, નહીં તો સખ્તી નથી કરી શકતા, બલ્કે ગીબત (તેમની ગૈર મૌજૂદગી)માં તેમના માટે દુઆ કરે.''૧૭

ગુનાહોના ખાત્મા તથા બુરી વાતોના પ્રતિકારમાં જેહાદ ખૂબ જ અસરકર્તા ઝરીયો છે અને બુરી વાતોને દૂર કરવા માટે ખૂબ જ મહત્વનો રોલ અદા કરે છે. ઈમામ અહમદ રઝા ક઼ાદરી رحمۃ اللہ علیہ જેહાદનું વર્ગીકરણ કરતાં લખે છે :–

''જેહાદ એ બુરાઈ દૂર કરવાનો મહાન સબબ છે, તેનું વિભાજન ત્રણ પ્રકારો પર છે : સનાની, લિસાની, જનાની (હાથ વડે, જીભ વડે, દિલથી બુરુ જાણીને) જનાની એટલે કુફ્ર તથા બિદઅત તથા ગુનાહનાં કામોને દિલથી બુરુ જાણવું એ દરેક કાફિર, બિદઅતી તથા ફાસિક પ્રતિ છે અને દરેક મુસલમાને કે જે ઈસ્લામ પર કાયમ થયો તેણે કરવાનું છે. પરંતુ જેણે ઈસ્લામને સલામ અને અને પોતે પોતાને કાફિરો તથા મુશ્રિકોનો ગુલામ કર્યો તેમનો માર્ગ અલગ છે, તેમનો દીન ગૈર દીને ખુદા છે. અને લિસાની (જીભ વડે રોકવું) કે જીભ તથા કલમ વડે રદિયો બિહમ્દિહી તઆલા દીનના ખાદિમો હમેશાંથી કરી રહ્યા છે અને અલ્લાહ તઆલાની મદદ એમાં સામેલ રહી તો અંતિમ શ્વાસ સુધી કરીશું. વહાબીઓ, નેચરીઓ, દેવબંદીઓ, કાદયાનીઓ, રાફઝીઓ, ગૈર મુકલ્લિદો, નદવીઓ, આર્યો, ઈસાઈઓ વગેરેની રદ કરી અને હવે ગાંધવીઓથી ટક્કર ચાલુ છે. હક્કની તરફ બોલાવતા અને બાતિલને બાતિલ કરી દેખાડે છે અને મુસલમાનોને ગુમરાહ કરનારાઓથી બચાવે છે. વલિલ્લાહિલ્ હમ્દ. આગળ હિદાયત રબ ﷻના હાથમાં છે.''૧૮

આ મહત્વના તથા અગત્યના કામમાં પોતાના નિયમોનો ઉલ્લેખ કરતાં લખે છે :–

''ગુમરાહોને દફેઅ કરવામાં જે કાંઈ હકીરથી બની શકે છે બિહમ્દિહી તઆલા ૧૪ વરસની ઉમરથી એમાં વ્યસ્ત છે અને મારા રબ્બેકરીમને કરમ કરવા બદલ હમ્દ કે એણે મારી વિસાત, મારા હોસલા, મારા કામોથી હજારો વિશેષ એનાથી લાભ અર્પ્યો છે.''૧૯

આપે આખુ જીવન દીન તથા મઝહબના પ્રચારમાં ગુજાર્યું, બદ્મઝહબોની ભરપૂર રદ કરી, હજારથી અધિક કિતાબ તથા પુસ્તિકાઓ લખી, લેખનકાર્ય તથા તકરીર અને વાઅઝ તથા નસીહત બલ્કે પોતાના કિરદાર તથા અમલ, મામૂલાત તથા તા'લીમાત થકી ઈસ્લામ ધર્મની પુષ્કળ ખિદમત અંજામ આપી અને હમેશાં હર વખત ઉમ્મતની ફિકરમાં લાગેલા રહ્યા.

દીનની તબ્લીગના માટે જોઈએ તેવું કામ ન થવાના કારણે પોતાનું દર્દે દિલ કાંઈક આ પ્રમાણે વર્ણવે છે :–

''મહાન ઉણપ અમીરોની નિષ્કાળજી તથા નાણાની અછતની છે. હદીષનો ઈર્શાદ છે કે, 'એ જમાનો આવશે કે દીનનું કામ પણ રૂપિયા વિના ચાલશે નહીં.' કોઈ આલીશાન મદરસો તો તમારા હાથમાં છે નથી ! કોઈ વર્તમાન પત્ર, પેપર આપના ત્યાં છે નથી, જેઓ કાંઈ (દીનનું) કરવા શક્તિમાન છે તેઓ રોજી રોટીની ચિંતાથી મુક્ત નથી અને જેઓ રોજી રોટીની ચિંતાથી મુક્ત છે તેઓ કામને પાત્ર નથી ! અમુકે જિગરનું લોહી બાળીને કિતાબ લખી તો છપાઈ કઈ રીતે ?! કોઈ રીતે કાંઈ છપાયું તો ફેલાઈ કઈ રીતે ?''[૨૦]

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ખૂદ પોતાની શાણપણભર્યી કાર્યશૈલી તથા મુદબ્બિરાના સમજાવટ થકી દા'વતની પદ્ધતિની ઓળખ આપી અને સામેવાળાની પરિસ્થિતિને પારખીને દીનની તબ્લીગના માટે દષ્ટિકોણ નિશ્ચિત કર્યો. એક સૈયદ સાહબની ઈસ્લાહ (સુધારણ)નો ઈમાન અફરોઝ પ્રસંગ જોઈ લો ! ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ લખે છે :–

''એક સાહબ સાદાતે કિરામમાંથી મોટા ભાગે મારી પાસે તશરીફ લાવતા અને ગરીબી તથા મુફલિસીની ફરિયાદ કરતા રહેતા. એકવાર ખૂબ જ પરેશાન હાલતમાં આવ્યા. મેં તેમને પૂછયું કે, ''જે સ્ત્રીને બાપે તલાક઼ આપી દીધી હોય તે પુત્રને હલાલ થઈ શકે છે ?'' સૈયદ સાહબે ફર્માવ્યું, નહીં ! તો મેં કહ્યું, હઝરત અમીરુલ મો'મિનીન મૌલા અલી کرم اللہ تعالٰی وجہہ الکریم એ જેમની તમે ઔલાદ છો એકાંતમાં પોતાના મુબારક ચહેરા પર હાથ ફેરવીને ઈર્શાદ ફર્માવ્યો, ''હે દુનિયા ! કોઈ અન્યને ધોકો આપ ! મેં તને તલાક઼ આપી દીધી છે જેમાં કદી રજઅત (પાછા ખેંચવું) નથી !'' તો પછી સાદાતે કિરામનું ગરીબ હોવું શું આશ્ચર્યજનક વાત છે ?! સૈયદ સાહબે ફર્માવ્યું, ખુદાની ક઼સમ ! મને સંતોષ થઈ ગયો ! તે હજી હયાત મૌજૂદ છે, તે દિવસથી કદી ફરિયાદી ન બન્યા.''[૨૧]

વિચારો ! ચિંતન કરો ! કેટલા ખૂબસૂરત કહેવાના અંદાઝ વડે આ'લા હઝરતે સૈયદ સાહબની ઈસ્લાહ કરી અને દીનનો પયગામ આપી દીધો. આ દા'વતનો તરીકો અને કાર્ય પદ્ધતિ આપે નબી કરીમ ﷺના ઉસ્વએ હસના (જીવનના ઉત્તમ નમૂના)થી શીખી, જેમાં સૈયદે આલમ ﷺએ એક યુવાનના ઝિના સંબંધી ઈજાઝત તલબ કરવાના સવાલ પર તેની બુરાઈ તથા ખરાબીથી માહિતગાર કરી આપ્યો, અને નરમ કાર્ય પદ્ધતિથી ઝિનાકારી (વ્યભિચાર) જેવા મહાન ગુનાહને તેની નજરમાં નાપસંદીદા બનાવી દીધો. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ મહાન ઐતિહાસિક બનાવને આ પ્રમાણે વર્ણવ્યો :–

એક શખ્સ હુઝૂરે અકરમ ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારા માટે ઝિના હલાલ કરી આપો ! સહાબાએ કિરામે તેને કત્લ કરવા ચાહ્યું કે ખિદમતે અક્દસમાં હાજર થઈને આવા ગુસ્તાખીના શબ્દો કહ્યા ! હુઝૂરે મના ફર્માવ્યું અને તેને ફર્માવ્યું, નજીક આવ ! તે નજીક આવ્યા. અધિક નજીક કર્યા ત્યાં સુધી કે તેમના મુબારક ગુથણોથી અડી ગયા. ત્યારે ઈર્શાદ ફર્માવ્યો, **"શું તું ચાહે છે કે તારી માં સાથે કોઈ ઝિના (વ્યભિચાર) કરે ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, તારી પુત્રી સાથે ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, તારી બહેન સાથે ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, તારી ફોઈ સાથે ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, તારી માસી સાથે ? અર્ઝ કરી, નહીં ! તો આપે ફર્માવ્યું કે, તું જેની સાથે ઝિના કરીશ તે તેણી છેવટે તો કોઈની માં અથવા પુત્રી અથવા બહેન અથવા ફોઈ અથવા માસી હશે."** એટલે જે વાત તું તારા માટે પસંદ કરે છે તે અન્ય માટે કેમ પસંદ નથી કરતો ?! હુઝૂરે દસ્તે અક્દસ તેમની છાતી પર મારીને દુઆ ફર્માવી કે, "ઈલાહી ! ઝિનાની મહોબ્બત તેના દિલેથી કાઢી નાખ!" તે સાહબ કહે છે કે જ્યારે હાજર થયો હતો તો ઝિનાની મહોબ્બતથી અધિક પ્રિય મારી નજીક કોઈ ચીજ ન હતી, અને હવે એનાથી વધારે કોઈ ચીજથી મને નફરત નથી."[૨૨] આ હદીષે પાક

(મુન્સદે ઈમામ અહમદ બિન હંબલ, ૫/૨૫૬)માં મૌજૂદ છે.

ઈમામ અહમદ રઝાએ આ પદ્ધતિના અન્ય બનાવો પોતાની કિતાબો તથા પુસ્તિકાઓમાં લખ્યા છે અને વઅઝ તથા નસીહતમાં વર્ણન કર્યા છે જેનાથી એ દૃષ્ટિકોણ મળે છે કે દા'વતનું મહત્વ શું છે અને તેની રજૂઆતનો તરીક઼ો તથા અસરકારક તદબીરો કેટલો પ્રભાવ ધરાવે છે. એટલા માટે આપણા પર લાઝિમ છે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ જે તા'લીમાત આપણને એનાયત કરી છે તેના વડે દુનિયાની ક઼ૌમોને આકર્ષિત કરીએ અને દા'વત તથા તબ્લીગનો જે દૃષ્ટિકોણ રજૂ કર્યો છે તેની રોશનીમાં મુસ્લિમ ઉમ્મતની યોગ્ય રહનુમાઈ કરીએ.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિકનો દા'વત નંબર,*
*અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક*
*મે–૨૦૦૯, બરકાતે ખ્વાજા–માસિક)*

---

**હવાલા** : **૧.** ઈમામ અહમદ રઝા ક઼ાદરી ઔર આલમી જામિઆત, અઝ : પ્રો. મસ્ઊદ અહમદ કરાંચી, **૨.** હયાતે રઝા કી નઈ જેહતેં, ડો. ગુલામ જાબિર શમ્સ મિસ્બાહી, **૩.** પ્રો. મસ્ઊદ અહમદ, ચશ્મો ચિરાગે ખાનદાને બરકાતિયા, નૂરી મિશન માલેગાંવ, પેજ–૭, **૪.** મૌલાના અબ્દુસ્સત્તાર હમદાણી, કહી અન કહી, મુક઼દમા, નૂરી મિશન માલેગાંવ, પેજ–૨, **૫.** અલકુર્આનિલ કરીમ, આલે ઈમરાન, આ. ૧૧૦, **૬.** તફસીરે ઈબ્ને અબ્બાસ, પેજ–૨૭૦, **૭.** ઈમામ અહમદ રઝા ક઼ાદરી, ફતાવા રઝવિય્યહ્, ૯/૧૬૯, રઝા એકેડમી મુંબઈ, **૮.** ફતાવા રઝવિય્યહ, ૯/૨૧૫, **૧૦.** સૂ. નહલ–૧૨૫, **૧૧.** ઈમામ અહમદ રઝા કાદરી, જામિઉલ અહાદીષ, ૧/૧૯૩, **૧૨.** ઈમામ જલાલુદ્દીન સિયૂતી, જામેઅ સગ઼ીર, ૨/૪૭૯, **૧૩.** મૌલાના મુહમ્મદ મુસ્તફા રઝા નૂરી, અલ્ મલ્ફૂઝ, ૧/૩૨, **૧૪.** ફતાવા રઝવિય્યહ, મુતર્જમ, ૧/૧૫૧, પોરબંદર, **૧૫.** ફતાવા રઝવિય્યહ મુતર્જમ, ૧૧/૧૦૯, પોરંબદર, **૧૬.** ફતાવા રઝવિય્યહ, નિસ્ફ આખિર, ૯/૨૬૧, **૧૭.** ફતાવા રઝવિય્યહ, ૯/૯૬, મુંબઈ, **૧૮.** અલ્ મુહજ્જતુલ મુઅ્તિમિનતિ ફી આયાતિલ મુમ્તહિના, પેજ–૯૪, ઈમામ અહમદ રઝા ક઼ાદરી, **૧૯.** ફતાવા રઝવિય્યહ, ૧૨/૧૩૩, મુંબઈ **૨૦.** ૧૯ મુજબ, **૨૧.** મલ્ફૂઝાત, ૧/૬૩ મુસ્તફા રઝા નૂરી, **૨૨.** ૧/૬૩ આગળ મુજબ, **૨૩.** કુલ્લિયાતે મકાતિબે રઝા, ૧/૩૮૮

## "અહદનામા"ની શરઈ હૈસિયત તથા"શબિસ્તાને રઝા"ના અમુક અમલ તથા તાવીઝની હક઼ીક઼ત

**(૦૧)** અહદનામા તથા શજરા શરીફ મુડદાની સાથે ક઼બ્રમાં રાખવું કેવું ? (મના કરનારાઓ મુડદાના ફાટયા પછી ગંદકી વગેરેમાં ખરડાવાની ધારણાથી લોકોને રોકે છે.)

**(૦૨)** નૂરી શમ્એ શબિસ્તાને રઝા, ભાગ–૨, પેજ–૯૧ (સંપાદક : ઈકબાલ અહમદ નૂરી)એ અહદનામાની ફઝીલત મહાન મહાન સહાબાએ કિરામથી નક઼લ કરી છે જેમાં હઝરત અબૂબક્ર સિદ્દીક઼, હઝરત જાબિર, ખાતૂને જન્નત, મૌલા અલી رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَની રિવાયતો રજૂ કરી છે. તો આ હદીષો ક્યાંથી સાબિત છે ?

**(૦૩)** જે અહદનામાની હદીષનો ઈન્કાર કરે એના પર શો હુકમ છે ? તેમજ ફી સબીલિલ્લાહ દુઆ તાવીઝ કરનારાઓની પાછળ નમાઝનો શું હુકમ છે ?

**(૦૪)** અમલિયાત, ઝાડફૂંક કરવું ઈસ્લામથી સાબિત છે ?

**(૦૫)** જો કોઈ "શમ્એ શબીસ્તાને રઝા"ને નિરર્થક, ગલત તથા બકવાસ કહે એના પર શો હુકમ છે ?

**(૦૬)** દુઆ તાવીઝ કરવા માટે હદિયા લઈ શકે કે નહીં ?

હવાલા તથા દષ્ટાંત સાથે જલ્દી જવાબ આપશો તો મહેરબાની થશે.

**પ્રશ્નકર્તા** : *મુહમ્મદ નિઝામુદ્દીન, જામેઅ મસ્જિદ, મુહલદાર મુહલ્લા, મસૂર શીવગઢ, કારદાર*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**(અલજવાબ) ★ જવાબ નં. : ૧ ★**

અહદનામા અથવા શજરા શરીફ કબ્રમાં મૂકવું જાઈઝ છે. નાજાઈઝ માટે કોઈ દલીલ નથી. પરંતુ બેહતર એ છે કે મૈયતના મોઢા સામે કિબ્લા તરફ તાક ખોદીને એમાં મૂકે. બલ્કે દુર્રે મુખ્તારના કર્તા رضی اللہ عنہએ દુર્રે મુખ્તાર, ૨/૨૪૬માં દર્શાવ્યું "પુરૂષની પેશાની અથવા અમામા અથવા કફન પર અહદનામુ લખવાથી એના માટે બખ્શિશની ઉમ્મીદ છે." તેમજ એમાં છે :–

**(અર્થ)** : એક જણે વસિય્યત કરી હતી કે તેમની પેશાની તથા છાતી પર "બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ." લખી આપવામાં આવે, તો લખી દેવામાં આવી. પછી જયારે ખ્વાબમાં જોવામાં આવ્યા તો હાલ પૂછતાં કહ્યું, જયારે મને કબ્રમાં રાખવામાં આવ્યો તો અઝાબના ફરિશ્તા આવ્યા અને મારી પેશાની પર "બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ" લખેલું જોઈને કહ્યું, તને અલ્લાહના અઝાબથી અમાન છે.

વજીઝ ઈમામ કુરદરી કિતાબુલ અહસાનમાં છે : "ઈમામ સિફારે વર્ણવ્યું કે જો મૈયતની પેશાની અથવા અમામો અથવા કફન પર અહદનામુ લખી દેવામાં આવે તો ઉમ્મીદ છે કે અલ્લાહ તઆલા તેને બખ્શી આપે, અને કબ્રના અઝાબથી રક્ષિત રહે.

પછી ફર્માવ્યું : "ઈમામ નસીરે ફર્માવ્યું, આ મૈયતના સાથે અહદનામુ રાખવું જાઈઝ હોવાની રિવાયત છે અને બેશક ! રિવાયત થયું કે ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના તબેલામાં કેટલાક ઘોડાઓની જાંગો પર લખેલું હતું કે "વક્ફ ફી સબીલિલ્લાહ" અને અલ્લામા ઈબ્ને આબિદીન શામીએ શામીમાં એક પ્રકરણ مطلب فيما يكتب على كفن الميت "મૈયતના કફન પર લખવા બારામાં બયાન" રચીને લખ્યું :–

ઈમામ મુહક્કિક ઈબ્ને હજરના ફતાવામાં છે કે, તેમને કફન પણ અહદનામુ લખવા વિશે પૂછવામાં આવ્યું તે આ છે :–

"لَا اِلٰـهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَـهٗ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ۔"

કહેવામાં આવ્યું છે કે આ પણ છે :–

"اَللّٰهُمَّ فَـاطِرَ السَّمٰـوَاتِ وَالْاَرْضِ عَـالِمَ الْغَيْبِ وَالشَّهَادَتِ اَلرَّحْمٰنِ اَلرَّحِيْمِ اِنِّىْ اَعْهَدُ اِلَيْكَ فِىْ هٰـذِهِ الْـحَيٰـوةِ الدُّنْيَا بِاَنَّكَ اَنْتَ اللّٰهُ لَا اِلٰهَ اِلَّا اَنْتَ وَحْدَكَ لَا شَرِيْكَ لَكَ وَاَنَّ مُحَمَّدًا عَبْدُكَ وَرَسُوْلُكَ ﷺ فَلَا تُـكِلْـنِـىْ اِلٰـى نَفْسِىْ تُـقَرِّبْنِىْ مِنَ السُّوْءِ وَتُبْعِدْنِىْ مِنَ الْـخَيْرِ وَاِنِّىْ لَا عَلِقُ اِلَّا بِرَحْمَتِكَ فَاجْعَلْ لِّىْ عَهْدًا عِنْدَكَ تُؤَدِّيْهِ يَوْمَ الْقِيَامَةِ اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادِ۔"

અને શામીમાં છે : "અમુક ઉલમાએ "નવાદિરુલ ઉસૂલ"માં ઈમામ તિર્મિઝીથી તે હદીષ નકલ કરી જેનો તક઼ાઝો એ છે કે આ દુઆ અસ્લ (દલીલ) ધરાવે છે. તેમજ અમુકે નકલ કર્યું કે ઈમામ ફક઼ીહ ઈબ્ને અજીલ એને લખવાનો હુકમ કર્યા કરતા હતા, પછી ખૂદ તેમણે તેને લખવું જાઈઝ હોવા પર ફત્વો આપ્યો એ ક઼યાસ પર કે ઝકાતનાં ચોપગાં (પશુઓ) પર લખવામાં આવતું لِلّٰهِ "લિલ્લાહ" આ અલ્લાહના માટે છે. *(પેજ–૨૪૬, ભાગ–૨)* મહાન મહાન સહાબાએ કિરામ તથા તાબઈને એઝામે એને સમર્થન તથા ટેકો આપ્યો અને લખવાની વસિય્યત કરી. દા.ત. ઈમામે અજલ તાઉસ તાબઈ શાગિર્દે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن થી રિવાયત થયેલ છે કે તેમણે પોતાના કફનમાં અહદનામુ લખવા અંગેની વસિયત કરી અને વસિયત પ્રમાણે તેમના કફનમાં લખવામાં આવ્યું. તેમજ હઝરત કષીર ઈબ્ને અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ કે જેઓ

હુઝૂરે અકદસ رضی اللہ عنہના કાકાના પુત્ર તથા સહાબી છે તેમણે ખૂદ પોતાના કફન પર કલમએ શહાદત લખ્યું. ઈમામ તિર્મિઝી હકીમ ઈલાહી સૈયદી મુહમ્મદ બિન અલી ઈમામ બુખારીના સમકાલિને "નવાદિરુલ ઉસૂલ"માં રિવાયત નકલ કરી કે ખૂદ હુઝૂર પુરનૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : "જો આ દુઆ કોઈ પરચા પર લખીને મૈયતના સીના પર કફન નીચે રાખી દે તો તેને ક઼બ્રનો અઝાબ ન થાય અને ન મુન્કર નકીર નજર આવે, તે દુઆ આ છે :–

"لَا اِلٰـهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا
شَـرِيْكَ لَـهٗ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ لَهُ الْمُلْكُ وَ لَهُ الْحَمْدُ لَا اِلٰهَ
اِلَّا اللّٰهُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ۔"

એ ઉપરાંત અહદનામા તથા શજરા તૈયૈબહ તથા કલ્માએ તયબાહ મૈયતની પેશાની તથા કફન પર લખે અને ક઼બ્રમાં રાખવા માટે ઘણા હનફી ફિક઼હના જુઝિયા મૌજૂદ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**★ જવાબ નં. : ૨ ★**

તિર્મિઝીમાં હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે દરેક નમાઝમાં સલામ બાદ આ દુઆ પઢે એટલે કે "અહદનામુ" તો ફરિશ્તા તેને લખીને મોહર લગાડીને ક઼યામતના માટે રાખી મૂક્શે. જ્યારે અલ્લાહ તઆલા એ બંદાને ક઼બ્રથી ઉઠાડશે તો ફરિશ્તા તે લખેલું સાથે લાવશે અને પોકાર કરશે કે અહદવાળા ક્યાં છે ? તેમને એ અહદનામુ આપવામાં આવશે. ઈમામે એને રિવાયત કરીને ફર્માવ્યું : ઈમામ તાઉસની વસિય્યતથી આ અહદનામુ તેમના કફનમાં લખવામાં આવ્યું. ઈમામ ફક઼ીહ ઈબ્ને અજીલે એ જ અહદનામાની દુઆના સંબંધે ફર્માવ્યું, "જ્યારે એ લખીને મૈયતની સાથે ક઼બ્રમાં રાખી દેવામાં આવે અલ્લાહ તઆલા તેને નકીરૈનના સવાલ તથા ક઼બ્રના અઝાબથી અમાન આપે." પછી આ જ ઈમામ ફર્માવે છે : "જે આ દુઆ મૈયતના કફનમાં લખે તેનાથી અલ્લાહ તઆલા ક઼િયામત સુધી અઝાબ ઉઠાવી લેશે. અને તે દુઆ આ છે :–

اللهم انی السئلك یاعالم السر یا عظیم الخطر یا
خالق البشر یا موقع الظفر یا معرف الاثر یا
ذاالطول والمن یا کاشف الضر والمحن یا اله الا
ولین والآ خرین فرج عنی همومی واکشف عنی
غمو می وصل اللهم علی سیدنا محمد وسلم۔

અને જાહેર છે કે કબ્રના અઝાબમાં (સાપ, વીંછી તથા અન્ય મુઝી જાનવર હશે) એનાથી નજાત અને એને શફીઅ બનાવવાના માટે જ લખવામાં આવે છે.

**''શબિસ્તાને રઝા''એ આ'લા હઝરત** رحمۃ اللہ علیہ**ની લખેલી કિતાબ નથી**★, બલ્કે આ'લા હઝરતના અમુક વિર્દો તથા વઝીફાઓ

---

★ વિશ્વસનીય ઉલમાથી જાણ્યું છે કે ''શમ્એ શબીસ્તાને રઝા'' કિતાબમાં તેના સંપાદકે અમુક તાવીઝ, અમલિયાતને આ'લા હઝરત તથા હુઝૂર મુફતીએ આ'ઝમ સાથે ગલત નિસ્બત કરી આપી છે, જેમ કે ''ક્રિકેટ જીતવાનો અમલ !'' તેમાં રજૂ થયો છે. તથા જ્યોતિષોની વાતો પરથી અમુક તારીખો મનહૂસ હોવા વિશે લખેલ છે જેનો રદિયો ''બહારે શરીઅત''માં છે જ. હવે આ કિતાબના બારામાં હઝરત મુફતી શરીફુલ હક્ક رحمۃ اللہ علیہનો જવાબ જોતા ચાલો :–

**''શમ્એ શબિસ્તાને રઝા'' વિશે મુફતી શરીફુલ હક્ક સાહબનો ફત્વો**

''શમ્એ શબિસ્તાને રઝા'' કિતાબમાં સારી નરસી (ભલી બુરી) દરેક પ્રકારની વાતો છે અને એનાં બધાં તા'વીઝો તથા બધા અમલો આ'લા હઝરત رحمۃ اللہ علیہ કે હઝરત મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનાં નથી. અને ''ક્રિકેટ જીતવાના અમલ''વાળો કિસ્સો આ'લા હઝરત رحمۃ اللہ علیہ પર આક્ષેપ છે. એ (આક્ષેપ)નો હું કેટલીયે વાર રદિયો આપી ચૂક્યો છું અને તે રદ છપાઈ પણ ચૂકી છે. મારી ડ્યૂટી એ નથી કે હું દરેકે દરેક મુસલમાનના ઘરે પહોંચાડુ. અલ્લાહ બેહતર જાણનાર છે.

લખનાર : **મુહમ્મદ શરીફુલ હક્ક ગુફિરલહુ** (૧૮–રબીઉલ આખર, હિ.સ. : ૧૪૨૦) *(સદર મુફતી દારુલ ઈફતા : જામે અશ્રફિયા–મુબારકપુર, યુ.પી.)*

*(વધુ ફૂટ નોંધ આગળના પેજ પર....)*

તથા નક્શો ઈકબાલ નૂરીએ નક્શ કરી આપ્યા છે અને એ કાંઈ પોતે આલિમ પણ નથી. જો કે અહીં અહદનામા સંબંધે જેટલી ફઝીલતો છે એમાંથી અમુક મેં વર્ણન કરી આપી છે, **બાકી જે ફઝીલતો તેમણે (ઈકબાલ નૂરીએ) "શબીસ્તાને રઝા"માં લખેલી છે તે મારા જોવામાં (ક્યાંય) નથી આવી, એના વિશે એમને જ પૂછશો.** અલ્લાહ તઆલા બેહતર જાણનાર છે.

**★ જવાબ નં. : ૩ ★**

મુત્લક્ (તદ્દન) હદીષ શરીફનો જ ઈન્કાર યક઼ીનન કુફ્ર છે એટલા માટે જે મુત્લક્ હદીષનો ઈન્કાર કરે તેના માટે અલ્લાહનો હુકમ એ જ છે કે તે તૌબા તથા ઈસ્તિગફાર કરે તથા નવેસરથી કલ્મો પઢે અને નિકાહ દોહરાવે, કેમ કે સરકાર ﷺના કોઈ ક઼ૌલ તથા ફેઅલને હલકો સમજવો કુફ્ર છે. એ જ પ્રમાણે સહાબાએ કિરામ તથા તાબઈનના કથનોને પણ હલકાં સમજવાં તેનો તિરસ્કાર કરવો તથા ઈન્કાર કરવો ગુમરાહી છે. અલ્બત્ત ફઝાઈલે આમાલ તથા અવરાદમાં જે હદીષો રિવાયત થયેલ છે ભલે તે ઝઈફ હોય છતાં તે સ્વીકાર્ય તથા દલીલ પાત્ર હોય છે. મુહદ્દિષ ઈમામો ફર્માવે છે :–

---

*(આગળના પેજની ફૂટ નોંધ ચાલુ......)*

**ક્રિકેટ જીતવા માટે અમલ કરવો કેવો ?**

**સવાલ** : ક્રિકેટના બારામાં "શમ્એ શબિસ્તાને રઝા" કિતાબમાં આ'લા હઝરત رضی اللہ عنہ થી સંબંધિત કરીને (ક્રિકેટ) જીતવાનો અમલ લખેલો છે, તો શું એ ક્રિકેટ જાઈઝ હોવાની દલીલ બને છે અથવા એની કોઈ અન્ય હક઼ીક઼ત છે ?

**જવાબ** : "શમ્એ શબિસ્તાને રઝા"માં ક્રિકેટ જીતવાના અમલનો જે કિસ્સો છે તે સહીહ નથી. "શમ્એ શબિસ્તાને રઝા"ના સંપાદકની બનાવટ છે. કેમ કે મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત رحمۃ اللہ علیہ પોતાના ફત્વામાં સ્પષ્ટતા કરી ચૂક્યા છે કે એ નાજાઈઝ તથા હરામ છે, પછી તેને જીતવાના માટે કોઈ અમલ બતાવે એ કયા બુદ્ધિશાળીની સમજમાં આવી શકે છે ?! અલ્લાહ બેહતર જાણનાર છે. *(અઝ : હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ શરીફુલ હક્ક઼ સાહબ, માહનામા અશ્રફિયા, નવેમ્બર–૧૯૯૭)*

''અમલોની ફઝીલતોમાં સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين ની હદીષો કેવીક પણ હોય એ દરેક સંજોગોમાં સ્વીકાર્ય છે, મક્તૂઅ હોય કે મુરસલ, ન તેનો વિરોધ કરવામાં આવે ન તેને રદિયો આપવામાં આવે. પૂર્વજ ઈમામોનો આ જ તરીકો છે.'' અને ઈમામ મુહક્કિકે અલલ્ ઈત્લાક્ ફત્હુલ કદીરમાં ફર્માવે છે : ''અમલોની ફઝીલતમાં ઝઈફ હદીષ પર અમલ કરવામાં આવે અને હઝરત મુલ્લા અલી કારી رحمة الله عليه મૌઝૂઆતે કબીરમાં ફર્માવે છે : અમલોની ફઝીલતમાં ઝઈફ હદીષ પર જેણે ઈન્કાર કર્યો તેણે જો રસૂલ ﷺની હદીષ હોવાના કારણે ઈન્કાર કર્યો તો તૌબા કરે, કલ્મો પઢે, નિકાહ દોહરાવે એ લાઝિમ છે, અને જો સહીહ હોવાનો તથા સનદનો ઈન્કાર કર્યો તો બુરું કર્યું કે ઈમામો તથા મશાઈખે જ્યારે એને કબૂલ કર્યું છે તો કોઈ સામાન્ય માણસને ઈન્કારનો શો હક્ક ?! તે તૌબા તથા ઈસ્તિગફાર કરે. દુઆ, તાવીઝ જે કુર્આની આયતો તથા હદીષોથી છે તેના પર ઉઝરત (મહેનત મજૂરી) લેનાર અથવા ફી સબીલિલ્લાહ કરનાર પાછળ નમાઝ વિના શંકાએ સહીહ તથા દુરુસ્ત છે, તાવીઝ અથવા ઝાડફૂંક પર ઉઝરત લેવી જાઈઝ છે. શામી, ભાગ–૨, પેજ–૩૬માં છે :–

جوزو الرقية بالاجرة ولو بالقرآن كما ذكره
الطحاوى لا نها ليست عبادة محضة بل من
التداوى، والله تعالى اعلم۔

**★ જવાબ નં. : ૪ ★**

દુઆઓ તથા કુર્આની આયતોથી ઝાડફૂંક કરવાનો હુકમ પુષ્કળ હદીષોથી સાબિત છે. સિહાહ સિત્તામાં ''તિબ્બે વરકી''ના ટાઈટલ સાથે એક અલગ બયાન મૌજૂદ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**★ જવાબ નં. : ૫ ★**

''શમ્એ શબીસ્તાને રઝા''માં (અમુકને છોડીને) મોટાભાગના અમલો સહીહ છે. તેને ગલત કહેવા અમલોની સાબિતીના મર્તબા પ્રમાણે

નાદાની છે અથવા ગુનોહ અથવા ગુમરાહી છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

★ જવાબ નં. : ૬ ★

પાકીઝા અમલોથી જો હોય તો (હદિયો લેવો) જાઈઝ છે અને નાજાઈઝ તથા કુફ્રી વાક્યોથી હોય તો તદ્દન બાતિલ અને ગુનોહ અથવા કુફ્ર છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

## અહદનામા, શજરા તયબહ તથા કલ્મએ તયબહ લખવા સંબંધે એક શંકા તથા તેનું નિવારણ

કફન પર અસ્માએ મુબારકાની આયતો તથા દુઆ લખવામાં જે શંકાઓ ખડી કરીને મુસલમાનોને ગુમરાહ કરવામાં આવે છે તે એ જ છે કે મૈયતનું શરીર ફાટી જશે એનાથી રસી (પરૂ) વગેરે નીકળશે તો ગંદકીથી ખરડાવાનું લાઝિમ થશે...વગેરે. તે એનું ઉમદા નિવારણ હઝરત ઈમામ નસીર رحمۃ اللہ علیہએ ફર્માવી આપ્યું કે :–

''તબેલામાં ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ઘોડાઓની જાંગો પર લખ્યું ''જૈસે ફી સબી લિલ્લાહિ તઆલા'' જે નાપાકીની શંકા અહીં છે તે ત્યાં પણ હતી. તો જાણવા મળ્યું કે અત્યારે મૌજૂદ નથી એવી બાબતનો અંદેશો નેક નિયતી તથા નેક હેતુ માટે રુકાવટ નથી થતો. પણ એક શાફઈ પાછલા આલિમ ઈમામ ઈબ્ને હજર મક્કી رضی اللہ عنہએ એના જવાબમાં ફર્માવ્યું કે ઘોડાની જાંગો પર લખવું કેવળ ઓળખના માટે હતું અને કફન પર લખવાથી તબર્રુકનો હેતુ હોય છે તો અહીં માનવંત વાક્યો (અહદનામા, કલ્મા તયબહ, બિસ્મિલ્લાહ) એના હાલ પર દાખલ છે એને નાપાકીની જગાએ લખવા તથા રાખવાની ઈજાઝત ન થશે.

قیاسه علی مافی نعم الصدقة ممنوع لان القصد
ثم التمییز لا التبرك وهذا القصد التبرك فالاسماء
المعظمة باقیة علی حالها فلا یحوز تعر یضها
للنجاسة

વળી એ કે ખૂદ કુર્આને અઝીમ દા.ત. સૂરએ ફાતિહા તથા આયતે શિફા વગેરે શિફા પામવાના હેતુથી લખીને ધોઈને પીવું આગલા તથા પાછલા બુઝુર્ગોથી વિના કશીય રોકટોક રિવાજ પામેલ છે. (ખૂદ વિરોધીઓ લખી લખાવીને પીએ પીવડાવે છે !) જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ સુવાવડ વેળાની પીડાના માટે ફર્માવ્યું, "કુર્આન મજીદમાંથી કાંઈક લખીને સ્ત્રીને પીવડાવે." બલ્કે દયલમીએ મુસ્નદુલ ફિરદૌસમાં તેમનાથી રિવાયત કરી કે નબીએ અક્દસ ﷺએ ફર્માવ્યું : "જો સ્ત્રીને બાળજન્મમાં મુશ્કેલી પડે તો પાક વાસણ પર આ આયતો લખીને ધોઈને તેણીને પીવડાવો તેના પેટ તથા ગુપ્તાંગ પર છાંટો." "ઝિક્રે ફી નુઝહતિલ અસ્રાર મુર્ગિરુન્ બિલ અસ્રાર"અને ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہએના માટે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષ અને દુઆએ કર્બ અને બે આયતો લખ્યા કરતા.

لا اله الا الله الحليم الكريم سبحان الله رب
الله رب العرش العظيم الحمد لله رب العالمين
كانهم يوم يرونها لم يلبثوا الا عشية اضحها كانهم
يوم يرون مايوعدون لم يلبثوا الا عشية اضحها
كانهم يوم يرون مايوعدون لم يلبثوا الاساعة من
نهار۔

તેમના સાહબઝાદાએ જલીલ હઝરત ઈમામ અબ્દુલ્લાહ ઈબ્ને અહમદ તેને જાફરાનથી લખતા. જ્યારે ખૂદ કફન પર દુઆઓ વગેરે બરકતના રૂપે લખવાનું જાઈઝ હોવું હદીષ તથા ફિક્હથી સાબિત થઈ ગયું તો શજરા તૈયબહનું રાખવું પણ આપોઆપ એથી અધિક કક્ષાએ પુરવાર થયું. કેમ કે ખુદા તઆલાના મુબારક નામોથી વસીલો તથા તબર્રુક હાંસલ કરવું નિઃશંક ! પસંદીદા છે. તફસીરે તિબરી તથા શરહે મવાહિબે લદુન્નિયા અલ્લામા ઝુર્કાની رحمۃ اللہ علیہમાં છે : **"જ્યારે અસ્હાબે કહ્ફ** رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ**ના નામો લખીને આગમાં નાખી**

**દેવાથી આગ બુઝાઈ જાય છે, કબ્રવાળાથી (શજરા શરીફ જે અવલિયા અલ્લાહના નામો છે તેને રાખવાથી તથા અહદનામા તથા કલ્મા તૈયબહ લખવાથી) નિઃશંક ! જહન્નમની આગ બુઝાઈ જશે અને કબ્રના અઝાબથી નજાત મળશે.**

અધિક દલીલની મજબૂતી માટે આ હવાલો પણ સાંભળવા પાત્ર છે. જેમ કે તફસીરે નીશાપુરી હસન બિન મુહમ્મદ બિન હુસૈન નિઝામુદ્દીનમાં છે : ''અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે **અસ્હાબે કહફનાં નામો લાભ પામવા તથા નુકસાનથી બચવા અને આગ બુઝાઈ જવાના માટે છે. એક કાગળ પર લખીને આગની વચ્ચે ફેંકી દો, અને બાળક રડતુ હોય તો લખીને પારણામાં તેના માથા નીચે રાખી દો, અને ખેતીની રક્ષાના માટે કાગળ પર લખીને ખેતરની વચ્ચે એક લાકડી ખોસીને એના પર બાંધી દો, અને નસોમાં દુઃખાવો તથા અન્ય બીમારી તથા માથાનો દુઃખાવો અને માલદારી તથા શાનો શૌકત તથા બાદશાહોના પાસે જવા માટે જમણી જાંગ પર બાંધે. અને જન્મ થવામાં મુશ્કેલીના માટે સ્ત્રીની ડાબી જાંગ પર બાંધે તેમજ માલની રક્ષા તથા દરિયાની મુસાફરી અને કત્લથી નજાતના માટે છે.**

ઈમામ ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ ''સવાઈકે મુહર્રિકા''માં નકલ કરે છે કે જ્યારે હઝરત ઈમામ અલી રઝા رضی اللہ عنہ નીશાપૂર આવ્યા તો ચેહરા મુબારક સામે એક પર્દો હતો. હદીષના હાફિઝો ઈમામ અબૂ ઝરાઆ રાઝી, ઈમામ મુહમ્મદ બિન અસ્લમ તૂસી તથા તેમની સાથે અસંખ્ય હદીષ તથા ઈલ્મના તાલિબો આપની ખિદમતમાં હાજર થયા અને ગદગદ થઈને વિનંતિ કરી કે તમારો જમાલ મુબારક (ખૂબસૂરત ચહેરો) અમને દેખાડો, અને તમારા પૂર્વજોથી એક હદીષ અમારી સમક્ષ રિવાયત કરો.

ઈમામે સવારી રોકી અને ગુલામોને હુકમ ફર્માવ્યો કે પર્દો હટાવી લો ! ખલ્ક (સર્વ લોકો)ની આંખો જમાલ મુબારકના દીદારથી ઠંડી થઈ.

બે વાળો ખભા મુબારક પર લટકી રહ્યા હતા. પર્દો હટતાં જ પબ્લિકની એ હાલત થઈ કે કોઈ ચીસો પાડે છે, કોઈ રડે છે, કોઈ ધૂળમાં આળોટે છે, કોઈ મુક઼દ્દસ સવારીની ખરીઓ ચૂમે છે, એટલામાં ઉલમાએ અવાજ આપ્યો, ખામોશ ! તો સર્વ લોકો ચૂપ થઈ ગયા. બંને વર્ણવેલ ઈમામોએ આપ હઝરતને કોઈ હદીષ રિવાયત કરવા અર્ઝ કરી, તો આપે ફર્માવ્યું, ''ઈમામ અલી રઝા ઈમામ મૂસા કાઝિમ તેઓ ઈમામ જાફર સાદિક તેઓ ઈમામ મુહમ્મદ બાક઼િર તેઓ ઈમામ ઝૈનુલ આબિદીન તેઓ ઈમામ હુસૈન તેઓ હઝરત અલી મુર્તઝા رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن થી રિવાયત ફર્માવે છે કે મારા પ્યારા મારી આંખોની ઠંડક રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم એ મને હદીષ વર્ણન કરી કે તેમને જિબ્રઈલ علیہ السلام એ અર્ઝ કરી કે મેં અલ્લાહ جل جلالہ ને ફર્માવતાં સાંભળ્યું કે **લાઈલાહ ઈલ્લાલ્લાહ મારો કિલ્લો છે, તો જેણે એવું કહ્યું તે મારા કિલ્લામાં પ્રવેશી ગયો અને જે મારા કિલ્લામાં પ્રવેશી ચૂક્યો તે મારા અઝાબથી અમાનમાં રહ્યો.''**

આ હદીષ રિવાયત ફર્માવીને હુઝૂર ચાલતા થયા અને પર્દો છોડી આપવામાં આવ્યો. શાહીના ખડીયાવાળા જેઓ ઈર્શાદ મુબારક લખી રહ્યા હતા તેમને ગણવામાં આવ્યા તો વીસ હજારથી અધિક હતા.

ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ એ ફર્માવ્યું : **''આ મુબારક સનદ (જે હઝરતે વર્ણવી) જો ગાંડા પર પઢો તો જરૂર તેને ગાંડપણથી સારું થઈ જાય.''**

જાણવા મળ્યું કે જ્યારે અસ્હાબે કહફ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن ના નામોમાં એ બરકતો છે, જ્યારે કે તેઓ હુઝૂર સૈયદના ઈસા علیہ السلام ના વલીઓમાંથી છે તો હુઝૂર صلی اللہ علیہ وسلم ની ઉમ્મતના વલીઓનું શું કહેવું ?! તેમનાં મુબારક નામોની બરકતો ગણી શકાશે નહીં.

જ્યારે આ મુબારક નામોની બરકતો થકી દુનિયવી મક઼સદો ઠેક ઠેકાણે પ્રાપ્ત થાય છે તો એથીયે વિશેષ આખેરતમાં પણ હાંસલ થશે કે આપણને સર્વ ભયંકર ક઼બ્રના તથા જહન્નમના અઝાબથી ચોક્કસ નજાત હાંસલ થશે.

શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃاللہعلیہએ પણ શજરા તૈયેબહને ક઼બ્રમાં રાખવાને બુઝુર્ગાને દીનનો મામૂલ (તરીક઼ો) બતાવીને તાખલામાં રાખવું અધિક પસંદ કર્યું, જેવું કે ફતાવા અઝીઝિયામાં છે. અને મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત رحمۃاللہعلیہએ પોતાની અઝીમુશ્શાન કિતાબ ''અલ હસ્ફુલ્ હસન ફિલ્ કિતાબતિ અલલ કફન''માં ક઼બ્રમાં શજરા શરીફ રાખવાના સંબંધ વિરોધીઓના સીના પર સંશોધનના હર્ફે આખિરની આખરી ખીલી ઠોકીને મજબૂત દલીલો તથા ઈમામોના મામૂલથી સાબિત કરી આપ્યું કે ક઼યામત સુધી વિરોધીઓ તથા ઈન્કાર કરનારા અને તેમના ચેલા ચમચા જવાબ આપવાથી લાચાર રહેશે.

વધુ વિગત જાણવી હોય તો ''અલ અતાયન્નબવિય્યહ ફિલ્ ફતાવર્રઝવિય્યહ'' ભાગ–૪, પેજ–૧૨૭થી ૧૩૭નો અભ્યાસ કરી લેશો.

મેં હુઝૂર સૈયદી આક઼ાઈ વ મૌલાઈ મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃاللہعلیہના અમુક લખાણથી આ સંક્ષિપ્ત જવાબ રજૂ કર્યો છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

લખનાર : **જમાલ મુસ્તફા ક઼ાદરી, જામિઆ અશ્રફિયા–મુબારકપુર**

અલ્ જવાબ સહીહ : **ઝિયાઉલ મુસ્તફા ક઼ાદરી અફી અન્હુ** (સદર ફતવા વિભાગ, જામિઆ અશ્રફિયા, મુબારકપુર, ૧૫–જમાદીઉલ આખર, હિ.સ. ૧૪૨૨)

–હવાલો : અહદનામા કી શરઈ હેસિયત કિતાબમાંથી અનુવાદ.

લેખક : **હઝરત મૌલાના મુફ્તી જમાલ મુસ્તફા ક઼ાદરી** (ઉસ્તાઝ વ મુફ્તી : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)

*(અઝ : નબીરએ સદરુશ્શરીઅહ્ મુફ્તી જમાલ મુસ્તફા ક઼ાદરી, મે–૨૦૦૯, બરકાતે ખ્વાજા–માસિક*

# ઈમામ અહમદ રઝા અને તર્બિયતે તલબા

અંગ્રેજોના આગમન પૂર્વે હિંદુસ્તાનમાં હજારો મદરસાઓ તથા ઈસ્લામિક કોલેજો હતી જેમની વ્યવસ્થા તથા સંચાલન માટે મુગલોએ મોટી મોટી જાગીરો વક્ફ કરી દીધી હતી. આ મદરસાઓમાં ફિલોસોફી, મેડિકલ, મેથ્સ, ભૂગોળ તથા હિક્મતનું પણ શિક્ષણ આપવામાં આવતું. દીની, દુનિયવી, ધાર્મિક તથા રાજનૈતિક આગેવાની આજ મદરસાના ફારિગોના માથે હતી. પરંતુ શાસન પર કબ્જો જમાવતાંની સાથે જ અંગ્રેજોએ ઈસ્લામી મદરસાઓ માટેની વિશેષ સંપત્તિઓ જપ્ત કરી લીધી જેથી ગરીબીના કારણે મદરસાઓનો અંત થઈ જાય તથા ઈલ્મે દીન પ્રાપ્ત કરવાનો જઝબો મંદ પડી જાય. તેમને ભય હતો કે જો આ મદરસાઓને બંધ કરવામાં નહીં આવે તો સ્વતંત્રતાનો જઝબો જાગૃત થઈ જશે અને હિંદુસ્તાનમાં બ્રિટિશ સામ્રાજ્ય જોખમમાં પડી જશે.

ઈ.સ. ૧૮૫૭માં જંગે આઝાદી પછી અંગ્રેજ સહાયક એવું ઉલ્માનું એક જુથ ઉભુ થયું જેમાંથી અમુકને અંગ્રેજો તરફથી વેતન પણ મળતું, અંગ્રેજો દ્વારા અમુક મદરસા પણ સ્થાપિત થયા જેમના સંચાલકોમાં અમુકના અંગ્રેજો સાથે સંબંધ પણ હતા જેઓ મુસલમાનોમાં વિખવાદ ઉભો કરતા. આશ્ચર્યની વાત તો એ કે અમુક કહેવાતા આલિમોએ જ બારગાહે રિસાલતમાં ગુસ્તાખીભર્યા લખાણો ચિતર્યા. આવા સમયે જ્યારે ઈલ્મ દ્વારા મુસલમાનોમાં વિવાદ ઉભો કરવામાં આવતો તથા ધાર્મિક માન્યતા અને એ'તેક઼ાદી પાયમાલી ફેલાવાતી હતી તેવા સમયે મુફક્કિરે ઈસ્લામ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી (જન્મ : હિ.સ. ૧૨૭૨, ઈ.સ. ૧૮૫૬, વિસાલ : ૧૯૨૧)એ બરેલીમાં હિ.સ. ૧૩૨૨ ઈ.સ. ૧૯૦૪માં દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામનો પાયો નાખ્યો જેના ફારિગોએ અખંડ ભારતમાં નામૂસે રિસાલત (રસૂલે પાક ﷺની

ઈજ્જત તથા તા'ઝીમ)ની હિફાઝત માટે પ્રયાસો કર્યા અને હિંદુસ્તાની મુસલમાનોમાં મહોબ્બતે રસૂલ ﷺની રૂહ ફૂંકી દીધી.

ઈમામ અહમદ રઝા બરેલ્વી رضی اللہ عنہ પચાસથી અધિક ઉલૂમ તથા વિદ્યાઓના નિષ્ણાત હતા. અનુવાદક, મુફસ્સિર, મુહદ્દિષ, ફકીહ અને માહિરે તા'લીમ હતા. આપ વિજ્ઞાની પણ હતા અને ફિલોસોફીના વિધ્વાન પણ હતા, સાથે જ એક સાચા મુસલમાન અને સુવિચારોના માલિક હતા.

મોલ્વી હાકિમ અલી નક્શબંદી મુજદ્દિદી (B.A.) પ્રોફેસર સાઈન્સ ઈસ્લામિયા કોલેજ લાહોરએ ઘણી જ હૃદયાકર્ષક તા'લીમ આપતા ફર્માવ્યું :

"ફકીર (ઈમામ અહમદ રઝા)ના ચાહવાવાળા ! સાયન્સ આમ મુસલમાન નહીં થાય કે આયતો અને દલીલોમાં દૂર દૂરનાં અર્થઘટનો કરી ઈસ્લામી મસાઈલને સાયન્સના મુજબ કરી લેવામાં આવે ! આમ તો મઆઝલ્લાહ ! ઈસ્લામે સાયન્સ કૂબૂલ્યું (એવું થશે !) ન કે સાયન્સે ઈસ્લામ સ્વીકાર્યો. તે (સાયન્સ) મુસલમાન થાત તો એ પ્રમાણે કે જેટલા ઈસ્લામી મસાઈલમાં સાયન્સનો મતભેદ છે તે સૌમાં ઈસ્લામી મસાઈલને રોશન કરવામાં આવે, સાયન્સની દલીલોને રદિયો આપવામાં આવે, ઠેકઠેકાણે સાયન્સના જ કથનો દ્વારા ઈસ્લામી મસાઈલને સાબિત કરવામાં આવે, સાયન્સને બાતિલ કરવામાં આવે."

૨૦મી સદીનો પ્રારંભ મુસલમાનો માટે ઘણો જ કસોટીનો સમય હતો. ઘણા બધા મુસ્લિમ લીડરો 'હિંદુ મુસ્લિમ એકતા'ની આડ લઈ મઝહબી ગૈરતનો સોદો કરી મુશ્રિકોની નિશાનીઓને રિવાજ આપી રહ્યા હતા. આવા સંજોગોમાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામની સ્થાપ્ના કરી અને અકાઈદ તથા આ'માલની બુરાઈઓને અટકાવવા પોતાના શાગિર્દોની એક જમાઅત તૈયાર કરી તથા હિંદુઓ સાથે સંગઠનના નુકસાનોથી મુસલમાનોને આગાહ કર્યા. આ ક્રમમાં આપની કિતાબ "અલ્હુજજતુલ મુઅતમિના ફી આયતિલ મુમ્તહિના" હિ.સ. ૧૩૩૯ ઘણી જ ચિંતનાત્મક છે તથા મુસલમાનો માટે પોઝિટિવ વિચારધારા રાખનારાઓ માટે દા'વતે ફિક્ર છે. આ

કિતાબમાં કુસંસ્કારી બનાવતી અંગ્રેજી તા'લીમ વિશે આપ લખે છે :–

"અંગ્રેજી (પદ્ધતિ) અને તેવા નકામા તથા સમયનો વ્યય કરતા શિક્ષણો (વિષયો) જેમની ન તો દીનમાં કોઈ જરૂરત પડે છે ન દુનિયામાં, તેમને બસ એટલા માટે (કોર્સમાં) રાખવામાં આવે છે કે વિદ્યાર્થીઓ આ તે નકામી વાતોમાં વ્યસ્ત રહી દીનથી ગાફેલ રહે જેથી તેમનામાં દીની પ્રેમભાવના પેદા ન થાય તેમને એ જ ખબર ન હોય કે આપણે કોણ છીએ અને આપણો ધર્મ શું છે."

કોઈ પણ સંસ્થાના સંસ્થાપકના વિચારો તેના હેતુઓને નિયત કરે છે. ઈમામ અહમદ રઝા બરેલ્વી رضی اللہ عنہ ઈમાન અને અક઼ીદાની સલામતી સાથે મુસલમાનોની પ્રગતિ ચાહતા હતા અને શિક્ષણના દરેક ક્ષેત્રે મુસલમાનોને આગળ જોવા ઈચ્છતા હતા. આપની સ્પષ્ટ તા'લીમી તથા રચનાત્મક વિચારધારા આપની કિતાબોના અભ્યાસથી પ્રકાશમાં આવે છે.

આજકાલ વિદ્યાની ઘણી ધૂમધામ છે પરંતુ જ્ઞાનનો કોઈ ફાયદો નથી જણાતો. વિદ્યા પ્રાપ્તિનો મક઼સદ કમાઈ બની ગઈ છે. સંસ્કાર વિરુધ્ધ તા'લીમ અને કોર્સની નબળાઈ જેમાં દીને ફિતરતના તકાઝાઓ માન્ય રાખવામાં નથી આવતા. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ શિક્ષણ પ્રશિક્ષણના ઉતાર ચઢાવથી સારી રીતે વાકેફ હતા અને નિસાબના (કોર્સના) નિષ્ણાત પણ હતા. આપના તા'લીમી નઝરિયાત (ખયાલો) વિશે પ્રોફેસર મસ્ઊદ અહમદ બરકાતી નક્શબંદી رحمۃ اللہ علیہ લખે છે :–

કોઈપણ દીની મદરસાના સ્થાપક માટે જરૂરી છે કે ઈખ્લાસ અને સારી વિચારશૈલી સાથે તા'લીમ વિશે તેની વિચારદષ્ટિ સ્પષ્ટ અને ફાયદાકારક હોય. આ ઍંગલથી જ્યારે આપણે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના દષ્ટિકોણને જોઈએ છીએ તો આપ એક અજોડ શિક્ષણ નિષ્ણાત જણાય છે. અહીંયા અમુક અંશો રજૂ કરવામાં આવે છે :–

૦૧. તા'લીમનું મધ્યબિંદુ ઈસ્લામ હોવું જોઈએ.

૦૨. તા'લીમનો મૂળ હેતુ ખુદા સુધી પહોંચ તથા રસૂલ ﷺની ઓળખ હોવી જોઈએ.

૦૩. સાઈન્સ તથા ફાયદાકારક બૌદ્ધિક જ્ઞાનોની પ્રાપ્તિમાં કોઈ વાંધો નથી પરંતુ વસ્તુઓની વાસ્તવિક્તાથી વધુ તેમના સર્જનહારની મારેફત જરૂરી છે.

૦૪. પ્રારંભિક કક્ષાએ રસૂલુલ્લાહ ﷺનો નક્શ દિલ પર બેસાડવામાં આવે સાથોસાથ આલ તથા અસ્હાબ અને અવલિયા વ સાલિહીનની મહોબ્બત પણ.

૦૫. જે પઢાવવામાં આવે તે વાસ્તવિક્તા પર આધારિત હોય, જૂઠી વાતો ઈન્સાની સ્વભાવ પર દુષ્પ્રભાવ નાખે છે.

૦૬. એ જ ઈલ્મોની તા'લીમ આપવામાં જે દીન તથા દુનિયામાં કામ આવે, બેફાયદા તથા બિન જરૂરી જ્ઞાનોને કોર્સમાંથી કાઢી નાખવામાં આવે.

૦૭. ઉસ્તાઝોના દિલોમાં ઈખ્લાસ, મહોબ્બત તથા કૌમના નિર્માણની લગન હોય.

૦૮. તલબામાં સ્વંયની ઓળખ તથા ખુદ્દારીનો જઝબો પેદા કરવામાં આવે કે કોઈના સમક્ષ હાથ ન ફેલાવે.

૦૯. તલબામાં તા'લીમ તથા તેના સંબંધિત વસ્તુઓનો એહતેરામ પેદા કરવામાં આવે.

૧૦. તલબાને કુસંગતથી બચાવવામાં આવે. લાભદાયી રમતો એટલી હદ સુધી જરૂરી છે કે તલબામાં સ્ફુર્તિ પેદા થાય.

૧૧. તા'લીમી ઈદારાનો માહોલ શાંત પ્રભાવશાળી હોય જેથી તાલિબે ઈલ્મના દિલમાં ગભરાહટ તથા ઉલ્ઝન ન ઉપજે.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કોર્સ રચના અને ઉલૂમે અક઼લિયા વ નક઼લિયામાં આપની મહારતના અંગે ઘણા બધા તહક઼ીક઼ી મક઼ાલાત

(લેખો) લખાઈ ચૂક્યા છે. તદ્ઉપરાંત M.Ed સ્તરે ૧૦થી વધુ લેખો લખવામાં આવ્યા છે અને હજી આ ક્રમ ચાલુ છે.

દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામની સ્થાપ્ના હિ.સ. ૧૩૨૨ ઈ.સ. ૧૯૦૪માં થઈ, પહેલા વરસનો પૂરો ખર્ચ ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہએ પોતે ઉઠાવ્યો. પ્રોફેસર ડોકટર મસ્ઊદ અહમદ رحمۃ اللہ علیہ લખે છે :–

''ઈ.સ. ૧૮૭૦ હિ.સ. ૧૨૮૬માં ફારિગ થયા પછી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ થોડાક વરસો સુધી ઘરમાં જ તા'લીમ આપી. કારણ કે દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ તો ઘણા સમય પછી ઈ.સ. ૧૯૦૪માં સ્થાપિત થયું. ત્યાર બાદ થોડોક સમય મન્ઝરે ઈસ્લામમાં પણ પઢાવ્યું પછી અત્યંત વ્યસ્ત રહેવાના કારણે ઘરે અમુક તલબાને વિશેષ ઉલૂમો ફુનૂનની (ઈલ્મો વિદ્યાઓની) તા'લીમ આપી. મન્ઝરે ઈસ્લામના સ્થાપક ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સંચાલક મૌલાના હામિદ રઝા અને નાઝિમ આપના નાના ભાઈ મૌલાના હસન રઝા ખાન હતા. મૌલાના હામિદ રઝા ખાન સંચાલકની સાથે સાથે શૈખુલ હદીષ પણ હતા. આપે મન્ઝરે ઈસ્લામને ખૂબ પ્રગતિ આપી જેમ કે મૌલાના સલામતુલ્લાહ નક્શબંદી મુજદ્દિદીએ (હિ.સ. ૧૩૩૮ ઈ.સ. ૧૯૧૯) દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામનું નિરીક્ષણ કર્યા પછી પોતાની રિપોર્ટમાં લખ્યું, ''એની મિષાલ હિંદુસ્તાનમાં નથી.''

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના વિસાલ પછી એક અરસા બાદ હિ.સ. ૧૩૫૨ ઈ.સ. ૧૯૩૫માં જશ્ને દસ્તારબંદીના મૌકા પર હિંદુસ્તાનના અગ્રણીઓ સિવાય અજમેર દરગાહ શરીફના દિવાન સૈયદ જમાઅત શાહ અને અલીપૂર સૈયદાંના મશ્હૂરો મા'રૂફ શૈખે વક્ત સૈયદ જમાઅત શાહ નક્શબંદી મુજદ્દિદી મોહદ્દિષે અલીપૂરી વિશેષ મહેમાન શરીક થયા.''

દારુલ મન્ઝરે ઈસ્લામના નિસાબે તા'લીમ (કોર્સ)માં તફસીર, હદીષ, ઊસૂલે હદીષ, ફિક્હ, ઊસૂલે ફિક્હ, સર્ફ, નહવ, બલાગત, અદબ,

મન્તિક઼, હિક઼મત ક઼લામ, રિયાઝી, ફરાઈઝ, મુનાઝરા... વિગેરે ઉલૂમ સામેલ હતા. પઢાવવામાં આવતા ઉલૂમો ફુનૂનની (વિદ્યાઓની) સંખ્યા ૩૦ હતી જેમના હાલમાં પઢાવવામાં આવતા ઉલૂમના હિસાબે વધુ પ્રકારો થઈ શકે છે.

મન્ઝરે ઈસ્લામથી સૌ પ્રથમ ફારિગ થનાર તલ્બામાં મલેકુલ ઉલ્મા અલ્લામા ઝફરુદ્દીન બિહારી (લેખક : હયાતે આ'લા હઝરત) અને મૌલાના રશીદુદ્દીન હતા. અલ્લામા ઝફરુદ્દીન બિહારી ત્યાંના મુદર્રિસ પણ હતા. આપ પોતાના સમયમાં ઈલ્મે ફલકિયાત (ખગોળશાસ્ત્ર) અને હયઅત તથા ફિલોસોફીમાં ઉસ્તાદોના ઉસ્તાદ હતા. મન્ઝરે ઈસ્લામના ફાઝિલોએ અખંડ ભારતમાં નિખાલસપણે ઈસ્લામનો ફેલાવો કર્યો અને દરેક નાઝુક મોડ પર મિલ્લતે ઈસ્લામિયાની રહનુમાઈનો ફરીઝો અંજામ આપ્યો. દીની મદરસા બનાવ્યા જ્યાં અલ્લાહ તઆલાની મહાનતા તથા રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતની તા'લીમને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું. આથી રૂહે ઈમાનથી ખાલસા કરતી જમાઅતોનું જોર ઢીલું પડયું.

અહીંયાના ફારિગોની સંખ્યા ઘણી બધી છે પરંતુ અમુક સુવિખ્યાત ઉલ્માના નામ આ પ્રમાણે છે, અલ્લામા હશ્મત અલી ખાન લખ્નવી, મોહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન મૌલાના સરદાર અહમદ ફૈસલાબાદી, મૌલાના અબ્દુલ ગફ્ફાર હઝારવી, હાફિઝે મિલ્લત અલ્લામા અબ્દુલ અઝીઝ (બાની અલ્ જામિઅતુલ અશરફિયા), મોહદ્દિષે આ'ઝમે હિંદ અલ્લામા સૈયદ મુહમ્મદ કછોછવી, અલ્લામા મુફતી રિફાક઼ત હુસૈન, મુજાહિદે મિલ્લત મૌલાના હબીબુર્રહમાન, મુફતીએ આ'ઝમ મૌલાના મુસ્તફા રઝા ખાન, મુફસ્સિરે આ'ઝમ મૌલાના ઈબ્રાહીમ રઝા ખાન. رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ

આ દારુલ ઉલૂમનો નિસાબ (કોર્સ) પોતે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ તૈયાર કર્યો. અહીંના શૈક્ષણિક પ્રમાણનો અંદાજો તફસીર, હદીષ તથા ફિક઼્હની એ કિતાબોથી કરી શકાય છે જે મન્ઝરે ઈસ્લામની

સનદે હદીષમાં વર્ણવવામાં આવી છે. જે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની હયાતમાં જારી થઈ હતી. ૨ ઝિલ હજ્જ હિ.સ.૧૩૩૮ ઈ.સ. ૧૯૨૦માં મૌલાના અબ્દુલવાહિદ રઝવી ઈબ્ને મૌલાના ગાઝીઉદ્દીન રહેવાસી ગરહીકપૂરા (પેશાવર, પાકિસ્તાન) નામે જે સનદ જારી થઈ હતી તેના પર મૌલાના હામિદ રઝાએ અને મૌલાના રહમ ઈલાહી તથા મૌલાના ઝહરુલ હુસૈન ફારૂકી નક્શબંદી મુજદ્દિદીએ મુદર્રિસ તરીકે હસ્તાક્ષર કર્યા. આ સનદમાં ખાસ વાત એ છે કે તેમાં સિહાહ સિત્તા સિવાય અન્ય હદીષ, મઆજીમ, મસાનીદ અને શર્હોની તમામ મશ્હૂર કિતાબોનું વર્ણન છે જે ત્યાં પઢાવવામાં આવતી. ફિક્હે હન્ફી સિવાય ત્રણેવ ઈમામોના મઝહબથી સંબંધિત કિતાબો પણ પઢાવવામાં આવતી. કુલ ત્રીસ ઉલૂમ (વિદ્યાઓ) મન્ઝરે ઈસ્લામમાં પઢાવવામાં આવતા હતા.

બાની દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામના તા'લીમી સુવિચારોનો અભ્યાસ કરીએ છીએ તો આશ્ચર્યમાં વધારો જ થતો જાય છે. વિધ્વાનોએ આપના ઈલ્મી નવાદારિત તરફ ધ્યાન દોરવું જોઈએ. આપના તા'લીમી નઝરિયાતના ઘણા બધાં પાસાંઓ છે અને દરેકમાં આપ વિશિષ્ટ નજર આવે છે. આપે શિક્ષણના દરેક ક્ષેત્રમાં માર્ગદર્શન આપ્યું. ઈલ્મ તથા તેની જરૂરિયાતની અદબ શીખવી. ઉસ્તાઝ અને ઉલ્માના ફઝાઈલ બતાવ્યા. ઈલ્મે દીનના વિકાસને પ્રાથમિક્તા આપી. નિસાબનું તસવ્વુર એવું (કોર્સની ગોઠવણ એવી) કે વ્યક્તિત્વનું ઘડતર થાય અને તાલિબે ઈલ્મ નેક સાલેહ તબિયતનો માલિક બને. અઝીમુલ્લાહ જદરાન M.A. ઉર્દૂ જામિઆ પંજાબ (લાહોર) M.Ed ઈસ્લામિયા યુનિર્વસિટી (બહાવલપૂર)એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના કોર્સની ગોઠવણ અંગે નિમ્ન લિખિત અંશો લખ્યા છે :–

૦૧. નિસાબ (કોર્સ)ની ગુણવત્તા એ હોવી જોઈએ કે તે સંપૂર્ણ જીવનના સિદ્ધાંતો અનુસાર બનાવવામાં આવે. જીવન વિશેની માન્યતા વિરુદ્ધ કોઈપણ બાબત તેમાં સામેલ ન હોય.

૦૨. નિસાબ સંપૂર્ણ હોય અને તલ્બાની નફ્સિયાતી (માનસિક)

જરૂરતોને પૂરી કરી શકે.

૦૩. બેફાયદા તથા સમય બગાડનારી તા'લીમ કોઈ કામની નથી. નિસાબ સામાજિક જરૂરતોને પણ પૂરી કરે.

૦૪. નિસાબ (અભ્યાસક્રમ)માં તર્બિયત (અખ્લાકી કેળવણી) પણ સામેલ હોય.

૦૫. નિસાબ વર્તમાન જરૂરતોના અનુસાર હોય પરંતુ દીને મતીનની બુનિયાદો પર આધારિત હોય.

૦૬. પ્રચલિત સાઈન્સી દષ્ટાંતોને ઈસ્લામી માન્યતાઓની રોશનીમાં પારખીને જ નિસાબ (અભ્યાસક્રમ)માં સામેલ કરવામાં આવે.

૦૭. નિસાબ રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત અને ઈતાઅતથી ભરપૂર હોય.

૦૮. અભ્યાસક્રમ અમલને સ્વીકારી શકાય એમ હોય, ઓછામાં ઓછા સમયમાં વધુમાં વધુ ફાયદાકારક તા'લીમ આપવામાં આવે.

૦૯. અભ્યાસક્રમ તૈયાર કરતી વેળા તા'લીમના મક઼સદ એટલે કે દીનની સમજને સામે રાખવામાં આવે.

૧૦. તેવા ઈલ્મ અને ફન (વિદ્યા) જે દીનથી ફેરવી દે તથા ગાફેલ કરી આપે જેનાથી દીન તથા ઈમાનને નુકસાન પહોંચવાનો અંદેશો હોય તેમને અભ્યાસક્રમમાં સામેલ કરવામાં ન આવે.

દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામના બાની ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પાકીઝા ઈલ્મનું તસવ્વુર આપ્યું. આપ ઉલૂમે અક઼લિયા તથા નક઼લિયામાં બેમિસાલ અને ઈલ્મો ફનના નિષ્ણાત હતા, આપે પશ્ચિમી બુદ્ધિજીવીઓ પર ટીપ્પણી કરી, નક઼લી દલીલોની સાથે સાથે અક઼લી દલીલોથી પણ કામ લીધું.

ઈસ્લામી ફિક્ર (વિચારશૈલી)ને પ્રકાશિત કરી કિતાબો પણ લખી. અમુક કિતાબોનાં નામ જોઈએ : (૧) નુઝૂલે આયાતે કુર્આન બસુકૂને ઝમીનો આસ્માન હિ.સ. ૧૩૩૯ (૨) ફવઝે મુબીન દર રદ્દે હરકતે

ઝમીન હિ.સ. ૧૩૩૮ (૩) અલ્કલેમતુલહેમા ફિલ્હિકમતે વલ્મહકમા હિ.સ. ૧૩૩૮ (૪) મક઼ામિઉલ હદીદ અલા ખદ્દિલ મન્તિક઼િલ જદીદ હિ.સ. ૧૩૦૪ (૫) મુઈને મુબીન બહરે દૌરે શમ્સો સુકૂને ઝમીન હિ.સ. ૧૩૩૮

આપે અખ્લાક઼ી બંધારણ અને સજાના ખયાલો વિશે પણ ચર્ચા કરી છે. તા'લીમી સંસ્થાના માહોલ અને તલ્બાની અખ્લાક઼ી કેળવણી વિશે પણ ક઼ાયદા આપ્યા છે. એ જ પ્રમાણે તા'લીમો તઅલ્લુમના ઉતાર ચઢાવથી પણ આપ ખૂબ આગાહ હતા. સારાંશ કે જે ગુણો એક શૈક્ષણિક સંસ્થાના વ્યવસ્થાપકમાં હોય એ સૌ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہમાં સંપૂર્ણપણે હતા. વધુ જાણકારી માટે વાંચો :–

**૦૧.** વાર્ષિક મઆરિફે રઝા, કરાચી, ઈ.સ. ૨૦૦૧, સદ્સાલા જશ્ને દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ, બરેલી વિશેષાંક.

**૦૨.** ફતાવા રઝવિય્યા શરીફ (નવું પ્રકાશન) ભાગ–૨૩, પ્રકાશિત પોરબંદર–ગુજરાત

**૦૩.** **Imam Ahmad Raza Khan Baraily's Theories of Education.** લેખક : તુર્ક વલી મુહમ્મદ ક઼ાદરી **(M.A.E.AD) (L.L.B.)** પ્રકાશિત કરાચી.

*(રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા દયાદરવી , મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, મે–૨૦૦૮, બરકાતે ખ્વાજા–માસિક)*

# અહલે સુન્નત વ જમાઅતનું પ્રતીક : "મસ્લકે આ'લા હઝરત"

પૈગંબરે ઈસ્લામ ﷺની સાથે ઈશ્ક઼ તથા મહોબ્બત આપ ﷺથી સંબંધિત તમામ ચીજોની અક઼ીદત તથા લગાવ એ કામિલ, સંપૂર્ણ ઈમાન તથા ઈસ્લામની રૂહ ગણાય છે, જ્યારે કે રસૂલે આ'ઝમ ﷺ પ્રત્યે નહીં જેવી નફરત, મેલ તથા આપ ﷺની શાન ઘટાડવી ક્યારે પણ માફીને પાત્ર નહીં તેવો ગુનોહ છે, મુનાફિક઼ત (મુનાફિક઼પણા)નો માર્ગ છે જે દુનિયાવી જિંદગીમાં જ જહન્નમનો સામાન છે.

ઈસ્લામના પ્રારંભિક યુગથી જ ઈસ્લામી વેશમાં કેટલાક લોકો ઈસ્લામ વિરુધ્ધ પ્રોપેગંડાઓ તથા કાવતરાંઓમાં સંડોવાયેલા રહ્યા હતા. ઈસ્લામી સિદ્ધાંતો તથા માન્યતાઓને ઠેસ પહોંચાડવી તેમનો પ્રાથમિક હેતુ તથા મક઼સદ રહ્યો. રસૂલુલ્લાહ ﷺની અઝમત સાથે ચેંડાં પણ કરવામાં આવ્યાં અને ઈસ્લામના સામાજિક મૂલ્યોનું અપમાન પણ કરવામાં આવ્યું. એ અલગ વાત છે કે સચ્ચાઈના સૂરજનાં હક઼ીક઼તના ચાંદનાં અને હિદાયતના પ્રકાશનાં સોનેરી તથા અતિ પ્રકાશિત કિરણોએ દરેક યુગમાં કુફ્ર તથા બિદઅતોના અંધકારને ભેદીને અહલે વફા માટે હક઼ીક઼ત તથા સત્યતાના માર્ગોને હમેશાં ઉજાશમાં રાખ્યા. હક્ક઼ની તરફદારી અને હક્ક઼ાનિયતના પ્રદર્શન માટે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ઓલમાએ હક્ક઼ની મુક઼દ્દસ જમાઅતને પૈદા ફર્માવી જેમની જિંદગીનો હેતુ ઈસ્લામી અક઼ાઈદ તથા એહકામની સુરક્ષા તથા શરીઅતના સિદ્ધાંતો, સાચી માન્યતાઓનો પ્રચાર અને ઈશ્કે રસૂલના પયગામને આમ કરવો જ રહ્યો. તેઓ  જબાન તથા ક઼લમ દ્વારા બાતિલ ખયાલોનો રદ કરતા રહ્યા અને તેની હાનિકારક અસરોથી મુસલમાનોની રક્ષા કરતા રહ્યા. તેઓ ટીકા કરનારાઓની ટીકાથી બેપરવા થઈને અલ્લાહની રઝા ખાતર દિવસ રાત દીનની સેવામાં જ મગ્ન રહ્યા. દુનિયાથી તથા દુનિયાવાળાઓની નીડર

તથા મુક્ત રહ્યા, તો અલ્લાહ તઆલાએ પોતાના ફઝ્લથી આવા નેક ગુણોના માલિક ઓલમા પ્રત્યે લોકોનાં દિલોમાં તેમની મહોબ્બતની જ્યોત પ્રગટાવી આપી. એટલું જ નહીં પરંતુ તેમનું નામ જ હક્કની પેહચાન તથા નિશાની બની જાય છે.

જો ચૌદમી સદી ઉપર એક દૃષ્ટિ નાખવામાં આવે તો ઓલમાએ રબ્બાનિય્યીનના મુકદ્દસ ગિરોહમાં આ'લા હઝરત અઝીમુલ બરકત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વી رحمۃ اللہ علیہનું નામ વિશેષ સન્માન ધરાવે છે, જેમને અલ્લાહ તઆલાએ ખુસૂસી ફઝ્લો કમાલ, પરહેઝગારી, ગિર્યા વ ઝારી તથા ઈશ્કે રિસાલતની અનમોલ નેઅમતથી સરફરાઝ ફર્માવ્યા અક્લમંદીનાં ગુણો, વિચારસરણીની ઉચ્ચતા, ઈલ્મ તથા વિદ્યાની વિશાળતા જેવી ખૂબીઓ તથા વિશેષતાઓમાં આપના સમકાલિનોમાં કોઈપણ આપના બરાબર કે સમોવડીયો નજર નથી આવતો જે આખી જિંદગી કલમની અણી વડે ઈસ્લામી અકાઈદ, શરીઅતના અહકામ તથા તરીકતના સિદ્ધાંતોની સુરક્ષા ફર્માવતો રહ્યો હોય.

જ્યારે જ્યારે પણ ઈસ્લામ વિરોધી અકીદાઓ મુસલમાનોના માથે થોપવાની નાપાક કોશિશ કરવામાં આવી અથવા જ્યારે પણ ઈશ્કે રિસાલત તથા અઝમતે રિસાલત ﷺની સાથે છેડછાડ કરવામાં આવી તો આપે તેનો ભરપૂર સામનો કર્યો. જેમ કે (દેવબંદી મોલ્વી થકી) કહેવામાં આવ્યું કે :

★ શૈતાન તથા મલકુલ મૌતનો ઈલ્મ હુઝૂર ﷺના ઈલ્મથી વધારે છે. *(બરાહીને કાતેઆ)*

★ હુઝૂર ﷺનું ખાતિમુન્નબિય્યીન હોવું આખરી (અંતિમ) નબી હોવાના અર્થમાં હોવું એ અવામનો ખયાલ છે. *(તેહઝીરુન્નાસ)*

★ દરેક મખ્લૂક નાની હોય કે મોટી અલ્લાહની શાનના આગળ ચમાર (ભંગી)થી પણ વધારે ઝલીલ છે. *(તક્વિયતુલ ઈમાન)*

★ મેહફિલે મીલાદ કોઈપણ સંજોગોમાં નાજાઈઝ છે.

*(ફતાવા રશીદિયા)*

★ ઈદૈન (ઈદુલ ફીત્ર તથા ઈદે અદ્હા)માં મુઆનિકો (એકબીજાથી ગળે મળવું) બિદઅત છે. *(ફતાવા રશીદિયા)*

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આવા ગુસ્તાખો, બદ્ઝબાનો તથા બિદ્દિમાગોનો ઉપચાર કર્યો અને આવા ગૈર ઈસ્લામી અક઼ીદાઓ તથા માન્યતાઓનો પ્રચાર કરનારાઓ સાથે ક઼લમી જેહાદ કર્યો. હક઼્ને હક઼્ સાબિત કરવા માટે અને બાતિલને જૂઠુ પાડવા માટે એક હજારથી પણ વધુ કિતાબો લખીને એવી અનમોલ દીની ખિદમત અંજામ આપી છે કે જેનું દષ્ટાંત સદીઓ સુધી જોવા નથી મળતું. આપની વિશેષ ખાસિયત એ રહી કે જે પણ ઈસ્લામી અક઼ીદા તથા દીની મસાઈલની સાથે છેડછાડ કરવામાં આવતી તો આપ એ અક઼ીદા તથા દીની મસ્અલાની સુરક્ષા માટે એક અલગ કિતાબ લખી આપતા અને બેશુમાર અક઼્લી તથા નક઼્લી પુરાવાઓ તથા દલીલોની સાથે હક઼્ તથા સત્યતાને એવી સ્પષ્ટ ફર્માવી આપતા કે વિરોધીઓમાં દમ મારવાની પણ હિંમત બાકી ન રહેતી.

ખાસ આશ્ચર્યની વાત એ છે કે બાતિલ અક઼ીદાઓ તથા ખોટી માન્યતાઓ ધરાવનાર ગૈર ઈસ્લામી અક઼ીદાઓના આગેવાનો તથા કહેવાતા આલિમો અજનબી તથા નવા નવા નામની નહીં પરંતુ ''અહલે સુન્નત વ જમાઅત''ના નામે જ પોતાનો પરિચય કરાવે છે, અને ઈસ્લામી વેશભૂષા, રંગ ઢંગ તથા નામની સમાનતાના આધારે સુન્ની મુસલમાનો સાથે હરી મળી જાય છે, અને ભોળાભાળા મુસલમાનોને ગુમરાહીના ખાડામાં ધકેલવાની નિરર્થક કોશિશ કરે છે. બાતિલ અક઼ાઈદ તથા મસાઈલની તબ્લીગ અને પ્રચારમાં તનતોડ પ્રયાસો કરે છે. એટલા માટે જ તેમના ફેરબ તથા છેતરપિંડીના ધંધાનો પર્દો ઉઘાડવા માટે અને અહલે સુન્નત વ જમાઅતની સુરક્ષા માટે મસ્લકે અહલે સુન્નતને **''મસ્લકે આ'લા હઝરત''** કહેવામાં આવ્યો. અને હવે એ જ (મસ્લકે આ'લા હઝરત) અહલે સુન્નત વ જમાઅતનું પ્રતીક અને નિશાની (ઓળખ) બની ગઈ. જેમ કે મોહક્કિ઼કે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન સાહબ મિસ્બાહી (સદર મુફ્તી અલ્ જામિઅતુલ્ અશરફિયા, મુબારકપુર) એક પ્રશ્નના જવાબમાં લખે છે કે :–

"લોકોની સાધારણ બોલચાલમાં મશ્હૂર હોવું એ દલીલ તથા પુરાવો છે કે, "આ'લા હઝરત"ના શબ્દથી આ યુગમાં અહલે સુન્નત વ જમાઅતનો સંકેત થાય છે. જેમ કે "હાતિમ"નો શબ્દ સખાવતથી, મૂસાનો શબ્દ મુહક્કિ઼ (હક્ક જાહેર કરનાર), ફિરઓનનો શબ્દ મુબ્તિલ (બાતિલ કરનાર) તરીકે સાંકેતિક રૂપે ઉપયોગ કરવામાં આવે છે. આ કારણે જ આ શબ્દ "આ'લા હઝરત" આજે અહલે સુન્નત વ જમાઅતની પેહચાન બની ચૂક્યો છે. કોઈપણ વ્યક્તિ જો અક઼ીદતથી "આ'લા હઝરત"નો શબ્દ બોલે છે તો સાંભળનાર વિના સંકોચે તેને "સુન્ની" યક઼ીન કરી લે છે અને દરેક વ્યક્તિ જાણી લે છે કે આ "અહલે સુન્નત વ જમાઅત"માં થી જ છે. અને શરીઅતની દષ્ટિએ આ ઉર્ફ (મશ્હૂર થવું) મક઼બૂલ તથા સ્વીકૃત છે. હદીષ શરીફમાં છે કે :–

**مارآه المسلمون حسنًا فهو عند الله حسن۔**"જેને મુસલમાનો સારું જાણે તે અલ્લાહની નજીક પણ સારું હોય છે." *(મુસ્નદે અહમદ)*

મક્કા મોઅઝ્ઝમાના સૌથી બુઝુર્ગ આલિમ હઝરત અલ્લામા મૌલાના સૈયદ મગરબી رحمۃ اللہ علیہ (શૈખુલ હદીષ હરમ શરીફ, મક્કા શરીફ) ફર્માવે છે કે :–

**"જ્યારે પણ હિંદુસ્તાનથી કોઈ વ્યક્તિ આવે છે તો અમે તેને મૌલાના શૈખ અહમદ રઝા વિશે પૂછીએ છીએ, જો તે તેમની પ્રસંશા તથા તારીફ કરે તો અમે સમજી લઈએ છીએ કે આ "અહલે સુન્નત જમાઅત"માંથી છે, અને જો તે તેમની બુરાઈ કરે તો સમજી જઈએ છીએ કે આ "બદ્મઝહબ ગુમરાહ" છે. અને આ જ અમારી કસોટી તથા માપદંડ છે."**

હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ અલ્વી માલિકી رحمۃ اللہ علیہ (મક્કા મોઅઝ્ઝમાના ક઼ાઝીયુલ કુ઼ઝાત, ચીફ જસ્ટિશ) આ'લા હઝરતની શાનમાં ફર્માવે છે કે, "અમે મૌલાના અહમદ રઝા ખાનને તેમની તસ્નીફો (લખેલી કિતાબો) તથા તાલીફો (સંપાદન કરેલી કિતાબો) દ્વારા ઓળખીએ છીએ. **તેમની સાથે મહોબ્બત સુન્નિયતની નિશાની છે અને**

**તેમની સાથે કીનો તથા દુશ્મની બદ્મઝહબી તથા બિદઅતી હોવાની પહેચાન છે.**

આ તો અહલે સુન્નત વ જમાઅતની અઝીમ હસ્તીઓનાં કથનો છે પણ આ'લા હઝરતની ઈલ્મી મહાનતાનો તો પરાયાઓ પણ સ્વીકાર કરે છે. જેમ કે મોલ્વી મુહમ્મદ યૂસુફ શાહ બનૂરી દેવબંદીના પિતા મોલ્વી ઝકરિયા શાહ બનૂરી પેશાવરી આ'લા હઝરત વિશે લખે છે કે, **"જો અલ્લાહ તબારક વ તઆલા હિંદુસ્તાનમાં મૌલાના અહમદ રઝા ખાન બરેલ્વીને પૈદા ન કરત તો હિંદુસ્તાનમાંથી હનફીયત નાબૂદ થઈ ગઈ હોત."** *(હવાલો : ઈમામ અહમદ રઝા કી ફિક્હી બસીરત)*

આ કથનને રજૂ કરવાનો મક્સદ એ નથી કે આનાથી મસ્લકે આ'લા હઝરત શબ્દનો જવાઝ (જાઈઝ હોવું) સાબિત કરવામાં આવે, પરંતુ આ કથનની રજૂઆતનો મક્સદ માત્ર એ જ છે કે સચ્ચાઈનો જ્યારે સરેઆમ અથવા છુપી રીતે બહિષ્કાર કરવામાં આવે તો અલ્લાહ તઆલા સચ્ચાઈને ગૈરો તથા પરાયાઓની ઝબાનથી ઉકેલાવી આપે છે. જુઓ ઉપરોક્ત કથનમાં દેવબંદીઓના પેશ્વાને પણ ખાસ સત્યતાને નકારી શકવાની હિંમત ન થઈ અને હકીકતનો સ્વીકાર કર્યો છે કે મસ્લકે ઈમામે આ'ઝમ જેને બીજા શબ્દોમાં હનફીયત કહેવામાં આવે છે. તેની ઉપર હજારો એ'તેરાઝ કરવામાં આવ્યા પરંતુ કોઈ ફકીહ તથા મુફતીએ આ વાંધાઓનો મુંહ તોડ જવાબ ન આપ્યો જેના કારણે હનફી મસ્લક કમજોર તથા દમ તોડવા લાગ્યો, એવા સમયે આ મસ્લકને તાકત તથા સુરક્ષા આપી હોય તો તે આ'લા હઝરતની જ ઝાત છે. જેમણે હનફી મસ્લકને પુનઃશક્તિ પૂરી પાડી.

વહાબી મસ્લકના મૌલ્વી નિઝામુદ્દીન અહમદપૂરી (વહાબી) આ'લા હઝરત વિશે લખે છે કે, **"અલ્લામા શામી અને ફત્હુલકદીર (કિતાબના) લેખક મૌલાના અહમદ રઝાના શાગિર્દ છે. આ તો બીજા ઈમામે આ'ઝમ જણાય છે !"**

જેનો મર્તબો ઈલ્મી તથા ફિક્હી મેદાનમાં આટલો ઉચ્ચ હોય કે

હરીફોને અનાયાસે પણ સ્વીકારવું પડે છે તો પછી તેની તરફ મસ્લકની નિસ્બત કેમ ન કરી શકાય ?!

ખુલાસો એ કે "આ'લા હઝરત"નો શબ્દ સુન્નિયતની પહેચાન છે, સુન્નિયતનું પ્રતીક છે. આ'લા હઝરતનો શબ્દ આમ ઉર્ફ (લોકોમાં પ્રસિદ્ધ નામ) અહલે સુન્નતનો સમાનાર્થી શબ્દ છે, એટલા માટે જ "મસ્લકે આ'લા હઝરત"નો અર્થ છે "મસ્લકે અહલે સુન્નત વ જમાઅત" જેના વડે સંબોધન વિના સંકોચે જાઈઝ છે. શક્ય છે કે કોઈના દિલમાં એ પ્રશ્ન ઉભો થાય કે જ્યારે તેનો અર્થ મસ્લકે અહલે સુન્નત વ જમાઅત જ છે તો પછી "આ'લા હઝરત"નો શબ્દ કહેવાનો શું ફાયદો ?! આ પ્રશ્નનો જવાબ કોઈ સદ્‌બુદ્ધિ ધરાવનાર વ્યક્તિથી છુપો નથી. આજે પરિસ્થિતિ એ થઈ ગઈ છે કે "સુન્ની" શબ્દ શીઆઓની તુલનામાં બોલવામાં આવે છે, જ્યાં પણ મુસલમાનોના બે ગૃપો વચ્ચે અથડામણના સમાચાર સાંભળવા મળે છે તો એમ જ કહેવામાં આવે છે કે શીઆ સુન્નીમાં અથડામણ થઈ ગઈ છે. જ્યારે કે લડાઈ થઈ હોય દેવબંદી શીઆમાં અથવા વહાબી તથા શીઆ વચ્ચે, તો પણ જાહેર એમ જ કહેવામાં આવે છે કે શીઆ સુન્ની વચ્ચે ઝઘડો થયો છે. તો આ કારણસર "સુન્ની" શબ્દ આજે વહાબીઓ, દેવબંદીઓ તથા નદવીઓ વગેરેથી અલગ કરવા માટે પર્યાય નથી રહ્યો, અને બિલ્કુલ આ જ સ્થિતિ આજે "અહલે સુન્નત વ જમાઅત"ના શબ્દની છે. વહાબી પોતાને વહાબી તથા દેવબંદી પોતાને દેવબંદી નથી કહેતો, તેઓ પણ પોતાને "અહલે સુન્નત વ જમાઅત" જ કહે છે. પોતાના આલિમોને હામીએ અહલે સુન્નત તથા ઈમામે અહલે સુન્નત જેવી ઉપાધીઓ તથા લક઼બોથી પણ નવાઝે છે. એટલે હવે "અહલે સુન્નત"નો શબ્દ પણ અહલે સુન્નત તથા અહલે બિઅદત વહાબીઓ, દેવબંદીઓ.... વગેરેમાં ફર્ક કરવા માટે કાફી નથી. આપણા જે ભાઈઓ કોઈ અંગત વેર તથા આપસી વિખવાદના કારણે આ'લા હઝરતની શાન ઘટાડવામાં વ્યસ્ત છે તેઓ બે ઘડી ખાલી દિમાગ કરીને તથા ઠંડા દિલે વિચારે કે પોતાને બદ્‌મઝહબો તથા ગુમરાહોથી અલગ રાખવા માટે કયો મુખ્તસર (સંક્ષિપ્ત) શબ્દ યોગ્ય

રહેશે ? તો યક઼ીનની સાથે તે અવશ્ય એ પરિણામે પહોંચશે કે, ''મસ્લકે આ'લા હઝરત''ના શબ્દથી વધારે યોગ્ય શબ્દ કોઈ પણ નથી, કેમ કે સુન્નિયતનું ચિન્હ આ જ શબ્દ છે, અહલે સુન્નતનું પ્રતીક આ જ લફ્ઝ છે. બદ્‌મઝહબોને અલગ રાખવા એ આ જ શબ્દની વિશેષતા છે. બલ્કે હક઼ીક઼ત તો એ છે કે તમામ અહલે સુન્નત વ જમાઅત આ શબ્દ તથા પરિભાષા ઉપર એકમત છે.

અમુક વર્ષો પહેલાં આપસી વિખવાદના કારણે કેટલાક મહેરબાનોએ આ શબ્દ સામે પ્રશ્નાર્થ ચિન્હ રાખવાની કોશિશ કરી હતી, જે કોશિશ બેદલીલ તથા આધાર વિનાની હોવાના કારણે સુન્નીઓની એકમતિમાં રુકાવટ તથા અડચણ ન બની શકી. હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : مارٰاہ المسلمون حسنًا فهو عند الله حسن ''જે ને મુસલમાનો સારું (યોગ્ય) સમજે તે અલ્લાહની નજીક પણ સારું છે.''

''અલ્ અશ્બાહ'' કિતાબના છટ્ટા ક઼ાયદામાં છે, ''જાણી લો કે ઉર્ફ (આમ બોલચાલમાં પ્રચલિત થવું) તથા આદતના એ'તેબારની ફિક઼્હના ઘણાયે મસ્અલાઓમાં જરૂર પડે છે, ત્યાં સુધી કે તેના (ઉર્ફ તથા આદત) પ્રમાણે જ તેઓ ફત્વો તથા મસ્અલો બતાવી આપે છે.''

સહાબીએ રસૂલ ﷺ હઝરત બર્રાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું કે, ''ક઼બરમાં બે ફરિશ્તા આવે છે અને તેને (મૈયતને) બેઠા કરીને આ સવાલ કરે છે, ما دينك؟ ''તારો દીન કયો છે ?'' તો તે (મૈયત) કહે છે, ديني الاسلام ''મારો દીન ઈસ્લામ છે.'' *(મિશ્ક઼ાત શરીફ)*

ઉપરોક્ત હદીષમાં એક નિશ્ચિત વ્યક્તિની તરફ ''દીન''ની નિસ્બત કરવામાં આવી છે. (એટલે કે તારો દીન, તારો ધર્મ) જ્યારે કે ધર્મ તથા દીનની નિસ્બત એક નિશ્ચિત વ્યક્તિ તરફ કરી શકાય છે જેમ કે આ હદીષમાં છે, તો પછી મસ્લક શબ્દની નિસ્બત આ'લા હઝરત તરફ કરવામાં આવે અને ''મસ્લકે આ'લા હઝરત'' કહેવામાં આવે તો તેમાં શું બુરાઈ છે ? જ્યારે કે આ'લા હઝરતનો શબ્દ હક્ક઼ તથા સુન્નિયતની કસોટી બની ગયો છે, જેમ કે ઓલમાએ મક્કા ફર્માવે છે કે, ''આ જ

(શબ્દ) અમારા નજીક (હક્ક઼ તથા ગુમરાહોની પરખ માટે) કસોટી છે."

ફક઼ીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અહમદ અમજદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "જે લોકો સુન્ની હોવા છતાં 'મસ્લકે આ'લા હઝરત' કહેવા ઉપર એ'તેરાઝ તથા વાંધો ઉઠાવે છે તેઓ આ'લા હઝરત અઝીમુલ બરકત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી હસદમાં સપડાયેલા છે અને હસદ હરામ તથા ગુનાહે કબીરા છે. હદીષ શરીફમાં છે કે હસદ હસદ કરનારાની નેકીઓને એ રીતે ખાઈ જાય છે જે રીતે આગ લાકડીઓને સળગાવી નાખે છે." *(અબૂ દાઊદ શરીફ, ભાગ–૨, પેજ–૨૧૬)*

એ માનવું સદંતર ખોટુ છે કે "મસ્લકે અહલે સુન્નત" તથા "મસ્લકે હનફી" કહેવું કાફી છે, "મસ્લકે આ'લા હઝરત" કહેવાની કોઈ જરૂરત નથી. કેમ કે દેવબંદી તથા મૌદૂદી જમાઅતના લોકો પણ "મસ્લકે અહલે સુન્નત" તથા "મસ્લકે હનફી"ના દાવેદારો છે. તે માટે મસ્લકે આ'લા હઝરતનો શબ્દ મૌદૂદી મસ્લક તથા દેવબંદી મસ્લકથી ફર્ક કરવા માટે તથા અલગ રાખવા માટે બોલવામાં આવે છે. જો કોઈ પણ પોતાને "મસ્લકે અહલે સુન્નતે તથા "મસ્લકે હનફી"નો માનનાર બતાવે અને આમ ન કહે કે હું "મસ્લકે આ'લા હઝરત"નો પાબંદ છું તો સ્પષ્ટ નહીં થાય કે તે સુન્ની છે કે બદ્દમઝહબ. આ કારણે મઝહબે હક્ક઼ અહલે સુન્નત વ જમાઅત સાથે સંબંધને જાહેર કરવા માટે આ જમાનામાં મસ્લકે આ'લા હઝરતની સાથે સંબંધ ધરાવે છે કે નહીં તે જણાવવું બેહદ જરૂરી થઈ ગયું છે. આના ઉપર વાંધા ઉઠાવનારાઓને અલ્લાહ તઆલા સાચી સમજ અતા ફર્માવે.

આ લખાણથી સ્પષ્ટ થઈ ગયું કે "મસ્લકે આ'લા હઝરત" મસ્લકે અહલે સુન્નત વ જમાઅતનો "સમાનાર્થી" છે. આ હક઼ીક઼તના સ્પષ્ટીકરણ હોવા છતાં કોઈ જીદ, ઘમંડ, નફ્સાનિયત તથા અભિમાન અથવા હસદના કારણે મસ્લકે આ'લા હઝરતની સદાક઼તનો ઈન્કાર કરે તો આ તેનું સીધા માર્ગેથી વિમુખ થવાની ખુલ્લી દલીલ છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત હક્ક઼ બોલવાની, હક્ક઼ સમજવાની તથા હક્ક઼ ઉપર અમલ કરવાની નેક તૌફીક઼ આપે. (આમીન)

(રજૂકર્તા : મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી, સદર : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, *જુન–૨૦૦૮, બરકાતે ખ્વાજા–માસિક)*

## મસ્લકે આ'લા હઝરત શા માટે ?

સૌથી પહેલાં આપ એ વાત સમજી લો કે મસ્લકે આ'લા હઝરત કોઈ નવો મસ્લક નથી. સહાબાએ કિરામ, તાબઈન, તબએ તાબઈન, સાલેહીન અને ઉલમાએ ઉમ્મત જે મસ્લક પર હતા તેને જ મસ્લકે આ'લા હઝરત કહેવામાં આવે છે. વાસ્તવમાં આ નામ રાખવાનું કારણ એ છે કે લગભગ બે સદી પહેલાં જમીન પર કેટલાક નવા ફિર્કાઓએ જન્મ લીધો અને તે ફિર્કાઓના ઝંડાધારીઓ અહલે સુન્નત વ જમાઅતના અક઼ાઈદ અને મા'મૂલાતને શિર્ક તથા બિદઅત કહેવા લાગ્યા. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ વહાબી મસ્લકને ફેલાવવા માટે જે કિતાબ "તક઼વિયતુલ ઈમાન" નામથી સંપાદન કરી તેમાં ઈલ્મે ગૈબે મુસ્તફા ﷺ, હાઝિર નાઝિર, શફાઅત, મદદ માંગવી, નિદાએ યા રસૂલલ્લાહ ! ﷺ (નબીને પોકારવું), હયાતુન્નબી ﷺ, ઈખ્તિયારાતે નબી ﷺ વગેરે દરેક અક઼ાઈદને મઆઝલ્લાહ ! કુફ્ર અને શિર્ક ઠરાવ્યા. જ્યારે કે આ દરેક અક઼ાઈદ (અક઼ીદા) પ્રથમ દિવસથી જ કુર્આન અને સુન્નતથી સાબિત છે. એવી જ રીતે મીલાદ, ક઼િયામ, સલાતો સલામ, ઈસાલે સવાબ, ઉર્સ આ દરેક કાર્ય જે સદીઓથી અહલે સુન્નત વ જમાઅતમાં ચાલે છે અને ઉલમાએ અહલે સુન્નતે આને સવાબનો સબબ કહ્યો છે, પણ નવા ફિર્કાઓના ઝંડાધારીઓએ આ અક઼ાઈદ અને મા'મૂલોને શિર્ક બિદઅત કહી પોતાની તાક઼ત તેમને મિટાવવામાં ખર્ચ કરી, આ જમાનામાં ઉલમાએ અહલે સુન્નતે પોતાની ક઼લમથી અક઼ાઈદ અને મા'મૂલોની હિફાઝત કરી અને લખાણો વડે તથા તક઼રીરો થકી અને મુનાઝરા કરી વિરોધીઓના દરેક વાંધાઓના જડબા તોડ જવાબ આપ્યા.

અક઼ાઈદની આ હંગામાના યુગમાં બરેલીની ધરતી પર ઈમામ અહમદ રઝા ખાં رحمۃ اللہ علیہ તશરીફ લાવ્યા, આપ એક જબરદસ્ત આલિમ હતા. અલ્લાહ તઆલાએ આપને અનહદ ઈલ્મી લાયકાતોથી માલમાલ કર્યા હતા અને આપ ૫૫ ઈલ્મોમાં મહારત ધરાવતા હતા, ખાસ કરીને

ઈલ્મે ફિક્હમાં આપના યુગમાં કોઈ આપ જેવું ન હતું. આ'લા હઝરતની ઈલ્મી લાયકાતો તે લોકો પણ માને છે જે આપના વિરોધી તથા દુશ્મન છે. આપે આપના દૌરના ઉલમાએ અહલે સુન્નતને જોયા કે તેઓ બાતિલ ફિર્કાઓના વાંધાઓના જવાબો આપીને અક઼ાઈદે અહલે સુન્નતની હિફાઝત કરી રહ્યા છે, તો આપે પણ આ અઝીમ ખિદમત માટે ક઼દમ ઉઠાવ્યો અને અહલે સુન્નતના અક઼ાઈદના સુબૂતમાં દલીલોનો અંબાર લગાડી આપ્યો. એક એક અક઼ીદાના સુબૂતમાં કેટકેટલી કિતાબો લખી, સાથે સાથે જે મા'મૂલો આપના જમાનામાં ચાલતા હતા તેમાંથી જે કુર્આન અને સુન્નતના પ્રમાણે હતા આપે તેનું સમર્થન કર્યું અને જે કુર્આન અને સુન્નતના વિરુદ્ધ હતા આપે તેને રદિયો આપ્યો. આવી જ રીતે અસંખ્ય વિષયો પર એક હજાર (૧૦૦૦)થી વધુ કિતાબોનો મોટો ઝખીરો મુસલમાનોને અતા કર્યો. આપે બાતિલ ફિર્ક઼ાના રદમાં અને આ મા'મૂલોના સમર્થનમાં જે અઝીમ ખિદમત અંજામ આપી તેના લીધે ઓલમાએ અહલે સુન્નતની સફમાં સૌથી અધિક મશહૂર થઈ ગયા અને અક઼ાઈદે અહલે સુન્નતની જબરદસ્ત વકાલત કરવાના કારણે આ અક઼ાઈદ ઈમામ અહમદ રઝાની જાત પર સંબંધિત થવા લાગ્યા, અને હવે હાલ એ છે કે આપની જાત અહલે સુન્નતની એક અઝીમુશ્શાન જાત હોવાની હૈસિયતથી સ્વીકારી લેવામાં આવી છે. આ જ કારણે કોઈ હિજાઝી અથવા શામી અને યમની અથવા ઈરાકી અને મિસ્રી પણ મદીના મુનવ્વરામાં "યા રસૂલલ્લાહ ! ﷺ" કહે છે તો નજ્દી તેને બરેલ્વી જ કહે છે, જો કે બરેલી શહેરથી તેનો કોઈ સંબંધ નથી. તેવી જ રીતે કોઈ "اَسْئَلُكَ الشَّفَاعَةَ يَا رَسُوْلَ اللّٰه" કહીને નબીએ કરીમ ﷺથી શફાઅત ચાહે છે તો તે અરબનો રહેવાસી કેમ ન હોય પણ વહાબી તેને બરેલ્વી જ કહે છે. જ્યારે કે બરેલ્વી તેને કહેવો જોઈએ જે બરેલી શરીફનો રહેવાસી હોય, પણ તમે તેનું કારણ સમજી શકો છો કે આ અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ના તે અક઼ાઈદ છે જેનું ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ દલીલો વડે જોરશોરથી સમર્થન કર્યું, અને તે અક઼ાઈદના સુબૂતમાં સૌથી સારી

ખિદમત અંજામ આપી, જેના કારણે આ સર્વ અક઼ાઈદ ઈમામ અહમદ રઝાથી એ રીતે સંબંધિત થઈ ગયા છે કે દુનિયાનો કોઈ પણ મુસલમાન જો આ અક઼ાઈદનો માનવાવાળો હોય તો તેને આપની તરફ જ સંબંધિત કરતાં 'બરેલ્વી' કહેવામાં આવે છે. હવે જ્યારે કે જમીન પર કેટલાક (બાતિલ ફિર્ક઼ા વહાબી દેવબંદી) ફિર્ક઼ા જન્મ લઈ ચૂક્યા છે, તેમાં અહલે સુન્નત વ જમાઅતની પહેચાન કરવી મુશ્કેલ થઈ ગઈ છે. કારણ કે દેવબંદી પણ પોતાને અહલે સુન્નત જાહેર કરે છે. જ્યારે કે દેવબંદીના અક઼ાઈદ પણ તે જ છે જે વહાબીઓના છે, ફર્ક કેવળ એટલો જ છે કે વહાબી પોતાને 'અહલે હદીષ' કહે છે, અને ચાર ઈમામોમાંથી કોઈની તક઼લીદ નથી કરતા અને દેવબંદી તક઼લીદ કરે છે, પણ વહાબીના અક઼ાઈદને સાચા માને છે. વર્તમાનકાળમાં અસલ અહલે સુન્નત વ જમાઅત કોણ છે ? આ જાણવું ઘણુ જ મુશ્કેલ છે. આ જ કારણે આપણા ઉલમાએ કિરામે અહલે સુન્નત વ જમાઅતને બીજા ફિર્ક઼ાઓની અલગ થલગ રાખવા માટે ''મસ્લકે આ'લા હઝરત''નો ઈસ્તેમાલ કરવું બરાબર સમજ્યા. આનો સૌથી મોટો ફાયદો એ છે કે હવે જો ''મસ્લકે આ'લા હઝરત''નો માનવાવાળો હશે તો તેના બારામાં આપમેળે સાબિત થઈ જશે કે આ ઈલ્મે ગયબ, હાઝિર અને નાઝિર, મદદ માંગવી, શફાઅત વગેરેને માનવાવાળા છે અને મા'મૂલાતે અહલે સુન્નત ઈદે મીલાદુન્નબી ﷺ, ક઼યામ, સલાતો સલામને પણ સવાબનો સબબ સમજનાર છે. જો કોઈ એવું કહે કે કેવળ પોતાને સુન્ની કહેવું પૂરતુ છે, તો હું કહું છું કે જો કોઈ માણસ પોતાને સુન્ની કહે તો તમે તેને શું સમજશો ? કયો સુન્ની ? ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની તક઼લીદ કરવાવાળો ? વહાબી અક઼ાઈદને માનવાવાળો ? અથવા તો ''યા રસૂલલ્લાહ ! ﷺ'' કહેવાવાળો ? સાફ છે કે કેવળ સુન્ની કહેવાથી કોઈ માણસ ઓળખાશે નહીં, પણ કોઈ પોતાને બરેલ્વી સુન્ની કહે તો તરત જ સમજાઈ જશે કે આ હનફી પણ છે અને સાચો સુન્ની પણ છે અથવા કોઈ પોતાને ''મસ્લકે આ'લા હઝરત''ને માનવાવાળો

કહે તો પણ તે મુસલમાનના અક઼ાઈદ અને માન્યતાનોની પૂરેપૂરી જાણકારી થઈ જાય છે.

અહલે ઈમાનને દરેક યુગમાં પહેચાનની જરૂરત પડી છે. જુઓ ! મક્કાની વાદીઓમાં જ્યારે ઈસ્લામની દા'વત આમ થઈ તો તે સમયે દરેક ઈમાનવાળાને મુસલમાન કહેતા હતા અને જ્યારે પણ કોઈ કહેતુ કે હું મુસલમાન છું તો તે માણસના બારામાં તરત જ જાણવામાં આવતુ હતું કે આ અહલે સુન્નત વ જમાઅતથી છે. એટલે કે ખુદા એક છેની ગવાહી આપે છે અને નબીએ કરીમ ﷺની રિસાલતને માને છે અને આપ ﷺની આપેલ તા'લીમ પર અમલ કરે છે. પણ એક સદી પણ ન ગુજરી હતી કે અહલે ઈમાનને પોતાની પહેચાન માટે એક લફ્ઝની જરૂરત માલૂમ પડી, અને તે લફ્ઝ "સુન્ની" છે. કારણ એ હતું કે એક "શીઆ" ફિર્કો પેદા થયો અને તેઓએ મઆઝલ્લાહ ! હઝરત સૈયદના સિદ્દીકે઼ અકબર, હઝરત સૈયદના ઉમર ફારૂકે આ'ઝમ, હઝરત સૈયદના ઉષ્માન ગની رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ પર લાનતાન કરવું શરૂ કર્યું અને તેમાં હદથી આગળ વધી ગયા, પણ તેઓ પોતાને મુસલમાન કહેતા હતા જેથી અહલે સુન્નતે આવા યુગમાં પોતાને "સુન્ની મુસલમાન" કહ્યા.

જો કોઈ પોતાને કેવળ મુસલમાન કહેતો તો એ સવાલ ઉભો થતો કે આ કયો મુસલમાન છે ? હઝરત સૈયદના સિદ્દીકે઼ અકબર, હઝરત સૈયદના ઉમર ફારૂકે આ'ઝમ, હઝરત સૈયદના ઉષ્માને ગની رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَને માનવાવાળો છે અથવા તેમના પર લાનતાન કરવાવાળો ? પણ જો કોઈ પોતાને સુન્ની મુસલમાન કહેતો તો સમજમાં આવી જતું કે આ ચારેવ ખલીફાને માનવાવાળો છે. આ રીતે ખલીફાઓ પર લાનતાન કરવાવાળા રાફજીઓના વિરુધ્ધમાં અહલે સુન્નતની એક અલગ ઓળખ થઈ ગઈ તે "સુન્ની મુસલમાન".

આ મામલામાં કેટલાક લોકો એવું કહે છે કે હનફી, શાફઈ, હંબલી, માલિકી આ ચાર મસ્લક તો પહેલાંથી છે, તો આ પાંચમો મસ્લક "મસ્લકે આ'લા હઝરત" કેમ કહેવામાં આવે છે ?! તો તેમને ખબર

હોવી જોઈએ કે મસ્લકે આ'લા હઝરત એ કોઈ પાંચમો મસ્લક નથી પણ તેનો મતલબ જ એ છે કે ચાર મસ્લક હનફી, શાફઈ, હંબલી, માલિકી હક્ક઼ છે અને તેમાંથી કોઈ એકની તક઼લીદ વાજિબ છે, અને આજ વાત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબોથી સાબિત છે. જેથી જો કોઈ શાફઈ અથવા હંબલી પણ પોતાને મસ્લકે આ'લા હઝરતથી મનસૂબ કરે તો તેનો મતલબ એ જ છે કે તે શાખાકિય બાબતોમાં પોતાના ઈમામની તક઼લીદના સાથે સાથે અક઼ાઈદ અને મા'મૂલાતે અહલે સુન્નતનો માનવાવાળો છે. રહ્યો એ સવાલ કે આ એક પાંચમો મસ્લક છે, તો અમે વહાબીઓ દેવબંદીઓને ચેલેંજ આપીએ છીએ કે તે સાબિત કરીને બતાવે કે ઈમામ અહમદ રઝા એ કોઈ પણ અક઼ીદાનું સમર્થન કુર્આન અને સુન્નતની દલીલ વગર કર્યું છે. કોઈ પણ વિષયે તમે તેમની કિતાબ ઉઠાવીને જોઈ લો તો દરેક અક઼ીદાના સબૂતમાં તેમણે કુર્આનની આયતો, હદીષો અને ઉલમાએ ઉમ્મતના ક઼ૌલ રજૂ કર્યા છે. હક્ક઼ને સમજવા માટે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબોનો અભ્યાસ કરવો જોઈએ તો અભ્યાસ દરમ્યાન આપને મેહસૂસ થશે કે આ'લા હઝરત એ જ કહે છે જે ૧૪૦૦ વર્ષના યુગના ઉલમા અને ફક઼ીહો કહેતા રહ્યા છે. હજુ પણ કોઈને ઈત્મિનાન થયો ન હોય અને તે મસ્લકના શબ્દને આ'લા હઝરતની તરફ સંબંધિત કરવાથી વિરુદ્ધ હોય અને એવું સમજતો હોય કે આ એક નવો મસ્લક છે, તો તે વહાબી દેવબંદી રોકાઈ જાય અને મારા એક સવાલનો જવાબ આપે કે મોલ્વી મુહમ્મદ ઈકરામ જે દેવબંદીઓના ભરોસાપાત્ર છે, તેમણે મૌઝૈ કૌષરમાં શાહ વલીઉલ્લાહ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہના અક઼ાઈદ અને નઝરીયાત (માન્યતાઓ)ની ચર્ચા કરતાં વારંવાર ''મસ્લકે વલીઉલ્લાહ'' શબ્દનો ઉપયોગ કર્યો છે, તો શું ચાર મસ્લકથી અલગ આ ''મસ્લકે વલીઉલ્લાહ'' કોઈ પાંચમો અને નવો મસ્લક છે ? આ પ્રશ્નનો જે જવાબ તમારો હશે તે જ અમારો પણ છે.

*(રજૂકર્તા : અબ્દુર્રઉફ યાકૂબ પટેલ–પાલેજ, મે–૨૦૦૯, બરકાતે ખ્વાજા–માસિક)*

# મસ્લકે આ'લા હઝરત શું છે ?

શું ફર્માવે છે દીનના આલિમો તથા શરીઅતના મુફતીઓ નીચેના સવાલોના બારામાં કે :–

**(૧)** મસ્લકે આ'લા હઝરત શું છે ?

**(૨)** શું સુન્ની હોવા માટે મસ્લકે આ'લા હઝરતને માનવું જરૂરી છે ?

**(૩)** ''મસ્લકે આ'લા હઝરત''નો નારો મારવો કેવો ?

**(૪)** શું ''મસ્લકે આ'લા હઝરત''નો ના'રો મારવો હઠાગ્રહ છે ?

**(૫)** શું ''મસ્લકે આ'લા હઝરત''નો ના'રો આજથી પહેલાં બુઝુર્ગોએ લગાડયો હતો ?

**(૬)** જો કોઈ મસ્લકે આ'લા હઝરતને ન માને તો તે સુન્ની રહેશે કે નહીં ?

**(૭)** ઉપરોકત તમામ સવાલોના જવાબો હવાલા તથા દલીલોની સાથે આપશો અને

મસ્લકે આ'લા હઝરતની સ્પષ્ટતામાં કુર્આન તથા હદીષ, બુઝર્ગોના અકવાલ (કથનો)ના દ્રષ્ટાંતો પણ આપશો.

**પૂછનાર** : નવજવાનાને અહલે સુન્નત, રઝા ચોક, સાઈ નગર, નાંદેડ (મહારાષ્ટ્ર)

**મોકલનાર** : મુહમ્મદ અમીનુલ હસન રઝવી

**નોંધ** : સંજોગોને આધિન રહી અધિક પ્રમાણમાં ઉલમાએ એહલે સુન્નતની સહીઓ સાથે જવાબ મોકલશો તો ખૂબ જ આભાર માનીશું.

**★ જવાબ ★**

આમ લોકોની બોલી સાક્ષી છે કે ''આ'લા હઝરત'' શબ્દ

વર્તમાનકાળમાં "અહલે સુન્નત વ જમાઅત" પ્રતિ નિર્દેશ કરે છે. જેવી રીતે હાતિમના શબ્દથી સખાવત પ્રતિ "મૂસા"ના શબ્દથી મુહિક (સાચા બોલી) પ્રતિ અને ફિરઔનના શબ્દથી મુબ્તિલ (બાતિલ કરનાર) પ્રતિ નિર્દેશ થાય છે, એ જ રીતે આજે એ શબ્દ અહલે સુન્નત વ જમાઅતની ઓળખ બની ચૂકયો છે. કોઈ પણ સ્થળે કોઈ શખ્સ જો અકીદતની સાથે "આ'લા હઝરત" શબ્દ બોલી દે છે તો સાંભળનારા વિના વિલંબે તેને "સુન્ની" યકીન કરી લે છે અને દરેક શખ્સ સમજી જાય છે કે આ અહલે સુન્નત વ જમાઅતથી છે.

અજલ્લ ઉલ્માએ મક્કા મોઅઝ્ઝમા **હઝરત મૌલાના સૈયદ મુહમ્મદ મગરબી** رحمۃ اللہ علیہ **શૈખુલ હદીષ હરમે મક્કા** ફર્માવે છે :

اذا جاء رجل من الهند نسئله عن الشيخ
احمد رضافان مدحه علمنا أنه من اهل السنة، و
ان ذمه علمنا أنه من أهل البدع ، هذا هو المعيار
عندنا۔اھ

**(અર્થ)** : "જ્યારે હિંદુસ્તાનથી કોઈ આવે છે તો અમે તેનાથી મૌલાના શૈખ અહમદ રઝા ખાન સાહબના બારામાં પૂછીએ છીએ, જો તે તેમની તારીફ કરે છે તો અમે જાણી લઈએ છીએ કે એ "અહલે સુન્નત"થી છે અને જો તેમની બુરાઈ કરે છે તો અમે જાણી લઈએ છીએ કે એ "બદ્‌મઝહબ" છે, આ જ અમારી કસોટી છે."

**હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ અલ્વી માલિકી** رحمۃ اللہ علیہ **કાઝીયુલ કઝા–મક્કા મોઅઝ્ઝમા** આ'લા હઝરતની શાનમાં ફર્માવે છે :–

نحنُ نعرفُه بتصنيفاته و تاليفاته، حُبُّه علامةُ
السُّنه، و بغضه، علامة البدعة ۔اھ

**(અર્થ)** : "અમે હઝરત મૌલાના અહમદ રઝા ખાંને તેમની

કિતાબો તથા કૃતિઓથી ઓળખીએ છીએ. તેમની મહોબ્બત સુન્નિયતની નિશાની છે અને તેમનાથી અદાવત બદ્‌મઝહબીની પેહચાન છે.''

સારાંશ એ કે **''આ'લા હઝરત''** શબ્દ સુન્નિયતની ઓળખ છે, આમ બોલીમાં અહલે સુન્નત પ્રતિ નિર્દેશ કરે છે એટલા માટે **''મસ્લકે આ'લા હઝરત''**નો અર્થ છે **''મસ્લકે અહલે સુન્નત''**, જેનું સંબોધન વિના શંકાએ જાઈઝ છે.

શકય છે કે કોઈના દિલમાં એ શંકા ઉદ્‌ભવે કે જયારે તેનો અર્થ ''મસ્લકે અહલે સુન્નત'' છે તો પછી શબ્દ ''આ'લા હઝરત''ના ઉલ્લેખથી શો ફાયદો ?

એનો જવાબ કોઈ પણ સભાન વ્યકિતથી છુપો નથી. આજે સ્થિતિ એ થઈ છે કે ''સુન્ની'' શબ્દ ''શિઆ''ના ફરક માટે બોલવામાં આવે છે એટલા માટે સુન્ની શબ્દ આજે વહાબીઓ, દેવબંદીઓ, નદવીઓ વગેરેથી તફાવતના માટે પૂરતો નથી રહ્યો. એ જ હાલ આજે ''અહલે સુન્નત'' શબ્દનો પણ છે. વહાબી પોતે પોતાને અને દેવબંદી પોતાને દેવબંદી નથી કહેતા, બલ્કે તે પણ પોતે પોતાને અહલે સુન્નત જ કહે છે ! અને પોતાના ઉલમાને ''હામીએ સુન્નત'' અને ''ઈમામે અહલે સુન્નત''થી સંબોધિત કરે છે એટલા માટે એ શબ્દ પણ આજે અહલે સુન્નત અને અહલે બિદઅત વહાબી, દેવબંદી વગેરેની વચ્ચે તફાવતના માટે પૂરતો ન રહ્યો.

હવે અમારા જે ભાઈ કોઈ અંગત તકલીફ અને આપસી વિવાદના કારણે આ'લા હઝરતની શાન ઘટાડવામાં લાગેલા છે તેઓ થોડીવારના માટે નિષ્પક્ષ બની શાંત ચિત્તે ઠંડા દિલથી વિચારે કે બદ્‌મઝહબોથી તફાવતના માટે કયો સોલીડ સંક્ષિપ્ત શબ્દ પસંદ કરવામાં આવે ? તો અમને યકીન છે કે એ જ નિર્ણય પર પહોંચશે કે ''મસ્લકે આ'લા હઝરત''ના શબ્દથી અધિક યોગ્ય કોઈ શબ્દ નથી, કેમ કે ''સુન્નિયતની નિશાની'' આ જ શબ્દ છે, અહલે સુન્નતની ઓળખ એ જ શબ્દ છે, બદ્‌મઝહબોથી તફાવત માટે એ જ ખાસ ઠરે છે. બલ્કે હક્ક એ છે કે

તમામ અહલે સુન્નતની એના પર એકમતિ હતી પણ અમુક વરસો પહેલાં આપસમાં મતભેદ થવાના પરિણામે અમુક કૃપા કરનારાઓએ એના સામે પ્રશ્નાર્થ ખડો કરવાનો પ્રયત્ન કર્યો જે દલીલવિહોણો હોવાનો કારણે અગાઉની એકમતિમાં ખલેલ નથી પાડી શકતો. હદીષમાં છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

ما رآه المسلمون حسن فهو عند الله حسن

"જેને મુસલમાનો સારું જાણે તે અલ્લાહની નજીક પણ સારું છે." *(મુસ્નદે અહમદ)*

અશ્બાહ છટ્ઠા કાએદામાં છે :–

اعلم ان اعتبار العادة
والعرف ترجع اليه فی الفقه فی مسائل كثيرة حتی
جعلوا ذالک اه

"સહાબીએ રસૂલ હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ કરે છે કે "મા દીનુક" "તારો દીન" કયો છે ? તો તે કહે કે 'દીનિલ ઈસ્લામ" "મારો દીન" ઈસ્લામ છે. *(મિશ્કાત શરીફ, પેજ–૨૫, અહમદ તથા દાઊદની રિવાયતથી)*

આ હદીષમાં એક ખાસ વ્યકિત પ્રતિ "દીન"ની નિસ્બત છે, તો આ'લા હઝરતની પ્રતિ મસ્લકની નિસ્બતમાં શું ખરાબી આવી ગઈ ! જયારે કે આ'લા હઝરત શબ્દ હક્કનું માપદંડ છે. هذا هو المعيار عندنا،

આ પ્રસ્તાવનાને ધ્યાનમાં રાખીને હવે ક્રમસર દરેક સવાલનો જવાબ જુઓ :–

**(૧)** "મસ્લકે આ'લા હઝરત" એ લોકોનો માર્ગ છે જેમના પર અલ્લાહનું ઈનામ થયું. કુર્આન શરીફની પહેલી સૂરએ ફાતિહામાં છે : صِرَاطَ الَّذِيْنَ اَنعَمتَ عَلَيهِمْ.

સદરુલ અફાઝિલ હઝરત મૌલાના નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :– "સિરાતે મુસ્તકીમ અહલે સુન્નતનો માર્ગ છે જેઓ અહલે બયત તથા સહાબા તથા સુન્નત તથા કુર્આન તથા સવાદે આ'ઝમ સૌને માને છે." *(ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૩)*

★ આ તે મસ્લક છે જેના પર હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના સહાબાએ કિરામ રહ્યા. હદીષમાં છે : **(અર્થ)** સહાબાએ પૂછયું, "યા રસૂલલ્લાહ ! નાજી મિલ્લત (નજાત પામનાર ફિર્કો) કોણ છે ?" સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, "જેના પર હું છું અને મારા સહાબા." અમુક રિવાયતોમાં છે : **વહિયલ જમાઅહ્** એટલે જમાઅતે અહલે સુન્નત.

*(મિશ્કાત શરીફ, પેજ–૩૦)*

★ આ મસ્લક સવાદે આ'ઝમ છે. હદીષમાં છે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, **(અર્થ)** : "સવાદે આ'ઝમની પયરવી કરો." *(હવાલો ઉપર મુજબ)*

મુબલ્લિગે ઈસ્લામ **હઝરત અલ્લામા શાહ અબ્દુલ અલીમ સિદ્દીકી મેરઠી** رحمۃ اللہ علیہ એ આખરી વખતે મદીના મુનવ્વરામાં આ વસિયત લખી હતી :–

અલ્હમ્દુલિલ્લાહ ! હું મસ્લકે અહલે સુન્નત પર જીવંત રહ્યો અને **મસ્લકે અહલે સુન્નત તે જ છે જે આ'લા હઝરતની કિતાબોમાં લખેલ છે.** અને અલ્હમ્દુલિલ્લાહ ! અંતિમ સમયે તે જ મસ્લક પર હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કદમ મુબારકમાં ખાત્મા બિલ ખૈર પામી રહ્યો છું." *(માહનામા રઝાએ મુસ્તફા, ગુજરાનવાલા, સફર : હિ.સ. ૧૪૧૬, પેજ–૧૦, બહવાલા માહનામા તર્જુમાને અહલે સુન્નત, કરાચી, ઝીલ હજ્જ, હિ.સ. ૧૩૯૭)*

"મસ્લકે આ'લા હઝરત"ની હમણા જે વ્યાખ્યા આપવામાં આવી તેની સાબિતી માટે નિષ્પક્ષપણે આપની કિતાબો દા.ત. હુસ્સામુલ હરમૈન,

ફતાવા હરમૈન, અદૌલતુલ મક્કિયહ્, અલકૌકબતુશ્શહાબિયહ્, સુબ્હાનુસ્સુબ્બુહ, અન્નહિયુલ અકીદ, ઈઝાલતુલઆર, તાઈબુસ્સૈબ, રિસાલા ફી ઈલ્મિલ્ અકાઈદ વલ્ કલામ, તમ્હીદુલ ઈમાન, અલ અમ્નો વલ ઉલા, તજલ્લીયુલ યકીન, અલ્ સમસામ, રદુર્રિફઝહ્, અલ્ જરાઝિદયાની, જઝારલ્લાહુ ઉદવહૂ, ખાલિસુલ એ'તેકાદ, નફી ઉન્નફી, અંબાઉલ મુસ્તફા, અઝ્ ઝુબ્દતુઝ્ ઝકિય્યહ્, શમાઈમુલ અંબર, દવામુલ ઐશ, અન્ફસુલ ફિક્ર, અલફદલુલ મવહબી વગેરે વગેરેનો અભ્યાસ પૂરતો છે. વલ્લાહુલ મવફક વહુવ તઆલા અ'અલમ.

**(૨, ૩, ૪, ૫, ૬)** : જ્યારે એ હકીકત ખૂબ સારી પેઠે જાહેર થઈ ગઈ કે **''મસ્લકે આ'લા હઝરત''**નો અર્થ **''મસ્લકે અહલે સુન્નત વ જમાઅત''** છે તો આ બાબતોમાં જે મૌકફ અને જે હુકમ આમ અહલે સન્નતની દ્રષ્ટિએ શબ્દ ''મસ્લકે અહલે સુન્નત વ જમાઅત''નો છે તે જ હુકમ ''મસ્લકે આ'લા હઝરત''નો પણ છે. હવે દરેક વ્યકિત પોતાની જાતે ઈન્સાફ તથા દિયાનતના સાથે ખૂદ ફૈંસલો કરે અને હઠ તથા પૂર્વગ્રહથી દૂર રહે.

દારુલ ઈફતામાં વારંવાર આ પ્રકારના સવાલો આવી ચૂકયા અને સૌ એક ખાસ વિસ્તારમાંથી જ આવે છે, અમે અમારા એવા ભાઈઓને ગુઝારિશ કરીએ છીએ કે તેઓ જરા એવું પણ વિચારે કે તેઓ કઈ રવિશ પર ચાલી રહ્યા છે. **શું બરાબર આ જ મુજબના સવાલો એક બદ્બૂદાર ગૈરમુકલ્લિદ નથી કરતો કે મુસલમાનોનો મઝહબ તો કેવળ એક ઈસ્લામ છે તો આ ચાર મઝહબો કયાંથી પૈદા થઈ ગયા ?!** શું હનફી, માલિકી, શાફઈ, હંબલી મઝહબો પૂર્વજ બુઝુર્ગો (સહાબા)ના જમાનામાં હતા ?....વગેરે વગેરે.

બરાબર એ જ પ્રમાણેની વાતો કાદરી, ચિશ્તી, નકશબંદી, સુહરવર્દી પછી તેની શાખોના બારામાં શું તસવ્વુફના દુશ્મન નથી કરતા ? જરા ઔર નજીક આવો ! શું પોતાને રઝવી તથા અશરફી કહેવું સખતાઈ

પસંદી નથી (હઠાગ્રહ) ? શું પૂર્વજ બુઝુર્ગોએ પોતે પોતાને રઝવી, અશરફી કહ્યા છે ? (જે આવી વાતો કહે તે) આ સૌ બેકારની વાતો છે જે જાહિલ અવામને ફકીહો, સૂફીઓ, આલિમોથી વિમુખ કરવાના માટે તેમના વિરોધીઓ કહ્યા કરે છે. તો આપણા ભાઈઓએ તો કમસે કમ એમની રવિશ પર ન ચાલવું જોઈએ. જે લોકો ઉર્ફ તથા આદત, સમય સંજોગથી આંખો બંધ રાખે છે તેમને આવું જ બધું સુઝતુ રહે છે. ફકીહો ફર્માવે છે :– من لم یعرف اهل زمانه فهو جاهل "અલ્લાહ બેહતર જાણનાર છે."

*[માહનામા અશ્રફિયહ્, મુબારકપૂર, જુલાઈ–૨૦૦૩, અઝ : હઝરત મુફ્તી નિઝામુદ્દીન મિસ્બાહી, સદર મુફ્તી જામિઆ અશરફિયા–મુબારકપુર, યુ.પી., રજુકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, અલ મોઈન–માસિક, થામ]*

## નઝરે અક઼ીદત દર શાને આ'લા હઝરત

**અઝ : જનાબ મૌલાના મુહમ્મદ બશીર સાહબ**

મેરે અબ્દુલ–મુસ્તફા, અહમદ રઝા, તેરા ક઼લમ
દુશ્મનાને મુસ્તફા કે વાસ્તે શમશીર હય
આયએ "વગ્લુઝ અલયહિમ" કા, હૈ યે એક તર્જુમા
ઔર "અશિદ્દાઓ અલલ–કુફ્ફાર"કી તફસીર હય
બંદગાને દેવ, તેરે નામ હી સે કાંપ ઉઠે
અય બરેલી ! કયા હી તેરા રોઅબ, કયા તાષીર હય
મર્દે હક઼ આગાહ લેટા હય, તેરી આગોશ મેં
સીનએ બાતિલ મેં, તેરા નામ ભી એક તીર હય
"યા રસૂલલ્લાહ" કા નઅરા, હય દવાયે બેનઝીર
નજદિયત કે આરેઝા કે વાસ્તે અકસીર હય

*સંદર્ભ : તયબાહ માસિક (ગુજરાતી), મીલાદ અંક, સપ્ટેમ્બર/ઓકટોબર–૧૯૯૦*

# ‘મસ્લકે આ'લા હઝરત’ એ જ ‘મસ્લકે શાહ વલીયુલ્લાહ’ છે !

વહાબી દેવબંદી, જમાતી બાતિલ ફિર્કાનું **"દારુલ ઉલૂમ"** નામનું માસિક જે **કંથારીયા** (જિ. ભરૂચ)થી બહાર પડે છે જેમાં કુર્આની આયતો–હદીષોનાં ગલત અર્થઘટનો રજૂ કરતાં, મુસલમાનોને ગુમરાહ કરનારાં, તાલમેલ વિનાનાં લખાણો અવારનવાર લખવામાં આવે છે. પૂર્વજ **બુઝુર્ગોના અકીદાથી હટીને એ કયા પ્રકારની તૌહીદના ઝંડાધારી છે તે જ સ્પષ્ટ થતું નથી !** માર્ચ–૨૦૦૯ના ‘દારુલ ઉલૂમ’ માસિકના પેજ નં. ૨૨ ઉપર એઓ લખે છે કે, **"મસ્લકે શાહ વલીયુલ્લાહ (رحمۃ اللہ علیہ) પોતાના ઈમાનો ઈસ્લામનું રક્ષણ કરનાર છે."** સામે કોઠામાં લખે છે કે, **"અહમદે રઝાખાનિય્યત પોતાના ઈમાનો ઈસ્લામના રક્ષણથી બેપરવા મસ્લક છે."**

આગળ લખે છે કે **આપણા ઈમાનનું રક્ષણ થાય તેવા સિરાતે મુસ્તકીમ ઉપર રહેનાર "મસ્લકે શાહ વલીયુલ્લાહ (رحمۃ اللہ علیہ)ની સાથે વળગી રહેવું જોઈએ, નહીં કે "મસ્લકે રઝાખાનિય્યત બરેલ્વિયત"ની સાથે.....** *(દારુલ ઉલૂમ–માસિક, માર્ચ–૨૦૦૯, પેજ–૨૨)*

**હે ન્યાયપ્રિય વાંચકો !** ઉપરોક્ત લખાણમાં વહાબી દેવબંદી ફિર્કાનું માસિક જણાવે છે કે **"મસ્લકે શાહ વલીયુલ્લાહ" رحمۃ اللہ علیہને વળગી રહો !" પણ "મસ્લકે શાહ વલીયુલ્લાહ" શું છે તે પબ્લિકથી અંધારામાં રાખ્યું છે,** તો આવો આપણે જોઈ લઈએ કે **હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہનો મસ્લક શું છે ? તે આપ હઝરતની જ કિતાબો તથા વર્ણનો પરથી જાણી લઈએ.**

### ★ મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલીઓના તસર્રૂફને માનવું ! ★

આપ હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃاللہ علیہ પોતાની કિતાબ અન્ફાસુલ આરેફીન, પેજ–૭૭ ઉપર લખે છે કે, હઝરત ખલીફા અબુલ કાસિમ અકબરાબાદી رحمۃاللہ علیہ પોતાની હજ્જની સફરમાં સાથીદારોને અવલિયા અલ્લાહના દરજ્જાઓ, મુકામો અને કરામતો બાબત સંભળાવ્યા કરતા હતા. એક વેળા અવલિયા અલ્લાહના પાણી ઉપર ચાલવા તેમજ ક્ષણભરમાં દૂર દૂરના સ્થળે પહોંચી જવા બાબતની વાત નીકળી. તો વહાણ (સ્ટીમર)ના ચાલકે એ કરામતો માનવાથી ઈન્કાર કરી દીધો અને કહેવા લાગ્યો કે આવી જૂઠી ડંફાસો તો ઘણી સાંભળી છે પરંતુ એમાં સચ્ચાઈ અંશ માત્ર પણ નથી હોતી. આ સાંભળી આપની ઈમાની ગૈરત જોશમાં આવી ગઈ. આપે તરત જ દરિયામાં છલાંગ લગાડી કૂદી પડયા.

આ જોઈ વહાણના પેસેન્જરો અને આપના સાથીઓ વહાણ ચાલકને બુરુંભલું કહેવા લાગ્યા અને ખૂદ ચાલક પણ પસ્તાવા લાગ્યો કે, મારા બોલવાથી એક ફકીરે જાન ગુમાવ્યો. ખલીફાના સાથીઓ પણ ખૂબ જ ઉદાસ થઈ ગયા, તેવામાં હઝરત ખલીફા અબુલ કાસિમે સાથીઓને જોરદાર અવાજમાં કહ્યું, સાથીઓ ! ઉદાસ થવાની જરૂરત નથી, હું સલામત છું અને જુઓ પાણી ઉપર ચાલી રહ્યો છું ! આ સાંભળી જહાઝ (વહાણ)ની અંદર બેઠેલા તમામ મુસાફરો અને વહાણ ચાલક પણ અલ્લાહવાળા ફકીરોની શાનમાં ગુસ્તાખી (બેઅદબી) કરવાથી તૌબા કરવા લાગ્યો અને ખલીફાના સેવકો (ખાદિમો)એ પણ તૌબા કરી હઝરતના સિલસિલામાં દાખલ થવા લાગ્યા. પેસેન્જરોના હાલ જોઈને આપ દરિયામાંથી જહાઝમાં સહી સલામત આવી ગયા. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૭૭)* આને કહે છે વલીનો તસર્રૂફ (પહોંચ) !

## ★ મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલી જીવતાને મારે અને મરેલો જીવતો કરે એ માનવું ! ★

અને આપ رحمۃ اللہ علیہ લખી રહ્યા છે કે, રહમતુલ્લાહ કફશદોઝએ કહ્યું કે એક વેળા હઝરત શૈખ અબ્દુર્રઝા મુહમ્મદ رحمۃ اللہ علیہ મસ્જિદમાં બેઠા હતા અને હું એમની સામે એક ઝાડની નીચે ઊભો હતો કે આપની સેવામાં હાજર એક માણસે કહ્યું કે બાયઝીદ બોસ્તામી رحمۃ اللہ علیہ કેટલીકવાર કોઈની તરફ આંખ ઉઠાવી જોતા હતા તો જઝ્બની શક્તિ અને શૈખની આંખની ગરમીને કારણે તે વ્યક્તિનો પ્રાણ નીકળી જતો હતો. આજકાલ આપણે મશાઈખ (પીર, બુઝુર્ગો)ની તારીફ (વખાણ)માં તો ખૂબ સાંભળીએ છીએ પરંતુ કોઈની બાતિની શક્તિમાં આ તાષીર નથી જોતા. આ સાંભળી હઝરત શૈખે જોશમાં આવીને ફર્માવ્યું, સાંભળ! બાયઝીદ પ્રાણ તો કાઢી નાખતા હતા પરંતુ કોઈનામાં તેના નીકળેલા પ્રાણને ફરીથી શરીરમાં દાખલ કરી જીવંત કરતા ન હતા. પરંતુ રસૂલુલ્લાહ ﷺએ મારા દિલને પોતાના પવિત્ર દિલના ફૈઝરૂપ સાયાથી એવી તર્બિયત અને શક્તિ આપી છે કે હું જ્યારે ચાહું ત્યારે કોઈનો પ્રાણ ખેંચી લઉં અને જ્યારે ચાહું ત્યારે તેને પાછો તેના શરીરમાં દાખલ કરી દઉં !

બસ ! તે જ વખતે હઝરત શૈખે મારા ઉપર પોતાની દૃષ્ટિ નાખી મારી રૂહ (પ્રાણ) ખેંચી લીધી, અને હું જમીન ઉપર પડી મરી ગયો. મને આ દુનિયાનું કોઈ જ ભાન ન રહ્યું, સિવાય એ જ કે હું પોતાને એક મહા સમુદ્રમાં ડૂબેલો જોઉં છું.

આપે બુઝુર્ગોની ટીકારૂપે વાંધો ઉઠાવનાર તરફ જોઈ કહ્યું, જુઓ તો એ મૃત્યુ પામ્યો છે કે જીવતો છે ! તેણે જોઈ વિચારી કહ્યું, એ તો મૃત્યુ પામ્યો છે. **આપે કહ્યું, જો તું ઈચ્છે તો એને મરેલો જ રહેવા દઉં અને ચાહે તો એને ફરી જીવતો કરી આપું !** કહેવા લાગ્યો, એને જીવતો કરી આપો તો આપની મોટી મહેરબાની થશે. આપે ફરીથી મારી ઉપર પોતાની કૃપાદૃષ્ટિ નાખી તો હું જીવતો ઊભો થઈ ગયો. મજલિસમાં

હાજર લોકો શૈખની આ શક્તિ જોઈ ખૂબ જ આશ્ચર્યમાં પડી ગયા.

*(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૭)*

## ★ મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલી રબની અતાથી બીમારી દૂર કરે એ માનવું ! ★

આપ પોતાની કિતાબ અન્ફાસુલ આરેફીનમાં લખી રહ્યા છે કે, એક વેળા સૈયદ બુરહાનુદ્દીનને આંતરડાની બીમારી હતી, જેના કારણે ઘણીવાર ખૂબ તડપતા હતા, આ વાતની જાણ હઝરત શૈખ મુહમ્મદ رحمۃ اللہ علیہને કરવામાં આવી તો આપ સૈયદ સાહબના ઘેર પધાર્યા અને એમના માથા તરફ બેસીને એમની બીમારીને એવી રીતે ખેંચી લીધી કે જાણે કદી એ બીમારી એમની પાસે આવી જ નથી. હા, પરંતુ તે પછી હઝરત શૈખ મુહમ્મદને કદી કદી આંતરડામાં તકલીફ થઈ જતી હતી.

*(અન્ફાસુલ આરેફીન, પેજ–૩૨૯)*

## ★ મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલીને ઈખ્તિયારવાળા માનવું ! ★

આપ બીજી જગ્યાએ લખી રહ્યા છે કે હઝરત શૈખ અહમદ નખ્લી رحمۃ اللہ علیہના પુત્ર હઝરત શૈખ અબ્દુર્રહમાન નખ્લી رحمۃ اللہ علیہ કહેતા હતા કે એમના દાદાને ઘેર પુત્રો જીવતા રહેતા ન હતા જેના કારણે એ ખૂબ જ પરેશાન રહેતા હતા. જયારે શૈખ અહમદ નખ્લી (એમના પિતા)નો જન્મ થયો તો દાદાએ અવલિયાએ કિરામની બારગાહમાં પહોંચી દુઆની વિનંતિ અને મદદ માટે વિચારી દર જુમ્આએ શૈખ અહમદ નખ્લીને હઝરત શૈખ તાજ સંભલી رحمۃ اللہ علیہની ખિદમતમાં મોકલતા. એક વખતે બાળકને લઈને આવનાર ખાદિમ (સેવક)ને હઝરત શૈખ તાજ સંભલીએ થોડીવાર વિચારી કહ્યું કે આ બાળકના પિતાને કહેજે કે આ બાળક તમારી જેમ નથી બલ્કે તમારાથી પણ ખૂબ વધીને ઊંચા દરજજાનો, ફઝ્લો કમાલનો માલિક થશે, પરંતુ એ વાત જુદી છે કે એ આ દુનિયવી આયુષ્ય થોડુંક જ લઈને આવ્યો છું.

જ્યારે સેવકે પોતાના માલિકના ઘેર પહોંચી હઝરત તાજ સંભલીનો સંદેશો કહ્યો તો એમણે સેવકને કહ્યું, જા હમણાં જ જઈને મારા તરફથી હઝરત તાજને વિનંતિ કર કે, અય મારા માલિક ! મારા તરફથી મેં મારી જિંદગીના વર્ષો આ બાળકને આપી દીધાં છે અને આ વિષયમાં આપનાથી હું બારગાહે ઈલાહીમાં સિફારિશ (વસીલો)નો તલબગાર છું.

જ્યારે સેવકે પહોંચી હઝરત તાજ સંભલીને બાળકના પિતાનો સંદેશો પહોંચાડયો તો હઝરત તાજ થોડીવાર આંખો બંધ કરી ચૂપ રહ્યા પછી કહ્યું, જાવ ! તેમને કહેજો તમારી ઈચ્છા પૂર્ણ થઈ ગઈ અને મેં મારા તરફથી તેમને ત્રણ મહિનાની મુદત આખેરતની સફરની તૈયારી માટે અર્પણ કરી છે. અને તેમજ થયું કે એટલા જ સમયમાં શૈખ અહમદ નખ્લીના પિતા આ ફાની દુનિયાથી વિદાય થઈ ગયા. અને શૈખ અહમદ નખ્લીએ નેવું (૯૦) વર્ષને ઉંમરે આ દુનિયા છોડી.

*–(અન્ફાસુલ આરેફીન, પેજ–૩૭૩)*

ઉપરોક્ત બનાવોને **હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી** رحمۃ اللہ علیہ**એ** પોતાની કિતાબમાં લખીને **પોતાનો અક઼ીદો સ્પષ્ટપણે જાહેર કરી દીધો કે અલ્લાહ તઆલાએ અવલિયાએ કિરામને દુનિયામાં તસર્રુફાતની બેહિસાબ શક્તિ અર્પણ કરી હોય છે, ત્યાં સુધી કે તેઓ એક જ દ્દષ્ટિ ફેંકતા જીવતાંને મૃત અને મૃતને જીવંત કરી આપવાની શક્તિ ધરાવે છે. વળી લોકોની ઉંમર (આયુષ્ય) ઘટાડવા વધારવાની પણ શક્તિ ધરાવે છે. જો હઝરત શાહ સાહબનો એવો અક઼ીદો ન હોત તો તેઓ પોતાની કિતાબમાં આવા બનાવો કદી પણ ન લખતે.** અને "મસ્લકે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા" પણ આ જ છે.

**★ મસ્લકે શાહ વલીયુલ્લાહ એ છે કે વલી લોકોના વિચારો, ભાવિના બનાવો જાણી લે છે ! ★**

શાહ સાહબ અવલિયાએ કિરામના તસર્રુફાતને વર્ણવતાં પોતાનો

અક઼ીદો સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે, (આ લખાણથી તો દેવબંદિયતનો કિલ્લો જ ધરાશયી થઈ જાય છે !)

"અને નકશબંદીઓ માટે અજાઈબ (ચમત્કાર) તસર્રુફાત છે. કોઈપણ કામ માટે પાકો નિશ્ચય કરી લેવો તો તે નિશ્ચય મુજબ જરૂર કામ પૂરું થાય છે. અને તાલિબમાં તાષીર પેદા કરવી અને બીમારની બીમારીને દૂર કરવી અને પાપીને પાયશ્ચિત કરવા તરફ તેના દિલને ફેરવવું, લોકોના દિલોમાં તસર્રુફ કરવો કે તેઓ અલ્લાહના પ્યારા અને ઈજ્જતવાળા બની જાય, અથવા એમના દિલોના વિચારોમાં તસર્રુફ કરવો જેથી મહાન અઝમતવાળા બનાવો ઉદ્ભવે કરે. અને અલ્લાહના નેક બંદાઓને અલ્લાહથી નિસ્બતથી પારખી લેવા ભલે **પછી તે આ દુનિયાની જિંદગીમાં હયાત હોય કે પછી તેઓ પર્દો કરી વિસાલ કરી ગયા હોય.** અને **લોકોના વિચારો અને વસવસાઓ જાણી લેવા** જે એમના દિલોમાં આવતા હોય, વળી **ભાવિના બનનાર બનાવોને જાણી લેવા,** આફતો **બલાઓ આવી હોય તેને દૂર કરી આપવી** વગેરે. આ સિવાય ઘણાય તસર્રુફાતની શક્તિ મળી હોય છે. એમાંથી અમુક જ તસર્રુફાત બાબત અમે તમોને જાણ કરીએ છીએ.

*–(અલ ક઼વલુલ જમીલ, પેજ–૧૦૩, અરબી, શિફાઉલ અલીલ ઉર્દૂ તર્જુમો)*

શું કહેવું છે 'દારુલ માસિક' માસિક કંથારીયાના પ્રસિદ્ધકર્તા તથા અન્ય દેવબંદી મોલ્વીઓનું ? શું શાહ વલીયુલ્લાહ પણ મુશ્રિક થઈ ગયા ?! જો નહીં ! તો આ જ "મસ્લકે આ'લા હઝરત" ફાઝિલે બરેલ્વી છે જેને તમે "રઝાખાનિય્યત બરેલ્વિયત" કહો છો. તો "મસ્લકે શાહ વલીયુલ્લાહ" એટલે "મસ્લકે આ'લા હઝરત" જ છે. તમારી "તક઼વિયતુલ ઈમાની અક઼ીદા"વાળી પૂરાણી શિર્ક ! શિર્ક !ની વાતો ત્યજી તૌબા કરીને તેને સ્વીકારી લો !

## ★ મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલી વિસાલ પછી પણ મદદે પહોંચે છે ! ★

શાહ સાહબ લખે છે કે, "વાલિદ સાહબે (શાહ અબ્દુર્રહીમે)

رحمۃ اللہ علیہ ફર્માવ્યું કે અકબરાબાદમાં મિર્ઝા મુહમ્મદ ઝાહિદથી હું પઢતો હતો. એક વખત સબક્ પઢીને જતાં એક લાંબી ગલીમાંથી પસાર થઈ રહ્યો હતો તે વખતે હું શૈખ સઅદી શિરાઝી رحمۃ اللہ علیہના આ શેઅર પઢવામાં તલ્લીન હતો.

*જુઝ યાદે દોસ્ત હરચેહ કુની ઉમર ઝાએઅસ્ત*
*જુઝ સિર્રે ઈશ્ક્ હરચેહ બખ્વાની બતાલતસ્ત*

*સાઅદી બુશવી લોહે દિલ અઝ નક્શ ગયરેહક્ક્*
*ઈલ્મે કે રહે હક્ક્ ન નુમાયદ જહાલતસ્ત*

**અર્થાત** : "મહબૂબની યાદ સિવાય તું જે કાંઈ કરે તે ઉમરની બર્બાદી છે. ઈશ્ક્ (અલ્લાહ વ રસૂલથી ઈશ્ક–મહોબ્બત)ના ભેદ સમજવા સિવાય તું જે કાંઈ પઢે તે નકામુ છે. અય સઅદી ! તારા દિલની તખ્તી (સ્લેટ) ઉપર હક્ક્ (અલ્લાહ) સિવાયનો નક્શ (છાપ) હોય તો તેને મિટાવી દે. જે ઈલ્મ (જ્ઞાન) અલ્લાહના તરફ પહોંચવાનો સત્યપંથ ન ચિંધવે તે જહાલત (અજ્ઞાનતા) છે."

હઝરત વાલિદ رحمۃ اللہ علیہ કહે છે કે ચોથી કડી દિમાગમાંથી નીકળી ગઈ જે યાદ આવતી ન હતી. દિમાગ પર ખૂબ જોર દીધું પરંતુ યાદ ન આવી, મારા દિલના આ તારના તૂટવાથી દિલ પરેશાન (ગમગીન) થયું, એકાએક ગલીના એક ખૂણેથી એક વૃદ્ધ ફકીર જેવા પરંતુ ખૂબસૂરત ચેહરો અને લાંબા વાળવાળા માણસ નીકળી મારી નિકટ આવી કહે છે :–

*"ઈલ્મે કે રાહે હક્ક્ ન નુમાયદ જહાલતસ્ત"*

મેં કહ્યું, અલ્લાહ તમોને ભલાઈનો બેહતર બદલો આપે. તમે મને ઘણી જ ઉલ્ઝન (પરેશાની)માંથી બચાવી લીધો. પછી હું મારી પાસેથી પાન બખ્શિશરૂપે આપવા લાગ્યો તો તેમણે કહ્યું, આ ભૂલાય ગયેલા શેઅરની મજૂરી છે ! મેં કહ્યું, આ તો ફક્ત બખ્શિશરૂપે આપની સેવામાં છે.

જવાબમાં તેમણે કહ્યું, "હું પાન નથી ખાતો." મેં કહ્યું, પાન ખાવામાં શરીઅત તરફ મનાઈ જેવું છે કે તરીકતમાં એને માટે રોકટોક છે ?! જો કોઈ એવી વાત હોય તો મને બતાવો કે હું પણ પરહેઝ કરું.

તેમણે કહ્યું, "એવી કોઈ જ વાત નથી પરંતુ હું પાન નથી ખાતો." પછી તેઓ કહેવા લાગ્યા, "મારે ઉતાવળે જવાનું છે." તો મેં કહ્યું, હું પણ તમારી સાથે જલ્દી ચાલીશ. પછી તેમણે કહ્યું, પરંતુ હું ખૂબ જ જલ્દી જવા ઈચ્છું છું. આમ કહી તેમણે એક જ ડગલું ઉપાડી મૂક્યું તો ગલીના બીજા છેડા સુધી લાંબુ મૂક્યું, હું સમજી ગયો કે આ કોઈ અલ્લાહવાળાની રૂહ માણસના રૂપમાં પધારેલી છે. મેં મોટા અવાજે અરજ કરી આપનું નામ તો બતાવતા જાવ કે હું ઈસાલે સવાબ (ફાતેહા)માં આપને યાદ કર્યા કરું, તો તેમણે જવાબમાં કહ્યું કે આ ફકીરને "સઅદી" તરીકે ઓળખે છે. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૧૧૨)*

હવે વાંચો, કંથારીયા (જિ. ભરૂચ)ના માર્ચ–૨૦૦૯ના "દારુલ ઉલૂમ" માસિકનું પેજ નં. ૨૨નું લખાણ કે, **"મસ્લકે શાહ વલીયુલ્લાહ (رحمۃ اللہ علیہ) પોતાના ઈમાનો ઈસ્લામનું રક્ષણ કરનાર મસ્લક છે."** તો ઉપરોક્ત લખાણમાં તમોએ એમનો મસ્લક જોઈ લીધો. જેમાં વલીઓનો તસર્રુફ, વલીઓના ઈખ્તિયાર, મૃત્યુ પછી દૂર દૂર મદદે પહોંચવું, મુશ્કેલીઓથી છૂટકારો અપાવવો વગેરે બાબતો પર તેમનું ઈમાન હોવાનું જાહેર થયું. અને એ જ મસ્લકે આ'લા હઝરત અહમદ રઝા ખાન છે. જ્યારે કે 'દારુલ ઉલૂમ' માસિક ઓગસ્ટ–૨૦૦૯, પેજ–૩૨ ઉપર **આ સર્વ વાતો માનનારને મુશ્રિક બની ગયા કહે છે** ! તો શાહ વલીયુલ્લાહ પણ તેમની નજીક મુશ્રિક ઠર્યા કે નહીં ?! આવો ! હજુ આગળ જોતા ચાલો !

## ★ મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલીના ઈલ્મે ગયબને માનવું ! ★

હઝરત શાહ સાહેબ ફર્માવે છે કે મારા ઉપર રસૂલુલ્લાહ ﷺ ની

અઝમત બુઝુર્ગીવાળી બારગાહથી ફૈઝ રૂપે ઈલ્મ હાંસલ થયો કે બંદો પોતાની જગ્યાએથી કેવી રીતે તરક્કી કરે છે કે દરેક ચીજ તેના ઉપર રોશન (સાફ જાહેર) થઈ જાય છે. *(ફુયૂઝુલ હરમૈન, પેજ–૫૯)*

અને એ જ શાહ સાહેબ પેજ ૬૧ ઉપર લખે છે કે આરિફ મુક઼ામે હક઼ સુધી પહોંચી બારગાહે કુર્બ (અલ્લાહ તઆલાની ખૂબ જ નઝદીકી)માં હોય છે તો દરેક ચીજ તેના ઉપર રોશન થઈ જાય છે.

*(ફુયૂઝુલ હરમૈન, પેજ ૬૧)*

આ ઉપરોક્ત લખાણોથી સ્પષ્ટ થયું કે શાહ સાહેબ رضی اللہ عنہ નો પણ એ અક઼ીદો હતો કે હુઝૂર સૈયદે આલમ ﷺ ની બરકતવાળી, અઝમતવાળી હસ્તીની વાત તો બહુ જ ઊંચી આ'લા અર્ફા છે. (જેમનો મુક઼ામ સમજવો આપણા વશની વાત નથી) પરંતુ સામાન્ય મોમિન મુસલમાન બંદો જ્યારે ઈબાદત રિયાઝતના સહારે તરક્કી કરી બારગાહે ઈલાહીમાં નઝદીકી મેળવી લે છે તો તેના ઉપર દરેક ચીજ રોશન સ્પષ્ટ જાહેર થઈ જાય છે અને **તે ગૈબ જાણનાર થઈ જાય છે.**

આ મુજબનાં ઘણા કથનો આપની એ કિતાબમાં આપે લખ્યાં છે. એ સિવાય એમણે અસંખ્ય એવા બનાવો લખ્યા છે કે **જેનાથી સાબિત થાય છે કે અવલિયાએ કિરામ ગૈબ જાણે છે અને છુપી વાતોને જાણે છે.**

આપ લખે છે કે મારા પિતાજી ઘણીવાર કહ્યા કરતા કે એક દિવસે અસરના ટાઈમે હું મુરાકેબામાં✪ હતો, મારા ઉપર ગૈબતની★ કૈફિયત છવાઈ ગઈ મારા માટે તે સમયને ચાલીસ વર્ષના સમયની બરાબર વિસ્તૃત અલ્લાહે કરી આપ્યો અને **આ મુદ્દતમાં મખ્લૂક઼ની પેદાઈશથી લઈ ક઼યામતના દિવસ સુધી પૈદા થનાર તમામ મખ્લૂક઼ના હાલાત નિશાનીઓ મારા ઉપર જાહેર કરી દેવામાં આવ્યા.**

*(અન્ફાસુલ આરેફીન ઉર્દૂ, પેજ–૯૫)*

---

✪ *મુરાકેબા એટલે અલ્લાહના કુર્બમાં દિલના ઈલ્મને મુરાકેબા કહે છે.*

★ *ગૈબત એટલે પોતાના નફ્સ અને મખ્લૂક઼થી ગાઈબ (છુપા) અને હક઼ તઆલા સુબ્હાનહુ ના હુઝૂર હાજર રહેવાને ગૈબત કહે છે.*

અને બીજે ઠેકાણે શાહ સાહેબ ફર્માવે છે કે મારા પિતાજી એક દિવસે શેખ અબ્દુલ કુદુસના ઘેર ગયા તો તેમણે તેમના પુત્રને કહ્યું, બેટા ! હઝરતની સેવામાં શરબતનું ગ્લાસ હાજર કરો. મકાનમાં બે બોટલો હતી, એક મોટી એક નાની. એમના પુત્રએ મોટી રહેવા દઈ નાની લાવી હાજર કરી, તો મારા પિતાજીએ જરાક હસીને કહ્યું, બેટા ! મોટી બોટલ કેમ રહેવા દીધી, એને લઈ આવ ! *(અન્ફાસુલ આરેફીન ઉર્દૂ, પેજ–૧૨૫)*

## ★ ગયબની વાત જાણવું આને જ કહે છે ! ★

અને આપ પેજ ૭૮ ઉપર લખે છે કે એક માણસ હરમૈન શરીફૈનમાં રહેતો હતો. તેની પાસે હઝરત ગૌષે આઝમ رضی اللہ عنہ ની કુલાહ (ટોપી) મુબારક હતી જે એને તબર્રૂક તરીકે એના બાપદાદાથી મળી હતી, જેની બરકતથી હરમૈન શરીફૈનમાં એની ઈજ્જત સારી હતી. એક રાત્રે સરકારે બગદાદ ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ખ્વાબમાં તશરીફ લાવ્યા. આપે કહ્યું, આ મારી કુલાહ અબુલ ક઼ાસિમ અકબરાબાદીને આપી દો. હઝરત ગૌષેપાક رحمۃ اللہ علیہ નું ફર્માન સાંભળી તેમની પાસે જવા નીકળ્યો. દિલમાં વિચાર્યું, આ માણસને ગૌષપાક رحمۃ اللہ علیہ એ પસંદ કરવામાં નક્કી મહત્વ છે જ, લાવ જોઉં તેની પરીક્ષા કરું. એટલે રસ્તામાંથી એક ખૂબ જ કિંમતી ઝબ્ભો પણ સિવડાવી તબર્રૂક તરીકે સામેલ કરી લીધો. જ્યારે ખલીફા અબુલ ક઼ાસિમ પાસે પહોંચ્યો તો કહ્યું, આ બન્નેવ તબર્રૂક ગૌષે આઝમ رحمۃ اللہ علیہ નાં છે, એમણે મને ખ્વાબમાં તમોને પહોંચાડવા હુકમ કર્યો છે. આટલું કહી તબર્રૂકાત તેમની સામે મૂકી દીધાં. અબુલ ક઼ાસિમે તબર્રૂકાત ક઼બૂલ કરી બેહદ ખુશી જાહેર કરી, એ માણસે અબુલકાસિમને કહ્યું આ તબર્રૂકાત એક મહાન બુઝુર્ગ તરફથી છે માટે એ આપને મળવાની ખુશીમાં એના શુક્રિયહ રૂપે શહેરના નામીચા માણસોની એક મોટી દાવત કરો.

બીજે દિવસે પેલો દુરવેશ શહેરના મોટા મોટા અમીર, ઉમરાવ, આલિમો બધાને પોતાની સાથે લઈ આવ્યો, બધાએ ખૂબ દાવત ખાધી,

ફાતેહા દુઆ પઢી. દાવતથી ફારિગ થઈ ગયા પછી વાતચીત દરમ્યાન પૂછયું, અય અબુલ ક઼ાસિમ ! તમે તો મુતવક્કિલ (અલ્લાહ પર ભરોસો કરી જાહેરી સામાન ન રાખવો) છો તમારી પાસે તો કોઈ જ સામાન નથી પછી આટલી મોટી દાવત કઈ રીતે કરી ? તેમણે કહ્યું, સાંભળ ! જે કિંમતી ઝબ્ભો મને મળેલો હતો તે વેચી તેનાથી આ ખાણાની વસ્તુઓ ખરીદી છે.

આ સાંભળી પેલો દુરવેશ (તબર્રૂકાત લાવનાર) ઉભો થઈ બરાડી ઉઠયો, મેં આ ફક઼ીર (અબુલ ક઼ાસિમ)ને અલ્લાહવાળો સમજ્યો હતો પરંતુ આ તો દંભી ધોકાબાઝ નીકળ્યો, એણે એક મહાન વલીઅલ્લાહના તબર્રૂકાતની ઈજ્જત ન કરી અને એને વેચી નાખ્યો !

અબુલક઼ાસિમ અકબરાબાદી એ કહ્યું, ચૂપ રહો ! જે તબર્રૂક હતી તે તો ઈજ્જત એહતેરામથી મેં પોતાની પાસે રાખી લીધી છે અને જે મારી પરીક્ષા માટેનો સામાન હતો તેને વેચી શુક્રિયહની વ્યવસ્થા કરી છે.

આ સાંભળી તે છોભીલો પડી ગયો, પછી તેણે મેહફિલ સમક્ષ પૂરેપૂરી હક઼ીક઼ત વર્ણવી. બધાએ એક અવાજે કહ્યું, અલહમ્દુલિલ્લાહ ! તબર્રૂક પોતાની સહીહ જગાએ લાયક વ્યક્તિ પાસે પહોંચી ગયું છે.

*(અન્ફાસુલ આરેફીન, પેજ–૭૮)*

### ★ શાહ સાહબની ઝબાની ગયબદાનીની કહાની ! ★

હઝરત શાહ સાહેબ લખે છે કે મુહમ્મદ ફાઝિલની પુત્રી શરીફા ખાતૂન બચપન હોવા છતાં હઝરતે વાલા (એટલે કે શાહ અબ્દુર્રહીમ)ની નૂરાનિય્યતનો અક્સ મેળવી ચૂકી હતી. એક રાત્રે હઝરતે વાલા (શાહ અબ્દુર્રહીમ) મુહમ્મદ ફાઝિલના ઘરેથી જઈ રહ્યા હતા. રસ્તામાં એમની તસ્બીહ હાથમાંથી પડી ગઈ એને શોધવા લાગ્યા તો શરીફાએ કહ્યું, "હું જોઈ રહી છું કે તસ્બીહ ફલાણી જગ્યાએ પડેલી છે." ત્યાં દીવો લઈ જઈને જોયું તો તસ્બીહ ત્યાં જ પડેલી હતી.

એક દિવસે શરીફા પોતાના ઘરમાં હતી હઝરતે વાલા પણ ત્યાં હતા. કહેવા લાગી, ફતેહમુહમ્મદ આપણા ઘેર આવવાનો વિચાર કરી

રહ્યા છે. પછી કહ્યું, હવે રસ્તામાં છે કોઈ માણસથી વાતો કરી રહ્યા છે. એ પોતે તડકે ઉભા છે જ્યારે બીજો માણસ છાંયડે ઉભો છે. પછી કહેવા લાગી, હવે એમણે ત્રણ નારંગીઓ ખરીદી છે, બે એના બે છોકરાઓ માટે અને એક હઝરતે વાલા માટે. પછી થોડીક વારે કહે છે કે હવે એની નિય્યત બદલાઈ ગઈ છે ! બે હઝરતે વાલા માટે અને એક બન્નેવ છોકરાઓ માટે નક્કી કરી છે. પછી કહેવા લાગી કે ફતેહમુહમ્મદ દરવાજે ઉભા છે. ફતેહમુહમ્મદ દાખલ થયા. તેમનાથી તેહક઼ીક઼ કરી તો બધી જ વાતો તદ્દન સાચી હતી. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૧૪૮)*

એક દિવસે શરીફા કહેવા લાગી, હઝરતે વાલા આપણા ઘેર આવવા નીકળ્યા છે, તેમને ફલાણુ ખાવાની ઈચ્છા છે, જેથી ઘરમાં તે ખાવા તૈયાર કર્યું. હઝરત તશરીફ લાવ્યા (ખાવા વિશે) હઝરતે શરીફાની વાતની સચ્ચાઈનો સબૂત આપ્યો. *(અન્ફાસુલ આરેફીન ઉર્દૂ)*

**હે ન્યાયપ્રિય વાંચકો !** હઝરત શાહ અબ્દુર્રહીમ પર મખ્લૂકની પેદાઈશથી લઈ ક઼યામત સુધી પેદા થનાર મખ્લૂકના હાલાત જાહેર થવા, શેખ અબ્દુલક઼ાદિરના છોકરાને એમ કહેવું કે મોટી બોટલ શા માટે લાવ્યા નથી ? અબુલ ક઼ાસિમે તબર્રૂક કઈ ચીજ છે અને પરીક્ષાની ચીજ કઈ છે તે જાણી લેવું, શરીફા ખાતૂને ઘરમાં બેઠા બેઠા જ દિલોના વિચારો જાણી લેવા, આ બધી જ ગૈબની વાતો છે. **હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી** رحمۃ اللہ علیہ **એ આ બધા જ બનાવો પોતાની કિતાબમાં લખી સ્પષ્ટપણે પોતાનો અક઼ીદો જાહેર કરી આપ્યો કે નબીઓ તો નબીઓ બલ્કે વલીઓ પણ ગૈબની વાતોનો ઈલ્મ ધરાવે છે.**

હઝરત શાહ સાહેબ ફર્માવે છે કે મારા કાકા શૈખ અબૂર્રઝા મુહમ્મદનો એક ખાદિમ (સેવક) કોઈ બૂરી આદતમાં ફસાએલો હતો. આપે એને ઈશારા કિનાયાથી સમજાવવાની કોશિશ કરી પરંતુ તે ન સમજ્યો. આખરે આપે તેને ખાનગીમાં અલગ બોલાવી કહ્યું કે મેં તને ઈશારતન સમજાવવાની ખૂબ કોશિશ કરી પરંતુ તું ન સમજ્યો. **તું એવું સમજે છે કે મને તારા કરતૂતોની ખબર નથી ? ખુદાની કસમ!**

**જમીનની નીચે પેટાળમાં રહેતી કીડીના દિલમાં સો (૧૦૦) વિચારો આવે તો તેનામાંથી ૯૯ ને તો હું જાણું છું** અને અલ્લાહ તઆલા તેના સો એ સો વિચારોથી વાકેફ છે. આ સાંભળી ખાદિમે પોતાની બુરાઈથી તૌબા કરી. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૫)*

હઝરત શાહ સાહેબ લખે છે કે હાફિઝ ઈનાયતુલ્લાહે બયાન કર્યું કે એક નવજવાન સનદી આલિમ બહષ, તકરાર, મુનાઝરાથી ખૂબ જ દિલચસ્પી રાખતો હતો. એક દિવસે કહેવા લાગ્યો કે દિલ્હીના બધાય આલિમો ફાઝિલોને હું ચૂપ કરી ચૂક્યો છું, મારી સામે તેઓ પોતાના ઈલ્મની હાર માની ચૂક્યા છે. મેં તેને કહ્યું કે હઝરત શૈખ અબ્દુર્રઝાની મેહફિલમાં તું કદી ગયો છે ? એમની મુલાકાત તેં કરી છે ?

તે કહેવા લાગ્યો કે સાંભળ્યું છે કે તેઓ લોકોને તફસીરે હુસૈની પઢી સંભળાવી તેમાંથી જ વાએઝ કરે છે, તે કોઈ સનદી આલિમ નથી. મેં તેને કહ્યું, ના એવું ન બોલ ! બલ્કે તેમની ઝિયારત કર કે જેથી તેમના ઈલ્મનો કમાલ અને સીરત તારા ઉપર સ્પષ્ટ થઈ જાય. તે પછીના જુમ્આના દિવસે તે તેમની મેહફિલમાં આવ્યો. એણે વિચાર્યું કે એમની સાથે મુનાઝરો કરું. હઝરત શૈખે એના વિચારોને જાણી લઈ પોતાના રૂહાની તસર્રૂફથી તેનો ઈલ્મ ખેંચી લીધો, ત્યાં સુધી કે સર્ફ નહવ (વ્યાકરણ)ના ક઼ાયદા પણ તેના દિમાગમાંથી નીકળી ગયા. એટલો મજબૂર થઈ ગયો કે આપની વાએઝનું એક પણ વાક્ય એની સમજમાં આવતું ન હતું. તે સમજી ગયો કે આ હઝરતનો જ તસર્રૂફ છે જેના કારણે મારો ઈલ્મ મારામાંથી ચાલ્યો ગયો છે. પસ્તાવા લાગ્યો, હઝરતની પાસે ખૂબ કરગરી સાચા દિલથી માફી માંગવા લાગ્યો.

હઝરતે એનો બધો જ ઈલ્મ પરત કરી આપ્યો અને પહેલાં જેવી હાલત કરી આપી. એણે પોતે હઝરતની સામે ન્યાઝમંદી દર્શાવી તો હઝરતે કહ્યું, મૌલાના ! હું તો આલિમ ફાઝિલની કોઈ સનદ ધરાવતો નથી ! હું તો તફસીરે હુસૈની પઢી લોકોને નસીહત કરું છું !

*(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૬)*

હઝરત શાહ સાહેબ رحمۃاللہ علیہ લખે છે કે હઝરત શૈખ અબ્દુર્રઝા رحمۃاللہ علیہ ના અકીદતમંદોમાંથી ઘણાયનું કહેવું છે કે અમે આપની મેહફિલમાં ઈલ્મ તથા ઈર્ફાનના સવાલો પૂછવાથી પરહેઝ કરતા, બને ત્યાં સુધી અમારી ઝુબાન પર ન લાવતા બલ્કે કોઈ પણ સવાલ હોય તે પોતપોતાના દિલમાં જ રાખી ચૂપચાપ મેહફિલમાં બેસતા. જ્યારે પણ અમારામાંથી કોઈના દિલમાં કોઈ શક, વહેમ, સવાલ પેદા થતો તો હઝરત તેનાથી વાકેફ થઈ જતા અને તરત જ તેનો સ્પષ્ટ જવાબ આપતા, છતાં કોઈને વહેમ શક રહેતો તો ફરી ખૂબ જ આસાન કરી તેનો જવાબ આપતા ત્યાં સુધી કે પૂછનારના દિલને સાંત્વન મળી જાય. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૭)*

અને શાહ સાહેબ લખે છે કે સૈયદ ઉમર હિસારીએ મને કહ્યું કે એક દિવસે શૈખ અબૂર્રઝા મુહમ્મદ رحمۃاللہ علیہ એક ઘણી જ ખૂબસૂરત ચાદર ઓઢી હરણના ચામડા ઉપર બેઠેલા હતા. તે ચાદર અને હરણનું ચામડુ મારા દિલને ખૂબ જ ગમી ગયું. એવી જ ચાદર અને ચામડુ મેળવવાનો મને શોખ પેદા થયો. એમની સામે બેઠા બેઠા આ વિચારોએ મને પરેશાન કરી મૂક્યો. આ ખ્યાલને દૂર કરવા ખૂબ પ્રયત્ન કરવા છતાં દૂર ન થતો. મજલિસ પૂરી થતાં હઝરતે મને કહ્યું, તમે બેસી રહેજો મારે તમારું કામ છે.

એ ચામડા ઉપર ન્યાઝના કેટલાક ડાઘ હતા તે આપે પોતાના હાથ મુબારકથી ઘોયા. પછી ચાદર અને એ ચામડાને પેક કરી પોતાના હાથ મુબારકથી મને બખ્શિશ આપી કહ્યું, અવલિયાની મેહફિલમાં આવા વિચારો દિલમાં ન લાવવા જોઈએ. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૩)*

**ઉપરોક્ત લખેલા બનાવોથી હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી رحمۃاللہ علیہ નો અક઼ીદો જણાયો કે અવલિયાએ કિરામ દિલમાં ઉઠતા વિચારો, વસવસા, અને દિલના હાલાતથી વાકેફ થઈ જાય છે. જો એમનો અક઼ીદો એવો ન હોત તો તેઓ આ હિકાયતો આ બનાવોને પોતાની કિતાબમાં કદી પણ લખતા જ નહીં.** અને આ જ ''મસ્લકે આ'લા હઝરત'' છે.

## ★ મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે નબી વલીને હાઝિર નાઝિર માનવું ! ★

વાલિદ સાહેબ رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે રમઝાન શરીફમાં એક દિવસે મારી નસ્કોરી ફૂટવાથી ખૂબ લોહી વહી ગયું, તેનાથી મારામાં ખૂબ અશક્તિ આવી ગઈ ત્યાં સુધી કે રોઝો રાખવાની હિંમત ન રહી. મને થયું રોઝો તોડી નાખું પરંતુ રમઝાનના રોઝા રાખવાની ફઝીલત ગુમાવવાની ચિંતા થવા લાગી. આ જ ચિંતા ફિકરમાં મારી આંખ લાગી ગઈ. મેં આકાએ કાએનાત ફખ્રે મૌજૂદાત નબીએ કરીમ ﷺ નો ખ્વાબમાં દીદાર કર્યો, જોયું કે આપે મને ખૂબ જ સ્વાદિષ્ટ અને ખૂશ્બુદાર ઝર્દો આપ્યો છે, પછી ખૂબ મજાનું ઠંડુ પાણી પણ આપ્યું જે મેં ધરાયને પીધું. જ્યારે આંખ ખુલી તો મને ભૂખ તરસ બિલ્કુલ ન હતી અને મારા હાથોમાં હજુ સુધી ઝર્દાની અંદર નાંખેલા કેસરથી એકદમ ખૂશ્બુ મહેકતી હતી. અકીદતમંદોએ મારા હાથ ધોઈ તે પાણી સાચવી લીધું અને તેનાથી રોઝો ઈફતાર કર્યો. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૧૦૦)*

અને હઝરત શાહ સાહેબ લખે છે કે વાલિદ માજિદ કિબ્લાએ કહ્યું કે મુહમ્મદ ફાઝિલે વિચાર્યું કે એના પુત્રને અજમેર મોકલી દેવામાં આવે. રસ્તામાં આવતી તકલીફોને કારણે પોતે પણ તેની સાથે જવા વિચાર્યું. મને મળવા આવ્યા તો મેં કહ્યું, તમારે જવાની જરૂરત નથી કારણ કે એ સહિસલામત અજમેર જઈને પાછો આવી જશે, હા ! પાછા ફરતાં અજમેરથી બે માઈલ દૂર ડાકૂઓ જરૂર હુમલો કરશે, પરંતુ એના રક્ષણની જવાબદારી મારા ઉપર છે. પરંતુ હા ! એને સમજાવી દેજો કે તે વખતે એ પોતાની સવારી એક તરફ ઉભી કરી દે.

જ્યારે તે છોકરો અજમેરથી પરત આવ્યો તો તેણે કહ્યું, રસ્તામાં ડાકૂઓ આવ્યા હતા. મેં મારી સવારી એક તરફ ઉભી કરી દીધી, હઝરત શાહ સાહેબ મિષાલી સૂરતમાં ત્યાં ઉભેલા હતા, બધા સાથીઓને ડાકૂઓએ લૂંટી લીધા પરંતુ અમારી નજીક પણ આવ્યા નથી.

*–(અન્ફાસુલ આરેફીન, પેજ–૧૩૪)*

સરકારે દો આલમ ﷺ નું મદીના મુનવ્વરાથી જાણી લેવું કે દિલ્હીમાં શાહ અબ્દુર્રહીમને ખૂબ જ ભૂખ તરસને કારણે બેહદ કમજોરી આવી ગઈ છે, અને પછી હુઝૂર ﷺ એ તેમને ખાવા પીવા માટે સ્વાદિષ્ટ સુગંધીદાર ઝર્દો અને મજેદાર ઠંડુ પાણી મોકલવું, અને શાહ અબ્દુર્રહીમે અજમેરથી બે માઈલ પર દિલ્હીમાં બેઠાં બેઠાં ડાકૂઓ પહોંચવાનું જોઈ લેવું, અને તરત જ દિલ્હીથી અજમેર મુહમ્મદ ફાઝિલના પુત્રની મદદે મિષાલી શિકલમાં (જાહેરી શરીર નહીં બલ્કે રૂહાની શરીર) પહોંચી મદદ કરવી, **આ બધું જ હાઝિર નાઝિરનું કામ છે.** જેથી મુહદ્દિષે શાહ વલીયુલ્લાહ દહેલ્વીએ **આ બનાવો લખી પોતાનો અકીદો સાબિત કરી આપ્યો કે સૈયદે આલમ ﷺ હાઝિર નાઝિર છે,** બલ્કે **અલ્લાહના વલીઓ પણ હાઝિર નાઝિર હોય છે** જેમનામાંથી મારા પોતાના પિતા હઝરત અબ્દુર્રહીમ સાહેબ પણ છે.

## ★ મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે વલીઓને ઝિંદા માનવુ ! ★

આપ લખે છે કે વાલિદ સાહેબ હઝરત શાહ અબ્દુર્રહીમ ફર્માવ્યા કરતા હતા કે જે દિવસોમાં બાદશાહ ઔરંગઝેબ અકબરાબાદમાં હતા, હું તે વખતે મિરઝા ઝાહિદ હરવી જેઓ લશ્કરમાં અધિકારી હતા તેમની પાસે કેટલાક સબક પઢવા જતો હતો. આ બહાને હું મારા વાલિદ (બાપ) સાથે ગયો. સૈયદ અબ્દુલ્લાહ પણ સૈયદ અબ્દુર્રહમાનના સાથીદાર તરીકે ત્યાં હાજર હતા. ત્યાં તેઓ બીમાર થયા અને અલ્લાહ તઆલાની રહેમતમાં પહોંચી ગયા, એમણે વસિયત કરી હતી કે મને મિસ્કીનોના (અવામ ગરીબ પબ્લિક) કબ્રસ્તાનમાં દફન કરવો કે જેથી મને કોઈ જાણી ન શકે જેથી લોકોએ એવું જ કર્યું. હું પણ તે દિવસે ખૂબ બીમાર હતો જેથી જનાઝા સાથે જવાની હિંમત ન હતી. જ્યારે ઠીક થયો અને ચાલવા ફરવાની શક્તિ આવી તો એક માણસ કે જે એમના જનાઝામાં ગયો હતો તેને સાથે લઈ તેમની કબ્રની ઝિયારત અને બરકત માટે તેમના મઝાર તરફ ચાલી નીકળ્યો. એ એમની છેલ્લી વસીયતની વિશિષ્ટતા

હતી કે જનાઝામાં સાથે આવેલા મારા સાથીએ ઘણી જ કોશિશો કરી છતાં કબ્ર તલાશ કરી શકયા નહીં. હું ત્યાં બેસી કુર્આન શરીફની તિલાવત કરવા લાગ્યો તો મારી પીઠ પાછળથી સૈયદ સાહેબે આવાજ આપી, ''મારી કબ્ર તો અહીં છે ! પરંતુ તમે જે તિલાવત શરૂ કરી ચૂક્યા છો તેને ત્યાં જ પૂરી કરી લો અને એનો સવાબ એ જ કબ્રવાળાને બક્ષી આપો, જલ્દી ન કરો, જે કાંઈ પઢી રહ્યા છો એને શાંતિથી પૂરું કરો.''

આ સાંભળી મેં મારા સાથીને કહ્યું, બરાબર ધ્યાન કરી જુઓ સૈયદ સાહેબની કબ્ર તે જ છે જે તરફ તમે ઈશારો કર્યો હતો કે પછી મારી પીઠની પાછળ છે ?

થોડીવાર વિચારીને કહેવા લાગ્યો, મારી ભૂલ હતી, સૈયદ સાહેબની કબ્ર તો તમારી પીઠની પાછળ છે. હું તે તરફ ફરીને બેઠો અને કુર્આન શરીફ પઢવા લાગ્યો. એ સમયે દિલ ગમગીન અને ચિંતાગ્રસ્ત હોવાથી ઘણી જગ્યાએ તિલાવતના કાયદા કાનૂનનો ખ્યાલ રાખી શક્યો નહીં, કબ્રમાંથી અવાજ આવ્યો, ફલાણી ફલાણી જગ્યાએ સુસ્તીથી કામ લેવામાં આવ્યું છે, તિલાવત કરવામાં ખૂબ જ સાવચેતી એહતેમાતથી કામ લેવાની જરૂરત છે. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૫૭)*

અને લખે છે કે, મીર અબુલ ઉલા رحمۃ اللہ علیہ (સ્થાપક સિલસિલા અબુલ ઉલાઈયા)ના ઘરવાળાંએ એમના છોકરા નૂરૂલ ઉલા બીમાર થયા તો મન્નત ન્યાઝ રૂપે એક રૂપિયો અને ચાદર હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہ ના મઝાર ઉપર મોકલી હતી જેની ખબર હઝરત અબુલ ઉલાને ન હતી. એક દિવસે હઝરત ખ્વાજા رحمۃ اللہ علیہ તરફ ધ્યાનસ્થ હતા કે, મઝાર મુબારકમાંથી અવાજ આવ્યો કે તમારા પુત્રની બીમારીમાં સાજા થવાની તમારા ઘેરથી જે ન્યાઝ આવી છે તે અને ઘરવાળાંએ બીજા પુત્રના માટે પણ વિનંતી કરી છે, ન્યાઝ અમોને કબૂલ છે, વિનંતી સાંભળી છે. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૬૯)*

અને લખી રહ્યા છે કે વાલિદ માજિદ શાહ અબ્દુર્રહીમે ફર્માવ્યું કે, શૈખ બાયઝીદ અલ્લાહગોએ હરમૈન શરીફૈનની હાજરીનો વિચાર કર્યો

તો એમની સાથે ઘણાય વૃધ્ધો, બાળકો, ઔરતો પણ તૈયાર થઈ ગયાં, જ્યારે કે મુસાફરી માટે કોઈ સામાનની તૈયારી ન હતી. મારા મોટા ભાઈ અને મેં બંનેએ વિચાર કર્યો કે એમને પાછા લાવવામાં આવે. જ્યારે અમે તઘલખાબાદ પહોંચ્યા તો બપોરના સમયે સૂર્ય ખૂબ જ ગરમ થઈ ચૂક્યો હતો. અમે એક ઝાડ નીચે આરામ માટે બેઠા, થાકના કારણે સાથીઓ ઊંઘી ગયા, હું એકલો બધાનાં કપડાં સામાન સાચવવા જાગતો રહ્યો. ઊંઘ ન આવી જાય તેથી જાગતા રહેવા માટે મેં કુર્આન શરીફની તિલાવત શરૂ કરી, થોડીક સૂરતોની તિલાવત કરી હું ચૂપ થઈ ગયો, એકાએક નજીકની કબ્રોમાંથી એક કબ્રવાળાએ મને સંબોધી કહ્યું, ''હું કુર્આન કરીમનો ખૂબસૂરત અવાજ સાંભળવા લાંબા સમયથી તરસતો રહ્યો છું, જો તમે થોડો સમય આપીને હજુ પણ તિલાવત કરો તો તમારું મોટુ એહસાન સમજીશ.''

મેં થોડી વધુ તિલાવત કરી, પછી ચૂપ થઈ ગયો, કબ્રવાળાએ ફરી વિનંતી કરી તો ફરી મેં થોડી તિલાવત કરી ચૂપ થઈ ગયો, તેણે ત્રીજી વાર પણ વિનંતી કરી, તો મેં થોડી વધુ તિલાવત કરી હું ચૂપ થઈ ગયો.

એ પછી એ કબ્રવાળા મોટા ભાઈના ખ્વાબમાં આવ્યા જેઓ નજીક જ સૂતેલા હતા. ખ્વાબમાં કહ્યું, મેં એમને વારંવાર તિલાવતનું કહ્યું, હવે વધુ કહેવાની શર્મ આવે છે માટે તમે જ કહો કે થોડી વધુ તિલાવત કરી મારી રૂહનો ખોરાક પહોંચાડે. તેઓ ઊંઘમાંથી ઉઠયા અને ખ્વાબની હાલતનું વર્ણન કર્યું. તે પછી મેં થોડી વધુ તિલાવત કરી એનાથી કબ્રવાળાઓમાં ખુશીઓની કેફિયતને મેં મેહસૂસ કરી અને એમણે મને જઝાકલ્લાહુ અન્ની ખયરલ જઝાઅ કહ્યું. એ પછી મેં એને આલમે બરઝખ બાબત પૂછયું, તો એણે કહ્યું, તેની આજુબાજુના કબ્રવાસીઓમાંથી મને કોઈ બાબત કશી જ જાણ નથી, હા હું મારી હાલત જણાવું છું કે, ''જ્યારથી હું દુનિયાથી મૃત્યુ પામી અહીં આવ્યો છું મેં કોઈ પ્રકારનો અઝાબ મુસીબત જોઈ નથી, જો કે વધારે ઈન્આમ સુખ પણ નથી.'' મેં પૂછયું ''તમને ખબર છે કે કયા નેક કામને કારણે તમોને

અઝાબથી છૂટકારો મળેલો છે ?" તેણે કહ્યું, મેં હમેશાં એ વાતની કોશિશ કરી હતી કે દુનિયાની બેકાર ઝંઝટથી દૂર રહું અને પોતાને ઝિક્ર ઈબાદતથી દૂર કરવાવાળી ચીજોથી બચાવી રાખું, જો કે મારા આ ઈરાદાને સંપૂર્ણ રીતે પૂરો નથી કરી શક્યો છતાં અલ્લાહ તઆલાએ મારી નેક નિય્યતને પસંદ કરી મને આ બદલો અર્પણ કર્યો છે.

*–(અન્ફાસુલ આરેફીન. ઉર્દુ, પેજ–૧૧૪)*

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ એ આ બધા બનાવો પોતાની કિતાબમાં લખી પોતાનો અક઼ીદો સાબિત કરી આપ્યો કે **અલ્લાહના પ્યારા બંદાઓ વફાત પછી પણ પોતાની કબ્રોમાં ઝિંદા રહે છે અને જરૂરત પ્રસંગે દુનિયાવાળાઓથી વાતચીત પણ કરે છે.** અને મસ્લકે આ'લા હઝરત પણ આ જ છે.

## ★ મસ્લકે શાહ વલીયુલ્લાહ એટલે મઝારો પર જવું જાઈઝ ! ★

આપ લખી રહ્યા છે કે મારા વાલિદ સાહેબ (પિતાજી) શાહ અબ્દુર્રહીમે ફર્માવ્યું, એક વખત હું હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ના મઝાર મુબારકની ઝિયારત માટે ગયો, તેમની રૂહ મુબારક જાહેર થઈ અને મને કહ્યું, તમારે ઘેર એક છોકરો પેદા થશે એનું નામ કુત્બુદ્દીન રાખજો. એ સમયે મારી ઔરતની ઉંમર તે હદે પહોંચી ચૂકી હતી કે જેમાં ઔલાદનું પેદા થવું શક્ય હોતું નથી. એટલે મેં વિચાર્યું કે કદાચ એમના કહેવાનો મતલબ છોકરાનો છોકરો એટલે પૌત્ર છે. મારી આ શંકા ઉપર તરત જ તેઓ વાકેફ થઈ ગયા અને કહેવા લાગ્યા, "મારો મતલબ પૌત્ર નથી બલ્કે જે છોકરાની તમોને ખુશખબરી આપવામાં આવી છે તે તમારો પોતાનો પુત્ર હશે."

થોડા સમય પછી મને બીજો નિકાહ કરવાની ઈચ્છા થઈ, અને એનાથી આ લખનાર વલીયુલ્લાહ પેદા થયો. મારી પેદાઈશ વખતે મારા વાલિદ સાહેબના ખ્યાલમાંથી આ બનાવ તદ્દન નીકળી ગયો હતો એટલે

મારું નામ વલીયુલ્લાહ રાખી લીધું હતું પરંતુ થોડા સમય પછી એમને એ વાત યાદ આવતા મારું નામ કુત્બુદ્દીન રાખ્યું.

*–(અન્ફાસુલ આરેફીન, પેજ–૧૧૦)*

આ બનાવ લખવાથી **હઝરત શાહ વલીયુલ્લાહ** رحمۃاللہعلیہ **નો અક઼ીદો સાફ સાબિત થાય છે કે, બુઝુર્ગોના મઝારોની ઝિયારત માટે જવું જાઈઝ છે તથા અવલિયાએ કિરામને મૃત્યુ પછી પણ ઈલ્મે ગૈબ હોય છે.** જેમ કે કુત્બુદ્દીન બખ્તયાર કાકી رحمۃاللہعلیہ એ કેટલાય વર્ષો પહેલાં ભવિષ્ય વાણી કહી કે તમારે ઘેર પુત્ર પેદા થશે. તેમજ એ પણ સાબિત થયું કે **સાહિબે ક઼બ્ર બુઝુર્ગ ઝિયારત કરનારના દિલના વસવસાથી જાણકાર થઈ જાય છે.** અને આ જ આ'લા હઝરતનો મસ્લક છે.

## ★ દેવબંદી અક઼ીદા હેઠળ સર્વ બુઝુર્ગો મુશ્રિક !! ★

હવે વાંચો 'દારુલ ઉલૂમ' માસિક (કંથારિયા, જિ. ભરૂચ) માર્ચ–૨૦૦૯, પેજ નં. ૧૯ જેમાં એક એક લીટીમાં ટૂંકમાં હુકમો લખ્યા છે, જેમ કે **અવલિયાએ કિરામને હાજતરવા માનવું, મુશ્કિલકુશા માનવું, હાઝિર નાઝિર માનવું, મન્નતો માનવી, હાજતો–મુરાદો માંગવી "શિર્ક" છે.** જ્યારે તમોએ ઉપરોક્ત લખાણમાં વાંચ્યુ કે **હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી** رحمۃاللہعلیہ **આ સર્વ બાબતો નબી વલી માટે માને છે જેથી આ દેવબંદી ફિર્કાવાળા નજીક શાહ સાહબ પણ મુશ્રિક થઈ ગયા.** જેમ કે **દેવબંદીઓ તેમના માસિકો તથા કિતાબોમાં નબી વલી માટે હાજરતવા, મુશ્કિલકુશા, હાઝિર નાઝિર, ગયબ જાણનાર વગેરે માનવું શિર્ક છે** એમ અલલ એલાન જણાવે છે. વળી **કેવળ શાહ વલીયુલ્લાહ જ નહીં !** નબી વલીને હાજતરવા, મુશ્કિલકુશા, હાઝિર નાઝિર, ઈલ્મે ગૈબ જાણનાર, મુરાદો પૂરી કરનાર વગેરેની માન્યતા તો આ અહલે સુન્નતના મહાન બુઝુર્ગો જેમ કે ફિક઼્હના ચારેવ ખલીફા, ચારેવ ઈમામો, સર્વ મુહદ્દિષો બુખારી,

મુસ્લિમ, તિર્મિઝી વગેરે, જલાલુદ્દીન સિયૂતી, શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી, અલ્લામા ખફફાજી, અલ્લામા નબહાની, શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી, મુલ્લા અલી કારી, કાઝી અયાઝ, મુજદ્દિદ અલ્ફેષાની, શેખ અબ્દુલ કાદિર જીલાની, ઈમામ રાઝી, અલ્લામા ખાઝિન, સાવી, બગવી, અલ્લામા અસ્કલાની, ઈમામ બાકર, ઈમામ જાફર સાદિક, ઈમામ મૂસા કાઝિમ, ઈમામ અલી રઝા, ઈમામ મુહમ્મદ તુર્કી, ઈમામ અલી અસ્કરી, ઈમામ હુસૈન ઝકી, જુનૈદ બગદાદી, બાયઝીદ બુસ્તામી, શહાબુદ્દીન સુહરવર્દી, દાતાગંજ બખ્શ, શતનૂફી, બહાઉદ્દીન નક્શબંદી, જલાલુદ્દીન રૂમી, ઈમામ ગિઝાલી, ઉષ્માન હારૂની, ખ્વાજા અજમેરી, બખ્તિયાર કાકી, બાબા ફરીદ, મહબૂબે ઈલાહી, યહ્યા મુનીરી, મખ્દૂમ જહાંગીર સમનાની તેમજ **સર્વ અહલે સુન્નતના બુઝુર્ગોને દીન** رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ**નો એ જ અકીદો છે જે શાહ વલીયુલ્લાહ** رحمۃ اللہ علیہ**નો અહીં દર્શાવ્યો છે.** અને એ જ **આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہનો પણ છે.

**જો દેવબંદી અકીદો માન્ય રાખીએ તો ઉપરોક્ત સર્વ બુઝુર્ગો મુશ્રિક ઠરે છે.** તો **એ તો અહલે સુન્નત વ જમાઅતનો મઝહબ છે જ નથી.** જેથી સાબિત થાય છે કે, 'દારુલ ઉલૂમ' માસિક બહાર પાડનારા દા.ઉ. કંથારીયાના પ્રકાશકો, લેખકો તથા એ અકીદાના સર્વ માનનારાઓ સૌ ગુમરાહ બેદીન પોતે જ છે અને **અહલે સુન્નતથી બહાર થયેલા છે** અને **શાહ વલીયુલ્લાહ તથા સર્વ બુઝુર્ગોનો મસ્લક** એ જ **મસ્લકે આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વી જ** છે અને એ જ સાચા 'અહલે સુન્નત' છે.

*(અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક ઓકટોબર–૨૦૦૯, બરકાતે ખ્વાજા–માસિક, તંત્રી લેખ)*

## આ'લા હઝરત શા માટે ?

ઈન્સાની પ્રકૃતિ પણ કેવી વિચિત્ર છે કે અન્યની આંખનું તણખલું તો લોકો જોઈ લે છે પણ સ્વયં પોતાની આંખનું તણખલું તેઓને દેખાતુ નથી. આ પ્રકારની ઘટના બરેલીની એક મહાન શખ્સિયતની સાથે પણ બનેલ. ખાનદાનના લોકો પરિચય અને તફાવતના ધોરણે બોલચાલમાં તેમને "આ'લા હઝરત" કહેતા હતા. પરિચય અને કમાલો તેમજ ફઝાઈલ અને બુઝુર્ગીઓમાં પોતાના સમકાલીનોની વચ્ચે મહાનતાને લીધે આ શબ્દ પોતાની પ્રસંશનીય શખ્સિયત પર એ પ્રકારે ફીટ આવી ગયો કે આજે દેશના ખાસ અને આમ લોકો જ નહીં બલ્કે આખી દુનિયાની જીભો પર ચડી ગયું અને લોકચાહના ત્યાં સુધી પહોંચી ગઈ કે તરફદારો તો શું વિરોધીઓના વર્તુળમાં પણ "આ'લા હઝરત" કહ્યા વગર એ મહાન શખ્સિયતની તાઅબીર પૂર્ણ થતી નથી. પણ ઘણા ઓછા લોકોને ખબર હશે કે આ'લા હઝરતના શબ્દ પર વિરોધીઓએ કેવા કેવા ગુબારા ચડાવ્યા છે અને લોકોને ગુમરાહ કરવા માટે કેટલી નીચી સપાટી પર ઉતરી આવે છે.

લગભગ હિ.સ. ૧૩૯૯ની આ વાત છે. ઓરિસ્સાના પાટનગર કટકમાં દેવબંદીઓ સાથે એક ઐતિહાસિક મુનાઝરો થયો હતો. મુનાઝિર તરીકે હઝરત અલ્લામા અર્શદુલ કાદરી સાહેબ (رحمۃ اللہ علیہ), સરપરસ્ત અને આયોજક ઈમામુલ આશિકીન હઝરત મુજાહિદે મિલ્લત અલ્લામા શાહ મુહમ્મદ હબીબુર્રહમાન સાહબ કાદરી رحمۃ اللہ علیہ સ્ટેજ પર બિરાજમાન હતા. એહલે સુન્નત તરફથી મુનાઝરાના સદર નાઈબે મુફતીએ આઝમે હિંદ હઝરત અલ્લામા શરીફુલ હક્ક સાહેબ અમજદી رحمۃ اللہ علیہની નિમણૂક થઈ હતી. દેવબંદીઓએ પોતાના મુનાઝિર તરીકે ઈર્શાદ અહમદ ફૈઝાબાદી મુબલ્લિગ દારૂલ ઉલૂમ દેવબંદને રાખેલ.

મુનાઝરા દરમ્યાન દેવબંદી મુનાઝિરે આ'લા હઝરતના શબ્દ પર વાંધો પ્રદર્શિત કરતાં કહ્યું કે રસૂલે ખુદા ﷺને તો કેવળ 'હઝરત' કહેવામાં આવે છે અને આપ લોકો અહમદ રઝા સાહબને "આલા હઝરત" કહો ! તેનો મતલબ એ છે કે તમે લોકોએ પોતાના પેશવાને હુઝૂરથી પણ વધારી દીધા છે !

તેના જવાબમાં અલ્લામા અર્શદુલ કાદરી સાહબે એવો જડબાતોડ જવાબ આપ્યો કે દેવબંદીઓના સ્ટેજ પર સ્તબ્ધતા છવાઈ ગઈ.

અલ્લામાએ કહ્યું, ગુસ્તાખીએ રસૂલની નાપાક ભાવનામાં આપ લોકોના દિલો એટલી હદે બગડી ચૂકેલાં છે કે ગુસ્તાખીનો કોઈ મોકો આપ લોકો હાથથી જવા દેતા નથી. આ વાતની શિકાયત તો પોતાની જગ્યા પર છે કે જેની દસેય આંગળીઓ ગુસ્તાખીએ રસૂલના રક્તમાં ડૂબેલી છે તેઓ અન્યોના સફેદ સ્વચ્છ પાલવ પર લાલ ધાબા શોધી રહ્યા છે ! અત્યારે આપથી શિકાયત એ છે કે આ બનાવથી તમો પણ બેખબર નથી કે પૂર્વજ બુઝુર્ગોથી લઈને અત્યાર સુધીના ઉમ્મતના મશ્હૂર હઝરાતને જે ઈલ્કાબથી યાદ કરેલ છે તેની વચ્ચે સરખામણી તેઓના કેવળ સમકાલીનની સાથે હતી, કોઈએ પણ ઈમામે આ'ઝમના શબ્દથી એ અર્થ નથી તારવ્યો કે તેઓને ઈમામે આ'ઝમ હુઝૂરે અકરમ ﷺ અથવા સહાબાએ કિરામની સરખામણીમાં બોલવામાં આવી રહેલ છે, પણ આપ લોકોના રોગી દિલોની કારીગરી છે આપ લોકો પૂર્વજ પ્રણાલિકાગત અને ઉર્ફના અનુસાર આ'લા હઝરતના શબ્દાર્થને તેમના સમકાલીન હઝરાત સુધી જ મર્યાદિત સમજત તેને બદલે બળજબરીપૂર્વક ખેંચી તાણીને આ શબ્દને રિસાલતકાળ સુધી વિસ્તૃત કરી દીધો, જેથી શબ્દ પોતાના ભાવાર્થને કારણે ગુસ્તાખી ભર્યો ન પણ હોય તો સરખામણીની દૃષ્ટિએ ગુસ્તાખીનો અર્થ ઉત્પન્ન કરી દેવામાં આવે.

ત્યારબાદ અલ્લામાએ ગરજદાર અવાજમાં દેવબંદી મુનાઝિરને સંબોધતાં કહ્યું કે, જ્યારે આપ લોકોને ત્યાં ઈલ્કાબના અર્થનું વર્તુળ એટલુ વિશાળ છે કે રિસાલતકાળ સુધીને આવરી લે છે, તો હવે તમો દેવબંદથી

બરેલી આવો અને પોતાની બદબખ્તીની એ ભયાનક તસ્વીર જુઓ કે સ્વયં આપના જ ઘરમાં ગુસ્તાખીએ શાને રિસાલતની કેવી કેવી સાધન સામાગ્રી મૌજૂદ છે !

જુઓ ! આ "મર્ષિયા" રશીદ અહમદ ગંગોહી છે, જે આપના શયખુલ હિંદ મોલ્વી મહમૂદ હસન સાહબની રચના છે. તેમણે મર્ષિયાના મથાળે ગંગોહી સાહેબને આ ઈલ્કાબ આપેલ છે :

*મખ્દૂમુલ કુલ, મુતાઉલ આલમ અર્થાત સર્વના મખ્દૂમ અને સમસ્ત જગતના મુતાઅ અને મુક્તદા (સરદાર—પેશ્વા જેની ફર્માબરદારી કરવામાં આવે, અનુસરણ કરવામાં આવે.)*

હવે તમો તમારા જ કાયદાના આધારે આ આરોપ સ્વીકારો કે તમો ગંગોહી સાહેબને હઝરત આદમ عليه السلامથી લઈને સૈયદુલ મુરસલીન صلى الله عليه وسلم સુધી અને આપના બાદ કયામત સુધી પેદા થવાવાળા સમગ્ર ઈન્સાનોના "મખ્દૂમ" સમજો છો.

અલ્લામાએ કહ્યું, મખ્દૂમુલ કુલનો અર્થ આપની પેઠે મેં ખેંચી તાણીને બનાવ્યો નથી, બલ્કે 'કુલ' શબ્દનો પારિભાષિક અર્થ જ એ છે કે તેના વર્તુળથી એક પણ મનુષ્ય બહાર ન હોય. આ અર્થ મેં પોતે બનાવેલ નથી બલ્કે તેના અર્થના વર્તુળની વિસ્તૃતતા સ્વયં તે શબ્દની અંદર મૌજૂદ છે, જ્યારે કે "આ'લા હઝરત"નો શબ્દ અર્થઘટનમાં વિસ્તૃત વર્તુળ ધરાવતો અર્થ રાખતો નથી, આપ લોકોએ બળજબરીપૂર્વક અર્થઘટન ખોટું કર્યું છે, એ આપની બદનિય્યતીનો પુરાવો છે.

એ જ પ્રમાણે "મુતાઉલ આલમ"માં "આલમ"નો શબ્દ એટલો વિશાળ અર્થસૂચક છે જેમાં ન તો કોઈ એક પણ વ્યક્તિ છોડી દેવામાં આવેલ છે, ન તો સમય, કાળને છોડી દેવામાં આવેલ છે. જેનો સ્પષ્ટ અર્થ એ થયો કે સૈયદના આદમ عليه السلامથી લઈને હુઝૂર મુતાઉલ આલમીન صلى الله عليه وسلم સુધી સર્વને મઆઝલ્લાહ ! ગંગોહી સાહબના સેવક અને અનુયાયી સમજો છો !

ત્યારબાદ અલ્લામાએ દેવબંદી મુનાઝિરને લલકારતાં કહ્યું કે

"આ'લા હઝરત" શબ્દ પર આપના વાંધા પર મેં જવાબ સ્વરૂપે આટલી લાંબી ચર્ચા કરી.

હવે સ્વસ્થ થઈ જાવ ! આપે કરેલ વાંધો આપના પર જ પલ્ટી રહ્યો છે ! હવે પોતાની જ તલ્વારથી તમે પોતે લોહીલોહાણ થઈ જાવ તો મારા પર નાહક ખૂનનો આરોપ નહિ આવે !

બરેલીના એક "આ'લા હઝરત" પર તો આપને ત્યાં માતમ કરવામાં આવે છે, પણ સ્વયં દેવબંદના બુતખાનામાં કેટલાય "આ'લા હઝરત" આપ લોકોએ ઘડેલા છે, કદાચ તેનો અંદાજો આપ લોકોને નહિ હોય. સહન કરવાની શક્તિ આપનામાં જો હોય તો કપાળેથી પસીનો લૂછી પોતાની બુઝુર્ગપરસ્તીની આ ઈબ્રતનાક દાસ્તાન સાંભળો :–

આ જુઓ ! મારા હાથમાં આપની મુસ્તનદ કિતાબ "તઝકેરતુર્રશીદ" છે જેના લેખક આપની જમાઅતના મહાન પેશ્વા મોલ્વી આશિક ઈલાહી મેરઠી છે. તેના ભાગ બીજાના ચોથા પાનામાં પોતાના ખાનદાનના મુર્શિદે આ'ઝમ હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબને અગીયાર જગ્યાએ "આ'લા હઝરત" લખેલ છે ! પાન. નં–૨૩૭ પર ચાર જગ્યાએ, પાન. નં–૨૩૮ પર ચાર જગ્યાએ, પાન. નં–૨૩૯ પર એક જગ્યાએ અને પાના. નં–૨૪૧ પર બે જગ્યાએ. સ્વયં ગંગોહી સાહેબે પોતાના એક પત્રમાં જે "તઝકેરતુર્રશીદ" ભાગ પ્રથમના પાના. નં–૧૨૮ પર છપાયેલ છે, પોતાના પીરો મુર્શદ હાજી સાહેબને બે જગ્યાએ "આ'લા હઝરત" લખેલ છે. અને એ જ પ્રથમ ભાગના પાના. નં–૧૩૦,૧૩૨ અને ૧૩૬ પર આપના હકીમુલ ઉમ્મત જનાબ થાનવી સાહેબે ખાસ પોતાની કૃલમે હાજી સાહેબને ત્રણ જગ્યાએ "આ'લા હઝરત" લખેલ છે.

હવે બીજી કિતાબ જુઓ ! જે દેવબંદથી પ્રસિધ્ધ થઈ છે અને જેના લેખક મોલ્વી સૈફુલ્લાહ સાહેબ મુબલ્લિગ દારૂલ ઉલૂમ દેવબંદ છે, તે કિતાબનું નામ "તોહફતુલ કૃાદયાન" છે તેના પાના. નં–૯ પર લખે છે :

*"બ હુક્મે સૈયદી વ મૌલાઈ કુત્બે રબ્બાની હકીમુલ ઉમ્મત "આ'લા હઝરત" કારી તૈયબ સાહબ મુદીરે દારૂલ ઉલૂમ દેવબંદ."*

દેવબંદી મુનાઝિરને સંબોધતાં અલ્લામા અર્શદુલ કાદરી સાહેબે કહ્યું, આપે આપના ઘરના "આ'લા હઝરતો" વિશે સાંભળ્યું ! હવે જો કષ્ટ ન હોય તો જરા એ જ વાક્યો અને એ જ શબ્દો ઉચ્ચારો કે રસૂલે ખુદા ﷺને તો કેવળ હઝરત કહેવામાં આવે છે અને આશિક ઈલાહી મેરઠી, મૌલાના થાનવીએ પોતાના પીરો મુર્શિદને 'આ'લા હઝરત' કહેલ તેનો મતલબ એ છે કે :

રસૂલે ખુદા ﷺને તો કેવળ હઝરત કહેવામાં આવે છે અને દારૂલ ઉલૂમ દેવબંદના લોકો તેના સંચાલક સાહેબને આ'લા હઝરત કહેલ છે તેનો મતલબ એ છે કે :–

**હમ ન કહેતે થે કે ઐ દાગ તૂ ઝુલ્ફોં કો ન છેળ**
**અબ વો બરહમ હૈ તો હૈ તુઝકો કલક યા હમ કો**

*(રજૂકર્તા : અલીમુહમ્મદ અહમદ બાબી–પોરબંદર, મે–૨૦૧૦, બરકાતે ખ્વાજા–માસિક)*

# ઈમામ અહમદ રઝા અને ઈલ્મે હદીષ

અંબિયાએ કિરામ વ મુરસલીનમાં પયગંબરે ઈસ્લામ નબીએ આખિરુઝઝમાં صلی اللہ تعالیٰ علیہ وسلم ને જ આ વિશિષ્ટતા હાંસલ છે કે સહાબાએ કિરામ અને હદીષના રાવીઓએ આપના મુબારક જીવનના એક એક પાસાને માનવજાતની હિદાયત તથા તેના માર્ગદર્શન માટે કયાંક સંક્ષિપ્તમાં, કયાંક વિગતવાર રીતે ઈતિહાસના સીનામાં મેહફૂઝ કરી આપેલ છે અને આપના વાણી–વર્તનનો એટલો અઝીમુશ્શાન તથા મુસ્તનદ ઝખીરો એકત્ર કરી આપ્યો છે કે તેને સમજવા તથા જાણવા માટે ઈલ્મે હદીષ તથા ઉસૂલે હદીષ તથા અસ્માઉર્રિજાલના નામથી કેટલાય ઈલ્મી વિષયો અસ્તિત્વમાં આવ્યા છે.

સહાબાએ કિરામને પયગંબરે ઈસ્લામ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રતિ સંબંધિત દરેક ચીજથી એટલો દીવાનીભર્યો ઈશ્ક હતો કે તેઓ તેને જાણવા તથા જોવાના માટે સદા તત્પર રહેતા હતા અને તેમના ઈમાનની મજબૂતીની એ સ્થિતિ હતી કે (અરબી) ભાષાના જાણકાર હોવા છતાં કુર્આને હકીમનો તે જ અર્થ–ભાવાર્થ તેઓ વિશ્વસનીય સમજતા હતા જેને આપ صلی اللہ تعالیٰ علیہ وسلم સમર્થિત કરી આપતા અને કુર્આને હકીમમાં કોઈ ચીજની સ્પષ્ટતાની સાથે કોઈ હુકમ તેમને ન મળતો તો તુરંત બારગાહે રિસાલતમાં હાજર થતા અને જોતા કે એના વિશે આપે શું ઈર્શાદ ફર્માવ્યો છે, આપનો અમલ કઈ ચીજને સમર્થન આપે છે. અકીદા તથા ઈમાનથી લઈને અખ્લાક કિરદાર અને દુનિયવી વહેવારની બાબતો વગેરેમાં સહાબાએ કિરામનો એ જ નિયમ રહ્યો હતો.

મક્કા મુકર્રમા તથા મદીના તૈયેબહ્ તથા બગદાદ, કાહિરા, સમરકંદ, બુખારા વગેરે વિવિધ યુગમાં ઈલ્મે હદીષનાં કેન્દ્રો રહ્યાં અને ત્યાંની મહાન ઈસ્લામી હસ્તીઓ પોતાના નામ તથા ખિદમતોની સાથે

અહલે ઈલ્મમાં મશહૂર છે. તેમનાં નામો, તેમના તબકાઓ તથા તેમની ખિદમતોના સંક્ષિપ્ત વર્ણન માટે પણ એક મોટા દફતરની જરૂર પડે અને અહીં એનો અવકાશ નથી કે અતિ સંક્ષિપ્તમાં પણ કોઈ નિર્દેશ કરી શકાય.

અંખડ ભારતમાં આમ તો મહાન ઉલમાએ કિરામે ઈલ્મે હદીષની પોત પોતાની રીતે અણમોલ ખિદમત અંજામ આપી છે, પરંતુ આશિકે રસૂલ, શૈખુલ હિંદ શાહ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ની શખ્સિયત તે સૌમાં વિશિષ્ટ રીતે તરી આવે છે અને હઝરત શૈખ મુહક્કિક દહેલ્વીએ હદીષે નબવીના પ્રચાર તથા પ્રસારમાં ખૂબ દિલચસ્પી અને સક્રિયતાથી હિસ્સો લીધો. એના વડે દીનની એક નાઝૂક દૌરમાં મદદ તથા હિમાયત કરી અને હદીષે નબવીની તાલીમ તથા તબ્લીગની સાથો સાથ ઈશ્કે નબવીને પણ હિંદના મુસ્લિમોમાં આમ કર્યો અને એક શુભ સંજોગ છે કે આશિકે રસૂલ ઈમામે અહલે સુન્નત **હઝરત મૌલાના અહમદ રઝા કાદરી બરકાતી** ફાઝિલે બરેલ્વીને હઝરત શૈખ મુહદ્દિષ દહેલ્વીના મજબૂત તથા સંપૂર્ણ સમૃધ્ધ ઈલ્મ તથા ઈશ્કે રસૂલના સબબે અતિશય કક્ષાની મહોબ્બત તથા અકીદત છે.

ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ પોતાના દૌરના તે મજબૂત ઉલમામાંથી એક છે જેમના વજૂદ અને જેમની ઈલ્મ તથા બસીરત પર તે પૂરા યુગને નાઝ રહેતો હોય છે. તફસીરે કુર્આન હોય કે હદીષ તથા ઉસૂલે હદીષ, ફિકહે ઈસ્લામી હોય કે અદબ તથા શાઈરી કે મેથ્સ કે સાયન્સ દરેક ક્ષેત્રે ઈલ્મો ફનમાં આપને એટલા હદે નિપૂણતા અને તીવ્ર દ્રષ્ટિ ઉપલબ્ધ હતી કે તેનાં સર્વ પાસાંઓ પર આપની નજર ખૂબ દૂર તથા ઊંડે સુધી છવાએલી હતી અને કેટલાયે ડઝન ઈલ્મો તથા વિષયોમાં આપની યાદગાર તથા અણમોલ કૃતિઓ મૌજૂદ છે, જેમાંથી ઘણી બધી કિતાબો હજી છપાવા માટે ઈન્તેઝાર કરી રહી છે.

જ્યારે આપણે આ'લા હઝરત ઈમામ અહમદ રઝાની સર્વ ક્ષેત્રિય વ્યાપક સમૃધ્ધ શખ્સિયત અને તેમની મુબારક કૃતિઓને જોઈએ છીએ તો ફન્ને હદીષ, તર્કે હદીષ, ઈલલે હદીષ અને અસ્માઉર્રિજાલ વગેરેમાં

પણ આપ અતિશય કમાલની કક્ષાએ બિરાજેલ જોવા મળે છે અને આ જ તે સફ (લાઈન) છે જેમાં કમાલ તથા અજોડતા એક મુજદ્દિદના તજદીદી કારનામાંઓનો એક સ્તંભ છે. હદીષના વિષયમાં આપની જે ખિદમતો છે તેનાથી આપની હદીષમાં જાણકારીની વિશાળતાનો અંદાજો થાય છે. હદીષની માહિતી તથા તેની સેહત તથા અદમે સેહત, ઝોઅફ તથા સિકમ, હસન તથા ગૈર હસન વગેરે વિવિધ હદીષના ઈલ્મોમાં જે સંપૂર્ણ નિપૂણતા તેમને પ્રાપ્ય હતી તે (અન્યોમાં) દૂર સુધી જોવા મળતી નથી અને આ ચીજો તેમની કિતાબો તથા રિસાલાઓમાં વિવિધ અંદાઝમાં છે, કયાંક વિસ્તારપૂર્વક ઉલ્લેખ છે તો કયાંક સંક્ષિપ્તમાં અને કયાંક કયાંક હદીષ તથા મઅરેફતે હદીષ તથા મુબાદિયાતે હદીષ પર એવી ઉમદા તથા શાનદાર ચર્ચાઓ છે કે જો તેને ઈમામ બુખારી તથા મુસ્લિમ પણ જોતે તો તેમની આંખો ઠંડી થઈ જાત.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ વાત સારી જાણતા હતા કે કિતાબુલ્લાહ પછી હદીષનો જ મર્તબો તથા મકામ છે એટલા માટે સામાન્યતઃ મસાઈલને જ્યારે આપે દલીલો વડે સજાવેલ છે તો સૌ પ્રથમ કુર્આની આયતો રજૂ કરી છે, પછી મુબારક હદીષો ત્યાર બાદ જુઝઈય્યાતે ફિકહ અને ઈમામ તથા ઉલમાના અકવાલ (કથનો) આ રીતે તેમણે એક એક મસ્અલાની સાબિતી તથા તેહકીકમાં દલીલોના ઢગલા કરી આપ્યા છે, જો કે એક અથવા અમુક દલીલોથી જ મસ્અલો સ્પષ્ટ થઈ જતો છતાં તેને વિવિધ દલીલો વડે એ રીતે રોશન કરતા કે તેનું કોઈ પણ પાસુ કોરુ ન રહી જાય. જ્યાં એક હદીષ દર્શાવી આપવાથી હેતુ સિધ્ધ થઈ જાય ત્યાં આગળ આ'લા હઝરતે કાંઈ કેટલીયે હદીષો સતત પેશ કરી દીધી છે, જેનાથી એવું જણાય છે કે ફિકહની નહીં પણ જાણે હદીષની કિતાબ લખવા ચાહે છે ! તેઓ પોતાના આ વિશિષ્ટ ગુણને લીધે ઉલમામાં અજોડ રીતે તરી આવતા જોવા મળે છે. અને તેને આપની હદીષદાનીમાં વિશાળતા તથા મહારત જ કહેવામાં આવશે.

વળી એ કે એક હદીષના માટે એક કે બે કિતાબોનો હવાલો પૂરતો

હોય છે પણ ઈમામ અહમદ રઝા એવું નથી કરતા, બલ્કે એક એક હદીષમાં કાંઈ કેટલીયે હદીષની કિતાબોનો ઉલ્લેખ કરે છે અને એ પણ નિર્દેશ કરે છે કે, ''ફલાણી કિતાબમાં આ શબ્દો સાથે હદીષ વર્ણવેલી છે અને ફલાણીમાં આ જ હદીષ આ શબ્દોમાં શાબ્દિક ફેરફાર સાથે છે.'' અને કયાંક એ સ્પષ્ટ કરે છે કે, ''આ હદીષ ફલાણી કિતાબમાં ફલાણા રાવીથી રિવાયત પામેલ છે અને આ જ હદીષ ફલાણી ફલાણી કિતાબોમાં ફલાણા રાવીથી નકલ થયેલ છે.'' અને એ પણ રોશન કરે છે કે આ હદીષ સહીહ છે કે ઝઈફ, હસન છે કે ગૈર હસન, મુતવાતિર છે કે મશહૂર, મરફૂઅ છે કે મકતૂઅ, અને ફલાણા મુહદ્દિષે આ હદીષની તસ્હીહ કરી (સહીહ ઠરાવી) છે અને ફલાણાએ તેને ઝઈફ ઠરાવી અને કયા મુહદ્દિષે એના વિશે શું કહ્યું, એ વિશે મુસ્તખરજહ્ હદીષોમાં તે સૌની પ્રતિ કયાંક સંક્ષિપ્તમાં કયાંક વિગતે નિર્દેશ મૌજૂદ છે. ઈમામ અહમદ રઝા એક હદીષના માટે કેટલીય કિતાબોના હવાલા, વિવિધ રાવીઓનાં નામો દર્શાવે છે અને તેના પર અધિક ઉદાહરણોથી રોકાઈને કેવળ એક દ્રષ્ટાંત પર અટકે છે કે જેમાં ઈમામ અહમદ રઝા બરેલ્વીની ઈલ્મે હદીષ તથા કુતુબે હદીષ તથા અસ્માએ રાવી પર વિશાળ નજરની ઝલક મૌજૂદ છે. ૧૪મી સદીના આ મુજદ્દિદની હદીષ તથા ફિકહમાં નિપૂણતા જ તેમની અનોખી વિશિષ્ટતા છે.

ઈમામ અહમદ રઝાની કૃતિઓમાં જેવી રીતે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની હદીષો સમુદ્ર મોજાં મારતો જોવા મળે છે તેવી જ રીતે મઅરેફતે હદીષ, તર્કે હદીષ, ઈલલે હદીષ પર પણ જોરદાર ચર્ચાઓ જોવા મળે છે, જેનાથી હદીષના સહીહ તથા ઝઈફ અને હસન તથા મૌઝૂઅ વગેરે હોવાનો અંદાઝો થાય છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝાને હદીષને પારખવા અને જાંચવામાં જે કમાલ ઉપલબ્ધ હતો તે તેમની અજોડતા માટે ગવાહ છે અને તે સૌ તેમની કિતાબોથી જાહેર છે.

આપ હદીષ રજુ કરવાની સાથે સાથે એ પણ લખતા કે આ હદીષ કઈ શર્ત પર છે અને કયા કયા હદીષના વિષયના ઈમામોની શર્ત તથા

મેઅયાર (માપદંડ) પર છે. એટલે કે ઈમામ બુખારીની શર્ત પર છે કે મુસ્લિમ તથા તિર્મિઝીની વગેરેની શર્ત પર.

હદીષના વિષયના ઈમામોએ જે મર્તબા તથા માપદંડ નિશ્ચિત કરેલ છે એ જ માપદંડ પર ઈમામ અહમદ રઝા હદીષને જોતા હતા, યા'ને કે તેમની નજર હદીષનાં સર્વ પાસાંઓ પર રહેતી હતી, આ તેમની ઈલ્મે હદીષમાં વિશાળ અભ્યાસ અને બસીરત તથા બસારતનું જ પરિણામ છે.

તેમ છતાંય કેટલાક વિરોધીઓએ ઈમામ અહમદ રઝા પર એવો આક્ષેપ લગાડયો છે કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ઈલ્મે હદીષમાં કમ જાણકારીવાળા હતા !

મઆઝલ્લાહ ! જેમની હદીષદાનીનો એ હાલ છે કે જ્યારે કોઈ તર્કે હદીષ અથવા કોઈ રાવી પર કલામ કરે છે તો ત્રીસ ત્રીસ રિવાયતો અને સનદો પેશ કરીને તેના સહીહ કે ગૈર સહીહ કે ષિકહ્ કે ગૈર ષિકહ્ હોવાનુ સાબિત કરે છે અને જ્યારે કોઈ હદીષ પર ચર્ચા કરે છે તો જાણવા મળે છે કે આખી જિંદગી શાયદ આ જ ચર્ચા સંબંધે કિતાબો જોઈ છે. જ્યારે કે તેમણે વિવિધ ઈલ્મો તથા વિષયોમાં કિતાબો લખી છે અને દરેક વિષયમાં એવું જ મેહસૂસ થાય છે કે શાયદ તેમણે એ જ વિષયમાં મહેનત તથા કોશિશ કરી છે. એટલા માટે તેમના સમકાલિન ઉલમાએ કહ્યું છે કે **આ'લા હઝરતની જેમ હદીષ તથા ઈલ્મે હદીષમાં તથા મઅરેફતે હદીષ તથા તર્કે હદીષ અને મુસ્તલ્હાતે હદીષ તથા ઈલલે હદીષનો જાણનારો પાછલા ૪૦૦ (ચારસો) વરસોમાં પેદા નથી થયો.**

આ તો સંક્ષિપ્તમાં આપની હદીષદાનીની ચર્ચા છે પણ આપે અન્ય વિષયોમાં સેંકડો કિતાબો લખી છે તથા હાશિયા લખેલા છે. ઈમામ અહમદ રઝા તાલિબે ઈલ્મીના જમાનામાં એક દિવસે ઉસૂલે ફિકહની મશહૂર કિતાબ 'મુસલ્લમુષ્ષબૂત'નો અભ્યાસ કરી રહ્યા હતા, એવામાં આપના વાલિદે માજિદ ખાતિમુલ મુહક્કિકીન હઝરત મૌલાના નકી અલીખાં رحمۃ اللہ علیہ નો લખેલ વાંધો તથા જવાબ તેમની નજરેથી ગુજર્યો.

આપે એ કિતાબના હાશિયા પર એક મઝમૂન (લખાણ) લખ્યું, જેમાં મતનની એવી તેહકીક તથા સ્પષ્ટતા ફર્માવી કે મુદ્દલે વાંધો ઉપસ્થિત જ ન હતો. પછી જ્યારે વાંચન માટે વાલિદની ખિદમતમાં રજુ કર્યો તો હઝરત મૌલાનાની નિગાહ ઈમામ અહમદ રઝાના લખેલ હાશિયા પર પડી. તેને જોઈને આપને એટલી ખુશી ઉદ્‌ભવી કે ઉઠીને છાતી સરસા ચાંપ્યા અને ફર્માવ્યું, "રઝા ! તમે મારી પાસે પઢતા નથી પણ મને પઢાવો છો !"

ઈમામ અહમદ રઝાએ હદીષ, ફિકહ તથા અન્ય વિષયોની કિતાબો પર હાશિયા લખવા ઉપરાંત તફસીરની મોટી મોટી કિતાબો પર પણ હાશિયા કલમને હવાલે કર્યા છે. દા.ત. હાશિયા તફસીરે બયઝાવી, હાશિયા ઈનાયત કાઝી, હાશિયા મુઆલિમુત્તન્ઝીલ, હાશિયા અલ્‌ઈત્કાન, હાશિયા દુર્રે મન્થૂર, હાશિયા તફસીરે ખાઝિન, હાશિયા તફસીરે કબીર વગેરે.

તફસીરની કિતાબો પર હાશિયા લખવા ઉપરાંત તેમની મહાન યાદગાર તર્જુમએ કુર્આન 'કન્ઝુલ ઈમાન' અને તફસીરે સૂરએ વદુહા પણ છે. જેમ કે ઈમામ અહમદ રઝા ખૂદ ફર્માવે છે :– "સૂરએ વદુહાની અમુક આયતોની તફસીર મેં ૮૦ જુઝ સુધી લખીને છોડી દીધી, કેમ કે એટલો સમય કયાંથી લાવું કે પૂરા કુર્આનની તફસીર લખી શકું !

*(હયાતે આ'લા હઝરત)*

જો આપની પૂરી જિંદગી અને તેમની તમામ કિતાબોનો હિસાબ કરવામાં આવે તો દર સાડા પાંચ કલાકમાં એક કિતાબ ઉપસ્થિત થતી જોવા મળે છે ! જ્યારે તેમની દુર્લભ કિતાબોમાં કેટલીક હજાર હજાર પેજોની પણ છે. હકીકત એ છે કે દીનના મુજદ્દિદના માટે કુર્આન તથા હદીષના ઈલ્મોમાં જેટલા પ્રમાણમાં નિપૂણતાની જરૂરત હોય છે એનાથી પણ કેટલાય અંશે વિશેષ અલ્લાહ عزوجل વ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપને કુર્આન–હદીષમાં નિપૂણતા અતા કરી હતી.

*(કિતાબ ઈમામ અહમદ રઝા ઔર ઈલ્મે હદીષના સૌજન્યથી,*
*અલ મોઈન–માસિક, મુ.પો. થામ, તા. જિ. ભરૂચ)*

# આ'લા હઝરત ઈમામ અહમદરઝાખાં મોહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

આશિકે રસૂલ સરકારે આ'લા હઝરત ઈમામ અહમદરઝાખાં મોહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہનો જન્મ ૧૦ શવ્વાલ સન હિજરી ૧૨૭૨ પ્રમાણે ૧૪ જૂન ઈ.સ. ૧૮૫૬ શનિવારે બપોરે ઝોહરના સમયે બરેલી શહેરના જસોલી મહોલ્લામાં થયો. આપનું પેદાઈશી નામ ''મુહમ્મદ'' અને તારીખી નામ 'અલમુખ્તાર' છે. આપના દાદા હઝરત રઝા અલીખાંએ આપનું નામ 'અહમદ રઝા' રાખ્યું. આપ ઈસ્લામી દુનિયામાં 'આ'લા હઝરત'ના પ્યારા નામથી મશહૂર થયા છે.

અલ્લાહ તઆલા મહા શકિતમાન છે તે ચાહે તે કરે, તેને પૂછનાર કોઈ નથી. તે પોતાના પસંદ કરેલા કોઈ પ્યારા બંદાને અગણિત વિદ્યાઓની વિશાળ જાણકારી અને ભરપૂર જ્ઞાન અર્પણ કરે તે તેની હિકમત અને કુદરત છે. જે મુજબ આ'લા હઝરત કારી, હાફિઝ, મૌલાના, મુફતીની સાથે સાથે જે તે સમયના મહાન ''મુજદ્દિદ'' પણ હતા.

''મુજદ્દિદ'' અરબી શબ્દ છે તેનો અર્થ તાજો કરનાર થાય છે. મુજદ્દિદ દર ૧૦૦ સો વર્ષે દુનિયામાં પધારે છે. મુજદ્દિદ પોતાના જ્ઞાન વડે ધર્મને તાજો કરે છે જૂની થઈ ગયેલી ચીજને તાજી તે જ વ્યકિત કરી શકે છે જે તેના દરેક અણુએ અણુનો જાણકાર હોય. તો જે વ્યકિત કાનૂને ઈલાહી મુજબ ૧૦૦ વર્ષે ફકત ધર્મને તાજો કરવાના આશયથી જ દુનિયામાં આવ્યો હોય તેને માટે 'દીન' મઝહબ–ધર્મ વિષે જાણકાર હોવું કેટલું જરૂરી હશે. મઝહબનો સાચા અર્થમાં જાણકાર તે જ વ્યકિત હોઈ શકે છે કે જે કુરઆન, હદીષ, તફસીર વગેરે ઈસ્લામી જ્ઞાનના જરૂરી અને મહત્ત્વના સ્થંભોના એક એક અક્ષરને સાચા અર્થમાં સમજી અને સમજાવી શકતો હોય.

''મુજદ્દિદ''ને માટે ઈસ્લામી તાલીમાતનું જ્ઞાન એટલી હદે હોવું

જરૂરી છે કે પૂરી દુનિયાના મોટા મોટા આલિમો તેના ઈલ્મ, ફઝલ, જ્ઞાન અને કમાલની સામે પોતાની ગરદનો ઝુકાવી દે, અને તેને પોતાનો ગુરૂ–પેશવા અને રહેબર માની લે. ''મુજદ્દિદ''માં જ્ઞાનની સાથે સાથે અમલ, નિખાલસતા, કરામત, નીડરતા, સત્યતા, ત્યાગની ભાવના, નમ્રતા, અડગશ્રધ્ધા વિ. અસંખ્ય ગુણો અલ્લાહ તઆલા તરફથી અર્પણ કરવામાં આવે છે.

આલા હઝરત ઈમામ અહમદરઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ઉચ્ચ દરજ્જાના આલિમ અને મહાન આશિકે રસૂલ હોવાની સાથે સાથે દીની–દુન્યાવી જ્ઞાન અને કલાઓમાં એવા તો પારંગત હતા જે આપનું લખેલ ૧૪૦૦થી પણ વધુ પુસ્તકો આપની વિદ્વતા ત્થા આપના વિચક્ષણ કૌશલ્યના સાક્ષી છે. આપ ૨૦૦ થી પણ વધુ વિષયોના ફક્ત જાણકાર જ નહીં પરંતુ એ તમામ વિદ્યાઓમાં માસ્ટરી (ઈમામ) હોવું એ ખુદા તઆલાની અસીમ કૃપાઓનું પરિણામ જ કહી શકાય. કારણ કે આ'લા હઝરત કોઈ કોલેજ કે યુનિ.માં તાલીમ લેવા કે ભણવા ગયા ન હતા. દુન્યાવી ઈલ્મોની જાણકારી માટે આપે કદી પણ દરકાર નહોતી કરી, તેમ છતાં પણ દુન્યાવી ઈલ્મો આપના ચરણોમાં એક ગુલામની માફક આળોટતા હતા.

આ'લા હઝરત જે ૨૦૦થી પણ વધુ વિષયોના જાણકાર હતા તે તમામ વિષયોમાંથી અમુક વિષયો નીચે મુજબ છે. જેમ કે કુરઆનનું શિક્ષણ, હદીષનું શિક્ષણ, ધર્મની મૂળભૂત માન્યાતાઓનું શિક્ષણ, ધર્મ કાયદાશાસ્ત્ર, વારસાશાસ્ત્ર વિદ્યા, પુરાતનશાસ્ત્ર, ઈતિહાસ, સિધ્ધાનુમાન વિદ્યા, ખગોળશાસ્ત્ર, ભૂમિતિ વિદ્યા, આત્મતત્ત્વ વિદ્યા, શબ્દકોષ વિદ્યા, ખનીજ વિદ્યા, લઘુગણક વિદ્યા, અંકશાસ્ત્ર વિદ્યા, સમીકરણ ત્થા બીજગણિત વિદ્યા, અંક ગણિત વિદ્યા, સમાજવિદ્યા, ભૂગોળ વિદ્યા, જન્માક્ષર વિદ્યા, ઔષધવિદ્યા, ચતુષ્કોણ વિદ્યા, હસ્તાક્ષર વિદ્યા, રાગ–સ્વરપઠન વિદ્યા, ભાવિસૂચન વિદ્યા, દર્શનવિદ્યા, રેખારૂપ ત્રિકોણમિતિ વિદ્યા, અનુસંગી વિવેચન વિદ્યા, તર્કશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, ગ્રહગતિવિજ્ઞાન, હવામાન શાસ્ત્ર,

ભૂસ્તરશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, વેપાર–વાણિજય, વનસ્પતિશાસ્ત્ર, જયોતિષશાસ્ત્ર, ધ્વનિશાસ્ત્ર, પ્રકૃતિશાસ્ત્ર, ચિકિત્સા શાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, વકતૃત્વ કલા શાસ્ત્ર, હેતુશાસ્ત્ર તેમજ સ્વપ્ન અને અનુલલિતશાસ્ત્ર વિ.વિ.

દુનિયાની મોટી મોટી કોલેજો–યુનિ.માં આજે નીચેના અઘરા વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે જેવા કે **Phsics, Chemistry, Geography, Astrology, Ephemerics, Histography, Medical, Science, Algebra, Logarethim, Zoology, Logic, Planetrigonametry, Biology, Dynamics, Statistics, Botany, Numeralogy, Finances, Metearalogy, Ethnology, Ethics, cosmilogy, Psychology, Cytology, Pharmacology, Minerology, Ecology, Phonology, Topology, Economics, Sociology, Geometry** વિ. આ'લા હઝરતને ઉપરના તમામ અઘરા વિષયોની સંપૂર્ણ જાણકારી હતી. જે આપના લખેલ પુસ્તકોથી સાબિત થાય છે.

આ'લા હઝરત પાસે તે સમયના વૈજ્ઞાનિકોના સંશોધનો જાહેર કરવામાં આવેલ જેમ કે અવાજ અને પ્રકાશના મોજાઓ અમુક સમય પછી નાશ પામે છે, અણુ વિભાજીત થઈ શકતો નથી, પૃથ્વી ફરે છે, પૃથ્વીનું ભ્રમણ–પરિભ્રમણ ત્થા ગુરૂત્વાકર્ષણનો નિયમ વિ.વિ. આ'લા હઝરતે કલમ ઉઠાવી અને સાબિત કરી આપ્યું કે અણુ વિભાજીત થઈ શકે છે. તેમજ અવાજ અને પ્રકાશના મોજાઓ નાશ પામતા નથી પરંતુ અવકાશમાં તેનું અસ્તિત્વ ક઼ાયમ રહે છે. આ'લા હઝરતના આ સંશોધન ઉપર વૈજ્ઞાનિકોએ વિધિસર અભ્યાસ કર્યો જેના પરિણામે જગતને રેડિયો, મોબાઈલ જેવા સંદેશ વ્યવહારના ઉપકરણો મળ્યા.

આ'લા હઝરતનું લખેલ એક પુસ્તક કે જેનું નામ "ફૌઝે મુબીન દર રદ્દે હરકતે જમીન" છે. આ પુસ્તકમાં આ'લા હઝરતે **Theory of Motion, Theory of Gravitational Attraction VG[ Theory of Relativity**નું ૫૦ દલીલો વડે ખંડન કર્યું. ત્યારબાદ અન્ય ૫૪ મજબૂત દલીલો વડે પૃથ્વીની સ્થિરતાને સાબિત કરી. આ પુસ્તકમાં આપે

ભૂમિતિ, ગ્રહગતિ વિજ્ઞાન, લોગેરિજમ અને ગણિત, અવકાશશાસ્ત્રના વિષયોને આવરી લઈ કુલ ૧૦૪ અકલી દલીલો રજૂ કરેલ છે. આપે જગતના મશહૂર વૈજ્ઞાનિકો જેમ કે આઈઝેક ન્યૂટન, ગેલેલીયો, આલ્બર્ટ આઈન્સટાઈન, કોપરનિકસ, જોહન કેપ્લર, વિલિયમ હર્ષલ, આલ્બર્ટ એફ. પોરટા વિ.ના સંશોધનોને તેમની થીયરીઓના હવાલા આપી ખોટા સાબિત કર્યા. પૃથ્વીના ભ્રમણ, પરિભ્રમણ ત્થા ગુરૂત્વાકર્ષણ વિ. થીયરીઓના ફૂરચે ફૂરચા કરી નાખ્યા.

માં ના પેટમાં શું છે ? છોકરો કે છોકરી ? આ બારામાં એક અંગ્રેજ પાદરીના રદમાં ''અશ્શમશામ અલા મુશક્કિ ફિલ આયતિલ અરહામ'' નામની કિતાબ આ'લા હઝરતે લખી હતી. આ કિતાબમાં આ'લા હઝરતે એક ઉચ્ચ સ્પેશ્યાલિસ્ટ ડોકટરની માફક મુનષ્યના શરીરના અંદરૂની તમામ ફંકશનોની જે માહિતિ આપી તે અત્યંત હૈરતનાક છે. આપે આ કિતાબમાં મોર્ડન મેડિકલ સાયન્સ, ફિઝિકસ, જયોમેટ્રી વિ. ૬૦ જુદા જુદા વિષયોની થીયરીનો ઉલ્લેખ છે, એક્ષ રે અલ્ટ્રા સાઉન્ડની શોધ ત્યારે સંપૂર્ણ થઈ ન હતી. ૧૦૦ વર્ષ પહેલાં અલ્ટ્રા સાઉન્ડની થીયરી રજૂ કરવાવાળા ભારતના પહેલા મુસલમાન વૈજ્ઞાનિક આ'લા હઝરત છે એમ કહી શકાય. આ'લા હઝરત એક એવા વૈજ્ઞાનિકનું નામ છે જેના સંશોધનો ભૂતકાળ ત્થા વર્તમાનકાળના સર્વ વૈજ્ઞાનિકો માટે એક ચેલેન્જ સમાન છે. આ'લા હઝરતના સંશોધનોની મદદથી વિશ્વના જુદા જુદા વૈજ્ઞાનિકોએ નોબલ પ્રાઈઝ ભલે મેળવી લીધા હોય પરંતુ નોબલ પ્રાઈઝના ખરા હક઼દાર આ'લા હઝરતને ગણાવીએ તેમાં કોઈ અતિશ્યોક્તિ નથી.

આ'લા હઝરત ફાઝિલે બરેલ્વીની લિયાકત અને કારકીર્દી એક પૂરી એકેડેમીની ૧૦૦ વર્ષની સેવાઓથી પણ વધીને છે. આપની લેખન પ્રવૃત્તિને તથા આપના ઈલ્મી કારનામાઓ આપની ૬૮ વર્ષની મુબારક જિંદગી વડે તકસીમ કરવામાં આવે તો આપ મિલ્લતને દર પાંચ કલાકે એક સંપૂર્ણ ઈલ્મસભર કિતાબ દેતા નજર આવશે. અર્થાત આ'લા હઝરતે

એકલા હાથે જ એક રીસર્ચ ઈન્સ્ટીટયુટનું કાર્ય અંજામ આપેલ છે. આપને અરબી ઝબાન પ્રત્યે ખૂબ જ લગાવ હતો જેથી આપની અરબી ભાષામાં લખેલ કિતાબોની સંખ્યા વધુ છે.

આપના દારૂલ ઈફતામાં ભારત–પાકિસ્તાન, અમેરિકા, આફ્રિકા, અફઘાનિસ્તાન, ચીન, અરબ દેશો વિ.માંથી ફતવાઓ લગાતાર આવતા રહેતા હતા. કયારેક તો પાંચસો પાંચસો ફતવા એક સાથે ભેગા થઈ જતા હતા. આપના યુગમાં આટલી સંખ્યામાં અન્ય કોઈ દારૂલ ઈફતામાં ફતવાઓ આવતા ન હતા. આ'લા હઝરત ફતવાના જવાબ આપતી વખતે ફતવા પૂછનારનો હેતુ તે શું જાણવા માંગે છે વિ. તેની **I.Q. Frequency** મુજબ તેને હવાલાની સાથે દલીલોથી ભરપૂર સંતોષકારક જવાબ આપતા હતા.

હાલમાં આ'લા હઝરતના પ્રકાશનોનું ભારત–એશિયા અને યુરોપની સરહદોથી પણ આગળ વધીને વિશ્વવ્યાપી ધોરણે સંશોધન થઈ રહ્યું છે. કોલંબિયા યુનિ., બર્કલે યુનિ., લાઈડન યુનિ. હોલેન્ડ, લંડન યુનિ. વિ. ઉપરાંત વિશ્વની અન્ય યુનિ. માં આ'લા હઝરત પર તથા તેમની કિતાબોના વિષય ઉપર **Ph.D.** કરવામાં આવી રહ્યું છે. આ રીતે દુનિયાના અલગ અલગ દેશોમાં મઝહબી અને ગૈરમઝહબી ઈદારા ત્થા સંસ્થાઓમાં બુદ્ધિજીવીઓ, ઈતિહાસકારો અને ફિલોસોફરો આ'લા હઝરતની કિતાબો અને આપના જીવન મુબારક ઉપર ચિંતન, મનન અને રીસર્ચ કરી રહ્યા છે. સમગ્ર વિશ્વમાં આપના ઈલ્મો ફનનો પરચમ બુલંદીએ લહેરાઈ રહ્યો છે. આપની મહાન ફતવાની કિતાબ ''ફતાવા રઝવિય્યાહ'' જે લગભગ બાર હજાર પાનાંની છે જેને સાઉથ આફ્રિકાની કોર્ટમાં ચુકાદા આપવા માટે કાયદેસર સામેલ કરવામાં આવેલ છે. જેને એક મહાન સિધ્ધી ગણી શકાય.

કુર્આન શરીફ જે અરબી ભાષામાં છે તેનો શાનદાર ઉર્દૂ તર્જુમો આ'લા હઝરતે કર્યો જેને ''કન્ઝુલ ઈમાન'' તરીકે ઓળખવામાં આવે છે. જેની આજ સુધી અગણિત સંખ્યામાં પ્રતો છપાઈ ચૂકી છે. ઉપરાંત આ'લા હઝરત એક ઉમદા દીની શાઈર પણ હતા. આપની શાએરી

''હદાઈકે—બખ્શિશ'' નામના પુસ્તક શાએરી ઉપરથી **Ph.D.** કરી શકાય. ઈશ્કે મુસ્તફા ﷺથી છલોછલ આપના કલામ, નાત શરીફ તેમજ ખાસ કરીને સલામ ''મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ'' સમગ્ર દુનિયામાં ગુંજી રહ્યું છે, તેમાં કોઈ બે મત નથી.

આ'લા હઝરત આપણા મોહસિન છે. એટલું જ નહિ પરંતુ આજના પુરફિતન દૌરમાં આપણા ખરા હિતેચ્છુ અને માર્ગદર્શક છે. આપનો અહેસાન જેટલો માનીએ તેટલો ઓછો છે કે આજે આપણે સુન્નિય્યત—મસ્લકે આ'લા હઝરતનો દમ ભરી રહ્યા છીએ, કેમ કે આપે વહાબી, તબ્લીગી, દેવબંદી તથા તેમના જેવા અનેક બાતિલ ફિર્કાઓની સામે કલમની તલવાર વડે એકલા હાથે જંગ ખેલીને દૂધનું દૂધને પાણીનું પાણી અલગ કરી બદમઝહબોના ગંદા અકીદાઓનો પર્દાફાશ કરી આપણું ઈમાન બચાવી અલ્લાહ—રસૂલની સાચી મહોબ્બત અને તાઝીમથી દિલોને ભરી દીધાં. અલ્લાહ તમામ સુન્નીઓના દિલોમાં ઈશ્કે મુસ્તફાની શમ્અ મરતા દમ સુધી પ્રજવલ્લિત રાખે. આમીન.

મુ.તા. ૨૫ સફર હિજરી ૧૩૪૦ શુક્રવારે બપોરે ૨—૩૮ કલાકે આલા હઝરત અલ્લાહ રસૂલ ને યાદ કરતાં કરતાં આ ફાની દુનિયાથી પરદો ફર્માવ્યો. اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ આપનો મઝાર શરીફ બરૈલીશરીફ (યુ.પી.)ના સોદાગ્રાન મોહલ્લામાં છે. જ્યાં દર વર્ષે સફર માસની ૨૩,૨૪,૨૫ તારીખે ત્રણ દિવસ સુધી આપનો ઉર્સ શાનદાર રીતે મનાવવામાં આવે છે. દેશ વિદેશથી લાખોની સંખ્યામાં મુરીદો—અકીદતમંદો બરૈલીશરીફ ઉર્સમાં હાજરી આપી પોતાની જાઈઝ તમન્નાઓ અને બરકતોથી માલામાલ થાય છે.

**અહમદરઝા કા તાઝા ગુલિસ્તાં હૈ આજ ભી**
**ખુર્શિદે ઈલ્મ ઉનકા દરખ્શાં હૈ આજ ભી**

**સબ ઉનસે જલનેવાલોં કે ગુલ હો ગએ ચિરાગ,**
**અહમદ રઝા કી શમ્અ ફરોઝાં હૈ આજ ભી**

*(રજૂકર્તા : અલીમુહમ્મદ અહમદ બાબી—પોરબંદર, જાન્યુઆરી—૨૦૧૧, બરકાતે ખ્વાજા—માસિક)*

# ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ અને મશ્હૂર વૈજ્ઞાનિક ન્યૂટન

### ★ ગુરુત્વાકર્ષણના ખંડનમાં ઈમામ અહમદ રઝાએ આપેલી સચોટ દલીલો ★

મશ્હૂર નામ 'ન્યૂટન અને મૂળ નામ 'આઈઝેક ન્યૂટન' છે. ઈંગ્લેન્ડમાં સન ઈસ્વી ૧૬૪૨ પેદા થયો. અને ૧૭૨૭ ઈસ્વી સન માં મૃત્યુ પામ્યો. ખૂબ જ હોશિયાર, જિજ્ઞાસુ અને સંશોધક સ્વભાવ ધરાવતો હતો. તેણે ભૌતિકશાસ્ત્ર (Physics) ક્ષેત્રે ભરપૂર કામ કર્યું મુખ્યત્વે ઉષ્ણતા, પ્રકાશ, અવાજ, ચુંબકત્વ વગેરે વિષયો પર ઉચ્ચ કોટીની યાદગારો મૂકી વિજ્ઞાન અને વિજ્ઞાનીઓ ઉપર 'ન્યૂટન'ના ઘણા ઉપકારો છે. 'ન્યૂટન'નો એક ખાસ દ્રષ્ટિકોણ ''ગુરુત્વાકર્ષણ'' છે.

ન્યૂટને પોતાનાં દ્રષ્ટિબિંદુની પુષ્ટિરૂપે જે દલીલ રજુ કરી છે એ તેના જીવનનો વ્યક્તિગત પ્રસંગ છે. જેને પરિણામે એ દ્રષ્ટિકોણ તારવ્યો હતો. બનાવની વિગત આ મુજબ છે કે ઈંગ્લેન્ડમાં ૧૬૬૫નું વર્ષ પ્લેગની મહામારીનું હતું. ઉપદ્રવ વધ્યો હોવાથી ત્યાંના લોકો સલામતીને ખાતર બીજે સ્થળાંતર કરી જતા હતા. આઈઝેક ન્યૂટન પણ તે વર્ષે કૅમ્બ્રિજ યુનિવર્સિટી છોડી પોતાના ગામ 'વૂલ્સથોર્પ' પાછો આવ્યો જ્યાં તેના બાપદાદાનુ 'વૂલ્સથોર્પ મનોર' કહેવાતું ભવ્ય મકાન હતું. મકાનની ચોતરફ વાડી, બગીચા હતા. અહીં ન્યૂટને ૧૮ (અઢાર) મહિના વિતાવ્યા. 'ગેલિલિયો'ના અભ્યાસથી ગ્રંથો વાંચવામાં જ તે ઘણો ખરો સમય પસાર કરતો હતો. વાંચ્યા પછી વાગોળવા માટે તે વાડીમાં લટાર મારતો, જે દરમિયાન તેણે એક સફરજન જમીન પર ખરી પડતું દીઠું. મગજ વિચારમાં પડયું, સફરજન ડાળીથી તૂટીને ઉપર કેમ ન ગયું ? ત્યાં જ

ખટકાયેલું કેમ ન રહ્યું ? કોઈ બીજી દિશામાં કે ન ભાગ્યું ? શા માટે જમીન પર પર આવ્યું ? ખૂબ જ મનન અને ચિંતનના અંતે પરિણામ કાઢયું કે પૃથ્વીમાં આકર્ષણ શકિત છે એટલે કે ખેંચવાની તાકત છે માટે જમીને તેને ખેંચી લીધું.

ઉર્પયુકત પ્રત્યક્ષ નિરીક્ષણ પ્રસંગેને લીધે ન્યૂટને એક દ્રષ્ટિબિંદુ ઘડયું કે દરેક પદાર્થમાં આકર્ષણ શકિત છે. દરેક પદાર્થ પોતાના બળ પ્રમાણે બીજા અન્ય પદાર્થને ખેંચી રહ્યો છે. જેમ કે પૃથ્વી, ચંદ્ર, સૂર્ય, બ્રહ્માંડમાં ફેલાયેલા અસંખ્ય ગ્રહો અને તારાઓ પદાર્થ હોવાને કારણે એક બીજાને આકર્ષી રહ્યા છે.

આ જ ખેંચતાણે સમજ આપી કે અવકાશી ગ્રહો અને તારાઓ પૃથ્વીથી અનેક ગણા વધુ શકિતશાળી છે. મુખ્યત્વે સૂર્ય જે પોતાની ભરપૂર તાકત સાથે પૃથ્વીને ખંચી રહ્યો છે; પરિણામે પૃથ્વી ભ્રમ્રણ કરી રહી છે....જેમ કે આ ઈસ્લામી માન્યતાની વિરૂદ્ધ છે. આધુનિક બુદ્ધિ અને વિચારવાળા એની જ ખેંચેલી રેખાઓ પર ચાલતા રહ્યા. ચાર સો વરસનો ગાળો વીત્યો કોઈએ મૂળભૂત બાબત પ્રત્યે ધ્યાન ન આપ્યું. જાણે કે સમસ્ત વિદ્વાનોને તેની સચ્ચાઈનું સંપૂર્ણ યકીન અને તેની સત્યતા પ્રત્યે પૂરેપૂરો ભરોસો થઈ ચૂકયો હતો અને આજે પણ સત્ય સ્પષ્ટ થઈ ગયા પછી માનનારા તેને જ માની રહ્યા છે.

હા ! જેને સુધારણાના કારનામાઓ માટે પેદા કરવામાં આવ્યો, જે ગલત દ્રષ્ટિબિંદુઓ તથા વાહિયાત વિચારીના ખંડત તથા દુરસ્તી સારુ આવ્યો હોય, તે વળી ખેંચેલી ખોટી લકીરો પર કેવી રીતે ચાલી શકે ? બેશુમાર બેહતર કાર્યો કરનારા શખ્સના કોઈ ગલત કામને તેના સદ્કાર્યો સબબ સારૂ નથી કહી શકાતું ! ગલત બહર હાલ ગલત હૈ. ન્યૂટનના દરેક સંશોધન અને આવિષ્કાર પોતાના ઠેકાણે સ્વીકાર્ય, એનાથી કોઈને ઈન્કાર નથી, પરંતુ તેના જૂઠા દ્રષ્ટિકોણની તસ્દીક તથા પુષ્ટિ કરવામાં આવે એ મુમકિન નથી; સારા કામો સાચી વાતોના વખાણ થશે અને ગલત નઝરિયા (દ્રષ્ટિબિંદુ)નું ખંડન થશે !

ઈમામ અહમદ રઝા ખાં ફઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ કોઈના તગડા વ્યકિતત્વથી ભયભીત થઈને કે કોઈની જ્ઞાન–કૌશલ્ય તથા લેખન પ્રવૃત્તિઓ સામે દબાઈને તેમની ક્ષતિઓ (ભૂલો) થી આંખ આડા કાન નથી કર્યા બલ્કે માન–મર્યાદા લક્ષમાં રાખી વીતેલા થઈ ગયેલા (જે તે) વ્યકિતની ઈસ્લાહ કરવાની કોશિશ કરી છે જેનાં ઉદાહરણો મોટી સંખ્યામાં 'આપ' رضی اللہ عنہ ની લેખન કૃતિઓ કિતાબોમાં મળી શકે છે. ખાસ કરીને 'ફતાવા–રઝવિય્યહ્'માં તો એની ભરમાર છે.

આ સમયે મારી સામે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ની મશ્હૂરે ઝમાના કિતાબ **'ફૌઝે–મુબીન–દર–રદ્દે–હરકતે ઝમીન''** છે, જે ઝીણાં લખાણમાં લગભગ બસ્સો પૃષ્ઠાઓમાં ફેલાયેલી છે. કિતાબ વિશે ટૂંકો પરિચય આ'લા હઝરત رضی اللہ عنہ ની જુબાની સાંભળો, આપ ફર્માવે છે : આ પુસ્તિકા ઐતિહાસિક નામ **'ફૌઝે મુબીન–દર–રદ્દે–હરકતે ઝમીન'** એક પ્રસ્તાવના, ચાર અધ્યાયો અને એક સમાપ્તિ મુજબ રચાયું છે. પ્રસ્તાવનામાં **'મુકર્રિ રાતે–ઝીજાતે–જદીદા'**નું બયાન, જેનાથી આ પુસ્તકમાં કામ લેવામાં આવશે. પ્રથમ અધ્યાયમાં નાફિરિયત પર બહસ એના દ્વારા પૃથ્વીના ભ્રમણનાં ખંડન પર બાર દલીલો; દ્વિતીય અધ્યયમાં 'આકર્ષણ' પર ચર્ચા અને તેના દ્વારા ધરતીના ભ્રમણના રદિયા પર પચાસ દલીલો; તૃતીય અધ્યાયમાં ખૂદ પૃથ્વીના ભ્રમણના ખંડન પર વધુ તેંતાલીસ દલીલો. બિ હમ્દિહી તઆલા. પૃથ્વીના ભ્રમણ પરિભ્રમણના ખંડન પર એક સો પાંચ દલીલો થઈ.

જો કે અત્યારે પૃથ્વીના ગુરુત્વાકર્ષણના દ્રષ્ટિબિંદુના ખંડનને ઈમામના કથનોની રોશનીમાં સ્પષ્ટ કરું છું; એટલા માટે મજકૂર પુસ્તકનું બીજું અધ્યાય જ ગુફતેગૂનો વિષય રહેશે. બીજું અધ્યાય (જેનો સંબંધ આકર્ષણ સાથે છે) તેમાં ચર્ચાયેલી અકસર દલીલો ખાસ જ્ઞાન તથા કળા ધરાવે છે જેનું સમજવું પ્રત્યેકનું કામ નથી. અમુક તો એવી દલીલો છે જેનો સંબંધ ખગોળ વિદ્યા (AstronoMy/ અસ્ટ્રોનોમી) થી સંબંધિત છે, કોઈ

જ્યોતિષશાસ્ત્ર (Astrology/ અસ્ટ્રોલોજી)થી સંબંધિત છે, અમુક ગણિતશાસ્ત્ર (Maths/ મેથ્સ) સાથે જોડાયેલ છે. મૂન (લેખ) માં સમાવેશ કરવાનો પ્રયત્ન કર્યો છે જે સરળતાપૂર્વક દરેક માણસને સમજાઈ શકે.

હઝરત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ સૌ પ્રથમ સફરજનના જમીન પર પડવાનું કારણ બતાવ્યું છે. આપ ફર્માવે છે કે, સમજુ વિદ્વાવાનો વજનમાં નિચાણ તરફનું આકર્ષણ માને છે, અને જેમ કે સફરજનમાં ભાર છે. માટે એ જ રહેલા ભારે સફરજનને નીચેની તરફ ખેંચ્યું અને સફરજન નીચે આવ્યું, એવું નથી કે જમીનમાં ખેંચવાની તાકત છે !'' કારણ બતાવ્યા પછી આપે ગુરુત્વાકર્ષણના ખંડન પર દલીલો આપી છે. સ્વભાવની જિયાફત ખાતર કેટલીક પેશ છે :

(૧) લોહચુંબક (Magnet)નો થોડો ટૂકડો અથવા કહરુબા (તૃણમણિ)નો નાનો દાણો લો અને એક લોખંડનો નાનકડો ટૂકડો લઈને જમીન પર રાખી દો. પછી લોહચુંબક અથવા તૃણમણિના દાણાને તેના ઉપર કરો. જૂઓ લોહચુંબકનો કટકો લોખંડના ટૂકડાને પોતાની તરફ આકર્ષી લે છે. જો જમીનની અંદર આકર્ષણ શકિત હોત તો અવશ્ય જમીન જાતે ખેંચી રાખત અને લોહચુંબક પ્રતિ તેને જવા ન દેત. અને આવું નથી, તો જાણવા મળ્યું કે જમીનમાં આકર્ષણબળ નથી.

(૨) એક એલ્યુમિનયીમની નાની થાળી એક ખડતલ પહેલવાન પોતાની ભૂજાઓ વડે જકડી રાખે. હવે એક કમજોર માયકાંગલો માણસ તેને પોતાની બાજુ ખેંચે. નહીં ખેંચવા પામે. કેમ કે પહેલવાન મજબૂતીપૂર્વક ખેંચી રહ્યો છે. નિર્બળ વ્યકિતની તાકત તેનો મુકાબલો કરવા સમર્થ નથી. એ જ થાળી જમીન પર મૂકી દો. એક બે વર્ષના બાળકને કહો કે તેને ઉપાડે; તે એને ઉપાડી લેશે ! સાબિત થયું કે જો જમીનની અંદર **'કુવ્વતે-જઝબ'** (આકર્ષણબળ) હોત તો બાળક થાળી ન ઉપાડી શકત, કેમ કે જમીન તેને પોતાની તરફ ખેંચત અને બાળક તેનો મુકાબલો ન કરી શકત !

(૩) એક નાનું ઢેફું મોટા ઢેંફાંની નજીક કરીને જુઓ. મોટુ ઢેફું નાના ઢેફાંને પોતાની તરફ ખેંચે છે ? જો ખેંચી લે તો સમજો કે આ આકર્ષણ શકિત છે, પરંતુ એવું નથી બનતું. કોઈ ઢેફું અન્ય કોઈ ઢેફાંને નથી ખેંચતું. અને જયારે ઢેલામાં આકર્ષણ બળ નથી તો પૃથ્વીમાં પણ આકર્ષણ શકિત નથી; કારણ કે, બંનેની પ્રકૃતિ સમાન છે.

(૪) આકર્ષકના આકર્ષણનો પ્રભાવ નાની ચીજ પર વધુ હોય છે અને મોટી ચીજ પર ઓછો હોય છે. હવે બે ચીજો એકનું વજન દસ કિલો બીજાનું વજન વીસ કિલો છે. ઊંચાઈથી મૂકવામાં આવે તો જો જમીન અંદર આકર્ષક શકિત હોત તો દસ કિલો વાળી ચીજ પહેલા જમીન પર પડત અને વીસ કિલો વાળી પછી. જો કે હકીકત તેનાથી વિપરીત છે. જાણવા મળ્યું કે પૃથ્વીમાં ગુરુત્વાકર્ષણ નથી.

(૫) જો પોલાદ (લોખંડ) ના એક સ્થંભને (વૃક્ષની ડાળે લટકતા) સફરજનની સમકક્ષ લઈ જઈને મુકત છોડવામાં આવે, તો તે તરુંત નીચે આવે, કેમ કે જમીન તેની ખેંચી રહી છે પરંતુ પ્રશ્ન ઊભો થાય છે કે ઝાડની શાખો જોડે લદાયેલ કોઈક સફરજનને ધરતી કેમ નથી ખેંચતી ? પૃથ્વીમાં એટલી આકર્ષણ શકિત છે કે એક હજાર મણના લોખંડી થાંભલાને ખેંચી રહી છે, પરંતુ સફરજન જે ડાળોએ લટકી રહ્યાં છે ત્યાં તે ખેંચાણ શકિત કેમ જતી રહે છે ? સિદ્ધ થયું કે, જો પૃથ્વીમાં આકર્ષણબળ હોત તો એકી સાથે બધાય ફળો નીચે આવી પડત ! અને આવું નથી માટે જમીનમાં ગુરુત્વાકર્ષણ નથી !

(૬) થર્મોમિટર/Thermometer (ઉષ્ણતામાપક યંત્ર)નો પારો મધ્યમ કક્ષમાં એક જગ્યાએ સ્થિર છે. હવે જો (વાતાવરણ) ગરમ થશે તો ઉપર ચઢશે. અહીંયા જો પારો રોકાશે ત્યાં સુધી એ જ ગરમી પર છે. હવે, ઠંડી પડી, પારો નીચે આવશે અને મધ્યમ ભાગે પણ નહીં થોભે; આવું કેમ ? અગર જમીનમાં જઝબની કુવ્વત હોત તો પારો કયારેય ઉપર તરફ ગતિ કરત ? અને ઉપરની તરફ ચઢયો તેથી આકર્ષણ શકિત બાતિલ સિદ્ધ થઈ !

(૭) વરાળો (બાષ્પ) ઉત્પન્ન થાય છે, ત્યારે ઉપર તરફ ચઢે છે. જો પૃથ્વીમાં આકર્ષણબળ હોય તો કઈ એવી ચીજ જમીનથી છટકીને ઉપર ઊડી જાય. હવા બાષ્પને ઊંચે ન લઈ જઈ શકે, કેમ કે વાયુથી વધીને વરાળ ભારે હોય છે. જો કોઈ ગ્રહ છે જે બાષ્પને ઉપર ચઢાવે છે, તો હું કહીશ કે, એવું હોત તો રેગિસ્તાનોમાંની રેતીના ઢૂવા દેખાત નહીં બધાય ગ્રહની ગોદમાં જઈ પહોંચત !

(૮) પ્યાલામાં હવા, તેલ અને પાણી નાંખો. તેલ શા માટે ઉપર આવે છે ? અને આકર્ષણની અસર તો બંને પર સરખી છે. જો પ્રવાહની શેડના લીધે એવું થાય છે, તો પાણી પર તેલ નાંખવાથી પાણી કેમ ઉપર નથી થતું ? વાત વાસ્તવમાં એમ છે કે, તેલ હળવું છે અને પાણી ભારે, એટલા માટે પાણી નીચાણનું ઈચ્છુક છે તેથી નીચે થઈ ગયું. તેલ હલકું છે માટે ઊંચાણનું તાલિબ છે તેથી તે ઉપર થયું. પૃથ્વીની અંદર ખેંચવાની કોઈ તાકત નથી નહિતર તેલ હમેશાં નીચે રહેત પાણીની ઉપર ન થાત !

(૯) એક ડોલ પાણી લઈને એક કાંકરી અને એક લાકડાનો ટૂકડો નાખો. કાંકરી ડૂબી જશે અને લાકડું તરતું રહેશે ! શા માટે ? જમીનની અંદર આકર્ષણ શકિત છે તો જમીને લાકડીને નીચે કેમ ખેંચી નહીં ?

(૧૦) એક મોટો કાગળનો ટૂકડો લો. તેના બે સરખા ભાગ કરો. એકની ગોળી બનાવો. બીજાને એમ જ ફેલાયેલો રહેવા દો. પછી બંનેને ત્રાજવાના પલ્લામાં રાખી વજન કરો. બંને કાગળના ટૂકડા વજનમાં સરખા થશે. જો જમીનમાં આકર્ષણ બળ હોત તો ગોળીમાં ભાર ઓછો હોત અને ફેલાયેલા કાગળમાં વજન વધુ હોત. કેમ કે આકર્ષનારના માદ્દાના અનુરૂપ આકર્ષણ થાય છે. પૃથ્વી આકર્ષનાર છે. પૃથ્વીનો પદાર્થ વધુ પ્રમાણમાં એ ફેલાયેલા કાગળને ખેંચશે. માટે તેનો ભાર વધવો જોઈએ. અને ગોળીને જમીન ઓછા પદાર્થે ખેંચશે માટે તેમાં ઓછું વજન હોવું જોઈએ. જો કે સ્થિતિ તેનાથી વિરુધ્ધ છે.

(૧૧) જો પૃથ્વીમાં આકર્ષણ શકિત હોય તો જરૂરી છે કે પદાર્થમાં જેટલું તત્વ ઓછું હોય એ જ પ્રમાણે વજન વધુ હોય. જેટલું તત્વ વધુ

હોય એટલું જ વજન ઓછું હોય. દા.ત. એક ગજ ચોરસ કાગળના તાથી એક ગજ ઘન લોઢાની શિલા ખૂબ હળવી થાય. તે શિલા જેની ઉપરી સપાટી એક ગજ સમચોરસ અને ઊંચાઈ સો ગજ છે વધુ હલકી બને અને જેટલી ઊંચાઈ વધે અને લોખંડ અધિક થતુ જાય એટલો જ વજન ઓછો થતો જાય. ત્યાં સુધી કે કાગળનો તખ્તો જો તોલા જેટલો હતો તો તે વિશાળ, લોઢાની પાટ રતીભાર ન હોય ન રતીનો હજારમો કે લાખમો ભાગ થાય. કારણ સાંભળો ! પદાર્થમાં જેટલું તત્વ વધારે એટલો આકર્ષણનો અવરોધ વધારે. જેટલો અવરોધ વધારે એટલું જ આકર્ષણ ઓછું અને જેટલું આકર્ષણ ઓછું એટલું જ વજન ઓછું, કેમકે વજન તો આકર્ષણથી જન્મે છે. જે ઓછું ખેંચાશે ઓછું ઝુકશે. અલ્પ ઝુકવું જ વજનમાં ઘટાડો થવો છે. પરિણામ આવ્યું કે જેટલું તત્વ વધારે એટલો વજન ઓછો. દરેક બુદ્ધિશાળી જાણે છે કે બળવાન પર પ્રભાવ સામાન્ય થાય છે અને નિર્બળ પર પ્રબળ. જ્યારે ચીજોનુ આકર્ષકબળ સમાન હોય તેમની શકિતઓ પદાર્થ સંબંધી હશે અને સરખી તાકતોની અસર આકર્ષિત થનારના તત્વની ભિન્નતાને લીધે પ્રમાણસર બદલાશે. એટલે કે આકર્ષિત થનારમાં જેટલો જથ્થો વધારે એટલું તેના પર ઓછુ આકર્ષણ થશે ખરેખર એટલો જ વજન ઓછો થશે...અને આ બુદ્ધિથી વિપરીત છે. સ્પષ્ટતા તેનાથી વિરુદ્ધ જ આપે છે.

ઉપલા વર્ણનથી માલૂમ થઈ ચૂકયું છે કે ઈમામ અહલે સુન્નત, આ'લા હઝરત رضی اللہ عنہ એ પૃથ્વીના ગુરુત્વાકર્ષણના ખંડન પર ઢગલાબંધ બૌદ્ધિક દલીલો પ્રસ્તુત કરી છે. નાચીઝે (લખનારે) વજનદારીના પ્રમાણથી મુટ્ઠીભર અમુક દલીલો રજૂ કરવાનું સદ્ભાગ્ય મેળવ્યું. વધુ વિસ્તારપૂર્વક અભ્યાસ માટે ઈમામે અહલે સુન્નતની અજીબો ગરીબ ઉચ્ચ કોટિની કૃતિ ''**ફૌઝે-મુબીન-દર-રદ્દે-હરકતે ઝમીન**''નું વાંચન કરો.

*(ઉર્દૂ માસિક 'અશરફિયહ્'ના એપ્રિલ ૨૦૦૧ માંથી સાભાર,*
*રજૂકર્તા : જનાબ મુહમ્મદ ઈમરાન રઝવી-ધ્રોલ, જિ. જામનગર,*
*અલ મોઈન માસિક, ડિસેમ્બર-૨૦૦૧)*

# ઈમામ અહમદ રઝાનાં સાયન્ટિફિક મંતવ્યો

વર્તમાન સદીના પ્રારંભમાં હિંદુસ્તાનની ભૂમિ પર ઈલ્મ તથા હિકમતની એવી મહાન હસ્તી ગુજરી જેની વાસ્તવિક છબી રજૂ કરવી એ લખાણ તથા કલમની પહોંચ બહારની વાત છે જેને ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીના નામથી ઓળખવામાં આવે છે. ઈલ્મ તથા વિદ્યાનો તો એવો અજોડ ફકીહ હતો કે ફિકહ પરેશાન છે અને બુદ્ધિ આશ્ચર્યમાં ગરકાવ છે કે કયો તે ઈલ્મ છે જેમાં આપ નિષ્ણાત નથી. બલ્કે હકીકત તો એ છે કે એક મોટી સંખ્યા એવા ઈલ્મોની છે જેમાં ઈમામ અહમદ રઝાને મહારત હતી અને આજે પૃથ્વીના પટ પર તેનો જાણકાર મુશ્કેલીથી જ મળી શકે. ઈતિહાસની આ કેટલી આશ્ચર્યજનક હકીકત છે કે જેને જમાનો એક મોલ્વી સમજી રહ્યો હતો પણ આજના નિષ્ણાતો તેના લખાણને સમજવાથી લાચાર છે ! આ સ્થળે એક દષ્ટાંત જુઓ :–

''ઈલ્મે જફર (જ્યોતિષ શાસ્ત્ર) જે અમુક ઉસૂલો તથા કાનૂનો થકી ગયબી બાબતોને જાણવાનું નામ છે જેનો જાણનાર વર્તમાનકાળમાં કદાચ જ કોઈ હોય, એમાં ઈમામ અહમદ રઝાને ઘણી પહોંચ હતી ખૂદ ફર્માવે છે, ''કે ઈલ્મે જફર ન કોઈ ઉસ્તાદથી શીખ્યું ન કોઈનાથી ચર્ચા થઈ બલ્કે સૈયદ અબુલ હસન નૂરીમિયાં મારહરવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ એનો એક કાયદો ઉલ્લેખ કરીને સમજાવી દીધો હતો. આ એક કાયદાથી કાંઈ કેટલાયે અન્ય કાયદાઓ જાણી લીધા. પછી તે ઈલ્મની એક મહત્વની કિતાબ શૈખ અકબર મુહીય્યુદ્દીન ઈબ્ને અરબીની લખેલી હાથ લાગી એના પર કેવળ મહેનત કરી જાણે કે જફરથી જ શીખ્યો અને એમાં એક કિતાબ *''સફરુસ્સફર અનિલ જફર બિલ જફર''* લખી. હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ની ઝિયારત માટે હાજર થયો તો વિચાર્યું કે આ આખા વિશ્વનું કેન્દ્ર છે જ્યાં વિશ્વભરના ઈલ્મવાળાઓ

એકત્ર થાય છે, કદાચ કોઈ એવો મળે જે ઈલ્મે જફરનો નિષ્ણાત હોય તો તેનાથી એની પરિપૂર્ણતા કરી લઉં. માલૂમ કરતાં જાણવા મળ્યું કે મૌલાના અબ્દુર્રહ્માન દહાન એના જાણકાર છે. એ સાંભળીને ખુશી થઈ, મુલાકાત થઈ અને કેટલાય કલાકો એકાંતમાં ચર્ચા ચાલી જેનું પરિણામ એ આવ્યું કે જે કાયદાઓ મૌલાના અબ્દુર્રહ્માન દહાનના અપૂર્ણ હતા તે ઘણે ખરે અંશે પૂર્ણ થઈ ગયા. મૌલાના સૈયદ હુસૈન મદની અરબસ્તાનથી બરેલી શરીફ તશરીફ લાવ્યા અને ૧૪ મહીના બરેલી શરીફમાં રોકાણ કરીને આ'લા હઝરતથી ઈલ્મે જફરની તા'લીમ મેળવી. તેમના માટે તથા અન્ય અરબસ્તાનના આલિમો માટે ઈમામ અહમદ રઝાએ ઈલ્મે જફર તથા તકસીરમાં એક સંપૂર્ણ કિતાબ *"અતાઈબુલ્ અકસીર ફી ઈલ્મિત્તકસીર"* અરબી ભાષામાં ડિક્ટેટ કરાવી. જ્યારે તેમણે ઈલ્મે જફરના કાયદાઓની પરિપૂર્ણતા કરી લીધી તો આ'લા હઝરત ઈમામ અહમદ રઝાની પાસે જેટલા પ્રમાણમાં પણ મટિરિયલ, નુસ્ખા, કુંડળીઓ પોતે તૈયાર કરેલ હતી તે સૌ વિદાય કરતી વેળા તેમને સુપ્રત કરી દીધું અને હમેશાંના માટે એ ઈલ્મને અલવિદા કરી આપી.

વર્તમાન પ્રગતિ પામેલ યુગમાં ઈલ્મનાં જેટલાં ક્ષેત્રો (વિભાગો) અત્યાર સુધી શોધેલ છે તે સર્વમાં ન કેવળ એ કે આપની પહોંચની સાક્ષીઓ મૌજૂદ છે બલ્કે આપની કિતાબોમાં તેની ઉચ્ચ કક્ષાની તેહકીકો (સંશોધનો) પણ જોવા મળે છે, એ અલગ વાત છે કે જે ક્ષેત્રમાં આપની ઈલ્મી ખિદમતોથી લોકોને વાસ્તો પડયો તે ક્ષેત્રમાં આપની શખ્સિયત નીકળીને સામે આવી અને જેનાથી વાસ્તો ન પડયો તે હજી સુધી પર્દામાં છુપાયેલ છે. એમાંથી એક *સાયન્સ (વિજ્ઞાન)* પણ છે. ઈમામ અહમદ રઝાને સાયન્સમાં કેટલા અંશે પહોંચ હતી ? તેમના સાઈન્સી ખયાલોની હદ શું હતી ? એ સવાલોના જવાબો શોધવાને બદલે જો હું એવું કહું કે **ઈમામ અહમદ રઝા નજીકના ભૂતકાળના એક એવા વૈજ્ઞાનિકનું નામ છે જેની સાયન્ટિફિક શોધો તથા લખાણો ભૂતકાળના તથા વર્તમાનકાળના સર્વ વૈજ્ઞાનિકો માટે એક ચેલેંજ છે,** તો

કદાચ લોકો મને ગલત ખયાલ કરશે, પરંતુ તેમ છતાંય હકીકતનો ઈન્કાર કોઈના વશની વાત નથી, ચાહે તે ઉઘાડી હોય કે છુપી.

વાસ્તવમાં ચીજોની હકીકતને જાણવા તથા તેને પારખવાનું નામ સાયન્સ છે. પણ ઈમામ અહમદ રઝાની સાઈન્સી માન્યતાઓનો આધાર ઈસ્લામી માન્યતાઓ છે, કેમ કે **વર્તમાન સાયન્સ આઝાદ અને બેલગામ છે**, તેના માટે કોઈ વર્તુળ નથી, જ્યારે કે **ઈમામ અહમદ રઝાનું સાયન્સ ઈસ્લામી વર્તુળમાં ઘુમતુ રહે છે, અને શરીઅત તથા હકીકતથી વિમુખ નથી થતું.** આ તે ઈમાન તથા યકીનની બિના પર છે જે ઈસ્લામી માન્યતાઓની હક્કાનિયતના બારામાં આપને હતું. એનો એક સ્પષ્ટ નિર્દેશ આપની વાણીમાં મળે છે કે જ્યારે આપની સમક્ષ તજવીઝ પેશ કરવામાં આવી કે ઈસ્લામી સાહિત્યને સાયન્સી વિચારધારા પ્રમાણે કરી દેવામાં આવે. તો આપે ફર્માવ્યું, "સાયન્સ એ રીતે મુસલમાન થશે નહીં, આમ તો ઈસ્લામે સાયન્સને સ્વીકાર્યું ન કે સાયન્સે ઈસ્લામને, બલ્કે એનો તરીકો એ કે તે ઈસ્લામી માન્યતાઓ જેનાથી સાયન્સ ટકરાય છે તેને સાબિત કરવામાં આવે અને સાયન્સી વિચારશૈલી થકી જ તેની હક્કાનિયતને સ્પષ્ટ કરવામાં આવે.

આવું આપે પ્રેક્ટિકલી કરીને પણ બતાવ્યું કે અમુક તે ઈસ્લામી માન્યતાઓ જેનાથી વૈજ્ઞાનિકો મતભેદ કરે છે તેને સાબિત કરવાને માટે આપે ભરપુર કોશિશ કરી. જેમ કે વર્તમાન વૈજ્ઞાનિકો સૃષ્ટિની વ્યવસ્થાનો ખુલાસો એ રીતે કરે છે કે સૂર્ય તેનું કેન્દ્ર છે જે સ્થિર છે, પૃથ્વી તેની આસપાસ એક ગ્રહની જેમ ઘુમી રહી છે જેના થકી દિવસ રાત તથા ઋતુઓ બદલાતી રહે છે. કુર્આનમાં છે કે, **"બેશક ! અલ્લાહે રોકી રાખેલ છે આકાશ તથા પૃથ્વીને જેથી હાલે નહીં.** અને જો તેઓ હટી જાય તો તેમને કોણ રોકનાર છે અલ્લાહના સિવાય ?! બેશક ! તે નરમીવાળો બખ્શનારો છે."

*(સૂરએ ફાતિર, આ. ૪૦, પારા–૨૩, રુકૂઅ–૨)*

સાયન્સ પોતાના મંતવ્યના સમર્થનમાં અગણિત દલીલો રજૂ કરે છે, પણ ઈમામ અહમદ રઝાએ એના અનુસંધાનમાં એક મજબૂત કિતાબ *''ફૌઝે મુબીન દર રદ્દે હરકતે ઝમીન''* લખી જેમાં પચાસ દલીલો વડે સાયન્સની માન્યતાઓ તથા દલીલોની ઉઘાડી રીતે રદ કરી કે દમ મારવાની મજાલ નથી છોડી. પછી ત્યાર બાદ ૫૪ મજબૂત દલીલો વડે પૃથ્વીની સ્થિરતાને સાબિત કરી. એટલે **પૂરી ૧૦૪ અકલી દલીલો વડે વૈજ્ઞાનિક મંતવ્યને રદ કર્યું અને ઈસ્લામી માન્યતાને સાબિત કરી. આખી કિતાબ ગ્રહગતિ વિજ્ઞાન, ભૂમિતિ, લોગેરિજમ, ગણિત અવકાશ શાસ્ત્રથી ભરેલી છે,** એમાં પૃથ્વીની હરકત (પરિભ્રમણ) માનવા પર અસંખ્ય સ્થિતિઓનું બદલાવું સાબિત કર્યું છે.

આપની ૫૦૦થી વિશેષ કિતાબો વિવિધ ઠેકાણે વૈજ્ઞાનિક સંશોધનોથી લબરેઝ છે, ખાસ કરીને *ફતાવા રઝવિય્યહ*માં ઠેકઠેકાણે વૈજ્ઞાનિક સંશોધન જોવા મળે છે. જેમ કે પાણીનો રંગ કયો છે ? એના અનુસંધાનમાં આપનું સંશોધન પાયાનું સ્થાન ધરાવે છે. પાણીના રંગ વિહોણા હોવા પર આપે વાંધો ઉઠાવ્યો, એ જ પ્રમાણે પાણીનો રંગ લીલો તથા સફેદ હોવા પર પણ વાંધો ઉઠાવ્યો છે. પછી આપે પ્રેક્ટિકલો અને સાક્ષીઓ થકી સાબિત કર્યું છે કે પાણીનો રંગ હલકો કાળાશ પડતો છે.

*''હદયતુલ મુતઆલ ફી હદ્દિલ્ ઈસ્તિકબાલ''* માં કિબ્લાની દિશાના બારામાં આપે વ્યક્તિગત સંશોધન કર્યું અને સાબિત કર્યું કે કુતુબ (ધ્રુવ) તારાને જમણી બાજુ માનીને સામેની દિશાને કિબ્લો હોવાનો નિયમ દુરુસ્ત નથી. જેમ કે ફર્માવે છે કે, ''બરેલીની મસ્જિદો કિબ્લાથી બે ડિગ્રી ઉત્તર તથા મુંબઈની મોટા ભાગની મસ્જિદોથી કિબ્લાથી દસ ડિગ્રી દક્ષિણ બાજુ હટેલી છે.'' એના અનુસંધાનમાં કિબ્લો નિશ્ચિત કરવાના માટે એવા નિયમો બનાવ્યા કે ખૂદ ફર્માવે છે, ''એના પર અમલ કરીને જો સર્વ પડદાઓ હટાવી દેવામાં આવે તો કિબ્લો તદ્દન નજરો સમક્ષ હશે.'' એના

અનુસંધાનમાં આપની કામિલ કિતાબ *"કશ્ફુલ ઈલ્લતિ અન સિમ્તિલ કિબ્લા"* એ અભ્યાસને પાત્ર છે. *"અલ્કશ્ફુલ શાફિયા લિ અહ્કામિ ફૂનૂજરાકિયા"*માં અવાજના બારામાં આપે ઘણી દુર્લભ વૈજ્ઞાનિક સંશોધન કર્યું છે જે આપનું જ કામ છે. જેમાં આપે અવાજની હકીકત અને અવાજના તરંગોનું સંપૂર્ણ સંશોધન કર્યું છે. ભૂમિતીનું વિસ્તારપૂર્વક વર્ણન આપની કિતાબો દા.ત. *શમાઈમુલ્ અંબર, ફતાવા રઝવિય્યહ, ફૌઝુલ્ મુબીન, કશ્ફુલ ઈલ્લત અન સિમ્તિલ્ કિબ્લા* વગેરેમાં ઠેકઠેકાણે છે. ભૂગોળના સંબંધે આપનું સંશોધન ઈજતેહાદી કક્ષાએ પહોંચેલ છે, તેનું સવિસ્તાર વર્ણન *"હુસ્નુત્તાઅલ્લુમલિ બયાનિ હદ્દિત્તયમ્મુમ"*માં છે જેમાં માટીના પ્રકારમાંથી હોવા માટે પાંચ ગુણધર્મો સળગવું, પીગળવું, નરમ થવું, રાખ થવું, આગથી નરમ થઈને કોઈ રૂપ ધારણ કરી લેવું એ વર્ણન કરીને દર્શાવ્યું કે અસલમાં આ સૌ ત્રણ અથવા બેના પ્રતિ પલટે છે. આ સંશોધનોમાં આપે એવા એવા પથ્થરોનું વર્ણન કર્યું છે જે પૂરા જગતમાં એકાદ બે જ પ્રદેશોમાં જોવા મળે છે. જે જે પથ્થરો વડે તયમ્મુમ જાઈઝ છે ફકીહોએ તેના જેટલા પ્રકાર બતાવ્યા છે તેના ઉપર આપે ૧૦૭ પ્રકારોનો ઉમેરો કર્યો છે, એ કિતાબમાં પૂરી વિગત છે અહીં કેવળ નમૂનો જુઓ :–

"એ જ પ્રમાણે જે દરો દીવાર તથા છત પર સંદલા કે સિમેન્ટ ફરેલ હોય, જે દરો દીવાર પર રેતી લાગેલ હોય, જેના પર બદામી, લાખી, લાલ, લીલી, પીળી, આછા લીલા કલરની, આસ્માની, કથ્થી, ઝંઘારી, રાખોડી, ચકલીના પાંખ જેવા રંગની, પ્યાજી, ફીરોઝી રંગતો હોય ભલે લાલમાં શન્જર્ફ (ગંધક તથા પારાની મિશ્રધાતુ), લીલુ પોપટી જેમ, આંબાની છાલ, બકાઈન (લીમડા જેમ પાંદડાંવાળુ ઝાડ)નાં પાંદડાં, પીળામાં ક્યારેક મુલ્તાનીના સિવાય "ઢાક"ના ફૂલ, આછા લીલામાં પોપટી રંગ, આસ્માનીમાં હલકો નારંગી, લાજુર્દ, કથ્થામાં બાવળની છાલ, લીલામાં લીલો પોપટી, રાખોડીમાં હલકો નારંગી, ચકલીની પાંખ

જેવા કલરમાં લાજુર્દ, પ્યાજીમાં પીળી માટી જેમ, ફીરોઝીમાં પોપટી વગેરે વગેરે અલગ ચીજોનો ઉમેરો છે પણ છેવટે તો માટીનું ઢેફુ છે એનો ભાગ વિશેષ અને અધિક છે તથા તેનું બીજાથી મિશ્રણ તેમાં રંગત લાવવા માટે હોય છે. પાકી કબર કે ત્યાં નજાસતનું ગુમાન નથી, આરસપહાણ, સંગે મૂસા, સંગે સૈયદ, સંગે સુર્ખ, ચોખંડી ગાઢ લીલો, સંગે સિતારા લાલશ પડતો ખૂબ જ ચમકદાર, ગૌદંતી સફેદ, આસ્માની ચમકદાર તેના નગીના પણ બને છે, હજરુલ યહૂદ, મુકનાતીસ, સંગે સમાક જેના ખલ મશહૂર છે, સાન, સલી, કરન્ડ, કસોટી, ચકમાક, રેલ્વેનો કોલસો કે પથ્થર છે, સ્લેટ, તુર્કિસ્તાનનો તે પથ્થર કે જે લાકડી જેમ સળગે છે, શામ શરીફ (સીરીયા)નો તે પથ્થર કે આગમાં લપેટાઈ જાય છે, સકલબાનો તે પથ્થર કે ગરમ પાણીથી સળગી ઉઠે છે અને તેલથી ઓલવાય છે, હજરે ફતીલા જેની બત્તી બનાવીને સળગાવે છે. આ ચારેવ પથ્થરનું વર્ણન ઉપર આવી ગયું, કુદરતી બિલ્લાર પથ્થર છે.''

*(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧, પેજ–૬૯૭)*

આપે એ સંશોધન પણ રજૂ કર્યું કે સૂર્ય ક્ષિતિજ પર જાહેર થતાં પહેલાં એ જ પ્રમાણે ડૂબી ગયા બાદ પણ શા માટે દેખાય છે ? જેમાં બતાવ્યું કે કિરણો સફર કરીને મલાએ કષીફમાંથી મલાએ લતીફમાં જ્યારે દાખલ થાય છે તો કેવી રીતે પરત થનાર થઈ જાય છે. જેવી રીતે પાણીમાં કોઈ ડંડો કે લાકડી એ રીતે રાખવામાં આવે કે અમુક હિસ્સો પાણીમાં હોય અને અમુક બહાર તો પાણીવાળો ભાગ વાંકો જણાશે. આપે પૃથ્વી તથા અન્ય ગ્રહો વચ્ચે આકર્ષણબળ માનવાનો ઈન્કાર કરી આપ્યો અને વસ્તુના ઉપરથી નીચે આવવાનો સબબ ખૂદ તે વજનદાર ચીજોનો તકાઝો વર્ણન કર્યો છે. સમુદ્ર ભરતી તથા ઓટનું કારણ ચંદ્રને ઠરાવવા પર આપે જબરદસ્ત વાંધાઓ લીધા છે એમાં એક વાંધો એ પણ છે કે જો ચંદ્રથી જ ભરતી તથા ઓટ છે તો પછી નહેરો અને મોટા તળાવોમાં ભરતી તથા ઓટ કેમ નથી ?! શું અહીં ચંદ્ર બેઅસર

થઈ ગયો ? પછી આપે સમુદ્રના ભરતી તથા ઓટના કારણ પ્રતિ નિર્દેશ આ હદીષથી કર્યો છે જેમાં ફર્માવવામાં આવ્યું છે કે **ان تحت البحر ناراً۔**''બેશક ! સમુદ્ર નીચે આગ છે.'' પણ **આપે ફિઝિક્સના સબબો તથા કારણોના સંશોધનને આપનું સ્થાન નથી બનાવ્યું, નહીં તો થોડુક ધ્યાન એ જ બાજુ કરી આપત તો મુસલમાનોને પશ્ચિમી વૈજ્ઞાનિકોથી બેપરવા કરી આપત.**

પાણીમાં કોષો (છિદ્રો) છે કે નથી ? એના અનુસંધાનમાં ફર્માવે છે, ''નથી'', કે પાણીની પ્રકૃતિમાં અવકાશ ભરવાની શક્તિ રાખવામાં આવી છે જેથી અનિવાર્ય છે કે જે છિદ્રો (કોષો) ધારી લેવામાં આવે તેના તરફ તે પાણી કે જે ઉપર છે તે ઉતરશે અને તેને ન ભરશે. અને છિદ્રો હોવા બાબતે આધુનિક તત્વચિંતકોની એ દલીલ કે ખાંડ નાખવાથી પાણીમાં પીગળી જાય છે અને તેની ઘનતા નથી વધતી તે સ્વીકાર્ય નથી. જ્યારે ખાંડ નોંધપાત્ર ઉમેરાશે તો જરૂર ઘનતાનું વધવું મેહસૂસ થશે. પણ એક માણસ હોઝના કિનારે ઉભો છે અને બીજો ડૂબકી મારે છે અને બહારવાળો માણસ મોટા અવાજે બુમ પાડે, જો છિદ્રો છે તો જરૂર સાંભળશે અને સાંભળે છે. તો જાણવા મળ્યું કે છિદ્રો છે. એથી ઉલ્ટુ એક રૂમ તદન કાચથી બનેલો ધારી લો જેમાં ક્યાંય કાણુ ન હોય તેના અંદરનો અવાજ બહાર આવશે નહીં અને બહારનો અવાજ અંદર જશે નહીં, ભલે અંદર તથા બહાર બે વ્યક્તિઓ એકબીજાને અડીને બુમ પાડીને પોકારે. પણ આ દલીલ પણ પૂરતી નથી, અવાજ પહોંચવા માટે બંને વચ્ચેના અવકાશમાં મોજાંનાં તરંગો જોઈએ, છિદ્રોની શું જરૂર ! હા, જ્યારે તરંગો ન હોય ત્યાં છિદ્રો થકી પહોંચશે. કાચમાં ન તરંગો ન છિદ્રો છે જેથી પહોંચશે નહીં. પાકી ઈમારતમાં તરંગો નથી છિદ્રો છે એનાથી પહોંચે છે. આબોહવા ખૂદ પોતાના તરંગોથી પહોંચાડે છે અને પાણીના તળાવમાં બે વ્યક્તિ બંને છેડા પર ઈંટ પર ઈંટ મારે તો અવાજ

પહોંચશે પણ એટલો નહીં જેટલી હવામાં પહોંચે.''

*(અલ્મલ્ફૂઝ, ભાગ–૧, પેજ–૧૪૮, અઝ : આ'લા હઝરત)*

ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧ માં આ સંશોધન મૌજૂદ છે કે કાચમાં તીરાડ પડી જાય તો ત્યાં સફેદી કેમ જણાય છે ? પાણી બાઝીને બરફ બનીને સફેદ શા માટે જણાય છે ? બિલ્લોર તથા કાચ વગેરેને પીસવાથી સફેદ શાથી લાગે છે ? ચાર તત્વોના એકબીજાથી બદલવાના કુલ કેટલા પ્રકારો છે ? ખાણની દરેક ચીજ ગંધક અને પારાની જાતિમાંથી છે, વગેરે. એ જ પ્રમાણે વર્તમાનકાળમાં મેડિકલ સાયન્સની એ માન્યતા કે ઘણી બીમારીઓ ચેપી હોય છે તેને પણ આપે સ્વીકાર્યું નથી, એના બારામાં આપની એક પૂરી કિતાબ છે. આપની માન્યતા છે કે હકીકતમાં કોઈ બીમારી ચેપી નથી હોતી પરંતુ જો કોઈ એવો અકીદો રાખે કે અમુક બીમારીઓ ચેપી હોય છે તેના માટે અલ્લાહ તે બીમારીઓના તેના હક્કમાં ચેપી બનાવી દેશે. જેમ કે ઈર્શાદ છે :–

**انا عند ظن عبدی بی-**

સમયની ગતિની સાથે સાથે આપના વૈજ્ઞાનિક સંશોધન ઉપર પણ કામ ચાલી રહ્યું છે અને રીસર્ચ સ્કોલર્સ એના બારામાં વ્યસ્ત છે. ખાસ કરીને આપની કિતાબ *''ફૌઝે મુબીન દર રદ્દે હરકતે ઝમીન''* ની પ્રતિ સંશોધકોના ખાસ ધ્યાનની જરૂરત છે જેના પ્રતિ હવે સંશોધકો વધી રહ્યા છે. દુનિયાની મહાન મહાન યુનિવર્સિટીઓમાં આપની શખ્સિયત પર સંશોધન ચાલુ છે.

*–(જામે નૂર, દિલ્હી, જાન્યુ. ૨૦૦૪)*

યહૂદી અને ક્રિશ્ચન દેશોને "ઈમાન તન્ઝીમ" નાગપુરનો ખુલ્લો પડકાર....!

## 'ઈમામ અહમદ રઝાખાં' જેવા સાયન્ટીસ્ટ (વૈજ્ઞાનિક)

## બતાવો અને રૂપિયા પાંચ લાખ મેળવો !

આજે સમગ્ર વિશ્વમાં 'સાયન્સ' અને 'સાયન્ટિસ્ટો'ની બોલબાલા છે. પશ્ચિમના દેશો પોતાને સાયન્સ (વિજ્ઞાન) ક્ષેત્રે ઘણા જ આગળ અને પ્રગતિશીલ માને છે. એટલું જ નહીં પોતાની વિવિધ પ્રયોળશાળાઓમાં કામ કરતા અને જુદા જુદા સંશોધનોમાં પ્રવૃત એવા વૈજ્ઞાનિકો, ડોક્ટરોને સર્વશ્રેષ્ઠ સાબિત કરવાની દિશામાં તેઓ હમેશાં સક્રિય રહે છે. પરંતુ વિજ્ઞાનની પ્રત્યેક શોધ અને સંશોધનોમાં મુસલમાનોનો જે ફાળો રહ્યો છે તેને નઝર અંદાઝ કરી દેવામાં આવ્યો છે. ઈતિહાસનાં પાનાંઓ પર એવી અનેક શોધો અને આવિષ્કારો કે જે અંગ્રેજો અને અમેરિકનોના નામે ચડી ચૂકી છે, તેની પાછળ અને તેના પાયાના અભ્યાસમાં એ સમયના વિદ્વાન મુસ્લિમોનું સંશોધન રહેલું, જે બાબત ધીરે ધીરે પ્રકાશમાં આવી રહ્યું છે.

વીસમી સદીના મહાન મુજદ્દિદ ઈમામ અહમદ રઝા ખાં ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہની શખ્સિયત, માત્ર ઉચ્ચકોટીના આલિમે દીન જ નહીં બલ્કે આપ, આપના સમયના સૌથી મોટા વૈજ્ઞાનિક (સાયન્ટિસ્ટ) પણ છે. ચોપન વર્ષના આપના આયુષ્ય દરમ્યાન આપે વિવિધ વિષયો ઉપર લગભગ ૧૩૦૦ જેટલી કિતાબો લખી છે. જેમાં ફિઝીક્સ (ભૌતિકશાસ્ત્ર), કેમિસ્ટ્રી (રસાયણશાસ્ત્ર), બાયોલોજી, મેથેમેટીક્સ,

એસ્ટ્રોલોજી, જિઓલોજી, મેડીસીન, એનાટોમી અને એવા બીજા શાસ્ત્રો કે જેના વિષયો ૨૫૦ થી વધુ જોવા મળે છે, એ તમામ વિષયોમાં આપે હાંસલ કરેલા સંશોધનોને કિતાબો (પુસ્તકો)ના સ્વરૂપમાં આપે રજૂ કર્યાં. માત્ર મેથેમેટીક્સ (ગણિત)ના વિષય પર આપના સંશોધનો અને અભ્યાસ ૬૩ જેટલી દળદાર કિતાબોમાં સમાવેશ પામ્યા છે, જે બતાવે છે કે એકી સાથે અનેક વિષયો ઉપર જો કોઈ સાયન્ટિસ્ટને મહારત (સિદ્ધિ) હાંસલ હોય તો તે માત્ર આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رضی اللہ عنہ ની ઝાતે પાક જ છે. આપની કિતાબોનો સહારો લઈ, આપના સંશોધનો પર નવેસરથી રિસર્ચ પશ્ચિમી વૈજ્ઞાનિકો એ હાથ ધર્યા છે અને નજીકના દિવસોમાં આ સાયન્ટિસ્ટો આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہએ વર્ષો પહેલાં રજૂ કરી દીધેલાં સંશોધનોને, પોતાની ભાષામાં, પોતાના નામે રજૂ કરીને, નોબલ પારિતોષિક મેળવવા સક્રીય બની ગયા છે. ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہની કિતાબોની ડિમાન્ડ પશ્ચિમના શિક્ષણશાસ્ત્રીઓ તથા પ્રોફેસરો તરફથી થઈ રહી છે. જે બતાવે છે કે આપના જેવો વૈજ્ઞાનિક આજના યુગમાં બીજો કોઈ પૈદા થયો નથી અને આ બાબત માટે આપણે એશિયનો જેટલો ફખ્ર કરીએ તેટલો ઓછો છે.

આ સંદર્ભે, ''ઈન્ડિયન મુસ્લિમ એશોસિએશન નૂરી ઈમાન તન્ઝીમ'' (નાગપુર)ના રાષ્ટ્રીય અધ્યક્ષ જનાબ એન્જીનિયર મુહમ્મદ હમીદ સાહબ તથા આ ''તન્ઝીમ''ના હોદ્દેદારોએ પશ્ચિમના દેશો, યહૂદી અને ક્રિશ્ચયન સત્તાધિશો અને તેમના વૈજ્ઞાનિકોને તાજેતરમાં ખુલ્લી ચેલેન્જ કરી છે કે તમે લોકો ઈમામ અહમદ રઝા ખાં ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ જેવો બીજો કોઈ સાયન્ટિસ્ટ બતાવો કે જે આટલા બધા વિષયો અને શાસ્ત્રોમાં મહારત ધરાવતો હોય ! બલ્કે તમે લોકો એ ફિઝિક્સ, કેમેસ્ટ્રી વગેરે મુશ્કેલ (અઘરા) વિષયો માટે જેમને ''નોબલ'' પારિતોષિકોથી નવાજ્યા છે, એવા પાંચ વૈજ્ઞાનિકોને સાથે ભેગા કરીને પણ જો ઈમામ અહમદ રઝાના ઈલ્મની તોલે આવી શકે એવો આધુનિક

યુગનો કોઈ સાયન્ટિસ્ટ પેદા કરી બતાવો તો "ઈમાન તન્ઝીમ" તેવા દેશ, સંસ્થા કે વ્યક્તિને આ માટે **રૂપિયા પાંચ લાખ રોકડા** "ઈનામ" સ્વરૂપે આપશે, એવી ઘોષણા કરી છે. અને આ રકમ ગમે ત્યારે કોઈપણ પૂર્વ શરત વિના આપવા તૈયાર છીએ.

અમારું આહવાન ફક્ત એટલું જ છે કે, ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہના દરજાનો તથા આપે સિદ્ધ (હાંસલ) કરેલા ઉલૂમો અને વૈજ્ઞાનિક સંશોધનોની તોલે આવી શકે, તેવો હોવો જોઈએ.

*(હવાલો : "ધી ઈમાન ટાઈમ્સ" (વીકલી) અંક નં. ૧૨, પેજ નં. ૧, સને ૨૦૦૫,*
*રજૂકર્તા : અલીમુહમ્મદ અહમદ બાબી–પોરબંદર)*

# ઈમામે અહલે સુન્નતનો હૈરતનાક ફિક્હી ઈલ્મી કમાલ !

અલ્લાહ તઆલાએ ઈન્સાન બનાવ્યો,[૧] સૌથી શ્રેષ્ઠ બનાવ્યો,[૨] પછી મુસલમાન બનાવ્યો,[૩] બોલવાનુ શીખવાડયું,[૪] લખવાનુ શીખવાડયું.[૫] પોતાના ખાસ કરમથી મહબૂબ બંદાઓને 'ઈલ્મે લદુન્ની' અતા ફર્માવીને ચહીતા બનાવ્યા. અન્યોને દેખાડયું કે જ્યારે અમે રાજી થઈએ છીએ તો કેટલો અઢળક ઈલ્મ અતા કરીએ છીએ. બેશક ! *(શેઅર) યહ 'ઈલ્મ' અતા જબ હોતા હૈ, જબ ખાસ ઈનાયત હોતી હૈ*

## ★ અલ્લાહ પોતાના ખાસબંદાઓને નવાઝે છે ★

અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ السلام ને નવાઝયા : وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا "અલ્લાહ તઆલાએ આદમને તમામ ચીજોનાં નામ શીખવાડયા."[૬] હઝરત દાઊદ علیہ السلام ને સરફરાઝ ફર્માવ્યા : وَعَلَّمَهٗ مِمَّا يَشَآءُ "અને એણે જે ચાહ્યું શીખવ્યું."[૭] હઝરત ખિઝર علیہ السلام પર કરમ ફર્માવ્યો : وَعَلَّمْنٰهُ مِنْ لَّدُنَّا عِلْمًا "અને તેને પોતાનો ઈલ્મે લદુન્ની અતા કર્યો."[૮] હઝરત યૂસુફ علیہ السلام ને નવાઝયા : اٰتَيْنٰهُ حُكْمًا وَّعِلْمًا "અમે તેમને હુકમ તથા ઈલ્મ અતા કર્યો."[૯] હઝરત લૂત علیہ السلام ને સરફરાઝ કર્યા : وَلُوْطًا اٰتَيْنٰهُ حُكْمًا وَّعِلْمًا "અને લૂતને અમે હુકૂમત તથા ઈલ્મ આપ્યો."[૧૦]

અને સરકારે દોજહાં صلی اللہ علیہ وسلم ને **સર્વ કાંઈ** અતા કર્યું : وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ "અને તમને શીખવાડી આપ્યું **જે કાંઈ** તમે **ન જાણતા હતા.**"[૧૧] અલ્લાહ તઆલાએ પોતાના હબીબે કરીમ صلی اللہ علیہ وسلم ને તમામ કાઈનાત (સૃષ્ટિ)ના ઈલ્મો અતા ફર્માવ્યા, અને કિતાબ તથા હિકમતનાં રહસ્યો તથા હકીકતોથી માહિતગાર કર્યા.[૧૨] આપના દામને કરમથી જોડાયેલા જે આપના ગુલામો છે તેઓ કેવી રીતે મેહરૂમ રહી શકે છે ? નિઃશંક ! અલ્લાહ તઆલા પોતાના મહબૂબોને તો નવાઝે જ છે પણ તેમના

તુફૈલથી તેમના ગુલામોને પણ સરફરાઝ ફર્માવે છે. ઈલ્મે સફીના તો એની જગાએ પણ ઈલ્મે સીનાની વાત તો કાંઈ ઔર જ છે ! અમલના ઈખ્લાસના વસીલાથી સીનો રહસ્યો તથા મઅરેફતોની ખાણ બનાવી દેવામાં આવે છે. નફ્લી ઈબાદતો (ફર્ઝો ઉપરાંત) થકી અલ્લાહનો કુર્બ (નઝદીકી) હાંસલ થઈ જાય તો તે (રબ) તેનો કાન બની જાય છે, તે આંખ બની જાય છે, તે હાથ બની જાય છે.[૧૩] જેનો તે કાન બની જાય તેની શ્રવણશક્તિની કૈફિયત ન પૂછો ! જેની તે આંખ બની જાય તેની બસારત તથા બસીરત (દષ્ટિ શક્તિ)નો આલમ ન પૂછો, જેનો તે હાથ બની જાય તેના ઈક્તેદાર તથા ઈખ્તિયારનો આલમ ન પૂછો.

**હર લમ્હા હૈ મોમિનકી નઈ શાન નઈ આન**
**ગુફ્તારમેં કિરદારમેં અલ્લાહકી બુરહાન**

દાનિશે નૂરાની જ્યારે પોતાનો જલ્વો દેખાડે છે તો દાનિશે બુર્હાની આશ્ચર્યચકિત થઈ જાય છે : (શેઅર) *હૈ દાનિશે બુર્હાની હૈરતકી ફરાવાની*

## ★ ઈલ્મે લદુન્ની તે આનુ નામ ! ★

ઈમામે અહલે સુન્નત, આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, **ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ અલ્લાહ તઆલાના તે મુકર્રબ તથા બરગુઝીદા (ચહીતા) બંદાઓમાંથી હતા જેમને લોહ તથા કલમ (કાગળ તથા કલમ)ના સહારે તો ઘણુ બધું મળ્યું જ હતું પણ **ફ્યૂઝે રબ્બે કદીરથી તે કાંઈ મળ્યું જેની કલ્પના પણ નથી થઈ શકતી !** આ તે જ ઈલ્મ છે જેની ઝલક તેમની દરેક કિતાબમાં જોવા મળે છે. આ જ તે ફિક્રે રસા (ઉચ્ચ ચિંતન) છે જેને જોઈ જોઈને ઈલ્મવાળા આશ્ચર્યના સાગરમાં ડૂબકીયાં ખાવા લાગે છે ! મશહૂર ગણિતશાસ્ત્રી અને મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢના વાઈસ ચાન્સેલર ડો. સર ઝિયાઉદ્દીન મર્હૂમ ગણિતશાસ્ત્રના એક કોયડામાં ગુંચવાઈ ગયા તો તેને સુલઝાવવા માટે જર્મની જવા માંગતા હતા. અલ્લાહની કુદરત તેમને ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાની ચોખટ પર લઈ આવી, મસ્અલો રજૂ કર્યો તો પળવારમાં તેને હલ કરીને ડોક્ટર સાહબને અચંબામાં

મૂકી દીધા ![૧૪] તેમણે એ જ કહ્યું કે, ''આ ઈલ્મે લદુન્ની છે !''[૧૫] મહેનત કરવાથી હલ નથી થતો, આ તો અતાએ રબ્બાની છે.

## ★ પોતાના સમયનો જબરદસ્ત ફક઼ીહ ★

ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ પુષ્કળ ઈલ્મો તથા વિદ્યાઓના નિષ્ણાત (ઈમામ) હતા. પ્રથમ એ ઈલ્મોની સંખ્યા ૫૫ સુધી ગણવામાં આવતી હતી, હવે અધિક સંશોધન પછી ૭૫ થઈ ગઈ છે કેમ કે ઈલ્મ તથા વિદ્યાઓ શાખ દર શાખ ફેલાતી જાય છે. ઈમામ અહમદ રઝાના ઈલ્મી ખજાના પર જેટલુ ચિંતન મનન કરવામાં આવે એટલી એ સંખ્યા વધતી જશે. ઈમામે અહલે સુન્નત એક એવા અસીમ સમુદ્ર છે જ્યાંથી અસંખ્ય નહેરો ફૂટે છે. તે દરેક ઈલ્મ તથા કલા વિદ્યામાં નિપૂણતા ધરાવતા હતા, પણ ફિક઼્હ (દીની મસાઈલના ઈલ્મ)માં તેમને એવી સમૃધ્ધતા તથા ગહરાઈ હાંસલ હતી કે એમાં એનુ દષ્ટાંત ખૂદ પોતે જ હતા. **પ્રોફેસર અબ્દુલ ફત્તા અબૂમદ્દા (પ્રોફેસર કુલ્લિયતુશ્શરઈય્યહ : મુહમ્મદ ઈબ્ને સઊદ યુનિ.–રિયાધ)** એ જ્યારે ''ફતાવા રઝવિય્યહ''ની પ્રથમ જિલ્દના એક અરબી ફત્વાનો અભ્યાસ કર્યો તો તે ભડકી ઉઠયા અને દિલે કહ્યું કે, ''પોતાના સમયનો જબરદસ્ત ફક઼ીહ છે.''[૧૬] ઈમામ અહમદ રઝા ઉલમા તથા મશાઈખની ધરી સમાન હતા, હિંદ તથા પાકિસ્તાનના કોઈ મુફતીને આ કેન્દ્રતા હાંસલ નથી થઈ.

પાક. તથા હિંદના પ્રખ્યાત **મુફતી શાહ મુહમ્મદ મઝહરુલ્લાહ નક્શબંદી મુજદ્દિદી** દહેલ્વી અને વલીએ કામિલ **શાહ મુહમ્મદ રુકનુદ્દીન અલ્વરી નક્શબંદી મુજદ્દિદી**એ વિવિધ મસાઈલના અનુસંધાનમાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہથી એકમતિ સાધી હતી. મુફતી મુહમ્મદ મઝહરુલ્લાહ દહેલ્વીએ કુર્બાનીના બારામાં એક ઈસ્તિફતા (સવાલ) મોકલ્યો[૧૭] અને ઈમામ અહમદ રઝાનો જવાબ વાંચીને તે આશ્ચર્યચકિત થઈ ગયા. આ જ ફત્વાઓ જ્યારે **મુફતી મુહમ્મદ કિફાયતુલ્લાહ દેવબંદી**એ વાંચ્યા તો ઉઘાડો છોગે સ્વીકાર કર્યો કે : ''**મૌલાના અહમદ રઝાખાંનો ઈલ્મ ઘણો જ વિશાળ હતો.**''[૧૮]

ઈમામ અહમદ રઝાના ફિક્હહત (ફિક્હ વિદ્યા)ના કમાલ પર આપણા તથા વિરોધીઓ સૌ એકમત છે ! અને અરબ તથા અજમના ઉલમા સૌ સંમત છે. (વધુ વિગત માટે અદૌલતુલ મક્કિયા, ફાઝિલે બરેલ્વી ઉલમાએ હિજાઝકી નઝરમે.....વગેરે વાંચો) મશહૂર દાનિશ્વર **અબુલ હસન અલી નદવી (દેવબંદી)** ઈમામ અહમદ રઝાની ફિક્હહત પર વિચારો પ્રદર્શિત કરતાં લખે છે :

''જો ઈમામે આ'ઝમ નોઅ્માન બિન ષાબિત અબૂ હનીફા رضی اللہ عنہ આપના ફતાવાને જોતે તો તેમની આંખો ઠંડી થાત અને તેના સંપાદક (આ'લા હઝરત)ને પોતાના ખાસ શાગિર્દોમાં સમાવી લેત.''[૧૯]

## ★ ઉચ્ચ કોટીના ફક઼ીહ તેમજ મહાન મુહદ્દિષ પણ ★

નિઃશંક ! ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ અજોડ ફક઼ીહ હતા અને જે ફક઼ીહ હોય છે તેના માટે જરૂરી છે કે હદીષની વિદ્યામાં કમાલ ધરાવતો હોય. મુહદ્દિષના માટે જરૂરી નથી કે તે ફક઼ીહ હોય, અલ્બત્ત ફક઼ીહના માટે જરૂરી છે કે તે મુહદ્દિષ હોય. ઈમામ અહમદ રઝા ઉચ્ચ કોટીના મુહદ્દિષ હતા. ઈલ્મે હદીષ પર તેમને ઘણુ જ ભરચક જ્ઞાન હતું અને તેમનો અભ્યાસ ઘણો જ વિશાળ હતો. જેથી જ્યારે આપને પૂછવામાં આવ્યું કે, હદીષની કિતાબોમાં કઈ કઈ કિતાબો પઢી તથા પઢાવી છે ? તો આપે આ પ્રમાણે જવાબ આપ્યો :–

''મુસ્નદે ઈમામે આ'ઝમ, મોઅત્તા ઈમામ મુહમ્મદ, કિતાબુલ આષાર ઈમામ મુહમ્મદ, કિતાબુલ ખિરાજ ઈમામ અબૂ યૂસુફ, કિતાબુલ જહજ ઈમામ મુહમ્મદ, શરહે મઆનિયુલ આષાર ઈમામ તહાવી, મોઅત્તા ઈમામ માલિક, મુસ્નદે ઈમામ શાફઈ, મુસ્નદે ઈમામ મુહમ્મદ, સુનને દારમી, બુખારી વ મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ, ખસાઈસે નિસાઈ, મુલ્તક઼ી ઈબ્ને જારૂદ, ઝૂઈલલ મુતનાહિયહ્ મિશ્કાત, જામેઅ કબીર, મુલ્તક઼ી ઈબ્ને તયમિયહ્ બલૂગુલ મરામ, અમલુલ્ યૌમ વલ્ લયલહ્, કિતાબુત્તરગીબ, ખસાઈસે કુબરા, કિતાબુલ ફરજ બઅદશ્શદહ્, કિતાબુલ અસ્મા વલ સિફાત...... વગેરે પચાસથી અધિક

હદીષની કિતાબો મારા દર્સ તથા તદરીસમાં તથા અભ્યાસ હેઠળ રહી.[૨૦]

એહલે સુન્નતના ઈમામ, ઈમામ અહમદ રઝાના અભ્યાસની વિશાળતાની શાન એ છે કે 'શરહે અક઼ાઈદે નસફી'ના અભ્યાસ વખતે સિત્તેર શરહો સામે રહી. એક પ્રશ્નના જવાબમાં ફર્માવે છે :

''શરહે અક઼ાઈદ મારી જોયેલી છે અને શરહે અક઼ાઈદે નસફીના અભ્યાસ વખતે સિત્તેર શરહો તથા હાશિયાઓ મેં જોયા.''[૨૧]

ઈમામ અહમદ રઝાના અભ્યાસ તથા સંશોધનની કક્ષા પણ ખૂબ જ ઊંચી હતી. તેમણે કદી લખેલી લખાવેલી કે સુની સુનાઈ પર ભરોસો ન કર્યો બલ્કે મૂળ મતનો (અસલ લખાણો)નો ખૂદ અભ્યાસ કર્યો, અને જયાં સુધી જાતે પોતે સંતુષ્ઠ ન થતા ત્યાં સુધી હવાલો ન આપતા. આપના સંશોધનના પાયાનો અંદાઝો 'હિજબુલ અવાર અન્ મખ્દૂમિ બિહાર'ના અભ્યાસ પરથી થાય છે.[૨૨] જેમાં તેમણે **કિતાબના મતન (અસલ લખાણ)ની તેહક઼ીક઼ના સંબંધે એવા એવા મુદ્દાઓ તથા ઉસૂલો વર્ણવ્યા છે જે વર્તમાનકાળના મુહક્ક઼િક઼ોના વહેમ તથા ખયાલમાં પણ નથી !** અને દુનિયાનો કોઈ મુહક્ક઼િક઼ (સંશોધનકર્તા) મતનના માટે એવી કાળજી નથી લેતો જેવી ઈમામ અહમદ રઝા કાળજી રાખતા હતા. ઈમામ અહમદ રઝાએ પોતાનાં સર્વ લખાણોમાં તહક઼ીક઼ના ઉસૂલનો સંપૂર્ણપણે ખયાલ રાખ્યો છે. તે એક સાવધાન મોહક્ક઼િક઼, દૂરદેશી મુદબ્બિર (શાણા પુરૂષ) તથા ઉચ્ચ કક્ષાના મુફક્કિર (ચિંતક) હતા. આ સાવધાની તથા કાળજી છતાં એમની કૃતિ (કિતાબો)ઓની સંખ્યા હજારથી ઉપર નીકળી ગઈ છે.

## ★ હાશિયા લેખનનો પ્રારંભ વિદ્યાર્થીકાળથી જ! ★

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ લેખન તથા સંપાદનના ક્ષેત્રે તો સૌમાં આગળ નીકળી ગયા પણ હાશિયા લેખનમાં પણ તે પોતાના સમકાલિનોમાં અતિ વિશિષ્ટ છે. તેમણે હાશિયા લેખનનો પ્રારંભ વિદ્યાર્થીકાળ (હિ.સ. ૧૨૮૬ પહેલાં)થી કર્યો જે અંતિમ શ્વાસ સુધી (હિ.સ. ૧૩૪૦) ચાલુ રહ્યું. હાશિયા લેખનની કાંઈક વિગત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ એ ઈજાઝતની

સનદમાં આપી છે જે હિ.સ. ૧૩૨૪ના હરમૈન શરીફૈનના ઉલમાને આપવામાં આવી. એમાં એક જગાએ લખે છે :

"હાશિયા લેખનનો ક્રમ વિદ્યાર્થીકાળથી અત્યાર સુધી ચાલુ છે, કેમ કે એ વખતે મારો એ દસ્તૂર રહ્યો કે જ્યારે કોઈ કિતાબ પઢી તો જો તે મારી માલિકીમાં છે[૨૩] તો તેના પર હાશિયા લખી આપ્યા, જો વાંધો થઈ શકે છે તો વાંધો લખી આપ્યો, જો લખાણ ગુંચવણમય છે તો તેની ગુંચવણને દૂર કરી આપી."

★ હનફી ઉસૂલે ફિક્હની કિતાબ મુસલ્લમુષ્ષબૂત પર

★ સહીહુલ બુખારીના નિસ્ફ અવ્વલ પર

★ સહીહ મુસ્લિમ તથા જામેઅ તિર્મિઝી પર

★ શરહે રિસાલા કુતબિયા પર

★ હાશિયા ઉમૂરે આમ્મર પર તથા

★ શમ્સે બાઝિગહ્ પર

મોટાભાગના હાશિયા એ સમયે લખ્યા જ્યારે કે તાલિબે ઈલ્મી (વિદ્યાર્થી કાળ)ના જમાનામાં મારા સબક્ના માટે અભ્યાસ કરતો હતો. તદ્ઉપરાંત.....

★ તયસીરે શરહે જામેઅ સગીર પર

★ શરહે ચુગ્મીની તથા તસ્રીહ્ પર

ઉક્લીદસના ત્રણ મક઼ાલા પર તથા અલઝીજુલ્ અજદ પર તથા અલ્લામા શામીની રદુલ મુહ્તાર પર પણ હાશિયા લખ્યા.

આ સર્વમાં પાછલી એટલે રદુલ મુહ્તારના હાશિયા સૌથી અધિક છે. મને ઉમ્મીદ છે કે જો તેને કિતાબથી અલગ કરી દેવામાં આવે તો બે જિલ્દો કરતાંય વધી જશે, જો કે એના પર મારી બીજી કિતાબો, મારા ફત્વા તથા મારા લખાણોના હવાલા આપીને નિર્દેશો પણ કર્યા છે."[૨૪]

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ અહીં હાશિયા રદુલ મુહ્તારનો વિશેષ

રીતે ઉલ્લેખ કર્યો છે. આમ તો અત્યાર સુધી મળનારા હાશિયાઓમાં શરહે મુસલ્લમુષ્ષબૂત, ફવાતિહુર્રહમૂતનો હાશિયો પણ કાંઈ ઓછો જાડો નથી. ઈમામ અહમદ રઝાનો હાશિયો સંપાદન નહીં લેખન હોય છે જ્યારે કે અન્ય ઉલમાના હાશિયા સંપાદનના રંગમાં હોય છે. ઈમામ અહમદ રઝાના હાશિયાઓની આ ખાસ વિશિષ્ટતા છે. જેમ કે અર્ઝ કરવામાં આવ્યું કે હાશિયા રદ્દુલ મુહતાર ઈમામ અહમદ રઝાના હાશિયાઓમાં ખાસ વિશિષ્ટતા ધરાવે છે.

## ★ આપની ઈલ્મી જલાલતના અરબ તથા અજમના ઉલમા શચદાઈ ★

**હાફિઝે કુતુબે હરમ શચખ ઈસ્માઈલ બિન ખલીલ મક્કી** એના મુન્તઝિર જોવા મળે છે. તે ઈમામ અહમદ રઝાના નામે એક પત્રમાં (તા. ૧૬ ઝીલ્ હજ્જ હિ. ૧૩૨૫) લખે છે : ''હઝરતને ખબર છે કે હું એ લખાણોનો મોહતાજ છું જે આપે હાશિયા ઈબ્ને આબિદીન પર લખ્યો છે. અલ્લાહ તઆલા આપને મુહસિનીનમાં સામેલ ફર્માવે.''[૨૫]

ઈમામ અહમદ રઝાના **અરબી હાશિયા તથા શરહો તથા કિતાબોની સંખ્યા બસોથી અધિક છે.** હરમૈન શરીફૈનના ઉલમા આપની અરબી કિતાબોના મુન્તઝિર રહેતા. જેમ કે **સૈયદ મુહમ્મદ મામૂન અલ્ અઝરન્જાની મદની** ઈમામ અહમદ રઝાના નામે એક પત્ર (મુહર્રમુલ હરામ હિ. ૧૩૨૬)માં લખે છે :

''ઉમ્મીદ છે કે આપ આપની અમુક કૃતિઓ (કિતાબો) મોકલશો.''[૨૬]

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના હાશિયા ‘‘જદ્દુલ મુમ્તાર અલા રદ્દુલ્ મુહતાર’’ની શાન એ છે કે વર્તમાનકાળના ફાઝિલો તથા મુહક્કિકો જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે.

**શાહ અબુલહસન ઝચદ ફારૂકી મુજદ્દિદી દહેલ્વીએ** જ્યારે હૈદ્રાબાદ દક્કનમાં પ્રથમવાર આ હાશિયાનો અભ્યાસ કર્યો તો આશ્ચર્યમાં પડી ગયા. આપે એક મુલાકાત (ડિસેમ્બર–૧૯૮૩, કરાચી)માં લખનાર

(પ્રો. મસ્ઊદ અહમદ)ને ફર્માવ્યું :

''મૌલાના અહમદ રઝાખાન બરેલ્વીના રદ્દુલ મુહતાર પર અરબી હાશિયા જદ્દુલ મુમ્તારના અમુક પાનાંઓ જોયાં તો આશ્ચર્ય ચકિત થઈ ગયો, જ્યાં રદ્દુલ મુહતારના લેખક એક બે કિતાબોનો ઉલ્લેખ કરે છે ત્યાં મૌલાના અહમદ રઝાખાન આઠ દસ કિતાબોના હવાલા આપી દે છે !''

રદ્દુલ મુહતાર સૈયદ મુહમ્મદ અમીન બિન ઉમર આબિદ બિન હસની શામી (હિ.સ. ૧૧૯૮–ઈ.સ. ૧૨૫૨)નો હાશિયો છે જે તેમણે અલાઉદ્દીન મુહમ્મદ અલી બિન અલી બિન મુહમ્મદ હસ્કફી (હિ. ૧૦૨૫ વફાત)ની કિતાબ દુર્રે મુખ્તાર પર લખેલો છે. અને દુર્રે મુખ્તાર મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અહમદ ગઝ્ઝી તમરતાશી (વફાત : હિ. ૯૩૯)ની કિતાબ તન્વીરુલ અબ્સારની શરહ છે. ઈમામ અહમદ રઝાએ રદ્દુલ મુહતારનો હાશિયો જદ્દુલ મુમ્તાર લખ્યો જે પોતે જ પોતાનું દૃષ્ટાંત છે. જાહેરી રીતે તો એ હાશિયો છે પરંતુ હક઼ીક઼તમાં મતન, શરહ તથા હાશિયાનું સંગમ છે તેનાથી ન કેવળ હદીષ તથા ફિક઼્હ બલ્કે પુષ્કળ ઈલ્મો તથા વિદ્યાઓમાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ની ઈલ્મી જલાલત (મહાનતા)નો અંદાઝો થાય છે.

## ★ ફિક઼્હી નિપૂણતા 'જદ્દુલ મુમ્તાર'ના આઈનામાં ★

'જદ્દુલ મુમ્તાર'ના અભ્યાસથી માલૂમ થાય છે કે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એવા અંદાઝથી તેહક઼ીક઼ (સંશોધન) કરે છે કે વાતના મૂળ સુધી પહોંચી જાય છે અને અંધાર્યા ખૂણાઓને રોશન કરી આપે છે. ક્યારેક એક અસ્લના હેઠળ જુઝઈય્યાત એકઠા કરી આપે છે તો ક્યારેક ઉસૂલની રોશનીમાં જુઝઈય્યાતને ઈસ્તિખરાજ કરે છે જેનાથી ફિક્ર (ચિંતન) તથા દૃષ્ટિની વિશાળતા અને ઈસ્તિમ્બાત (મસાઈલ કાઢવા)ની શક્તિની ભાળ મળે છે : લગઝિશો તથા ખતાઓ પર પણ પકડ કરે છે પણ અદબના વર્તુળ માં રહીને ! બુઝુર્ગો સમક્ષ હમેશાં ઝુકેલા રહે છે અને એ હક઼ીક઼ત ખૂબ જ સારી રીતે જાણે છે કે : (શેઅર) *બેઅદબ મેહરૂમ ગશ્ત અઝ ફઝ્લે રબ*

ગુંચવણમય ગાંઠો ખૂબ જ સરળતાપૂર્વક ખોલી આપે છે. ફિક઼્હી

સમૃધ્ધતા તથા દષ્ટિની વિશાળતાનો હાલ ન પૂછો ! એ બુલંદીઓ સુધી પહોંચ હાંસલ કરી લે છે જ્યાં ફકીહોની નજરો પણ ન પહોંચી શકે. જે હવાલાઓ દુર્રે મુખ્તારના લેખક તથા રદુલ મુહતારના લેખકની નજરથી રહી ગયા તે હવાલાઓનો વધારો કરે છે. જે મસાઈલ અલ્લામા શામીની નજરમાં સ્પષ્ટ ન હતા તેને સ્પષ્ટ કરતા જાય છે. અર્વાચીન મસાઈલમાં કિતાબ તથા સુન્નત તથા ફુક્હાએ કિરામના નિશ્ચિત કરેલા ઉસૂલોની રોશનીમાં એહકામ (હુકમો)ની તારવણી કરીને મુજતહિદની જરૂરત માટે કહેનારાઓને ચેલેંજ કરે છે. **વર્તમાનકાળમાં તે જ લોકો મુજતહિદની જરૂરત પર ભાર મૂકે છે જેઓ આપણા ઈલ્મી ખજાનાઓથી બેખબર છે. એવા લોકો ઈજ્તેહાદની આડમાં પૂર્વજ બુઝુર્ગો (સલફે સાલિહીન)થી ભાગવાનું એક બહાનુ શોધે છે.** ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ નવા મસાઈલમાં એહકામ (હુકમો)ની તારવણી (ઈસ્તેખરાજ) કરીને દર્શાવી આપ્યું કે નવા મુજતહિદની જરૂરત નથી, અલ્બત્ત ફિક્હના ઈલ્મ પર ભરપૂર દષ્ટિની જરૂરત છે.

જદુલ મુમ્તારના અભ્યાસથી ન કેવળ ઈલ્મે ફિક્હ બલ્કે ઈલ્મે હદીષમાં પણ ઈમામ અહમદ રઝાના કમાલની મહારતની ભાળ મળે છે. ઈમામ અહમદ રઝા બખૂબી એ હકીક્તથી વાકેફ છે કે ક્યાં અને કેવી રીતે આ હદીષથી ફાયદો ઉઠાવી શકાય છે. અલ્લામા શામીએ જ્યાં વાતને દલીલ વિના છોડી આપી ત્યાં ઈમામ અહમદ રઝાએ દલીલો વર્ણવીને કમીને પૂર્ણ કરી આપી અને કોઈ વાત બેદલીલ ન છોડી.

દલીલો તથા સાક્ષીઓની પ્રાપ્તિમાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ પોતાનું દષ્ટાંત પોતે જ હતા. દાનિશમંદ પ્રશ્નકર્તા જો દલીલ તલબ કરે તો તે છટકવાનો માર્ગ અપનાવતા ન હતા બલ્કે દલીલો તથા બુરહાનોની શોધ કરીને એક એક દલીલને પ્રશ્નકર્તા સમક્ષ રજૂ કરતા હતા અને પ્રશ્નકર્તાને સંતુષ્ઠ કરી આપતા હતા. બલ્કે અમુક પ્રશ્નકર્તા દલીલો તલબ ન કરતા છતાં પણ તે નવાઝતા હતા અને વણમાગ્યે અતા કરતા હતા.

ઈમામ અહમદ રઝાના ક્લ્બો નજરમાં એવી પાકીઝગી હતી કે જો

વિવિધ કથનોમાં (અક઼વાલમાં) કાંઈક ઉલઝન હોય તો આપ તતબીક઼ (વર્ગીકરણ) કરી આપતા હતા. આ વાત ઘણી જ મહારત, દિલની જાગૃક્તા તથા દષ્ટિની વિશાળતાથી હાંસલ થાય છે. એ જ પ્રમાણે વિવિધ ક઼ૌલો (કથનો)માંથી કોઈ એક ક઼ૌલને અન્ય ક઼ૌલો પર નિયમો તથા ઉસૂલોના મુજબ અગ્રતા આપવી પણ કોઈ આસાન કામ નથી, આ વાત ઊંડા ચિંતનથી હાંસલ થાય છે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ આ મેદાનમાં જાણે અગ્રેસર જણાય છે. તેમની સંશોધક પ્રકૃતિએ ન કેવળ મન્કૂલાત બલ્કે મઅકૂલાતમાં પણ નવા નવા ઉસૂલ તથા ક઼ાયદા બનાવીને ઈલ્મવાળાઓને આશ્ચર્યચકિત કરી આપ્યા છે. એ પોતાના યુગ કરતાં ખૂબ આગળ જોતા હતા, તે પોતાના જમાનાથી ખૂબ જ આગળ ચાલતા હતા. એમના ચિંતનની તેજી અને દષ્ટિની તેજી એક તેહક઼ીક઼ી લેખનો તકાઝો કરે છે. જદુલ મુમ્તારમાં ઈમામ અહમદ રઝાના ઈલ્મો તથા વિદ્યાઓની બહાર (વસંત) પણ જોવા મળે છે, અને એ રાઝ ખુલે છે કે ફિક઼્હ કેવળ એક ઈલ્મ નથી બલ્કે એ તો પુષ્કળ પ્રમાણમાં ઈલ્મો તથા વિદ્યાઓનો સંગમ છે. ઈમામ અહમદ રઝાને વિવિધ ઈલ્મી ચર્ચાઓને વિસ્તારવાની તથા સમેટવાની પણ આશ્ચર્યમય શક્તિ હતી, અને આ વાત ત્યારે જ પેદા થઈ શકે છે કે જ્યારે વિવિધ ઈલ્મો તથા વિદ્યા કલાઓ પર સંપૂર્ણપણે ક઼ાબૂ હોય. લાંબી વાતોને સંક્ષિપ્તમાં રજૂ કરી આપવી એ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના કલામની તે વિશિષ્ટતા છે જે એમને એમના સમકાલિનોમાં અનોખા દર્શાવે છે. અમુક વખતે એમનુ **એક વરક પૂરી કિતાબ પર ભારી** હોય છે. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની કૃતિઓ તથા હાશિયાઓ તથા શરહોનો અભ્યાસ કરનારો ડગલે ને પગલે દરિયાને કૂજામાં સમાવેલો પામશે. સારાંશ કે ઈમામ અહમદ રઝાનો હાશિયા જદુલ મુમ્તાર ઈલા રદુલ મુહતાર એક ઈલ્મી અજાયબી છે અને હાશિયો લખનારની ઈલ્મી ફઝીલતની એક મહાન દલીલ છે.

## ★ અહલે હદીષનો આલિમ પ્રશંસા માટે મજબૂર! ★

પાકિસ્તાનના એક **ગૈર મુક઼લ્લિદ આલિમ મોલ્વી નિઝામુદ્દીન અહમદ પૂરી**ને ઈમામ અહમદ રઝા رضی اللہ عنہનો રિસાલો 'અલ ફઝ્લુલ

મવહબી' દેખાડવામાં આવ્યો તો તે ભડકી ઉઠયા અને ફર્માવ્યું : ''આ સર્વ સમજબુઝની મંઝિલો મૌલાનાને હાંસલ હતી ?! અફસોસ ! હું એમના જમાનામાં રહીને બેખબર તથા બફયઝ રહ્યો. અલ્લામા શામી અને સાહિબે ફત્હુલ કદીર મૌલાનાના શાગિર્દ છે. આ તો ઈમામે આ'ઝમ ષાની જણાય છે !''[૨૭]

હિંદુસ્તાનના મશ્હૂર આલિમ **મૌલાના સૈયદ શાહ અવલાદે રસૂલ મુહમ્મદમિયાં મારહરવી** (હિ.સ. ૧૩૭૨)ના ખયાલોથી ઉપરોક્ત અહલે હદીષના મોલ્વીના ખયાલોનું સમર્થન થાય છે કે આપ ફર્માવે છે : ''આ'લા હઝરતને હું ઈબ્ને આબિદીન શામી પર અગ્રતા આપુ છું કેમ કે જે જામેઈય્યત (સમૃધ્ધતા) આ'લા હઝરતને ત્યાં છે તે ઈબ્ને આબિદીન શામીને ત્યાં નથી.[૨૮]

*(તક઼દીમ, અઝ : પ્રો. મસ્ઊદ અહમદ, કિતાબ : ઈમામ અહમદ રઝાકી ફિક઼્હી બસીરત–મુહમ્મદ અહમદ મિસ્બાહી, રજૂકર્તા : પ્રોફેસર ડો. મુહમ્મદ મસ્ઊદ અહમદ رحمۃ اللہ علیہ–પાકિસ્તાન, અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, તંત્રી : બરકાતે ખ્વાજા –માસિક, જાન્યુઆરી–૨૦૧૧*

**હવાલાઓ** : *૧. સૂરએ રહમાન–૩, ૨. સૂરએ યાસીન–૪, ૩. સૂરએ હજ્જ–૭૮, ૪. સૂ. રહમાન–૪, ૫. સૂ. અલક઼–૪, ૬. સૂ. બક઼રહ–૩૧, ૭. સૂ. બકરહ–૨૫૧, ૮. સૂ. કહફ–૬૫, ૯. સૂ. યૂસુફ–૨૨, ૧૦. સૂ. અંબિયા–૭૪, ૧૧. સૂ. નિસાઅ–૧૧૩, ૧૨. મુહમ્મદ નઈમુદ્દીન મુરાદાબાદી, ખઝાઈનુલ ઈર્ફાન–૧૩૪, ૧૩. મુહમ્મદ ઝફરૂદ્દીન રઝવી, જામિઉર્રઝવી, પેજ–૬૨૭, ઈ.સ. ૧૯૯૨, ૧૪. મુફ્તી મુહમ્મદ બુરહાનુલ હક્ક઼ જબલપુરી, ઈકરામે ઈમામ અહમદ રઝા, પેજ–૫૯, ૧૫. હયાતે આ'લા હઝરત, ઝફરૂદ્દીન બિહારી, ૧/૧૫૫, ૧૬. ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશકી નઝરમેં, પેજ–૧૯૪, અઝ : યાસીન અખ્તર મિસ્બાહી, ૧૭. હફ્ત રોઝા હુજૂમ (નઈ દિલ્હી) ઈમામ અહમદ રઝા નંબર, ડિસેમ્બર–૧૯૮૮, પેજ–૬, ૧૮. અગાઉ જેમ, ૧૯. અબુલહસન અલી નદવી નુઝહતુલ ખવાતિર, ભાગ–૮/૪૧, ૨૦. અલ ઈજાઝાતુલ મતીના, ૨૧. ઈઝહારુલ હક્કુલ જલી : ઈમામ અહમદ રઝા, પેજ–૨૪, ૨૫, ૨૨. આગળ જેમ, પેજ–૬૭, ૨૩. હિજબુલ અવારિઝ અન્ મખ્દૂમે બિહાર. ૨૪. આ શબ્દોની આપના તક઼્વાનો અંદાઝો લાગે છે. ૨૫. અલ ઈજાઝાતુલ મતીના, પેજ–૩૦૯, ૨૬. અગાઉ જેમ, પેજ–૨૬૧, ૨૭. અલમીઝાન (મુંબઈ) ઈમામ અહમદ રઝા નંબર, પેજ–૧૮૬, ૨૮. બરિવાયતે મખ્ઝૂમી હઝરત હસનમિયાં મારહરવી (૨૮/૭/૧૯૮૨) કરાચી.*

# ઈમામ અહમદ રઝા અને તસવ્વુફ (સૂફીપણા)ની હકીકત

કેટલાક અજાણ લોકો ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે એવું જાણતા તથા સમજતા હોય છે કે આપ જાહેરી ઈલ્મોમાં ખૂબ પારંગત હતા, મહાન મુફતી હતા, બહુ મોટા આલિમ હતા વગેરે, પણ આપ કેટલા મહાન સૂફી તથા વલી હતા તે વિશે અંધારામાં છે, તેઓ જાણી લે કે આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એક તરફ ઈલ્મ તથા અમલના ક્ષેત્રે અતિ કમાલ ધરાવનારી શખ્સિયત છે તો સાથોસાથ આપ વલીએ કામિલ તથા સૂફીઓના ઈમામ પણ છે, તેના વિશે વિગતો રજૂ કરતાં પહેલાં અત્રે તસવ્વુફના બારામાં ચર્ચા છેડવી છે જેથી **સૌ પ્રથમ "સૂફી" કોને કહેવાય** અને **તસવ્વુફ (સૂફીઈઝમ) શું છે ?** તેના સંબંધે સંક્ષિપ્ત ચર્ચા જોઈ લઈએ. આજે અતિશ્યોક્તિના દૌરમાં મહાન મહાન લક઼બોનું મહત્વ જ જાણે ખતમ થઈ ગયું છે, જેને ને તેને "સૂફીએ બાસફા, સૂફીએ મિલ્લત, બક઼ીયતુસ્સલફ, શયખે તરીક઼ત, શયખે વક્ત, પીરે તરીક઼ત, રહબરે શરીઅત......વગેરે" લક઼બોથી નવાઝવાની ઉદારતા ખાસ કરીને મુરીદો તથા એનાઉન્સરો થકી સ્ટેજો પરથી ખૂબ જ ધૂમથી ચાલે છે ! તથા અમુક ઉદાર ક઼લમકારો પણ છૂટથી આવા લક઼બો નવાઝતી વખતે પાછુ ફરીને જોતા જ નથી ! પણ હક઼ીક઼તમાં "સૂફી" તથા "સૂફીપણુ" શું છે તેના વિશે મશ્હૂર સાચા વલીઓ તથા સૂફીઓની ઝબાની જ જાણી લઈએ.

## ★ તસવ્વુફ તથા તરીક઼ત એટલે શું ? ★

**આરિફ બિલ્લાહ સૈયદી અબ્દુલવહહાબ શઅરાની** رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"તસવ્વુફ શું છે ? બસ ! શરીઅતના હુકમો પર બંદાઓના અમલનો ખુલાસો છે." *(તબ્કાતુશ્શાફઈય્યતુલ્ કુબરા, પેજ–૪)*

**સૈયદી અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન ખફીફ ઝબ્બી** رحمۃ اللہ علیہ ફર્માવે છે : "તસવ્વુફ એનું નામ છે કે દિલ સાફ કરવામાં આવે અને શરીઅતમાં નબી ﷺની પયરવી થાય."

*(તબકાતુલ કુબરા લિલ્ ઈમામ શઅરાની, પેજ–૧૮)*

'તસવ્વુફ' એ તરીકતનું જ બીજુ નામ છે અને **'તરીકત'** એ માર્ગનું નામ છે" **જે ખુદા સુધી પહોંચાડનાર"** હોય. હવે ખુદા સુધી પહોંચાડનાર માર્ગ કયો છે ? એને સૈયિદિના **ગૌષે આ'ઝમ શયખ અબ્દુલકાદિર જીલાની** رضی اللہ عنہની ફયઝવાળી ઝબાનથી સાંભળીએ :–

"અલ્લાહની પ્રતિ સૌથી અધિક નજીકનો માર્ગ બંદગીના કાનૂનને અનિવાર્યપણે પકડવો અને **શરીઅતની ગાંઠને પકડેલા રહેવું.**"

*(બેહજતુલ અસ્રાર–અલ્લામા અબુલ હસન અલી શતનૂફી, પેજ–૫૦, બહવાલા ઈમામ અહમદ રઝા ઔર તસવ્વુફ)*

## ★ કરામતોના પ્રકાર કયા કયા ? ★

દરેક 'સૂફીએ કામિલ' વિલાયતના દરજ્જા પર બિરાજમાન હોય છે અને દરેક વલી અવશ્ય "કામિલ સૂફી" હોય છે. વલી કોણ છે ? એની વ્યાખ્યામાં પણ ઘણા બધાં કથનો (અક્વાલ) છે પરંતુ કુર્આને કરીમ ઈર્શાદ ફર્માવે છે : "અલ્લાહના **વલીઓ** તે છે જે **ઈમાન તથા તક્વા**ના કમાલથી સજ્જ હોય છે." બીજી વાત એ છે કે **વિલાયતના માટે કરામત અનિવાર્ય છે, પણ એ બે પ્રકારની છે,** એક એ જેમાં કોઈ ધોકાને અવકાશ નથી હોઈ શક્તો. બીજી તે જેમાં 'ઈસ્તેદરાજ' તથા હાથ ચાલાકી (ધોકા)ની શંકા થઈ શકે છે. જેથી **અસલ કરામત** એ જ છે જે શંકાથી પાક હોય. એટલા માટે **સૈયેદના ગૌષે આ'ઝમ** رضی اللہ عنہ ફર્માવે છે : "વલીની કરામત એ છે કે તેનું કાર્ય (અમલ) નબીના કૌલના કાનૂન પર બરાબર ઉતરે." *(બેહજતુલ અસ્રાર, પેજ–૩૧, પ્રિન્ટ : મિસર)*

હઝરત શયખ અકબર મુહયુદ્દીન મુહમ્મદ ઈબ્ને અરબી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **એક કરામત તો 'હિસ્સી'** હોય છે જેને સામાન્ય પબ્લિક પણ જાણે છે, જેમ કે હવામાં ઉડવું, પાણી પર ચાલવું, ભૂતકાળ તથા ભવિષ્યકાળની હાલતોની ખબર આપવી, સેંકડો માઈલ એક કદમમાં પાર પાડવા. **બીજી કરામત 'મઅનવી'** હોય છે જેને કેવળ ખાસ લોકો જ ઓળખે છે તે એ છે કે :–

## ★ અસલ કરામત શરીઅત પર અડગતા ! ★

"પોતાના નફસ પર શરીઅતના નિયમોની રક્ષા રાખે, ઉમદા ટેવો હાંસલ કરવા તથા બુરી આદતોથી બચવાની તૌફીક઼ પામે, સર્વ વાજિબ સમયસર અદા કરવાની કાળજી રાખે.

આ કરામતોમાં પ્રપંચ ધોકા કે ઈસ્તેદરાજને દખલ નથી. અને તે કરામતો જેને આમ લોકો ઓળખે છે એ સૌમાં છુપા ધોકાની દખલ હોય શકે છે. મઅનવી કરામતમાં ધોકા તથા ઈસ્તેદરાજની દખલ નથી."

*–(ફુતૂહાતે મક્કિયા, ૨/૪૮૭)*

ઉલમાએ બાતિનના આ ઈર્શાદોની રોશનીમાં તસવ્વુફ, તસવ્વુફવાળો (સૂફી), કરામત, સાહિબે કરામત (કરામતવાળો) તથા વલીની સંક્ષિપ્તપણે ઓળખ દિમાગમાં આવી જાય છે કે **અસલ તસવ્વુફ** એ **દિલની સફાઈ** તથા **શરીઅતની પાબંદી** છે. હક઼ીક઼ી તથા **આ'લા કરામત** એ **શરીઅત પર અડગતા** છે. સાચો **વલી તે જ હશે** જે સૈયદુલ કૌનેન صلی اللہ علیہ وسلمની **ઈતાઅત (આજ્ઞાપાલન)** તથા **અનુસરણમાં સાચો હોય.**

હઝરત અબુલ ક઼ાસિમ કુશૈરી رضی اللہ عنہ કિતાબ કુશૈરિયહ્ (પેજ–૩૦)માં સૈયદના જુનેદ બગદાદી رحمۃ اللہ علیہનું ફર્માન નકલ કરે છે :

"જે પોતાના પર શરીઅતના નિયમો લાઝિમ ઠરાવે તેના દિલને અલ્લાહ તઆલા મઅરેફતના નૂરથી રોશન કરી આપશે. અને કોઈ મક઼ામ એનાથી વધીને ઈજ્જતવાળુ નથી કે હુકમો, કાર્યો, આદતો સર્વમાં

હુઝૂરની પયરવી (અનુસરણ) કરવામાં આવે. *(મક઼ાલુલ ઓરફા–૨૦)*

હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''જો તમે કોઈને જુઓ કે એવી કરામત દેખાડે છે કે **હવા પર પલાઠી વાળી બેસી શકે તો તેનાથી ધોકો ન ખાશો** જ્યાં સુધી એ ન જુઓ કે ફર્ઝ તથા વાજિબ, મકરૂહ તથા હરામ અને હદોની રક્ષા તથા શરીઅતના નિયમોમાં તેનો હાલ કેવો છે ? *(કુશૈરિયહ્–૧૮)*

**હે વલીઓ સૂફીઓના ચાહકો !** હજી ફરીવાર વલી તથા સૂફી કોને કહેવાય તે ઉપરોક્ત મહાન બુઝુર્ગોના કથનો પરથી જાણી લો અને સમજી લો કે એ પ્રમાણેના જે હોય તે જ સૂફી તથા વલી કહેવાશે, એમના સિવાયના જે સૂફી કે વલી હોવાનો ઢોંગ રચે તો તે ધોકાબાઝ સિવાય અન્ય કાંઈ જ નથી તે સમજી લેજો.

હવે આવો ! એ જ બુઝુર્ગોના કથનોની રોશનીમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનું સાહિબે તસવ્વુફ, હામિલે તરીક઼ત, સાહિબે કરામત તથા વલીએ કામિલ હોવું જોઈ લઈએ.

## ★ આ'લા હઝરત શરૂથી જ બાકમાલ સૂફી હતા ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની જિંદગી પર એક ઉડતી નજર નાખતાં એ હકીક઼ત ઉઘાડા દિવસની જેમ રોશન થઈને સામે આવે છે કે તેમણે પૂરી જિંદગી શરીઅત પર સખ્તીથી અમલ કર્યો. દરેક ફર્ઝ તથા વાજિબની રક્ષા તથા સુન્નતોના તથા શરીઅતના અનુસરણમાં કોઈ ઉણપ ન થવા દીધી જેના પરિણામે તેમનું દિલ મુબારક એવું પાકીઝા તથા સાફ સુથરુ થઈ ચૂક્યુ હતું તથા નૂરે મઅરેફત એવું ઝમઝમી ઉઠયું હતું કે જિંદગીના પ્રારંભમાં જ દેખાવા લાગ્યું હતું.

ઈમામ અહમદ રઝા હિ.સ. ૧૨૯૪ માં જ્યારે મુહિબ્બે રસૂલ મૌલાના અબ્દુલક઼ાદિર બદાયૂની رحمۃ اللہ علیہના નિર્દેશ પર પોતાના વાલિદે ગિરામી ઉમ્દતુલ મુહક્કિક઼ીન મૌલાના નક઼ી અલીખાં رحمۃ اللہ علیہની સંગાથમાં મારહરા શરીફ સૈયદના શાહ આલે રસૂલ મારહરવી رحمۃ اللہ علیہની

બારગાહમાં હાજર થઈને બયઅતથી ફૈઝયાબ થયા તો તે જ વખતે વાલિદે ગિરામીની સાથે ઈજાઝત તથા ખિલાફતથી પણ સરફરાઝ કરવામાં આવ્યા.

હઝરત ખાતિમુલ અકાબિર સૈયદના શાહ આલે રસૂલ મારહરવી رحمۃ اللہ علیہના વલીઅહદ પૌત્ર તથા બાકમાલ ખલીફા સૈયદના અબુલ હુસૈન અહમદ નૂરી رحمۃ اللہ علیہએ અર્ઝ કરી, "હુઝૂર ! આપને ત્યાં ખૂબ જ રિયાઝત તથા મુજાહિદા પછી ખિલાફત આપવામાં આવે છે ! તો આમને અત્યારે (તરત જ) કઈ રીતે આપી દેવામાં આવી ? ફર્માવ્યું : "અન્ય લોકો મેલુ ઘેલુ, કાટવાળુ દિલ લઈને આવે છે, એની સફાઈના માટે રિયાઝત તથા મુજાહિદાની જરૂરત હોય છે. પણ આ સાફ સુથરુ દિલ લઈને આવ્યા જેથી એમને રિયાઝત તથા મુજાહિદાની શું જરૂરત હતી ? કેવળ નિસ્બતની જરૂરત હતી જે બયઅત સાથે જ પ્રાપ્ત થઈ ગઈ.

વધુમાં ફર્માવ્યું : મને મહાન ચિંતા હતી કે ક઼યામતના દિવસે જો અહકુમુલ હાકિમીને સવાલ કર્યો કે આલે રસૂલ ! તું મારા માટે શું લાવ્યો છે ? તો હું શું રજૂ કરીશ ! પણ ખુદાનો શુક્ર છે કે આજે એ ફિક્ર દૂર થઈ ગઈ. એ સમયે હું "અહમદ રઝા"ને રજૂ કરી દઈશ."

હિ.સ. ૧૨૯૪ માં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ઉમર ૨૨ વરસ હતી પરંતુ તેમનું દિલ મુબારક એવું રોશન તથા સાફ થઈ ચૂક્યું હતું કે એ ઉચ્ચ બારગાહમાં આ પ્રમાણે તેમનું સન્માન થયું. વિચારો ! જ્યારે શરૂઆતનો હાલ તથા કમાલ આ છે તો અંતની ઉચ્ચતાનો તથા દિલની સફાઈનો આલમ શો હશે ?

## ★ તક઼વો તે આનું નામ ! સાચા સૂફી આવા હોય છે ! ★

ઈમામ અહમદ રઝા ઈમામુસ્સૂફિયા رحمۃ اللہ علیہની જિંદગી શરીઅતે મુસ્તફા તથા સુન્નતે મુસ્તફા صلی اللہ علیہ وسلمની પાબંદીથી શણગારેલ છે. આપના તક઼વાની શાન અતિ ઉચ્ચતમ છે. અમુક પ્રસંગો રજૂ કરું છું જેનાથી અંદાઝો થશે કે આપ તક઼વા જ નહીં વરઅ (તક઼વાથી ઉચ્ચ)ની આ'લા

મંઝિલે બિરાજમાન હતા અને اِنْ اَوْلِيَاءُهٗ اِلَّا الْمُتَّقُوْنَના મુતાબિક કામિલ મુત્તક્રી તથા આરિફ બિલ્લાહ હતા.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની જિંદગીનો આખરી રમઝાન હિ.સ. ૧૩૩૯માં હતો એ સમયે એક તો બરેલી શરીફમાં સખત ગરમી હતી, ઉમર મુબારકનો આખરી હિસ્સો અને કમજોરી તથા બીમારીની સખ્તી હતી. એવા સંજોગોમાં શરીઅત ઈજાઝત આપે છે કે શયખે ફાની (અતિ વૃદ્ધ ઝઈફ) રોઝા ન રાખી શકે તો ફિદિયો આપે અને કમજોર બીમારને ઈજાઝત આપે છે કે કઝા કરે, પરંતુ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો ફત્વો પોતાના માટે કાંઈ ઓર જ હતો જે હકીકતમાં ફત્વો નહીં 'તકવો' હતો. તેમણે ફર્માવ્યું, **"બરેલી શરીફમાં સખત ગરમીના સબબે મારા માટે રોઝા રાખવા શક્ય નથી, પરંતુ પહાડ પર ઠંડક હોય છે, અહીંથી નૈનિતાલ નજીક છે, ભવાલી પહાડ પર રોઝો રાખી શકાય છે અને હું ત્યાં પહોંચવા શક્તિમાન છું જેથી મારા ઉપર ત્યાં જઈને રોઝા રાખવા ફર્ઝ છે.** જેથી રમઝાન ત્યાં પસાર કર્યો અને પૂરા રોઝા રાખ્યા.

આજના દૌરમાં કેટલાક બનાવટી પીર તથા સૂફી બનનારાઓને રોઝા, નમાઝ તથા તરાવીહ વગેરે ઈબાદતો ભારે પડે છે ! જેથી આપણે એમને એનાથી દૂર ભાગતા જોઈએ છીએ અને રમઝાનના મુબારક માસમાં પણ ફિલ્મો, રમતો, સીરીયલો વગેરે જોઈને સમય પસાર કરતા જોઈએ છીએ ! એમના માટે આ'લા હઝરતની જિંદગી અમલી નમૂનો છે કે સાચે જ સાચા પીર સૂફી થવું હોય તો શરીઅતના પાબંદ બને, ખુદાનો ખૌફ રાખે અને મોજ મજા ને મનોરંજનવાળી જિંદગીથી તૌબા કરે. પબ્લિકે પણ આવા ઢોંગી સૂફીઓને ઓળખી લઈ તેમની મોટી મોટી સૂફિયાણી વાતોથી છેતરાવું જાઈએ નહીં.

વળી આજે કેટલાક પીરોના ફોટા તો જાણે જાનદારનો ફોટો હલાલ થઈ ગયો હોય એ રીતે પડતા રહે છે તથા મુરીદોમાં વહેંચાય છે ! તથા ઘરોમાં હારતોરા કરી ટીંગાડવામાં આવે છે. એવા સૂફીઓ સબક લે કે

શરીઅતની પાબંદીમાં સૂફીઓના ઈમામ આ'લા હઝરત رحمۃ اللہ علیہ જાનદારના ફોટાથી તો જીવનભર દૂર રહ્યા, ન ફોટો ઘરમાં ઘાલ્યો ન રાખ્યો, બલ્કે તક્વાનો આલમ એ કે વિસાલ વેળા રૂપિયા સુદ્ધાં ઘરેથી કઢાવી નાખ્યા કે રહમતના ફરિશ્તાના આગમનમાં કોઈ જ રુકાવટની શંકા ન રહે.

### ★ ઘસડાતા ઘસડાતા મસ્જિદે પહોંચી જમાઅતમાં જોડાયા ! ★

૨૫ સફર હિ.સ. ૧૩૪૦ ના રોજ વિસાલ થાય છે. બીમારી મહિનાઓથી હતી અને એવી કે હરવા ફરવાની શક્તિ ન હતી, એવાને શરીઅત ઈજાઝત આપે છે કે આવો બીમાર ઘરમાં એકલો નમાઝ પઢી લે, છતાં ઈમામ અહમદ રઝા જમાઅતની પાબંદી કરતા અને ચાર માણસો ખુરશી પર બેસાડીને મસ્જિદ સુધી પહોંચતા. જ્યાં સુધી આ રીતે હાજરીની શક્તિ હતી જમાઅતમાં શરીક થતા રહ્યા.

એકવાર મસ્જિદે લઈ જનાર કોઈ ન હતું, જમાઅતનો સમય થઈ ગયો તો બેચૈન થવા લાગ્યા. જાતે જ જેમ તેમ ઘસેડાઈને મસ્જિદે હાજર થયા અને જમાઅતથી નમાઝ અદા કરી. આજે હટ્ટા કટ્ટા તથા શક્તિશાળી તથા સર્વ સહુલતો છતાં નમાઝનો તર્ક તથા જમાઅતનો તર્ક કરવાના માહોલમાં આ બનાવ એક મહાન બોધપાત્ર છે.

### ★ નમાઝથી બેપરવા કહેવાતા સૂફીઓ માટે બોધદાયક પ્રસંગ ★

એકવાર ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પોતાની જમીનદારીમાં રોકાયેલા હતા. દર્દે કુલંજ (એક બીમારી)ના સખત દૌરા પડયા કરતા હતા. એક દિવસે એકલા હતા. ફર્માવે છે : ''ઝહોરના સમયે દર્દ શરૂ થયું તો એ જ હાલતમાં જે રીતે બન્યું વુઝૂ કર્યું. હવે નમાઝ માટે ઉભા થઈ શકાતુ ન હતું. રબ جل جلالہ થી દુઆ કરી અને હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم થી મદદ માંગી. મૌલા عزوجل દુઃખીઓની પુકાર સાંભળે છે. મેં સુન્નતોની નિય્યત બાંધી લીધી તો દર્દ તદ્દન ન હતું અને સલામ ફેરવી તો એ જ

સખ્તીથી હતું ! તરત જ ઉઠીને ફર્ઝોની નિય્યત બાંધી તો દર્દ જતુ રહ્યું અને જ્યારે સલામ ફેરવી તો દર્દની એ જ હાલત હતી ! બાદની સુન્નતો પઢી તો દર્દ અટકી ગયું અને સલામ ફેરવ્યા બાદ રાબેતા મુજબ ચાલુ થઈ ગયું. મેં કહ્યું, હવે અસર સુધી થતુ રહે ! પલંગ પર આડો પડી પાસાં બદલતો રહ્યો કે દર્દથી કોઈ પાસા પર ચૈન ન હતું. *(મલ્ફૂઝાત, ૨/૭૯)*

ચાહે એવું કહો કે નમાઝની હાલતમાં દર્દ એકદમ ઉઠાવી લેવામાં આવતુ હતું અથવા એવું કહો કે અલ્લાહની પ્રતિ ધ્યાન કેન્દ્રિત થવાને કારણે તથા ઈબાદતમાં અતિ મશ્ગૂલ થઈ જવાને કારણે દર્દનો અહેસાસ થતો ન હતો. ગમે તેમ પણ ઈમામ અહમદ રઝાની ખુદાની બારગાહમાં મક્બૂલિયત તથા ઈબાદતના શોખ સંબંધે દલીલ પૂરતી છે.

## ★ સાચા સૂફીઓ તથા વલીઓ આવા હોય છે ! ★

હનફીઓના ઈમામ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ દિવસભર ઈલ્મી ક્ષેત્રે વ્યસ્તતા તથા ફિક્હના સંપાદન વગેરેમાં વ્યસ્ત રહેતા હતા. રાત્રે નફલો તથા ઈબાદત પણ કરતા રહેતા અને રાતના અમુક હિસ્સામાં આરામ પણ કરતા. એકવાર ક્યાંક જઈ રહ્યા હતા તો એમને જોઈને કોઈકે કહ્યું, આ તે જ છે જે રાતભર ઈબાદત કરે છે ! તો એ સમયથી આખી રાત ઈબાદત તથા શબ બેદારી અપનાવી લીધી.

એ જ પ્રમાણે કોઈકે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને પત્ર લખ્યો તો એમાં અન્ય લક્બો તથા વિશેષણો સાથે "હાફિઝ" લખી આપ્યું. એ વખતે આપ બાક઼ાયદા હાફિઝ ન હતા, જો કે લગભગ સર્વ આયતો હઝરતની જીભ તથા ક઼લમ પર રહ્યા કરતી હતી અને જરૂરત પ્રમાણે તેનાથી દલીલો તથા સાબિતી પણ કરતા. શેર બે શએ અહલે સુન્નત મૌલાના હશ્મત અલીખાં رحمۃ اللہ علیہ ૨૯ શાબાન હિ.સ. ૧૩૩૭ નો પોતાનો જાત અનુભવ વર્ણન કરે છે કે એક પત્રમાં આ'લા હઝરતે પોતાના લક્બો સાથે "હાફિઝ" લખેલું જોયું તો આંખોમાં આંસૂ આવી ગયાં અને ખૌફે ખુદાથી દિલ કાંપી ઉઠયું અને ફર્માવ્યું, "હું એ વાતથી ડરુ છું કે મારો હશ્ર (હિસાબ કિતાબ)

એ લોકોમાં ન થાય જેમના બારામાં કુર્આને અઝીમ ફર્માવે છે : يُحِبُّوْنَ اَنْ يُّحْمَدُوْا بِمَا لَمْ يَفْعَلُوْا "તેઓ એને પસંદ કરે છે કે એમની એવી ખૂબીઓ વર્ણન કરવામાં આવે જે એમનામાં નથી."

આ પ્રસંગ પછી આપે કુર્આન હિફઝ કરવાનો અટલ નિશ્ચય કરી લીધો અને દરરોજ ઈશાનું વુઝૂ કર્યા બાદ જમાઅત થતા સુધીમાં એ પ્રમાણે યાદ કરતા કે કોઈ એક પારો કે વધારે આપને સંભાળાવી દેતું, પછી આપ સંભળાવી દેતા ! ૨૯ શાબાન પછીથી શરૂ કર્યું અને ૨૯ રમઝાન સુધીમાં આપે કુર્આન હિફ્ઝ કરી લીધું અને તરાવીહમાં સંભળાવી પણ આપ્યું. *(તર્જુમાને અહલે સુન્નત, પીલીભીત)*

આ પ્રસંગ ઈમામે આ'ઝમ رضی اللہ عنہના પ્રસંગથી કેટલાક અંશે મળ તાપણુ ધરાવે છે, એમાં પણ એવું બન્યુ કે કોઈકે કહી દીધું કે "પૂરી રાત ઈબાદત કરે છે" તો ઈમામે આઝમે આખી રાત ઈબાદત કરવા માંડી ! અને અહીં પણ એ છે કે કોઈકે 'હાફિઝ' લખી દીધું તો ખૌફે ખુદા રાખીને હાફિઝ બની ગયા ! ખુદાનો ડર હોય તો આવી મુશ્કેલ ચીજો મુશ્કેલ નથી રહેતી અને દિલ એવું થઈ જાય છે કે તે કામ કરીને જ જંપે છે.

**ચેતવણી** : આજે લાયક ન હોવા છતાં મહાન મહાન લક઼બો કિતાબોમાં લખવામાં તથા નારાબાજીમાં સ્ટેજો પર લગાડવામાં આવે છે તો કેટલીક હસ્તી મનમાં મલકાતી રહે છે, પણ પોતે તેવા લક઼બો કે નારા મારનારાઓને રોકતી નથી, તો તેવાઓએ આ પ્રસંગથી બોધ લેવો જોઈએ. બલ્કે અમે તો જોયું છે કે ઈસ્તિક઼બાલમાં નારા ન વાગતાં અમુક તો ગુસ્સે પણ થાય છે કે અમારી ઈજ્જત ન કરી ! અન્યના નારા લગાડયા અને અમારા નહીં ! તો એવાઓએ પણ બોધ લઈને ખૌફે ખુદામાં રહી આજીજી અપનાવવી જોઈએ અને પબ્લિકે પણ અક઼ીદતમાં અતિશયોક્તિ કરી ગલત સલત વધારે પડતા નારા ન મારવા જોઈએ.

## ★ ઔરતોને બે પર્દા સામે ન બેસાડતા ! ★

પીલીભીતના મશ્હૂર બુઝુર્ગ શાહજી મુહમ્મદ શેર મિયાં رحمۃ اللہ علیہથી

મળવા મુહદ્દિષે સૂરતીની સાથે તશરીફ લઈ ગયા. જોયું કે શાહ સાહબ પર્દા વિના ઔરતોને મુરીદ બનાવી રહ્યા છે. શરીઅતના હુકમો પર કમાલની ગૈરત (શરમ)ને કારણે આ'લા હઝરત તેમને મળ્યા વિના જ પાછા વળી ગયા ! જો કોઈ બીજુ હોત તો નારાજ થઈ જાત પણ શાહ સાહબની બેનફસી તથા હક્ક પસંદીનો કમાલ એ રીતે જાહેર થયો કે સાજે સ્ટેશન સુધી વળાવવા તશરીફ લાવ્યા અને સવારના પ્રસંગ બાબતે અફસોસ દર્શાવતાં કહ્યું કે, મૌલાના ! **હવે પછી હું સ્ત્રીઓને પર્દા પાછળ બેસાડીને બયઅત લેતો રહીશ."** ત્યારબાદ તેમની સાથે મુસાફો તથા મુઆનિકો કર્યો. *(હયાતે આ'લા હઝરત, પેજ–૧૮૦)*

આજકાલના કહેવાતા કેટલાક પીરો શું કરે છે તે સૌ જાણે છે ! બેપર્દા ઔરતોની મેહફિલોમાં હસાહસ પણ થાય છે અને નામેહરમ સ્ત્રીઓને હાથ પણ પીરો ચૂમાડે છે અને માથે તથા પીઠ વગેરે પર હાથ પણ ફેરવી આપે છે ! તો એવા પીરો સહીહ અર્થમાં તસવ્વુફ શું છે તે આ'લા હઝરતથી શીખે ! અને સ્ત્રીઓ પણ પીરો સામે બેપર્દા ન બને, તેમના હાથો સ્ત્રીઓ ન ચૂમે કે એ શરીઅતમાં હરામ છે તથા મર્દો પણ પોતાની ઔરતોને એવાં હરામ કામોથી રોકે.

## ★ અહીં તાવીઝ વેચવામાં નથી આવતુ ! ★

તાવીઝ પર ઉઝરત (બદલો) આજકાલ નિયમ બની ચૂક્યો છે, પણ બિહમ્દિહી તઆલા ઈમામ અહમદ રઝાનો સાવચેતીપૂર્ણ દામન એ દાગથી પણ પાક છે. એક ભાઈ હાજર થયા બદાયૂની બનેલી હાંડલી પેશ કરી. ફર્માવ્યું, શા માટે આવવાનું થયું ? કહ્યું, સલામ માટે હાજર થયો છું. સલામનો જવાબ આપ્યો. ફરી પૂછયું, કાંઈ જરૂરત ?! બોલ્યો, બસ આમ જ આવી ગયો. થોડા સમય પછી તેને પૂછયું, કાંઈ હોય તો કહો ?! બોલ્યો, કાંઈ જ કામ નથી, ન્યાઝ હાંસલ કરવા માટે જ આવી ગયો હતો. ત્યારે હાંડલી અંદર મોકલી આપી. થોડીવાર પછી તે ભાઈએ એક તાવીઝ માંગ્યું. તાવીઝ લખીને આપ્યું અને સાથોસાથ હાંડલી પણ

પાછી આપી દીધી. ફર્માવ્યું, મેં તમને ત્રણવાર પ્રથમ જ પુચ્છા કરી પણ તમે દરેકવાર (કામ બાબતે) ના પાડતા રહ્યા. આ હાંડલી લેતા જાવ ! અહીં તાવીઝ વેચવામાં નથી આવતું !'' *(હયાતે આ'લા હઝરત–૨૯)*

આ પ્રસંગમાં તાવીઝોની દુકાનદારી કરી ગલત સલત તાવીઝો લખી દઈ મોં માંગ્યી રકમ માંગી પબ્લિકને ખોટા વહેમોમાં નાખનારા બનાવટી બેશરઅ બાપુઓ પણ સબક લે અને પબ્લિકે પણ સાચા ખોટાની પરખ કરીને શરીઅતના પાબંદ સૂફીઓ બાપુઓથી જ તાવીઝો મેળવવાં જોઈએ.

## ★ ઈમાન તથા યક઼ીનમાં પુખ્તગીનો આલમ ! ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે, ''બિહમ્દિલ્લાહ બચપનથી જ મને અલ્લાહના દુશ્મનોથી નફરત છે અને મારાં બાળકોનાં બાળકોને પણ અલ્લાહ તઆલાના ફઝ્લથી અલ્લાહ તઆલાના દુશ્મનોની અદાવત ગળગુથીમાં જ પીવડાવી દેવામાં આવી છે અને અલ્લાહના ફઝ્લથી એ વાયદો પણ પૂર્ણ થયો : اولٰئك كتب فى قلوبهم الايمان

બિહમ્દિલ્લાહ જો દિલના બે ટુકડા કરવામાં આવે તો ખુદાની ક઼સમ! એક પર લખ્યું હશે : لا اله الا الله બીજા પર લખ્યું હશે : محمد رسول الله (صلى الله تعالٰى عليه وسلم

*(વસાયા શરીફ તથા મલ્ફૂઝાત, ૨/૬૭)*

આરિફ બિલ્લાહ સિવાય કોણ છે જે આવો દાવો કરી શકે છે ?! આવો જ એક બીજો પ્રસંગ જોઈ લો : હદીષ શરીફમાં એક દુઆ છે તેને કોઈ નાવડી કે સ્ટીમરમાં સવાર થતી વખતે પઢી લેવામાં આવે તો ડૂબવાથી બચી જવાશે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ હજ્જના પ્રથમ સફરમાં સ્ટીમરમાં સવાર થતાં પહેલાં એ દુઆ પઢી લીધી હતી. આપની સાથે વાલિદૈન رحمۃ اللہ علیہما પણ હતાં. સમુદ્રમાં સખત તોફાન આવ્યું. લોકોએ કફન પહેરી લીધાં. વાલિદા ખૂબ જ પરેશાન થયાં. આ'લા હઝરત ફર્માવે છે કે તેમની બેચૈની જોઈને એકદમ મારી જીભેથી નીકળી ગયું કે, ''તમો

શાંતિ રાખો ! ખુદાની કસમ ! આ જહાઝ ડૂબશે નહીં !''

હું હદીષના સાચા વાયદા પર સંતુષ્ઠ હતો. અલ્લાહ તઆલા પ્રતિ રજૂઅ કરી સરકાર ﷺથી મદદ માંગી. તો તે પવનનું તોફાન જે ત્રણ દિવસથી જોશભેર ચાલી રહ્યું હતું તે અલ્લાહના ફઝ્લથી ઘડીભરમાં શાંત પડી ગયું અને જહાઝ સલામત થઈ ગયું. એ જ પ્રમાણે કોઈ ભયંકર બીમારને જોઈને દુઆ પઢવા વિશે દુઆનો વાક્યો છે. એ હદીષે પાક પર આપના પુખ્તા યક઼ીનને પુરવાર કરે છે કે જે આરિફ બિલ્લાહની તથા સાચા સૂફીની શાન છે.

## ★ આપની અમુક 'હિસ્સી' કરામતો ★

આપની કરામતો પણ પુષ્કળ છે અહીં સ્થળ સંકોચને કારણે કેવળ એકાદ બે રજૂ છે : એકવાર 'ઈસ્મે આ'ઝમ'ની ચર્ચા નીકળી ગઈ. ફર્માવ્યું, દરેક વ્યક્તિ માટે ઈસ્મે આ'ઝમ અલગ અલગ હોય છે. અને જેટલા હાજર હતા સૌના માટે ઈસ્મે આ'ઝમ અલગ અલગ તજવીઝ ફર્માવ્યું. સૈયદ ક઼નાઅત અલી સાહબની વારી હતી એવામાં અસ્રની અઝાન થઈ ગઈ અને મેહફિલ બરખાસ્ત થઈ ગઈ. સૈયદ સાહબની તમન્ના દિલમાં રહી ગઈ ત્યાં સુધી કે મુકબ્બિરે તકબીર કહી. 'હય્ય અલલ ફલાહ' પર આ'લા હઝરત ઉઠયા અને મુસલ્લા પર જમણો ક઼દમ રાખ્યો, એ વખતે સૈયદ સાહબ બિલકુલ નિરાશ થઈને દિલમાં કહેવા લાગ્યા કે આજે આ પ્રથમ પ્રસંગ છે કે હું મેહરૂમ રહી જાઉં છું ! આ'લા હઝરતે તુરત જ તેમના તરફ ફરીને ફર્માવ્યું, ''આપના માટે ઈસ્મે આ'ઝમ 'યા ખાલિક઼ુ, યા અલ્લાહ' છે પછી તકબીર કહી.

આ'લા હઝરતના એક મુખ્લિસ મુરીદ અમજદઅલી ખાં ભેંસૂડી શરીફના રહેવાસી હતા. કોઈ શિકારમાં નિશાન ચૂક્તાં ભૂલથી એક માણસ મૃત્યુ પામ્યો. પોલીસે કેસ દાખલ કરી આપ્યો. ગુનો સાબિત થતાં ફાંસીની સજા સંભળાવી દેવામાં આવી. તેના ઘરવાળાં જેલમાં પહોંચ્યાં તો કહ્યું, શાંતિ રાખો ! હું સવારે ઘરે આવીને નાસ્તો કરીશ. મારા પીરો મુર્શિદે

ફર્માવ્યું છે કે જાવ ! અમે તમને છોડી આપ્યા. હવે એમના યકીનની મજબૂતી તથા કમાલનો વિશ્વાસ પણ જુઓ, જલ્લાદોએ ફાંસીના માંચડે ઊભા કરી દીધા, અને પૂછયું, તમારી કોઈ ઈચ્છા હોય તો બતાવો ? તો તેમણે કહ્યું, હમણા મારો સમય નથી આવ્યો ! તો તેઓ આશ્ચર્યથી જોવા લાગ્યા કે અજબ દીવાનો છે ! એટલામાં લંડનથી તાર આવ્યો કે વિક્ટોરિયા રાણીની તાજપોશીની ખુશીમાં આટલા કેદી તથા આટલા ખૂની મુક્ત કરવામાં આવે, જેથી તેને ફાંસીના માચડેથી ઉતારી લેવામાં આવ્યો અને તેના ઘરે જઈને ઘરવાળા સાથે નાશ્તો કર્યો. સ્થળ સંકોચને કારણે વધુ નથી લખતો, નહીં તો આ'લા હઝરત એક કામિલ વલી તથા સૂફીઓના ઈમામ હોવાની સર્વ ખૂબીઓથી માલામાલ હતા. વધુ માટે વાંચો કિતાબ ''સવાનેહે આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા ઔર તસવ્વુફ, તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા''...વગેરે.

*(અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક જાન્યુઆરી–૨૦૧૦, બરકાતે ખ્વાજા–માસિક, તંત્રી લેખ)*

# ઈમામ અહમદ રઝા અને કડક વલણ વિશે નિષ્પક્ષ પરીક્ષણ

મુજદ્દિદે આ'ઝમ, ઈમામે એહલે સુન્નત, આ'લા હઝરત અઝીમુલ બરકત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ (હિ.સ. ૧૨૭૨–૧૩૪૦) એ મુક઼દ્દસ હસ્તીનું નામ છે જેમાં એક સાથે ઈલ્મો, અમલ, તક઼્વા, પરહેઝગારી, અખ્લાક઼ો–કિરદાર, સાદગી તથા નર્મી, દયા અને કૃપા તથા પ્રેમભાવ જેવા સદ્‌ગુણો એકત્ર હતાં તે છતાં વિરોધીઓ આપને શિદ્દતપસંદ (કડકાઈવાળા), મુકફ્ફિરુલ મુસ્લિમીન (મુસલમાનોને કાફિર કહેનાર), બિદઅતો ફેલાવનાર વગેરે જૂઠા આક્ષેપો લગાડીને સામાન્ય લોકોમાં આપની મક઼્બૂલિયતને ઘટાડવાના નિરર્થક પ્રયાસો કરતા રહ્યા પરંતુ હક઼ીક઼ત એ છે કે જે રીતે સૂર્ય તરફ મોઢું કરીને થૂકનાર પોતે જ ખરડાય છે અને સૂર્યનું તેજસ્વ ઓછુ થવાના બદલે વધતુ જ જાય છે બિલ્કુલ એ જ રીતે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની મક઼્બૂલિયત વધતી જ ગઈ અને ન કેવળ અખંડ ભારત બલ્કે અરબ તથા અજમના સામાન્ય લોકોથી લઈ મહાન ઉલમાએ કિરામ અને બુદ્ધિવાનોએ આપને સન્માન આપ્યું, અક઼ીદતોના ગુલદસ્તા પેશ કર્યા, ખાસ તથા આમ લોકોમાં આપની મક઼્બૂલિયત એક અલગ વિષય છે. અત્રે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પર જે આક્ષેપો લગાડવામાં આવતા રહ્યા છે એમાં કેટલી સચ્ચાઈ છે તે આપના લખાણો, કિતાબો તથા ફત્વાઓની રોશનીમાં જાણવાની કોશિશ કરીશું.

ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ જે મઝહબે મુહઝ્ઝબ દીને ઈસ્લામના પ્રચારક હતા એ ઈસ્લામ કોઈ પણ સંજોગોમાં સખ્તી અને કડકાઈની તા'લીમ નથી આપતો, બલ્કે ઈસ્લામ તો દરેક સ્થિતિમાં નર્મી, આસાની, દયા અને કૃપાનો સંદેશ આપે છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

لَآ اِکْرَاہَ فِی الدِّیْنِ "દીનમાં કોઈ જબરદસ્તી નથી."

*(સૂ. બક્રહ, ૨/૨૫૬)*

یُرِیْدُ اللّٰہُ بِکُمُ الْیُسْرَ وَلَا یُرِیْدُ بِکُمُ الْعُسْرَ

"અલ્લાહ તઆલા તમારા માટે આસાનીઓ ઈચ્છે છે, મુશ્કેલીઓ નથી ઈચ્છતો." *(સૂ. બક્રહ, ૨/૧૮૫)*

وَمَا جَعَلَ عَلَیْکُمْ فِی الدِّیْنِ مِنْ حَرَجٍ

"અને તમારા પર દીનમાં કોઈ તંગી ન રાખી." *(સૂ. હજ્જ, ૨૨/૭૮)*

لَا یُکَلِّفُ اللّٰہُ نَفْسًا اِلَّا وُسْعَھَا "અલ્લાહ તઆલા કોઈ જાન પર એની શક્તિથી અધિક ભાર નથી નાખતો." *(સૂ. બક્રહ, ૨/૨૮૬)*

હદીષોમાં પણ આ બાબતે તાકીદ કરવામાં આવી છે : اِنَّ الدِّیْنَ یُسْرٌ "બેશક ! આ દીન આસાન છે." *(બુખારી શરીફ, ૧/૨૩, રક્મ : ૩૯)*

હઝરત મુઆઝ બિન જબલ અને હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہما ને ફિલિસ્તીન તરફ રવાના કરતી વેળા આપ صلی اللہ علیہ وسلم એ એમને હિદાયત ફર્માવી :

یَسِّرَا وَلَا تُعَسِّرَا وَبَشِّرَا وَلَا تُنَفِّرَا وَتَطَاوَعَا "આસાની પેદા કરજો, તંગી ન કરતા, ખુશખબરી આપજો, (લોકોને) ધૃણિત ન કરતા, પરસ્પર ખુશદિલી સાથે કામ કરજો."

*(બુખારી શરીફ, ૨/૧૦૬૩, રક્મ : ૬૮૮૭, કિતાબુલ અહકામ)*

یَسِّرُوْا وَلَا تُعَسِّرُوْا وَبَشِّرُوْا وَلَا تُنَفِّرُوْ "આસાનીઓ પેદા કરો, તંગીઓ ન કરો, ખુશખબરીઓ ફેલાવો નફરતો ન ફેલાવો."

*(બુખારી શરીફ, ૧/૧૬, રક્મ, ૭૦ કિતાબુલ ઈલ્મ)*

હવે ઈન્સાફની સાથે કહો કે જે દીન સખ્તીથી રોકતો હોય અને નર્મી તથા આસાનીનો આદેશ આપતો હોય એનો પ્રચારક સખ્તી કરનાર હોય શકે છે ? હરગિઝ નહીં !

ઈસ્લામની આ જ નમ્રતા તથા પ્રેમભાવની વિચારશૈલીને અપનાવી ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ પોતાની તા'લીમાત દ્વારા મુસલમાનોને ગુમરાહી અને બેદીનીથી બચાવવાની ભરપૂર કોશિશ કરી. આપની લેખનકૃતિઓમાં ઠેક ઠેકાણે એનાં અસંખ્ય ઉદાહરણો જોઈ શકાય છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ દીને ઈસ્લામ અને શરીઅતે મુસ્તફા صلی اللہ علیہ وسلمના અઝીમ પાસબાન તથા એક મહાન સુરક્ષક હતા. તો ભલા આપની વાણી તથા વર્તણુક અને સોચ વિચાર તથા સ્વભાવમાં વળી સખ્તી, તેજી, કડકાઈ અને કડવાહટ હોઈ શકે ?!

અહીંયા અમુક ઉદાહરણો રજૂ કરવામાં આવે છે જેને વાંચી, જાણી તથા સમજીને સાહિબે ખુલ્કે અઝીમ, રહમતે આલમ صلی اللہ علیہ وسلمના આશિકે સાદિક અને સાચા નાયબ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની નરમી તથા પ્રેમભાવથી આપણા દિલો દિમાગ અને રૂહ સુદ્ધાં પ્રભાવિત થઈ જાય છે.

જુઓ ! ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ લખે છે : "શરીઅતના (મકાસિદ) હેતુઓનો માહિર સારી રીતે એ વાત જાણતો હોય છે કે શરીઅતે મુતહ્હરા નર્મી અને આસાનીને પસંદ ફર્માવે છે, ન કે મઆઝલ્લાહ! તંગી અને સખ્તી."

*(ફતાવા રઝવિય્યહ, ૫/૧૦૭, પ્રકાશક : રઝા એકેડમી–મુંબઈ)*

એક બીજા ઠેકાણે ઘણી સ્પષ્ટતા સાથે લખે છે : "**જુઓ ! નર્મીના જે ફાયદા છે તે સખ્તીમાં હરગિઝ નથી મળી શક્તા.** જો તે વ્યક્તિ સાથે સખ્તી કરવામાં આવતી તો હરગિઝ આવુ ન થાત, **જે લોકોના અકીદા મુઝબઝબ (ઢુલમુલ) હોય એમની સાથે નર્મી કરવામાં આવે જેથી તેઓ સુધરી જાય, આ જે મોટા મોટા વહાબીઓ છે શરૂઆતમાં એમની સાથે પણ ઘણી નર્મી કરવામાં આવી પરંતુ એમના દિલોમાં વહાબિયત દઢ થઈ ગઈ હતી અને ثُمَّ لَا یَعُوْدُوْنَ ના મુજબ તેમણે હક્ક ન સ્વીકાર્યું ત્યારે સખ્તી કરવામાં આવી.** રબ ફર્માવે છે :

يٰٓاَيُّهَا النَّبِيُّ جَاهِدِ الْكُفَّارَ وَالْمُنٰفِقِيْنَ وَاغْلُظْ عَلَيْهِمْ

"હે નબી ! જેહાદ ફર્માવો કાફિરો અને મુનાફિક઼ સાથે અને એમના પર સખ્તી કરો." અને મુસલમાનોને ફર્માવે છે : وَلْيَجِدُوْا فِيْكُمْ غِلْظَةً "જરૂરી છે કે તેઓ તમારામાં સખ્તી પામે." *(અલ્ મલ્ફૂઝ, ૧/૩૨, રઝા એકેડમી)*

પ્રિય વાંચકો ! કેટલુ સ્પષ્ટ ફર્માવ્યું કે નર્મી અને સહજતામાં ફાયદા છે. છતાં આપને મુતશદ્દિદ (કડક મિજાઝી) અને સખ્તગીર (સખ્તી કરનાર) કહેવું હાસ્યસ્પદ જણાય છે. જ્યારે કોઈ આપના જીવનચરિત્રનો અભ્યાસ કરે છે તો એક પ્રશ્ન એના દિમાગમાં વારંવાર ઊભો થાય છે કે આખરે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની જ ટીકા ટીપ્પણી શા માટે કરવામાં આવે છે ?!

આ પ્રશ્નનો જવાબ માહિરે રઝવિય્યાત, પ્રોફેસર મસઊદ અહમદ નક઼્શબંદી (કરાંચી) આ રીતે આપે છે : **ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના વિરોધનું સૌથી મોટુ કારણ પૂર્વજ બુઝુર્ગોના મસ્લક પર આપની અડગતા, તેના ફેલાવા માટે આપની કોશિશો અને આ મસ્લકના વિરોધીઓ પર આપની સખ્ત ટિપ્પણીઓ જણાય છે.** સારાંશ કે આપની મુસ્લેહ઼ાના, મુજદ્દિદાના અને નાક઼ેદાના કોશિશોની સખ્ત પ્રતિક્રિયા એ થઈ કે આપના પર ભાત ભાતના આક્ષેપો મૂકવામાં આવ્યા અને તેના પ્રોપેગન્ડા માટે સંપૂર્ણ બળ વાપરવામાં આવ્યું. અને જ્યાં સુધી યક઼ીન ન થઈ ગયું કે ઈલ્મી ક્ષેત્રે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની છબી બગડી ગઈ છે ત્યાં સુધી તેમણે દમ ન લીધો. કદાચ ! ઉપલક દૃષ્ટિ રાખવાવાળાઓની નજરમાં આવા આક્ષેપોનું કાંઈક મહત્વ હોય પરંતુ ઈતિહાસ પર જેમની ગેહરી નજર છે તેઓ જાણે છે કે આ આક્ષેપો પાયા વગરના છે અને અમુક રાજનૈતિક તથા ધાર્મિક પોલિસીઓના આધારે પણ લગાડવામાં આવ્યા છે."

*(ઈમામ અહમદ રઝા ઔર રદ્દે બિદઆતો મુન્કિરાત, પેજ–૮૮)*

મહબ્બતે રસૂલ صلی اللہ علیہ وسلم કેવળ ઈમાન નહીં, જાને ઈમાન અને અસ્લે ઈમાન છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની અસંખ્ય ખૂબીઓ અને

કમાલાતમાં એક વિશેષતમ ખૂબી અને કમાલ ઈશ્કે રસૂલ ﷺ છે જે આપની વિશિષ્ટ પહેચાન બન્યું.

આપ ફર્માવે છે : **"હે અઝીઝ ! ઈમાન રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત સાથે જોડાયેલ છે અને જહન્નમની આગથી નજાત આપની ઉલ્ફત પર આધારિત છે. જે આપની સાથે મહોબ્બત ન રાખે વલ્લાહ ! (અલ્લાહની ક઼સમ!) ઈમાનની ખુશ્બૂ તેના અંતર સુધી નથી પહોંચી.**

**જાને બિરાદર ! તેં કદી સાંભળ્યું છે કે જે વ્યક્તિને તારા સાથે સાચી મહોબ્બત છે એ તારા વિશે સારી વાત સાંભળી મોં બગાડે અને તેને મિટાવવાની કોશિશ કરે ?** અને મહૂબબ પણ કેવો ?! જાને ઈમાન તથા એહસાનની ખાણ ! આપના જમાલે જહાંઆરાનું દૃષ્ટાંત ક્યાંય નહીં જડે, અને કુદરતની ક઼લમે આપની તસ્વીર બનાવી હાથ ખેંચી લીધો કે હવે કદી આવું નહીં આલેખે.''
*(મજમૂઅએ રસાઈલ, મસ્અલા નૂર વ સાયા–૮૪, રઝા એકેડમી)*

મહબ્બતે રસૂલ ﷺનો પયગામ કેટલા પ્રેમભર્યા અંદાજમાં પાઠવે છે, આવા મીઠા બોલ પણ કોઈને તીખા અને કડવા લાગે તો એમાં વાંક કોનો ?! એની આંખનો....! એના દિલ અને દિમાગનો....!

આક઼ા સાથે ગુલામનો અંદાજ કેવો હોવો જોઈએ ! ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની જબાની સાંભળો !

**"હે અઝીઝ !** સમજ તથા બુદ્ધિની આંખમાં ઈન્સાફનો સુર્મો આંજ અને સ્વીકારના કાનોમાંથી નકારનાં પુમડાં કાઢી નાખ, પછી સર્વ મુસલમાનો બલ્કે દરેક ધર્મ અને જાતિના વિદ્વાનોને પૂછતો ફર કે પોતાના મહબૂબ સાથે આશિક઼ોનો તરીક઼ો શું હોય છે ? અને ગુલામોએ મૌલા (આક઼ા) સાથે શું વર્તાવ કરવો જોઈએ ? (પોતાના મહબૂબ અને આક઼ાની) ફઝીલતોને ફેલાવવી, પ્રશંસાઓની અધિક્તા કરવી, અને તેમના હુસ્ન (સુંદરતા)ની ખૂબી સાંભળીને બાગ બાગ થઈ જવું અને ફુલ્યા ન સમાવું જોઈએ, કે પછી ખૂબીઓને રદ કરવી, કમાલાતનો ઈન્કાર કરવો અને

તેમના સદ્ગુણોને જૂઠલાવવા જોઈએ ?! જો એક પણ ન્યાયપ્રિય બુદ્ધિવાન તને કહી દે કે ન તે (મહબૂબની ખૂબીઓ સાંભળી ખુશી થવું વગેરે) દોસ્તીનો ચૂકાદો છે ન આ (ખૂબીઓ અને કમાલાતનો ઈન્કાર વગેરે) ગુલામીના વિરુદ્ધ છે, તો તને ઈખ્તિયાર છે, નહીં તો અલ્લાહ અને રસૂલની શરમ રાખ અને આ અયોગ્ય કૃત્યથી રોકાય જા ! યક઼ીનની સાથે જાણી લે કે મુહમ્મદ ﷺની ખૂબીઓ તારા મિટાવવાથી મિટશે નહીં.'' *(નૂર વ સાયા–૭૬, રઝા એકેડમી)*

જયારે ઈસ્લામમાં તશદુદ (તુંડમિજાઝી) અને સખ્તી છે જ નથી તો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જેઓ શરીઅતના અનુકરણ અને સુન્નીઓની પેરવી કરવામાં અજોડ હતા, તો પછી કઈ રીતે આપ સખ્તી કરનાર હોઈ શકે છે ? એ તો સ્વભાવિક છે, તેમ છતાં હજી સંતોષ ન થયો હોય તો આપના એક ફત્વાના આ ભાગને જરા ઠંડા દિલે પઢશો, હક઼ીક઼ત શું છે તે આપમેળે જાહેર થઈ જશે.

ઈમામે ઈશ્ક઼ો મહબ્બત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ લખે છે : ''હે અઝીઝ ! બિહમ્દિલ્લાહ ! દીન આસાની અને નર્મી સાથે આવ્યો, જે પણ (એ દીન)ને આસાની અને સરળતાની સાથે અનુસરશે તેના માટે હમેશાં નર્મી અને આસાની છે અને જે તંગી તથા સખ્તીને રસ્તો અપનાવશે, આ દીન તેના માટે સખત થતો જશે, ત્યાં સુધી કે એ જ થાકી જશે અને પોતાની સખ્તીનો પસ્તાવો પોતે ઉઠાવશે.'' નબી ﷺ ફર્માવે છે : ''બેશક ! આ દીન આસાન છે અને જે પણ દીનમાં સખ્તી અપનાવશે દીન તેના પર ગાલિબ આવી જશે, એટલા માટે મધ્યમ માર્ગ અપનાવો અને પાસપાસે થઈ જાવ, અને ખુશખબરી દેતા રહો.'' *(ફતાવા રઝવિય્યહ, ૨/૧૦૬)*

જેની વાણીમાં આટલી મધૂરતા અને સંબોધનમાં આટલો પ્યાર હોય એ સખ્તી કરનાર હોય એ વાત સમજ બહારની વાત છે.

હુઝૂરે અક઼દસ ﷺની અઝમત તથા ઈઝ્ઝત અને રિફઅત તથા તા'ઝીમના સંબંધે કેટલા અનોખા અંદાજમાં ઉમ્મતે મુસ્લિમાને પયગામ આપે છે :–

**"જાને બિરાદર !** પોતાના ઈમાન પર રહમ કર ! ખુદાએ કહ્હારો જબ્બાર ﷻની સાથે લડાઈ ન વહોર ! તારા અને તમામ મખ્લૂક઼ના સર્જન પહેલાં તે લખી ચૂક્યો."

ફર્માવવામાં આવે છે : **وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ** "હે મહબૂબ મારા ! મેં તારા માટે તારું ઝિક્ર બુલંદ કરી દીધું" કે જ્યાં મને યાદ કરવામાં આવશે ત્યાં તારો પણ ચર્ચો થશે અને તારી યાદ વિના ઈમાન સંપૂર્ણ નહીં થાય. આસ્માનોના તબક઼ા અને ધરતીના પાતાળોમાં તારા પવિત્ર નામથી ગુંજી ઉઠશે, મોઅઝ્ઝિન અઝાનોમાં, ખતીબ ખુત્બાઓમાં, ઝાકિરીન પોતાની મજલિસોમાં અને વાઈઝીન પોતાના મિમ્બરો પર મારા ઝિક્રની સાથે તારી યાદ કરશે, સર્વ વૃક્ષો તથા પથ્થરો, હરણો તથા ગોહ તથા અન્ય જાનદારો, દૂધ પીતાં બાળકો તથા કાફિરોના (બનાવટી) મઅબૂદો જે રીતે મારી તૌહીદ બતાવશે એ જ પ્રમાણે સ્પષ્ટ રીતે તારી રિસાલતનું ચોખ્ખી સહીહ બોલીમાં વર્ણન સંભળાવશે, દુનિયાના ચારે ખૂણામાં **لَا اِلٰهَ اِلَّا اللّٰه محمد رسول اللّٰه** નો શોર થશે, અઝલી બદ્‌બખ્તોના સિવાય દરેક વસ્તુ કલ્મએ શહાદત પઢતી હશે, મલએ આ'લામાં તસ્બીહ કરવાવાળાઓને અહીંયાં પોતાની તસ્બીહ તથા પાકીમાં વ્યસ્ત રાખીશ તો ત્યાં (ધરતી પર) તારા પવિત્ર આગમનની ખુશી મનાવવાનો હુકમ આપીશ, અર્શ, કુર્સી, સિદ્રાના સાતવે વરક઼, જન્નતના મહેલો પર જ્યાં "અલ્લાહ" લખીશ ત્યાં "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" (ﷺ) પણ લખીશ, પોતાના પયગંબરો અને ઉલૂલ અઝ્મ રસૂલોને ફર્માવીશ, હર વક઼્ત તારું ઝિક્ર કરે અને તારી યાદથી પોતાની આંખોને રોશની, જિગરને ઠંડક, દિલને આરામ અને પોતાની મેહફિલોને ઝીનત આપે, જે કિતાબ ઉતારીશ એમાં તારા વખાણ, તારી પ્રશંસા તથા ખૂબસૂરતી અને કિરદારના કમાલને એવી સ્પષ્ટતા સાથે વર્ણવીશ કે સાંભળનારાઓનાં દિલ બેઈખ્તિયાર તારા તરફ ઝુકી જશે અને તારા ઈશ્ક઼ની શમ્અ એમના કાનો તથા સીનાઓમાં ભડકી ઉઠશે. એક જગત તારું દુશ્મન થઈ તારી શાનને ઘટાડવા અને ફઝાઈલને મિટાવવાની કોશિશ કરે તો હું ક઼ાદિરે મુત્લક

(સર્વ શક્તિમાન) છું ! મારી સામે કોઈનું શું ચાલવાનું ?! (અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺની સાથે કરેલા) આ જ વાયદાનું પરિણામ હતું કે યહૂદીઓ પોતાની કિતાબોમાંથી સેંકડો વરસોથી આપનું ઝિક્ર (વર્ણન) કાઢી ચંદ્ર પર માટી નાંખે છે ! તો ઈમાનવાળાઓ એટલા ઊંચા અવાજે આપની નઅત (પ્રશંસાઓ) સંભળાવે છે કે સાંભળનાર જો ઈન્સાફ કરે તો આપો આપ પોકારી ઉઠે, લાખો બેદીનોએ આપના ફઝાઈલને મિટાવવાની કોશિશ કરી, પરંતુ મિટાવવાળા પોતે મિટી ગયા જ્યારે આપની ખૂબીઓ દિન પ્રતિ દિન વધતી રહી છે, પછી તો (યહૂદીઓએ ઝિક્રે મહબૂબ ﷺને મિટાવવાના) પોતાના મક્સદથી નિરાશા અને નાઉમ્મીદી કરી લેવી યોગ્ય છે. નહીં તો રબ્બે કા'બાની કસમ ! (આપ ﷺના ઝિક્રને મિટાવવાના પ્રયાસોથી) આપને કાંઈ નુકસાન નથી, છેવટે એક દિવસ તું નહીં રહે, તારું ઈમાન નહીં રહે.''

ઝિક્ર મુસ્તફા ﷺની અઝમત તથા રિફઅતનું વર્ણન કરી નસીહત કરતાં લખે છે :–

''હે અઝીઝ ! પૂર્વજ બુઝુર્ગોનો માર્ગ અપનાવ અને એમના ડગ પર ડગ રાખ ! દીનના ઈમામોનો તરીકો આવી બાબતોમાં હમેશાં સ્વીકાર્ય રહ્યો છે. જ્યારે કોઈ ભરોસાપાત્ર ઈમામે કોઈ મો'જિઝો અથવા વિશિષ્ટતાનું વર્ણન કર્યું તો એને સ્વીકારીને કર્યું, અને પોતાના અંતરમાં દિલથી સ્થાન આપ્યું ત્યાં સુધી કે હદીષોમાં પોતે તેની અસ્લ ન પામ્યા તો વાંક પોતાની દૃષ્ટિનો સમજ્યા, એ પણ ન કહ્યું કે ગલત છે, બાતિલ છે, કોઈ હદીષમાં નથી આવ્યું. એવું પણ ન બન્યું કે જ્યાં સુધી હદીષથી સબૂત ન મળ્યું હતું તેને વર્ણન ન કરતાં બલ્કે એ ભરોસાપાત્ર ઈમામ પર ભરોસો રાખી પોતાની કિતાબોમાં એ જ રીતે લખતા રહ્યા, અને કેમ ન હોય, અકલે સલીમનો ચૂકાદો આ જ છે.''

*(મજમૂઅએ રસાઈલ, મસ્અલા નૂર વસાયા, ૭૬, ૭૭)*

નજાત પામનાર જમાઅત એટલે કે અહલે સુન્નત વલ જમાઅતના અનુસરણ સરવા સંબંધે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અલ્લામા સૈયદી

અહમદ મિસ્રી તહ્તાવી رحمۃ اللہ علیہના હવાલાથી લખે છે :–

**"હે મુસલમાનોના ગિરોહ !** તમારા પર નાજી ફિર્કા (નજાત પામનાર ફિર્કા) અહલે સુન્નત વલ જમાઅતનું અનુસરણ અનિવાર્ય છે એટલા માટે કે અલ્લાહની મદદ અને તેનું હાફિઝો કારસાઝ રહેવું એહલે સુન્નતના અનુસરણમાં છે, અને તેનું છોડી દેવું અને ગઝબ ફર્માવવું અને દુશ્મન બનાવવું સુન્નીઓની વિરુદ્ધમાં છે. અને એ નજાત પામનાર ગિરોહ હવે ચાર મઝહબોમાં એકત્ર છે, હનફી, માલિકી, શાફઈ, હંબલી, અલ્લાહ તઆલા એ સર્વ પર રહમત ફર્માવે, આ જમાનામાં એ ચાર (મઝહબો)થી બહાર નીકળનાર બિદઅતી જહન્નમી છે."

*(ફતાવા રઝવિય્યહ્, ૩/૨૯૨)*

હકીકત તો એ છે કે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہને ત્યાં સખ્તી, તેજી, કડકાઈ અને કડવાહટ જેવી કોઈ વસ્તુ છે જ નથી, સખ્તી અને તશદ્દુદ (તુંડ મિજાઝી) ક્યાં અને કોની કિતાબોમાં છે એ હઝરત ખ્વાજા હસન નિઝામીની જબાની સાંભળો :–

"મૌલાના અહમદ રઝા ખાન જે કહે છે એ જ કરે છે, અને આ એક એવો ગુણ છે જેની આપણે સૌએ પૈરવી કરવી જોઈએ. તેમના વિરોધી વાંધો ઉઠાવે છે કે મૌલાના (ઈમામ અહમદ રઝા)ના લખાણોમાં સખ્તી બહુ છે. તેઓ બહુ જલ્દી બીજાઓ પર કુફ્રનો ફત્વો લગાડી દે છે, પરંતુ એ લોકોએ મૌલાના ઈસ્માઈલ દહેલ્વી અને તેમના ચેલાઓની દિલ આઝાર (દિલને ઠેસ પહોંચાડતી) કિતાબો કદાચ નહીં વાંચી હોય જેમને વરસોથી સૂફીયાએ કિરામ બરદાશ્ત કરતા રહ્યા. એ કિતાબોમાં જેવી સખત બદ્કલામી આચરવામાં આવી છે એને જોતાં જ્યાં સુધી મારો ખ્યાલ છે મૌલાના અહમદ રઝા ખાન સાહબે અત્યાર સુધી ઘણુ ઓછુ લખ્યું છે. સૂફીઓની જમાઅત ઈલ્મી સ્તરે મૌલાના મૌસૂફ (ઈમામ અહમદ રઝા)ને પોતાનો બહાદૂર સફ શિકન અને સૈફુલ્લાહ (અલ્લાહની તલ્વાર) સમજે છે અને ઈન્સાફ એ છે કે બિલ્કુલ બરાબર સમજે છે."

*(સેહમાહી અફકારે રઝા–મુંબઈ, ટાઈટલ, એપ્રિલ–જૂન ઈ.સ. ૨૦૦૬)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ મુસલમાનોના એક મહાન ખેરખ્વાહ અને હમદર્દ હતા. અને જે હમદર્દ હોય છે એના સીનામાં દર્દ હોય છે, લાગણી હોય છે, ચિંતા હોય છે. હવે કોઈ એ જ હમદર્દી અને લાગણીને સખ્તી સમજે તો એના માટે સારી સમજની દુઆ સિવાય બીજો તો શું ઈલાજ કરી શકાય છે ?

બદ્‌મઝહબોની સાથે મેલજોલ અને રિશ્તાના વિશે એક મહાન હમદર્દ પોતાની કૌમ માટે દીની દર્દ કેટલા લાગણીભર્યા શબ્દોમાં વ્યક્ત કરે છે :–

"મુસલમાનો ! જરા ખુદા વ રસૂલની તરફ ધ્યાન આપી ઈમાનની સાથે દિલ પર હાથ રાખી જુઓ, કે અમુક લોકો તમારા મા બાપને વિના કારણે ગંદી અત્યંત ખરાબ ગાળો ભાંડવાને પોતાની આદત બનાવી લે, બલ્કે તેને પોતાનો દીન ઠરાવી લે ! શું તમે એમની સાથે હસતા મૂખે મળશો ?! હરગિઝ નહીં ! જો તમારામાં નામ માત્રની પણ ગૈરત હશે, તમારામાં માનવતા હશે, જો તમે પોતાની માને મા સમજતા હશો, જો તમે બાપને બાપ સમજતા હશો તો એમને જોઈ તમારાં દિલ ભરાઈ જશે, તમારી આંખોમાં લોહી ઉતરી આવશે, તમે એમની તરફ જોવાનું પણ પસંદ નહીં કરો. અલ્લાહના વાસ્તે ઈન્સાફ કરો ! સિદ્દીકે અકબર અને ફારૂકે આ'ઝમ رضی اللہ عنہما વધારે કે તમારાં મા બાપ ?! ઉમ્મુલ મુ'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا વધારે કે તમારી મા ?! આપણે સિદ્દીક તથા ફારૂક (رضی اللہ عنہما)ના અદના ગુલામ છીએ અને અલ્હમ્દુલિલ્લાહ ! કે ઉમ્મુલ મુ'મિનીનના બેટા કહેવાઈએ છીએ, તેમને ગાળો આપનારાઓ સાથે જો એ વર્તાવ ન કરીએ જે આપણે પોતાની મા બલ્કે આપણને પોતાને ગાળો ભાંડવાવાળાઓ સાથે કરો છો તો આપણે ઘણા જ નમક હરામ અને અત્યંત બુરા, નાલાયક બેટા છીએ ! ઈમાનનો ચૂકાદો તો આ જ છે, પછી તમે જાણો અને તમારું કામ." *(અલ્ મલ્ફૂઝ, ૧/૯૮)*

આ સર્વ વિગતોને જાણવા પછી એ હકીકતને સમજવું તથા સ્વીકારવું મુશ્કેલ નહીં રહે કે ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ ઘણા

જ રહમ દિલ, દયાળુ તથા મુસલમાનોના એક મહાન ખૈરખ્વાહ અને અખ્લાક઼ી ખૂબીઓથી માલામાલ હતા, સખ્તી કરનાર હરગિઝ ન હતા.

મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી (એડિટર માહનામા અશ્રફિયા, મુબારકપુર) અશ્રફિયા, માર્ચ–૨૦૦૮ લખે છે :–

''ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પોતાના આક઼ા મદની તાજદાર ﷺના સાચા ગુલામ અને પાકા વફાદાર હતા. તેમણે આક઼ા ﷺની સુન્નતોનું સહેજ ઉલ્લંઘન ન કર્યું, આપ જાહેર જીવનથી લઈ એકાંત સુધી શરીઅત તથા તરીક઼તના પાબંદ રહેતા. જેની આંખોમાં અખ્લાક઼ે નબવીની તસ્વીર ફરતી હોય તે કદી સખત મિજાઝ નથી હોઈ શકતો, તે કદી સખ્તીને પસંદ કરનાર નથી હોય શકતો. તે માનવતાના પ્રતીક હતા, ઈન્સાની હક્ક઼ને અદા કરવું એ આપની વિશેષ ખૂબી હતી, આજિઝી અને ઈન્કેસારી આપનો સદ્‌ગુણ હતો, તેમની મનમોહક જિંદગીનો અભ્યાસ કરો મહોબ્બત જ મહોબ્બત નજર આવશે.''

*(માહનામા અશ્રફિયા–મુબારકપુર, ૩–માર્ચ–૨૦૦૮,*
રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા દયાદરવી ,
*ફેબ્રુઆરી–૨૦૧૧, બરકાતે ખ્વાજા–માસિક)*

## ઈમામ અહમદ રઝાનો ઈબાદતથી અનોખો લગાવ

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના જીવન ચરિત્રનું બીજુ નામ "ઈશ્કે રસૂલ" ﷺ તથા "ઈતાઅતે મુસ્તફા" છે. મેં (મૂળ લેખકે) આ'લા હઝરતના લખાણો તથા પત્રોની રોશનીમાં આપની વાસ્તવિક સુંદરતાને નિહારી છે, અને એવા રંગબેરંગી પ્રતિબિંબો જોયાં છે જેમાં આપની જાહેરી સ્થિતિ પણ છે અને એકાંતવાસ પણ, જાહેર પણ છે અને બાતિન પણ, સફર પણ છે અને મુકામ પણ, આઘાત તથા દુઃખના કષ્ટદાયક પ્રસંગો પણ છે અને ખુશી તથા આનંદના મનમોહક દ્રશ્યો પણ, જવાનીની સદાચારીઓ તથા રીતભાતો પણ છે તથા વૃધ્ધાવસ્થાના નમૂનાઓ પણ છે. આ સર્વ તે મહાન હસ્તીની સુંદરતાની ઝલકો તથા તેમનું આંત્રિક સ્વરૂપ છે. અધિક આગળ વધીને તે ઝલકોની ઉંડાઈમાં ઉતરીને જુઓ તો તે ઈત્તિબાએ સુન્નત (સુન્નતની પેરવી)નાં ચમકદાર કિરણો તેમજ ઈમાનને તાજગી પ્રદાન કરનાર મોહક અદાઓ પણ છે એક એક પ્રતિબિંબ પોતાની જગ્યાએ અલ્લાહની મહોબ્બતના ચમકતાં મોતી અને ઈશ્કે રિસાલત ﷺ ની ઉજ્જળ ઝલકો છે.

આ'લા હઝરત જાતે ફર્માવે છે :–

**જાન હૈ ઈશ્કે મુસ્તફા રોઝ ફ્ઝૂં કરે ખુદા**
**જિસ્કો હો દર્દકા મઝા નાઝે દવા ઉઠાએ કયૂં**

અમે આ છબીઓની રોશનીમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہના પવિત્ર જીવનના રાત દિવસોનું જ્યાં સુધી નિરીક્ષણ કર્યું છે તેના આધારે તેમના પવિત્ર જીવનની દરેકે દરેક ઘડી ઈત્તિબાએ રસૂલ ﷺ નો જીવંત નમૂનો જોવા મળે છે. અહિંયા ઉદાહરણરૂપે આપની ઈબાદત પ્રત્યેના ઉમંગ તથા શોખ અંગેના અમુક નમૂનાઓ રજૂ કરવામાં આવે છે જેના દ્વારા એ

સ્પષ્ટ થઈ જશે કે મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ પોતાના જીવનને શરીઅતના સાયામાં કઈ રીતે ઢાળ્યું હતું.

## ★ નમાઝની પાંબદી વિશે હદીષોમાં તાકીદ ★

નમાઝ એવી અઝીમ ઈબાદત છે જે સર્વ ઈબાદતોમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે. અલ્લાહના પ્યારા રસૂલ صلی اللہ علیہ وسلم એ તેને પોતાની આંખોની ઠંડક બતાવી છે. ઈર્શાદ ફર્માવે છે : "મારી આંખોની ઠંડક નમાઝમાં રાખવામાં આવી છે." *(મિશ્કાત શરીફ)*

સફર કે મુકામ પર દરેક સ્થિતિમાં સમય પર નમાઝ અદા કરવાને જરૂરી કરી દેવામાં આવ્યું છે, અને તેનાથી ગફલત તથા લાપરવાહી અંગે જહન્નમના અઝાબની ધમકી પણ આપવામાં આવી છે.

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ નું બયાન છે કે એક વ્યક્તિએ અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلم ની બારગાહમાં અર્ઝ કરી, હે અલ્લાહના રસૂલ ! صلی اللہ علیہ وسلم ઈસ્લામમાં અલ્લાહ તઆલાને સૌથી વધુ કઈ વસ્તુ પ્યારી છે ? આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, "સમય પર નમાઝ અદા કરવી. જેણે નમાઝ છોડી તેના માટે દીન ન રહ્યો અને નમાઝ દીનનો સુતૂન (આધાર) છે."

*(ફતાવા રઝવિય્યહ–૨, શુઅ્બુલ ઈમાન તથા બયહકીના હવાલાથી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક દિવસ હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن થી પૂછયું કે તમને ખબર છે કે તમારો રબ શું ફર્માવે છે? (સરકાર صلی اللہ علیہ وسلم એ ત્રણવાર પૂછયું અને દરેક વાર સહાબાએ) અર્ઝ કરી, " અલ્લાહ તથા તેના રસૂલ صلی اللہ علیہ وسلم સારી રીતે જાણે છે." તો આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, "તમારો પરવરદિગાર ફર્માવે છે કે મને મારી ઈજ્જત તથા જલાલ (શાનો શૌકત)ની કસમ ! જે વ્યક્તિ નમાઝ વખત પર પઢશે તેને જન્નતમાં દાખલ ફર્માવીશ, અને જે વ્યક્તિ વખત સિવાય પઢશે (નમાઝનો સમય પસાર થઈ ગયા પછી) તો (હું) ચાહું તો તેના ઉપર મહેરબાની કરું અને ચાહું તો તેને અઝાબ આપું."

*(તિબ્રાની સાલેહની સનદથી)*

હઝરત સઅદ ઈબ્ને વક્કાસ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં નબી કરીમ ﷺ થી પૂછયું કે તે કોણ લોકો છે જેમના વિશે કુર્આને પાકમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

فَوَيۡلٌ لِّلۡمُصَلِّيۡنَ الَّذِيۡنَ هُمۡ عَنۡ صَلَاتِهِمۡ سَاهُوۡنَ

''ખરાબી છે તેવા નમાઝીઓ માટે જેઓ પોતાની નમાઝથી બેખબર છે. *(સૂ. માઊન–૪,૫)*

આપ ﷺ એ ફર્માવ્યું ''આ (આ આયત તેવા લોકોના વિશે છે જેઓ નમાઝને તેના સમયથી હટાવીને (બીજા સમયમાં) પઢે છે.

*(બઝ્ઝાર, મુહુસ્સુન્નાહ)*

(ઉપરોક્ત બંને હદીષો ફતાવા રઝવિય્યહ ભાગ–૨, ''હાજિઝુલ્ બહરૈન''માં આ'લા હઝરતે નક્લ કરી છે.)

આ તમામ અલ્લાહના મહબૂબ સૈયદે આલમ ﷺ ના પવિત્ર ઈર્શાદો છે. જેમણે એક તરફ તો પોતાની ઉમ્મતને નમાઝની પાંબદીનો હુકમ આપ્યો છે અને બીજી તરફ તેના ઉપર અમલ કરીને દુનિયાને દેખાડી પણ આપ્યું. આપ ﷺ દરેક નમાઝ સહાબાએ કિરામની સાથે તેના સમય પર જ અદા કરતા હતા.

ઈમામ અહમદ રઝા, રસૂલે આઝમ ﷺ ના સાચા પેરોકાર (અનુયાયી) હતા જેથી પોતાના પ્યારા રસૂલ ﷺ ને જે કહેતાં સાંભળ્યા તે જ કહેવા લાગ્યા અને જે કરતાં જોયા તેના ઉપર અમલ કરવા લાગ્યા. આપની ઝાત રસૂલુલ્લાહ ﷺ ની હદીષ **صلوا کما رأیتمونی اصلی**નું ખૂબસૂરત અક્સ (પ્રતિબિંબ) છે, સફર તથા મુકામ દરેક જગ્યાએ આપ નમાઝના સમયે રસૂલુલ્લાહ ﷺ ના ઉસ્વા (નમૂના) મુજબ અલ્લાહની બારગાહમાં સજદા રેઝ થઈ જતા. જેમ કે નિમ્ન વાક્યાઓ ગવાહ છે :–

## ★ નમાઝની પાબંદીના ઈમાન અફરોઝ વાકિઆ ★

**(૧)** હિ.સ. ૧૩૩૭, ઈ.સ. ૧૯૧૯માં આ'લા હઝરતે ઈદુલ ઈસ્લામ હઝરત મૌલાના અબ્દુસ્સલામ સાહબ عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ના

આમંત્રણ પર નવલપૂરનો સફર બીમારીની હાલતમાં કર્યો. સફરના પ્રારંભનું વર્ણન હુઝૂર બુરહાને મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ આ પ્રમાણે કરે છે :–

"સવારે ૪ વાગ્યે આ'લા હઝરત હઝરત, મૌલાના હામિદ રઝાખાં (હુજ્જતુલ ઈસ્લામ), હાજી કિફાયતુલ્લાહ સાહબ તેમજ ખાદિમ બુરહાન, ગાડી ઉપર (બરેલી રેલ્વે સ્ટેશન) જવા માટે રવાના થયા. મેં અરજ કરી કે હુઝૂર ! બરાબર નમાઝના સમયે ગાડી રવાના થશે, ફજરની નમાઝ કયાં અદા કરીશું ? આ'લા હઝરતે મુસ્કુરાઈને જવાબ આપ્યો, ઈન્શાઅલ્લાહ ! પ્લેટફોર્મ ઉપર !

સ્ટેશન પર પહોંચ્યા તો જાણવા મળ્યું કે ગાડી ચાલીસ મિનિટ લેટ છે. પ્લેટફોર્મ પર મુસલ્લો, ચાદરો તેમજ રૂમાલ બિછાવી દેવામાં આવ્યાં અને અલ્લાહના કરમથી ઘણા બધા લોકોએ આ'લા હઝરતની પાછળ નમાઝે ફજર અદા કરી. આ આ'લા હઝરતની કરામત હતી કે ઈત્મિનાનથી નમાઝથી ફારિગ થઈ ગયા."

*(ઈકરામે ઈમામ અહમદ રઝા–૮૬, ૮૭)*

**(૨)** હઝરત મૌલાના અબ્દુસ્સલામ સાહબ પોતાના સાથીઓ સાથે આ'લા હઝરતના સ્વાગત માટે કટની સુધી ચાલી આવ્યા હતા. આગળનો પ્રારંભ બુરહાને મિલ્લત આ પ્રમાણે રજૂ કરે છે.

"ટ્રેન ચાર વાગ્યે કટની (સ્ટેશન) પર પહોંચી આ'લા હઝરત માટે વુઝૂની વ્યવસ્થા કરવામાં આવી. ફર્માવ્યું, ફજરની નમાઝ ક્યાં થશે ? અરજ કરી, સુલેમાનાબાદમાં, પરંતુ માત્ર ત્રણ મિનિટ ગાડી થોભે છે, હુઝૂર વુઝૂ ફર્માવી લો. ખાદિમ (હમણા) હાજર થાય છે. હું ઈન્જીન તરફ આગળ વધ્યો, જોયું કે ડ્રાઈવર મુસલમાન છે અને તે પણ આ'લા હઝરતની કદમ બોસી કરીને જઈ રહ્યો છે. મારાથી મુસાફો કર્યો તો મેં કહ્યું, સુલેમાનાબાદમાં ફજરની નમાઝ અદા કરવાની છે. તેણે પુછ્યું, કેટલો સમય લાગશે? મેં કહ્યું, ૧૨/૧૫ મિનિટ. તેણે કહ્યું, હું લેટ કરી દઈશ. ગાર્ડ પણ મળી ગયો, તેણે પણ સંતુષ્ઠ કરી આપ્યા. ગાડી

સમય પર સુલેમાનાબાદ પહોંચી. પ્લેટફોર્મ ઉપર જા નમાઝ, ચાદરો તથા રૂમાલો બિછાવીને લગભગ ૩૦૦ લોકોની જમાઅત થઈ. આખી ટ્રેનના મુસાફરો જોઈ રહ્યા હતા, આ'લા હઝરત ઈત્મિનાનની સાથે વઝીફાથી ફારિગ થઈને ગાડીમાં તશ્રીફ લાવ્યા. *(ઈકરામે ઈમામ અહમદ રઝા–૮૮)*

**(૩)** જબલપૂરના આખા સફર દરમિયાન આ'લા હઝરતના મામૂલાતમાંથી હઝરત બુરહાને મિલ્લતે એક આ પણ જણાવ્યું છે કે, ''નમાઝ માટે પાંચેવ સમયે મસ્જિદમાં પગપાળા તશ્રીફ લાવતા.'' *(ઈકરામે ઈમામ અહમદ રઝા–૮૯)*

તે દિવસોમાં હઝરત મૌલાના અબ્દુસ્સલામ તે મસ્જિદમાં નમાઝ અદા કરવા માટે જતા હતા જે જૂની કોતવાલી તરફ છે. જેની દૂરી આપના દૌલતખાના (ઘર)થી પાંચસો કદમથી પણ વધુ છે. એક કમજોર તથા વૃધ્ધ વ્યક્તિ માટે આટલી દૂરી પણ ઘણી છે, બલ્કે આ દૂરી (તેની) શક્તિથી પણ વધુ કહેવાય.

**(૪)** જબલપૂરથી પરત થઈને ૨૨ રજબ ૧૩૩૭ હિ.સ.માં આ'લા હઝરતે બરેલીથી હઝરત ઈદુલ ઈસ્લામને આ પત્ર લખી મોકલ્યો :–

''સોમવારની રાત્રે ૮ વાગ્યે ખૈરિયતની સાથે બરેલી સ્ટેશન પર આવ્યો, રસ્તામાં અલ્લાહના ફઝ્લથી મોટી નેઅમત એ પામી કે મગરિબની નમાઝની ચિંતા હતી. શાહજહાંપૂરમાં ૬:૩૩ (ટ્રેનનું) આગમન હતું જ્યારે કે મગરિબનો સમય ન હોત અને માત્ર ૮ મિનિટનું રોકાણ પરંતુ ગાડી અલ્લાહના ફઝલથી ૧૫ મિનિટ લેટ થઈને શાહજહાંપૂર પહોંચી અને ૧૦ મિનિટ સુધી થોભી. જેથી સંપૂર્ણ સુકૂનની સાથે નમાઝ સારા સમય પર અદા થઈ ગઈ. અલ્હમ્દુલિલ્લાહ ! મોટર ગાડી જે સાથીઓની સાથે હતી (જેઓ સ્વાગત માટે સ્ટેશન ઉપર ઘણી સંખ્યામાં આવ્યા હતા) ધીરે ધીરે મોડેથી મકાન પર પહોંચ્યા. ફકીરે (આ'લા હઝરતે) મસ્જિદથી શરૂઆત કરી, ઈશાની નમાઝ થઈ.''

*(ઈકરામે ઈમામ અહમદ રઝા–૯૯)*

**(૫)** આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ૫૨ (બાવન) વર્ષની ઉંમરમાં બીજી

હજ માટે સફર કર્યો. હજ્જના અરકાનની અદાયગી પછી આપ એટલા બીમાર થઈ ગયા કે બે મહીનાથી વધુ આપ બિસ્તર પર રહ્યા. જ્યારે થોડાક સ્વસ્થ થયા તો ૨૪, સફર હિ.સ. ૧૩૨૪માં રોઝએ અન્વરની ઝિયારત માટે મક્કા મોઅઝ્ઝમાથી રવાના થઈને જિદ્દાથી કશ્તી (બોટ) દ્વારા ''રાબેગ'' (જગ્યાનું નામ) પહોંચ્યા અને ત્યાંથી મદીનતુર્રસૂલ જવા માટે ઊંટની સવારી કરી. હવે આગળની ઘટના ખૂદ આ'લા હઝરત رحمۃ اللہ علیہની ઝબાની સાંભળો :–

''રસ્તામાં જ્યારે ''બીરે શૈખ'' ઉપર પહોંચ્યાં તો મંઝિલ થોડાક માઈલ દૂર હતી અને ફજરનો સમય થોડોક બાકી રહ્યો હતો. જમ્માલો (ઊંટવાળાઓ)એ મંઝિલ પર પહોંચીને જ થોભવાનું વિચાર્યું પણ ત્યાં સુધી નમાઝનો સમય (બાકી) ન રહેત. હું (આ'લા હઝરત) અને મારા સાથીઓ ઉતરી પડયા. કાફલો (આગળ) ચાલી નીકળ્યો પાણી ભરવાની ડોલ પાસે હતી પરંતુ રસ્સી ન હતી અને કૂવો પણ ઊંડો હતો. અમામા બાંધીને પાણી ભર્યું અને વુઝૂ કર્યું. બિહમ્દિલ્લાહ નમાઝ અદા થઈ ગઈ. હવે ચિંતા એ થવા લાગી કે લાંબી માંદગીના કારણે સખત કમજોરી આવી ગઈ છે, આટલા માઈલ પગપાળા કઈ રીતે ચાલી શકાશે ?! મોઢું ફેરવીને જોયું તો એક અજનબી જમ્માલ (ઊંટવાળો) પોતાનું ઊંટ લઈને મારી પ્રતિક્ષામાં ઉભો છે. અલ્લાહનો શુક્ર અદા કર્યો તેના ઉપર સવાર થયો. લોકોએ જ પૂછયું, તું આ ઊંટ ક્યાંથી લાવ્યો ? તેણે કહ્યું, અમને શૈખ હુસૈને તાકીદ કરી હતી કે શેખ (આ'લા હઝરત)ની ખિદમતમાં કમી ન કરતો. થોડુક અંતર ત્યાંથી આગળ ચાલ્યા તો જોયું કે મારો પોતાનો (આ'લા હઝરતનો) જમ્માલ (ઊંટવાળો) ઊંટ લઈને ઉભો હતો. તેને પૂછયું, ઊંટને આગળ લઈ જવાનું કારણ તથા ત્યાં ઉભા રહેવાનું કારણ ? તો તેણે કહ્યું કે જયારે કાફલાના ઊંટોવાળા જ ન રોકાયા તો તેમની સાથે થઈ ગયો, પણ પછી મેં દિલમાં વિચાર્યું કે શૈખને (આ'લા હઝરતને) તકલીફ થશે, (જેથી) કાફલામાંથી ઊંટ ખોલીને પાછુ લઈ આવ્યો.

આ સર્વ મારા સરકારે કરમની મહેરબાનીઓ હતી, નહીં તો ક્યાં આ ફકીર અને ક્યાં સરદાર રાબેઅ શૈખ હુસૈન કે જેમનાથી ન કોઈ જાણ ન પહેચાન અને કયાં જંગલી સ્વભાવનો જમ્માલ (ઊંટવાળો) અને તેનું આ સ્વભાવ વિરૂધ્ધ વર્તન ! *(અલ્ મલ્ફૂઝ–૨, પેજ–૩૨, ૩૩)*

સુબ્હાનલ્લાહ ! આ છે નમાઝનો શોખ તથા ઈબાદતોમાં રૂચી ! કે નમાઝ છૂટી જવાના અંદેશાથી દિલ બેકરાર તથા બેચેન થઈ ઉઠયું, સમય પર નમાઝ અદા થઈ ગઈ તો દિલને કરાર તથા ચેન મળી ગયું અને જાનમાં જાન આવી ગઈ. મહીનાઓની લાંબી માંદગી તથા સખત કમજોરી છતાં દરેક પ્રકારની તકલીફ તથા પરેશાનીથી બિલકુલ બેપરવા થઈને કાફલાનો સાથ છોડી આપ્યો. પરંતુ "અહબ્બુલ ઈબાદાત" (સૌથી પ્રિય ઈબાદત) નમાઝને છોડવાનું ગવારા ન કર્યું. આ આશિકે રસૂલ ﷺ (આ'લા હઝરત) તેને સૌથી મહાન નેઅ્મત સમજે છે અને અલ્લાહ તઆલાની આ નવાઝિશ પર તેનો શુક્ર પણ અદા કરે છે. નિશ્ચિત રીતે જે વસ્તુ અલ્લાહના નજીક સૌથી વધુ પ્રિય હોય તે એક કામિલ મોમિન માટે નેઅ્મતે ઉઝમા (મહાન નેઅ્મત) જરૂર હશે.

અને કુર્બાન થઈ જાવ ઈત્તેબાએ રસૂલ ﷺ પ્રત્યેના આવા પરિપૂર્ણ જઝબા ઉપર કે આપ (આ'લા હઝરત) સવા મહીના પછી બહારથી પોતાના પ્યારા વતનમાં પહોંચ્યા હતા પરંતુ ઓલાદ તથા બીવી બચ્ચાંઓની મુલાકાત કરતા પહેલાં કશાં કશાં (મસ્તીની સ્થિતિમાં) અલ્લાહના ઘરમાં હાજરી આપી રહ્યા છે કે કાંઈ એવુ ન બને કે ઔલાદથી મુલાકાત કરવામાં જમાઅત ન છૂટી જાય. આને કહેવાય નમાઝની પાબંદી અને સજદાનો શોખ !

## ★ બીમારીની હાલતમાં નમાઝ ★

નમાઝ મોટીથી મોટી બીમારી તથા અત્યંત કમજોરીની હાલતમાં પણ માફ નથી. અમુક વિશેષ સ્થિતિઓ સિવાય જો હોશો હવાસ બાકી હોય તો દરેક સ્થિતિમાં તેની અદાયગીને ફરજ કરી દેવામાં આવી છે. પરંતુ હા ! તેની અદાયગીના તરીકાઓમાં નરમી તથા સહુલતનો લેહાઝ

કરવામાં આવ્યો છે. જેમ કે ઉભા ન રહી શકતા હોય તો લાકડીના સહારે નમાઝ પઢો. બેસવાની શકિત ન હોય તો કોઈ વસ્તુ ઉપર ટેક લગાડીને નમાઝ પઢો. તેની પણ શક્તિ ન ધરાવતા હોય તો આડા પડીને સૂઈને ઈશારાથી તેની બંદગીનો સજદો બજાવી લાવો. ઈર્શાદે રિસાલત ﷺ છે : ઉભા થઈને નમાઝ પઢો, જો એટલી શક્તિ ન હોય તો બેસીને પઢો અને એ પણ ન થઈ શકે તો સૂઈને ઈશારા વડે (નમાઝ) અદા કરો.

*(બુખારી તથા સુનને અરબાના હવાલાથી)*

પોતે સરકાર ﷺ નો અમલ પણ આ જ રહ્યો કે પોતાની માંદગી તથા સખત કમજોરીની હાલતમાં બેસીને નમાઝ અદા ફર્માવી છે.

આ'લા હઝરતની જિંદગી રસૂલુલ્લાહ ﷺ ના ઈર્શાદો (આદેશો) તથા અમલોની સંપૂર્ણ અમલી છબી હતી. ઉભા રહેવા શક્તિ છે તો ઉભા રહીને સંપૂર્ણ રીતે મગ્ન થઈને મૌલાથી રાઝો નિયાઝની વાતોમાં વ્યસ્ત છે. શરીરમાં શક્તિ નથી તો લાઠીના સહારે ઉભા રહે છે, તેના જ સહારે રૂકૂઅ તથા સજદા પણ અદા કરી રહ્યા છે, પરંતુ ક્યારે પણ પોતાની રાહત તથા આરામ માટે નમાઝ નથી છોડી.

**(૧)** હઝરત મૌલાના અબ્દુસ્સલામ સાહબ رحمۃ اللہ علیہ ના નામે લખેલ પોતાના એક પત્રમાં આપ લખે છે. *(૪, રબીઉલ્ અવ્વલ હિ.જ. ૧૩૩૪)*

''અઢી વર્ષથી ભલે કમરદર્દ, સરદર્દ, ગુર્દામાં પિડા વગેરે જેવી બીમારીઓ લાગુ થઈ ગઈ છે, ક઼યામ, ક઼ાયદાઓ, રુકૂઅ તથા સજદાઓ લાકડીના સહારે (થાય) છે પરંતુ અલ્હમ્દુલિલ્લાહ ! કે (તેણે) દીને હક્ક઼ ઉપર અડગતા અતા ફર્માવી છે. ઈબાદતની કસરત દિવસે દિવસે વધી રહી છે અને અલ્લાહની હિફાઝત તથા અસંખ્ય મહેરબાનીઓ સુખ દુ:ખમાં આવે છે. વલ હમ્દુલિલ્લાહિલ રબ્બિલ આલમીન.''

*(ઈકરામે ઈમામે અહમદ રઝા–૧૨૮)*

**(૨)** આ'લા હઝરતના જબલપૂર રોકાણ દરમિયાન એક દિવસ હઝરત અબ્દુસ્સલામે અર્ઝ કરી :

''જબલપૂર ખૂશનશીબ છે કે અહિંયા હુઝૂર (આ'લા હઝરત)ની

તબીયત સારી રહે છે. બરેલી શરીફમાં ક્યારેક ક્યારેક નમાઝમાં રૂકૂઅમાં સજદા લાકડીનો સહારો લેવો પડે છે, અહિંયા નહીં. *(ઈકરામ–૯૮)*

**(૩)** આ'લા હઝરત પોતાના મરઝૂલ મૌત (મુત્યુ વખતની બીમારી)નું વર્ણન કરતાં લખે છે :

''આ બીમારીની સાથે જ ઘણી ખાંસી તથા શરદી તેમજ બલ્ગમ (કફ)માં સૂકાપણુ એવું કે દસ દસ ઝટકાઓ બાદ ઘણી તકલીફની સાથે બંધ થાય છે. ખાંસી એટલી સખત કે આટલા ઝટકાઓથી જિગર તથા એક તરફની પાંસળીઓમાં દુઃખાવો ઉપડતો આ એવી બીમારી હતી કે બાવીસ દિવસમાં બાઝુઓ (ભૂજાઓ)નો ગોશ્ત પહેલાં કરતાં સવા ઈંચ ઓગળી ગયો. જાંગોની શરૂઆતનો ભાગ એટલ રહી ગયો છે જેટલો કે બાવીસ દિવસો પેહલાં ભૂજાઓનો હતો. સખત કબજીયાત તથા ગેસના કારણે ગભરાહત હજી સુધી ચાલી રહી છે. હવે મસ્જિદ સુધી જવાની શકિત નથી રહી, પંદર દિવસથી ઝાડા શરૂ થઈ ગયા છે તેના કારણે એકદમ કમજોરી આવી ગઈ છે. નમાઝ માટેની ચોકી (તખતો) પલંગની સાથે જ લાગી છે. પલંગ પરથી ચોકી ઉપર બેઠા બેઠા જવા માટે ત્રણ ત્રણવાર હિમ્મત કરવી પડે છે. અલ્ હમ્દુ લિલ્લાહ કે અત્યાર સુધી ફર્ઝ, વિત્ર તેમજ ફજરની સુન્નતો લાકડીના સહારે ઉભો થઈને જ પઢું છું પરંતુ જે તકલીફ થાય છે તે દિલ જ જાણે છે. નબઝ (નસ)ની એ સ્થિતિ છે કે એક મિનિટમાં ચાર ચાર વાર રોકાઈ જાય છે. બે ત્રણ ઘડી સુધી રોકાય રહે છે અને ફરી અલ્લાહના હુકમથી ચાલુ થઈ જાય છે. *(ઈકરામ : ૧૧૪,૧૧૫)*

શરીઅતનો ક઼ાનૂન છે કે જ્યાં સુધી બીમાર કોઈ વસ્તુના સહારે ક઼યામ, ક઼ાયદો, રુકૂઅ્ તથા સજદાઓ કરી શકતો હોય તો તેનાથી નમાઝ માફ નથી અને ન તો તેને રૂકૂઅ્ તથા સજદાઓ ઈશારાથી અદા કરવાની ઈજાઝત છે. એ જ કારણે આપ (સય્યદુના આ'લા હઝરત) જાન પર તકલીફ તથા કષ્ટ વેઠીને પણ નમાઝને તમામ શરતો તથા નિયમોની સાથે અદા કરતા પરંતુ મહબૂબની આંખોની ઠંડક નમાઝમાં કોઈપણ જાતની કમી તથા ઉણપને માન્ય ન કરતા.

આ છે સુન્નતોની પયરવીનો એવો ઉચ્ચ નમૂનો જેનું ઉદાહરણ આજના યુગમાં જોવા નથી મળતું.

## ★ જમાઅતની પાબંદી ★

અહાદીષે કરીમામાં જમાઅત સાથે નમાઝની અદાયગી પ્રત્યે ઘણુ જોર આપવામાં આવ્યું છે અને અસરકારક અંદાઝથી અલગ અલગ રીતે તેની તાકીદ કરવામાં આવી છે અને તેને છોડવા અંગે સખત સજાઓ સંભળાવવામાં આવી છે. એક હદીષેપાકમાં રહમતે આલમ ﷺ એ જમાઅતમાં ગેર હાજર રહેનારાઓ વિશે ત્યાં સુધી ફર્માવ્યું: (મેં ઈરાદો કરી લીધો કે) જે લોકો જમાઅતમાં હાજર નથી થતા તેમના ઘરો તેમના સમેટ આગથી સળગાવી નાખુ.'' (મિશ્કાત : ૯૫)

એક હદીષમાં સરકારે મદીના ﷺ એ ફજર તથા ઈશાની જમાઅતની એહમિયત આ શબ્દોમાં રજૂ કરી કે, જો તમને નમાઝે ફજર તથા ઈશાના મહાન સવાબની જાણ થઈ જાય તો નિશ્ચિત રીતે તમે લોકો આ નમાઝો માટે આવશો, ભલે ગુઠણોથી ચાલીને અથવા પેટ વડે ઘસેડાઈને એટલે કે અથડાતા પછડાતા આવવું પડે. (અબૂ દાઉદ–૮૪)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે મારો તથા બીજા સહાબાનો (અનુભવની રોશની) આ ફેંસલો છે કે જમાઅતની નમાઝથી માત્ર બે (પ્રકારના) વ્યક્તિઓ પાછળ રહે છે, એક તો મુનાફિક જેનો નિફાક (દિલનો મેલ) લોકોમાં જાહેર ગઈ ગયો હોય અને બીજો બીમાર. બેશક, બીમાર વ્યક્તિ પણ બે આદમીઓની વચ્ચે ટેક લગાડીને (સહારો લઈને) ચાલતો ચાલતો મસ્જિદમાં હાજર થતો હતો. *(મુસ્લિમ, ૧/૨૫૯)*

એટલે કે જે બીમારની હાલત એવી હોતી કે તે બે વ્યક્તિઓ દરમિયાન આવીને તેમના સહારે કોઈ પણ રીતે મસ્જિદ સુધી પહોંચી શકતો તે પણ રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં તથા સહાબાના યુગમાં મસ્જિદમાં આવીને જમાઅતમાં શરીક થતો, અને જે બીમાર અત્યંત

કમજોરીના કારણે આ રીતે પણ હાજરીથી લાચાર રહેતો તે જ જમાઅતની પાછળ રહી જતો, અથવા તો કોઈ ખુલ્લો મુનાફિક જ જમાઅતથી પાછળ રહેતો.

હુઝૂર રહમતે આલમ ﷺ પણ મર્ઝે વિસાલ (વિસાલ સમયની બીમારી)માં એક વેળા આ જ રીતે મસ્જિદ શરીફમાં તશરીફ લાવ્યા હતા. જેમ કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا બયાન ફર્માવે છે કે નબીએ કરીમ ﷺ બીમાર થયા તો આપ ﷺ એ પૂછયું, શું લોકો નમાઝ પઢી ચૂકયા છે ? મેં અર્ઝ કરી, નહીં યા રસૂલલ્લાહ ! ﷺ તે લોકો આપ ﷺનો ઈન્તેઝાર કરી રહ્યા છે. આપ ﷺ એ ફર્માવ્યું, લગન (નહાવાના વાસણ)માં પાણી રાખ. મેં પાણી રાખ્યું તો આપ ﷺ એ ગુસ્લ ફર્માવ્યું અને પછી ઉભા થવા લાગ્યા તો બેહોશ થઈ ગયા. સારું થયું તો ફરી તે સવાલ કર્યો. મેં ફરી એ જ જવાબ આપ્યો. ફરી આપ ﷺ એ ગુસ્લ ફર્માવ્યું, ઉભા થવા લાગ્યા તો ફરી બેહોશી છવાઈ ગઈ. સારું થયા પછી ફરી પહેલાની જેમ સવાલો જવાબ થયા, ફરી ગુસ્લ ફર્માવ્યું, બેહોશી આવી, સારુ થયું. અને આ વખતે પણ આપ ﷺ એ એ જ પૂછયું કે શું લોકોએ નમાઝ અદા કરી લીધી ? મેં અર્ઝ કરી, નહીં ! અય અલ્લાહના રસૂલ ! ﷺ લોકો ઈશાની નમાઝ માટે આપ ﷺ ની રાહ જુએ છે. આ વખતે રસૂલુલ્લાહ ﷺ એ હઝરત અબૂબકર સિદ્દીક رضی اللہ عنہ પાસે ખબર મોકલી કે તે નમાઝે પઢાવી આપે. તો તેમણે નમાઝ પઢાવી. બીમારીના દિવસોમાં તેઓ (હઝરત અબૂબકર સિદ્દીક ) નમાઝો પઢાવતા રહ્યા.

પછી જ્યારે રસૂલે પાક ﷺની તબીઅતમાં થોડોક ફેર પડયો તો આપ ﷺ ઝોહરની નમાઝ માટે બે વ્યક્તિઓ દરમિયાન તેમના સહારે ચાલીને તશરીફ લઈ ગયા. તે બે વ્યક્તિઓમાં એક હઝરત અબ્બાસ તથા બીજા હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم હતા. *(મુસ્લિમ, ૧/૧૭૮)*

બીજી રિવાયતના શબ્દો આ પ્રમાણે છે : આપ ﷺ બે આદમીઓ પર ટેક લગાડીને તેમની વચમાં આમ તેમ ઝુકતા ઝુકતા

એ રીતે ચાલી રહ્યા હતા કે આપ ﷺના કદમે નાઝ જમીન સાથે ઘસેડાઈ રહ્યા હતા. *(મુસ્લિમ ૧૭૯-૧)*

એક રિવાયતમાં એવી સ્પષ્ટતા પણ છે કે આ વાકયો (બનાવ) આપ ﷺ ના વિસાલની બીમારી સમયનો છે. *(મુસ્લિમ ૧૭૯-૧)*

આ હદીષોને ઝહનમાં રાખીને આ'લા હઝરત અઝીમુલ બરકત رحمۃ اللہ علیہ ના જીવનનો અભ્યાસ કરો તો તેમાં સ્પષ્ટ રીતે સહાબાએ કિરામ બલ્કે ખૂદ રસૂલુલ્લાહ ﷺના પવિત્ર જીવનનો સુંદર પડછાયો જોવા મળશે અને અનુભવશો કે આ'લા હઝરતે જિંદગીભર માહે રિસાલત (રિસાલતના ચાંદ) તથા તેના હિદાયતના સિતારાઓથી જે નૂર પ્રાપ્ત કર્યું હતું તે પ્રકાશ પોતે તેમની પ્રકાશિત ઝાતમાં જગમગી રહ્યું છે, વૃધ્ધાવસ્થાનો જમાનો છે, કામ ઘણુ છે, ફિકર ચિંતાઓની ભરમાર છે, તકલીફો તથા બીમારીઓની સખતીના કારણે આપની (આ'લા હઝરતની) શારીરિક શક્તિઓ સાથ છોડી રહી છે, કમજોરી આખરી સીમાએ પહોંચી ચૂકી છે, થોડાક કદમ ચાલ્યા પછી શરીરમાં શક્તિ નથી રહેતી જાણે કે,

***ઉઠાએ કુછ વરક લાલાને, કુછ નરગિસને,***
***કુછ ગુલને ચમન મેં હર તરફ બિખળી પળી હૈ દાસ્તાં મેરી***

પરંતુ આ મર્દે બાખુદાની હિમ્મત તથા હોસ્લાની મહાનતાનો અજબ હાલ છે કે તે તમામ તકલીફો, મજબૂરીઓ તથા લાચારીઓ હોવા છતાં મૌલાની કુર્બત (નઝદીકી)ના શૌખમાં મંઝિલ તરફ આ રીતે આગળ વધી રહ્યા છે કે : ઉન્કા પતા ન પૂછો બસ આગે બળ્હે ચલો !

***ઝોઅ્ફ માના મગર એ ઝાલિમ દિલ***
***ઉન્કે રસ્તે મેં તૂ થકા ન કરે***

તે મંઝિલ (મસ્જિદ) છે જ્યાં રસૂલુલ્લાહ ﷺ ની પૈરવીનો સાચો જઝબો તેમને ખેંચી રહ્યો હતો. તમે તેનું એક દશ્ય તેમની જ ઝબાની જુઓ :-

''મૃત્યુ નજીક છે અને અમલ હલકા છે. પાંચ મહીનામાં ચાર દિવસ ઓછા થયા આંખો દુઃખવા લાગી, કમજોરી હમેશાંની થઈ ગઈ, નાપસંદ વિચારો આવે છે, આંખો હમેશાં ભીની રહે છે. એક તો મહીનાઓ સુધી કશું લખી પઢી શક્યા નહીં, હવે સ્થિતિ એ છે કે થોડીકવાર નિગાહો નીચી કરવાથી આંખો ભારે થઈ જાય છે, કમજોરી વધી જાય છે. પાંચ મહીનાથી મસ્અલાઓ તથા રિસાલાઓ (નાની કિતાબો) સર્વ મોઢે બતાવીને લખવામાં આવે છે. બારમી રબીઉલ અવ્વલની સાંજથી એક એવી બીમારી લાગી છે કે જે આખી ઉમર ક્યારે પણ ન થઈ હતી. અલ્લાહ તઆલા કોઈપણ સુન્નીને તેમાં મુબ્તેલા ન કરે. પંચોતેર કલાક સંપૂર્ણ ઈજાબત (જાજરૂ) ન થઈ. પેશાબ પણ બંધ થઈ ગયો. મૌલા તઆલાએ ફઝલ ફર્માવ્યો પરંતુ કમજોરી અંતિમ સીમાની છે, નવમો દિવસ છે, તાવના દૌરા પડયા, કમજોરીને વધુ શક્તિ મળી દરરોજ અનુભવ કર્યો કે મસ્જિદ સુધી આવવા જવાના થાકથી તુરંત તાવ આવી જાય છે. કેટલાય દિવસથી મજબૂરી એ છે કે ખુરશી ઉપર બેસાડીને ચાર આદમી લઈ જાય છે અને લાવે છે. ઝોહરમાં જાઉં છું અને મગરિબ પઢીને આવું છું. દુઆનો તાલિબ છું.

*(ઈકરામે ઈમામ અહમદ રઝા : ૧૩૪, ૧૩૫)*

આ બીમારીનું વર્ણન આપના કેટલાયે પત્રોમાં ટૂકમાં અથવા વિસ્તારપૂર્વક જોવા મળે છે. આપે આ પત્રો મલિકુલ ઓલમા હઝરત મૌલાના ઝફરુદ્દીન સાહબ બિહારી رحمۃ اللہ علیہ, જનાબ મૌલાના હકીમ અબ્દુર્રહીમ સાહબ, પહેલા મુદર્રિસ મદ્રસા કાદરિયા, અહમદાબાદ, ગુજરાત તથા મુજાહિદે કબીર હઝરત મૌલાના હાકિમ અલી સાહબ رحمۃ اللہ علیہ મોતી બઝાર લાહોર, પાકિસ્તાનના જરૂરી પ્રશ્નો કરવા પર અથવા મહત્વના લખાણના જવાબમાં લખ્યા છે. હઝરત મૌલાના હાકિમ અલી સાહબના પ્રશ્નોના જવાબમાં આપે એક કિતાબ ''નુઝૂલે આયાતે ફુર્કાન, સુકૂને ઝમીન વ આસ્માન'' લખી છે.

હઝરત મૌલાના અહમદ બખ્શ સાહબના જવાબમાં એક વિસ્તૃત

ફત્વો લખ્યો છે તેની શરૂઆતમાં મોડુ થવાનું કારણ રજૂ કરતાં લખે છે :–

૧૨ રબીઉલ અવ્વલની મજલિસ પઢયા પછી સાંજથી સખત બીમાર પડયો, આવી બીમારી ક્યારે પણ ન થઈ હતી. મેં વસિય્યતનામુ પણ લખાવી આપ્યું. તે દિવસો દરમિયાન તમારો નઅતિયા કસીદા મળ્યો, મારામાં તેને જોવાની શક્તિ ક્યાં હતી ! તે (અન્ય) કાગળોમાં મળી ગયો અને મહીના સુધી ગુમ રહ્યો. બીમારી સારી થવાને મહીનાઓ વીતી ગયા પરંતુ સખત કમજોરી તેનાથી આવી ગઈ હતી જે હાલમાં પણ બાકી છે. ફર્ઝ, વિત્ર તથા ફજરની સુન્નતમાં ઘણી તકલીફ ઉઠાવીને ઉભો થઈને પઢું છું. બાકી સુન્નતો બેસીને (પઢું છું.) મસ્જિદ મારા દરવાજાથી દસ બાર કદમ દૂર છે ત્યાં સુધી ચાર આદમી ખુરશી ઉપર બેસાડીને લઈ જાય છે અને લાવે છે. અને અન્ય બીમારીઓ કે જે વર્ષોથી ઘર કરી ગઈ છે, ક્યારેક સારું થાય તો ક્યારેક વધી જાય, દરેક સ્થિતિમાં અલ્લાહની તારીફ છે અને દોઝખીઓના હાલથી અલ્લાહની પનાહ માગું છું. અસ્તગફિરૂલ્લાહ ! મઆઝલ્લાહ ! આ શિકાયત નથી બલ્કે ફક્ત મજબૂરીની હકીકતનો ઈઝહાર છે. તેના વજહે (કુદરત) કરીમની હમેશાં માટે તારીફ છે.''

હઝરત મલિકુલ ઓલમા رحمۃ اللہ علیہને પોતાના એક પત્રમાં (જે ૫ મોહર્રમ હિજરી સન ૧૩૩૭માં લખ્યો હતો) પોતાનો હાલ આ પ્રમાણે રજૂ કરે છે :

''૨૨ ઝીકઅદાથી લઈને આજે ૨૨ રબીઉલ અવ્વલ સુધી સંપૂર્ણ ચાર મહીના થયા કે સખત બીમારી વેઠી, ઘણા દિવસો મસ્જિદની હાજરીથી મેહરૂમ રહ્યો, જુમ્આ માટે લોકો ખુરશી ઉપર બેસાડીને લઈ જતા તથા લઈ આવતા. ૧૧ મોહર્રમ શરીફના રોજથી ઘણી તકલીફની સાથે હાજરી આપવાનો મોકો મળ્યો છે. લોકો ખભાઓ પકડીને લઈ જાય છે. કમજોરી હજુ પણ સખત છે. દુઆનો તાલિબ છું.''

આ'લા હઝરત رحمۃ اللہ علیہના વિસાલના મહીના તેમજ વિસાલની બીમારીના સમયે હઝરત ઈદુલ ઈસ્લામ رحمۃ اللہ علیہ કેટલીયે દુર્ઘટનાઓથી

ભેટયા. આપે (આ'લા હઝરતે) તાઝીયત માટે ન આવી શકાયુ તેનું કારણ રજૂ કરતાં તફસીલની સાથે પોતાની ભયાનક તથા અત્યંત સબરના પાત્ર તેમજ હિમ્મત તોડી નાખે તેવી બીમારીઓનો હાલ રજૂ કર્યો છે, તેનો નાનો એક ટુકડો આ પ્રમાણે છે :–

''કબજીયાતની સખતી તથા ગેસની ગભરાહટનો સિલસિલો હજુ સુધી છે. ૧૪ મોહર્રમે પહાડ (ભવાલી)થી પરત આપ્યો. લારીવાળા મારા ચાહકો હતા. મૌલા તઆલા તેમને જઝાએ ખૈર આપે, લારીમાં પલંગ બિછાવીને લાવ્યા અને અલ્લાહના ફઝલથી આરામની સાથે હું આવી ગયો. અહીંયા જયારથી આવ્યો છું એટલી શક્તિ બાકી રહી હતી કે ઈશાથી લઈને ઝોહર સુધીની નમાઝોમાં ચાર આદમી ખુરશી ઉપર બેસાડીને લઈ ગયા. અસર પણ મસ્જિદમાં અદા કરી. ફરી તાવ આવી ગયો અને હવે અત્યાર સુધી મસ્જિદ જવાની શક્તિ પણ નથી રહી. પંદર દિવસથી ઝાડા શરૂ થઈ ગયા તેણે બિલ્કુલ ઢીલો કરી નાખ્યો. આઠમા દિવસે જુમ્આમાં હાજરી આપવી તો જરૂરી છે. મકાનથી મસ્જિદ જવામાં એટલી થકાન લાગે છે કે બેસીને સુન્નતો પણ ઘણી તકલીફ સાથે પઢી શકાય છે અને આ થકાનના કારણે ઈશા સુધી શરીર ચૂર (ઢીલું) રહે છે. નબ્ઝ (નસ)ની એ સ્થિતિ છે કે એક એક મિનિટમાં ચાર ચાર વાર રોકાય જાય છે. એટલા માટે ન ચાહવા છતાં હાજરીથી (ઈયાદત માટેની) લાચાર રહ્યો.'' *(ઈકરામ – ૧૧૫)*

આ પત્ર ૯ સફર હિ. સ. ૧૩૪૦માં હુઝૂર મુફતીએ આઝમે હિંદ رحمۃ اللہ علیہએ ઈમ્લા (નકલ) કર્યો અને ફક્ત તેના બે અઠવાડિયા પછી ૨૫ સફરે ઝહોરના સમયે આપ રફીકે આ'લાથી (અલ્લાહ તઆલાને) જઈ મળ્યા. (اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ)

આ પત્રોના અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہનો સુન્નતની પેરવી પ્રત્યે કેટલો લગાવ તથા શોખ હતો. કહેવા માટે તો આપ આ પ્રમાણે કહે છે :–

**હશ્ર મેં ક્યા મઝે વારફ્તગી કે લૂં 'રઝા'**
**લોટ જાઉં પાકે વો દામાને આલી હાથ મેં**

પરંતુ સરકાર ﷺની સાથે ઈશ્ક઼ની દીવાનગીની સ્થિતિ એ છે કે દુનિયામાં જ આપ ﷺના એક એક કથન (ક઼ૌલ) તથા કામો ઉપર અમલ કરવા માટે દીવાનાની જેમ મચલી રહ્યા છે. શરીરમાં શક્તિ નથી પરંતુ જમાઅતમાં સામેલ થવા માટે બેચેન છે ! કેમ કે પ્યારા મહબૂબ ﷺ ને કોઈ પણ સંજોગોમાં શક્તિ હોવા છતાં જમાઅતથી ગેરહાજર રહેવું પસંદ ન હતું. લોકાની મદદથી ખુરશી ઉપર બેસીને મસ્જિદમાં હાજર થાય છે. જ્યારે કે પરિસ્થિતિ એ છે કે આ રીતે આવવું જવું પણ આપના માટે તકલીફથી ખાલી ન હતું. આ સર્વ તે શોખના જઝબામાં હતું કે સરકાર ﷺ ના સહાબા પણ બીમારી તથા કમજોરીની હાલતમાં બે આદમીઓ વચ્ચે ચાલીને જમાઅતમાં સામેલ થતા હતા. અને એકવાર તો ખૂદ હુઝૂર જાને નૂર ﷺ પણ આ રીતે મસ્જિદ શરીફમાં તશ્રીફ લાવ્યા હતા. યક઼ીનન ! આ'લા હઝરત رحمۃ اللہ علیہનો આ અજોડ કિ઼રદાર હુઝૂર ﷺ તથા આપ ﷺ ના સહાબાની તે જ સુન્નતની પેરવીમાં હતો, પરંતુ હુઝૂર ﷺ ની તે અદા જે આપ ﷺ ની બે આદમીઓ વચ્ચે ચાલી આવવામાં હતી. તે ખુરશી ઉપર બેસીને જવામાં અદા ન થાત, એટલા માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہ કેટલીક વખત બે આદમીઓ વચ્ચે ચાલીને પણ મસ્જિદમાં તશ્રીફ લઈ ગયા, જેથી મેહબૂબની તે અદા પણ અદા થઈ જાય !

એક આશિક઼ માટે મેહબૂબની અદામાં મુશાબેહત (મળતાપણા)નો જે આનંદ છે તે માત્ર પેરવીમાં ક્યાં હોય છે ?!

આ'લા હઝરત رحمۃ اللہ علیہના પત્રોના અભ્યાસથી એ પણ જાણવા મળે છે કે આપ (આ'લા હઝરત) કેટલાક દિવસો અત્યંત કમજોરીના કારણે મસ્જિદમાં હાજરી ન આપી શક્યા, પરંતુ આ એટલા માટે હતું કે શરીઅતે બેબસીની હાલતમાં માણસને જમાઅતમાં હાજરી આપવા બંધનકર્તા જ નથી ઠરાવ્યો. ખૂદ સરકાર ﷺ ના અમલથી પણ આ

વાતનો પુરાવો મળે છે. હા ! સરકાર ﷺ નો આ અમલ ઉઝર (મજબૂરી)ના કારણે અનિચ્છાએ હતો એટલા માટે આ આશિક઼ે રસૂલ (આ'લા હઝરત) પણ મસ્જિદથી પોતાની ગેરહાજરીને દિલથી ચાહતો ન હતો, બલ્કે આપ તેને પણ પોતાની મેહરૂમી અનુભવતા હતા. આપ ઘણી હસરત તથા અફસોસની સાથે પોતાના પ્યારા ખલીફા હઝરત મલેકુલ ઓલમાને લખી જણાવે છે કે : ''મુદ્દતોથી મસ્જિદમાં રહેવાથી મેહરૂમ રહ્યો.''

ખુદાની ક઼સમ ! આ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો સુન્નતની પેરવી પ્રત્યે એવો લાજવાબ નમૂનો છે જેને જોઈને રસૂલુલ્લાહ ﷺ તથા સહાબાના જમાનાની યાદો દિલોમાં તાજી થઈ જાય છે.

## ★ જંગલોમાં અઝાનની ગુંજ ★

અઝાન ઈસ્લામની નિશાનીઓમાંથી એક મહત્વની નિશાની છે. હદીષે પાકમાં તેની ઘણી ફઝીલત આવી છે. એક હદીષમાં હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

''મોઅઝ્ઝિન (અઝાન આપનાર)નો અવાજ જ્યાં સુધી પહોંચે છે, ત્યાં સુધીના જિન્નાતો, ઈન્સાનો, જાનવરો, ઝાડો, પથ્થરોમાં દરેક જે પણ આ (અઝાનનો) અવાજ સાંભળે છે તે દરેક ક઼યામતના દિવસે મોઅઝ્ઝિન માટે તેના ઈમાન તથા તેની ફઝીલત તેમજ બુઝુર્ગીની ગવાહી આપશે.'' *(બુખારી શરીફ, ૧/૮૬)*

એક હદીષમાં છે : ''દરેક સૂકી, ભીની વસ્તુ મોઅઝ્ઝિનના માટે ગવાહ બની જાય છે.''

એકવાર ખૂદ આક઼ાએ દો આલમ ﷺએ જાતે અઝાન આપી છે.

આ'લા હઝરત ફર્માવે છે : ''દુર્રે મુખ્તારમાં ઝિયાના હવાલાથી લખ્યું છે કે એક સફરમાં અલ્લાહ عزوجلના રસૂલ ﷺએ પોતે જ અઝાન કહી અને (પોતે જ) ઈક઼ામત પણ ફર્માવી, તથા નમાઝ અદા કરી.''

તિર્મિઝી શરીફમાં છે કે : ''રસૂલુલ્લાહ ﷺએ એક સફરમાં અઝાન

આપી અને પોતાના સહાબાએ કિરામ સાથે નમાઝ અદા ફર્માવી છે.

ઈમામ ઈબ્ને હજર મક્કીની (કિતાબ) તોહફતુલ્ ઈસ્લામમાં છે કે, "સરવરે કાઈનાત ﷺએ એકવાર સફરમાં અઝાન આપી તો તશહ્હુદમાં (એટલે કે અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહની જગાએ) અશ્હદુ અન્ની રસૂલુલ્લાહ કહ્યું. અલ્લામા ઈબ્ને હજરે આ હદીષ સહીહ હોવાનો ઈશારો કર્યો છે જે કોઈ પણ જાતની તાવીલ (અર્થઘટન)ના પાત્ર નથી.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ આ સુન્નતની પયરવીનો જે નમૂનો રજૂ કર્યો છે તે ઘણો જ ગર્વપાત્ર છે. જમાદિલ્ આખર હિ.સ. ૧૩૩૭માં જબલપૂરમાં રોકાણ દરમિયાન એક દિવસ આપ સૈર, તફરીહ કરતા (અસરબાદ ચાલતાં ચાલતાં) નર્મદા નદી સુધી ચાલી નીકળ્યા ત્યાં જ મગરિબની નમાઝનો સમય થઈ ગયો. હવે આગળનો વાક્યો હઝરત બુરહાને મિલ્લત رحمۃ اللہ علیہની ઝબાની સાંભળો. ફર્માવે છે :–

"કોદની બંદરના સૂકી રેતીવાળા મેદાનમાં મુસલ્લો તથા રૂમાલ વગેરે બિછાવી દેવામાં આવ્યાં. મેં અઝાન આપવાના ઈરાદાથી કાનમાં આંગળીઓ નાખી હતી કે અઝાનનો અવાજ સંભળાવવા લાગ્યો. જોયું તો આ'લા હઝરત અઝાન આપી રહ્યા હતા. હઝરતે ઈક઼ામત ફર્માવી અને મગરિબની નમાઝ પઢાવી. નમાઝથી ફારિગ થઈને અમે બધા આપની બારગાહમાં જમા થઈ ગયા, તો પોતાના મુબારક હાથમાં (મુઝ) ખાદિમનો હાથ લઈને ફર્માવ્યું, હદીષ શરીફમાં છે કે અઝાનનો સાદ (અવાજ) જ્યાં સુધી  પહોંચે છે ત્યાં સુધીની દરેક વસ્તુ શાહિદ તથા ગવાહ થઈ જાય છે. એટલા માટે મેં અઝાન આપી કે અહીંયાનું વહેતુ પાણી, પહાડ, વૃક્ષો, હરીયાળી, રેતી દરેક મુઝ ફક઼ીર (આ'લા હઝરત) માટે ગવાહ થઈ જાય." *(ઈકરામે ઈમામ અહમદ રઝા–૯૫)*

સુબ્હાનલ્લાહ ! ઘણી ગર્વજનક છે આ નિયત કે અઝાન સંબંધે આવી મુબારક નિયતના સુંદર સંગમ દ્વારા માત્ર એ જ સાબિત નથી થતું કે અઝાનનો સવાબ બમણો થઈ ગયો, બલ્કે મોટી વાત તો એ જોવા મળી કે રસૂલ ﷺની સુન્નત સંપૂર્ણ રીતે અદા થઈ ગઈ.

અલ્લાહના રસૂલ ﷺનું કોઈ ફર્માન નિય્યતે હસના (સારી નિય્યત)થી ખાલી નથી હોતું. આપ ﷺ પોતે ફર્માવે છે : "અમલોનો દારોમદાર નિય્યતો ઉપર છે." *(શોઅબુલ ઈમાન)*

તો આપે સફરમાં અઝાન કહી હતી તે યક઼ીનન ! સારી નિય્યતના આધારે હશે. એટલા માટે જ આ'લા હઝરત ઈત્તેબાએ રસૂલમાં જ્યારે સફરમાં અઝાનની સદાઓ બુલંદ કરે છે તો તેને સારી નિય્યત વડે સુશોભિત કરીને બુલંદ કરે છે જેથી જાહેર તથા બાતિન દરેક રીતે રસૂલના ઉસ્વએ હુસ્નાનું સંપૂર્ણ ફર્માંબરદાર થઈ જાય. રસૂલુલ્લાહ ﷺએ પોતે ઈક઼ામત ફર્માવીને ઈમામત પણ ફર્માવી હતી. એટલા માટે જ હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પણ જાતે ઈક઼ામત કહી ઈમામતનો ફરીઝો પણ અંજામ આપ્યો. કેમ કે મહોબ્બતનો તકાઝો એ જ છે કે મહબૂબ જે કાંઈ પણ કરે મુહિબ્બ (મહોબ્બત કરનાર) પણ તે તમામ એ જ પ્રમાણે અદા કરે. આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ સબક઼ સહાબાએ કિરામના મક્તબે ઈશ્ક઼થી (ઈશ્ક઼ની તા'લીમગાહ)થી શીખ્યો છે. મૌલાએ કાઈનાત હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریمએ એક જાનવર ઉપર બેસીને દુઆ પઢી, અને પછી હસી પડયા. તેમને પૂછવામાં આવ્યું, હે અમીરુલ મો'મિનીનન ! અત્યારે આપના હસવાનું કારણ શું છે ? આપે ફર્માવ્યું, "મેં અલ્લાહના રસૂલ ﷺને જોયા કે આપ ﷺએ આ જ પ્રમાણે કર્યું, અને પછી હસી પડયા." *(તિર્મિઝી, ૨/૧૮૨)*

(એટલે કે મેં આ મૌક઼ા પર સરકાર ﷺને હસતા જોયા છે એટલે હું પણ હસી પડયો. મક઼સદ માત્ર સરકાર ﷺની અદાનો લેહાઝ છે, બસ !)

આ'લા હઝરત رحمۃ اللہ علیہ આ જ ઈશ્ક઼ની તાલીમગાહના વિદ્યાર્થી હતા, એટલા માટે આપે પણ રસૂલુલ્લાહ ﷺને જે કાંઈ પણ કરતાં જોયા તેના ઉપર અમલપેરા થઈ ગયા. અને રસૂલ ﷺને જે રીતે ચાલતાં જોયા તે જ અંદાઝમાં ચાલી પડયા. આપ ﷺની અદાઓને પોતાની આદત બનાવી અને આપ ﷺના નક઼્શે ક઼દમની પેરવીને પોતાનું દીનો ઈમાન સમજ્યા.

*(માહનામા અશ્રફિયા, મુબારકપુર, ડિસે. ૨૦૧૦, રજૂકર્તા : મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી, બરકાતે ખ્વાજા–માસિક, માર્ચ–૨૦૦૧૧)*

# કન્ઝુલ ઈમાન એક અજોડ તર્જુમાએ કુર્આન

દુનિયાવાળાઓનો એ દસ્તૂર છે કે તેઓ પોતાના ખજાનાની દરેક રીતે હિફાઝત તથા નિગરાની કરે છે અને એના માટે વિવિધ પ્રકારની તદબીરો (યુક્તિઓ) કરે છે જેથી એ અમૂલ્ય ખજાનો લોકોની પહોંચથી દૂર રહે અને વેફડાઈ ન જાય અને મુદ્દતોની મહેનત ધૂળમાં ન મળી જાય. પણ ઈમામે ઈશ્કો મહ્બ્બત મુજદ્દિદે દીનો મિલ્લત, આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષ બરેલ્વી رحمۃ اللہ علیہ એ મુસલમાનોને જે અકીદાની હિફાઝત તથા સલામતીના માટે **"કન્ઝુલ ઈમાન"** નામથી ખજાનો અર્પણ કર્યો છે એ ખૂદ ઈમાનવાળાની હિફાઝત કરે છે. **એને લખવાને આજે લગભગ ૧૦૯ વર્ષો વહી ગયાં** અને એ દરમ્યાન સેંકડો કુર્આની તર્જુમાઓ પ્રસિદ્ધ થયા પણ "કન્ઝુલ ઈમાન" એ સૌની દરમ્યાન વિશિષ્ટ તથા અઝીમુશ્શાન તથા અજોડ જોવા મળે છે. અને પોતાની વિશિષ્ટ ઓળખ સ્થાપિત કરતો જોવા મળે છે. માનનારો હોય કે વિરોધી જેણે પણ ન્યાયની દષ્ટિએ "કન્ઝુલ ઈમાન"નો અભ્યાસ કર્યો તે તેની ઉચ્ચતાને દાદ આપ્યા વિના ન રહી શક્યો. નીચેના લખાણમાં અમુક સાક્ષીઓ રજૂ કરીએ છીએ :–

### ★ પોતાના તથા પરાયાઓની નજરમાં ★

**૧. મુહદ્દિષે આ'ઝમે હિંદ** رحمۃ اللہ علیہ : "ઈલ્મે કુર્આનનો અંદાઝો આ'લા હઝરતના કેવળ એ ઉર્દૂ તર્જુમા પરથી લગાડો કે જે મોટાભાગનાં ઘરોમાં મૌજૂદ છે અને જેનું કોઈ દષ્ટાંત પાછલા ન અરબી ભાષામાં છે ન ફારસીમાં અને ન ઉર્દૂ ભાષામાં. અને જેનો એક એક શબ્દ પોતાના સ્થાને એવો છે જાણે કે બીજો શબ્દ ત્યાં લાવી શકાતો નથી, જે જાહેરમાં કેવળ એક તર્જુમો છે પણ વાસ્તવમાં કુર્આનની સહીહ તફસીર તથા ઉર્દૂ ભાષામાં કુઆનની રૂહ છે."

*(માહનામા આ'લા હઝરત, માર્ચ–૨૦૦૮, અઝ : મૌલાના સૈયદ કફીલ હાશ્મી)*

**૨. પ્રો. ડૉક્ટર મસઊદ અહમદ** رحمۃ اللہ علیہ : "આ ન કોઈ તર્જુમાનો તર્જુમો છે અને ન તર્જુમાઓની તર્જુમાની !.......... આ તો ડાયરેક્ટ કુર્આનથી કુર્આનનો તર્જુમો છે." *(મક઼ાલાતે રઝ઼વિય્યહ્, અલ્લામા અબ્દુલહકીમ શરફક઼ાદરી* رحمۃ اللہ علیہ*)*

**૩. મલિક શેર મુહમ્મદખાં** : આશ્ચર્ય તથા હેરતનો મક઼ામ છે કે આ તર્જુમો શાબ્દિક છે અને બામુહાવરા પણ. એ રીતે જાણે શબ્દો તથા મુહાવરાઓનું હસીન સંગમ આપના તર્જુમાની એક મહાન ખૂબી છે. વળી એમણે તર્જુમા સંબંધે ખાસ કરીને એ કાળજી પણ રાખી છે કે તર્જુમો શબ્દકોશના પ્રમાણે હોય અને શબ્દોની વિવિધ અર્થોમાંથી એવા અર્થોની પસંદગી કરવામાં આવે જે આયતોના આગળ પાછળની સ્થિતિના એતબારથી ફીટ તથા અતિ યોગ્ય હોય. નામૂસે તૌહીદો રિસાલત (તૌહીદ તથા રિસાલતની માન મર્યાદા)ની રક્ષામાં કુર્આનનો આ તર્જુમો પોતાનું દૃષ્ટાંત પોતે જ છે. આ તર્જુમાથી કુર્આની હક઼ીક઼તો તથા મઅરેફતોનાં તે રહસ્યો ખુલે છે જે સામાન્યતઃ અન્ય તર્જુમાઓમાં સ્પષ્ટ નથી થતા. આ તર્જુમો સાદો તથા સરળ હોવાની સાથોસાથ કુર્આનની રૂહ અને અરબીયતની ખૂબ જ નિકટ છે. આપના તર્જુમાની એક તરી આવતી વિશિષ્ટતા એ પણ છે કે આપે દરેક સ્થાને અંબિયા علیہم السلامના અદબો એહતેરામ તથા માન મર્તબાને ખાસ રીતે સાચવી રાખેલ છે." *(ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશકી નઝ઼રમેં, અઝ઼ : યાસીન અખ્તર મિસ્બાહી)*

**સઈદ બિન યૂસુફ અમીરે જમાઅતે અહલે હદીષ (પાક.)**: "જ્યાં સુધી દેવબંદી ઉલમાની વાત છે તો તેઓ ઘણી જ સખ્તી સાથે એનો વિરોધ કરે છે બલ્કે તકફીર (કાફિર ઠરાવવું) સુધ્ધાં કરે છે, પણ હું અતિશય સ્પષ્ટતાપૂર્વક એ કહીશ કે અલિફ લામ મીમથી લઈને વન્નાસ સુધી અમે **"કન્ઝુલ ઈમાન"માં ન તો કોઈ તેહરીફ (પોતાના તરફથી ફેરફાર) જોઈ છે, અને ન તો તર્જુમામાં કોઈ પ્રકારની ગલત બયાનીને જોઈ છે, ન તો કોઈ બિદઅત તથા શિર્કને**

**કરવાનો જવાઝ જોયો છે.** બલ્કે આ એક એવો કુર્આન મજીદનો તર્જુમો છે કે જેમાં પ્રથમવાર એ વાતનો ખાસ ખયાલ રાખવામાં આવ્યો છે કે જ્યારે ઝાતે બારી તઆલાના માટે વર્ણન કરવામાં આવતી આયતોનો તર્જુમો કર્યો છે તો તેની જલાલત, ઉલુહિયત, તક્દુસ અને અઝમત તથા કિબ્રિયાઈને પણ લક્ષમાં રાખીને કરવામાં આવ્યો છે, જ્યારે કે અન્ય તર્જુમાઓમાં ચાહે તે અહલે હદીષ સહિત કોઈ પણ મક્તબે ફિક્રના ઉલમા હોય એમનામાં આ વાત જોવા નથી મળતી. એ જ પ્રમાણે તે આયતો જેનો સંબંધ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺથી છે અથવા જેમાં આપનાથી સંબોધન કરવામાં આવ્યું છે, તો તર્જુમો કરતી વેળા મૌલાના અહમદ રઝાખાં સાહબે અહીં પણ અન્યોની જેમ કેવળ શાબ્દિક તથા શબ્દકોશવાળા તર્જુમાથી કામ નથી ચલાવ્યું, બલ્કે સાહબ **ورفعنا لك ذكرك** અને **ما ينطق عن الهوى**ના આલીશાન મક઼ામને દરેક જગાએ લક્ષમાં રાખ્યો છે. આ એક એવી ખૂબી છે કે જે અન્ય તર્જુમાઓમાં બિલ્કુલ જ અદ્રશ્ય છે.'' *(અઝમતે કન્ઝુલ ઈમાન, પેજ : ૭, ૮)*

લખાણને ટૂંકાવવાના લીધે આટલાં જ કથનો પર સંતોષ માનીએ છીએ કે સમજદાર માટે આટલુ જ બસ છે અને જાહિલ હઠધર્મીવાળા માટે દફતરનાં દફતર બેકાર છે.

## ★ ''કન્ઝુલ ઈમાન''ની ઐતિહાસિક પૂર્વભૂમિકા ★

હવે આવો ! જરા ઈતિહાસનાં પાનાં ઉલ્ટાવીને જુઓ કે ઈશ્ક઼ો મહ્બ્બતમાં ડૂબેલો આટલો સમૃદ્ધ તર્જુમો લખવાના માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ કેટલો પરિશ્રમ પાડયો હતો અને કેટલી તફસીરોનો અભ્યાસ કરીને તર્જુમો કર્યો હતો ?! તો ઈતિહાસનો અભ્યાસ કરતાં જાણવા મળે છે કે હઝરત સદરુશ્શરીઅહ અલ્લામા અમજદઅલી رحمۃ اللہ علیہએ આ'લા હઝરત رحمۃ اللہ علیہથી કુર્આન મજીદના સહીહ તર્જુમાની ગુઝારિશ કરી તો આપે મન્ઝૂર કરી લીધું, પણ અન્ય દીની કામોના લીધે આ કામમાં મોડુ થતુ ગયું. પછી જ્યારે હઝરત સદરુશ્શરીઅહની તરફથી આગ્રહ વધતો ગયો તો આપે ફર્માવ્યું, ''કેમ કે તર્જુમો કરવાના માટે મારી પાસે એકધારો

સમય નથી એટલા માટે આપ રાત્રે સૂવાના સમય અથવા દિવસે કૈલૂલાના સમયે આવ્યા કરો. છેવટે હઝરત સદરુશ્શરીઅહ એક દિવસે કાગળ, કલમ અને દવાત (શાહીનો ખડીયો) લઈને હાજર થઈ ગયા. આ'લા હઝરત મૌખિક રીતે આયતોનો તર્જુમો બોલતા જતા અને સદરુશ્શરીઅહ તેને લખતા જતા. પરંતુ આ તર્જુમો એ પ્રકારનો ન હતો કે પ્રથમ આપ તફસીર તથા લુગત (શબ્દકોશ)ની કિતાબોનો અભ્યાસ કરતા પછી આયતના અર્થને વિચારતા પછી તર્જુમો લખાવતા, બલ્કે આપ કુર્આન મજીદનો આપોઆપ એકદમ તર્જુમો ઝબાની એ રીતે બોલતા જતા જાણે કોઈ પાકો હાફિઝ પોતાની યાદશક્તિ પર જોર આપ્યા વિના મૌખિક રીતે પઢતો જઈ રહ્યો છે. પછી જ્યારે સદરુશ્શરીઅહ અને અન્ય ઉલમાએ કિરામ આ'લા હઝરતના તર્જુમાને તફસીરની કિતાબો સાથે સરખાવતા તો એ જોઈને આશ્ચર્યમાં પડી જતા કે આ'લા હઝરત થકી એકદમ લખાવવામાં આવેલ આ તર્જુમો મોઅતબર તફસીરોના તદ્દન મુતાબિક છે.'' *(સવાનેહે આ'લા હઝરત, પેજ : ૩૬૬)*

આ પ્રમાણે એ તર્જુમો થતો રહ્યો ત્યાં સુધી કે હિ.સ. ૧૩૩૦ ઈ.સ. ૧૯૧૧માં સંપૂર્ણ થઈ ગયો. *(ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશ કી નઝરમેં, અઝ : યાસીન અખ્તર મિસ્બાહી, પેજ : ૧૮)*

ઉપરોક્ત લખાણોથી જાણવા મળે છે કે સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہએ સામાન્ય અનુવાદકોની જેમ ન આ કામ માટે એકધારો સમય કાઢયો હતો ન તો તર્જુમો લખવા માટે તફસીરોની વિવિધ કિતાબોનો અભ્યાસ કરીને લખાવ્યો હતો, બલ્કે બપોરના સમયે અને રાતે સૂવાના સમયે આપ એકદમ તર્જુમો લખાવતા જતા હતા, પછી જ્યારે બાદમાં તફસીરની વિવિધ કિતાબો સાથે એને સરખાવવામાં આવતો તો જે તફસીરને એ કિતાબોમાં મુસ્તનદ ઠરાવવામાં આવેલ હતી એના જ પ્રમાણે આપનો તર્જુમો હોતો, જાણે કે જે મહામૂલ્ય ચમકદાર મોતીઓ એ તફસીરોમાં આમ તેમ વિખરાયેલાં પડયા હતાં તેને આપે તર્જુમાના રૂપમાં એક જગાએ જમા કરી આપ્યાં.

## ★ ''કન્ઝુલ ઈમાન''ની જરૂરત શાથી ? ★

અહીં હું મારા વાંચકો પર એ સ્પષ્ટ કરવા ચાહું છું કે છેવટે તે કયા સબબો હતા જેના કારણે ''કન્ઝુલ ઈમાન''ની જરૂરત મેહસૂસ કરવામાં આવી, જ્યારે કે એ સમયે કુર્આનના ઘણા બધા તર્જુમા લોકોની નજરો સમક્ષ આવી ચૂક્યા હતા. જેમ કે મૌલ્વી આશિક઼ ઈલાહી મેરઠીએ હિ.સ. ૧૩૧૮ ઈ.સ. ૧૯૦૦માં કુર્આન શરીફનો તર્જુમો રજૂ કર્યો અને મૌલ્વી મહમૂદુલ હસન દેવબંદીના કથનાનુસાર, ''બંદાના વડીલોમાં પ્રથમ મૌલ્વી આશિક઼ ઈલાહી મેરઠીએ તર્જુમો કર્યો, ત્યારબાદ મૌલાના અશરફ અલી થાનવીએ તર્જુમો કર્યો. નાચીઝે બંને તર્જુમાઓને વિગતવાર જોયા છે, સર્વ ખરાબીઓથી પાક તથા સાફ અને ઉમદા તર્જુમા છે.'' પછી ખૂદ દેવબંદીઓના શૈખુલ હિંદ મૌલ્વી મહમૂદુલ હસન દેવબંદીએ ઈ.સ. ૧૯૦૯માં તર્જુમો કરવાનો શરૂ કર્યો જે દસ વરસની સતત મહેનત તથા કોશિશો પછી ઈ.સ. ૧૯૧૯માં પૂર્ણ થયો. એ પ્રમાણે અન્ય પણ ઘણા બધા તર્જુમાઓ લખવામાં આવ્યા અને પ્રસિદ્ધ થતા ગયા પણ આ સર્વ તર્જુમાઓ કેવળ તર્જુમા હતા અને એમાં અરબી શબ્દો તથા વાક્યોને કેવળ ઉર્દૂ ભાષામાં તબદીલ કરી દેવામાં આવ્યા હતા, પણ કુર્આનની રૂહ નામ માત્રથી આ સર્વ તર્જુમા ખાલી હતા. અને કુર્આનની સમજ, ખુદા તઆલાની અઝમત તથા અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ના મક઼ામ તથા મર્તબાની તર્જુમાની, સંક્ષિપ્તપણુ તથા સમૃદ્ધતા, ભાષા તથા સાહિત્યનું પ્રદર્શન અને તર્જુમાકારીની શૈલી, સારાંશ કે દરેક પાસાએથી આ તર્જુમાઓ લુખા અને ખાલી હતા કે જેને પઢીને સાદા ભોળાભાળા મુસલમાનના દિલોમાંથી ઈમાની રૂહ નીકળતી જઈ રહી હતી અને તેઓ અજાણતામાં અભાનપણે ઈસ્લામી સિદ્ધ થયેલાં અક઼ીદાઓથી દૂર થઈને ગુમરાહીની એકદમ નજીક થતા જઈ રહ્યા હતા. એવા નાઝુક સમયમાં ઈમામે અહલે સુન્નતે સદરુશ્શરીઅહની માગણી પર કુર્આને કરીમની આયતોનો સહીહ તર્જુમો કરીને ઉમ્મતે મુસ્લિમા પર એક મહાન એહસાન કર્યુ અને એમની ડૂબી રહેલી નાવને કાઢીને નજાત અપાવી.

હવે આગામી લખાણમાં આ સંક્ષિપ્ત વર્ણનનો વિગતવાર અભ્યાસ કરીએ :–

## ★ કન્ઝુલ ઈમાનની વિશિષ્ટતાઓ ★

આમ તો કન્ઝુલ ઈમાન કેટલીય દષ્ટિએ અન્ય તર્જુમાઓથી અનોખુ તથા ઉચ્ચતર છે. અત્યારે મારે એમાંથી અમુક પાસાંઓ પર ચર્ચા કરવી છે :–

(૧) શાને ઉલૂહિયતનો લેહાઝ (૨) શાને રિસાલતનો એહતેરામ (૩) આશ્ચર્યજનક કુર્આની સમજ (૪) તર્જુમાની ખૂબી (૫) આયતના હકીકી મક્સદ સુધી પહોંચ. (૬) વર્ણન શૈલી

## ★ શાને ઉલૂહિયતનો લેહાઝ ★

એક મુફસ્સિર (તફસીરકર્તા) તથા મુતર્જિમ (અનુવાદક) માટે જરૂરી છે કે તે અલ્લાહ તઆલાની અઝમત તથા કિબ્રિયાઈનો ખયાલ દિલો દિમાગમાં જમાવી રાખે અને તર્જુમો કરતી વખતે કદીપણ કોઈ એવો શબ્દ ન લખે જે તેની શાનને લાયક ન હોય. અથવા જેનાથી તે પાક હોય. દા.ત. ઈર્શાદે ખુદાવંદી છે : اَللّٰهُ يَسْتَهْزِئُ بِهِمْ *(પારા : ૧, સૂરએ બક્રહ, આયત : ૧૫)* આ આયતનો તર્જુમો સર સૈયદે આ પ્રમાણે લખ્યો છે : "અલ્લાહ તેમની સાથે ઠઠ્ઠા (મશ્કરી) કરે છે." અને ગૈર મુક્લ્લિદોના પેશવા નઝીરહુસૈન અહમદ દહેલ્વીએ આ પ્રમાણે લખ્યો છે : "અલ્લાહ તેમને બનાવે છે." ફતહ મુહમ્મદ જાલંધરીએ આ પ્રમાણે તર્જુમો કર્યો છે : 'એ મુનાફિકો સાથે ખુદા હંસી કરી છે." મિર્ઝા હયરત દહેલ્વીએ આ પ્રમાણે લખ્યું : "અલ્લાહ હંસી ઉડાવે છે એમની." અને મહમૂદુલ હસન દેવબંદીએ આ પ્રમાણે લખ્યું : "અલ્લાહ હંસી કરે છે તેમની સાથે." અને નવાબ વહીદુઝ્ઝમાંએ તર્જુમો કર્યો : "અલ્લાહ ﷻ એમની સાથે દિલ્લગી કરે છે."

વાંચકો વિચાર કરો ! જો આ હઝરાતને તાઈદે રબ્બાની પ્રાપ્ત હોત અને એમનાં દિલોમાં અલ્લાહ તઆલાની અઝમત તથા રફઅત

(ઉચ્ચતા)નો જરા પણ ખયાલ હોત તો તેના હક્કમાં "દિલ્લગી કરવું, ઠઠ્ઠા (મશ્કરી) કરવું, બનાવવું (બનાવટ કરવું), હંસી ઉડાડવી..... આ પ્રકારના ખોટા શબ્દો હરગિઝ ન વાપરત. જ્યારે કે આ પ્રકારની હરકતોથી અલ્લાહ તઆલાનું પાક હોવું ઈસ્લામનો પાયાનો અક઼ીદો છે. હવે આવો ! અને જુઓ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ કેટલી શાનની સાથે આ આયતનો તર્જુમો કર્યો છે કે એક તરફ તર્જુમો પણ છે અને બીજી બાજુ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો મક઼ામ તથા મર્તબો પણ એક એક હર્ફથી જાહેર થાય છે :–

"અલ્લાહ એમની સાથે ઈસ્તેહાઝા ફર્માવે છે જેવો કે એની શાનને લાયક છે." *(કન્ઝુલ ઈમાન)*

**(૨)** ઈર્શાદે રબ્બાની છે :–

**اِنَّ الْمُنٰفِقِیْنَ یُخٰدِعُوْنَ اللّٰهَ وَهُوَ خَادِعُهُمْ** *(પારા : ૫, સૂરએ નિસાઅ, આયત : ૧૪૨)* આ આયતનો તર્જુમો આશિક઼ ઈલાહી મેરઠીએ આ પ્રમાણે કર્યો છે : "મુનાફિક઼ો દગાબાઝી કરે છે અલ્લાહ સાથે અને અલ્લાહ પણ તેમને દગો આપશે." અને ડિપ્ટી નઝીર અહમદ દહેલ્વીએ આ પ્રમાણે કર્યો : ખુદા જ એમને ધોકો આપી રહ્યો છે." અને મૌલ્વી ફતહ મુહમ્મદ જાલંધરીએ આ પ્રમાણે તર્જુમો કર્યો : "અને અલ્લાહ તેમને ધોકામાં નાખનારો છે." અને નવાબ વહીદુઝ્ઝમાંએ આ પ્રમાણે લખ્યું : "તે એમને ફરેબ (ધોકો) આપી રહ્યો છે." (મઆઝલ્લાહ !)

આ સર્વ તર્જુમાઓમાં ધોકો, દગો, ફરેબ (પ્રપંચ)ની નિસ્બત અલ્લાહની તરફ કરવામાં આવી છે જે કોઈ રીતે પણ દુરુસ્ત નથી. કેમ કે ધોકો આપવું અયબ છે અને અલ્લાહ તઆલા તમામ અયબ તથા ખામીથી પાક છે. તેમજ એ કે મુનાફિક઼ો ખુદાને ફરેબ (ધોકો) નથી આપી શકતા, કેમ કે તે તો દરેક જાહેર તથા છુપી ચીજોને જાણે છે. અને કોણ ધોકો આપી શકે છે ? હા ! મુનાફિક઼ો ધોકો આપવાની પોતાની રીતે કોશિશ કરે છે અને પોતાના ગુમાનમાં ખુદાને ધોકો આપવાનું ધારે છે, જો કે તેમને આમાં સફળતા નથી મળી શકતી.

આવો ! હવે ઈમામ અહમદ રઝાનો અઝમતે ખુદાવંદીના સમંદરમાં ડૂબેલો તર્જુમો જુઓ અને તમારા ઈમાન તથા અક઼ીદાને હર્યોભર્યો તથા મજબૂતી કરો.

"બેશક ! મુનાફિક઼ લોકો પોતાના ગુમાનમાં અલ્લાહને ફરેબ આપવા ચાહે છે અને તે જ તેમને ગાફિલ કરીને મારશે." *(કન્ઝુલ ઈમાન)*

કેટલો ઉમદા તર્જુમો છે ! કે આયતનો મતલબ પણ સ્પષ્ટ થઈ જાય અને ખુદાવંદે કુદ્દુસનો અદબ પણ સુરક્ષિત રહે.

## ★ શાને રિસાલતનો એહતેરામ ★

કાઈનાતમાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પછી અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام નો મક઼ામ તથા મર્તબો સૌથી ઉચ્ચ છે. તેમની રજમાત્ર ગુસ્તાખી તથા બેઅદબી ઈમાની વર્તુળથી કાઢી નાખે છે. એટલા માટે એમની શાનમાં બેઅદબીના શબ્દો વાપરવા અથવા કોઈ એવો શબ્દ લાવવો જેનાથી તેમની શાનમાં ઘટાડાનું પાસુ નીકળતુ હોય, એવું કરવું એ જ લોકોનું કામ હોઈ શકે છે જેમના દિલો ઈમાનની મીઠાશથી ખાલી હોય અને મહબ્બતે ખુદા વ રસૂલથી ભરપુર ન હોય. આ બાબતે પણ સર્વ તર્જુમાઓની દરમ્યાન આપણને "કન્ઝુલ ઈમાન" જ વિશિષ્ટ તથા અનોખુ જોવા મળે છે. કેટલાક દૃષ્ટાંતો જોઈ લો :–

(૧) રબ તઆલાનો ઈર્શાદ છે : وَوَجَدَكَ ضَالًّا فَهَدٰى *(પારા : ૩, સૂરએ વદ્દુહા, આયત : ૬)* આ આયતનો તર્જુમો મૌલ્વી મેહમૂદુલહસન દેવબંદીએ આ પ્રમાણે કર્યો છે : "અને પામ્યો તેને ભટકતો પછી રાહ સમજાવી." અને અશરફઅલી થાનવી દેવબંદી આ પ્રમાણે લખે છે : "અને અલ્લાહ તઆલાએ આપને (શરીઅતથી) બેખબર પામ્યા જેથી (આપને શરીઅતનો) માર્ગ દેખાડયો."

આ તર્જુમાઓ યક઼ીનન ! હુઝૂર صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم ની ઉચ્ચ તથા આ'લા શાનની વિરુદ્ધ છે, બલ્કે એક ઈમાનવાળાના માટે એની કલ્પના પણ તેના ઈમાનને માટે કાતિલ ઝહેરથી કમ નથી. જ્યારે કે ખૂદ કુર્આન ફર્માવે છે :

مَا ضَلَّ صَاحِبُكُمۡ وَمَا غَوٰی એટલે "તમારા સાથી ન બહેક્યા ન હદથી આગળ વધ્યા." અને ફર્માવ્યું : اِنَّكَ لَتَهۡدِیۡ اِلٰی صِرَاطٍ مُّسۡتَقِیۡمٍ એટલે "હે મહબૂબ ! યક़ીનન ! આપ અન્યોને હક્ક़નો માર્ગ દેખાડો છો." તો હવે ભલા જે પોતે જ બહેકેલો હોય, ભટકેલો હોય તે અન્યોને શું માર્ગ દેખાડશે ?! અને مَا ضَلَّ صَاحِبُكُمۡનો શો અર્થ થશે ?

અસલમાં આ ગલતી એના કારણે થઈ કે ضلالનો અર્થ જેવી રીતે "ભટકવું" છે, જેમ કે રબનો ઈર્શાદ છે :–

اِنَّ رَبَّكَ هُوَ اَعۡلَمُ بِمَنۡ ضَلَّ عَنۡ سَبِيۡلِهٖ *(પારા : ૧૪ સૂરઅ નહ્‌લ, આયત : ૧૨૫)* "બેશક ! તમારો રબ સારી રીતે જાણે છે જે એના માર્ગથી બહેક્યો." એ જ પ્રમાણે એક અર્થ મહબ્બતમાં ચૂર હોવું પણ છે, અને આ અર્થ ખૂદ કુર્આનની સાબિત છે. જ્યારે હઝરત યાકૂબ علیہ السلام યૂસૂફ علیہ السلامની જુદાઈમાં રડી રડીને આંખોની બીનાઈ ગુમાવી ચૂક્યા હતા એવામાં એક દિવસ આપે આપના પુત્રને ફર્માવ્યું, મને યૂસુફની ખુશ્બુ આવી રહી છે તો પુત્રોએ જવાબ આપ્યો : قَالُوۡا تَاللّٰهِ اِنَّكَ لَفِیۡ ضَلٰلِكَ الۡقَدِیۡمِ *(પારા : ૧૩, સૂરએ યૂસુફ, આયત : ૯૫)* "ખુદાની ક़સમ ! આપ આપની તે જ ખૂદ રફતગીમાં છો." એ જ પ્રમાણે જ્યારે મિસ્રની સ્ત્રીઓએ હઝરત ઝુલેખાંને ટોણો માર્યો તો કહ્યું :–

قَدۡ شَغَفَهَا حُبًّا ؕ اِنَّا لَنَرٰىهَا فِیۡ ضَلٰلٍ مُّبِیۡنٍ *(પારા : ૧૨, સૂરએ યૂસુફ, આયત : ૩૦)* "બેશક ! યૂસુફની મહોબ્બત ઝુલેખાંના દિલમાં પ્રવેશી ગઈ છે અમે તો એને સ્પષ્ટ ખૂદ રફતા જોઈએ છીએ."

હવે ઈમામ અહમદ રઝાનો તર્જુમો જુઓ જે મહબ્બતે રસૂલનું પ્રતિબિંબ પાડનાર અને હિદાયતનો મીનારો છે : "અને તમને પોતાની મહબ્બત ખૂદ રફતા પામ્યા તો પોતાની તરફ રાહ અર્પી." *(કન્ઝુલ ઈમાન)*

પ્રસંગ પણ એ જ છે કે એલાને નબુવ્વતથી પહેલાં હુઝૂર ﷺ ચાલીસ દિવસો સુધી ગોરે હિરાના એકાંતમાં યાદે ઈલાહી ગર્ક़ રહેતા. જેથી આ આયતમાં ઈશ્ક़े ઈલાહીમાં હુઝૂરની એ જ ચૂર પ્રચૂર થવાની

કેફિયતનું વર્ણન થયું કે હે મહબૂબ ! જ્યારે તમારી મહોબ્બત તથા તેમાં ચૂર થવાની કૈફિયત પોતાના કમાલે પહોંચી ગઈ ત્યાં સુધી કે તમને પોતાની પણ ખબર ન રહી, તો અમે સર્વ હિજાબો હટાવી આપ્યા અને તમારા માટે ખાસ કુર્બ અને મહબૂબિયતનો માર્ગ ખોલી આપ્યો અને તમને ખાસ કુર્બની મંઝિલ અને મહબૂબિયતના મક઼ામ પર બિરાજમાન કર્યા. અને આ જ અર્થ મુફસ્સિરોએ પણ વર્ણન કર્યો છે. જેમ કે ઈમામ સાવી, ઈમામ રાઝી, ઈમામ અસ્ફહાની, અલ્લામા ખાઝિન અને તેમના ઉપરાંત ઘણા બધા મુફસ્સિરો તથા ઉલમાએ લુગતે ضال નો અર્થ કોઈના ઈશ્ક઼ તથા મહોબ્બત અને મુલાકાતના ઉમંગમાં ખૂદ રફતા થઈ જવું કે પોતાની પણ ખબર ન રહેવી એ વર્ણન કર્યો છે.

તો જેણે હક્ક઼નો માર્ગ પામ્યો તે કુર્આન કરીમ મિઝાજને સમજ્યો, પરંતુ જે અંબિયાએ કિરામની શાનમાં ગુસ્તાખી કરવાથી દૂર નથી રહેતો તે તો પ્રથમવાળો તર્જુમો જ કરશે.

(૨) એક અન્ય સ્થાને અલ્લાહ તઆલા ફર્માવે છે : فَظَنَّ اَنۡ لَّنۡ نَّقۡدِرَ عَلَيۡهِ *(પારા : ૧૭, સૂરએ અંબિયા, આયત : ૮૭)* આ આયતનો તર્જુમો મહમૂદુલહસન દેવબંદીએ આ પ્રમાણે કર્યો છે : ''પછી (યૂનુસે) સમજ્યું કે અમે ન પકડી શકીશું એને.'' ફતહ મુહમ્મદ જાલંધરીએ આ પ્રમાણે તર્જુમો લખ્યો : ''અને (યૂનુસે) ખયાલ કર્યો કે અમે એમના પર ક઼ાબૂ પામી શકીશું નહીં.'' અને નઝીર અહમદ દહેલ્વીએ આ પ્રમાણે તર્જુમો કર્યો : ''એમને (યૂનસને) એવો વહેમ ગુજર્યો કે અમે એમના પર ક઼ાબૂ નહીં પામી શકીએ.''

આ આયતમાં સૈયદના યૂનુસ علیہ السلام નું વર્ણન છે અને આ તર્જુમાઓમાં તેમના તરફ એ મન્સૂબ કરવામાં આવ્યું કે એમણે સમજ્યું કે, ''અલ્લાહ તઆલા તેમને નહીં પકડી શકે !'' જ્યારે આ અલ્લાહ તઆલાની કુદરતનો ઈન્કાર છે કે જે **ઉઘાડુ કુફ્ર** છે અને તેની નિસ્બત એક જલીલુલક઼દર પયગંબરની પ્રતિ કરવી એ પણ કોઈ રીતે જાઈઝ નથી. અને આ ગલતી એટલા માટે થઈ કે نقدر નો ઉપયોગ બે અર્થોમાં

થાય છે : એક ક઼ાદિર હોવું, બીજો તંગી કરવું. તેઓ સમજ્યા કે આયતમાં પ્રથમ અર્થ મુરાદ છે, જે સરાસર ગલત છે. બલ્કે અંબિયાના મર્તબા પ્રમાણે કેવળ બીજો અર્થ મુરાદ છે. હવે આવો ! આ'લા હઝરત رحمۃ اللہ علیہનો તર્જુમો જુઓ, ઈમાન તાજુ થઈ જશે !

"તો ગુમાન કર્યું યૂનુસ علیہ السلامએ કે અમે એના પર તંગી કરીશું નહીં." *(કન્ઝુલ ઈમાન)*

અમારા દાવાના સમર્થનમાં બે નમૂના રજૂ કરી દેવામાં આવ્યા છે, નહીં તો આવી અગણિત આયતો છે જ્યાં અન્ય લોકોએ તર્જુમો કરતી વખતે ઠોકર ખાધી છે અને ઈમામ અહમદ રઝાના તર્જુમાએ ત્યાં મુસ્લિમ ઉમ્મતની રહનુમાઈ કરી છે.

### ★ આશ્ચર્યજનક કુર્આની સમજ ★

ઈલ્મવાળાઓ એ હક઼ીક઼તથી સારી રીતે વાકેફ઼ છે કે શબ્દકોશની કિતાબોથી કુર્આનના અર્થોને સમજવામાં મદદ મળે છે, એના સંબોધનની ભાળ મળે છે, વિવિધ સેગાઓ (સૂચનાત્મક સંકેતો)ના અસલી અક્ષરોની ઓળખ થાય છે. એક અનુવાદકના માટે કેવળ શબ્દકોશની કિતાબો પર ગહરી નજર હોવી અને શબ્દોના વિવિધ અર્થો એના દિમાગમાં મેહફૂઝ હોવા પૂરતા નથી, કુર્આની આયતોનો અનુવાદ કરવા માટે કેવળ એટલુ બસ નથી બલ્કે એની સાથોસાથ કુર્આનની મુરાદ (હેતુ) અને તેના સહીહ અર્થો સમજી શકવાની ખૂબી અને કુર્આની આયતોની પરિભાષા (ઈસ્તિલાહાત) સમજવી અનિવાર્ય છે, જેના થકી તે વિવિધ આયતો અથવા એક જ આયતમાં આવનાર મુકર્રર (વારંવાર આવતા) શબ્દનો જ્યારે તર્જુમો કરે છે તો કુર્આનના હેતુ તથા મક઼સદ મુતાબિક઼ તે શબ્દના વિવિધ અર્થોમાંથી અલગ અલગ અર્થ તેના સ્થાનોએ નિશ્ચિત કરે છે, પરિણામે શબ્દનો અનુવાદ પણ થઈ જાય છે અને આયતનો હક઼ીક઼ી ભાવાર્થ પણ સ્પષ્ટ થઈ જાય છે. આ વિશિષ્ટતામાં આપણને "કન્ઝુલ ઈમાન" જ અન્ય અનુવાદોમાં વિશિષ્ટ તથા અનોખુ અને અજોડ તથા અનુપમ જોવા મળે છે.

નીચે વર્ણવેલ આયતમાં એની એક ઝલક જોતા ચાલો :–

وَاِذَا خَلَوْا عَضُّوْا عَلَيْكُمُ الْاَنَامِلَ مِنَ الْغَيْظِ ؕ قُلْ مُوْتُوْا بِغَيْظِكُمْ ؕ

આ'લા હઝરત આ આયતનો તર્જુમો આ પ્રમાણે કરે છે : ''અને એકલા હોય તો તમારા પર આંગળીઓ ચાવે ગુસ્સાથી, તમે ફર્માવી દો કે મરી જાવ પોતાની અકળામણમાં.''

*(પારા : ૪, સૂ. આલિ ઈમરાન, આયત : ૧૧૯, કન્ઝુલ ઈમાન)*

આ આયતમાં કાફિરોની નફ્સાની કૈફિયતનું વર્ણન છે અને સંબોધન હુઝૂર ﷺથી છે. એમાં કુર્આની સમજના જે પાસાની પ્રતિ નિર્દેશનો હેતુ છે તે શબ્દ غَيْظِ છે, કે જે આ આયતમાં બે વાર વાપરવામાં આવ્યો છે. આ'લા હઝરતે પ્રથમ غَيْظِનો તર્જુમો ગુસ્સો કર્યો છે. અરબી ભાષામાં غَيْظِ ગુસ્સાને કહે છે. ઈમામ રાગિબે કિતાબુલ મુફર્રદાતમાં લખ્યું છે કે غَيْظِ સખ્ત ગુસ્સાની હાલતનું નામ છે.

مِنَ الْغَيْظِ અને બીજા غَيْظِનો તર્જુમો પણ સર્વ અનુવાદકોએ ગુસ્સો જ કર્યો છે. કોઈનું દિમાગ એ હકીકત પ્રતિ ધ્યાનિત ન થઈ શક્યું કે પ્રથમ સ્થાનમાં غَيْظِ શબ્દ સખત ગુસ્સાની હાલતને દર્શાવી રહ્યો છે અને مُوْتُوْا بِغَيْظِكُمْમાં એ જ શબ્દ તબીઅતની તે અકળામણ માટે દલીલ પૂરી પાડે જે સખત ગુસ્સાના લીધે પેદા થઈ જાય છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ ભાગનો અર્થ કર્યો છે : ''મરી જાવ પોતાની અકળામણમાં.'' પછી જ્યારે શબ્દકોશની કિતાબોને જોવામાં આવી તો એમાં غَيْظِનો એક અર્થ તો ''સખત ગુસ્સો'' જ મળ્યો. સાથોસાથ બીજો અર્થ એ પણ જોવા મળ્યો કે જ્યારે ગુસ્સો સખતી પકડે છે અને એના લીધે તબીઅતમાં અકળામણ પેદા થઈ જાય છે, જેનાથી માણસ ન કાંઈ કરી શકે છે ન ચુપ રહી શકે છે, તો આ દિમાગી સ્થિતિને પણ غَيْظِ જ કહે છે. તો સાર એ નીકળ્યો કે પ્રથમ غَيْظِ શબ્દ આ બીજાના માટે સબબ છે અને બીજો غَيْظِ શબ્દ એનું પરિણામ છે. આ બારીકાઈ તથા કુર્આની સમજને આધારે

આ'લા હઝરતે પ્રથમ غَيْظ નો તર્જુમો ગુસ્સો કર્યો જે સબબ છે અને બીજા غَيْظ ની તાબીર અકળામણથી કરી જે એનું પરિણામ છે.

અમુક મોહક્કિક઼ોના કથનાનુસાર અનુવાદકોની પૂરી સફમાં આ બુઝુર્ગી તથા કમાલ કેવળ આ'લા હઝરતના તર્જુમામાં જોવા મળે છે કે આપે એક જ આયતમાં વપરાયેલા એક જ શબ્દના બે વિવિધ સ્થળે એ પ્રમાણે તર્જુમા કર્યા કે શબ્દકોશની બારીકાઈનો લેહાઝ પર સંપૂર્ણપણે બાકી રહ્યો અને આયતનો અર્થ તથા ભાવાર્થ પણ સ્પષ્ટ થઈ ગયો.

## ★ તર્જુમાની વિશિષ્ટતા ★

કોઈપણ ભાષામાં તર્જુમાના સામાન્યતઃ બે તરીક઼ા રિવાજ પામેલા છે : એક શાબ્દિક તર્જુમો, બીજો બામુહાવરા તર્જુમો. શાબ્દિક તર્જુમામાં દરેક દરેક શબ્દની નીચે તેનો અર્થ લખવામાં આવે છે અને લખાણના ક્રમસર જોડાણ, તેની ગતિ (રવાની) અને આગલા પાછલા લખાણોની સાથે કનેક્શન તથા ગોઠવણ સાથે એને કોઈ સંબંધ નથી હોતો. આ તર્જુમાની ખૂબી એ છે કે પઢનારો દરેક શબ્દનો અર્થ તથા તર્જુમો જાણી લે અને તેને વિવિધ શબ્દકોશોના અભ્યાસની જરૂરત નથી રહેતી અને કિતાબોનાં પાનાં ફેરવવાની મહેનતથી તેને છૂટકારો મળી જાય છે. તેમ છતાં પણ શાબ્દિક અનુવાદની પાયાની કમજોરી એ છે કે લખાણમાં સતત ક્રમસર જોડાણ અને વ્યવસ્થિત ગોઠવણ ન થવાના કારણે પઢનારાને કુર્આનના હક઼ીક઼ી ભાવાર્થને સમજવામાં મુશ્કેલી ઊભી થાય છે અને મતલબ સુધી પહોંચવામાં તે લાચાર રહે છે. આ રીતે એના દિમાગમાં કુર્આનનો જે ખયાલ પહેલાં સ્થાપિત હતો તે કેવળ શાબ્દિક તર્જુમો પઢયા બાદ બાકી નથી રહેતો.

આ મુદ્દાને લક્ષમાં લેતાં બીજા તબક઼ાએ કુર્આની આયતોનો બામુહાવરા તર્જુમો શરૂ કર્યો પણ એના પર એટલા પ્રમાણમાં ધ્યાન વાળી આપ્યું કે તેઓએ કેવળ ભાષાની જાણકારીની ક઼ાબેલિયતો દેખાડી ! તેમની સર્વ કોશિશ લખાણની સજાવટ, ખૂબસૂરતી તથા વિવિધ પ્રકારના

મુહાવરાઓમાં ખર્ચાઈ ગઈ જેના પરિણામે તેઓ કુર્આનના હક઼ીક઼ી મક઼સદની રૂહ તથા આયતોના સહીહ મતલબને ન વર્ણવી શક્યા. જેથી જેવી રીતે શાબ્દિક તર્જુમો દૂર દરાઝની તરકીબની ભૂલભૂલૈયામાં ઉલઝીને રહી ગયો, એ જ પ્રમાણે બામુહવરા તર્જુમો પણ લખાણની કલા તથા આકર્ષક્તાના ભમ્મરમાં ગુમ થઈને રહી ગયો. આ શાબ્દિક તથા બામુહાવરા તર્જુમાઓની તે પાયાની કમજોરીઓ હતી જેના લીધે કુર્આનનો હક઼ીક઼ી ભાવાર્થ સ્પષ્ટ ન થઈ શક્યો.

''કન્ઝુલ ઈમાન'' તે નિહટ્ટો તર્જુમો છે જેમાં એક તરફ તો શાબ્દિક તર્જુમાનો હુસ્નો જમાલ જોવા મળે છે કે પઢનાર પઢયા પછી દરેક શબ્દનો તર્જુમો સમજી લે છે અને બીજી બાજુ બામુહાવરા તર્જુમાનો મઝહર (ઉગમસ્થાન) તથા પ્રતિબિંબ છે કે શાબ્દિક તર્જુમાનો બોજ પઢનારા પર જરા સરખો પણ મેહસૂસ નથી થતો, બલ્કે તર્જુમો સતત જાડાણવાળો અને ક્રમસર પઢાતો ચાલ્યો જાય છે અને કુર્આનના મતલબ એના સમક્ષ સ્પષ્ટ થતા જાય છે.

નીચેના લખાણમાં એનું એક દષ્ટાંત રજૂ કરું છું જેને વાંચીને ચોક્કસ વાંચકો ઝુમી ઉઠશે અને દાદ આપ્યા વિના તથા પ્રશંસા કર્યા વિના નહીં રહી શકે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : وَ يُعَلِّمُكَ مِنۡ تَاۡوِيۡلِ الۡاَحَادِيۡثِ

*(પારા : ૧૨, સૂ. યુસૂફ, આયત : ૬)*

એનો બામુહાવરા તર્જુમો સામાન્યતઃ એ કરવામાં આવે છે કે, ''અલ્લાહ તને ખ્વાબોની તાબીર શીખવાડે.'' એ જ પ્રમાણે શાબ્દિક તર્જુમો કરનારાઓએ એનો તર્જુમો કાંઈક એ પ્રમાણે કર્યો છે કે વાત સ્પષ્ટ નથી થતી. આ પ્રમાણે બંને પ્રકારના તર્જુમાઓથી تَاۡوِيۡل (તાવીલ)નો અર્થ સ્પષ્ટ ન થઈ શક્યો અને એ જાણ ન થઈ શકી કે ''તાવીલ'' શબ્દકોશના એ'તબારથી કોને કહે છે.

હવે આવો જરા આ'લા હઝરત رحمۃ اللہ علیہના તર્જુમા પર નજર કરો. આપ આ આયતનો તર્જુમો આ પ્રમાણે કરે છે : ''અને તારો રબ તને

વાતોનો અંજામ કાઢવાનું (પરિણામ તારવવાનું) શીખવાડશે."

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ اَلْاَحَادِیْث (અહાદીષ)નો તર્જુમો "વાતો" કર્યો છે, કેમ કે "હદીષ" વાતને કહે છે એટલા માટે અલ્લાહ તઆલાના રસૂલ ﷺના આદેશોને "અહાદીષ" કહેવામાં આવે છે અને "તાવીલ'નો અર્થ પરિણામ તારવવું (અંજામ કાઢવું) કર્યો. અમુક મુહદ્દિષોના કથનાનુસાર કુર્આને પાકના તર્જુમાઓના પૂરા ઈતિહાસમાં આ તર્જુમો ક્યાંય જોવા નથી મળતો. "તાવીલ"નો અર્થ જોવા માટે કે શું ખરેખર આ અર્થ અરબી કાઈદાઓ અને ભાષાની જાણકારીના લેહાઝથી દુરુસ્ત છે ? શબ્દકોશની કિતાબોનો અભ્યાસ કરવામાં આવ્યો તો એ જાહેર થયું કે تَاْوِیْلએ શબ્દ اَوْلથી બન્યો છે એટલે કે કોઈ ચીજનું અંજામની તરફ પલટી આવવું, અને જ્યારે આ શબ્દથી "તાવીલ"નો શબ્દ બનાવવામાં આવ્યો તો એમાં પણ એ અર્થ બાકી રહેશે એટલે અંજામ નીકળવો (પરિણમવું), પરિણામથી માહિતગાર થવું, એ અસલી મક્સદથી માહિતગાર થવું જે કોઈ કલામ (વાત)ની હેઠળ છુપાયેલો હોય. એટલા માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ એનો તર્જુમો "અંજામ કાઢનાર"થી કર્યો છે અને તફસીરવેત્તાઓ તથા શબ્દકોશના નિષ્ણાતોએ પણ આ જ અર્થ વર્ણવ્યો છે. આ રીતે આ તર્જુમો એક તરફ તો બામુહાવરા તર્જુમાનો આઈનાદાર (પ્રતિબિંબ) છે કે શાબ્દિક તર્જુમાનો બોજ મેહસૂસ નથી થતો, ન લખાણના સતત ક્રમ તથા ગતિ (રવાની)માં કોઈ ફરક આવે છે, ન તો આગલી પાછલી ઈબારત (લખાણ)થી ગોઠવણ તથા ક્નેકશન તૂટે છે તેમજ બીજી બાજુ શાબ્દિક તર્જુમાનુ પ્રતિબિંબ તથા જલ્વો પણ જાહેર થાય છે કેમ કે ગૈર જરૂરી લખાણની સજાવટથી આ તર્જુમો પાક છે તેમજ "તાવીલ" શબ્દનો અર્થ શોધવાની જરૂરત પણ નથી રહેતી.

## ★ વાસ્તવિક હેતુ સુધી પહોંચ ★

કુર્આન મજીદ અરબી ભાષાની એવી ઉમદા કૃતિ છે જેનો દરેક કલામ (વાત) મો'જિઝામય (અદ્ભૂત) હોય છે, એટલા માટે એ તો

શક્ય જ નથી બનતુ કે અનુવાદક કુર્આની આયતોનો તર્જુમો મો'જિઝામય કલામથી કરે, પરંતુ એનાથી પણ ઈન્કાર નથી કરી શકાતો કે જે શખ્સ પર ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَનો ખાસ ફયૂઝાન હોય છે અને તે ઈલ્મે બદીઅ તથા મઆનીની બારીકીઓથી સંપૂર્ણપણે માહિતગાર હોય છે, તો જ્યારે તેના ક઼લમથી તર્જુમાનો પ્રવાહ ગતિમાન થાય છે તો એ મો'જિઝામય કલામની ઝલક એમાં સંપૂર્ણપણે જોવા મળે છે. અને જે વર્ણનશૈલીમાં કુર્આન પોતાનો મક઼સદ બયાન કરે છે તેના મૂળ સુધી તે પહોંચ હાંસલ કરીને તર્જુમા લેખનમાં એના મક઼સદનું સુંદર પ્રતિબિંબ દુનિયા સમક્ષ રજૂ કરે છે.

જો સર્વ પૂર્વગ્રહો તથા પક્ષપાતના રવૈયાથી પર રહીને ઈન્સાફ તથા નિષ્પક્ષપણે કોઈ "કન્ઝુલ ઈમાન"નો અભ્યાસ કરે તો તેના સમક્ષ એ હક઼ીક઼ત ખુલી જશે કે હેતુપૂર્ણતા તથા મહત્વપૂર્ણતા જે કુર્આની આયતોનો એ'જાઝ છે એની પૂરે પૂરી ઝલક આ'લા હઝરતના તર્જુમામાં જોવા મળશે.

અમારા દા'વાની સાબિતીમાં કેવળ બે દૃષ્ટાંતો પર સંતોષ વ્યક્ત કરીએ છીએ, જેને અધિક દૃષ્ટાંતો જોવાં હોય તે "કન્ઝુલ ઈમાન"નો ન્યાયપ્રિય નજરે નિષ્પક્ષપણે અભ્યાસ કરે. ઈન્શાઅલ્લાહ ! તેને આવાં દૃષ્ટાંતોનો મોજાં મારતો સમુદ્ર જોવા મળશે.

**(૧)** અલ્લાહ રબ્બુલ ઈઝ઼્ઝત ફર્માવે છે : **ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ فِيْهِ** *(પારા : ૧, સૂરએ બક઼રહ્, આયત : ૨)* આ આયતનો તર્જુમો સામાન્યતઃ એ પ્રમાણે કરવામાં આવે છે : "આ કિતાબ એમાં કોઈ શક નથી." પણ આ તર્જુમા પર બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે :–

**(અ)** **ذٰلِكَ** ઈસ્મે ઈશારા છે જેને દૂરવાળી ચીજની પ્રતિ નિર્દેશ કરવા માટે ઉપસ્થિત કરવામાં આવેલ છે એટલા માટે તર્જુમો કરતી વખતે "તે કિતાબ" કહેવું જોઈતુ હતું ન કે આ કિતાબ.

**(બ)** એ કે "એમાં કોઈ શક નથી" આ (તર્જુમો) બનાવ તથા હક઼ીક઼તની વિરુદ્ધ છે, કેમ કે કુર્આન મજીદમાં અસંખ્ય લોકોએ પ્રથમ

પણ શક કર્યો અને આજે પણ શક કરનારાઓની કમી નથી, આ રીતે જોતાં આ તર્જુમો આ આયતના વાસ્તવિક અર્થને બયાન કરવામાં કામયાબ ન થઈ શક્યો.

હવે આવો ! ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના તર્જુમાને જુઓ જે કુર્આનના એઅ્જાઝને પણ જાહેર કરે છે અને આયતના હક઼ીક઼ી મક઼સદને પણ સ્પષ્ટ કરે છે. આપે તર્જુમો કાંઈક આ પ્રમાણે કર્યો : "તે ઉચ્ચ કક્ષાની કિતાબ (કુર્આન) કોઈ શકને સ્થાન નથી." *(કન્ઝુલ ઈમાન)*

સુબ્હાનલ્લાહ ! આ તર્જુમાથી બંને પ્રશ્નો એક સાથે દૂર થઈ જાય છે. પ્રથમ સવાલનો નિકાલ તો આયતથી તદ્દન જાહેર છે. બીજા સવાલનું નિવારણ એ રીતે કર્યું કે, ભલે ઘણા લોકોએ કુર્આન મજીદમાં શક કર્યો, પણ હક઼ીક઼તમાં તે કોઈ શંકાનુ સ્થાન નથી. કોઈ પણ ન્યાયી, બુદ્ધિશાળી જે અરબી ભાષાની પદ્ધતિ તથા નઝાકતોથી વાકેફ હોય તે આનો અભ્યાસ કરે તો તેણે સ્વીકારવું પડશે કે આ ખુદાઈ કલામ છે, કોઈ માણસના ચિંતનનું પરિણામ નથી. જો ચામચિડયાની આંખ દિવસમાં સૂર્યની મૌજૂદગી વિશે શક કરે છે તો એ એની આંખોનો કુસૂર છે ન કે સૂર્યનાં કિરણોનો !

**(૨)** એ સૂરતમાં થોડેક આગળ આ આયત છે :

اِنَّ الَّذِیۡنَ کَفَرُوۡا سَوَآءٌ عَلَیۡهِمۡ ءَاَنۡذَرۡتَهُمۡ اَمۡ لَمۡ
تُنۡذِرۡهُمۡ لَا یُؤۡمِنُوۡنَ

*(પારા : ૧, સૂરએ બક઼રહ, આયત : ૬)*

આ આયતનો તર્જુમો દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવીએ આ પ્રમાણે કર્યો છે : "બેશક ! જેઓ કાફિર થઈ ચૂક્યા છે, બરાબર છે આપના એમના હક્ક઼માં ચાહે તમે તેમને ડરાવો કે ન ડરાવો, તેઓ ઈમાન લાવવાના નથી."

અને મોલ્વી મહમૂદ હસન દેવબંદીનો તર્જુમો આ પ્રમાણે છે કે, "બેશક ! જે લોકો કાફિર થઈ ચૂક્યા છે તેમને ડરાવો કે ન ડરાવો તેઓ ઈમાન નહીં લાવે."

ફતહ મુહમ્મદ જાલંધરીએ આ પ્રમાણે તર્જુમો કર્યો છે : ''જે લોકો કાફિર છે તેમને તમે નસીહત કરો કે ન કરો તેમના માટે સરખુ, તે ઈમાન લાવવાના નથી.''

જાહેર છે કે આ તર્જુમાઓથી આયતના હક઼ીક઼ી ભાવાર્થ અને હેતુની સ્પષ્ટતા નથી થતી. કેમ કે ઘણા બધા કાફિરો દીનની દા'વતને ક઼બૂલ કરીને ઈસ્લામથી પાવન થયા છે અને આજ સુધી થતા રહે છે અને ભવિષ્યમાં પણ થતા રહેશે. તેમજ એનાથી ઈસ્લામનો દા'વત તથા તબ્લીગનો દરવાજો પણ બંધ થઈ જાય છે.

જરા હવે આપ આ'લા હઝરત رحمۃاللہ علیہના તર્જુમાને જુઓ કે કઈ રીતે આયતની રૂહને ખેંચીને પોતાનામાં સમાવે છે.

''બેશક ! તે જેની ક઼િસ્મતમાં કુફ્ર છે એમને સરખુ છે ચાહે તમે તેમને ડરાવો કે ન ડરાવો, તેઓ ઈમાન લાવવાના નથી.'' *(કન્ઝુલ ઈમાન)*

વિચાર કરો ! કેવળ એક શબ્દએ કુર્આને કરીમની મુરાદ અને તેના હક઼ીક઼ી મક઼સદને એ રીતે સ્પષ્ટ કરી આપ્યો કે હવે કોઈને પણ અર્થના માટે વાંધો ઉઠાવવાનો કોઈ અવકાશ બાકી ન રહ્યો. ઈસ્લામનો તબ્લીગી નિઝામ પણ પોતાના સ્થાને યથાવત અને બામક઼સદ રહ્યો અને દા'વત તથા તથા તબ્લીગનો દરવાજો પણ બંધ ન થયો અને જે કાફિરો ઈમાન લાવ્યા તેમને لَا يُؤْمِنُوْنَને જૂઠલાવવાને માટે રજૂ કરવાનો ચાન્સ પણ ખત્મ થઈ ગયો, કેમ કે ઈમાન લાવ્યા બાદ તેમના હક્ક઼માં એ વાત તેહક઼ીક઼ની રીતે પુરવાર થઈ ગઈ કે તેમની કિસ્મતમાં કુફ્ર ન હતું, અને દા'વત તથા તબ્લીગનો દરવાજો એ પ્રમાણે ખુલ્લો રહ્યો કે દાઈ (ઈસ્લામની દા'વત આપનાર)ને કોઈ પણ કાફિરની ક઼િસ્મતનો હાલ માલૂમ નથી એટલા માટે દરેક કાફિર સુધી દીનની દા'વત તેણે એ ઉમ્મીદ પર પહોંચાડી કે કદાચ એ ઈમાન ક઼બૂલ કરે, કેમ કે દા'વત આપનારની જિમ્મેદારીમાં કેવળ દીનની દા'વત પહોંચાડવાની છે, ઈમાન ક઼બૂલ કરાવવું એની જિમ્મેદારીમાં નથી.

## ★ વર્ણનની શૈલી ★

એક તર્જુમો કરનાર અનુવાદક માટે એ પણ જરૂરી છે કે જે ભાષામાં તે તર્જુમો કરે તેની શૈલી તથા મિજાઝને નજરો સમક્ષ રાખે. એની રૂએ પણ "કન્ઝુલ ઈમાન" જ સૌથી સ્ટાન્ડર્ડ તર્જુમો જોવા મળે છે. કેમ કે એમાં ઠેક ઠેકાણે વાંચકોને પઢયા બાદ મેહસૂસ થાય છે કે આ તર્જુમો ઉર્દૂ ભાષાના મિજાઝ તથા નઝાકતના માળખામાં સંપૂર્ણપણે ઢળેલો છે અને તેની શૈલીના તદન મુતાબિક઼ છે. નમૂના રૂપે એક આયત વાંચકો સમક્ષ રજુ કરું છું : ઈર્શાદે ખુદાવંદી છે : وَمَرْيَمَ ابْنَتَ عِمْرٰنَ الَّتِیْ اَحْصَنَتْ فَرْجَهَا

*(સૂ. તહ્રીમ, પારા : ૨૮, આયત : ૧૨)*

આ આયતનો તર્જુમો મૌલ્વી મહમૂદુલ હસન દેવબંદીએ આ પ્રમાણે કર્યો છે : "અને મરયમ બેટી ઈમરાનની જેણે રોકી રાખી પોતાની શહવતની જગાને."

આ તર્જુમાને જો કે ઉર્દૂ ભાષાના શાબ્દિક તર્જુમાની હૈસિયતથી સહીહ ઠરાવી શકાય છે, પણ એ વાતને પણ સ્વીકાર્યા વિના છૂટકો નથી કે આ તર્જુમામાં ઉર્દૂ ભાષાની સભ્યતા તથા મિજાઝને બાકી રાખવામાં આવેલ નથી ! કેમ કે એમાં હઝરત સૈયદા મરયમ رضی اللہ عنہا જેવી મુક઼દસ તથા પાકબાઝ ખાતૂનનું વર્ણન છે.

એના બદલે આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ આયતના મોક઼ાની નઝાક્તને મેહસૂસ કરતાં કેટલો દિલકશ અને દિલનશીં તર્જુમો કર્યો છે તે જુઓ : "અને ઈમરાનની બેટી મરયમ જેણે પોતાની પવિત્રતાની હિફ઼ાઝત કરી." *(કન્ઝુલ ઈમાન)*

સારાંશ કે જે હૈસિયત તથા જે પાસાથી પણ "કન્ઝુલ ઈમાન"નો અભ્યાસ ઈન્સાફ઼ની દષ્ટિએ કરવામાં આવે તો તે સૌથી ઉત્તમ કક્ષાનો, સૌથી શ્રેષ્ઠ, સૌથી અફ઼ઝલ તથા આ'લા જોવા મળે છે. આવી જ અમુક ખૂબીઓથી પ્રભાવિત થઈને રઈસુલ ક઼લમ અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ એ ફ઼ર્માવ્યું હતું, "કન્ઝુલ ઈમાન જ આ દૌરમાં હક઼ીક઼તમાં ઈશ્ક઼ તથા ઈમાનની દૌલત છે." *(અઝ : હઝરત મુફ઼તી મુઝમ્મિલ બરકાતી, અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, જુલાઈ–૨૦૧૧, બરકાતે ખ્વાજા–માસિક)*

# ફતાવા રઝવિય્યહ્ની વિશિષ્ટતાઓની એક ઝલક !

કેટલીક ફતાવાની કિતાબો એવી છે જેમાં સવાલ તથા જવાબની પદ્ધતિથી હટીને સંક્ષિપ્તપણે મોટાભાગના ફિક્હના મસાઈલ વર્ણન કરવામાં આવ્યા છે, જેમ કે ફતાવા આલમગીરી, ફતાવા કાઝીખાન તથા ખુલાસતુલ ફતાવા વગેરે. અને અમુક ફિક્હની કિતાબો એવી છે જેમને સવાલ તથા જવાબની પદ્ધતિમાં સંપાદિત કરવામાં આવી છે, જેમ કે ફતાવા ખૈરિયહ્, ફતાવા હામિદિયહ્, ફતાવા અઝીઝી, ફતાવા હુમાયૂની વગેરે. ફતાવાની કિતાબોનો આ જ તે પ્રકાર છે જેમાં સામાન્યતઃ દલીલો રજૂ કરવામાં આવે છે. ફતાવા રઝવિય્યહ્નો સંબંધ પણ ફતાવાની કિતાબોના આ જ પ્રકારથી છે.

પ્રિય વાંચકો ! જો તમે ફતાવાની કિતાબોના સર્વ ઝખીરાઓ ફેંદીને કોઈપણ શાનદારથી શાનદાર કિતાબની પસંદગી કરો, પછી તેને ફતાવા રઝવિય્યહ્ સમક્ષ રજૂ કરો તો તમે મેહસૂસ કરશો કે આ કિતાબ પોતાની ખાસ વિશિષ્ટતાઓ તથા ખૂબીઓના કારણે દરેક ઉમદા મોટીથી મોટી અને જૂનાથી જૂની કિતાબ પર આ'લા તથા બાલા (ઉચ્ચ) બલ્કે ખાતિમુલ ફતાવા છે. હું આ સંક્ષિપ્ત લેખમાં ટૂંકમાં ફતાવા રઝવિય્યહ્ની વિશિષ્ટતાઓ આપની સમક્ષ રજૂ કરું છું.

## ★ પ્રથમ વિશિષ્ટતા ★

ફતાવા રઝવિય્યહ્નો તે લાજવાબ ખુત્બો છે જેમાં વિષયને અનુરૂપ ઉમદા શૈલીને અપનાવીને ફિક્હે ઈસ્લામના છ ઈમામો તથા હનફી ફિક્હની ૮૪ વિશ્વસનીય કિતાબોનાં નામો એ અંદાઝથી લેવામાં આવ્યાં છે કે એ ખુત્બો જોતજોતામાં નઅતે નબીનો ગુલદસ્તો બની ગયો.

હું ચાહું છું કે એ ગુલદસ્તાની ખુશ્બુ વડે થોડીવાર માટે આપ પણ

ફૈઝયાબ થાવ. ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہ પોતાના આક઼ા વ મૌલાની સમક્ષ દુરૂદો સલામ પેશ કરતાં લખે છે : "દુરૂદો સલામ એમના પર જે તમામ મોઅઝ઼ઝઝ્ રસૂલોના ઈમામે આ'ઝમ છે. મારા માલિક, મારી શફાઅત કરનાર, અત્યંત કૃપાવન અહમદ, હુસ્ન વિના સંકોચ કહે છે કે મુહમ્મદ કરીમ صلی اللہ علیہ وسلم હુસ્નો જમાલમાં હઝરત યૂસુફના બાપ છે."

## ★ બીજી વિશિષ્ટતા ★

ફતાવા રઝવિય્યહ્‌માં જ્યાં ક્યાંક કોઈ મસ્અલાનો વિસ્તારપૂર્વક જવાબ લખ્યો અને સવાલના મહત્વને લક્ષમાં રાખી પૂરી કિતાબ લખી તો તેના શરૂમાં એવો ખુત્બો લાવે છે કે વાંચક ખુત્બો પઢીને આખા લખાણનો ખુલાસો જાણી લે છે. ટૂંકાણને લક્ષમાં રાખી અહીં કેવળ એક દષ્ટાંતથી સંતોષ માનીશું.

આ'લા હઝરત رحمۃاللہ علیہને સવાલ કરવામાં આવ્યો કે અમુક ઉલમા ઈદની નમાઝ બાદ દુઆ માગવાને બિદઅત કહે છે, કેમ કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم તથા સહાબાએ કિરામ અને તાબઈનથી એ કોઈ રીતે સાબિત નથી.

એના જવાબમાં ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہએ "સુરૂરુલ ઈદ"ના નામથી એક કિતાબ લખી. તમે એનો ખુત્બો સાંભળો અને જાતે જ ફેંસલો કરો કે જવાબ દુઆ કરવાના જાઈઝ હોવામાં હશે કે નાજાઈઝ હોવામાં.

**ખુત્બો આ પ્રમાણે છે** : (અર્થ) : "સર્વ વખાણો અલ્લાહ તઆલાના માટે છે જેણે આપણા માટે ઈદને મહબૂબ બનાવી, અને તેને દરેક દૌરને નજીક કરનાર બનાવી અને **આપણને તે મુબારક દિવસમાં દુઆનો હુકમ આપ્યો** અને **કુર્આન મજીદમાં એની ક઼બૂલિયતનો વાયદો ફર્માવ્યો** અને દુરૂદો સલામ થાય તે ઝાતે કરીમ પર જેનો ચહેરો ઈદ, દીદાર ઈદ, મીલાદ ઈદ છે.

## ★ ત્રીજી વિશિષ્ટતા ★

સામાન્યતઃ ફતાવાની કિતાબોમાં જવાબનું લખાણ સવાલ કરતાં અધિક ટૂંકું હોય છે. અને અમુક ફતાવા તો હા, ના, નાજાઈઝ છે, હલાલ છે,

હરામ છે, સવાબ છે નો સમૂહ હોય છે, જેમ કે ફતાવા રશીદિયહ.

એનાથી ઉલટુ ફતાવા રઝવિય્યહ્‌માં આપ દરેક સવાલનો સ્પષ્ટ વિગતવાર દલીલયુક્ત જવાબ આપે છે અને અમુક સવાલોના જવાબમાં પૂરી કિતાબ તમને જોવા મળશે.

**દષ્ટાંત–૧** : ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે કોઈ શખ્સ ઊંઘમાંથી જાગૃત થયો તો તેણે શરીર અથવા કપડા પર તરી (ભીનાશ) જોઈ અથવા ખ્વાબ જોયો અને તરી ન જોવા મળી, તો એના પર ગુસ્લ કરવું વાજિબ છે કે નહીં ?

આ કેવળ એક લીટીનો સવાલ છે, એનો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ જે જવાબ લખ્યો તે ફતાવા રઝવિય્યહ્‌ના ૧૧૪ પેજીસ પર ફેલાયેલો છે. *(જુઓ ફતાવા રઝવિય્યહ્‌, ભાગ : ૧, પેજ : ૪૬૫ થી ૫૭૮, પ્રકાશક : રઝા ફાઉન્ડેશન–લાહોર)*

**દષ્ટાંત–૨** : આ'લા હઝરતને પૂછવામાં આવ્યું કે ગુસ્લ તથા વુઝૂમાં પાણીની શરીઅતની રૂએ કેટલી માત્રા નિશ્ચિત છે ? આ પ્રશ્ન કેવળ અડધી લીટીનો છે. કોઈ અન્ય મુફતી હોત તો જવાબમાં બે ચાર લીટી કહી આપત. અને તેહક઼ીક઼વાળો કહેત તો બે ચાર પેજીસ પૂરતાં હતાં. પણ ઈલ્મના આસ્માનનો આ નૈયરે આ'ઝમ (મહાન ચમકતો સિતારો) આ ટૂંકાટચ સવાલ પ્રતિ ધ્યાનિત થાય છે તો તેનો દામન ૨૧૧ પેજીસો પર ફેલાવી આપે છે. *(જુઓ : ફતાવા રઝવિય્યહ્‌, પેજ : ૫૭૯ થી ૭૯૦, પ્રકાશક : રઝા ફાઉન્ડેશન–લાહોર)*

**દષ્ટાંત–૩** : ઈમામ અહમદ રઝાને એક પ્રશ્ન મોકલવામાં આવ્યો જેમાં તયમ્મુમ વિશે ત્રણ સવાલ હતા જેનું લખાણ પાંચ લીટીથી વધુ ન હતું. ઈમામ અહમદ રઝાનો ક઼લમ કમાલ દેખાડે છે તો બુદ્ધિ દંગ રહી જાય છે કે ૭૫૦ પેજીસનું અંતર કાપતાં સુધી ક઼લમ રોકાવાનું નામ નથી લેતો.

પ્રિય વાંચકો ! હું તમને એ કેમ ન જણાવું કે ફતાવા રઝવિય્યહ્‌, ભાગ : ૧, (જેની આધૃનિક આવૃત્તિ પછી ત્રણ જિલ્દો બની છે)માં **કુલ**

**૧૧૪ સવાલો નોંધાયેલા છે જેમને એક જગાએ ભેગા કરવાથી મુશ્કેલીથી ત્રણ પેજા બને,** મેં જ્યારે **જવાબ**ની સાડા ત્રણ જિલ્દોના પેજોનો હિસાબ લગાડયો તો **૨૫૮૦ પેજીસ** થયા !

તમે સમુદ્રને કૂજામાં બંધ કરતાં તો કોઈને જોયું હશે પણ બંધ કૂજાને સમુદ્ર પર ફેલાવતાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સિવાય કોઈને અન્ય નહીં જોયો હોય.

## ★ ચોથી વિશિષ્ટતા ★

ફતાવા રઝવિય્યહ્‌માં તેહક઼ીક઼ તથા સંશોધનના તે દરિયા વહાવવામાં આવ્યા છે કે અન્ય ફતાવાની કિતાબો એનાથી વંચિત છે, એનાં પણ અમુક દષ્ટાંતો જોઈ લો :–

**દષ્ટાંત–૧** : મસ્અલો એ છે કે માણસ પાણીનો ઉપયોગ કરવા માટે શક્તિમાન ન હોય તો વુઝૂ તથા ગુસ્લ ફર્ઝ છે અને જો પાણીથી લાચાર હોય તો તયમ્મુમ કરે.

પાણી વાપરવાથી લાચાર હોવાની સામાન્યતઃ ફિક઼્હની કિતાબોમાં **દસ બાર** સ્થિતિઓ વર્ણન થયેલી છે પણ ફતાવા રઝવિય્યહ્‌માં પાણીથી લાચાર હોવાની **૧૭૫ સ્થિતિઓ** વર્ણન કરવામાં આવેલી છે.

*(જુઓ : ફતાવા રઝવિય્યહ્‌, ૧/૪૧૧–૪૪૦)*

**દષ્ટાંત–૨** : ફિક઼્હના મસ્અલાઓમાંથી એક મશ્હૂર મસ્અલો "મસ્અલએ લમ્અહ્‌" છે. તેની વિગત એ છે કે એક શખ્સ પર ગુસ્લ ફર્ઝ થયું તેણે ગુસ્લ કર્યું, પણ શરીરનો અમુક હિસ્સો સૂકો રહી ગયો અને પાણી પણ ખત્મ થઈ ગયું. પછી તેને હદ્‌ષ થયું જેનાથી વુઝૂ તૂટી જાય છે. હવે હદષ તથા જનાબત બંનેવ એકત્ર થઈ ગયાં. પછી તેને પાણી મળ્યું પણ એટલું નહીં કે તે વુઝૂ પણ કરી શકે અને ગુસ્લમાં છૂટેલા શરીરના હિસ્સાને પણ ધોઈ શકે છે. બલ્કે એ પાણી વડે એક જ કામ શક્ય છે ક્યાં તો વુઝૂમાં વાપરી શકે છે અથવા ગુસ્લમાં શરીરનો છૂટેલ હિસ્સો ધોઈ શકે છે. પ્રશ્ન એ ઉપસ્થિત થઈ ગયો છે કે આવી સ્થિતિમાં એ શખ્સનું શું કરે ?

આપણા ફક઼ીહોએ મસ્અલએ લુમ્અહ્‌ની અમુક સ્થિતિઓ વર્ણન કરી છે. સૌથી વધુ આ મસ્અલાની તફસીલ શરહે વક઼ાયામાં છે જેમાં **૧૫ સ્થિતિઓ** વર્ણન છે.

પણ ફતાવા રઝવિય્યહ્‌માં "મસ્અલએ લુમ્અહ્‌"ની **૯૮ સ્થિતિઓ** વર્ણન કરવામાં આવી છે.

**દષ્ટાંત–૩** : ફતાવા રઝવિય્યહ્‌ના કર્તા (આ'લા હઝરત) رحمۃ اللہ علیہને સવાલ કરવામાં આવ્યો કે હલાલ જાનવરોમાં કેટલી ચીજો મકરૂહ છે ? એનો સમૃદ્ધ જવાબ તમને ફતાવાના ઝખીરાઓમાં ફતાવા રઝવિય્યહ્‌ સિવાય ક્યાંય મળશે નહીં. લગભગ ફિક઼્હની દરેક કિતાબમાં ચાહે તેનો સંબંધ મતનો કે શરહો સાથે હોય અથવા ફિક઼્હની કિતાબોથી હોય, **સાત ચીજો** મકરૂહ લખેલી છે.

અમુકે ચાર પાંચનો વધારો કર્યો છે પણ ફતાવા રઝવિય્યહ્‌ના કર્તાએ હદીષો, આષાર તથા ફક઼ીહોનાં વિવિધ લખાણોને લક્ષમાં રાખીને હલાલ જાનવરોમાં મકરૂહ ચીજોની સંખ્યા ૨૨ સુધી પહોંચાડી છે. *(જુઓ: ફતાવા રઝવિય્યહ્‌, ૮/૩૨૬, પ્રકાશક : અલ્મજદ વ ઈમામ અહમદ રઝા એકેડમી)*

**દષ્ટાંત–૪** : અહમદપુર શરકિયહ જિ. રહીમયારખાંના એક આલિમ મૌલાના નિઝામુદ્દીને ફત્વો બહાર પાડયો હતો કે ઘેટાની કુર્બાની તો જાઈઝ છે પણ ભેળ (બકરી)ની કુર્બાની જાઈઝ નથી.

એ આલિમે પોતાના દાવા પર જાહેરી રીતે એવી જબરદસ્ત દલીલો સ્થાપિત કરી હતી કે ઉસ્તાઝુલ મઅકૂલાત અલ્લામા અહમદ હસન કાનપૂરી رحمۃ اللہ علیہ (ઉસ્તાદે ગિરામી અલ્લામા મુહમ્મદ ઘોટવી શૈખુલ જામિઆ અબ્બાસિયા બહાવલપુર) જેવી શખ્સિયત પણ એ દલીલો સમક્ષ મુંઝવણમાં મૂકાઈ ગઈ. અલ્લામા હસન કાનપૂરીએ આ મુશ્કેલીના હલને માટે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના દરે ફયૂઝ પર દસ્તક આપી.

ઈમામ અહમદ રઝાએ મૌલાના નિઝામુદ્દીનની દલીલોનો ઘેરાવ કર્યો પછી કુર્આની આયતો વડે અને ૧૭ કિતાબોના હવાલાઓ વડે

સાબિત કર્યું કે ઘેટાની જેમ ભેળ (બકરી)ની પણ કુર્બાની જાઈઝ છે.

## ★ પાંચમી વિશિષ્ટતા ★

સામાન્યતઃ ફતાવાની કિતાબોમાં આપને સવાલોના જવાબો હવાલા વિનાના મળશે, અથવા એક બે કિતાબોના હવાલા પર સંતોષ કરવામાં આવે છે.

ફતાવા રઝવિય્યહ્‌માં ૧૨ થી ૧૫ કિતાબોના હવાલા આપવા એ સામાન્ય વાત છે, કેવળ મસ્અલએ ''સમાએ મૌતા'' (મુડદાના સાંભળવા વિષય) પર ચારસો કિતાબોના હવાલા રજૂ કર્યા.

એક દિલચસ્પ વાત એ છે કે બીમારીના કારણે આબોહવા બદલવા માટે ભવાલી પર્વત પર જવું પડયું, તેમ છતાં કે એમની પાસે કિતાબ નામની કોઈ ચીજ મૌજૂદ ન હતી ત્યાં એક સવાલના જવાબમાં ૧૧ કિતાબોના હવાલા લખાણોની સાથે લખ્યા. પ્રશ્નના જવાબના શરૂમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના મઅઝેરત (મજબૂરી દર્શાવતા) શબ્દો જોઈ લો : ''ફક઼ીર ૨૯ શાબાનથી બીમારીના કારણે રમઝાન કરવા અને સખત ગરમીના દિવસો પસાર કરવા માટે પહાડ પર આવી ગયો છે. વતનથી દૂર, કિતાબોથી દૂર, જેથી શરહો તથા બસ્તથી મઅઝૂર છું, પણ મસ્અલાનો હુકમ બિહમ્દિલ્લાહિ તઆલા સ્પષ્ટ તથા સરળ છે.

પ્રિય વાંચકો ! આ સંક્ષિપ્ત લેખમાં અમો કેવળ પાંચ વિશિષ્ટતાઓ રજૂ કરી શક્યા, નહીં તો ફતાવા રઝવિય્યહ્‌ની વિશિષ્ટતાઓ ગણાવવાના માટે દફતર જોઈએ. ફતાવા રઝવિય્યહ્‌ના કર્તાએ ફતાવા રઝવિય્યહ્‌ શરીફમાં તેહક઼ીક઼ તથા સંશોધનના તે દરિયા વહાવ્યા છે જેને જોઈને વાંચક અનાયાસે પોકારી ઉઠે છે :–

**મુલ્કે સુખન કી શાહી તુમ કો ''રઝા'' મુસલ્લમ**
**જિસ સમ્ત આ ગયે હો સિક્કે બિઠા દિયે હૈ**

(તજલ્લિયાતે રઝા, ઈમામ અહમદ રઝા એકેડમી–બરેલી શરીફ, અઝ : મુફ્તી મુહમ્મદ ઈબ્રાહીમ ક઼ાદરી, સિખ્ખર–પાક., અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, બરકાતે ખ્વાજા–માસિક, જાન્યુઆરી–૨૦૧૨)

# ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અને પ્રચાર અને પ્રસાર માધ્યમોનું મહત્વ

વીસમી સદીમાં દિન પ્રતિ દિન વધતી જતી મીડિયાની શક્તિ અને મહત્વતાએ સમગ્ર વિશ્વ પર ઊંડી અસરો સ્થાપિત કરી છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજીની સતત પ્રગતિથી મીડિયા (પ્રચાર માધ્યમ) પણ પ્રભાવિત થયું. હવે એકવીસમી સદીમાં હાલત એ છે કે દુનિયાનો કોઈ ખૂણો પ્રચાર માધ્યમોની પહોંચથી બહાર નથી, દરેક જગ્યાએ મીડિયાની છાપ છે, જીવનનું દરેક ક્ષેત્ર તેની પકડમાં જકડાએલ છે. પ્રચાર તથા પ્રસાર માધ્યમો અને મીડિયાની આ પ્રગતિ મુખ્યત્વે પ્રેસ, કોમ્પ્યુટર, સેટેલાઈટ, ઈન્ટરનેટ–3G, ટેલીવિઝન, એફ. એમ. રેડિયો વગેરેની મારફતે આટલી હદ સુધી પહોંચી છે.

પ્રસાર માધ્યમોમાં ઈલેક્ટ્રોનિક મીડિયાની ઝડપનો કોઈ જવાબ નથી, પરંતું પ્રિન્ટ મીડિયાનું પણ એક મહત્વ છે. રોજ બરોજ સમાચારપત્રો, સામયિકો, મેગેઝિન તથા પુસ્તકોનું પ્રકાશન વધી રહ્યું છે અને તેના દ્વારા એક તરફ અધર્મી માન્યતાઓ, સૈહૂની (યહૂદિયતના) ખયાલાત આમ થઈ રહ્યા છે તથા યહૂદી ષડયંત્રો પોતાનુ કાર્ય વર્તુળ વિશાળ કરી રહ્યાં છે. તો બીજી તરફ ઈસ્લામના નામ પર પેદા થતા અવનવા બાતિલ તથા ગુસ્તાખ ફિર્કાઓની ગુમરાહકુન માન્યતાઓ ઘણી જ ઝડપથી મુસ્લિમ સમાજમાં પ્રસરી રહી છે, બદઅકીદગી અને દીનબેઝારીના જીવાણુઓ મીડિયા અને અખ્બારોના દ્વારા પોષણ પામી રહ્યાં છે.

## ★ આ'લા હઝરતની દીર્ઘદષ્ટિ અને આપણી સુસ્તી ! ★

એક સદી અગાઉ (સ.હિ. ૧૩૩૦, ઈ.સ. ૧૯૧૧માં) જ્યારે કે મીડિયા અને પત્રકારત્વનું (અખ્બાર) મહત્વ તથા તેની અગત્યતા જાહેર

ન થઈ હતી ત્યારે ઈસ્લામના એક અઝીમ મુફક્કિર ઈમામ અહમદ રઝા મોહદ્દિષે બરેલ્વી (વિસાલ : હિ.સ. ૧૩૪૦, ઈ.સ. ૧૯૨૧) رحمۃ اللہ علیہએ દીને હક્ક઼ ઈસ્લામના પ્રચાર પ્રસાર તથા દા'વત તથા તબ્લીગ઼ માટે ઈસ્લામી પત્રકારત્વને સ્થાપિત કરવા તથા તેને મજબૂત બનાવવા બાબતે ઘણુ જોર આપ્યું હતું. જેમ કે આપ ફર્માવે છે : ''તમારા ધાર્મિક અખ્બારો પ્રકાશિત થાય અને થોડા થોડા સમયે મઝહબની હિમાયત માટે દરેક પ્રકારના લેખો (લિટરેચર) આખા દેશમાં મૂલ્ય સાથે તથા વિના મૂલ્યે પ્રતિ દિન અથવા કમ સે કમ સાપ્તાહિક પહોંચાડતા રહો.''

*(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૨, પેજ–૧૩૪)*

પ્રેસ તથા પત્રકારિત્વની શક્તિને પહેલાથી જ સમજી લેવી એ બહુ મોટી વાત છે, બંદએ મોમિનની એ શાન હોય છે કે તે અમાપ દિર્ઘદષ્ટિ વડે માલામાલ હોય છે, તેની ઈમાની સમજબુઝ ભવિષ્યની જરૂરતો તથા વિધ્નોને ભાંપી લે છે, તેની ભલામણોમાં ક઼ૌમની સિધ્ધિ તથા પ્રગતિની ફિલોસોફી છુપાએલી હોય છે.

**કુછ ઔર હી નઝર આતા હૈ કારોબારે જહાં**
**નિગાહે શૌક઼ અગર હો શરીકે બીનાઈ**

પરંતું અફસોસ છે આપણી ક઼ૌમની બેપરવાઈ અને બેદરક઼ારી પર કે પત્રકારત્વ, પ્રેસ તથા પ્રસાર માધ્યમો પ્રત્યે આપણામાં જોઈએ એવી બેદારી ન રહી, જ્યારે કે યહૂદીઓ અને ઈસાઈઓ તેનું મહત્વ સમજી ગયા અને ત્યારથી જ તે માટે કોશિશો કરવા લાગ્યા. જેમ કે યહૂદી ગુપ્ત દસ્તાવેજનો એક ખાસ અંશ આ પ્રમાણે છે કે :–

''આજની દુનિયામાં પ્રેસ એક મહાન તાક઼ાત છે. પ્રેસના વાસ્તવિક રોલને સમાજવાની હક઼ીક઼તમાં બહુ ઓછી કોશિશ કરવામાં આવી છે. (દુનિયાના અન્ય) રાષ્ટ્રો આ અપાર શક્તિનો ખરો ઉપયોગ નથી જાણતા અને હવે આ શક્તિ આપણા હાથમાં છે, પ્રેસના બળ પર પર્દા પાછળ રહી સમગ્ર વિશ્વ પર પ્રભાવશાળી

થવાની તાક઼ાત (આપણને) પ્રાપ્ત થઈ ચૂકી છે.'' *(યહૂદી પ્રોટોકોલ, બહવાલા માહનામા ઝિયાએ હરમ, લાહોર, જુલાઈ ઈ.સ. ૧૯૭૨)*

## ★ મીડિયાનો નેગેટિવ રોલ ★

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એક સદી પહેલાં મુસલમાનોને ખબરદાર કરી જાગૃત થવાનો પૈગામ આપ્યો હતો. ઈસ્લામની તબ્લીગ઼ માટે આધુનિક પ્રચાર માધ્યમોનો શરીઅતના વર્તુળમાં રહીને ઉપયોગ કરવાનું સૂચન આપ્યું હતું. પરંતુ મુસલમાનોની બેદરકારીના કારણે આજે પત્રકારત્વના પ્રત્યેક વિભાગ પર ઈસ્લામ દુશ્મન લોબીનો કબ્જો છે. યૂરોપ આ હક઼ીક઼ત જાણીને મોં બગાડી બેસે છે કે ૨૦૦૬ થી ૨૦૦૯ દરમ્યાન યૂરોપમાં જેટલા પણ આતંકવાદી હુમ્લા થયા એમાં ૯૯% હુમ્લા ગૈર મુસ્લિમ આતંકવાદીઓએ કર્યા હતા. (નઈ દુન્યા, ૫–૧૦–૨૦૧૨ થી ૧૧–૧૧–૨૦૧૨) એટલે કે મિડીયા તથા પ્રચાર માધ્યમોની નાઈન્સાફી કે જે ત્રાસવાદી હુમ્લા ગૈર મુસ્લિમોએ કર્યા તેનું બ્લેક આઉટ થાય છે, તેની જાહેરાત કરવામાં અખાડા થાય છે અને કોઈ મુસ્લિમનામી હોય અથવા અટકળો કરી મુસ્લિમ નામી સંગઠનો પર ત્રાસવાદી હુમ્લા ફિટ કરીને તેની ખૂબ જાહેરાત મીડિયા થકી કરીને મુસલમાનોની બદ્નામી કરવામાં આવે છે, અને મુસલમાનો ખૂદ સૌ સમાચારો સાચા સમજીને પોતાને નીચાજોણુ સમજે છે. જ્યારે કે હક઼ીક઼ત કાંઈ ઓર જ હોય છે. જેમ કે આપણા દેશનો મીડિયા પણ કેસરીયા રંગમાં રંગાયેલ છે. થોડા વરસો પહેલાંની વાત છે કે મુંબઈના પોલીસ અધિકારી હેમંત કરકરેએ જ્યારે કટ્ટરવાદ અને આતંકવાદના છુપાએલા અસલી ચેહરાઓ (સાધ્વી પ્રજ્ઞા ઠાકુર તથા પુરોહિત વગેરે જેઓ હાલ જેલમાં છે) પરથી પર્દો ઉઠાવ્યો હતો ત્યારે મજબૂત પુરાવા હોવા છતાં સંકૂચિત દષ્ટિવાળા મીડિયાએ મુજરિમોની તરફેણ કરીને સચ્ચાઈને છુપાવવાની દરેક બનતી કોશિશો કરી હતી, તેમ છતાં આતંકવાદના એ ભયાનક ચેહરાઓ એક પછી એક ઉઘાડા થઈ રહ્યા છે ! અને દુનિયા જોઈ રહી છે કે ઈન્સાનિયતના દુશ્મન અને વાસ્તવિક આતંકવાદી કોણ છે. બીજી બાજુ મીડિયાની

ઈન્સાફીનો હાલ એ છે કે કોઈ ઘટનામાં કોઈ મુસલમાનની સંડોવણી હોય કે ન હોય પણ ગમે તે રીતે તેને ઈસ્લામ સાથે જોડી ખોટા પ્રોપ્રેગન્ડા કરવામાં આવે છે અને મીડિયાની ઈસ્લામ દુશ્મની ભરપૂર રીતે જોવા મળે છે.

મીડિયાના કેનવાસમાં જે વિશાળતા છે તેનું અનુમાન એક્સપ્લોરિંગ જર્નાલિઝમ (Expolring Journalism)ના સંપાદકોના મતે આ મુજબ છે : ''પત્રકારત્વએ આધુનિક પ્રચાર માધ્યમો થકી પબ્લિક સંબંધી માલૂમાત, આમ મંતવ્ય તથા પબ્લિકના મનોરંજન સંબંધી કાયદેસર અને વિશ્વસનીય પ્રચારની ફરજ અંજામ આપે છે.'' જ્યારે કે આધુનિક મીડિયાનો મામલો જગ જાહેર છે કે તે પત્રકારત્વની આ વ્યાખ્યાથી કેટલું દૂર છે અને તેની અસંતુલિત એકતરફી પોલીસી પણ જગ જાહેર છે. જેથી મુસ્લિમ અખ્બારો તથા મેગેઝિનો તથા ઈલેક્ટ્રોનિક મીડિયાનું મહત્વ કેટલુ છે તે પણ સમજી શકાય છે. કે જેથી ગલત સમાચારો તથા ઈસ્લામ તથા મુસલમાનો વિરૂદ્ધના પ્રોપેગન્ડાનો જવાબ તથા સાચી હકીકત દુનિયા સમક્ષ આવી શકે.

### ★ આ'લા હઝરતથી સંકળાયેલાઓની આ ક્ષેત્રે કારકિર્દી ★

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના યુગમાં જ આપનાથી સંબંધ ધરાવતા અને આપની સાથે સંકળાયેલા લોકોએ ફિક્રે રઝાના (આ'લા હઝરતના પ્રપોઝલના) અખ્બાર મીડિયાના મહત્વ સંબંધી મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરી તેને અમલમાં લાવવાની કોશિશ પણ કરી. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતે પણ ઈસ્લામી પત્રકારત્વ તથા અખ્બારી માધ્યમનું સિંચન કર્યું અને બારગાહે રઝાથી ફૈઝ પામનારા એવા લોકો પણ ઉભર્યા જેમણે પોતાનાં અખ્બારો, સમાચાર પત્રો, સામયિકો તથા સાપ્તાહિકો દ્વારા ઈસ્લામનો પ્રચાર અને મુસલમાનોની ઈસ્લાહની સારી એવી ફરજ બજાવી. એમની ટૂંકી યાદી આ પ્રમાણે છે :–

૦૧. હફતરોઝા દબ્દબએ સિકંદરી (સાપ્તાહિક), રામપૂર હિ.સ. ૧૨૮૩, ઈ.સ. ૧૮૬૬માં શરૂ થયું અને લગભગ એક સદી સુધી સફળતાપૂર્વક ચાલુ રહ્યું.

૦૨. અખ્બાર રોઝ અફઝૂં–બરેલી, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ભાઈ મૌલાના હસન રઝા رحمۃ اللہ علیہની સરપરસ્તીમાં શરૂ થયું.

૦૩. અલ્ ઈસ્લામ (સમાચાર પત્ર) આફ્રિકા, હિ.સ. ૧૩૨૨ ઈ.સ. ૧૯૦૮માં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ખલીફા મૌલાના અહમદ મુખ્તાર મેરઠી رحمۃ اللہ علیہએ શરૂ કર્યું જેનો મૂળ હેતુ દીનની તબ્લીગ્ હતી અને એમાં નવમુસ્લિમો માટે પણ ઘણુ બધું લિટરેચર સામેલ કરવામાં આવતું.

૦૪. અલ્ફક઼ીહ (સાપ્તાહિક) અમૃતસર, ઈ.સ. ૧૯૧૮માં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ખલીફા મૌલાના મુહમ્મદ શરીફ કોટલવી رحمۃ اللہ علیہએ શરૂ કર્યું.

૦૫. અહલે ફિક઼્હ (સાપ્તાહિક) અમૃતસર, હિ.સ. ૧૩૨૪માં શરૂ થયું. પંજાબમાં અહલે સુન્નતના અક઼ીદાઓની તર્જુમાની કરવામાં આ સાપ્તાહિકની મુખ્ય ભૂમિકા રહી.

૦૬. અર્રઝા (માસિક) બરેલી, હુઝૂર સદ્રુશ્શરીઅહ્ મૌલાના અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہના સંચાલનમાં અને મૌલાના હસનૈન રઝા رحمۃ اللہ علیہના તંત્રીપદમાં શરૂ થયું, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબોનું ક્રમવાર પ્રકાશન એનું મહત્વપૂર્ણ પાસુ છે.

૦૭. અંજુમને નોઅમાનિયા (માસિક) લાહોર, એના નાયબ સદર મૌલાના શાહ મુહર્રમ અલી ચિશ્તી, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી હાર્દિક સંબંધ રાખતા હતા, દીની, ક઼ૌમી તથા અગત્યની બાબતોમાં આપનાથી માર્ગદર્શન લેતા હતા.

૦૮. અસ્સવાદુલ આ'ઝમ (માસિક) મુરાદાબાદ, ખલીફએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સૈયદ મુહમ્મદ નઈમુદીન મુરાદાબાદી رحمۃ اللہ علیہએ

હિ.સ. ૧૩૩૮માં ચાલુ કર્યું, આ માસિકે ઈસ્લામી કાનૂનના અંતર્ગત મુસલમાનોની રાજનૈતિક રહનુમાઈ કરી, એવા પુરફિતન દૌરમાં દીનની હિમાયત માટે લિટરેચર પ્રકાશિત કર્યું અને વહાબીઓ તથા આર્ય સમાજીઓના વાંધાઓના સમયસર જવાબો પ્રસિદ્ધ કર્યા.

૦૯. તોહફએ હનફિયા (માસિક) પટના, હિ.સ. ૧૩૧૫માં ખલીફએ ઈમામ અહમદ રઝા મૌલાના કાઝી અબ્દુલ વહીદ ફિરદૌસી رحمۃ اللہ علیہએ ચાલુ કર્યું, તંત્રીપદ મૌલાના અબુલ મસાકીન મુહમ્મદ ઝિયાઉદ્દીને સાંભળ્યું. અહલે સુન્નતના અકાઈદની હિમાયતમાં આ માસિકે અસરકારક રોલ અદા કર્યો. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ઘણી બધી ઈલ્મી તથા તેહકીક કિતાબોનું કાયદેસર પ્રકાશન કર્યું. (આ યાદી મૌલાના અબ્દુસ્સલામ રઝવીના તેહકીકી (સંશોધનાત્મક) લેખ ''અહદે રઝા મેં વાબસ્તગાને રઝાકી સહાફતી ખિદમાત''માંથી યાદગારે રઝા, મુંબઈ ઈ.સ. ૨૦૦૯ના સંદર્ભે લેવામાં આવી છે. વિગત માટે ઉપરોક્ત તેહકીક લેખ જુઓ.)

આ અખ્બારો અને સામાયિકોએ ઈસ્લામી પત્રકારત્વને ઉત્તેજન આપ્યું. અખંડ ભારતમાં અંગ્રેજોના દુષ્પ્રભાવથી જન્મેલી અધર્મતાભરી માન્યતાઓનો જડબાતોડ જવાબ આપ્યો, પરંતુ છેવટે એ જ વાત કે મુસલમાનોએ જ તેમના તરફ પૂરતું ધ્યાન ન આપ્યું અને પરિણામે એમનામાંથી અમુક તો થોડા અરસામાં બંધ થઈ ગયાં અને અમુક ઘણા આગળ સુધી પહોંચી હિંદુસ્તાનમાં ઈસ્લામી પત્રકારત્વની એક સારી છાપ છોડી ગયાં.

અવામમાં ખયાલો ફેલાવવા માટે સરળ માધ્યમ અખ્બારો છે. અમુક (અખ્બારો) સિવાય (અધિકતમ અખ્બારો) પોતે આઝાદી (આઝાદ ખયાલી)ના રસિયા છે. બદ્મઝહબી બલ્કે નાસ્તિકતાના ખયાલો જતા દિવસે પ્રકાશિત થાય (છે) એ (તો) ન ઝઘડો છે ન નફ્સાનિયત, પરંતુ (જો) હક્કનું સમર્થન અને તેના માટે પોતાનું કોઈ લખાણ આપવું

એટલે ઝઘડામાં પડવું અને નફ્સાનિયત પર અડવું છે.'' (એટલે બદ્‌મઝહબી કે નાસ્તિક્તા ફેલાવે તેવું છાપે તેનો વાંધો ન લેવો પણ હક્ક્‌ની તરફેણમાં તેમને રદિયો આપો તો તમે ઝઘડાળુ તથા નફ્સાનિયતમાં પડેલાં કહેવાઓ !) *(કુલ્લિયાતે મક઼ાતીબે રઝા, ૨/૩૪૫)*

## ★ દીનની રક્ષા માટે રઝાની ભલી ભાવના ★

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ દીનની તબ્લીગ અને ઈસ્લામના પ્રચારને અખ્બારો અને સામાયિકોના પ્રકાશનનો મૂળ હેતુ ઠરાવ્યો. તે સમયના એક અખ્બાર અલ્ફક઼ીહ (અમૃતસર) માટે જ્યારે આપનાથી ક઼લમી (લેખન) સહાયની માગણી કરવામાં આવી તો આપે લેખન સહાયની સાથે સાથે આર્થિક મદદ પણ કરી અને ચેતવણી પણ આપી કે મૂળ હેતુ દીનના પ્રચાર પ્રસારનો જ હોય. મૌલાના મક઼બૂલ અહમદ મિસ્બાહી લખે છે :–

''અલ્ફક઼ીહ (અમૃતસર) અખ્બારનું વિમોચન થયું તો અખ્બારના તંત્રીએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સમક્ષ અખ્બારની સહાયતા અને પ્રગતિ માટે ધ્યાન આપવાની દરખાસ્ત રજૂ કરી. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતાના પરિવારના બાર (૧૨) સદસ્યોને તેના વાર્ષિક સભ્ય બનાવી દીધા તથા વ્યક્તિ દીઠ વાર્ષિક ત્રણ રૂપિયાના હિસાબે ૩૬ રૂપિયા રવાના કરી દીધા અને સ્પષ્ટ લખી આપ્યું કે ''અખ્બાર સાથે અમારી આ સહાય ત્યાં સુધી રહેશે જ્યાં સુધી અખ્બાર ખાલિસ ઈસ્લામી ફિક્ર (ખયાલો) અને અક઼ીદા તથા અહલે સુન્નતના અક઼ાઈદની તર્જુમાની (પ્રતિનિધિત્વ) કરતું રહેશે. જ્યારે પણ એમાં ફરક આવશે ત્યારે અહમદ રઝા ક઼લમની સાથે સાથે પોતાનો હાથ પણ ખેંચી લેશે.'' *(માહનામા અશ્રફિયહ, મુબારકપુર, મે–૨૦૦૬, પેજ–૩, બહવાલા કુલ્લિયાતે મકાતીબે રઝા)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના યુગમાં અખ્બાર દબ્‌દબએ સિકંદરી (રામપૂર)એ પણ દીનના પ્રચાર પ્રસાર માટે નિઃસ્વાર્થ સેવાઓ આપી. ફિત્નએ ઈર્તેદાદ (વર્ષો પહેલાં મુસ્લિમ થયેલાઓને મુસ્લિમમાંથી ફરીથી

હિંદુ કરવાની) ''શુધ્ધિકરણ ચળવળ'' જે કોમવાદી તત્વોએ ઘણી જ ગુપ્ત રીતે ઈસ્લામ વિરૂદ્ધ ચલાવી હતી એને નાબૂદ કરવામાં આ અખ્બારનો અગત્યનો રોલ રહ્યો. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના હુકમ અનુસાર ''જમાઅતે રઝાએ મુસ્તફા''એ તે સમયે ઘણી જ સક્રિયતા દાખવી. દબ્દબએ સિકંદરીમાં જમાઅતની કામગીરીઓનો પળે પળનો રિપોર્ટ પ્રકાશિત થતો. સારાંશ કે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના યુગમાં જ આપની બારગાહથી ફૈઝ પામનારા ખુશનસીબોએ ફિક્રે રઝા (આ'લા હઝરતના વિચારો) તથા આપના માર્ગદર્શન મુજબ અમલ પણ કરી બતાવ્યો જે એક અલગ વિષય છે.

## ★ અખ્બારી ક્ષેત્રે આપણી ગફલત અસહય છે ! ★

શું આજે આપણે નથી જોઈ રહ્યા કે અખ્બારો તથા સામયિકોની હાલત કેવી અફસોસજનક છે ?! કોઈ અખ્બાર હક્ક વાત કહેવા તૈયાર નથી. અધિક્તમ અખ્બારો અને સામયિકો પશ્ચિમી હવા, આધુનિક્તા, અધર્મીપણુ અને મોર્ડનાઈઝેશનથી પ્રભાવિત છે. ઉર્દૂ પ્રકારત્વમાં પણ હવે ધાંધલી થઈ રહી છે. એ વાત પણ કાબિલે અફસોસ છે કે પત્રકારત્વ પર ગૈરોનો કબ્જો છે જે આપણી બેપરવાઈ અને ગફલતનું જ પરિણામ છે. એવું પણ નથી કે આપણે ત્યાં લખવાવાળાઓની કમી છે પરંતુ સામયિકો માટે લખવા પ્રતિ ધ્યાન ઓછું છે, એનું કારણ કોઈ પણ હોય પરંતુ દીનના પ્રચાર પ્રસાર અને મસ્લકે હક્ક અહલે સુન્નત વલ જમાઅતના વિકાસ માટે અખ્બાર વગેરેથી ગફલત એક ગૈરજવાબદારી ભર્યું કામ છે. માટે નવયુવાન કલમકારોની હોંસલા અફઝાઈ કરવામાં આવે કે તેઓ આજના મીડિયા સાથે ખભેખભા મિલાવી મસ્લલે હક્ક મસ્લકે અહલે સુન્નતના પ્રચાર માટે કાર્યરત થઈ જાય. આ રીતે ફિક્રે આ'લા હઝરતની ઈશાઅત (પ્રચાર) અને બાતિલ ફિર્કાઓના પ્રપંચોથી કૌમની હિફાઝત પણ થશે.

ઈસ્લામમાં ચૌદસો વરસ પૂર્વથી જ પત્રકારત્વની વ્યવસ્થા સ્થાપિત છે, દીનની તબ્લીગ઼ અને હક્કની દા'વત જ હકીકતમાં આપણો

પત્રકારત્વનો સફળ મોરચો છે, મસ્જિદના મિમ્બરો પણ દીનની દા'વતના મહત્વપૂર્ણ માધ્યમો છે. કુર્આને મુક઼દ્દસમાં હુકમ થયો :

وَلْتَكُنْ مِّنْكُمْ اُمَّةٌ يَّدْعُوْنَ اِلَى الْخَيْرِ وَيَاْمُرُوْنَ
بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَاُولٰٓئِكَ هُمُ
الْمُفْلِحُوْنَ

''અને તમારામાં એક ગિરોહ એવો હોવો જોઈએ જે ભલાઈ તરફ બોલાવે અને સારી વાતનો હુકમ આપે અને બુરી વાતથી રોકે અને એ (દીનની દા'વત આપનારા) જ લોકો મુરાદને પહોંચ્યા. (કામયાબ થયા)

*(સૂ. આલે ઈમરાન–૧૦૪)*

આ આયતે કરીમામાં હક્ક઼ વાત બીજાઓ સુધી પહોંચાડવાનો જ આગ્રહ કરવામાં આવ્યો છે તે પણ દીનની તબ્લીગ઼ અને હક્ક઼ની દા'વત માટે મીડિયા અને પ્રેસના ખરા ઉપયોગ વિશે વિચારણા કરવા પર આપણને પ્રેરણા આપે છે.

**જરૂરત છે......**

મીડિયા અને પ્રેસના માધ્યમો દ્વારા મસ્લકે હક્ક઼ના વિકાસની નિય્યતે કામ થઈ શકે છે. કહેવત છે ''શરાબે કુહના દર જામે નવ'' (નવા જામમાં પૂરાણી શરાબ) એ જ પ્રમાણે મુદ્દો એ જ રહે જે આપણને બુઝુર્ગાને દીનથી મળેલ છે પરંતુ પ્યાલા નવા તક઼ાઝાઓ અને જરૂરતો મુજબ બદલતા રહેવું જોઈએ. ચુસ્તપણે શરીઅતના વર્તુળમાં રહી શરીઅત મુજબ જ પ્રેસના માધ્યમોને ઈસ્લામ તથા સુન્નિયતના પ્રસાર માટે અપનાવવાની જરૂરત છે.

આજે મિસાઈલ અને બોંબ દ્વારા યુધ્ધ થઈ રહ્યાં છે, જો આપણે તલવાર અને ઢાલ લઈ મિસાઈલ અને બોંબના હુમ્લા રોકવા જઈશું તો આપણુ નામ સુધ્ધાં બાક઼ી નહીં રહે ! હવે જરૂરત છે અહલે સુન્નતના અક઼ીદાઓના વિકાસ અને સુરક્ષા માટે ફિક્રે રઝાના માર્ગદર્શનમાં ઈન્ટરનેટ, સેટેલાઈટ અને પ્રિન્ટ મીડિયાના સદ્ઉપયોગથી ખુશ્નુમા ઈન્ક઼લાબ લાવવાની.

**બે મહેનતે પયહમ કોઈ જૌહર નહીં ખિલતા !**

જરૂરત છે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની તા'લીમાત પર અમલ કરી કૌમની સહી રહનુમાઈ અને ફિક્રી તર્બિયત કરવાની. પ્રચાર માધ્યમોનો ઉપયોગ ઈસ્લામના પ્રચારના માટે કરવામાં આવે તો ખયાલોના બાગમાં વસંત ખીલી ઉઠશે અને અક઼ીદો તથા ઈમાન તાજુ થઈ જશે.

**રખતા હૈ અબ તક મયખાનએ મશ્રિક઼**
**વો મય કે જિસ સે રોશન હો ઈદરાક**

*(માહનામા સુન્ની દુન્યા–બરેલી શરીફ, સપ્ટે–૨૦૧૨)*

સુન્ની મુસ્લિમ અવામને અંતમાં વિનંતિ છે કે કમસે કમ એટલું તો કરે કે અખ્બારી ક્ષેત્રે આપણા જે સામાયિકો, માસિકો ખાલિસ અહલે સુન્નતની ખિદમત કરી રહેલ છે, અને નિઃસંકોચપણે, નીડરતાપૂર્વક ઈસ્લામ સામે તથા સુન્નિયત સામે જે વાંધા ગૈરો કરે છે તથા ગલત આક્ષેપો કરે છે તેનો સચોટ જવાબ ડંકાની ચોટ પર આપનાર સુન્ની સામાયિકો, માસિકોના ખરીદનાર બની તેને જરૂર સાથ આપે, જેમ કે **"બરકાતે ખ્વાજા"** (માસિક)ના જરૂરથી ગ્રાહક બની બનાવી એલાને હક્ક઼ કરતા આ સુન્ની માસિકને જીવંત રાખે એ જ અહીં સુન્નિયતની ખરી લાગણી પણ ગણાશે.

*(રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા દયાદરવી , મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, બરકાતે ખ્વાજા–માસિક, ડિસેમ્બર–૨૦૧૨)*

# ઈમામ અહમદ રઝાની કામયાબીનું રાઝ

માનવજાતની દરેક વ્યક્તિ કામયાબીને પસંદ કરે છે. અને નાકામીને પસંદ નથી કરતી. મુદર્રિસ પઢાઈમાં, ખતીબ તક઼રીરમાં, દાઈ દા'વત અને તબ્લીગમાં, વિદ્યાર્થી પરીક્ષામાં, વેપારી વેપારમાં, રાજકરણી રાજકરણમાં, દરેક માણસ કામયાબીને પસંદ કરે છે, કોઈપણ નાકામીને જોવાનું પસંદ નથી કરતું. ઉપરના દરેક વિભાગમાં કામયાબ પણ એ જ થાય છે જે પ્રમાણિક્તાની સાથે કુર્બાની આપે છે, મહેનત કરે છે અને પોતાના મક઼સદને નજર સામે રાખે છે.

આજે મુસ્લિમ ક઼ોમનો દરેક શખ્સ કામયાબીની આશા રાખે છે, પણ એવું લાગે છે કે કામયાબી આપણાથી નારાજ થઈ ગઈ છે ! અને આપણા દરવાજા પર પધારવા અને આપણા મુરઝાયેલ ચહેરાઓને મુસ્કુરાહત આપવા પણ તૈયાર નથી. હજારો કોશિશો, આયોજનો અને કેટલાય ચિંતન તથા વિચારણા બાદ પણ આપણે જ્યાં હતાં ત્યાં જ છીએ ! બલ્કે પાછળ જઈ રહ્યા છીએ, આગળ જવું તો ઘણી દૂરની વાત ! પરંતુ આ જમીન પર એવા પણ અલ્લાહના બંદા થયા છે જેમને કામયાબી શોધતી જ ન હતી પણ કામયાબી એમના ક઼દમ ચૂમતી હતી, એનું કારણ શું ?! સૌથી મોટુ કારણ એ હતું કે એ કામયાબીને કુર્આનમાં શોધતા હતા. કુર્આનમાં અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું : قَدْاَفْلَحَ مَنْ تَزَكّٰى ـ وَذَكَرَاسْمَ رَبِّهٖ فَصَلّٰى ''બેશક ! પોતાના હેતુમાં કામયાબ થયો કે જે પાક થયો અને અલ્લાહનું નામ લઈ નમાઝ પઢી.''

*(સૂરએ આ'લા, આ. ૧૪–૧૫, કન્ઝુલ ઈમાન)*

શું આજે આપણુ મન પાક છે ? શું આજે આપણે નફ્સની મુખાલિફત (વિરોધ) કરીએ છીએ ? શું આપણે નફ્સના ગુલામ નથી બની ગયા ? શું આપણુ દિલ દુનિયાની મહોબ્બતમાં ડૂબેલુ નથી ? શું હસદ, ચુગલી આપણી આદત નથી બની ગઈ ?

નિરીક્ષણ કરશો તો જાણવા મળશે કે આજે આપણે નફ્સની ખરાબીઓના શિકાર થઈ ગયા છીએ. એવી જ રીતે સૂરએ મુઅમિનૂનની શરૂઆતની આયતોમાં કામયાબ મો'મિનની નિશાનીઓ આ રીતે બયાન કરવામાં આવી છે : ''કામયાબ મો'મિન એ છે જેઓ પોતાની નમાઝોમાં આજીજી સાથે ગદગદ થાય છે, જેઓ કોઈ બેહૂદા વાતની તરફ ખેંચાતા નથી, ઝકાત આપવાનું કામ કરે છે, પોતાની શર્મગાહોની હિફાઝત કરે છે, પોતાની અમાનતો તથા પોતાની વાયદાની, પોતાની નમાઝોની સાચવણી કરે છે, આ જ લોકો વારિસ છે કે જેઓ ફિરદોસનો વારસો મેળવશે અને તેમાં હમેશાં રહેશે.''

અફસોસ ! કૌમની બહુમતિ નિર્રથક તથા બેકાર કામોમાં ડૂબી ગઈ છે, ચાહે એ લોકો મઝહબી હોય, રાજકરણી હોય...વગેરે. (ઈલ્લા માશાઅલ્લાહ !) નજીકના ભૂતકાળની મહાન શખ્સિયત જેમને દુનિયા આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના નામથી જાણે છે, એમની જિંદગીની પળોને જો જોવામાં આવે અને એમની કામયાબીના રાઝને તલાશ કરવામાં આવે તો એ વાત ધોળા દિવસ જેમ જાહેર થશે કે એમનું દિલ દુનિયાની મહોબ્બતથી ખાલી હતું. અદાવત, હસદ, કીનો જેવા ખરાબ સંસ્કારોને આપના નજીક સ્થાન જ ન હતું, અને આપની જિંદગી બેકાર વાતોથી માઈલો દૂર હતી. દરેક કામને સમયની પાબંદી સાથે કરવું આપની જિંદગીનું એક ઉજ્જવળ પ્રકરણ છે. આપનું દિલ હુઝૂર ﷺની મહોબ્બતથી એવું લબરેઝ હતું કે અલ્લાહુ અકબર ! હુઝૂર ﷺના ઈશ્કમાં ડૂબેલા આપના અશ્આર સમજમાં આવે કે ન આવે સાંભળીને દિલ હુઝૂર ﷺના ઈશ્કમાં મચલવા લાગે છે ! એમનો ઈશ્ક હકીકી હતો. ફર્ઝો તથા વાજિબો જ નહીં પરંતુ સુન્નતો તથા મુસ્તહબોના પણ પાબંદ હતા. આપે કદી પણ નફ્સની ગુલામી નથી કરી પણ હમેશાં સુન્નતે રસૂલ ﷺને ધ્યાનમાં રાખી. એના જ મુજબ પોતાની જિંદગીની પળોને ગુજારી. નફ્સ કેટલો મોટો દુશ્મન છે ? નફ્સની તબાહકારીઓથી ચેતવતાં જાતે જ પોતાના એક શેઅરમાં ફર્માવે છે :–

*"રઝા" નફ્સ દુશ્મન હૈ દમ મેં ન આના*
*કહાં તુમને દેખે હૈં ચંદરાને વાલે*

રસૂલ ﷺના ગુલામો નફ્સ જેવા દુશ્મનના બહેકાવામાં નથી આવતા, બલ્કે એનાથી હોશિયાર રહે છે, એનો વિરોધ કરતા રહે છે. આજે આ'લા હઝરતની સીરતના આ ઉજ્જવળ ચમકતા પાસાને નજરમાં રાખી આપણે પણ દુનિયાની મહોબ્બત અને નફ્સની ગુલામીને છોડી દઈએ તો કામયાબી આપણા કદમ ચૂમશે. (ઈન્શા અલ્લાહ !)

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુ. ૨૦૧૩, અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી, અનુવાદક : હાફેઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ–દયાદરા, જાન્યુઆરી–૨૦૧૩, બરકાતે ખ્વાજા–માસિક)*

## ★ ગૌષ કા પ્યારા બરેલ્વી ★

**અઝ : આકિબખાન બરકાતી પેટલાદી**

બખ્શા હૈ હમ કો ગૌષને ઐસા બરેલ્વી
હમ સુન્નીયોં કા અબ હૈ અકીદા બરેલ્વી

દંદાં શિકન જવાબ અદૂ એ રસૂલ કો
દેને ઉઠા થા કૌન ? અકેલા બરેલ્વી

શેરે રઝા કો દેખા તો નજદી યૂં કેહ ઉઠે
અબ અપની ખૈરીય્યત નહીં આયા બરેલ્વી

મસ્લક કે એતેબાર સે મૈદાને હશ્રમેં
હમ કો પુકારા જાએ ખુદાયા બરેલ્વી

માને ન માને કોઈ મગર બાત સાફ હૈ
સુન્ની કો કેહ રહા હૈ ઝમાના બરેલ્વી

હમ સુન્ની જન્નતી કા શહેન્શાહ કૌન હૈ ?
અહમદ રઝા વો ગૌષ કા પ્યારા બરેલ્વી

બરકાતીય્યત કે ફૈઝ સે 'આકિબ' હૂં માલામાલ
મુઝ કો ભી કેહ રહી હૈ યે દુન્યા બરેલ્વી

## મસ્લકે આ'લા હઝરત આજના યુગમાં મસ્લકે એહલે સુન્નતનું જ ચમકતું નામ

શું ફર્માવે છે ઓલમાએ દીન તથા મુફ્તિયાને શરએ મતીન નિમ્ન લિખીત મસ્અલા વિશે કે મસ્લકે આ'લા હઝરતની પરીભાષા સહીહ છે કે નહીં ?

ઝૈદ કહે છે કે મસ્લક ચાર જ છે : હનફી, શાફઈ, હંબલી, માલિકી જેથી ''મસ્લકે આ'લા હઝરત'' કહીને પાંચમા મસ્લકને સ્થાન આપવું જાઈઝ નથી. બકર કહે છે કે ''મસ્લકે આ'લા હઝરત'' આજે સાચા મસ્લકની પેહચાન તથા ઓળખ છે અને હકીકતમાં તે મસ્લકે હન્ફીનું જ બીજુ નામ છે, અલગ પાંચમો મસ્લક નથી જેથી મસ્લકે આ'લા હઝરત કહેવું જાઈઝ છે. આ વિશે અમરનું કહેવું છે કે જો એહલે સુન્નતની ઓળખ તથા પેહચાન માટે એક નામની આવશ્યક્તા હતી તો તેમાં ''આ'લા હઝરત''ના જ નામથી મસ્લકનું નામ રાખવાની શું જરૂરત ? આ મસ્લકને તો શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વીના નામ સાથે પણ જોડી શકાતો હતો. મસ્લકે ફઝ્લે હક્ક ખૈરાબાદીના નામથી પણ તેની ઓળખ થઈ શકતી હતી, મસ્લકે મુજદ્દિદ અલ્ફેષાનીથી પણ મસ્લકે એહલે સુન્નતની પેહચાન કરાવી શકતા હતા, પરંતુ અકાબિર ઓલમાએ કિરામે મસ્લકને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની તરફ જ કેમ સંબંધિત કર્યું ? આજે આ વિષયમાં ઘણી ચર્ચાઓ થઈ રહી છે. જેટલાં મોઢાં એટલી વાતો ! આ વિશે અવામ તથા ખવાસમાં ઘણો વિખવાદ છે. વિસ્તૃત તથા પુરાવાથી ભરપૂર તેમજ ઈત્મિનાન બખ્શ જવાબ લખીને શુક્રિયાનો મોકો આપશો. અલ્લાહ તઆલા આપને તેનો બેહતરીન બદલો અતા ફર્માવે.

**હાજી મુહમ્મદ ખલીલ અહમદ રઝવી**

*(સદર મર્કઝી મસ્જિદ બજાર, એમ. જી. રોડ, તરીકરહ, કર્નાટક)*

## ★ જવાબ ★

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّىْ وَنُسَلِّمُ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

**(૧)** મસ્લકે આ'લા હઝરતની પરિભાષા બેશક ! જાઈઝ તથા સહીહ છે. કેમ કે આ ''મસ્લકે એહલે સુન્નત વ જમાઅત''નું જ બીજુ નામ છે અને આજના યુગમાં ''મસ્લકે આ'લા હઝરત'' એ જ મસ્લકે એહલે સુન્નત વ જમાઅતની સ્પષ્ટ ઓળખ તથા પેહચાન છે.

મસ્લકે એહલે સુન્નત વ જમાઅતનો સંબંધ અક઼ાઈદથી છે. ભલે ને તે અક઼ાઈદ જરૂરિયાતે દીનમાંથી હોય અથવા જરૂરિયાતે દીનમાંથી ન હોય તો ક઼તઈ ઈજમાઈ હોય (એટલે કે પૂરી ઉમ્મતની નિશ્ચિત સહમતિ હોય તે અક઼ાઈદ પર) અથવા તે અક઼ાઈદ ઝરૂરિયાતે એહલે સુન્નતથી હોય કે પછી તેનાથી સંબંધિત પણ ન હોય, માત્ર ઝન્ની હોય. (એટલે કે ક઼તઈ ન હોય)

રસૂલુલ્લાહ ﷺના યુગથી લઈને આજ સુધી આખી દુનિયાના મુસલમાન એ જ મસ્લકની સાથે જોડાયેલા રહ્યા. ત્યારબાદ ઘણા સમય પછી ફિક઼્હી (મસાઈલ સંબંધિત) ઈજતેહાદી મસાઈલમાં દલીલોના આધારે આ જ મસ્લકથી જોડાયેલા ફુક઼હાના ચાર મઝહબો સ્થાપિત થયા. (૧) હન્ફી (૨) શાફઈ (૩) માલિકી (૪) હંબલી. આ ચારેય મઝહબ નાજી (નજાત પામનાર, જન્નતી) છે. અને આજે જે તે ચારેવથી અલગ છે તે નારી (જહન્નમી) છે. આ ચારેવ મઝહબમાં માત્ર ફિક઼્હી, ફુરૂઈ તથા ઈજતેહાદી મસાઈલમાં એકબીજાથી વિવિધતા છે, અક઼ાઈદમાં ચારેવનો એક જ મસ્લક છે ''મસ્લકે એહલે સુન્નત વ જમાઅત.'' અને તમામ મુસલમાનો તથા મુજદ્દિદોનો મસ્લક એ જ રહ્યો છે. હઝરત શૈખ અબ્દુલ હક્ક઼ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ, હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ, હઝરત અલ્લામા ફઝ્લે હક્ક઼ ખૈરાબાદી رحمۃ اللہ علیہ, હઝરત સૈયદશાહ બરકતુલ્લાહ મારહરવી رحمۃ اللہ علیہ, હઝરત શાહ અબ્દુલ અઝીઝ

મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ તથા આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ તમામ આ જ મસ્લક પર કાયમ હતા.

## ★ આ'લા હઝરત رحمۃ اللہ علیہ તરફ મસ્લકને સંબંધિત કરવાનું કારણ ★

ચૌદમી સદી હિજરીમાં જ્યારે દેવબંદી ફિર્કાના લોકોએ હુઝૂર ﷺની શાને અક્દસમાં ખુલ્લી ગુસ્તાખીઓ કરી, આપ ﷺ બાદ નવા નબીના આગમનને જાઈઝ તથા શક્ય બતાવી એક સર્વ સંમત નિશ્ચિત અકીદાનો જે જરૂરિયાતે દીનમાંથી છે ઈન્કાર પણ કર્યો સાથે સાથે વહાબિયત તથા કાદયાનિયત વગેરે જેવા ફિર્કાઓએ પણ માથુ ઉઠાવ્યું ત્યારે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરી બરેલ્વી رحمۃ اللہ علیہએ કલમ દ્વારા જેહાદ કરી દેવબંદિયત, વહાબિયત, તથા કાદયાનિયત વગેરેના ફિત્નાનો ભરપૂર રદ કરીને એહલે સુન્નત વ જમાઅતના મસ્લકની હિફાઝતનું અજોડ કારનામુ અંજામ આપ્યું, ત્યાં સુધી કે આપનું નામ (આ'લા હઝરતનું) સુન્ની તથા દેવબંદી, તેમજ સુન્ની તથા વહાબી અને સુન્ની તથા કાદયાની વગેરે દરમ્યાન અંતર તથા તફાવતનું કારણ બની ગયું. જેથી આજે મસ્લકની નિસ્બત આ'લા હઝરત رحمۃ اللہ علیہ તરફ કરવામાં આવે છે અને ''મસ્લકે આ'લા હઝરત'' બોલવામાં તથા લખવામાં આવે છે.

ઘણીવાર એવું જોવા મળે છે કે એક જ વસ્તુના બે નામો અથવા બેથી અધિક નામો તથા લકબો હોય છે અને તેના પર કોઈ એતેરાઝ કે વાંધો નથી ઉઠાવતું કે એક જ વસ્તુને આટલા બધાં નામો તથા લકબોથી કેમ સંબોધવામાં આવે છે ? તેમાં કોઈને વાંધો નથી હોતો. જેમ કે ખૂદ ''મસ્લકે એહલે સુન્નત''નાં કેટલાયે નામો છે. (૧) મા અના અલૈહિ વ અસ્હાબિહી (૨) ''મસ્લકે સવાદે આ'ઝમ'' તો જો આજે વહાબીઓ, દેવબંદીઓ, નદવીઓ, કાદયાનીઓ, ચકળાલ્વીઓ તથા નેચરીઓથી તફાવત તથા ફરક માટે મસ્લકે એહલે સુન્નતને ''મસ્લકે આ'લા હઝરત''ના નામથી સંબોધવામાં આવે તો તેના પર કોઈ ન્યાયી મિત્રના

દિલો દિમાગમાં વાંધો તથા શંકા પેદા ન થવી જોઈએ. (અલ્લાહ બેહતર જાણનાર છે.)

(૨) સવાલમાં ઝૈદનું એ કહેવું છે કે "મસ્લકે આ'લા હઝરત" કહીને પાંચમો મસ્લક સ્થાપિત કરવું જાઈઝ નથી." આવું કહેવું એ ફોગટની બહાદુરી છે. આ પ્રકારની વિચારશૈલી તે જ ધરાવે છે જેને "મસ્અલે આ'લા હઝરત"ની ઓળખ તથા તેનો પરિચય નથી. ટૂંકમાં કોઈ વ્યક્તિ ઉપર અથવા શબ્દ ઉપર ઈલ્મ તથા તેહકીક઼ વિના નાજાઈઝ હોવાનો ફત્વો આપવાથી બચવું જરૂરી છે. હન્ફી, માલિકી, શાફઈ, હંબલી આ ચારેવ સવાદે આ'ઝમ એહલે સુન્નતના શાખાકીય મઝહબો છે. જેનો સંબંધ ફિક઼્હી તથા ઈજતેહાદી મસાઈલની સાથે છે. દલીલોમાં ટકરાવ અથવા ક઼વી હોવી કે ઝઈફ હોવી અથવા આમ હોવી કે ખાસ હોવી, મન્સૂખ હોવી કે ગેરમન્સૂખ હોવી વગેરે કારણોસર આ ચાર મઝહબો અસ્તિત્વમાં આવ્યા છે. આ પ્રકારના મસાઈલમાં આવો ઈખ્તિલાફ પણ બંદાઓ પર અલ્લાહની રહમત છે. શરઈ પુરાવાઓ થકી વિવિધ રાય ધરાવનાર ફુક઼હાએ કિરામ અંતમાં સવાબના હક્ક઼દાર હોય છે. એ અલગ વાત છે કે સહીહ તથા યોગ્ય હુકમ સાબિત કરનારને બમણો સવાબ મળે છે અને જેનાથી ભૂલ થઈ જાય (પુરાવાઓ થકી હુકમ સાબિત કરવામાં) તેના ભાગમાં માત્ર એક સવાબ આવે છે. આ જ હુકમ તેમના પછીના મોહક્કિક઼ ફક઼ીહોના મસાઈલ સંબંધિત શાખાકીય ઈખ્તિલાફનો પણ હોવો જોઈએ. અને "મસ્લકે એહલે સુન્નત વ જમાઅત" (એટલે કે) બીજા શબ્દોમાં "મસ્લકે આ'લા હઝરત"નો સંબંધ (જેમ કે ઉપર વર્ણન કરવામાં આવ્યું) એ'તેક઼ાદી મામલાઓ (અક઼ાઈદ સંબંધિત મામલાઓ)ની સાથે છે કે જેનો વિરોધી કાફિર અને ઘણીવાર ગુમરાહ તથા ગુમરાહ કરનાર હોય છે.

પ્યારા વાંચકો ! હવે વિચારો ! કે ક્યાં મસ્લકે આ'લા હઝરત જે મસ્લકે સવાદે આઝમ એહલે સુન્નતનું બીજુ નામ છે, અને ક્યાં આ ચારેવ મઝહબો કે જે મસ્લકે એહલે સુન્નતમાંથી નીકળેલી ચાર શાખાઓ છે અને આ મસ્લક (મસ્લકે આ'લ હઝરત) એ ચારેવ શાખાકીય મઝહબોમાં

વધારો નથી (પાંચમો મઝહબ નથી). વધારો (પાંચમો) તો ત્યારે ગણાત જ્યારે મસ્લકે આ'લા હઝરતનો સંબંધ પણ ફિક્હી, શાખાકીય, મસાઈલ સંબંધિત ઈજતેહાદી મામલાઓની સાથે હોત, કેમ કે ક઼ાયદો છે કે "વધારો (ઝયાદતી) વધારેલ (અધિક કરેલ) વસ્તુના પ્રકારમાંથી જ હોય છે." જેથી એ વિચારવું ખોટુ છે કે ચારેવ ફિક્હી મઝહબોમાં મસ્લકે આ'લા હઝરતની પરિભાષા એક પ્રકારનો વધારો છે. સચ્ચાઈ એ છે કે મસ્લકે એહલે સુન્નત વ જમાઅત અથવા મસ્લકે સવાદે આ'ઝમ (જેની એક પરિભાષા આજે મસ્લકે આલા હઝરત છે)નું અસ્તિત્વ હુઝૂર સૈયદે આલમ ﷺના મુબારક યુગથી છે. કેમ કે આ રસૂલુલ્લાહ ﷺના ફર્માન ما أنا عليه وأصحابى તથા وهى الجماعة નો તર્જુમો જ છે. સહાબાએ કિરામે બારગાહે રિસાલત ﷺમાં અરજ કર્યું હતું કે યા રસૂલલ્લાહ ! ﷺ તોતેર (૭૩) ફિર્કાઓમાં જન્નતી ફિર્કો કોણ છે ? તો આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, "તે ગિરોહ (ફિર્કો) જે મારા અને મારા સહાબાના માર્ગે ચાલે અને તે ગિરોહ જમાઅત છે." સ્પષ્ટ વાત છે કે બોતેર (૭૨) ફિર્કાઓ જે જહન્નમી થયા તે અક઼ાઈદમાં જરૂર એહલે સુન્નત વ જમાઅતના વિરૂદ્ધ છે, અને એક ફિર્કો જે જન્નતી છે તે જ એહલે સુન્નત વ જમાઅત છે અને તેનો સંબંધ અક઼ાઈદથી જ છે તથા તેનું અસ્તિત્વ પણ નવું નથી, બલ્કે રસૂલુલ્લાહ ﷺના યુગથી છે. અશિઅતુલ્લમ્આતમાં શૈખ અબ્દુલ હક્ક઼ મોહદ્દિષ દહેલ્વી رضی اللہ عنہ ફર્માવે છે જેનો ખુલાસો આ પ્રમાણે છે કે મારી ઉમ્મત મૂળભૂત અક઼ાઈદમાં (ઉસૂલે અક઼ાઈદમાં) તોતેર મઝહબોમાં વહેંચાય જશે અને એક ગિરોહ સિવાય તમામ ફિર્કાઓ બદએતેકાદીના કારણે (બુરા અક઼ીદાઓના કારણે) જહન્નમમાં જવાના હક્ક઼દાર થશે અને બદઅમલી (બુરા અમલો)ના કારણે તો નાજી ફિર્કા (નજાત પામનાર ફિર્કો, એહલે સુન્નત વ જમાઅત)ના લોકો પણ જહન્નમમાં જઈ શકે છે. નજાત પામનાર ફિર્કાનું નામ કલ્મએ હક્ક઼ તથા અસ્લાફે કિરામની સર્વ સંમતિથી તથા સિરાતે મુસ્તકીમ પર એકત્ર રહેવાના કારણે "જમાઅત" છે. *(બાબુલ એઅ્તેશામ, પેજ : ૧૫૩)*

અને તેમાં જ બીજી જગાએ ફર્માવે છે કે દીને ઈસ્લામમાં "સવાદે આ'ઝમ" (મોટી જમાઅત) અહલે સુન્નત વ જમાઅત જ છે."

*(અશિઅતુલ લમ્આત, પેજ : ૧/૧૫૨)*

મિર્કાતુલ્ મફાતીહમાં છે اتّبعوا السَّواد الأعظم "સવાદે આ'ઝમની (મોટી જમાઅતની) પૈરવી કરો અને (હદીષમાં આવેલ શબ્દ) ما عليه (માઅલયહી)થી મુરાદ મુસલમાનોની બહુમતિ છે. કહેવામાં આવ્યું છે કે (આ તોતેર ફિર્કાઓનો વિખવાદ) ઉસૂલે એઅતેકાદમાં (બુનિયાદી, મૂળભૂત અકીદાઓમાં) છે. જેમ કે અર્કાને ઈસ્લામમાં વિખવાદ હોવો. રહી વાત ફુરૂઈ (શાખાકીય) વિખવાદની જેમ કે સ્ત્રીને અડકવાથી વુઝૂ તૂટવા ન તૂટવાનો મતભેદ વગેરે જેવા મસાઈલમાં ઈજમાઅની (સર્વસંમતિ હોવાની) જરૂરત નથી, બલ્કે ચાર ઈમામોમાંથી કોઈ પણ મુજતહિદ ઈમામની પૈરવી જાઈઝ છે. અને જે ઈખ્તિલાફ (વિરોધાભાસ) માતુરીદીઓ તથા અશ્અરીઓ વચ્ચેના મસાઈલમાં છે, તે પણ હકીકતમાં શાખાકીય છે. કેમ કે તેનો સંબંધ (યકીની તથા કતઈ અકાઈદથી નથી) બલ્કે ઝન્નિયાતથી છે (કયાસ તથા અંદાજીત મામલાઓમાંથી છે) જેથી આ પ્રકારનો વિરોધાભાસ ઈખ્તિલાફ (જે માતુરીદીઓ તથા અશ્અરીઓ દરમ્યાન છે તે) યકીની, કતઈ અકીદાઓમાં નથી. બલ્કે કેટલાક મોહક્કિકોનું કહેવું છે કે (માતુરીદીઓ તથા અશ્અરીઓ વચ્ચેના વિરોધાભાસ) સંપૂર્ણપણે શાબ્દિક (લફ્ઝી) છે.

*(મિર્કાતુલ મફાતીહ, પેજ–૧૮૩–૧, હદીષ નં. ૧૭૩ હેઠળ,પ્રકાશક–બૈરૂત)*

સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅત જ હમેશાં હક્ક તથા હિદાયત પર અને અધિક સંખ્યામાં રહ્યા છે. પરંતુ ધારો કે ક્યારેક અલ્પ સંખ્યામાં થઈ જાય તો પણ તે હક્ક તથા હિદાયત પર જ રહેશે. ધારો કે જો કદી એક જ વ્યક્તિ આખી દુનિયામાં "અલ્લાહ ! અલ્લાહ !" કહેનાર હોય જેમ કે કયામત રચાતા પહેલાં એવું થઈ શકે છે, તો એ જ સવાદે આ'ઝમ છે.

રસૂલુલ્લાહ ﷺના મુબારક યુગથી ઘણા સમય બાદ આ જ "મસ્લકે અહલે સુન્નત"માંથી હન્ફી, માલિકી, શાફઈ, હંબલી

મઝહબોની ચાર શાખાઓ નીકળી જેથી ચાર ફુરૂઈ (શાખાકીય) મઝહબો અસ્તિત્વમાં આવ્યા. ફુરૂઅનો (શાખાકીય બાબતોનો) આ ઈખ્તિલાફ (વિરોધાભાસ) રહમત તથા સવાબનું કારણ છે. જ્યારે કે બોતેર (૭૨) ફિર્કાઓનો ઈખ્તેલાફ હલાકત તથા અઝાબનું કારણ છે. એટલા માટે એકની બરાબરી બીજા સાથે ન કરી શકાય. અને જે મસ્લકનું અસ્તિત્વ રસૂલુલ્લાહ ﷺના યુગથી છે તેમાં માત્ર નામના તફાવતનો સહારો લઈને તેને નાજાઈઝ ન કહી શકાય, તેને નાજાઈઝ કહેવું નાદાની છે અથવા અન્યાય કે પછી અદાવતના લીધે છે..

સવાલમાં જણાવ્યા મુજબ બકરનું કહેવું છે કે "હકીકતમાં આ (મસ્લકે આ'લા હઝરત) મસ્લકે હન્ફીનું જ બીજુ નામ છે" એ વાત નિર્થક છે. મઝહબે હન્ફી તો મસ્લકે એહલે સુન્નત વ જમાઅતની આવી જોડાયેલી ચાર શાખાઓમાંથી એક મજબૂત તથા સાયાદાર શાખાનું નામ છે. જેને જાણકારી ન હોય તેને એ હક્ક નથી કે આવા વિષયોમાં દખલ કરે. (અલ્લાહ બેહતર જાણનાર છે.)

ઉપરોક્ત વર્ણનથી એ વાત પણ સ્પષ્ટ થઈ ગઈ કે આજે ઓલમાએ મોહક્કિકીન (તેહકીકના મર્તબા પર બિરાજમાન આલિમો) તથા ફુકહાએ દીનના દરમ્યાન જો ફિકહી, શાખાકીય, આધુનિક મસાઈલના અહકામો વિશે દલીલો તથા પુરાવાઓના આધારે ઈખ્તિલાફ થઈ જાય તો તેના કારણે તે અજરો સવાબના હક્કદાર તો થઈ શકે છે પરંતું તેમના પર એ આરોપ મૂકવો કે તેઓ મસ્લકે એહલે સુન્નત જેને બીજા શબ્દોમાં મસ્લકે આ'લા હઝરત કહેવાય છે તેનાથી ફરી ગયા અથવા તેના વિરોધી બની ગયા છે એ સૌથી મોટો અન્યાય છે. કેમ કે મસ્લકે એહલે સુન્નત તથા મસ્લકે આ'લા હઝરતથી ઈખ્તિલાફ રાખવો અથવા ફરી જવું અઝાબે જહન્નમના હક્કદાર બનવાનું કારણ છે. જ્યારે કે ફિકહી, શાખાકીય નવા નવા મસાઈલમાં વિરોધાભાસ રહમત તથા સવાબનો સબબ છે. જે પણ સુન્ની છે તે મસ્લકે આ'લા હઝરત પર ચાલી રહેલ છે. અને જે પણ મસ્લકે આ'લા હઝરત પર ચાલે છે તે સુન્ની સહીહુલ અકીદા છે.

માની લો કે કોઈ વ્યક્તિ મઆઝલ્લાહ ગુનાહનો મુર્તકિબ થઈ જાય તો તે ગુનેહગાર તો છે જેમ કે બેનમાઝી, દાઢી મૂંડાવનાર, દારૂ પીનાર વગેરે, પરંતુ ગુનાહના કારણે તેને એહલે સુન્નત વ જમાઅત અથવા મસ્લકે આ'લા હઝરતથી ખારિજ તથા બહારનો નહીં ગણવામાં આવે. તો પછી ફુક્હાએ કિરામના દરમ્યાન જો શરઈ દલીલોના આધારે કોઈ નવા મસ્અલામાં માની લો કે ઈખ્તેલાફ થઈ પણ જાય તો તેને અથવા જે શાફઈ, માલિકી, હંબલી મઝહબ પર અમલ ધરાવે છે તેને એહલે સુન્નત અથવા મસ્લકે આ'લા હઝરતથી ખારિજ કઈ રીતે ઠરાવી શકાય છે.

હા ! એ તો થઈ શકે છે કે દલીલ સમજવામાં તથા હુકમની તેહક઼ીક઼માં ક્યાંક કોઈથી ભૂલ થઈ જાય તો સંપૂર્ણ સ્પષ્ટતા બાદ તેને ખાતી (ખતા કરનાર, ભૂલ કરનાર) કહી શકાય છે. પરંતુ એ હક્ક઼ પણ માત્ર સાહિબે બસીરત તથા વિશાળ તેહક઼ીક઼ દષ્ટિ ધરાવનાર આલિમો તથા ફક઼ીહોનો જ છે. તેમના સિવાય કોઈ અન્યને આ પ્રકારના ફૈંસલા લેવાનો બિલ્કુલ હક્ક઼ નથી.

## ★ મસ્લકે આ'લા હઝરત શું છે ? ★

મસ્લકે આ'લા હઝરત હક઼ીક઼તમાં એહલે સુન્નત વ જમાઅતના સર્વ સંમત (ઈજમાઅ) ક઼તઈ તથા ઝન્ની અક઼ાઈદના મિશ્રણનું બીજુ સ્પષ્ટ નામ છે. આ તમામ અક઼ીદાઓને એક શબ્દમાં વર્ણન કરવામાં આવે તો તે "મહ઼બ્બતે રસૂલ" તથા ઈશ્કે મુસ્તફા ﷺ છે. જેમ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ખુદ ફર્માવે છે :–

**જાન હૈ ઈશ્કે મુસ્તફા રોઝ ફઝૂં કરે ખુદા**
**જિસ્કો હો દર્દ કા મઝા નાઝે દવા ઉઠાએેં ક્યું**

અને તેને ફેલાવવામાં આવે (વિસ્તૃત વર્ણન કરવામાં આવે) તો નિમ્ન લિખીત કિતાબો જોઈ શકાય છે :–

હુસામુલ હરમૈન, તમ્હીદે ઈમાન, તજલ્લિયુલ યક઼ીન, અદ્‌વલતુલ મક્કિયા, અંબાઉલ મુસ્તફા, ખાલિસુલ એઅતેક઼ાદ, અલ

કવકબતુશિહાબિયહ, સલ્લુસ્સુયૂફીલ હિન્દિયહ્, સુબ્હાનુસ્સુબ્બુહ, અલ અમ્નો વલ ઉલા, બરકાતુલ ઈમ્દાદ, અલ જિરાઝુદય્યાની, રદુર્રફઝહ, ફતાવા અલ હરમૈન વગેરે.

આ કિતાબોમાં મઝહબે ઈસ્લામના કેટલાયે એવા અક઼ીદાઓનું વર્ણન છે જે ઈજમાઈ (સર્વ સંમત) તથા ક઼તઈ હોવાની સાથે સાથે જરૂરિયાતે દીનમાંથી પણ છે અને તેનો ઈન્કાર કરનાર નિશ્ચિત રીતે કાફિર છે, ઈસ્લામથી ખારિજ છે. જેમ કે રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ તથા એહતેરામનું ફર્ઝ હોવું, આપ ﷺની શાનમાં ગુસ્તાખી કરનારાઓને ક઼તઈ કાફિર કહેવું, ખાતિમુન્નબીય્યીન એ આખિરુલ અંબિયાના અર્થમાં હોવાનો લારૈબ (નિઃશંક) અક઼ીદો જેનો ઈન્કાર કરનાર નિઃસંકોચપણે કાફિર મુર્તદ છે, જેવા અક઼ીદાઓ.

આ અક઼ીદાઓ એવા ક઼તઈ યક઼ીની છે કે જે હક્ક઼ સ્પષ્ટ થયા પછી તેમાં શંકા કરે તે પણ કાફિર છે. અને તેમાં કેટલાય એવા અક઼ીદાઓ છે જેના હક્ક઼ હોવા પર ઈમાન રાખવું ફર્ઝ છે અને તેનો ઈન્કાર કરનાર જમહૂર ફુક઼હાએ કિરામના મઝહબ મુજબ કાફિર તથા ઈસ્લામથી ખારિજ છે. તેવા અક઼ીદાઓનું બયાન અલ કવકબતુશિહાબિયહ જેવા રિસાલાઓમાં છે.

અને કેટલાક અક઼ીદાઓ એવા છે જે ક઼તઈ હોવામાં એટલા ઉચ્ચ કોટીના તો નથી પરંતું તે એહલે સુન્નત વ જમાઅતના સ્વીકાર્ય અથવા તેની જરૂરિયાતમાંથી છે. તેનો ઈન્કાર કરનાર ગુમરાહગર, ફાસિક઼ તથા ક્યારેક ખતાકાર કહેવાય છે.

ફતાવા રઝવિય્યહના નિમ્ન લિખીત ફકરાઓ તેમની એક ઝલક જોઈ શકાય છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہ તેહરીર ફર્માવે છે.

★ જો રસૂલુલ્લાહ ﷺ વિશે અલ્લાહ તઆલાની અતાથી વસ્તુઓ, તેના નામો, ખૂબીઓ, અહકામો, બરઝખ, હશ્ર તથા ગુઝરી ગયેલ તેમજ આવનાર સમયના કષીર (અધિક) તથા સંપૂર્ણ ઈલ્મે ગૈબનો

ઈન્કાર કરનાર છે તો તે સ્પષ્ટ ગુમરાહ, બદ દીન કુર્આને આ'ઝમ તથા અહાદીષે મુતવાતેરાનો ઈન્કાર કરનાર છે.

★ અને તેમાં હજારો ગૈબ તે છે જેનો ઈલ્મ હુઝૂર અક્દસ ﷺને મળવો જરૂરિયાતે દીનમાંથી છે અને જરૂરિયાતે દીનનો ઈન્કાર કરનાર યકીનન કાફિર છે.

★ અને જે ખાસ દેવબંદી અકાઈદ પર હોય તે કાફિર મુર્તદ છે. એ જ પ્રમાણે જે પોતાને તે અકાઈદ પર હોવું ન બતાવે પરંતું તે લોકોની (દેવબંદીઓના) કુફ્રી અકીદાઓથી વાકેફ થઈને તેમને સારા જાણે અથવા મુસલમાન સમજે તો પણ પોતે મુસલમાન નથી. દર્રે મુખ્તાર, મજમઉલ અન્હર તથા બઝ્ઝાઝિયા વગેરેમાં છે કે જે તેમના કુફ્રમાં પણ શક કરે તે કાફિર છે.

★ હા ! જો તમામ બુરાઈઓથી પાક હોય તથા કષીર તેમજ અધિકતર ઈલ્મે ગૈબ  ઉપરોક્ત વર્ણન મુજબની માત્રામાં ઈમાન રાખે તથા એહતેરામની સાથે તેનો સ્વીકાર કરે, માત્ર તમામ મા કાન વમા યકૂનના દાયરામાં કલામ કરે અને તેમાં અદબ તથા એહતેરામનો લેહાઝ રાખે તો ગુમરાહ નથી ફક્ત ગલતી પર છે.

*(ફતાવા રઝવિય્યહ, ૨૧૮/૩)*

જે વ્યક્તિ ઉપરોક્ત વર્ણનમાં આવેલ કિતાબો તથા તેના જેવી બીજી કિતાબો જેમ કે ઈઝાલતુલ આર તથા જઝાઉલ્લાહિ અદુવ્વિહી વગેરેને સહીહ માનતો હોય તથા દિલથી તેની  તસ્દીક કરતો હોય તો તે જરૂર મસ્લકે એહલે સુન્નત તથા મસ્લકે આ'લા હઝરતથી ખારિજ ન થશે. જેમ કે આવા કેટલાયે મસાઈલમાં આપણા ઓલમાએ કિરામની અલગ અલગ રાયો છે. પરંતું એ તમામને મસ્લકે આ'લા હઝરત પર કાયમ માનવામાં આવે છે. જેમ કે :

★ આ'લા હઝરત رحمۃ اللہ علیہ તથા આમ ફુકહાએ હન્ફીયા વાદીએ મોહસ્સર (જે હકીકતમાં અઝાબની વાદી છે)માં મુઝદલેફાના વુકૂફને (રોકાણ) જાઈઝ નથી માનતા અને કોઈ શરઈ કારણ હોય

તો મુઝદલેફાના રોકાણને સાકિત માને છે. અને વાદીએ અઝાબમાં રોકાણની ઈજાઝત નથી આપતા પરંતું શરઈ કાઉન્સિલના ઓલમા જરૂરી ઉઝરની સ્થિતિમાં રોકાણની ઈજાઝત આપે છે.

★ છોકરીઓને લખતા શિખવાડવાને આ'લા હઝરત رضی اللہ عنہ ન માત્ર ના પસંદ કરે છે. બલ્કે ઘણા બલીગ (સારા) અંદાઝમાં તેનાથી મનાઈ ફર્માવે છે. પરંતું કેટલાયે મોટા આલિમો તેની ખુલ્લી ઈજાઝત આપે છે.

અને ફુરૂઈ (શાખાકીય) મસાઈલમાં પોતાના અકાબિરોથી અલગ રાય અથવા વિરૂદ્ધ રાય ધરાવવાનો મામલો કાંઈ આજના યુગની નવી શોધ નથી. બલ્કે સહાબાએ કિરામ તથા તાબઈને એઝામના યુગથી આ સિલસિલો ચાલી રહ્યો છે. ખૂદ સિરાજુલ ઉમ્મહ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના શાગિર્દો જેમ કે ઈમામ અબૂ યુસૂફ, ઈમામ મુહમ્મદ رضی اللہ عنہماએ આપનાથી અલગ રાય રાખી છે. અને વિવિધ રાયના ઉદાહરણો પણ ઘણા છે. જેનો ઘણી વિસ્તૃતતાની સાથે મેં પોતાના રિસાલા ''મઝહબે હન્ફીમેં હાલાતે ઝમાનાકી રિઆયત''માં વર્ણન કર્યું છે. જો ફિક્હી ફુરૂઈ મસાઈલમાં અલગ રાય અથવા વિરૂદ્ધ રાય ધરાવવી મસ્લકે આ'લા હઝરતથી ફરી જવાનું કારણ હોય તો સહાબાના યુગથી લઈને ચૌદમી સદી હિજરી સુધી અકાબિરો તથા અસાગિરો દરમ્યાનના જે ફિક્હી ઈખ્તિલાફો છે તે મઆઝલ્લાહ તેમના ''મસ્લકે એહલે સુન્નત''થી ફરી જવાનું કારણ બની જશે. જ્યારે કે આ પ્રકારનો વહેમ કોઈને દિમાગમાં પણ નથી આવ્યો. તો પછી આજે ફરી જવાનો હુકમ કઈ દલીલ તથા કયા આધારે આપી શકાય છે ?

સ્પષ્ટ છે કે મસ્લકે આ'લા હઝરત કોઈ નવો મસ્લક નથી બલ્કે તે જ મસ્લકે એહલે સુન્નત છે. જે હમેશાંથી તમામ મુસલમાનોનો મસ્લક રહ્યો છે અને ચારેવ મઝહબોના ઈમામ પણ આપસમાં કેટલાયે ફિક્હી ફુરૂઈ ઈખ્તિલાફો રાખવા છતાં હમેશાં આ જ મસ્લકના હામી તથા આમિલ માનવામાં આવ્યા છે.

હવે મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો ઈર્શાદ ઠંડા દિલે ધ્યાનથી વાંચો :–

''સવાદે આ'ઝમની પૈરવી''નો હુકમ તથા مَنْ شَذَّ شَذَّ فِی النَّارِ ''જે અલગ રહ્યો તે જહન્નમાં નાખવામાં આવશે.'' તેની વઈદ (ધમકી) માત્ર અક઼ાઈદથી સંબંધિત છે, શાખાકીય ફિક઼્હી મસાઈલને તેની સાથે કોઈ સંબંધ નથી. સહાબાએ કિરામથી લઈને ચારેવ ઈમામો સુધી કોઈ મુજતહિદ એવા નથી થયા જેનાં કેટલાયે કથનો જમહૂરના ખિલાફ ન હોય.

- ✪ સૈયદના અબૂઝર رضی اللہ عنہનું મુત્લકન (કોઈ પણ રીતે) માલ જમા કરવાને હરામ ઠરાવવું.
- ✪ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہનું ઊંઘને વુઝૂ તૂટવાનું કારણ ન જાણવું.
- ✪ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہનો સૂદ (વ્યાજ)નો મસ્અલો.
- ✪ ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો રઝાઅત (દૂધ પીવા)ની મુદ્દતનો મસ્અલો.
- ✪ ઈમામ શાફઈ رضی اللہ عنہનો જાનવર ઝબહ કરનાર જાણી જોઈને ઝબહ કરતી વખતે બિસ્મિલ્લાહ ન પઢે તો પણ જાનવરના હલાલ હોવાનો મસ્અલો.
- ✪ ઈમામે માલિક رضی اللہ عنہનો કૂતરાના જૂઠા (એઠા)ના પાક હોવાનો મસ્અલો.
- ✪ ઈમામ અહમદ رضی اللہ عنہનો મસ્અલો ઊંટનો ગોશ્ત (માંસ) ખાવાથી વુઝૂ તૂટી જાય છે. વગેરે આવા કેટલાયે મસ્અલાઓને જે આ વઈદ (જે જમાઅતથી અલગ રહ્યા તે જહન્નમમાં નાખવામાં આવશે)ના હેઠળ માને તે ખૂદ જહન્નમમાં જવાનો હક્ક઼દાર છે, બલ્કે ઈજમાએ ઉમ્મતનો વિરોધી છે. તથા نُوَلِّهٖ مَا تَوَلّٰی وَ نُصْلِهٖ جَهَنَّمَ وَ سَآءَتْ مَصِيْرًا

"જે મુસલમાનોના માર્ગ છોડીને બીજી અન્ય રાહ ચાલ્યો અમે તેને તેના હાલ પર છોડી દઈશું અને તેને દોઝખમાં દાખલ કરીશું અને કેટલીયે બુરી જગા છે પલટવાની." *(સૂ. નિસાઅ, આ–૧૧૫, પારા–૫) (ફતાવા રઝવિય્યહ, ૭/૪૮૧, ૪૮૨, સુન્ની દારુલ ઈશાઅત–મુબારકપુર)*

ફતાવા રઝવિય્યહની ઉપરોક્ત ઈબારત (લખાણ)થી કેટલીયે વાતો સ્પષ્ટ થઈ ગઈ :–

**અ.** સવાદે આ'ઝમની પૈરવીનો સંબંધ માત્ર અક઼ાઈદની સાથે છે, ફિક઼્હી શાખાકીય (ફુરૂઈ) મસાઈલની સાથે નથી. (જ્યારે કે મસ્લકે આ'લા હઝરત મસ્લકે સવાદે આ'ઝમનું બીજુ નામ છે.)

**બ.** સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَથી લઈને ચારેવ ઈમામો સુધી કોઈ મુજતહિદ એવા નથી જેની એક રાય (ક઼ૌલ) જમહૂર (આમ મુજતહિદો)ની વિરૂદ્ધ ન હોય. તો પણ તેઓ સવાદે આ'ઝમથી જ છે. જેમ કે ઈમામ શાફઈ رضی اللہ عنہનો મઝહબ છે કે કોઈ વ્યક્તિ જાણી જોઈને જાનવર ઝબહ કરતી વખતે **બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર** ન પઢે તો પણ તે જાનવર હલાલ છે. જ્યારે કે તેમના સિવાય બીજા ઈમામો તથા ફુકહા તેને મુરદાર તથા હરામ કહે છે. પરંતું ઈમામ શાફઈની આ રાય છતાં બિલ્ઈત્તેફાક તેઓ સવાદે આ'ઝમ એહલે સુન્નત વ જમાઅતમાંથી છે.

**ક.** જે વ્યક્તિ આવા અહવાલના આધારે જમાઅતથી ફરી જવાનો અથવા જહન્નમમાં દાખલ કરવાનો હક્ક઼દાર હોવાનો હુકમ લગાડે તે પોતે ઈજમાએ ઉમ્મતનો વિરોધી છે તથા જહન્નમી છે. કુર્આને પાકમાં તેઓના વિશે ફર્માવવામાં આવ્યું **وَنُصْلِہٖ جَہَنَّمَ** "અમે તેને જહન્નમમાં દાખલ કરીશું.

સ્પષ્ટ છે કે દેવબંદી, વહાબી, ક઼ાદયાની, નેચરી, સુલેહ કુલ્લી તથા ચકળાલ્વી જમાઅતના આલિમોએ તો એહલે સુન્નત વ જમાઅતથી ઉસૂલે અક઼ાઈદમાં (મૂળભૂત અક઼ીદાઓમાં) ઈખ્તિલાફ કર્યો છે, જેથી

તેઓ સવાદે આ'ઝમથી ફરી ગયા તથા જહન્નમમાં જવાના હક્કદાર ઠરાવવામાં આવ્યા અને હકીકતમાં એવા જ લોકો ''મસ્લકે આ'લા હઝરત''ના વિરોધી છે. પરંતું જે લોકો અકાઈદમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ સાથે છે. અને ફુરૂઅમાં (શાખાકીય મસાઈલમાં) ક્યાંક પણ તેમની રાય અલગ થઈ ગઈ હોય જેમ કે હઝરત સૈયદી અશરીફીમિયાં رحمۃ اللہ علیہનું કવ્વાલીને જાઈઝ માનવું. તો તે હરગિઝ સવાદે આ'ઝમ અથવા મસ્લકે આ'લા હઝરતથી બહાર નથી બલ્કે તેઓ (આ'લા હઝરત અશરફીમિયાં) તો પોતાના દૌરના સવાદે આ'ઝમના સાચા ઝંડાધારી તથા મુબલ્લિગ હતા. આ જ કારણે આપની સાથે આ'લા હઝરત رحمۃ اللہ علیہના સંબંધો ઘણા સારા રહ્યા.

જવાબમાં આ થોડીક લીટીઓનો ઉમેરો (વધારો) આપણા ભાઈઓની રહનુમાઈ તથા ખૈરખ્વાહીના માટે છે જેઓ વાત વાત પર મસ્લકે આ'લા હઝરતથી ફરી ગયાના ફર્માનો જારી કરી દે છે અને તેમને એ વાતનો એહસાસ પણ નથી થતો કે તેનો તઅલ્લુક (સંબંધ) મસ્લકે આ'લા હઝરતથી નથી કે જેનાથી ફરી જવું કુફ્ર તથા ગુમરાહી છે, બલ્કે તેનો સંબંધ ખાલિસ ફુરૂઅ (શાખાકીય મસાઈલ)થી છે. અને તેમાં ઈખ્તિલાફ (વિરોધાભાસ) જેમ કે વર્ણન કરવામાં આવ્યું ''રહમત'' છે.

હદીષનો ઈર્શાદ છે. **اختلاف أمتی رحمة** ''મારી ઉમ્મતનો ઈખ્તિલાફ રહમત છે. *(મુદદમા રદુલ મુહતાર, અલ મકાસિદુલ વ મુખ્તસર ઈબ્ને હાજિબ વગેરે, પેજ–૪૬, ૪૭, ભાગ–૧)*

જો ફુરૂઈ ઈખ્તિલાફોને લઈને આવા હુકમો જારી કરવા જાઈઝ હોત તો ચારેવ મઝહબના ઈમામો તથા ફકીહો તેનાથી બચી ન શકતા. એટલા માટે ખુદાના વાસ્તે તેહકીક વિના આવા હુકમો જારી કરવામાં ન આવે. જેમ કે ઉપરોક્ત સવાબમાં ઝૈદે કર્યું છે અને તેની સ્પષ્ટતા બકરે એ જ પ્રમાણેનો માર્ગ અપનાવ્યો.

**સાવધાન !** પ્યારા વાંચકોએ આ હકીકતથી આગાહ તથા સાવધાન રહેવું જોઈએ કે મસ્લકે આ'લા હઝરતના પરિચય તથા તેના લખવા

બોલવાના જાઈઝ હોવાના તઅલ્લુકથી ઘણા લાંબા સમયથી આપણે ત્યાંથી લેખો તથા ફત્વાઓ પ્રકાશિત થતા રહ્યા છે. મૌખિક હિદાયતો તથા તેના ઉપરાંત કેટલાયે કલમી ફત્વાઓ છે. જેમ કે માસિક અશરફિયા, એપ્રિલ–૧૯૯૯માં નાયબ મુફતીએ આ'ઝમ હિંદ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક અમજદી رحمۃ اللہ علیہ માજી સદર ઈફતા વિભાગ જામિઆ અશરફિયાનો લેખ જેનું ટાઈટલ છે, ''મસ્લકે આ'લા હઝરત'' તે પ્રકાશિત થયો છે.

ત્યારબાદ બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફતી અબ્દુલ મન્નાન આઝમી મુબારકપુરી رحمۃ اللہ علیہ *(માજી શૈખુલ હદીષ તથા સદરુલ મુદર્રિસીન જામેઆ અશરફિયા–મુબારકપુર)*નો લેખ આ જ વિષય પર પ્રકાશિત થયો.

જુલાઈ–૨૦૦૩ના અંકમાં તથા એપ્રિલ–૨૦૦૮ના અંકમાં ખૂદ રાકિમુલ હુરૂફના (આ લેખના લેખક હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી સાહબના) બે લેખો પ્રકાશિત થયા છે. એક તફસીલી (વિસ્તૃત) ફત્વો ''મસ્લકે આ'લા હઝરત ક્યા હૈ''ના નામથી અને બીજો ''મસ્લકે એહલે સુન્નત હી મસ્લકે આ'લા હઝરત હૈ''ના નામથી પ્રસિદ્ધ થયેલ છે.

દસ વરસની મુદ્દતમાં રાકિમુલ હુરૂફ (મૂળ લેખક)નો આ ત્રીજો લેખ એક સવાબના જવાબમાં પ્રકાશિત થઈ રહ્યો છે, જેનાથી ઈન્શાઅલ્લાહ ! આપણા વાંચકોને મસ્લકે આ'લા હઝરતનો સાચો પરિચય તથા તેની મારેફત પ્રાપ્ત થશે.

***–મુહમ્મદનિઝામુદ્દીન રઝવી ગુફિરલહૂ (મુબારકપુર)***

*(હવાલો : માહનામા અશરફિયા–મુબારકપુર, ઓકટોબર–૨૦૧૩, રજૂકર્તા : મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી , સદર મુફતી દારુલ ઈફતા, દારુલ ઉલૂમ અશરફિયા–મુબારકપુર, અનુવાદક : મૌલાના ગુલામયાસીન મિસ્બાહી, સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, બરકાતે ખ્વાજા–માસિક, ડિસેમ્બર–૨૦૧૩)*

# ઈમામ અહમદ રઝા અને દર્સ તથા તદરીસ

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત મૌલાના અશ્શાહ ઈમામ અહમદ રઝાખાં ક઼ાદરી બરકાતી قدس سره એ દર્સો તદરીસની પરંપરા કોઈ મદ્રસામાં મુદર્રિસ બનીને અથવા પોતાનો મદ્રસો સ્થાપીને શરૂ કરી ન હતી. ઓલમા સામાન્ય રીતે ફરાગત પછી તદરીસની ખિદમતો અંજામ આપે છે પરંતું આ'લા હઝરતે ઈલ્મ હાંસલ કરવાના જમાનામાં જ દર્સો તદરીસનું કામ શરૂ કરી દીધુ હતું. આપ પોતાના જમાનામાં ઓલમાનું કેન્દ્ર રહ્યા અને દૂર દૂરથી તલ્બા આવીને ફૈઝ હાંસલ કરતા રહ્યા. આપના મોટા સાહબઝાદા મૌલાના મુહમ્મદ હામિદ રઝાખાં قدس سره લખે છે : આ'લા હઝરતે તાલિબે ઈલ્મીના જમાનામાં તલ્બાને પઢાવ્યા.

તે સમયમાં કોણ ખુશનસીબ હઝરતોએ આ'લા હઝરત عليه الرحمة و الرضوان થી ફૈઝ હાંસલ કર્યો, તેનો ઈતિહાસ તથા રિવાયતોમાં કોઈ નિર્દેશ નથી અને અત્યાર સુધીની તેહક઼ીક઼ાતે રઝવિય્યહમાં પણ આ તરફ કોઈ નિર્દેશ જોવા નથી મળતો. ઈમામ અહમદ રઝા رضی الله عنه એ ફરાગત પછી પણ તદરીસના ફરાઈઝ અંજામ આપ્યા, જાતે જ એક જગા પર લખે છે :''ફક઼ીરનો દર્સ બિ હમ્દિહી તઆલા તેર વર્ષ, દસ મહીના, ચાર દિવસની ઉમરમાં પૂર્ણ થયો, ત્યાર પછી કેટલાક વર્ષો સુધી તલ્બાને પઢાવ્યા.'' *(અલ્ કલિમતુલ્ મુલ્હિમા, પેજ–૬)*

કેટલાક વર્ષોથી મુરાદ શું છે ?! કેટલા સમય સુધી દર્સે રઝાની પરંપરા ચાલુ રહી જેની વિગત કેટલાક અંશે નીચે આપેલ વર્ણનો તથા હવાલાઓથી જણાય છે. આ'લા હઝરત હિ.સ. ૧૩૦૪માં બદાયૂં મદ્રસા તયબએ ક઼ાદરિયામાં જોયેલ સ્વપ્નના હેઠળ ફર્માવે છે : ''........એ જ રીતે કેટલાક મહીના થયા અને સૈયદ શાહ ફઝ્લે હસન સાહબ પંજાબી ફક઼ીરથી સહીહ બુખારી પઢતા હતા.''

*(અહસનુલ વિદાઅ લિ આદાબિ દુઆ, પેજ : ૪૦)*

ઉપરોક્ત હવાલાથી એટલો ખુલાસો થઈ ગયો કે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ નો દર્સ અને તદરીસ હિ.સ. ૧૩૦૪માં ચાલુ હતો.

**દર્સી પ્રવૃત્તિઓ** : ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી قدس سرہ હિ.સ. ૧૩૦૬ સુધી દર્સો તદરીસમાં એટલા પ્રમાણમાં પ્રવૃત્ત રહેતા હતા કે લેખન, સંપાદન અને ફતાવા લખવા લખાવવાનો સમય પણ ખૂબ જ ઓછો મળતો હતો. સાધારણ રીતે જુમ્આની છૂટ્ટીમાં ફતાવાનું કામ કરતા હતા. આપ પોતાના એક રિસાલા "અસ્સફાઈહુલ લુજૈન ફી કવનિત્તસાફુહિ બિ કફ્ફિલ્ યદૈન"માં મુસાફો જાઈઝ હોવા સંબંધિત મસ્અલો બયાન કરતાં ફર્માવે છે : "આ મસ્અલો ફક़ીર (આ'લા હઝરત)ને ૧૯ ઝી–ક઼અદા હિ.સ. ૧૩૦૬ જુમ્આના રોજ નમાઝે જુમ્આ પછી પૂછવામાં આવ્યો. જવાબ ઝબાની બયાનમાં આપ્યો અને આજકાલ બીમારી અને દર્સો તદરીસમાં પ્રવત્ત અને મશ્ગૂલ રહેવાના કારણે સમયનો અભાવ હતો. વિચાર કર્યો કે આવતી જુમ્આની છૂટ્ટીમાં ઈન્શાઅલ્લાહુ તઆલા ! લેખિત જવાબ આપવા બંધાયેલ છું."

*(ફતાવા રઝવિય્યહ જદીદ, ભા–૨૨, પેજ–૨૭૦)*

આ લખાણથી એ વાત અધિક સ્પષ્ટ થઈ ગઈ કે હિ.સ. ૧૩૦૬ સુધી "દર્સે રઝા"ની પરંપરા શબાબ પર હતી અને દર્સની પ્રવૃત્તિમાં મોહલતની અછત હતી જેથી ફતાવા લખવાનું કામ માત્ર જુમ્આના દિવસે કરતા હતા પરંતું એ પણ અત્રે સ્પષ્ટ નથી થયું કે દર્સે રઝાની પરંપરા ક્યાં સુધી ચાલતી રહી. જેનો ખુલાસો નીચે દર્શાવેલ હવાલાઓ વધુ પ્રમાણમાં થાય છે.

હિ.સ. ૧૩૧૧ સુધી હઝરત હુજ્જતુલ ઈસ્લામ મુફતી મુહમ્મદ હામિદ રઝાખાં ક઼ાદરી બરેલ્વી رضی اللہ عنہ એ વાલિદે માજિદ આ'લા હઝરતથી કુતુબે મઅકૂલ અને મનકૂલ પઢીને ઓગણીસ (૧૯) વર્ષની ઉમરમાં દર્સિયાત સંપૂર્ણ કર્યું. હુજ્જતુલ ઈસ્લામની સાથે તેમના સમકાલિન ઈદુલ ઈસ્લામ મૌલાના અબ્દુસ્સલામ રઝવી જબલપૂરી قدس سرہ આ'લા હઝરતના દર્સમાં સાથે હતા. હુજ્જતુલ ઈસ્લામના સમકાલિનોમાં આ

મહત્તા માત્ર હઝરત ઈદુલ ઈસ્લામને જ પ્રાપ્ત હતી. *(હયાતે મૌલાના અહમદ રઝાખાં કાદરી નવી આવૃત્તિ, પેજ–૧૪૨)*

મૌલાના મુહમ્મદ ઈબ્રાહીમ ખુશ્તર સિદ્દીકી રઝવી સાહબ "તઝકિરએ જમીલ"માં લખે છે : "સુલ્તાનુલ વાએઝીન મૌલાના અબ્દુલ અહદ મુહદ્દિષે સૂરતી હઝરત મૌલાના વસી અહમદ رضی اللہ عنہના એકના એક સાહબઝાદા હતા. હિ.સ. ૧૨૯૮ ઈ.સ. ૧૮૮૩માં પીલીભીતમાં જન્મ પામ્યા. તેર (૧૩) વર્ષની ઉમરમાં હિ.સ. ૧૩૧૧માં આ'લા હઝરત ઈમામ અહમદ રઝાની ખિદમતમાં બરેલી હાજર થયા અને આપથી જ દૌરએ હદીષ પઢવાનું સૌભાગ્ય હાંસલ કર્યુ. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ જાતે જ પોતાના હાથોથી દસ્તારબંદી કરી."

*(તઝકિરએ જમીલ, પેજ–૨૨૯)*

આ હિ.સ. ૧૧૩૧ની વાત છે. હવે આ'લા હઝરતના કલમથી વધુ એક સાબિતીનું નિરિક્ષણ કરો. આપ રિસાલા કવારિઊલ કહ્હાર અલલ્ મુજસ્સમતિલ્ ફુજ્જાર, (હિ.સ. ૧૩૧૮)ના અંતમાં લખે છે કે : અતિશય કામ અને તા'લીમો તદરીસ અને મીલાદ શરીફની મજલિસોમાંથી ફુરસતની કમસે કમ બેઠકોમાં પૂર્ણ થયું.

*(ફતાવા રઝવિય્યહ, ભા–૧૧, પેજ–૨૬૩)*

મૌલાના ડોક્ટર હસન રઝાખાં (પટના) વર્ણવે છે : હઝરત મૌલાના રહીમ બખ્શ સાહબ પોતાના સમયના એક ઉચ્ચ કક્ષાની શખ્સિયત હતા, હિ.સ. ૧૩૧૨માં મુઝફ્ફરપુર જિલ્લાના એક ગામ બાથમાં પેદા થયા. પ્રારંભિક તા'લીમ આપે ત્યાંના ઉલ્માથી પ્રાપ્ત કરી. ઉચ્ચ તા'લીમની પ્રાપ્તિ માટે આપના વાલિદે આ'લા હઝરતની બારગાહમાં મોકલ્યા. આપે સતત બાર વર્ષ સુધી આ'લા હઝરતથી જ્ઞાન પ્રાપ્ત કર્યું. ફારિગની સનદ પછી આપ રુશ્દો હિદાયતની ખિદમતમાં તલ્લીન થઈ ગયા. અસંખ્ય કરામતો આપથી જાહેર થઈ. ૧૯ જમાદિઉલ આખર હિ.સ. ૧૩૭૯ના દિવસે દારેફાનીથી કૂચ કરી. આપનો મઝાર બાથ જિલ્લાના મુઝફ્ફરપુરમાં લોકોની ઝિયારતગાહ છે. *(ફિક્હે ઈસ્લામ, પેજ–૪૫૨)*

ડોક્ટર હસન રઝાખાં, સૂફી કલંદર અલી સોહરવર્દી قدس سرہના સિલસિલામાં લખે છે : ''અબુલ ફૈઝ કલંદર અલી સોહરવર્દી ગિલાનીના ચશ્મો ચરાગ છે. કોટલી લુહારાન સિયાલકોટ વતન છે. ૮ વર્ષની ઉમરમાં યતીમ થઈ ગયા. મિડલ સુધી તા'લીમ હાંસલ કર્યા પછી દીની તા'લીમના શોખમાં દેવબંદ પહોંચ્યા. એક રાત કયામ કર્યા પછી આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી قدس سرہની ખિદમતમાં હાજર થયા. લગભગ અઢી વર્ષ સુધી કયામ કર્યો. અને ઉલૂમે દીનિયહ હાંસલ કરવાનો શર્ફ ઈમામે એહલે સુન્નતથી હાંસલ કર્યો.

*(ફિક્હે ઈસ્લામ, પેજ–૨૪૭, સોહરવર્દી અવલિયા, પેજ–૩૬૬)*

શરફે મિલ્લત અલ્લામા અબ્દુલ હકીમ શરફ કાદરી رحمۃ اللہ علیہ તહરીર લખે છે : ઉસ્તાઝુલ ઓલમા, મરજઉલ ફુઝલાઅ્, સૈયદુસ્સનદ સૈયદુલ બરકાત સાહબ دام ظلہ العالی શૈખુલ હદીષ મરકઝી હિઝબુલ અહનાફ લાહોર ફર્માવે છે : ''જ્યારે આ'લા હઝરત قدس سرہની ઉમર શરીફ પચાસ વર્ષની થઈ ગઈ તો આપે બધુ જ ધ્યાન તસ્નીફ અને તાલીફ (લેખન–સંપાદન)ની તરફ ફેરવી અને ફર્માવ્યું, **''એક દૌર મતલબ અડધી સદી દર્સો તદરીસમાં વીતી ગઈ. જમાનાની હાલત બદલાઈ ગઈ. હવે આપણે પણ પોતાની આદતમાં બદલાવું જોઈએ.''** કેમ કે અધિકતર લોકો લખાણથી વધારે ફાયદો ઉઠાવી શકે છે, એટલા માટે આ'લા હઝરત رضی اللہ عنہ તકરીર કરતાં તહરીર (લખાણ)ની તરફ વધારે ધ્યાન ફર્માવતા હતા.'' *(યાદે આ'લા હઝરત : સ. ૨૪)*

આ રિવાયતથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે હિ.સ. ૧૩૨૨ સુધી ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہનું વધારે પડતુ ધ્યાન દર્સો તદરીસ પર હતું, ઉમ્ર શરીફ પચાસ વર્ષ થયા પછી પોતાનું ધ્યાન તસ્નીફ વ તાલીફ તથા ઈફતા અને રદ્દે વહાબિયહની તરફ ફેરવી દીધું. આ સિલસિલામાં એક મકામ પર ઈમામ અહમદ રઝા ખૂદ વર્ણવે છે : ઈફતા તથા રદ્દે વહાબિયહએ તદરીસનું કામ પણ છોડાવી આપ્યું.

*(અલ્ કલિમતુલ્ મુલ્હિમહ, પેજ–૬)*

મલિકુલ ઉલમા મૌલાના સૈયદ ઝફરુદ્દીન બિહારી, ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہની તદરીસી ખિદમતના સિલસિલામાં "દર્સે રઝા"ની બરકતો અને ભવ્યતાઓનું વર્ણન કરતાં લખે છે : "આ'લા હઝરતે દર્સી કિતાબોથી ફરાગત પછી તદરીસ, ઈફતા તથા તસ્નીફ (લેખન)ની તરફ ધ્યાન ફર્માવ્યું. શરૂઆતમાં તદરીસની તરફ ધ્યાન વધુ હતું. બરેલી શરીફમાં કોઈ મદ્રસો ન હતો જેથી ફક્ત આ'લા હઝરતની જાત તલ્બા તથા ઉલ્માનું કેન્દ્ર હતી. જેમને ઈલ્મી ઝરણાથી ફૈઝયાબ થવું હતું તેઓ આ'લા હઝરત رضی اللہ عنہ પાસે આવતા અને કામિયાબી હાંસલ કરતા." *(હયાતે આ'લા હઝરત જદીદ, ૧/૧૨૪)*

સારાંશ કે આ'લા હઝરત رضی اللہ عنہનો એક જમાનો તદરીસ તથા તા'લીમમાં જોરશોરથી ચાલ્યો છે જેમાં દૂર દૂરથી તલ્બા બીજા મદ્રસા છોડીને અહીં હાજર થતા હતા, અને આ ચશ્મએ ઈલ્મો નઝરથી ફૈઝયાબ થતા. જેમ કે એ જ જમાનાનો એક બનાવ જનાબ મૌલ્વી મુહમ્મદ શાહખાં ઉર્ફે નથનખાં સાહબ બયાન કરે છે કે એક દિવસ ત્રણ તાલિબે ઈલ્મ નવા આવ્યા. અને આ'લા હઝરતથી પઢવાની ખ્વાહિશ જાહેર કરી. મેં પુચ્છા કરી કે તમે ક્યાંથી આવ્યા છો ? આથી પહેલાં ક્યાં પઢતા હતા ? તો તેઓએ કહ્યું, દેવબંદમાં પઢતા હતા, ત્યાંથી ગંગોહ ગયા, ત્યારબાદ અહીંયા આવ્યા છીએ. મેં કહ્યું કે સામાન્યતઃ તો તલ્બાને "ષુમ્મ ખયરા"ની બીમારી હોય છે, મતલબ જ્યાં પઢતા હોય ત્યાં કરતાં બીજે બેહતર પઢાઈ છે એવો વહેમ હોય છે, એટલા માટે એક જગ્યાએ સ્થિર થઈને ખૂબ જ ઓછા લોકો પઢે છે, બલ્કે બે ચાર જગ્યાએ જઈને જરૂર જોતા હોય છે, પણ આવું સામાન્યતઃ એવી જગ્યા એ થાય છે કે બીજે ત્યાંની તારીફ ઈન્સાન સાંભળે છે, પરંતુ મારી સમજમાં એ વાત નથી આવતી કે તમે લોકોએ દેવબંદ કે ગંગોહમાં બરેલીની તારીફ સાંભળી જેથી અહીં આતુરતાપૂર્વક આવ્યા છો ! કહ્યું, આ તમે સાચુ કહો છો ! મઝહબ તથા ખયાલના મતભેદના કારણે મોટાભાગે બરેલીની બુરાઈ થયા કરતી હતી, પરંતુ એ વાત જરૂર થતી કે (આ'લા હઝરત) ક઼લમના બાદશાહ છે, જે

મસ્અલા પર કલમ ઉઠાવી દીધી, પછી કોઈની મજાલ નથી કે એમના વિરૂદ્ધ કાંઈક લખી શકે ! આ જ અમે દેવબંદમાં સાંભળ્યું અને આ જ ગંગોહામાં પણ, જેથી અમારા લોકોના દિલોમાં શોખ અને ઉમંગ પેદા થયો કે ત્યાં જ જઈને ઈલ્મ હાંસલ કરીએ જેમના વિરોધીઓ ફઝ્લો કમાલની ગવાહી આપતા હોય ! *(હયાતે આ'લા હઝરત : ૧/૨૧૧, ૨૧૨ ક઼દીમ)*

મુહક્કિક઼ે એહલે સુન્નત મૌલાના મુહમ્મદ જલાલુદ્દીન ક઼ાદરી લખે છે : તા'લીમથી ફારિગ થઈને ઈમામ અહમદ રઝા قدس سرہએ તદરીસના ફરાઈઝ અંજામ આપ્યા. આપના મોટાભાગના શાગિર્દો આસ્માને ઈલ્મ વ ફઝ્લના ચમકતા તારલા બનીને ચમક્યા. ઈમામ અહમદ રઝાની જાત મરજઉલ ઉલમા (ઉલમાના કેન્દ્ર સ્થાને) હતી, દૂર દૂરથી તલ્બા ફાયદો હાંસલ કરવા હાજર થતા, ત્યાં સુધી કે સહારનપુર તથા દેવબંદના અમુક તલ્બા પણ હદીષ તથા ફિક઼્હના દર્સ માટે આવતા હતા.

ફાઝિલે મન્ઝરે ઈસ્લામ મૌલાના મુહમ્મદ ઈસા રઝવી વર્ણવે છે : મન્ઝરે ઈસ્લામની સ્થાપ્ના ઈમારત તથા મકાનના રૂપમાં ભલે ક઼ાયદેસર રીતે એક મુહર્રમુલ હરામ હિ.સ. ૧૩૨૨માં થઈ, પરંતુ એના પહેલાં પણ ઈમામ અહમદ રઝા બરેલ્વી قدس سرہના દૌલતક઼દામાં દર્સો તદરીસ અને તા'લીમનો બાક઼ાઈદા અમલ જારી હતો. દેશ વિદેશથી ઉલ્મા તથા તલ્બા એમની બારગાહે ઈલ્મ તથા દાનિશમાં ફયઝ હાંસલ કરવા તથા ઈલ્મો તથા ફનો (વિદ્યાઓ)ની પ્રાપ્તિ માટે આવતા અને એમનાથી શાગિર્દીનો શર્ફ હાંસલ કરવાનું ગૌરવ અનુભવતા હતા. આવી રીતે તદરીસ તથા તા'લીમનો આ સિલસિલો મંઝરે ઈસ્લામની સ્થાપ્નાથી પહેલાં જ ઈમામ અહમદ રઝાખાં رضی اللہ عنہએ ઉલૂમે અક઼લિયા અને નક઼લિયાથી ફારિગ થયા પછી શરૂ કર્યો. વરસો સુધી આ અંદાજમાં જ એમના કાશાનાએ ઈલ્મો દાનિશમાં આ ઈલ્મી સિલસિલો ચાલુ રહ્યો, જ્યારે કે મંઝરે ઈસ્લામની સ્થાપ્ના તથા અસ્તિત્વ હજી ખ્વાબો ખયાલમાં પણ ન હતું.

"દર્સે રઝા"નો આ સિલસિલો ફરાગત પછી હિ.સ. ૧૨૮૬ ઈ.સ.

૧૮૭૦થી હિ.સ. ૧૩૨૨ ઈ.સ. ૧૯૦૪ સુધી અત્યંત પધ્ધતિસર સારી રીતે જારી રહ્યો. લેખનકાર્ય તથા ફત્વાનું કામ વધી જવાથી આ સિલસિલો મંદ તથા ધીરો થયો પરંતું બંધ ન થયો. આપના એ દૌરના મોટાભાગના શાગિર્દો આસમાને ઈલ્મો ફઝ્લના ચમકતા ચાંદ અને રોશન સૂરજ બનીને ચમક્યા. ઉસ્તાદે ઝમન મૌલાના મુહમ્મદ હસન રઝાખાન બરેલ્વી, ઈલ્મે મીરાષના માહિર ઉસ્તાદ મૌલાના મુફતી મુહમ્મદ રઝાખાં બરેલ્વી, ઈદુલ ઈસ્લામ મૌલાના અબ્દુસ્સલામ જબલપુરી, મૌલાના સૈયદ અહમદ અશરફ કછૌછવી, મૌલાના મુહમ્મદ અબ્દુલ અહદ મુહદ્દિષ પીલીભીતી, મૌલાના સુલ્તાન અહમદખાં બરેલ્વી, મૌલાના સૈયદ અમીર અહમદ બરેલ્વી, મૌલાના હાફિઝ યક઼ીનુદ્દીન બરેલ્વી, મૌલાના હાફિઝ અબ્દુલ કરીમ, મૌલાના સૈયદ નૂર અહમદ ચાટગામી, મૌલાના મુનવ્વર હુસૈન બરેલ્વી, મૌલાના વાઅઝુદ્દીન બરેલ્વી, મૌલાના રહીમ બખ્શ બાથવી, મૌલાના સૂફી કલંદર અલી સુહરવર્દી વગેરે એ જ દૌરની યાદગાર છે જેમના ઈલ્મ તથા ફઝ્લના ડંકા દુન્યાએ સુન્નિયતમાં વાગી રહ્યા છે અને વાગતા રહેશે, ઈન્શાઅલ્લાહ !

ઉસ્તાઝુલ ઉલ્મા હઝરત મૌલાના સૈયદ અહમદ આલમ ક઼ાદરી રજહતીએ ઈ.સ. ૧૮૭૮માં જોનપુર આવીને મસ્નદે તદરીસની સેવા કરી, તો જોનપુરને શેહરિસ્તાને ઈલ્મો ફઝ્લ બનાવી દીધું. સમગ્ર અખંડ ભારતથી ઈલ્મના તરસ્યા ખેંચાઈ ખેંચાઈને ચાલ્યા આવતા અને ઈલ્મના મોતીઓથી પોતાના ખાલી દામનોને ભરતા. ઈલ્મના મોજા મારતા સમુદ્રથી પોતાની ક્ષમતા પ્રમાણે પોતાનો હિસ્સો લેતા અને ખુશી ખુશી પરત થઈ જતા. ઉસ્તાઝુલ ઓલમા ઈમામુલ હિકમતની બારગાહે ઈલ્મ દર્સમાં કસ્બે ફૈઝ અને હુસૂલે ઈલ્મ તથા ફનૂનમાં દિવસ અને રાત તલ્લીન તથા મસ્રૂફ હતા, પરંતું જ્યારે ઈમામુલ હિકમતની ઝુબાને હક્ક઼ તર્જુમાનથી દર્સના દરમ્યાન ઈમામ અહમદ રઝા رضی اللہ عنہનું ઝિક્રે ખૈર વારંવાર સાંભળ્યું તો ઝિયારતના માટે આતુર તથા બેચેન થઈ ગયા. પછી શું થયું તે મૌસૂફના ફરઝંદે અર્જમંદ મૌલાના સૈયદ બદરઆલમ

રઝવી નૂરી રજહતી (ઝારખંડ)ની ઝબાની સાંભળો : આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہનું ઝિક્ર મોહદ્દિષે જોનપુરી થકી પોતાના દર્સ દરમ્યાન વારંવાર સાંભળતા રહેતા હતા. આપનો શોખ વધ્યો અને ઉસ્તાઝે મુકર્રમથી બરેલી શરીફ જઈને ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી علیہ الرحمۃ و الرضوانની ખિદમતમાં જઈને અધિક તા'લીમ હાંસલ કરવાની પરવાનગી માંગી, તો મુહદ્દિષે જોનપુરીએ ખુશીથી પરવાનગી આપી દીધી. અને આ'લા હઝરતની ખિદમતે અક્દસમાં હિ.સ. ૧૩૨૧માં આપને સોંપી દેવામાં આવ્યા. અને આ'લા હઝરત ફાઝિલે બરેલ્વીથી ફર્માવ્યું, ''મારી જિંદગીનો અનમોલ હિરો આપની નઝર કરી રહ્યો છું !''

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની ઉલૂમો ફુનૂનમાં ફિક્હી સમૃધ્ધતા, દર્સી મહારત અને ઈફતામાં કમાલની પહોંચનો ઉલ્લેખ જ્યારે મલિકુલ ઓલમા મૌલાના સૈયદ ઝફરુદ્દીન બિહારી رضی اللہ عنہએ પોતાના પ્રેમાળ, ચહીતા તથા મહેરબાન ઉસ્તાદ, આ'લા હઝરતના સમકાલિન અને ખલીફા અલ્લામા વસી અહમદ મુહદ્દિષે સુરતીથી દર્સ દરમ્યાન વારંવાર સાંભળ્યો તો મુલાકાતની આતુરતા જાગી અને દીદારની ઈચ્છાઓ બરેલી શરીફ ખેંચી લાવી. હિ.સ. ૧૩૨૧માં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની ખિદમતમાં બરેલી પહોંચ્યા. મલિકુલ ઉલ્માએ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની તસ્નીફી મસરૂફિયાત અને કારે ઈફતાની કષરત જોઈ તો થોડા દિવસોના માટે મદ્રસા ''ઈશાઅતે ઉલૂમ'' બરેલીમાં ઝેરે તાલીમમાં રહ્યા. અને ''દારુલ ઈફતાએ એહલે સુન્નત વ જમાઅત''માં હાજર થઈને ઈફતાની મશ્ક્ કરતા રહ્યા. આપની સાથે આપના હમવતન હઝરત મૌલાના અબ્દુલ રશીદ અઝીમાબાદી علیہ الرحمۃ و الرضوان પણ હતા. થોડા દિવસો પછી આપ ક્ાયમી તૌર પર ફાઝિલે બરેલ્વીની ખિદમતમાં હાજર થઈને ફૈઝ પામવા લાગ્યા. પોતાની આ નિસ્બત પર ફખ્ર કરતાં લખે છે : ''અને પછી બધી જ નેઅમતો ઉપરાંત સોના કરતાં પીળુ એ કે આ'લા હઝરત ઈમામે એહલે સુન્નત મુજદ્દિદે મિઅતે હાઝરા મુઅય્યિદે મિલ્લતે

તાહિરા મૌલાના મોલ્વી હાફિઝો કારી શાહ અહમદ રઝાખાં સાહબ કાદરી બરકાતી બરેલ્વી رضی اللہ عنہએ બયઅત અને શાગિર્દી તથા ઈર્શાદ અને ખિલાફતના શર્ફથી મુશર્રફ ફર્માવ્યો.''

## ★ મન્ઝરે ઈસ્લામના પ્રથમ શયખુલ હદીષ ★

૧–મુહર્રમુલ હરામ હિ.સ. ૧૩૨૨, ઈ.સ. ૧૯ માંચ ૧૯૦૫ શનિવારે જનાબ તેહસીલદાર રહીમ યારખાં સાહબ રઈસે આ'ઝમ બરેલીના આલીશાન મકાન પર આવેલ મહોલ્લા ''ગુલાબ નગર''માં ''મદ્રસા અહલે સુન્નત વ જમાઅત''ની સ્થાપ્ના થઈ.

આ'લા હઝરતે એનું તારીખી નામ ''મન્ઝરે ઈસ્લામ'' રાખ્યું. ઉસ્તાદે ઝમન મૌલાના મુહમ્મદ હસન રઝાખાન હસન કાદરી વ્યવસ્થાપક મદ્રસએ અહલે સુન્નત ''મંઝરે ઈસ્લામ'' બરેલી, મદ્રસાની ખુસૂસિયાત બયાન કરતાં વર્ણવે છે :–

''સૌથી વધીને ખુશનસીબી આ મદ્રસાની એ છે કે મુજદ્દિદે હાઝર, આલિમે એહલે સુન્નત હઝરત મૌલાના મૌલ્વી હાજી મુહમ્મદ અહમદ રઝાખાન કાદરી બરકાતી مدظلہ العالیને ફુરસદ ન હોવા છતાં એની સાથે દર્સે હદીષ શરીફની પણ આપે જિમ્મેદારી લીધી છે.'' *(રૂદાદે મંઝરે ઈસ્લામ, હિ.સ. ૧૩૨૨, પેજ : ૪, ૫)*

ડોકટર મુહમ્મદ ઈર્શાદ અહમદ સાહિલ સહસરામી અલીગ લખે છે :–

''.....હઝરત મલિકુલ ઉલમાએ ઈમામ અહમદ રઝા قدس سرہથી બુખારી શરીફ, ઉકલીદસના છ મકાલા, તશરીહુલ અફલાક, તસરીહ, શરહે ચગમીનીનો દર્સ લીધો અને ફતાવા નવેસીના આદાબ શિખ્યા, અને એ જ પ્રમાણે ઈલ્મે હયઅત, તૌકીત, જફર, તફસીર અને મેથ્સ જેવા દુર્લભ ફનોમાં કમાલ હાંસલ કર્યો. આ'લા હઝરત قدس سرہથી સુલૂકની જાહેરી અને બાતિની મંઝિલો પણ પાર કરી. તસવ્વુફની મશ્હૂર કિતાબ ''રિસાલા કુશૈરિયહ્'' અને ''અવારિફુલ મઆરિફ''ને સબકન

સબક઼ન દર્સ લીધો, ઝિક્ર બિઝ્ઝહર, પાસે અન્ફાસના બાતિની આદાબ શિખ્યા. છેવટે આપની બાતિની સફાઈથી પ્રભાવિત થઈને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہએ ફરાગતના વર્ષના અંતમાં આપને સિલસિલએ આલિયા, ક઼ાદરિયા, બરકાતિયા, રઝવિય્યહ્‌ની ઈજાઝત તથા ખિલાફત અતા ફર્માવી.'' *(ફતાવા મલિકુલ ઉલમા, પેજ : ૧૧, ૧૨)*

## ★ આ'લા હઝરત رحمۃ اللہ علیہનો દર્સે બુખારી ★

મલિકુલ ઉલમાના શાગિર્દ તથા ખાસ મુરીદ મુફ્તી સૈયદ અઝીઝ હુસૈન રઝવી ઝફરી ભાગલપૂરી, હઝરત મલિકુલ ઉલમાની આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી قدس سرہ થકી ઝોહર બાદ લગભગ અઢી વર્ષ સુધી સતત બુખારી શરીફનો દર્સ લેવાની વાત કરતાં ફર્માવે છે કે :–

''હઝરત મૌલાના (મલિકુલ ઉલમા) ફર્માવ્યા કરતા કે, આમ તો મારા બધા જ ઉસ્તાદ મારા હદથી વધારે ચહીતા અને મારા પર મહેરબાન હતા. અને દરેક પોતાના અંદાઝે તા'લીમમાં એકથી એક ચઢીયાતા હતા, પરંતુ, આ'લા હઝરતનો પઢાવવાનો તરીક઼ો એ બધાથી અલગ હતો, મેં બુખારી શરીફની એક હદીષ પઢી. પહેલાં આપ સનદના વિશે ચર્ચા કરતા પણ થોડી, એના પછી એક મુસલસલ (સતત) તક઼રીર ફર્માવતા જેમાં પહેલાં નફસે હદીષના વિશે બયાન કરતા, એના પછી ઈર્શાદ થતો કે આ હદીષથી આ મસાઈલ સાબિત થાય છે. અને શબ્દે શબ્દથી જે મસ્અલા નીકળતા એને બયાન ફર્માવતા. જો હદીષો એવી આવે કે જેનાથી એહલે સુન્નતના વિરોધી હઝરાત એહલે હદીષ પોતાના મઝહબ માટે દલીલ બનાવતા. એમની તક઼રીર અને સાબિતનો તરીક઼ો ખૂબ જ ખુલાસાની સાથે પક્ષપાત વગરના તરીક઼ાથી જાહેર કરતા જેનાથી સાંભળવાવાળા સમજતા કે તેમની સાબિતી ખૂબ જ યોગ્ય અને સ્પષ્ટ છે. ત્યાર બાદ તેમનો રદ અત્યંત ખુલાસાની સાથે વિગતવાર ઈર્શાદ ફર્માવતા. ત્યારે બિલકુલ સાફ ખબર પડી જતી કે તે હદીષથી આ મસ્અલા પર દલીલ આપવી કોઈપણ રીતે સહીહ નથી.

આ'લા હઝરત قدس سرہ ની તક્રીર તથા દર્સમાં ઈમામ માલિક رضی اللہ عنہ ના આ કલામ "સદાકૃતુ ત્તયામ"ના જલ્વા આંખોની સામે આવી જતા જે તેમણે ઈમામે આ'ઝમ قدس سرہ ના હક્કમાં ફર્માવ્યું હતું. તે એ કક્ષાના છે કે જો આ થાંભલાને સોનાનો સાબિત કરવા ચાહે તો દલીલોથી સાબિત કરી આપે."......"જો કે સબક્રોમાં અન્ય લોકોની હાજરી પણ રહેતી હતી. ખાસ કરીને સહીહ બુખારી શરીફના દર્સમાં તો હાજર રહેવાવાળાઓની સંખ્યા ઓગણીસ, વીસ સુધી પહોંચી ગઈ હતી. પરંતુ, કિતાબ શરૂ કરવાવાળા અને પઢવાવાળા માત્ર મલિકુલ ઓલમા જ રહેતા અને લોકો માત્ર સાંભળતા હતા." *(જહાને મલિકુલ ઓલમા, પેજ : ૧૨૨)*

દર્સે હદીષનો આ સિલસિલો હિ.સ. ૧૩૨૭ સુધી મન્ઝરે ઈસ્લામમાં બાક્રાઈદા જારી રહ્યો. શેહઝાદએ અસગર મુફતીએ આ'ઝમ મૌલાના મુહમ્મદ મુસ્તફા રઝાખાં ક્રાદરી رحمۃ اللہ علیہ અને ઉસ્તાઝુલ ઉલમા મૌલાના સૈયદ ખલીલ અહમદ કાઝમી અમરોહવી قدس سرہ ને બાઝાબ્તા બુખારી શરીફ પઢાવી. મા'કૂલાત અને મન્કૂલાતની છેલ્લી કિતાબોની પૂર્ણાહુતિ કરાવીને ઈલ્મ અને અમલના ઘરેણાથી સુશોભિત કરી ફરાગતની સનદ અતા ફર્માવતા.

આ પછી "દર્સે રઝા"નો આ સિલસિલો મખ્સૂસ તલબાના માટે અને મખ્સૂસ ઈલ્મો ફનની તા'લીમ તથા તર્બિયતની હદ સુધી ધીરે ધીરે હિ.સ. ૧૩૪૦ સુધી જારી રહ્યો. જેમ કે હિ.સ. ૧૩૩૦–૩૧માં આખરી દર્સે હદીષ સદરુશ્શરીઅહ્ મૌલાના હકીમ મુહમ્મદ અમજદ અલી રઝવી આ'ઝમી અને એમના હમ દર્સ સાથીઓને ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ આપ્યો.

જેમ કે મોલ્વી અબૂ અલી મુહમ્મદ નક્રી અહમદ સાહબ માલાબારી ક્રાદરી નક્શબંદી ઈમામ મસ્જિદે કલ્યરા લખે છે : હું ધોરાજી હાજી અબ્દુલગફૂર સાહબના ત્યારે મુક્રીમ હતો એવામાં ઉસ્તાઝી સદરુશ્શરીઅહ મૌલાના અમજદ અલી સાહબ ત્યાં તશ્રીફ લાવ્યા અને આ'લા હઝરતના હાલાત સંદર્ભમાં બયાન ફર્માવ્યું :–

''અમે આ'લા હઝરત رحمۃ اللہ علیہથી દર્સે હદીષ લઈ રહ્યા હતા એવામાં નિયમની વિરુદ્ધ હઝરત ત્યાંથી ઉઠયા અને પંદર મિનિટ પછી પરેશાનીની હાલતમાં પાછા તશરીફ લાવ્યા. બંને હાથ આપની બાંયો સાથે ભીના થઈ ગયા હતા. તો મને (સદરુશ્શરીઅહ્ને) પોકાર્યો, હું મસ્જિદની બહાર આવ્યો તો હુકમ ફર્માવ્યો કે બીજો સૂકાઈ ગયેલો કુર્તો લઈ આવો. મેં તેમને લાવી આપ્યો. હુઝૂરે પહર્યો અને અમને દર્સે હદીષ આપવા લાગ્યા.'' *(હયાતે આ'લા હઝરત, ભાગ–૩, પેજ : ૨૫૪, ૨૫૫)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ઈશ્કો મહબ્બતે રસૂલ صلی اللہ علیہ وسلمના આદાબનો ખયાલ કરતાં દર્સે હદીષ ઊભા થઈને આપતા હતા. અને દર્સે હદીષના માટે ઉચ્ચ દરજ્જાની વ્યવસ્થા કરતા હતા. *(જાઅલ હક્ક઼ : ૧)*

આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી قدس سرہના દર્સે હદીષની શું કૈફિયત હતી ? ઝુબ્દુસ્સાદાત અલ્લામા પીર સૈયદ મહેરઅલી શાહ ગોલળવીના હવાલાથી મુફતી ગુલામ સરવર લાહોરી વર્ણવે છે : જામેઅ મસ્જિદ હારૂનાબાદના ઈમામ અને ગલામંદી હારૂનાબાદની મસ્જિદના ખતીબ મૌલાના મોલ્વી અહમદુદ્દીન સાહબ ફાઝિલે મદ્રસા અન્વારુલ ઉલૂમએ મને કહ્યું કે મેં હઝરત અલ્લામા ફહ્હામા મુહક્કિ઼કે઼ એહલે સુન્નત મૌલાના મૌલ્વી નૂર અહમદ સાહબ ફરીદી رحمۃ اللہ علیہને કેટલીવાર આ પ્રમાણે કહેતાં સાંભળ્યા :–

''આરિફ બિલ્લાહ ઈમામે અહલે સુન્નત હઝરત મૌલાના મોલ્વી સૈયદ પીર મહેરઅલી શાહ સાહબ કિ઼બ્લા ગોલળવી رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવતા હતા કે આપ આ'લા હઝરતની ઝિયારતના માટે બરેલી શરીફ હાજર થયા તો આ'લા હઝરત હદીષ પઢાવી રહ્યા હતા. કહેતા હતા : મને એવું મહેસૂસ થતું હતું કે **આ'લા હઝરત બરેલ્વી હુઝૂર પૂરનૂર صلی اللہ علیہ وسلمને જોઈ જોઈને ઝિયારતે શરીફના અન્વારની રોશનીમાં હદીષ પઢાવતા હતા.''** (સુબ્હાનલ્લાહ !) *(અશ્શાહ અહમદ રઝા, પેજ : ૧૦૩)*

ડો. સર ઝિયાઉદ્દીન (વાઈસ ચાન્સેલર મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢ) ઈલ્મે રિયાઝી (ગણિત્ર શાસ્ત્ર)નો એક સવાલ લઈને બરેલી શરીફ હાજર થયા અને ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ સંતોષપૂર્વક

જવાબ આપી એમને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા. એ કોને ખબર નથી ?! સૈયદ ઐયૂબ અલી સાહબે લખ્યું છે કે ડો. સાહબે જ્યારે મસ્અલા વિશે મૌલાના બરેલ્વીથી પૂછયું, તો તરત જ ઉકેલ આપી દીધો. એના પછી ડો. સાહબે ઈલ્મે રિયાઝી પર એક અરબી કિતાબનો ઉલ્લેખ કર્યો જે મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢની લાઈબ્રેરીમાં મૌજૂદ હતી. ડો. સાહબે કહ્યું કે તે એક આલિમ સાથે કિતાબ મોકલશે, મૌલાના બરેલ્વી એ આલિમને પઢાવે તે ખૂદ પઢીને અંગ્રેજીમાં અનુવાદ કરી લેશે. જેથી તે આલિમ કિતાબ લઈને આવ્યા અને મૌલાના બરેલ્વી એ એમને પઢાવી. *(હયાતે આ'લા હઝરત : ભાગ : ૩, પેજ : ૨૫૪, ૨૫૫)*

આપનો દર્સ આપવાનો તરીક઼ો અને તા'લીમની રીતની ખ્યાતિ એટલી થઈ કે અખંડ ભારત, અને ત્યાં સુધી કે હિજાઝ, અરબથી પણ ઈલ્મો ઈરફાનના ચાહવાવાળા ચાલ્યા આવતા અને પોતાની ઈલ્મી પ્યાસ બુઝાવીને પરત થઈ જતા હતા. જેમ કે મૌલાના સૈયદ હુસૈન સાહબ મદનીના સંબંધે ઈમામ અહમદ રઝા ફર્માવે છે :–

".....મૌલાના સૈયદ હુસૈન સાહબ મદની સાહબઝાદા હઝરત મૌલાના સૈયદ અબ્દુલક઼ાદિર શામી મદની قدس سرہ તશરીફ લાવ્યા અને ચૌદ મહિના ફક઼ીરખાના પર રહ્યા અને ઈલ્મે અવફાક઼ તથા તફસીર શિખ્યા. એમના જ માટે મેં મારો રિસાલા *"અતાઈબુલ ઈકસીર ફી ઈલ્મિત્તફસીર"* અરબી ભાષામાં લખ્યો. મતલબ હું ઈબારત બોલતો જતો અને તેઓ લખતા જતા અને આ લખવાની સાથે સમજતા જતા. ઈલ્મે જફરમાં એટલી નિપૂણતા થઈ કે પાંચ સવાલોમાં બેનો જવાબ સાચો કાઢી લેતા. એમનાથી મેં આ ઈલ્મથી તા'લીમની ઈજાઝતનો સવાલ પહેલાં કરી દીધો હતો અને જવાબ મળ્યો કે જરૂર બતાવો કે પોતે તેના માટે જ આટલા દૂરથી સફર કરીને આવ્યા છે. જો થોડા મહીના વધારે રહેતા તો ઉમ્મીદ હતી કે બધા જવાબ સાચા પડતા. મેં જે જદાવીલે કષીરા (નક઼શાની રેખાઓ) આ ફન (વિષય)ની અધિક સ્પષ્ટતા માટે સ્વહસ્તે નિર્માણ (સ્વરચિત) કરી હતી તે વિદાય વેળા તેમને ભેટ ધરી આપી કે મેં પોતે આ ફન (કળા)ના ત્યાગનો ઈરાદો કરી લીધો હતો જેના કારણે સવાલોની અધિક્તા થઈ જતાં લોકોને પરેશાન થવું પડતું હતું."

બુખારા (રશિયા)થી મોલ્વી અબ્દુલ ગફ્ફાર બુખારી ઈલ્મે જફર શીખવા માટે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયા, અને આઠ મહિના સુધી આ ઈલ્મને હાંસલ કર્યું. ઈમામ અહમદ રઝાનો લખેલ આ રિસાલો (પુસ્તિકા) આ વિષય પર મૌજૂદ છે : *''સફરુસ્સફર અનિલ્ જફરે બિજ્જફર.''*

મૌલાના મહમૂદ અહમદ રિફાકતી મુસન્નિફ *''તઝકિરા ઉલ્માએ એહલે સુન્નત''*ના લેખક મન્ઝરે ઈસ્લામના રોકાણ પછી આ'લા હઝરત رحمۃ اللہ علیہના હસ્તક પઢેલ કિતાબોનો ઉલ્લેખ કરતાં ફર્માવે છે :–

''કયામે મન્ઝરે ઈસ્લામ પછી આપના દર્સ હેઠળ જે કિતાબો રહી તે આ હતી : હદીષમાં બુખારી શરીફ, તસવ્વુફમાં અવારિફુલ મઆરિફ, રિસાલા કુશૈરિયા, ઉલૂમે અકલીમાં અકલીદસના છ મકાલા, તસરીહ, તશ્રીહુલ અફલાક અને શરહે ચગમીની. તસવ્વુફ તથા સુલૂકની બંને મઆરિકતુલ આરા (ઉમદા) કિતાબોના દર્સના સમયે તલ્બા તો હતા જ પણ ઉલમાની જમાઅત પણ સામેલ થયા કરતા હતી. એક સીરત નિગરાંએ લખ્યું કે આપથી હિ.સ. ૧૨૮૬થી હિ.સ. ૧૩૪૦ પૂરા ૫૪ વર્ષના સમય સુધી સેંકડો નહીં હજારો તલ્બાએ લાભ અને ફૈઝ પ્રાપ્ત કર્યો.'' *(હયાતે આ'લા હઝરત, ભાગ : ૧, પેજ : ૧૨, ૧૩)*

૨૫ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૩૪૦માં આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત قدس سرہનો વિસાલ થયો. આ વર્ષે ૨૩, ૨૪ શાબાન હિ.સ. ૧૩૪૦, ઈ.સ. ૨૧, ૨૩ એપ્રિલ ૧૯૨૧ અને એ મદ્રસા એહલે સુન્નત મંઝરે ઈસ્લામનો વાર્ષિક જલ્સો રાખવામાં આવ્યો.

જલ્સાના આયોજન પહેલાં એક દા'વતી અને પ્રચાર માટે રિપોર્ટ ''દબદબાએ સિકંદરી'' રામપૂર સાપ્તાહિકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો જેમાં લખવામાં આવ્યું કે અત્યાર સુધીમાં ૨૦૦–૩૦૦ તલ્બા દસ્તાર તથા સનદે ફઝીલત લઈને ફારિગુત્તહસીલ ઉલમામાં સામેલ થઈ ચૂક્યા છે. *(દબદબાએ સિકંદરી : રામપૂર, પેજ : ૨, એપ્રિલ, ૧૯૨૧)*

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મુંબઈ, માર્ચ–૨૦૧૪, અઝ : મૌલાના સૈયદ શાહિદ અલી રઝવી નૂરી, અનુવાદક : ઝયનબ યાકૂબ ઓમનજી–પાલેજ, બરકાતે ખ્વાજા–માસિક, મે થી જુન–૨૦૧૪)*

# ઈમામ અહમદ રઝા અને સમકાલિન ઉલમાએ અરબ

વર્તમાન કાળની સઊદી નજદી વહાબીઓની હુકૂમત ઈ.સ. ૧૯૨૪–૨૫ના ગાળામાં અંગ્રેજોના જોરે સુન્ની તુર્કી "ઉષ્માની હુકૂમત"ની સામે બગાવત કરીને સત્તા પર આવેલી છે જેની નબી પાક ﷺ તથા સહાબાએ કિરામની ગુસ્તાખીઓની દાસ્તાન મશહૂર છે. સહાબાએ કિરામ તથા અવલિયાએ કિરામના અક઼ીદાઓથી તદન વિપરિત તેમના અક઼ીદાઓ છે. એમના અગાઉ હરમૈન શરીફૈન (મક્કા મદીના) તેમજ અરબસ્તાન પર લગભગ ૬૦૦ વરસ સુધી સુન્ની તુર્કી ઉષ્માની હુકૂમતની સત્તા હતી. જેમને જંગના મેદાનમાં હરાવવામાં ઈસાઈ યહૂદી સેંકડો વરસો સુધી લાચાર રહ્યા. જેથી તેમણે પેંતરો બદલીને મુસલમાનોમાં ઈબ્ને સઊદ તથા મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદી જેવા બાગીઓ પેદા કર્યા જેમને સત્તાની લાલચો આપી અને તેમણે નબી વલીની શાનમાં ગુસ્તાખી કરતા અક઼ીદાઓનો પ્રચાર કરીને મુસલમાનોમાં ફાટફૂટ પડાવી અને અંગ્રેજોના સહારે બગાવત કરીને ઉષ્માની હુકૂમતનો ખાત્મો બોલાવી દીધો અને હરમૈન શરીફૈન પર કબજો જમાવ્યો.

આ નબી વલીની બેઅદબ ગુસ્તાખ સઊદી નજદી હુકૂમત પહેલાં એહલે સુન્નત વ જમાઅતની હરમૈન શરીફૈનમાં બલ્કે પૂરા અરબ દ્વિપમાં બોલબાલા હતી. એ સમયમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ બે વાર હરમૈન શરીફૈનની ઝિયારત કરી. પ્રથમ હજ કરી ત્યારે અરબના ઉલમાએ આપની શું ઈજ્જત કરી તેને ઈમાની નજરે જોઈ લો.

**★ પ્રથમ હજ વખતે ઉલમાએ અરબે શું ઈજ્જત આપી ?! ★**

ઈમામે એહલે સુન્નત ફાઝિલે બરેલ્વી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ

પોતાના વાલિદે માજિદ મૌલાના નક઼ી અલી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની સાથે ૨૩ સાલની વયે હિ. ૧૨૯૫ ઈ.સ. ૧૮૭૮માં હજ તથા ઝિયારતે હરમૈન શરીફૈનથી મુશર્રફ થયા. પોતાના ખુદાદાદ ઈલ્મો ફઝ્લ, તેજસ્વી બુધ્ધિમતા અને ઈમાની રૂહે હરારતના લીધે ખૂબ જ જલ્દી ઉલમાએ હિજાઝમાં પ્રશંસાને પાત્ર અને મક઼બૂલ તથા મહબૂબ બની ગયા.

## ★ આ'લા હઝરતની પેશાનીમાં ખુદાનું નૂર ! ★

જેની ઉઘાડી સાબિતી તે સમયના મહાન ફાઝિલ, ઈમામે શાફઈય્યહ શયખ હુસૈન ઈબ્ને સ્વાલેહ (હિ. ૧૩૦૨)ની સાથે ઉપસ્થિત થનારા ઈમાન અફરોઝ પ્રસંગથી મળે છે જેમની સાથે તેનાથી અગાઉ કોઈ પ્રકારની ઓળખ કે સંબંધ ન હતો. હરમ શરીફમાં મગરિબની નમાઝથી ફારિગ થયા બાદ એક દિવસે શયખ હુસૈન ઈબ્ને સ્વાલેહે તે આરિફ બિલ્લાહનો (આ'લા હઝરતનો) હાથ પકડયો અને તેમને પોતાની સાથે લઈને પોતાના ઘરે લઈ ગયા. આપની ચમકી રહેલી પેશાની પર નજરો ચોંટાડી દીધી અને મોડે સુધી ઈશ્ક઼ તથા સરમસ્તીના આલમમાં નસીબવંત તથા રૂત્બાવાળી પેશાનીના ચમત્કાર તથા સ્પષ્ટ લકીરોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરતા રહ્યા. પછી અક઼ીદતના જોશમાં પોકાર્યું, **ઈન્ની લઅજિદુ નૂરલ્લાહિ ફી હાઝલ જબીન !** હું આ પેશાનીમાં ખુદાનું નૂર જોઈ રહ્યો છું. *(તઝકિરએ ઉલમાએ હિંદ, પેજ–૯૯, અઝ–મોલ્વી રહમાનઅલી)*

અને પછી પોતાના ફૈઝાને કરમથી નવાજતાં સિહાહ સિત્તહ (હદીષની કિતાબો)ની સનદ અને પોતાના સિલસિલાની ઈજાઝત અતા ફર્માવી અને શફકત તથા મહબ્બતથી આપનું નામ ઝિયાઉદ્દીન અહમદ રાખ્યું.

## ★ અરબમાં આ'લા હઝરતની ચાહનાની એક ઝલક ! ★

શયખ મૌસૂફના ઉપરાંત મુફતીએ શાફઈય્યહ સૈયદ અહમદ ઝયની દહલાન (વફાત હિ.સ. ૧૨૯૯) તથા મુફતીએ હન્ફિયહ શયખ

અબ્દુર્રહમાન સિરાજ (વફાત હિ.સ.૧૩૦૧) તથા ઘણાયે મહાન બુઝુર્ગો તથા ઉલમાએ હદીષ, તફસીર, ફિક્હ, ઉસૂલે ફિક્હ વગેરેની સનદોથી આપને નવાજ્યા.

ફાઝિલે બરેલ્વીએ શયખ જમલુલ લય્લના આગ્રહથી ફિક્હે શાફઈમાં મનાસિકે હજના વિશે શયખ હુસૈન ઈબ્ને સ્વાલેહના એક મજબૂત રિસાલાની અતિ જામેઓ માનેઅ (પરિપૂર્ણ) શરહ કેવળ બે જ દિવસની ટૂંકી મુદ્દતમાં લખી અને તેનું નામ **અન્નય્યરતુલ વજીહ ફી શરહિલ જોહરતિલ મઝીઅહ** (હિ.સ. ૧૨૯૫) રાખ્યું અને તે શરહને હિજાઝના ઉલમાએ ખૂબ જ મક્બૂલિયતની નજરે જોઈ અને આપને દાદ તથા આફરીનથી નવાજ્યા. તે શરહમાં પ્રથમ મતલબ, પછી હન્ફી તથા શાફઈ મઝહબોનો મતભેદ, અને હન્ફી મઝહબમાં રાજેહ (ચઢિયાતા) ક્હૌલને ઈખ્તેયાર કર્યો અને ઉતરતા (મરજૂહ) ક્હૌલને છોડયો અને તેને દલીલોથી સજાવ્યો. પછી બાદમાં તે જ રિસાલામાં મઝેદાર ફાયદાકારક વાતો તથા મસાઈલનો ખુલાસો તથા તખરીજે અહાદીષ (એટલે હદીષો ક્યાંથી લેવામાં આવી) વગેરેની સાથે ટીપ્પણી (હાશિયો) લખી જે એક મુસ્તક્લિ રિસાલો બનીને **અત્તરતુર્રઝીયહ ફી નય્યિરતિલ વઝીહ** નામથી પ્રખ્યાત થયો.

તે જ સફરમાં ઉલમાએ નદવાની વિરૂધ્ધ ઉલમાએ મિલ્લતે ઈસ્લામિયહ હિંદના સુવિખ્યાત ઉલમાથી પ્રાપ્ત થયેલ ફતવાઓનો સમૂહ **અલજામુસ્સિન્નહ લિઅહલિલ ફિત્નહ**ની સાથે ઉપસ્થિત થનારા ૨૮ સવાલો અને તેના પર પોતાની તરફથી દલીલો સભર જવાબો પર અવલંબિત એક ફત્વો જ્યારે હિજાઝે કિરામના ઝરીયે શયખ ઈસ્માઈલ મક્કી ઈબ્ને શયખ સૈયદ ખલીલ મુહાફિજે કુતુબખાના હરમ શરીફ તથા શાર્ગિદ શયખુદ્દલાઈલ હઝરત શયખ સૈયદ અબ્દુલહક્ મુહાજિરે મક્કી સાહબ અલએ કલીલ અલા મદારિકિત્તન્ઝીલ તથા અન્ય ઉલમાએ મક્કાની ખિદમતમાં રજૂ થયો તો તમામ ઉલમાએ પોતાની તસ્દીક્હાત (સમર્થન) તથા તક્રીઝાત (પ્રશંસા) વડે તે ફત્વાનું સ્વાગત કર્યું અને તે

હાંસલ થયેલ સમર્થનોનો સમૂહ **ફતાવલ હરમૈન બિરજફિ નદવતુલમૈન** (હિ.સ. ૧૩૧૭)ના નામથી પ્રકાશિત થયો. (ફતાવાએ હરમૈનને જનાબ હુસૈન હિલ્મી સાહબે મકતબએ ઈશીક ઈસ્તંબુલ તુર્કીથી હમણા હાલમાં જ ખૂબ જ ખૂબસૂરત અંદાઝમાં પ્રકાશિત કર્યો છે. –*અખ્તર*) જેણે એક ખૂબ જ મોટા ફિત્નાની જડ ઉખેડવામાં નોંધપાત્ર અને મહત્વનું પાત્ર ભજવ્યું છે અને ઉભરાતા પ્રવાહની સામે સિકંદરી દીવાલ બનીને અડીખમ બની ગયેલ છે.

## ★ હજની બીજી સફર અને આ'લા હઝરતની અરબમાં બોલબાલાની ઝલક ! ★

આ સફર અચાનક અને અણધારી રીતે થઈ હતી. હિ.સ. ૧૩૨૩માં હજના માટે પોતાના નાનાભાઈ મૌલાના મુહમ્મદ રઝા અને મોટા સાહબઝાદા હુજ્જતુલ ઈસ્લામ મૌલાના હામિદ રઝાને જ્યારે બરેલીથી લખનૌ સુધી પહોંચાડીને પાછા આવ્યા તો એક અજબની બેકરારી અને બેચૈનીની કૈફિયત પેદા થઈ અને ઝિયારતે હરમૈન તૈયબેનનો શોખ મચલવા લાગ્યો. કેમ કે આ વખતે ખુદા તઆલા આપનાથી મહત્વની ખિદમતો લેવા ચાહતો હતો એટલા માટે તેણે આપના દિલને દરેક બાજુએ વાળીને તે જ વર્ષે હજની સફર કરવા માટે મજબૂર કરી દીધા, આપે સફરની તૈયારી કરી અને તરત જ રવાના થયા. સંજોગોવસાત મુંબઈમાં જ મૌલાના મુહમ્મદ રઝા અને હઝરત હુજ્જતુલ ઈસ્લામથી મુલાકાત થઈ ગઈ. ત્યાંથી હિજાઝે મુક઼દ્દસ પહોંચ્યા અને હજનો ફરીઝો અદા કર્યો. હુસ્સામુલ હરમૈન (ઈ.સ. ૧૯૦૬ હિ. સ. ૧૩૨૪), અદ્દવલતુલ મક્કિયહ (હિ.સ. ૧૩૨૩ ઈ.સ. ૧૯૦૬), કિફલુલ ફકીહ... (હિ. ૧૩૨૩) વગેરે કિતાબો તે જ સફરનું સૌથી મોટું કારનામુ છે. તે સફરમાં આપની જે ક઼બૂલિયત થઈ તે ખુદાનું એક ખાસ ઈનામ હતું. સુવિખ્યાત ઉલમાએ ઈસ્લામ આપની ઈજાઝત તલબ કરવા માટે આતુર જણાતા હતા. શયખ અબ્દુલ હય મક્કી (વ.હિ. ૧૩૨૩) અને શયખ હુસૈન જમીલ ઈબ્ને અબ્દુર્રહીમને સૌ પ્રથમ ઈજાઝત

આપવામાં આવી. તે બંનેવ હઝરાતના પછી શેખ સ્વાલેહ કમાલ (વ.હિ. ૧૩૨૫), સૈયદ ઈસ્માઈલ ખલીલ (વ.હિ. ૧૩૩૦) સૈયદ મુસ્તફા ખલીલ (વ.હિ. ૧૩૩૯), શયખ અહમદ હઝારવી, શયખ અબ્દુલક઼ાદિર કુર્દી (વ.હિ. ૧૩૨૪), શયખ ફરીદ (વ. ૧૩૩૫), સૈયદ મુહમ્મદ ઉમર વગેરેને ઈજાઝતથી મુશર્રફ ફર્માવ્યા અને જે લોકો હરમૈન તૈયબેનના રોકાણ દરમ્યાન ઈજાઝત હાંસલ ન કરી શક્યા તેઓને ઘરે આવ્યા બાદ ઈજાઝત રવાના કરવામાં આવી. પછી મદીના તૈયબહ જ્યારે તશરીફ લઈ ગયા તો ત્યાં પણ ઉલમાની એક વિપુલ સંખ્યાએ ઈજાઝત હાંસલ કરી. કેટલાક લોકોને ઝબાની ઈજાઝત અને કેટલાકને વતન પાછા ગયા બાદ મોકલવાનો વાયદો કર્યો. દા.ત. શયખ ઉમર ઈબ્ને હમદાનુલ મુહર્રસી, સૈયદ મામુનુલ્બર્રી, શયખુદ્દલાઈલ મુહમ્મદ સઈદ વગેરે.

## ★ આ ખુદાનો ફઝ્લ છે તે જેને ચાહે અતા કરે ! ★

મદીના તૈયબહમાં આપની જે તા'ઝીમ તથા તકરીમ થઈ અને દયારે હબીબમાં જે ઈનામ તથા ઈકરામથી આપને નવાજવામાં આવ્યા તેનો આંખે દેખ્યો અહેવાલ આ પત્રમાં વાંચો. શયખ અબ્દુલકરીમ મુહાજિરે મદની શાર્ગિદે શયખુદ્દલાઈલ શયખ મુહમ્મદ અબ્દુલહક઼ મુહાજિરે મક્કી (વ.હિ. ૧૩૨૩) પોતાના પ્રત્યાઘાત વર્ણવતાં લખે છે, (અરબીનો અનુવાદ) :–

મદીના તૈયબહમાં કેટલાક વરસોથી મારો કયામ છે. હિંદુસ્તાનમાંથી હજારો ઈલ્મવાળા સાહેબો આવે છે તેમાં ઉલમા, સુલહા, અતકિય્યા સૌ હોય છે. તેઓ શહેરની ગલીકુચીઓમાં આવતા જતા રહે છે પણ કોઈની તરફ ધ્યાન નથી દેતો. પરંતુ મોટા મોટા ઉલમા આપની (ફાઝિલે બરેલ્વીની) પાસે ટોળે ટોળે આવતા અને આપની તાઝીમ તથા તકરીમમાં લાગેલા રહેતા. આ ખુદાનો ખાસ ફઝલ છે, તે જેને ચાહે ફર્માવે છે. *(અલઈજાઝતુલ મતીનહ, પેજ–૧૭, અઝ મૌલાના હામિદ રઝાખાં)*

વતને અઝીઝ પાછા ફર્યા બાદ ઈજાઝત મોકલવામાં થોડીવાર લાગી

તો યાદ દેવડાવવા માટે પત્રો આવવા લાગ્યા. જેમાં તેમની તીવ્ર આરઝૂની ઝલક જોવા મળે છે. સૈયદ ઈસ્માઈલ ખલીલ (વ. ૧૩૩૮ હિ.) યાદ અપાવતાં લખે છે, (અર્થ) : આપે હકીર અને તેના ભાઈને પોતાની રિવાયતોની સાથે ઈજાઝત મોકલવાનો વાયદો કર્યો હતો પરંતુ હજી સુધી ઈજાઝત ન મળી શકી. જે આપની ખૂબ જ કરીબ હતો સૌથી દૂર થઈ ગયો કે અમને ભૂલાવી જ દેવામાં આવ્યા ?!

હરમૈન શરીફૈનમાં ફાઝિલે બરેલ્વીની આ મક઼બૂલિયત કેવળ ઈસ્લામ તથા ઈમાન પર કામિલ યક઼ીન અને ઈશ્કે રિસાલતનો કરિશ્મો છે, નહીં તો તે પાક સરઝમીન જ્યાં દુનિયાના દૂર દૂરના ફાઝિલો તથા આલિમોની દર વર્ષે ભીડ એકત્ર થાય છે, જ્યાં પશ્ચિમથી પૂર્વ સુધીના દિલો દિમાગ અને આરિફીન તથા અવલિયાએ કામિલીનનાં કારવાંઓ પહોંચતાં હોય ત્યાં એક અજાણ હિંદી વ્યક્તિને કોણ પૂછે ? અને લોકોની નજરો કેમ ઉઠે ? હિજાઝના રોકાણ દરમ્યાન આપની કેટલીયે અજોડ વિખ્યાત કૃતિઓ જાહેરમાં આવી અને એક આલમ તેમનો આશિક઼ બની ગયો. તેમાંની એક કિતાબ વિશે વાંચો અને ઈમાન તાજુ કરો.

## ★ "અદ્દવલતુલ્ મક્કિયહ્"માં ઈલ્મે ગયબની સાબિતી ★

શયખ અલ્લામહ મુજદ્દિદ શયખુલ અસાતિઝા અલલ ઈત્લાક઼ મોલ્વી અશ્શયખ અહમદ રઝાખાં હિ. ૧૩૨૩માં જ્યારે હજ્જે બયતુલ્લાહ શરીફના માટે તશરીફ લાવ્યા તો કેટલાક ફાસિક઼ોની મદદથી કેટલાક બદ્નસીબોએ (વહાબી દેવબંદીઓએ) તે વખતના શરીફે મક્કાને ત્યાં નુકસાન પહોંચાડવાની કોશિશ કરી અને તેમની સાથે દગો કરવા ઈચ્છયું. જેથી ઈલ્મે નબી ﷺ વિશે તેમની (આલા હઝરતની) પાસે સવાલો મોકલ્યા અને ગુમાન કર્યું કે તેઓ જવાબ આપી શકશે નહીં, કેમ કે સફરની તૈયારીમાં છે અને અહીં તેમની પાસે કોઈ કિતાબ પણ નથી. મૌલાના અહમદ રઝાએ (અલ્લાહે તેમની મદદ કરી) તે સવાલોનો એવો જવાબ આપ્યો કે જેણે દરેક મુસલમાનની આંખ ઠંડી કરી દીધી અને

કાફિર તથા ફાસિક઼ તથા ગુમરાહ તથા બેનૂરને ઝલીલોખાર (બેઈજ્જત) કર્યા. *(પેજ–૭, અદ્દવલતુલ મક્કિયહ, બરૈલી)*

આગળ જતાં લખે છે, ''અમારા શયખ મઝકૂર હઝરત અહમદ રઝાખાં સાહબ જ્યારે જવાબ લખીને પરવાર્યા તો શરીફ શયખ સ્વાલેહ કમાલ (માજી મુફતીએ મક્કા)ને હુકમ આપ્યો કે રિસાલો તેમના દરબારમાં જાહેરમાં પઢવામાં આવે, જેથી રિસાલો પઢવામાં આવ્યો. સરકશ ગિરોહની વ્યક્તિઓ ત્યાં હાજર હતી. સાંભળી સાંભળીને આશ્ચર્ય ચક્તિ થઈ ગયા અને ઝલીલોખાર થયા અને તે વખતે શરીફે મક્કા પર જાહેર થઈ ગયું કે મૌલાના અહમદ રઝાખાં હક્ક઼ પર છે.

આપની મક઼બૂલિયતો નકશો ખેંચતાં આગળ લખે છે, (અનુવાદ) મક્કા મુકર્રમામાં તેમની મક઼બૂલિયતનો એ આલમ હતો કે ચો તરફથી ઉલમા તથા તાલિબોએ આપને ઘેરી લીધા. કોઈ સવાલ રજૂ કરીને લાભ ઉઠાવતા, કોઈ સહીહ તથા પસંદીદા મસઅલો પૂછતો જેમાં તેને શક હોય, કોઈ કેવળ ઈશારાનો આતુર રહેતો. *(પેજ–૧૪, અદ્દવલતુલ મક્કિયહ)*

તે દૌરમાં અને આજે પણ કેટલાક લોકો (વહાબી દેવબંદીઓ) આક્ષેપ લગાડતા ફરે છે કે મઆઝલ્લાહ ! એ લોકોએ (સુન્નીઓએ) ખુદાનો અને રસૂલે કરીમ ﷺનો ઈલ્મ એક કરી દીધો અને તેઓ રસૂલના માટે ઈલ્મે કુલ્લી માને છે. તેને રદ કરતાં **અદ્દવલતુલ્ મક્કિયહ**ની પ્રશંસામાં શયખ સૈયદ ઈસ્માઈલ ઈબ્ને ખલીલ મક્કી લખે છે, (અનુવાદ) : બેશક ! એક અન્યએ પોતાના લખાણમાં એવું જૂઠુ (બોહતાન) બાંધ્યું અને આક્ષેપ લગાડયો કે હઝરત અહમદ રઝાએ પોતાના રિસાલામાં લખ્યું છે કે **નબી ﷺનો ઈલ્મ, ઈલાહીના ઈલ્મ જેવો છે** અને રસૂલે કરીમનો ઈલ્મ ગૈરમુતનાહી બિલફેઅલ (એવો ઈલ્મ જેની કોઈ હદ નથી આપનામાં પણ મૌજૂદ છે)થી સંબંધિત છે અને એ બંનેમાં કોઈ તફાવત નથી. **હાશા વકલ્લા (હરગિઝ એવું નથી) ! અમારા શયખ મઝકૂરે તેમાંની કોઈ વાત નથી કહી** અને કેવી રીતે યક઼ીન કરવામાં આવે કે અમારા હાથમાં તે આખો રિસાલો જ મૌજૂદ છે !

"અદ્દવલતુલ્ મક્કિયહ્"ના દલાઈલ તથા બરાહિન (દલીલો) જે કિતાબ તથા સુન્નત (કુર્આન હદીષ)ની રોશનીમાં ખૂબ જ સચોટ અને મજબૂત હતા. તેને સાંભળીને શરીફ અલી પાશાએ મોટા અવાજે કહ્યું, **અલ્લાહુ યુઅ્તી હાઉલાઈ યમનઉન** અર્થાત : "ખુદા ! તું તારા હબીબ ﷺને ઈલ્મે ગયબ અતા ફર્માવે છે અને આ લોકો રોકે છે !

*(પેજ–૭, અદ્દવલતુલ મક્કિયહ)*

ઉલમાએ હિજાઝની એક મોટી સંખ્યાએ આ'લા હઝરતની કિતાબ "અદ્દવલતુલ મક્કિયહ"ને પોતાની તસ્દીકાત તથા તકરીઝાત (સમર્થનો તથા પ્રશંસાઓ)થી નવાજેલ છે. આપ એ સાંભળીને આશ્ચર્યમાં પડી જશો કે આટલી મઅરિકતુલ આરા (લાજવાબ) કિતાબ જે તેમની ઈલ્મી સમૃધ્ધતા તથા વિશાળતા પર શાહિદે આદિલ છે, તેનું લખાણ ફક્ત સાડા આઠ કલાકોમાં થયું અને ફક્ત બે જ બેઠકોમાં ૨૬,૨૭ ઝિલહજ્જ હિ. સ. ૧૩૨૩માં તૈયાર થઈ ગઈ ! આપની ઈજ્જત તથા બુઝુર્ગી અને ઉલમાએ હિજાઝ તથા અજમના જલીલુકદ્ર ઉલમાએ "અદ્દવલતુલ મક્કિયહ" પર મબ્સૂતો મુફસ્સલ (વિસ્તૃતપણે) પ્રસંશા તથા સમર્થન કરતાં લખાણો લખેલ છે. જેમાંથી વીણી વીણીને કેટલાંક નીચે વર્ણવામાં આવે છે. કેવળ અનુવાદ રજૂ કર્યો છે, જેને તેહક઼ીક઼ની જરૂરત હોય તે **અદ્દવલતુલ મક્કિયહ** (મતબૂઆ બરૈલી અથવા મતબૂઆ કરાચી)નો અભ્યાસ કરે.

## ★ અદ્દવલતુલ મક્કિયહ પર પ્રશંસાના પુષ્પોની વર્ષા ! ★

**(૧) ખતીબો તથા ઈમામોના સરદાર અને મસ્જિદુલ હરામના મુદર્રિસ શયખ અહમદ અબુલ ખયર ઈબ્ને અબ્દુલ્લાહ મિરદાદ મક્કા મુકર્રમા :–** મેં ઊંડી નજર વડે અત્યંત ધ્યાનપૂર્વક આ રિસાલાનો અભ્યાસ કર્યો. તેની દલીલો તથા ચર્ચાઓ અત્યંત મજબૂત અને તેહક઼ીક઼પૂર્ણ તથા દલીલોથી ભરપૂર છે. તેના બયાનથી દિલમાં વિશાળતા પેદા થાય છે. તેની યક઼ીની દલીલો આસમાની બુલંદીને અડકી રહી છે. અને કેમ ન હોય કે આ તેની

કિતાબ છે જે અલ્લામા તીવ્ર સમજવાળા, બુધ્ધિશાળા, ઉચ્ચ હિમ્મતવાળા પોતાના સમયના તમામ કિતાબ લખનારાઓના સરદાર છે, મેદાને તસ્નીફ (કિતાબ લખવાના મેદાન)માં જેની ઈમામતની ગવાહી ખૂદ મોટા મોટા સમકાલિનો આપી રહ્યા છે. જે આ રિસાલોનો સમજબુઝની સાથે અભ્યાસ કરશે તે કહેવાવાળાની તે વાતને જૂઠી જાણશે કે શયખે પોતાના રિસાલામાં નબી કરીમ ﷺના ઈલ્મે ગયબ બિઝ્ઝાત અને જમીન તથા આસમાનના ખાલિક્ની બરાબર માન્યો છે. *(અદ્દવલતુલ મક્કિયહ, પેજ–૩૧)*

**(૨) મુફતીએ હન્ફિયહ શયખ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુર્રહમાન સિરાજ મક્કા મુકર્રમા :–** બેશક ! (અહમદ રઝા) સુવિખ્યાત ઉલમાનો બાદશાહ છે. કોઈ અનુભવીએ ખૂબ જ સાચુ કહ્યું છે, આગલાઓ પાછળવાળાઓ માટે ઘણુ બધુ છોડી ગયા. મેં તેમાં પોતાની નજર દોડાવી તો જોયું કે તેમાં અસરારે મઆની (અર્થોના રહસ્યો)ની ઝલક જોવા મળે છે. તેનો લેખક સાચી (ખરી) વાત લાવ્યો અને તેણે રૂશ્દો હિદાયતનો માર્ગ ઉઘાડો કરી દીધો. દરેક જમા કરનારો સંપાદક નથી હોતો, અને આમ તેમથી ઘણી નકલો લાવવાવાળો લેખક નથી થતો, આ તો અતાઓ છે કે મૌલાએ કરીમ જેને ચાહે છે બખ્શે છે અને તેને બેહતર બનાવી દે છે. *(અદ્દવલતુલ મક્કિયહ, પેજ–૨૧)*

**(૩) શયખ યુસૂફ ઈબ્ને ઈસ્માઈલ નબહાની (બૈરૂત) :–***(સાહિબે જવાહિરૂલ બિહાર, શવાહિદુલ હક્ક, હજ્જતુલ્લાહિ અલલ આલમીન, સઆદતુદ્દારૈન એટલે આ બધી કિતાબોના લેખક)* મેં તેનો પ્રારંભથી અંત સુધી અભ્યાસ કર્યો અને ખૂબ જ ફાયદાકારક અને લાભદાયી જણાયી. તેની દલીલો ખૂબ જ મજબૂત છે જે એક અલ્લામાએ કબીર અને ઈમામે અકબરની તરફથી જાહેર થઈ શકે છે. અલ્લાહ આ રિસાલાના લેખકથી રાજી રહે અને તેને પોતાની ઈનાયતોથી રાજી કરે અને તેની તમામ નેક તથા પાકીઝા ઉમ્મીદોને બર લાવે. (આમીન) –*(અદ્દવલતુલ મક્કિયહ, પેજ–૪૭૭)*

(૪) **હંબલીઓના મુફ્તી શયખ અબ્દુલ્લાહ ઈબ્ને હમીદ** (મક્કા મુકર્રમા) :– મેં આ રિસાલો જોયો જેને દરેક સરદારે ક઼બૂલ કર્યો. તેની યક઼ીન દેવડાવનારી દલીલોના આફતાબોએ દરેક અંધકારને દૂર કરી દીધો. અને તેની હિદાયતનાં નૂર આ ઉમ્મત પર ચમકયાં તો આ ક઼ૌલ સાચો ઠર્યો, **વલા અયબુન ફી હિમ ગયરઅન સુયૂફેહિમ–બિહિન્ન ફલવ્લુ મિકરાઈલ કિતાએબી.**

તેથી તેના હાસ્ય વેરતા દાંતોનો બોસો લેતાં મેં અલ્લાહ સબ્હાનહૂ વ તઆલાની બેશુમાર હમ્દ કરી અને જો અત્યારે મારે વઝૂ હોત તો શુક્રના સિજદામાં પડી જાત કે તેણે અમારી અંદર આવો આલિમ મુહક્કિ઼ક઼ તથા મુદક્કિ઼ક઼ મોકલીને એહસાન ફર્માવ્યું. જમાનાના અસ્તિત્વ સુધી તેના ઈલ્મનું ઝાડ ફેલાતું રહે. *(પેજ–૨૫, અદવલતુલ મક્કિયહ)*

(૫) **શયખુલ ઉલમા મુફ્તીએ શાફઈય્યહ મુહમ્મદ સઈદ ઈબ્ને મુહમ્મદ બાબસીલ મક્કા મુકર્રમા** : ફાઝિલે કામિલ સૈયદી અહમદ રઝાખાંના "અદવતુલ મક્કિયહ્" નામના રિસાલાની ત્રણ કારણે મોટી હૈષિયત છે :–

**પ્રથમ** : એ કે તેઓ ઉલૂમે શરીઅતના ઉસૂલ તથા ફુરૂઅમાં ખૂબ જ મુહક્કિ઼ક઼ તથા મુદક્કિ઼ક઼ છે અને જે દિશામાં રૂખ કરે તે ક્ષેત્રના સરદાર છે.

**બીજુ** : આ કિતાબ હુઝૂર ﷺની હુસ્ને તા'ઝીમ તથા આદાબમાં બેમિષાલ છે.

**ત્રીજુ** : એ કે તેને હજના સમયે ખૂબ જ ટૂંકા ગાળામાં લખવામાં આવી.

આ રિસાલો ઉલમાએ હરમૈનની નજીક ખૂબ જ મક઼બૂલ થયો અને તમામ ઉલમાએ તેના ઉપર પ્રશંસાના પુષ્પો વેર્યાં. આપને ખૂબ જ દાદ આપી છતાં તે સર્વ પણ મુસન્નિફ (લેખક)ની ક઼દર તથા રૂત્બાથી કમ છે. *(મુલખ્ખસ, પેજ–૧૭, અદવલતુલ મક્કિયહ)*

(૬) **મુફ્તીએ માલિકિયહ શયખ અહમદુલ જઝાઈરી ઈબ્ને સૈયદ અહમદ મદની મદીના મુનવ્વરહ** : અલ્લામાએ ઝમાં, યકતાએ

રોઝગાર, સરચશ્મએ મઅરેફત, સૈયદ અદનાનની નજરોના મરકઝ, હઝરત મૌલાના શયખ અહમદ રઝા, અલ્લાહ તઆલા તેમની વયને લાંબી ફર્માવે. દરેક તૌફીકવાળા, સમજદાર તેનાથી લાભ પામશે અને દરેક ગુનેહગાર તથા બદકાર અને આક્ષેપ કરનાર કાંપી ઉઠશે. *(પેજ–૭૫)*

(૭) **સૈયદ હુસૈન ઈબ્ને અલ્લામહ સૈયદ અબ્દુલક઼ાદિર તરાબુલ્સી મુદર્રિસ મસ્જિદે નબવી મદીના તૈયબાહ** : હમ્દો નઅત પછી, જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના આ હકીર બંદા પર આ એહસાન ફર્માવ્યું કે હું તેમના આસ્તાનાથી શરફયાબ થયો. જે અલ્લામહએ કામિલ અને અતિશય સમજવાળા પ્રખ્યાત હામીએ મિલ્લતે મુહમ્મદિયહ તાહિરા, મજદ્દિદે મિઅતે હાઝરા, સૈયદી વ ઉસ્તાઝી હઝરત મૌલાના અહમદ રઝાખાં છે. *(પેજ–૮૩)*

(૮) **મુફતીએ માલિકિયહ શયખ સૈયદ અહમદ અલ્વી ઈબ્ને સૈયદ અહમદ બાફકીહ હુસૈની અલ્વી મદીના મુનવ્વરા** : તમામ ફાઝિલોથી અફઝલ, આકિ઼લોથી વધુ દાનિશમંદ, ફખરુસ્સફ, કુદવતુલ ખલફ, હઝરત અહમદ રઝાખાં બરેલ્વી. અલ્લાહ તઆલા તેના પોશીદા લુત્ફ તથા મહેરબાનીથી તેમની સાથે મામલો કરે.

....અને આ કિતાબ બેશક ! એ લાયક છે કે **શાહીને બદલે સોનાથી** લખવામાં આવે. *(અદ્દવલતુલમક્કિયહ, પેજ–૯૩)*

(૯) **શયખ અબ્દુર્રહમાન હન્ફી મુદર્રિસ જામેઅ અઝહર–મિસર** : મને મારી ઉમરની ક઼સમ ! લેખકે (અહમદ રઝાએ) રિસાલામાં પુષ્કળ દલીલો વર્ણન કરી દીધી છે અને હસદ કરવાવાળાના માટે તો લાંબી ઈબારતો પણ અપૂર્ણ હોય છે. *(પેજ–૫૪૧)*

(૧૦) **શયખ અબ્દુલ્લાહ હમ્બલી નાબેલ્સી, મસ્જિદે નબવી, મદીના તૈયબાહ** : તેઓ સમયની દુર્લભ વ્યક્તિ અને ઝમાનાનું

નૂર, આલિમે બાઅમલ, ઉચ્ચ હોંસલાવાળા, ફાઝિલે મસાઈલ અને મુશ્કેલ હુકમોની તેહકીક઼ કરવાવાળા અને દલીલો તથા બરાહિન વડે તેને વધુ ને વધુ મજબૂત કરવાવાળા, મોઅઝ્ઝઝ્ મશાઈખ અને ફુઝલાના સરદાર, ખરેખર તે ઝમાનાનું ગૌહર, નિહટ્ઠા ક઼ાઝીઉલ કુઝા, શયખ અહમદ રઝાખાં ! ખુદા તેમની જિંદગીથી અમને ફાયદો પહોંચાડે અને અમારા પર અને તમામ મુસલમાનો પર તેમનો ફયઝ વહેતો રાખે, આમીન. *(પેજ : ૯૬, ૯૭)*

આ થોડીક તકરીઝાત (પ્રશંસા કરતાં લખાણો) આપની સમક્ષ નમૂના રૂપે રજૂ કરી દેવામાં આવી અને તેમાં પણ વીણીને લીધેલાં લખાણો છે. અન્ય અરબ તથા અજમના ઉલમાએ પણ પ્રશંસા તથા સમર્થનોથી નવાજ્યા છે જેમાંથી કેટલી હજી છપાયેલ પણ નથી. તે તમામને લખવામાં આ લખાણ લંબાઈ જાય છે તેથી આટલેથી જ અટકીએ છીએ, જેને જાણવું હોય તે મૂળ કિતાબ વાંચી લે. તે સમયના તમામ ઉલમાએ એકી ઝબાને આપને પોતાના સમયના ઈમામ તથા મુકતદા, ઉલૂમો ફુનૂનથી સજ્જ, ફૂયુઝો બરકાતના સરચશ્મા, ઈસ્લામના દાઈ (દાવત દેનાર) તથા પ્રચારક (મુબલ્લિગ) અને હાલની સદીના મુજદ્દિદે બરહક્ક઼ સ્વીકાર્યા છે. તેમ છતાં પણ આપના ઈલ્મ તથા ફયૂઝ, આપના દીની તથા મિલ્લી કારનામાંઓ અને આપની મહાન શખ્સિયતનો ઈન્કાર એ ચઢતા સૂરજના અસ્તિત્વના ઈન્કારની જેમ છે.

*–(બહવાલા ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશકી નઝરમેં,*
*અઝ : અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી,*
*અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, બરકાતે ખ્વાજા–માસિક, નવેમ્બર–૨૦૧૫)*

## ઈમામ અહમદરઝાની પોલિટિકલ નિપૂણતા

૨૦મી સદીની શરૂઆતના ઈતિહાસનો અભ્યાસ, સંજોગો તથા કૈફિયતોનું પરીક્ષણ અને ઈમામ અહમદ રઝા رضي الله عنهની કિતાબોનો બારીક દૃષ્ટિએ અભ્યાસ કર્યા બાદ મૌલાના કૌષર નિયાઝી જેવો નિષ્પક્ષ વિદ્વાન શખ્સ પણ એ પરિણામે પહોંચે છે કે :

''ઈમામ અહમદ રઝા رضي الله عنه પોલિટિશયન નહીં સ્ટેટમેનિયન હતા, રાજકીય લીડર ન હતા પણ મુદબ્બિર (સલાહકાર) હતા. પોલિટિશયન તથા રાજકીય નેતા પબ્લિકની ઈચ્છાના તાબે હોય છે, જ્યારે કે સ્ટેટમેનિયન તથા મુદબ્બિર દીર્ઘ દૃષ્ટિ વડે સંજોગોની દિશા નિશ્ચિત કરે છે.'' *(ઈમામ અહમદ રઝા એક હમા ઝેહત શખ્સિયત)*

મૌલાના કૌષર નિયાઝીના મંતવ્યના આધારમાં જે બનાવો તથા હક઼ીક઼તો છે એનું સમર્થન આ વાતથી પણ થાય છે કે જ્યારે ગાંધીજીની નેતાગીરીમાં ગૈરોએ જિંદગીના અન્ય ક્ષેત્રોની સાથોસાથ એજ્યુકેશન ક્ષેત્રે પણ મુસલમાનોને હેઠા પાડવા માટે તેમનાં તે સમયનાં બે મહત્વનાં એજ્યુકેશન સેન્ટર્સ મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢ તથા ઈસ્લામિયા કોલેજ લાહોરને તબાહ વ બર્બાદ કરી દેવાની ગુપ્ત સાઝિશ કરી તો એમાં કેટલાક જાણી જોઈને તો કેટલાક અભાનપણે ઘણા બધા મુસલમાનો પણ શરીક થઈ ગયા. જેમાં મૌલાના મહમૂદુલ હસન દેવબંદી, મૌલાના અબુલ કલામ આઝાદ અને મૌલાના શૌકત અલી તથા મુહમ્મદ અલી આગળ પડતા હતા. તેમણે આ અવાજો બુલંદ કરી : ''અર્વાચીન (મોર્ડન) એજ્યુકેશન ઈસ્લામિયાતની વિરુદ્ધ છે. અંગ્રેજી હિંદી ભણીને મુસલમાન બાળકો સાચા અર્થમાં મુસલમાન નથી રહેતાં. એ એજ્યુકેશન સંસ્થાઓ ગવર્નમેન્ટની સહાયથી ચાલ છે, જ્યારે કે ગવર્નમેન્ટ મુસલમાનોની દુશ્મન છે.'' (જો કે બાદમાં મૌલાના મુહમ્મદ અલી જૌહર તથા શૌકત અલી જૌહરે ઈમામ અહમદ રઝાના ખલીફા મૌલાના નઈમુદીન

મુરાદાબાદી رحمۃ اللہ علیہના હાથો પર તૌબા કરી લીધી.)

*(હયાતે સદરુલ અફાઝિલ, પેજ : ૧૭૩, ૧૭૪)*

ઉપર વર્ણવ્યા તેવા અવાજો બુલંદ કરીને મુસલમાનોને એનાથી દૂર રાખવા અને એનો બોયકોટ કરવા માટે પ્રોત્સાહિત કરવાનું કામ શરૂ કર્યું. ખુદ મૌલાના મહમૂદુલ હસન દેવબંદીનું બયાન "તર્કે મવાલાત" મદીના પ્રેસ બિજનોરમાં પ્રસિદ્ધ થયું છે :–

"અલીગઢ કોલેજની પ્રારંભિક હાલતમાં દીનદાર ઉલમાએ સામાન્યતઃ આ પ્રકારની તા'લીમ નાજાઈઝ હોવાથી જે સંપૂર્ણપણે ગવર્નમેન્ટના રંગમાં રંગાયેલી હોય તેનાથી રોકયા. બદ્‌કિ઼સ્મતીથી તે રોકાય ન શકી. હવે જ્યારે કે તેનાં પરિણામો તથા ફળો આંખોથી જોઈ લીધાં તે કૌ઼મને એનાથી બચાવવું ચોક્કસપણે એક જરૂરી બાબત છે."

*(પેજ : ૧૧, ઉપર મુજબ)*

પ્રોફેસર હાકિમ અલી સાહબ લખે છે : "મૌલાના અબુલ કલામ આઝાદે ૨૦–૧૦–૧૯૨૦ની જનરલ કાઉન્સિલની કમિટીમાં આવીને એ જાહેર કરી આપ્યું કે જ્યાં સુધી ઈસ્લામિયા કોલેજ લાહોરની સરકારી સહાય બંધ ન કરી દેવામાં આવે અને યુનિવર્સિટીથી એનું જોડાણ કટ ન કરવામાં આવે ત્યાં સુધી અંગ્રેજો સાથે તર્કે મવાલાત (આપસમાં એકતા) નથી થઈ શક્તો. અને ઈસ્લામિયા કોલેજના છોકરાઓને એ ફત્વો આપી દીધો કે જો એવું ન થાય તો કોલેજ છોડી આપો. જેથી આ રીતે કોલેજમાં બેચૈની ફેલાવી દીધી જેથી પઢાઈમાં સખત નુકસાન શરૂ થઈ ગયું.

*(ફતાવા રઝવિય્યહ, ૧૦ નિસ્ફ આખિર, પેજ–૨૭૯)*

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં એ સમયના ટીચર જનાબ મક઼સૂદ અલી સાહબ લખે છે : "૧૧ ઓક્ટોબરે મૌલાના શૌકત અલી તથા મુહમ્મદ અલી અલીગઢ આવ્યા. અને તેમણે અમને વિદ્યાર્થીઓને એવું સમજાવ્યું કે ગવર્નમેન્ટ મુસલમાનોની દુશ્મન છે.... આ સમયે ગવર્નમેન્ટથી મુસલમાન સંબંધ કટ કરી લે, અને કોલેજના વિદ્યાર્થીઓને એ બતાવ્યું કે કોલેજમાં ગવર્નમેન્ટ રૂપિયા આપે છે જેથી અમો

વિદ્યાર્થીઓ કોલેજ છોડી દઈએ." *(ફતાવા રઝવિય્યહ, ૬/૧૭૧)*

જેનાથી મુસલમાનોમાં આમ બેચૈની અને અજીબ કશ્મકશની હાલત પેદા થઈ ગઈ, અને તેમણે આ પ્રકારના સવાલો મોકલીને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી શરીઅતના હુકમો પૂછ્યા કે :

★ શું આ સમયે કોલેજ છોડી આપવી આપણા લોકોનો મઝહબી ફરીઝો છે ?

★ મુસલમાનોને અલીગઢ કોલેજની સહાય હરામ છે કે નહીં ?

★ અંગ્રેજી તથા હિંદીનું શિક્ષણ મુસલમાનો માટે જાઈઝ છે કે નહીં ?

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એક મુદબ્બિરની હૈસિયતથી મુસલમાનોને ગૈરોની આ ધોકાથી ભરેલ સાઝિશથી માહિતગાર કર્યા, અને ઈસ્લામી શરીઅતની રોશનીમાં સ્પષ્ટ કરી આપ્યું કે ગવર્નમેન્ટથી મદદ લેવાના લીધે એ સંસ્થાઓમાં નોકરી કરવી અથવા શિક્ષણ મેળવવું એ નાજાઈઝ નથી.

એ જ પ્રમાણે મોડર્ન એજ્યુકેશન અથવા અંગ્રેજી તથા હિંદી ભણવું ભણાવવું પણ નાજાઈઝ નથી. જો એ સંસ્થાઓમાં મોડર્ન ઈલ્મો તથા વિદ્યાઓને ઈસ્લામી રંગમાં ભણાવવામાં આવે તો મદદ આપવામાં પણ કોઈ ગુનોહ નથી, એ જાઈઝ છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૬, પેજ : ૯)*

અંગ્રેજો અખંડ ભારતમાં વેપારીની હૈષિયતથી આવ્યા પણ પછી રાજકીય હાલતોથી ફાયદો ઉઠાવીને દેશની રાજનીતિમાં દાખલ થઈ ગયા અને ક્રમે ક્રમે અખંડ ભારત પર કબજો જમાવી બેઠા. વતનવાસીઓએ અંગ્રેજની સત્તાને દિલથી કૂબૂલ કરી ન હતી, જેથી આંત્રિક રીતે આગ સળગી રહી હતી જે અચાનક ઈ.સ. ૧૮૫૭માં એક ક્રાંતિમય ઘટનાથી ભડકી ઉઠી. ૧૮૫૭ અખંડ ભારતના ઈતિહાસનું મહત્વનું વરસ હતું. અંગ્રેજ સત્તાને ખત્મ કરવાના માટે આઝાદીની આખરી જંગ લડવામાં આવી જેમાં વતનવાસીઓની હાર થઈ અને અંગ્રેજ હાકિમોએ વતનના ચાહકોને જે જુલ્મો સિતમનું નિશાન બનાવ્યા તેનું દૃષ્ટાંત ઈતિહાસમાં

જવલ્લે જ જોવા મળશે. આ હારે જિંદગીના દરેક ક્ષેત્રને અસર પહોંચાડી છતાં પબ્લિકનો સ્વતંત્રતા પામવાનો જોશ નષ્ટ ન થઈ શક્યો, અને આ દબાયેલી ચિન્ગારી કેટલાક અરસા પછી ફરી ભડકી ઉઠી.

૧૮૫૭ની ક્રાંતિના લગભગ ૨૫ વરસ પછી જ્યારે કે અંગ્રેજોનો કહેર જરા ધીમો પડયો. હિંદના વાઈસરોય લોર્ડ ડેફરનના નિર્દેશ પર "ઈન્ડિયન નેશનલ કોંગ્રસ"ની સ્થાપના થઈ. એ વખતે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہની ઉમર લગભગ ૨૮ વરસ હશે. કોંગ્રેસની સ્થાપનાનો મતલબ એ હતો કે હિંદુસ્તાનીઓની માગણીઓ સામૂહિક રીતે બ્રિટનની અંગ્રેજ ગવમેન્ટ સામે રજૂ કરવામાં આવે. દરેક ધર્મ તથા જાતિના લોકો એમાં સામેલ હતા. મુસલમાનોના ભાગ લેવાના બારામાં ફત્વો લેવામાં આવ્યો તો અમુક ઉલમાએ મુસલમાનોને ભાગીદારી કરવું જાઈઝ હોવાનો ફત્વો આપ્યો. દા.ત. મોલ્વી રશીદ અહમદ ગંગોહી તથા મોલ્વી મહમૂદ દેવબંદીએ ઈ.સ. ૧૮૮૮માં એ જ પ્રકારનો ફત્વો આપ્યો. *(નુસ્રતુલ અબરાર, પેજ–૧૯ થી ૨૬, લાહોર)*

પરંતું જ્યારે મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہથી ફત્વો લેવામાં આવ્યો તો એમણે મુસલમાનોની ભાગીદારીને એવી શરતો સાથે બંધનયુક્ત કરી આપી કે જેનાથી અંદાઝો થાય છે કે આપ રાજનીતિમાં ખૂબ જ દષ્ટિવાન હતા અને ભાવિમાં આવનારા ખતરાઓને મહસૂસ કરી રહ્યા હતા. તેમણે આ પ્રમાણે ફત્વો આપ્યો :

"મુસલમાનોના શાણા બુધ્ધિજીવીઓ (દાના શખ્સો), રોશન રાય ધરાવનારા, તીવ્ર દૃષ્ટિવાન અને અંજામને પારખનારાઓ ખૂબ જ સમીક્ષા, જાંચ પડતાલ કરી લે કે એનાથી ઈસ્લામ તથા મુસલમાનોનું વર્તમાનકાળ માં તથા ભવિષ્યમાં કોઈ નુકસાન લાગુ થતુ નથી." ***(Islam in India's Transition to Modernity-Karachi)***

મુહદ્દિષે બરેલ્વીએ કોંગ્રેસમાં મુસલમાનોના જોડાવામાં ખતરાઓ મેહસૂસ કરતાં ઈ.સ. ૧૮૮૫માં "જમાઅતે રઝાએ મુસ્તફા"ના નામથી

એક સંસ્થાની સ્થાપના કરી, જેણે કેટલાંક મહત્વનાં કામો કર્યાં, એનો પાયાનો હેતુ મુસલમાનોનું સંગઠન તથા ઈસ્લાહ હતો.

મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ રાજકીય હાલતો તથા ઘટનાઓનો ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યો અને વિવિધ ફત્વાઓમાં પોતાના ખયાલોને પ્રદર્શિત કર્યા. એમના ખયાલમાં "તેહરીકે ખિલાફત"નો મક્‌સદ ઈસ્લામની ભલાઈનો ન હતો બલ્કે એના ઓઠા હેઠળ હિંદની આઝાદીની જિદ્દો જેહાદ કરવાનો હતો, જેમાં મોટાભાગના લોકો ગૈર હતા અને તેમને જ આ ચળવળના લાભો પહોંચતા. જેમ કે તેહરીકે તર્કે મવાલાતથી આ'લા હઝરતના અંદેશાઓને સમર્થન મળે છે અને "શુધ્ધિ સંગઠન"ની ચળવળ (ઈ.સ. ૧૯૨૩)થી એ અંદેશો ઉઘાડી રીતે જાહેર થઈ જાય છે, જયારે કે ૧૯૧૯ થી ૧૯૨૧ સુધી દોસ્તીનો દમ ભરનારાઓએ મુસલમાનોને મુર્તદ બનાવવા (ઈસ્લામથી ફેરવવા) અને હિંદુ સંસ્કૃતિ તથા સંસ્કાર અપનાવવા માટે મજબૂર કરવા એક દેશવ્યાપી ચળવળ ચલાવી. *(હવાલો : ઈમામ અહમદ રઝા હક઼ાઈક઼કે ઉજાલેમેં, અઝ : મુફતી મતીઉર્રહમાન રઝવી, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ, અઝ : પ્રો. ડો. મુહમ્મદ મસ્ઊદ અહમદ)*

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની રાજનૈતિક તીવ્ર દ્રષ્ટિનાં નિષ્કર્ષણો એકદમ સહીહ તથા હક્ક઼ હતાં કે એ જ "શુધ્ધિ ચળવળ" ચલાવનારાઓની ઔલાદ આજે "ઘર વાપસી"ના નામે RSS થકી પોતાની દુષ્ટ પ્રવૃત્તિઓ ચલાવી હંગામા ખડા કરી રહી છે. અને એનું જ ફળ એ છે કે આજે મુસલમાનોના "પર્સનલ લો" પર બુરી દ્રષ્ટિ એ જ માર્ગ પર ચાલનારા લોકો કરી રહ્યા છે. એઓ જ આજે કુર્આન તથા હદીષના ક઼ાનૂનોમાં ફેરફારની માગણી સાથે દેશમાં અજંપો ફેલાવી રહ્યા છે.

*(રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી,*
*બરકાતે ખ્વાજા–માસિક, નવેમ્બર–૨૦૧૬*

## ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના લક઼બો

અમુક શાણા પુરૂષો તથા ઈલ્મવાળાઓ હુકૂમતની ખુશ્નૂદી હાંસલ કરીને લક઼બો તથા અલ્ક઼ાબો હાંસલ કરે છે, અને અમુક હુકૂમતી, ઈલ્મી, સાહિત્યિક તથા સામાજિક સંસ્થાઓ તેમનાં કારનામાંઓના કારણે લક઼બ તથા ખિતાબ અર્પણ કરે છે. કેટલાક લોકો એવા પણ હોય છે જેઓ કોઈપણ રીતે લક઼બ તથા ખિતાબ તથા નામનાની પરવા નથી કરતા. આ તે લોકો છે જેઓ પોતે પોતાને બેનામો નિશાન સમજે છે, તેમને મિટાવવાવાળા ખુદ નષ્ટ થઈ જાય છે. અને જેમના ઈશ્ક઼માં આ બેનામો નિશાન લોકો ફના થઈ જાય છે તે એમને એવા ચમકાવે છે અને એવાં નામો નિશાન અર્પણ કરે છે કે એમની ચમક તથા એમનાથી પ્રકાશ મેળવનારાં રજકણો પણ સૂરજ તથા ચાંદ બની જાય છે ! અને તેમનું નામ લેનારાઓ ખ્યાતિ તથા નામનાની ઉચ્ચતાની ટોચ પર પહોંચી જાય છે, અને ખ્યાતિના આસમાન પર પોતાની મહાનતાના ઝંડા લહેરાવે છે. એવી જ શખ્સિયતોમાં એક ઈસ્લામી શખ્સિયત, ૧૪મી સદીના મહાન મુજદ્દિદ, બરેલીના ફાઝિલ ઈમામ અહમદ રઝા ક઼ાદરી رحمۃ اللہ علیہ પણ છે. એમની જાહેરી હયાતમાં અજમ જ નહીં, બલ્કે અરબની મશહૂર હસ્તીઓએ એકથી ચઢીને એક બાવક઼ાર, પાકીઝા તથા ઉમદા લક઼બો તથા સન્માનોથી એમને યાદ કર્યા અને આજે પણ વિશ્વ વિખ્યાત વિભૂતિઓ તેમને અમૂલ્ય, પવિત્ર તથા મુનવ્વર અલ્ક઼ાબ વડે યાદ કરતા રહે છે, જ્યારે તેમણે તો પોતાને સદા બેનામો નિશાન જ સમજ્યા, પરંતુ એ પણ યક઼ીન હતું કે :–

**બે નિશાનોં કા નિશાં મિટતા નહીં**
**મિટતે મિટતે નામ હો હી જાએગા**

આ તો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ઈન્કેસારી (આજીજી) હતી, નહીં તો ઈમામનું નામ તો હક઼્ક઼ તથા બાતિલ વચ્ચે તફાવત પેદા કરનાર

કસૌટી છે. જો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનું નામ સાંભળીને ચહેરા પર ખુશી છવાય જાય તો સમજી લો કે ગુલામે મુસ્તફા (ﷺ) છે, અને જો પેશાની પર કોઈ કરચલી આવી જાય તો જાણી લો કે બદ્‌મઝહબ અથવા ગુસ્તાખે રસૂલ છે.

આ'લા હઝરત જે હકીકતમાં એમનું નામ નથી, બલ્કે લક઼બ છે. પરંતુ ઈમામનો અલમ (ઓળખ) બનીને રહી ગયો અને તેમના નામનું સ્વરૂપ ધારણ કરી ગયો ! અને આજે જ્યારે પણ "આ'લા હઝરત" શબ્દ કાનોએથી ટકરાય છે તો દિમાગ રામપુર અથવા હૈદ્રાબાદના નવાબો કે કોઈ અન્ય શખ્સિયતની તરફ નથી જતુ બલ્કે બરેલીના ફાઝિલ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની તરફ જ જાય છે.

## (૧) આ'લા હઝરત લક઼બની તેહકીક઼ :-

એ વાત સંપૂર્ણપણે તેહક઼ીક઼ના પાયા સુધી નથી પહોંચી શકી કે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને પહેલીવાર ક્યારે અને કોણે આ'લા હઝરત કહ્યા. અલ્બત્ત એ વાત જરૂર સાબિત છે કે તેમને તેમની હયાતમાં જ આ'લા હઝરત કહેવાતુ તથા લખવામાં આવતુ હતું. તોહફએ હન્ફિયહ પટણાના મેગેઝિનોથી જાણવા મળે છે કે ઈ.સ. ૧૩૨૩થી આપના માટે આ'લા હઝરત લખવાનુ શરૂ થયું. તોહફએ હન્ફિયહ, વોલ્યુમ ૯, પેજ : ૪, માહે રબીઉલ આખર, ઈ.સ. ૧૩૨૩માં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના માટે "મુજદ્દિદે મિલ્લતે હાઝરા, મુઅય્યદે મિલ્લતે તાહિરા, જામેએ મઅકૂલો મન્કૂલ, હાવીએ ફુરૂઓ ઉસૂલ, આલિમે અહલે સુન્નત, આ'લા હઝરત, અઅલમે ઉલમાએ ઝમાં, મૌલાના, મોલ્વી અહમદ રઝાખાં સાહબ મદ્દઝિલ્લહુ રબ્બુલ આલમીન વ સાનહુ અન્ શુરૂરિલ હાસિદીન" લખવામાં આવ્યું.

ફતાવા રઝવિય્યહના વિવિધ ભાગોમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને તેમના મુરીદોએ આ'લા હઝરત લખ્યા છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૬, રિસાલા : હુજુબુલ્ અવાર અન મખ્દૂમિલ્ બિહાર)* અને આ'લા

હઝરતની સાથે "અઝીમુલ બરકત" પણ લખવામાં આવ્યું છે. શક્ય છે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને ઈ.સ. ૧૯૦૫, હિ.સ. ૧૩૨૩થી પહેલાં પણ "આ'લા હઝરત" કહેવામાં આવ્યા હોય, કેમ કે એમને ઈ.સ. ૧૯૦૦/હિ.સ. ૧૩૧૮માં પટણાના રદ્દે નદવાના ઈજલાસમાં પ્રથમવાર હઝરત અલ્લામા મૌલાના અબ્દુલ મુક્‌તદિર બદાયૂની رحمۃ اللہ علیہએ વિખ્યાત આલિમો તથા ફાઝિલોની મૌજૂદગીમાં "મુજદ્દિદ" કહ્યા હતા. શબ્દો આ પ્રમાણે છે :–

"જનાબ આલિમે અહલે સુન્નત, મુજદ્દિદે મિઅતે હાઝરા હઝરત મૌલાના અહમદ રઝાખાં સાહબ બરેલ્વી." *(દબદબએ સિકંદરી, રામપુર, ૧૧ ઓકટો ૧૯૪૮, પેજ : ૫, ચૌદહવીં સદીકે મુજદ્દિદ, અઝ : મલિકુલ ઉલમા અલ્લામા ઝફરુદ્દીન ક઼ાદરી, પેજ : ૧૧)*

સારાંશ કે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને આ'લા હઝરત કહેવામાં આવ્યા તો હિ.સ. ૧૩૧૮ બાદ જ કહેવામાં આવ્યા. ઈમામ અહમદ રઝા ખાં رحمۃ اللہ علیہના માટે આ'લા હઝરત કહેવા પર હસદખોરોને સખત વાંધો છે, જ્યારે સમયના આ જાલિમોએ હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી رحمۃ اللہ علیہને આ'લા હઝરત કહ્યા તથા લખ્યા છે. અને આશિક઼ ઈલાહી મેરઠીએ પોતાની કિતાબ "તઝકેરતુલ ખલીલ"માં મૌલાના ખલીલ અહમદ અંબેઠવી (દેવબંદી)ને આ'લા હઝરત લખ્યું છે. આ જ લોકો રામપુર તથા હૈદ્રાબાદના નવાબોને તો ઘણા જ ફખ્ર સાથે આ'લા હઝરત કહ્યા કરતા હતા, પરંતુ જ્યારે એક ગૈરતમંદ આશિકે઼ રસૂલ (صلی اللہ علیہ وسلم), એક ગુલામે મુસ્તફા, અબ્દુલ મુસ્તફા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને આ'લા હઝરત કહેવામાં આવે છે તો બળી મરે છે ! આ'લા હઝરત એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનું એક એવું નામ તથા આપની એવી પહેચાન બની ગયું છે જે અમર છે, ઝિંદા છે અને દુનિયાના અસ્તિત્વ સુધી ૧૪મી સદીના આ મુજદ્દિદ આશિકે઼ મુસ્તફા તથા અબ્દુલ મુસ્તફાને જમાનો આ'લા હઝરત કહીને યાદ કરતો રહેશે.

## (૨) મુજદ્દિદે દીનો મિલ્લત :-

આમ તો આ કોઈ લકબ નથી બલ્કે એક હોદ્દો છે અને સદીના ઉલમા તથા મશાઈખ એને મુજદ્દિદ સ્વીકારે છે જે તજદીદી કારનામુ અંજામ આપે છે. ઈમામ અહમદ રઝા رحمۃاللہعلیہએ તો તજદીદી કારનામાની મજલ પર ૧૪ વરસની ઉમરમાં હિ.સ. ૧૨૮૬માં જ ડગ માંડી દીધા હતા અને હિ.સ. ૧૩૦૧ થતાં જ પોતાની મંઝિલ પામી લીધી હતી. અલ્બત્ત એના અઢાર વરસો બાદ હિ.સ. ૧૩૧૮માં તેમની મુજદ્દિદિયતનું એલાન સૌ પ્રથમ હઝરત મૌલાના અબ્દુલ મુક્તદિર સાહબ رحمۃاللہعلیہએ કર્યું. ઈમામ અહમદ રઝા رحمۃاللہعلیہના ભત્રીજા મૌલાના હસ્નૈન રઝાખાં رحمۃاللہعلیہ લખે છે :-

"આ'લા હઝરત કિબ્લાના ફયઝાને મુજદ્દિદિયતનો ઝહૂર હિ.સ. ૧૩૦૧થી થયો. આ બનાવ જરા વિગતવાર છે. બનાવ એ પ્રમાણે છે કે અમારા કાકા મોલ્વી મુહમ્મદ શાહખાં સાહબ ઉર્ફ મથ્થનખાન સાહબ મર્હૂમ સોદાગરી મહોલ્લાના પૂરાણા નિવાસી હતા. આ'લા હઝરત કરતાં એક વરસ ઉમરમાં મોટા હતા. બાળપણ સાથે પસાર થયું. સમજ આવી ત્યારથી એક જ જગાએ ઉઠક બેઠક રહી. આવી હાલતમાં આપસમાં બેતકલ્લુફ (નિઃસંકોચપૂર્ણ વહેવાર) થવાનું જ હતું. મેં મારી અંદર સમજ આવી ત્યારથી તેમને આ'લા હઝરત કિબ્લાની સોહબતમાં ખામોશ તથા અદબભેર બેઠેલા જોયા. તેમને જો કોઈ મસ્અલો પૂછવાનો હોતો તો અન્યોના થકી પૂછાવતા. હું મુદ્દતોથી આ જ જોઈ રહ્યો છું. એક દિવસે મેં કાકાને અર્ઝ કર્યું કે આ'લા હઝરત તો આપની બુઝુર્ગીનો લેહાઝ કરે છે છતાં તમે એમનાથી આટલા પ્રમાણમાં શા માટે સંકોચ પામો છો કે મસ્અલો નથી પૂછી શક્તા ?! તેમણે ફર્માવ્યું કે હું અને તે બચપનથી સાથે રહ્યા. સમજ આવી તો ઉઠક બેઠક એક જ જગાએ હતી. મગરિબની નમાઝ પઢીને અમારો નિયમ હતો કે એમની બેઠકમાં આવીને બેસતા. સૈયદ મહમૂદ શાહ સાહબ વગેરે અમુક એવા સાથીઓ હતા કે તેઓ પણ આ સોહબતમાં દરરોજ શરીક થતા. ઈશા સુધી મજલિસ ગરમ રહેતી.

એ મજલિસમાં દરેક પ્રકારની વાતો થતી હતી, ઈલ્મી ચર્ચાઓ થતી હતી, દીની મસાઈલ પર ચર્ચા થતી અને હંસી આનંદવાળા કિસ્સા પણ થતા.

જે દિવસે મુહર્રમ હિ.સ. ૧૩૦૧નો ચાંદ થયો તે દિવસે નિયમ પ્રમાણે અમે સૌ મગરિબ બાદ આ'લા હઝરતની બેઠકમાં આવી ગયા. આ'લા હઝરત રોજના નિયમ કરતાં થોડાક લેટ આવ્યા. નિયમ પ્રમાણે સલામ બાદ બેઠક લીધી. અન્ય લોકો પણ હતા. મને સંબોધીને ફર્માવ્યું, મથ્થન ભાઈજાન ! આજે ૧૩૦૧ હિ.સ.નો ચાંદ થઈ ગયો. મેં અર્ઝ કરી કે મેં પણ જોયો. કેટલાક સાથીઓએ ચાંદ જોયાનું વર્ણવ્યું. પછી ફર્માવ્યું, ભાઈ સાહબ ! આ તો સદી બદલાઈ ગઈ ! મેં પણ અર્ઝ કર્યું કે બેશક ! સદી તો બદલાઈ ગઈ. ખયાલ કર્યો તો ખરેખર એ ચાંદથી ૧૪મી સદી શરૂ થઈ હતી. એના પર ફર્માવ્યું કે હવે મારે અને તમારે પણ બદલાઈ જવું જોઈએ. એવું કહેવું હતું કે આખી મજલિસ પર સન્નાટો છવાઈ ગયો અને દરેક શખ્સ પોતાની જગાએ બેસેલો રહ્યો. પછી કોઈને બોલવાની હિંમત ન થઈ. કેટલીકવાર સુધી સર્વ ચુપચાપ બેસેલા રહ્યા અને સલામ અલૈક કરીને સૌ એક એક એક કરીને જવા લાગ્યા. એ વખતે તો કોઈ વાત સમજમાં ન આવી કે એકાએક આ રૂઆબ છવાય જવાનો સબબ શું બન્યો ?! બીજા દિવસે જ્યારે ફજરની નમાઝ બાદ સામનો થયો અને તેમના મુજદ્દિદાના રૂઆબ (પ્રભાવ) તથા જલાલથી વાસ્તો પડયો તો યાદ આવ્યું કે તેમણે જે બદલવાનું કહ્યું હતું તો તે ખુદાની કસમ ! એવા બદલાયા કે ક્યાંથી ક્યાં પહોંચી ગયા. અને અમે જ્યાં હતા ત્યાં જ રહી ગયા ! તે દિવસ અને આજનો દિવસ કે અમને એમની સાથે વાત કરવાની હિંમત જ ન થઈ. બલ્કે આ મહત્વના ફેરફાર પર અમે ઘણીવાર વિચારણા પણ કરી તો એના સિવાય કોઈ વાત સમજમાં ન આવી કે એમનામાં અલ્લાહ તરફથી કોઈ તબદીલી કરી દેવામાં આવી છે જેણે એમને ઘણા જ ઊંચા કરી દીધા છે, અને અમે જે કક્ષાએ પહેલાં હતા ત્યાં આજે પણ છીએ. હા ! જ્યારે દુનિયા તેમને મુજદ્દિદે મિઅતે હાઝરા કહીને પોકારવા લાગી તો સમજમાં આવી ગયું કે તે તબદીલી

આ હતી જેણે આટલા દિવસ આશ્ચર્યમાં રાખ્યા ! આ હતી તે તારીખ જેમાં મૌજૂદા સદીનો મુજદ્દિદ બનાવવામાં આવ્યો અને મુજદ્દિદિયતનો મહાન મન્સબ અતા થયો અને સાથોસાથ તે રોઅબ અતા થયો જે એ તારીખથી મહેસૂસ થવા લાગ્યો. *(સીરતે આ'લા હઝરત, પેજ : ૬૧, ૬૨)*

પટણાના ઈજલાસમાં ઈ.સ. ૧૯૧૧/હિ.સ. ૧૪૧૮માં વિખ્યાત ઉલમા તથા ફાઝિલોની મૌજૂદગીમાં હઝરત મૌલાના અબ્દુલ મુક્તદિર બદાયૂની رحمۃ اللہ علیہએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને "મુજદ્દિદ" કહ્યા અને સૌએ એ લક્બને સહર્ષ ક્બૂલ કર્યો. ઈ.સ. ૧૯૦૫/હિ.સ. ૧૩૨૪માં જ્યારે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ બીજીવાર હજ્જ તથા ઝિયારત માટે તશરીફ લઈ ગયા તો હરમૈન શરીફૈનના વિવિધ ઉલમાએ કિરામ તથા મશાઈખે એઝામે તેમને "મુજદ્દિદ" કહ્યા. એમનામાં અમુક નામો આ પ્રમાણે છે :–

**સૈયદ ઈસ્માઈલ બિન ખલીલ رحمۃ اللہ علیہ મુહાફિઝે કુતુબે હરમ :**

૦૧. "જો એમના હક્કમાં એવું કહેવામાં આવે કે તે આ સદીના મુજદ્દિદ છે તો ખરેખર એ હક્ક તથા સહીહ થશે." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૫૨)*

૦૨. "અમારા શયખ અલ્લામા મુજદ્દિદ જે અલલ ઉલૂમ તમામ ઉસ્તાઝોના શયખ છે મોલ્વી અહમદ રઝા."

*(અદ્દવલતુલ મક્કિયા, પેજ : ૭, ઉર્દૂ અનુવાદ)*

તદ્ ઉપરાંત સૈયદ હુસૈન બિન અલ્લામા અબ્દુલકાદિર તરાબુલ્સી મુદર્રિસ મસ્જિદે નબવી, હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી, શયખ મૂસા અલી શામી, સૈયદ અહમદ અલી મુહાજિરે મદની رحمۃ اللہ علیہم اجمعین વગેરે એ પણ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને મુજદ્દિદે મિઅતે હાઝરા, વર્તમાન સદીના મુજદ્દિદ, આ ઉમ્મતના દીનના મુજદ્દિદ કહ્યા. *(તકારિઝે હુસ્સામુલ હરમૈન, અદ્દવલતુલ મક્કિયહ)*

**(૩) ઈમામ અહમદ રઝાનો એક લક્બ : ઝિયાઉદ્દીન અહમદ :–**

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જ્યારે પ્રથમવાર હિ.સ. ૧૨૯૫માં

વાલિદૈન સાથે હજ્જ તથા ઝિયારતના માટે ગયા તો હરમૈન શરીફૈનના વિવિધ ઉલમા તથા મશાઈખે આપને વિવિધ પ્રકારની સનદો અતા કરી. એક દિવસે આપે મગરિબની નમાઝ મક઼ામે ઈબ્રાહીમમાં અદા કરી. નમાઝ બાદ ઈમામે શાફઈય્યહ હઝરત હુસૈન બિન સાલેહ જમાલુલ્લૈલે અગાઉથી ઓળખાણ વિના આપનો હાથ પકડયો અને પોતાના ઘરે લઈ ગયા અને ઘણીવાર સુધી આપની પેશાનીને પકડીને ફર્માવ્યું :–

اِنِّی لَاَجِدُ نُوْرَ اللّٰہِ فِیْ ھٰذَا الْجَبِیْنِ ''બેશક ! હું અલ્લાહનું નૂર આ પેશાનીમાં જોઉં છું.''

અને સિહાહ સિત્તહ તથા ક઼ાદરી સિલસિલાની ઈજાઝત પોતાના હાથ વડે લખીને એનાયત ફર્માવી અને ફર્માવ્યું કે તમારું નામ ''ઝિયાઉદ્દીન અહમદ'' છે. *(અલ ઈજાઝાતિલ મતીના, અઝ : ઈમામ અહમદ રઝા, અનુવાદક : હામિદ રઝાખાં)*

''ઝિયાઉદ્દીન અહમદ'' ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને આપવામાં આવેલ પ્રથમ લક઼બ છે જે અરબી જગતે આપ્યો.

## (૪) હરમૈન શરીફૈનના ઉલમા અર્પિત લક઼બો :–

ઈમામ અહમદ રઝાની કિતાબો અલ્મોઅ્તકદુલ મુન્તક઼િદ, કિફલુલ્ ફક઼ીહ અલ્ફાહિમ, ફતાવા હરમૈન, હુસ્સામુલ હરમૈન તથા અદ્દવલતુલ મક્કિયહ પર હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના ઉલમાએ કિરામે તક઼રીઝો લખી છે. ખાસ કરીને હુસ્સામુલ હરમૈન તથા અદ્દવલતુલ મક્કિયહમાં તે ઈલ્મો ફઝ્લવાળા સાહબોએ મુજદ્દિદે ઈસ્લામ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને ઘણા જ પાકીઝા, બાવક઼ાર તથા ખૂબસૂરત અલ્ક઼ાબ તથા આદાબ વડે નવાઝયા. અહીં અમે તે જ લક઼બોને રજૂ કરીશું જે લક઼બની હૈસિયત ધરાવે છે. અને અમુક શબ્દો સુધી સીમિત છે.

- **શયખ અબુલ ખૈર અહમદ મીરદાદ, મસ્જિદે હરમ મક્કા મુકર્રમા** : ''બારીકીઓનો ખજાનો, મઅરેફતનો આફતાબ, જાહેરી તથા બાતિની ઈલ્મી આંટીઘુંટીઓને ખોલનાર.'' *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૩૮)*

- **અલ્લામા શયખ સાલેહ કમાલ, મક્કા મુકર્રમા :** "આલિમે અલ્લામ, ફઝાઈલનો દરિયો, મૌલાના મુહક્કિક઼, ઝમાનાની બરકત, સરદાર ઉલમાની આંખોની ઠંડક." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૪૨)*
- **અલ્લામા શયખ ઈબ્ને સિદ્દીક઼ કમાલ :** "રોશન સિતારા, ઉસ્તાઝે મોઅઝ્ઝમ, સરદાર વ પેશવા, ગર્દને વહાબિયહ પર તેગે બરાં (ઉઘાડી તલ્વાર)." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૪૬)*
- **અલ્લામા મુહમ્મદ અબ્દુલ હક્ક઼ મુહાજિર ઈલાહાબાદી (મક્કા મુકર્રમા) :** "અલ્લામા આલિમે જમીલ, દરયાએ ઝખ્ખાર, સરદારે ફઝ્લ, કષીરુલ એહસાન, દરયાએ બલંદ હિંમત, ઝહીનો દાનિશમંદ, બહરે નાપયદા કિનાર, સાહિબે ઝકા, કષીરુલ ફહમ." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૪૮)*
- **સૈયદ ઈસ્માઈલ ખલીલ મુહાફિઝે કુતુબ હરમે મક્કા મુકર્રમા :** "મન્ક઼બતોં ઔર ફખ્રોંવાલા, યક્તાએ ઝમાના, પોતાના સમયનો અજોડ." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૨૩, અદ્દવલતુલ મક્કિયા, પેજ : ૭)*
- **અલ્લામા પીર મરઝૂક઼ી અબૂ હુસૈન, મક્કા શરીફ :** "નૂરના ઊંચા સ્તંભવાળો, મઅરિફતનો દરિયો, સૈરાબે ઝહનવાલા, તાક઼તવર ઝબાનવાલા, દરયાએ મન્તિક." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૫૬)*
- **અલ્લામા મુહમ્મદ આબિદ ઈબ્ને મરહૂમ શયખ હુસૈન મુફ્તી સરદારાને મલિકિયહ :** "મશહૂર ઉલમાનો સરદાર, મોઅઝ્ઝઝ્ ફાઝિલોંકા માયએ ઈફતેખાર, સાહિબે અદ્લ, આલિમે બાઅમલ, ઈસ્લામ કી સઆદત, મહમૂદ સીરત, સાહિબે એહસાન." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૬૪)*
- **અલ્લામા મુહમ્મદ અલી માલિકી બિન શયખ હુસૈન માલિકી, મક્કા શરીફ :** "ઈલ્મી વર્તુળનું કેન્દ્ર, મુસલમાનોં કા યાવર, રાહ પાયોં કા નિગેહબાન, સઅદુદ્દીન, મૌલલ્ મઆરિફ વલ્ હુદા અઝદે હિદાયત." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૬૮)*

- **અલ્લામા શયખ સઅદ બિન ધલાન મક્કી :** "નાદિરે રોઝગાર, ખુલાસએ લૈલો નહાર." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૮૦)*
- **મૌલાના શયખ અબ્દુર્રહમાન ધલાન મક્કી :** "અલ્લામાએ ઝમાં, યક્તાએ રોઝગાર." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૮૪)*
- **અલ્લામા અહમદ હનફી મક્કી :** "ફખ્રે અકાબિર, પરહેઝગાર ફાઝિલ." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૮૬)*
- **અલ્લામા મુહમ્મદ સાલેહ બિન મુહમ્મદ અફઝલ મક્કી :** "આલિમ ફાઝિલ, માહિરે કામિલ, બારીક ફહમિયોંવાલા, બુલંદ મઅનોંવાલા." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૯૪)*
- **અલ્લામા અહમદ હામિદ મક્કી :** "મોઅતમદ પેશવા, ફાઝિલે મુતબહ્હિર." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૧૦૨)*
- **અલ્લામા મુહમ્મદ સઈદ શયખુદ્દલાઈલ, મદીના મુનવ્વરા :** "કષીરુલ ઈલ્મ, દરયાએ અઝીમુલ ફહમ." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૧૧૮)*
- **અલ્લામા મુહમ્મદ ઈબ્ને અહમદ અમરી :** "મુહક્કિક઼, કષીરુલ ફહમ, અલ્લાહ કી અતાઓંવાલા, દીન કા નિશાનો સુતૂન, ઈર્ફાનો મઅરેફતવાલા." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૧૨૮)*
- **અલ્લામા અબ્બાસ રિદ્‌વાન–મદીના મુનવ્વરા :** "અલ્લામા, ઈમામ અહમદ તેઝ ઝહન, બાલા હિંમત, યક્તાએ દહર." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૧૨૨)*
- **અલ્લામા મુહમ્મદ બિન સવસ ખિયારી–મદીના શરીફ :** "અલ્લામા મુહક્કિક઼, ફહ્હામાએ મુદક્કિક઼, ઈન્સાને કામિલ, આલિમ ફાઝિલ." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૧૨૯)*
- **અલ્લામા સૈયદ શરીફ અહમદ બરઝન્જી–મદીના શરીફ :** "સાહિબે તેહક઼ીક઼ વ તન્ક઼ીહ વ તદક઼ીક઼ વ તઝહીન, આલિમે અહલે સુન્નત વ જમાઅત." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૧૩૨)*

- **અલ્લામા મુહમ્મદ સઈદ બિન મુહમ્મદ બિલ્ફીલ, મક્કા મુકર્રમા :** "ઈમામે કામિલ." *(અદ્દવલતુલ મક્કિયા, પેજ : ૧૯)*
- **અલ્લામા શયખ સઈદ મુહમ્મદ બિન વાસેહ હુસૈની-મદીના મનુવ્વરા :** "ફખ્રે હિંદુસ્તાન." *(અદ્દવલતુલ મક્કિયા, પેજ : ૬૫)*
- **અલ્લામા શયખ અહમદ જઝાઈરી, મદીના મુનવ્વરા :** "અલ્લામાએ ઝમાં, યકતાએ રોઝગાર, સર ચશ્મએ મઅરેફત." *(અદ્દવલતુલ મક્કિયા, પેજ : ૭૪)*
- **અલ્લામા શયખ હુસૈન બિન અલ્લામા સૈયદ અબ્દુલ ક઼ાદિર-તરાબુલ્સી, મદીના મુનવ્વરા :** "હામીએ મિલ્લતે મુહમ્મદિયા તાહિરા, મુજદ્દિદે મિઅતે હાઝરા, મારા ઉસ્તાઝ તથા પેશવા." *(અદ્દવલતુલ મક્કિયા, પેજ : ૯૨)*
- **અલ્લામા મુહમ્મદ કરીમુલ્લાહ મુહાજિરે મદની** "ઈમામ બુઝુર્ગ, મુહક્કિ઼કે નુક઼તા રસ, આ જમાનાના મુજદ્દિદ." *(અદ્દવલતુલ મક્કિયા, પેજ : ૧૫૯)*
- **અલ્લામા શયખ મુહમ્મદ મુખ્તાર બિન અત્તાર જાવી, મક્કા મુકર્રમા શરીફ :** "ઉલ્માએ મોહક્કિ઼ક઼ીનકા બાદશાહ, નબી عليه الصلوة والسلامના મો'જિઝાઓમાંનો એક મો'જિઝો, યગાના ઈમામ." *(અદ્દવલતુલ મક્કિયા, પેજ : ૭૨)*
- **અલ્લામા શયખ મુસ્તફા બિન તારઝી બિન અઝૂઝ-મદીના મુનવ્વરા :** "ઉસ્તાઝે કામિલ, વરસતી ઘટા, ફાઈદા રસાં." *(અદ્દવલતુલ મક્કિયા, પેજ : ૧૪૬)*
- **અલ્લામા શયખ મૂસા અલી શામી અઝહરી અહમદ દરદૈરી મદની :** "ઈમામુલ અઈમ્મા, મિલ્લતે ઈસ્લામિયાના મુજદ્દિદ, નૂરે યક઼ીન."*(અદ્દવલતુલ મક્કિયા, પેજ : ૨૬૨)* વગેરે....

## (૫) સૌથી પ્રથમ 'ઈમામ અહમદ રઝા' કોણે લખ્યું ? :-

આમ તો આ'લા હઝરતના માટે હરમૈન શરીફૈનના ઉલમાએ ઈમામ લખ્યું છે, પરંતુ એમના નામથી પહેલાં "ઈમામ" લગાડવું એટલે કે, "ઈમામ અહમદ રઝાખાં" رحمۃ اللہ علیہ લખવું, આ અંદાઝ સૌ પ્રથમ અલ્લામા મુશ્તાક઼ અહમદ નિઝામી ઈલાહાબાદી رحمۃ اللہ علیہએ અપનાવ્યો, અને પોતાના માસિક પત્ર "પાસબાન"માં એમના માટે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ લખવું શરૂ કર્યું. ઈ.સ. ૧૯૭૬માં મંથલી "અલ્મીઝાન"એ આ'લા હઝરતની હયાત તથા શખ્સિયત તથા કારનામાઓ પર અજોડ તથા સેંકડો પેજોવાળો મોટો "ઈમામ અહમદ રઝા નંબર" (વિશેષાંક) પ્રસિદ્ધ કર્યો તો એમાં દરેક જગાએ એમના માટે "ઈમામ અહમદ રઝા" લખ્યું છે. ત્યારબાદ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ લખવાનો એક રિવાજ બની ગયો. માહિરે રઝવિય્યત પ્રોફેસર ડો. મસ્ઊદ અહમદ સાહબ, અલ્લામા અબ્દુલહકીમ અખ્તર શાહજહાંપૂરી رحمۃ اللہ علیہ તથા અલ્લામા શમ્સ બરેલ્વી رحمۃ اللہ علیہ, સૈયદ રિયાસત અલી ક઼ાદરી رحمۃ اللہ علیہ તથા અન્ય પાકિસ્તાની તથા હિંદુસ્તાની ક઼લમકારોએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જ લખવું શરૂ કરી આપ્યું. ત્યાં સુધી કે તેમની કિતાબોને પ્રસિદ્ધ કરનારા પ્રકાશકોએ પણ એમના માટે "ઈમામ અહમદ રઝા" رحمۃ اللہ علیہ લખ્યું અને આજે પણ આ અંદાઝ નિભાવી રાખ્યો છે.

## (૬) મુહદ્દિષે બરેલ્વી :-

હઝરત મસ્ઊદે મિલ્લત ડો. મસ્ઊદ અહમદ સાહબે "મુહદ્દિષે બરેલ્વી" નામથી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની હયાત તથા શખ્સિયત પર કિતાબ લખી. ત્યાર બાદ અમુક પાકિસ્તાની ક઼લમકારોએ પણ એમને "મુહદ્દિષે બરેલ્વી" લખવાનું શરૂ કર્યું. આ પણ એક લક઼બ જ છે.

## (૭) ફક઼ીહે અસ્ર (સમયના ફક઼ીહ) :-

ડો. મસ્ઊદ અહમદ સાહબે "ફક઼ીહે અસ્ર" નામ વડે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ફિક઼ાહત પર કિતાબ લખી. આ પણ ખૂબસૂરત લક઼બ છે.

## (૮) સરતાજુલ ફુકહા :–

ડો. મસ્ઊદ અહમદ સાહબની ''સરતાજુલ ફુકહા''ના નામથી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ફિકહાત પર એક બીજી કિતાબ છે. ''સરતાજુલ ફુકહા'' પણ સારો લકબ છે, અને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની શાનને અનુરૂપ છે.

## (૯) ચશ્મો ચિરાગે ખાનદાને બરકાતિયહ :–

મારહરા મુતહહરા, ખાનવાદએ બરકાતિયાના એક અઝીમ તથા જલીલ શાહઝાદા હઝરત સૈયદ આલે રસૂલ હસ્નૈનમિયાં કાદરી ઉર્ફે નઝમી મિયાં (رحمۃ اللہ علیہ)એ ઈમામ અહમદ રઝાને ''ચશ્મો ચિરાગે ખાનદાને બરકાત'' લખ્યું. *(અલ્મીઝાનનો ઈમામ અહમદ રઝા નંબર, ૧૯૭૬, પેજ : ૨૩૫)*

## (૧૦) મુજદ્દિદે આ'ઝમ :–

ખાનવાદએ અશરફિયા કિછૌછા શરીફના ચશ્મો ચિરાગ મુહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મૌલાના સૈયદ મુહમ્મદ મિયાં رحمۃ اللہ علیہએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને ''મુજદ્દિદે આ'ઝમ'' કહ્યા. *(અલ્મીઝાનનો ઈમામ અહમદ રઝા નંબર, ૧૯૭૬, પેજ : ૨૪૧)*

## (૧૧) વાસિફે શાહે હુદા :–

પ્રો. ડો. તલ્હા રઝવી ''બર્ક''એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને ''વાસિફે શાહે હુદા'' કહ્યા. *(અલ્મીઝાનનો ઈમામ અહમદ રઝા નંબર, ૧૯૭૬, પેજ : ૨૪૦)*

હુઝૂર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ખુદ પોતે પોતાને ''વાસિફે શાહે હુદા'' કહ્યું છે. શેઅર જુઓ :–

*યહી કહતી હૈ બુલબુલે બાગે જિનાં*
*કે રઝા કી તરહ કોઈ સહર બયાં*
*નહીં હિંદમેં વાસિફે શાહે હુદા,*
*મુઝે શોખિયે તબએ રઝા કી કસમ*

આ હકીકતમાં રઝાથી જ સંબંધિત છે પરંતુ રઝા માટે હસન લકબ છે.

**(૧૨) શાહે મુલ્કે સુખન :–**

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતાના આકા હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની ગુલામી પર નાઝ કરતાં તહદીષે નેઅમતના ખાતર ખુદ પોતાને મુલ્કે સુખનના શાહ કહ્યું છે. ફર્માવે છે :–

*મુલ્કે સુખન કી શાહી તુમકો રઝા મુસલ્લમ*
*જિસ સિમ્ત આ ગયે હો સિક્કે બિઠા દિયે હૈં*
*(એક ઠેકાણે આ લકબ અન્યએ આપ્યાનું પણ વર્ણન છે.)*

**(૧૩) શયખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન :–**

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના મોટા સાહબઝાદા હુજ્જતુલ ઈસ્લામ અલ્લામા હામિદ રઝા ખાન નૂરલ્લાહ મર્કદહૂએ "શયખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન" વડે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના વિસાલ (હિ.સ. ૧૩૪૦)નો તારીખી માદ્દો કાઢયો છે. હવે એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ માટે એક લકબ બની ગયો છે અને તેમને "શયખુલ ઈસ્લામ વલ્મુસ્લિમીન" પણ લખવામાં આવે છે.

**(૧૪) ઈમામે નઅત ગોયાં :–**

મૌલાના અખ્તર હામિદી સાહબ મર્હૂમ (કરાચી)એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને "ઈમામે નઅત ગોયાં" લખ્યું છે. તેઓ આ વિષયે ઈમામની નઅતગોઈ પર વિસ્તૃત કિતાબ લખવાનો ઈરાદો ધરાવતા હતા.

**(૧૫) કિબ્લાએ અહલે દિલ :–**

ડો. નસીમ કુરૈશી મર્હૂમ શોઅબા ઉર્દૂ મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢ એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને "કિબ્લએ અહલે દિલ" લખ્યું. *(અલ્મીઝાન, પેજ : ૫૪૯)*

**(૧૯) ફાઝિલે બરેલ્વી :–**

ઈમામ અહમદ રઝા رحمۃاللہعلیہના માટે શરૂથી જ "ફાઝિલે બરેલ્વી" કહેવાતુ તથા લખાતુ આવ્યું છે. આજે જ્યારે પણ "ફાઝિલે બરેલ્વી" બોલવા કે લખવામાં આવે છે તો દિમાગ કોઈ અન્ય આલિમની તરફ ન જતાં ઈમામ અહમદ રઝા رحمۃاللہعلیہની પ્રતિ જ જાય છે. (ઈમામ અહમદ રઝા رحمۃاللہعلیہને આ લક઼બ કોણે આપ્યો અને ક્યારે આપ્યો, અને સૌ પ્રથમ કોણે લખ્યું, એ વાત હજી સુધી જાણી નથી શકાયી.)

**ઉપસંહાર** : અરબ તથા અજમના ઉલમા, ક઼લમકારો તથા જ્ઞાની પુરૂષોએ ઈમામ અહમદ રઝા رحمۃاللہعلیہના ફઝાઈલ તથા પ્રશંસાઓમાં એકથી ચઢીને એક હસીન અંદાઝમાં વર્ણન કર્યાં છે, અને ઘણા જ બાવક઼ાર તથા ખૂબસૂરત લક઼બોથી યાદ કર્યા છે. સૌને એકત્ર કરવું મુશ્કેલ છે. ઈમામને માનવા ચાહવાવાળા એમને બેહતરથી બેહતર અલ્ક઼ાબ તથા આદાબ વડે યાદ કરતા જાય છે. શાઈરો એમની ખૂબીઓના ઉમદા પ્રદર્શનમાં તરકીબસાઝીઓ પણ કરી રહ્યા છે, પરંતુ અત્યાર સુધી ઈમામ અહમદ રઝા رحمۃاللہعلیہને જે અલ્ક઼ાબો તથા આદાબ વડે યાદ કરવામાં આવ્યા છે અને એમાં જ વિશેષ લોકપ્રિય છે એનું સંક્ષિપ્ત વર્ણન અહીં રજૂ કર્યું છે. *–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, માર્ચ–૨૦૧૭)*

*(હવાલો : અઝ : ડો. અબ્દુન્નઈમ અઝીઝી, અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિકમાર્ચ–૨૦૧૭, બરકાતે ખ્વાજા–માસિક)*

# આ'લા હઝરત رضی اللہ عنہના ઈમાન તથા યક઼ીનની પુખ્તતાની ઝલકો

આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ યક઼ીનન ! રાહે સુલૂકના મુસાફિર, મહાન સૂફીએ કામિલ, આરિફ બિલ્લાહ હતા. વલી તથા સૂફીએ કામિલના માટે અન્ય અનિવાર્ય શરતોની સાથોસાથ ઈમાન તથા યક઼ીનમાં આમ લોકો કરતાં અધિક મજબૂત તથા પરિપૂર્ણતા હોવી જોઈએ. એને જ કુર્આને الَّذِیۡنَ اٰمَنُوۡا وَ کَانُوۡا یَتَّقُوۡنَ ''તે જેઓ ઈમાન લાવ્યા અને પરહેઝગારી કરે છે.'' *(સૂ. યૂનુસ, ૧૦/૬૩)*માં વર્ણવેલ છે. આ મજબૂતી તથા પુખ્તાપણુ તથા યક઼ીન ઈમામ અહમદ રઝાની પૂરી જિંદગીમાં જોવા મળે છે. તેમના ખયાલો તથા અક઼ીદાઓ યક઼ીનની મજબૂત બુનિયાદ પર સ્થાપિત છે, ચાહે તે ઉસૂલી હોય કે શાખાકિય. પણ જે હક્ક઼ અક઼ીદો તે રાખે છે એમાં અડગ તથા મજૂબત છે અને આ પુખ્તાપણુ કેવળ ઈલ્મથી કદાપિ નથી પેદા થતું, એના માટે ઈર્ફાન (માઅરેફત) જરૂરી છે.

## ★ જો આ'લા હઝરતના દિલના બે ટુકડા કરવામાં આવે તો...?! ★

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની જન્મ તારીખને એમણે ખુદ ઈસ્તેખરાજ કરી (કાઢી) હતી તે આ આયતે કરીમામાં છે :–

اُولٰٓئِکَ کَتَبَ فِیۡ قُلُوۡبِہِمُ الۡاِیۡمَانَ وَ اَیَّدَہُمۡ بِرُوۡحٍ مِّنۡہُ ؕ

''એ છે જેમનાં દિલોમાં અલ્લાહે ઈમાન નક઼શ કરી આપ્યું અને પોતાની તરફની રૂહથી તેમની મદદ કરી.'' *(સૂ. મુજાદિલા, ૫૮/૨૨)* **હિ.સ. ૧૨૭૨.** (આયતના અદદો પ્રમાણે)

આ આયતનો પ્રારંભિક હિસ્સો આ પ્રમાણે છે :–

لَا تَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَ الْيَوْمِ الْاٰخِرِ يُوَآدُّوْنَ
مَنْ حَآدَّ اللّٰهَ وَ رَسُوْلَهٗ وَ لَوْ كَانُوْٓا اٰبَآءَهُمْ اَوْ اَبْنَآءَهُمْ
اَوْ اِخْوَانَهُمْ اَوْ عَشِيْرَتَهُمْ ؕ

''તમે પામશો નહીં એ લોકોને જેઓ યક઼ીન રાખે છે અલ્લાહ અને પાછલા દિવસ પર કે દોસ્તી કરે તેમનાથી જેમણે અલ્લાહ વ રસૂલથી વિરૂધ્ધતા કરી, ભલે તેઓ તેમના બાપ કે બેટા કે ભાઈ કે કુટુંબીઓ હોય.'' *(સૂ. મુજાદિલા, ૫૮/૨૨)* એની સાથે જ ઉપરની આયત આવેલી છે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہ ની અંદર ખુદા તથા રસૂલના દુશ્મનોથી નફરત પ્રારંભથી જ હતી. પોતે જ ફર્માવે છે : ''બિહમ્દિલ્લાહિ તઆલા, બચપનથી મને ખુદાના દુશ્મનોથી નફરત છે, અને મારાં બાળકોનાં બાળકોને પણ ખુદાના ફઝ્લથી ખુદાના દુશ્મનોથી નફરત ગળથુથીમાંથી જ પીવડાવી દેવામાં આવી છે. અને ખુદાના ફઝ્લથી આ વાયદો પણ પૂર્ણ થયો : اُولٰٓئِكَ كَتَبَ فِيْ قُلُوْبِهِمُ الْاِيْمَانَ

બિહમ્દિલ્લાહ ! **જો દિલના બે ટુકડા કરવામાં આવે તો ખુદાની ક઼સમ એક પર લખ્યુ હશે : ''લાઈલાહ ઈલ્લલ્લાહ'' બીજા પર લખ્યુ હશે : ''મુહમ્મદુર્રસૂલુલ્લાહ'' (ﷺ).**

*(વસાયા શરીફ, અલ્મલ્ફૂઝ)*

આરિફે કામિલ સિવાય કોણ આ દાવો કરી શકે છે ?! કે ખુદાની ક઼સમ ! મારા દિલમાં ઈમાન આ રીતે નક઼શ છે. અને આવો કામિલ ઈમાનવાળો કોણ મળી શકે છે જેના દિલ પર **લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** લખી દેવામાં આવેલ હોય. આ સાચા સૂફિયાએ કિરામ તથા અલ્લાહવાળાઓનો જ ખાસ હિસ્સો છે.

## ★ રબની કામિલ કુદરત પર યક઼ીનની સ્થિતિ ★

એ જ પ્રમાણે રબ્બે ક઼દીરની કુદરતે કામિલા પર પણ તેમને દરેક

ઘડીએ કામિલ યક઼ીન રહેતુ હતું. ઘણી બધી વિદ્યાઓની જેમ ઈલ્મે નુજૂમ (તારાઓના જ્ઞાન)માં પણ આપ નિષ્ણાત હતા. અને સામાન્યતઃ નુજૂમીઓ (ભવિષ્યવેત્તાઓ) પોતાના ગુમાનના ઈલ્મ પર એટલો ભરોસો રાખતા હોય છે કે ખુદાની કુદરતને ભૂલી જાય છે. પણ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની કૈફિયત કાંઈ ઔર જ છે !

મૌલાના મુહમ્મદ હુસૈન સાહબ બરેલ્વીના પિતા મૌલાના ગુલામ હુસૈન સાહબ જે ઈલ્મે નુજૂમ (જ્યોતિષ વિદ્યા)માં ખૂબ જ કમાલ ધરાવતા હતા. તારાઓની ઓળખ અને તેનાં પરિણામો કાઢવામાં ખૂબ જ નિપૂણતા હતી. ઉમરમાં આ'લા હઝરત رضی اللہ عنہથી મોટા હતા અને આપના પિતાને મળવાવાળાઓમાંથી હતા. એ એકવાર આ'લા હઝરત رضی اللہ عنہને ત્યાં આવ્યા. આ'લા હઝરતે પૂછયું, બતાવો ! વરસાદનો શું અંદાઝ છે ? ક્યાં સુધીમાં થશે ? તેમણે તારાઓના સ્થાન પ્રમાણે માળખુ દોર્યું અને ફર્માવ્યું, આ મહિનામાં પાણી નથી, આવતા મહિનામાં થશે, આવું કહીને નકશો આ'લા હઝરતની તરફ લંબાવ્યો. આપે જોઈએ ફર્માવ્યું, અલ્લાહને સર્વ કુદરત છે, ચાહે તો આજે જ વરસાદ થાય ! તેમણે કહ્યું કે એ કેવી રીતે થઈ શકે છે ?! તમે તારાઓની સ્થિતિ નથી જોઈ રહ્યા ? આપે ફર્માવ્યું, મોહતરમ ! હું બધું જ જોઈ રહ્યો છું અને એની સાથે તારાઓને ચલાવનાર અને તેની કુદરતને પણ જોઈ રહ્યો છું.

પછી આ મુશ્કેલ મસ્અલાને ઘણા જ આસાન તરીક઼ાથી સમજાવ્યો. સામે ઘડિયાળ લટકાવેલુ હતું. આ'લા હઝરતે એમને પૂછયું, કેટલા વાગ્યા છે ? બોલ્યા, સવા અગ્યાર વાગ્યા છે : ફર્માવ્યું, બાર વાગવામાં કેટલી વાર છે ? બોલ્યા, પોણા કલાકની. ફર્માવ્યું, એનાથી પહેલાં ? કહ્યું, કદાપિ નહીં ! બરાબર પોણો કલાક થશે. આ'લા હઝરત ઉઠયા અને મોટો કાંટો ઘુમાવી દીધો તો તરત જ ટન ટન બારના ટકોરા વાગવા માંડયા. આ'લા હઝરતે કહ્યું, તમે કહ્યું હતું કે બરાબર પોણો કલાક ઘડિયાળમાં બાર વાગવામાં બાકી છે ! બોલ્યા, એનો કાંટો ઘુમાવી દીધો, નહીં તો પોતાની ગતિમાં પોણા કલાક બાદ જ બાર વાગતા. આ'લા હઝરતે

ફર્માવ્યું, એ જ પ્રમાણે રબ્બુલ ઈઝ્ઝત ક઼ાદિરે મુત્લક઼ છે કે જે તારાને જે સમયે જ્યાં ચાહે પહોંચાડી આપે. તે ચાહે તો એક મહિનો, એક અઠવાડીયુ એક દિવસ શું ! હમણા જ વરસાદ પડવા લાગે ! એટલુ કહેતાં જ ચારે તરફ ઘનઘોર ઘટા છવાઈ ગઈ, અને તરત જ પાણી વરસવા લાગ્યું. *(હયાતે આ'લા હઝરત, અઝ : મલિકુલ ઉલમા મૌલાના ઝફરુદ્દીન બિહારી رحمۃ اللہ علیہ)*

શું ખુદાની કુદરત પર આવું પાકુ ઈમાન તથા યક઼ીન કોઈ તારાઓના માહિર (જ્યોતિષ વિદ્યાના જ્ઞાની)માં મળી શકે છે ?! વળી **શું ઝબાનની આવી તાષીર કોઈ જાહેરી આલિમના ત્યાં મળી શકે છે ? આ બનાવ ઉઘાડી દલીલ છે કે આ'લા હઝરત કેવળ આલિમ જ ન હતા બલ્કે આરિફ બિલ્લાહ તથા સૂફીએ કામિલ પણ હતા.**

**★ રસૂલે પાક ﷺના ક઼ૌલ પર યક઼ીનની સ્થિતિ ★**

હદીષ શરીફમાં એક દુઆ છે કે કોઈ કશ્તી (નાવ, વહાણ) પર સવાર થતી વખતે પઢી લેવામાં આવે તો ડૂબી જવાથી હિફાઝત થશે. તે દુઆ આ પ્રમાણે છે :–

**بِسْمِ اللّٰہِ مَجْرِھَا وَمُرْسَا ھَا اِنَّ رَبِّیْ لَغَفُوْرٌ رَّحِیْمٌ ۔ وَمَا قَدَرُوْ اللّٰہَ حَقَّ قَدْرِہٖ وَالْاَرْضُ جَمِیْعًا قَبْضَتُہٗ یَوْمَ الْقِیَامَۃِ وَالسَّمٰوٰتُ مُطَوِّیَاتٌ بِیَمِیْنِہٖ سُبْحٰنَہٗ وَتَعَالٰی عَمَّا یُشْرِکُوْنَ**

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ પ્રથમ હજના સફરમાં જહાઝ પર સવાર થતી વખતે એ દુઆ પઢી લીધી હતી. સાથે વાલિદૈન رحمۃ اللہ علیہما પણ હતાં. સમુદ્રમાં સખત તોફાન આવ્યું. લોકોએ કફન પહેરી લીધાં. વાલિદા માજિદા ઘણા જ પરેશાન થયાં. આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે કે તેમની બેચૈની જોઈને આપોઆપ મારી જીભેથી નીકળ્યું : **"તમો ઈત્મિનાન રાખો, ખુદાની ક઼સમ ! આ જહાઝ ડૂબશે નહીં !"**

હું હદીષના સાચા વાયદા પર સંતુષ્ટ હતો, તેમ છતાં ક઼સમના નીકળી જવાથી મને અંદેશો થયો અને તરત જ હદીષ યાદ આવી :

من يتألّ على الله يكذّ به હઝરત ઈઝ્ઝતની તરફ રજૂઅ કરી અને સરકાર ﷺથી મદદ માગી, તો જે વિરોધી હવા ત્રણ દિવસથી જોશભેર ચાલી રહી હતી તે બિહ્મ્દિલ્લાહ ! ઘડીકવારમાં રોકાય ગઈ અને જહાઝને છૂટકારો મળી ગયો. *(અલ્મલ્ફૂઝ, ૨/૨)*

### ★ દુઆ પઢવાને કારણે જે તે બીમારી ન થવાનુ પાકુ યક઼ીન ! ★

એ જ પ્રમાણે હદીષમાં છે કે જે કોઈ બલામાં સપડાયેલાને જોઈને :–

الحمدُ لِلّٰهِ الَّذِیْ عَافَانِیْ مِمَّا ابْتَلَاكَ بِهٖ وَفَضَّلَنِیْ عَلٰی
كَثِیْرٍ مِّمَّنْ خَلَقَ تَفْضِیْلًا۔

પઢી લે તો તે બલા તથા બીમારીથી તે મેહફૂઝ રહેશે. ઈમામ અહમદ રઝાએ પ્લેગમાં સપડાયેલાને જોઈને વારંવાર આ દુઆ પઢી હતી અને હદીષ પર તેમને સંપૂર્ણ વિશ્વાસ હતો.

એકવાર કોઈ ગરીબને ત્યાં દા'વતમાં મોટાનું મટન ખાવુ પડયું જેના કારણે ગળામાં સોજો થઈ ગયો. બોલવાનું પઢવાનું સૌ મૌકૂફ થઈ ગયું. એ દિવસોમાં બરેલીમાં પ્લેગનું જોર હતું ડોક્ટરે જોઈને કહ્યું કે, એ જ છે ! આ'લા હઝરત ફર્માવે છે, હું બોલી શકતો ન હતો એટલે જવાબ આપી શકયો નહીં. દિલમાં બારગાહે રબ્બુલ ઈઝ્ઝત તરફ રુજૂઅ કર્યું અને અર્ઝ કરી : اَللّٰھم صَدِّقِ الحبِیب وکذِّبِ الطَّبِیب "હે ખુદાવંદા ! તારા હબીબનો ક઼ૌલ સાચો કરી બતાવ, અને ડોકટરનો ક઼ૌલ જૂઠો !" તરત જ જાણે કોઈએ કાનમાં એક તદબીર બતાવી અને મિસ્વાક તથા લવિંગના ઉપયોગથી બીમારી જતી રહી. પછી ડોકટરને ત્યાં કહેવડાવ્યું કે તમારો "પ્લેગ" જતો રહ્યો !

### ★ જે વર્ષા દરમ્યાન તવાફ કરે તે રહમતે ઈલાહીમાં તરે છે ! ★

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના બીજા હજના સફરમાં મક્કામાં હઝરતને તાવ હતો. ફર્માવે છે કે મુહર્રમના છેવટમાં ખુદાના ફઝ્લથી

સાજો થઈ ગયો. ત્યાં સુલ્તાની હમ્મામ છે. હું તેમાંથી નહાયને બહાર નીકળ્યો તો વાદળ જોયું અને હરમ શરીફ પહોંચતાં પહોંચતાં વરસવાનું શરૂ થયું. મને હદીષ યાદ આવી કે, ''જે વરસતા વરસાદમાં તવાફ કરે તે રહમતે ઈલાહીમાં તરે છે.'' તો તરત જ મેં સંગે અસ્વદનો બોસો લઈને વરસાદમાં જ સાત ફેરા તવાફ કર્યો. તાવ ફરીથી ઉઠલો મારીને આવ્યો. મૌલાના સૈયદ ઈસ્માઈલે ફર્માવ્યું, એક ઝઈફ હદીષના માટે તમે તમારા શરીરની નિષ્કાળજી કરી ?! મેં કહ્યું, હદીષ ઝઈફ છે પણ રબથી ઉમ્મીદ મજબૂત છે ! એ તવાફ બિહમ્દિહી તઆલા ખૂબ જ મજાનો હતો. વરસાદના કારણે તવાફ કરનારાઓની ભીડ ન હતી. *(અલ્મલ્ફૂઝ, ૨/૨૫)*

ઘણી બધી હદીષો પોતાની સનદોના હિસાબે મુહદ્દિષોની નજીક ઝઈફ છે, પણ ઈર્ફાનવાળાઓ તથા ઔલિયાએ કિરામની નજીક કશ્ફ તથા મુશાહિદાના કારણે કવી (મજબૂત) છે. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ''મુનીરુલ ઓયૂન ફી તક્બીલિલ ઈબહા''માં એનું વિગતે વર્ણન કર્યું છે.

એક ઝઈફ હદીષમાં આવ્યું કે બુધવારે નખ કાતરવું કોઢ પેદા કરે છે એક બુઝુર્ગ આલિમ (અલ્લામા અમીર બિન અલ્હાજ મક્કી, મુદખલના લેખક) સાહબે હદીષના ઝઈફ હોવાનો ખયાલ કરીને બુધવારે નખ કપાવ્યા તો કોઢ થઈ ગયા. રાતે જમાલે જહાંઆરા હુઝૂર صلی اللہ علیہ وسلمની ઝિયારતથી મુશર્રફ થયા. સરકાર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તમે ન સાંભળ્યું હતું કે મેં એનાથી મના કર્યું છે ?! અર્ઝ કરી, મારી નજીક સેહતે પહોંચી (સહીહ) ન હતી. ફર્માવ્યું, તમારા માટે એટલુ પૂરતુ હતું કે હદીષ મારા નામે પાકથી તમારા કાનો સુધી પહોંચી હતી. આમ ફર્માવીને હુઝૂર صلی اللہ علیہ وسلمએ પોતાનો હાથ મુબારક કે જે બંને જહાનની પનાહ તથા અપાર મદદગાર છે તેને તેમના શરીર પર ફેરવી આપ્યો તો તરત જ સાથ થઈ ગયા ! અને એ જ વખતે તૌબા કરી કે હવે કદી હદીષ સાંભળીને તેની વિરૂધ્ધ કરીશ નહીં.

*(ફતાવા રઝવિય્યહ, ૨/૪૧૯)*

*(જો કે ૪૦ દિવસ ઉપર થતા હોય તો બુધવારે નખ કાપી શકાય. કેમ કે ૪૦ દિવસથી વધુ નખ થવા દેવા મકરૂહ છે. –સંપાદક)*

**આ કારણે ઈમામ અહમદ રઝા قدس سرہ ને એ ઝઈફ હદીષો પર પણ મજબૂત વિશ્વાસ હોતો જે કોઈ શરીઅતની નસ (દલીલ)થી વિરૂધ્ધ ન હોતી અને ફઝાઈલે રિજાલ અને ફઝાઈલે આમાલમાં નિઃસંકોચ તેના પર અમલ કરતા. અલ્બત્ત મૌઝૂઅ (બનાવટી, ઘડી કાઢેલી) હદીષ કોઈ રીતે અમલને પાત્ર નથી, કેમ કે તે હદીષ જ નથી ! કોઈ બદબખ્તની મનઘડત છે. આ ઈલ્મી ચર્ચામાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ નો તસવ્વુફ તથા ઈર્ફાન જોવા મળે છે. દિલી યક઼ીન તથા ઈમાનનો કમાલ તથા મજબૂતી આરિફો તથા અવલિયાએ કામિલીનના દર પર જ નસીબ થાય છે.**

*(ઈમામ અહમદ રઝા ઔર તસવ્વુફ, અઝ : અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી, મુબારકપુરના સૌજન્યથી, રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક, બરકાતે ખ્વાજા–માસિક, નવેમ્બર–૨૦૧૭)*

# ઈમામ અહમદ રઝા : શૈખુલ ઈસ્લામકી નઝરમેં

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

આપ લોગ જિન ઈલાકોં મેં રહતે વહાં કા ક્યા દસ્તૂર હય, યે મુઝે નહીં માલૂમ. મગર મેં જિસ ઈલાકેકા કા રહનેવાલા હૂં વહાં બચ્ચા જબ ચાર સાલ, ચાર મહિને, ચાર દિનકા હોતા હૈ, તો ઉસકો મકતબમેં બિઠા દિયા જાતા હૈ. હમારે યહાં બગદાદી કાયદા પળ્હનેકા દસ્તૂર હૈ. તો ઈસ ઉમ્ર મેં સામને એક મોઅલ્લિમ લેકર બૈઠ જાતા હય. યે પુરાના દસ્તૂર ચલા આ રહા હૈ ઔર અબ ભી ચલ રહા હૈ. ઈસી દસ્તૂર કે મુતાબિક઼ ઉસી દસ્તૂર વાલે ઈલાકે મેં એક બચ્ચેકા વાક઼િઆ મૈં સુનાઉં, કે જબ વો ચાર સાલ ચાર મહિને ચાર દિનકા હુઆ તો ઉસકો મક્તબમેં બિઠા દિયા ગયા. ઉસ્તાદકે સામને દો ઝાનૂં તહ કરકે બૈઠ ગયા. મજમા અજીબ લગા હુવા હૈ. બચ્ચે કે ઘરવાલે, દુસરી ભી ક઼ાબિલે એહતેરામ શખ્સિયતેં, ખાનદાનવાલે, દુસરે ભી અહબાબો અઈઝ્ઝા આ ચૂકે હૈં, તક઼રીબ મેં શિર્કત કે લિએ.

### ★ યહ બચ્ચા પળ્હને આયા હૈ કે પળ્હાને ?! ★

આપ ખયાલ કરેં, ઔર ચાર સાલ ચાર મહિને ચાર દિનકે બચ્ચોંકો ઝહન મેં રખ્ખેં જિનકો આપ બાર બાર દેખતે હૈં. ઔર ઉનકી ઝહની ઉળાન, ઉનકી ઝહની ગહરાઈયોંકો આપ સોચેં તો મસ્અલે કો સમઝનેમેં આપકો ઔર આસાની હોગી. બચ્ચા બૈઠ ગયા. અબ ઉસ્તાદ એક એક લફ્ઝ કહતા જા રહા હૈ ઔર બચ્ચા ઉસકો દોહરા રહા હૈ. ઉસ્તાદને શુરૂ કિયા, ''બિસ્મિલ્લા હિર્રહ્મા નિર્રહીમ...'' બચ્ચેને ભી દોહરા દિયા.

'બિસ્મિલ્લાહ હિર્રમા નિર્રહીમ...' ઉસકે બાદ ઉસ્તાદ ને શુરૂ કિયા 'અલિફ' ઉસને ભી કહ દિયા 'અલિફ'. ઉસકે બાદ ફિર 'બે' ઔર 'તે' એક એક લફઝ ઉસ્તાદ કહતે જા રહા હય, બચ્ચા દોહરાતા જા રહા હૈ, ચલતે ચલતે એક ઐસી મંઝિલ આયી કે ઉસ્તાદ ને કહા 'લામ અલિફ' ! બચ્ચા ખામોશ હો ગયા ! ઉસ્તાદ કહતા હૈ, પળ્હો. બચ્ચા, ખામોશ ! એક હયરત કી કૈફિયત, એક સકતે કા આલમ ! ઐસી ભી બાત નહીં થી કે બચ્ચા તલફફુઝ કરને પર કાદિર નહીં થા. અગર કાદિર નહીં હોતા તો.... પૂરી કુદરત ઉસ બચ્ચે કો હૈ મગર ખામોશ હૈ. ઉસ્તાદ કહતા હય 'લામ અલિફ' મગર બચ્ચા ખામોશ ! ખામોશીકી વજહ ? બાપને ઈશારા કિયા બેટા, વજહ બતાઓ ?! બચ્ચા કહતા હૈ, અભી ઈસસે પેહલે હમારે ઉસ્તાદને 'લામ' કો ભી પળ્હા દિયા 'અલિફ' કો ભી પળ્હા દિયા. 'લામ' કા ભી ઝિક્ર હો ચુકા 'અલિફ' કા ભી ઝિક્ર હો ચુકા, અબ ઈસકી તકરાર કી ઝરૂરત ક્યા ? અબ ઉસકો દોહરાનેકી ઝરૂરત ક્યા ? તો ઉસ્તાદને કહા, બેટે ! બાત યે હૈ કે જિસકો મૈંને 'અલિફ' કહા થા, વો 'અલિફ' નહીં હૈ, વો અસ્લ મેં 'હમ્ઝા' હૈ. ઈસ લિએ કે 'અલિફ' પર કોઈ હરકત નહીં હોતી. ઔર જિસ પર હરકત હો વો 'અલિફ' નહીં. 'અલ્હમ્દ' મેં આપ તો કહને પર 'અલિફ' કહતે હંય, મગર વો અસ્લમેં 'હમ્ઝા' હૈ ઔર વહી 'હમ્ઝા' જબ દરમિયાન મેં આતા હય તો ઝટકેસે પળ્હા જાતા હય. ઔર વહી 'હમ્ઝા' જબ દરમિયાન મેં આતા હય તો ઉસકો ઝટકેસે નહીં, અયસા પળ્હતે હંય જૈસે આપ 'અલિફ' પઢતે હંય. તો 'અલિફ' કે અંદર હરકત નહીં હોતી. તો જિસ લફ્ઝ મેં હરકત ન હો ઉસકી અદાયગી કૈસે કી જાએ ? ઈસ લિએ લામ લગા દિયા ગયા હય, 'લા' બચ્ચેકો તો 'લામ' અલિફ' કહતે હંય મગર વો હય 'લા' ઈસલિયે કે જો સાકિન હો વો જબ તક ઉસે કોઈ મુતહર્રિક મિલા ન હો ઉસકા તલફ્ફૂઝ હી નહીં હો સક્તા.

ઝરા ખ્યાલ કરેં, તો બચ્ચેને કહા, માલૂમ યે હુવા કે યે કોઈ નયી ચીઝ હૈ. યે 'અલિફ' હય યે નયી ચીઝ હય. પેહલે જો થા વો 'હમ્ઝા' થા. બચ્ચે કી સમઝમેં યે બાત આ ગઈ.

યહી બાત અગર હય તો 'લામ' કે લાને કી તખ્સિસ ક્યા થી ? અગર 'અલિફ' કા તલફ્ફૂઝ હી કરના થા તો 'લા' કી જગહ 'બા' ભી તો હો સકતા થા, 'જા' ભી તો હો સક્તા થા, કિસી ભી લફઝ કો મિલા દિયા જાતા, યે 'લામ' હી ક્યૂં લાયા ગયા ? અબ યે વક્ત થા કે ઉસ્તાદ ખામોશ થા ! મગર બાપ કે જિગરમેં મસર્રત કી લહરેં ઉઠ રહી થી, બાપ કે દિલો દિમાગમેં મસર્રત કી મૌજેં ઉઠ રહી થી. ઔર બાપને ઈસ રાઝકો ખોલા કે દેખો, 'લામ' મેં ઔર 'અલિફ' મેં એક ક઼લ્બી મુનાસેબત હય. એક અંદરૂની રાબતા હય. ઉસકો અયસે આપ સમઝેંગે. ઝરા ઉર્દૂમેં લિખ્ખેંગે. ઔર ફિર 'લામ' ઉર્દૂમેં લિખ્ખેં તો 'લામ અલિફ–મીમ', 'અલિફ' જબ આપ લિખ્ખેંગે તો અલિફ–લામ–ફે'. તો 'અલિફ' (લફઝ) મેં 'અલિફ' જબ લિખતે હંય તો 'લામ' ભી બીચમેં આતા હૈ. ઔર 'લામ' (લફ્ઝમેં) લિખ્ખો તો 'અલિફ' બીચમેં આતા હૈ. ઔર 'લામ' (લફઝમે) લિખ્ખો તો 'અલિફ' બીચમેં. તો કહા કે ઈન દોનોંમેં ઈત્તેહાદે ક઼લ્બી હૈ. યે દો હો કે ભી એક હૈ. (દુરૂદ શરીફ)

## ★ ૧૪ સાલકી ઉમ્રમેં ૫૦ ઈલ્મો ફનકા ઈમામ ! ★

બાત તો ખત્મ હો ગઈ, મગર મૈં આપસે પૂછતા હૂં યે બચ્ચા પળ્હને આયા હય યા પળ્હાને આયા હય ? ! માલૂમ હુવા કે યે આમ બચ્ચોંકી તરહ કોઈ બચ્ચા નહીં હય. ઔર ઝિંદગી કા મુસ્તક઼બિલ ભી બતા રહા હય કે ઈસકા મુસ્તક઼બિલ બહોત તાબનાક હય. યાદ રખ્ખો દોસ્તો ! ચાર સાલકો નિકાલ દો, ૧૪ સાલકી કી ઉમ્ર કે બચ્ચે દેખો. ૧૪ સાલકી ઉમ્ર કા બચ્ચા જો તહારત કા ભી સલીક઼ા ન જાને, જો ઉઠને બૈઠને કા ભી તરીક઼ા ન જાને, મગર યહી બચ્ચા જબ ૧૪ સાલ કા હોતા હય તો પચાસ ઈલ્મો ફન કા ઈમામ હોતા હય ! **પચાસ ઈલ્મોફન કા સિર્ફ જાનનેવાલા હી નહીં, ઈમામ હોતા હય !** તો ઈસ ઈમામત કો હાસિલ કરનેમેં આપકો માલૂમ હય કિતને સાલ લગે ? ચાર સાલ તો આપ નિકાલ હી દીજીએ. બચેંગે દસ હી સાલ. ઉસમેં ભી ચાર મહિના ચાર દિન કો ઉસમેં ભી અલગ કર દો. મગર, આપ દસ સાલ રખ્ખેં. **દસ સાલ કે અંદર**

**કોઈ શખ્સ કિસી એક ફનમેં ભી માહિર નહીં હો સક્તા.** મગર યે બચ્ચા દસ સાલકે અંદર પચાસ ફનમેં..... મૈંને હિસાબ લગાયા તો એક ફન કી ઈમામતમેં સિર્ફ ૭૨ દિન લગે હંય ! ૭૨ દિનમેં એક ફનકા ઈમામ હો જાએ ! **આજ હિન્દુસ્તાન હી નહીં, આજ પૂરી દુન્યામેં કોઈ ઐસા શખ્સ હૈ હી નહીં. હય (કોઈ) જો પચાસ ફન કા નામ સુના દે ! ઉસને તો ૫૦ ફન પર કિતાબ લિખ ડાલી !** *(દુરૂદ શરીફ)*

ઈસ લિએ દોસ્તો, જબ મેરે સામને 'ઈમામ અહમદ રઝા'કો કોઈ આલિમ કહતા હય, ફક઼ીહ કહતા હય, મેરે સામને જબ 'ઈમામ અહમદ રઝા'કો કોઈ સૂફી કહતા હય, મુફસ્સિર કહતા હય, મોહદ્દિષ કહતા હય, મુતકલ્લિમ કહતા હય, ખતીબ કહતા હય, મુસિન્નફ કહતા હય તો મૈં સમઝતા હૂં કે ઈસ ઝાતકા હક઼ અદા નહીં હો રહા હય, યે અલ્ફાઝ બળે હલ્કે હંય ! આલિમ તો, દસ સાલકે કોર્સવાલા ભી આલિમ હો જાતા હય, ચાહે ઉસે એક ફન મેં ભી કમાલ ન હો. આલિમ કહના ગલત ! મૈં ફક઼ીહ કહતા હૂં તો મુઝે ઈત્મિનાન નહીં હોતા. ઈસ લિએ કે અયસા ફક઼ીહ તો હમને નહીં દેખા હય, અયસા મોહદ્દિષ નઝર નહીં આતા, અયસા મુફસ્સિર નઝર નહીં આતા. ''ઈસ લિએ મેરી સમઝ મેં નહીં આતા કે **યે કયસા ફક઼ીહ હય જો ચાર સાલમેં અપને ઉસ્તાદસે અયસા સવાલ કરે કે ઉસ્તાદકી ઝુબાન ભી સાક્તિ હો જાએ !** તો ઉસકો હમ કયસે સિર્ફ આલિમ કહ કે ગુઝર જાએં, સિર્ફ ફક઼ીહ કહકે ગુઝર જાએં, સિર્ફ મુફસ્સિર કહ કે ગુઝર જાએં ?!

## ★ ક્યા ઐસા ભી કોઈ મુફ્તી દુન્યામેં હૈ ?! ★

દોસ્તો, ફક઼ીહોં કો ભી હમને દેખા હય, આલિમોં કો ભી હમ જાનતે હંય, મુફસ્સિરીન કો ભી હમ જાનતે હંય. યાદ રખ્ખો ! એક ઈન્સાનસે એક હી વક઼્તમેં દો તરફ તવજ્જોહ નહીં હો સકતી. યહાં તક કિ હુકમાને તો ઝાબ્તા બના દિયા, ''અલવાહિદુ લાયસદુરુ મિનહુમ ઈલ્લલ વાહિદ'' વાહિદસે એક હી વાહિદ બાત હોતી હૈ, વાહિદસે એક હી તરફ તવજ્જોહ

હો સક્તી હય. અયસા નહીં હો સક્તા કે આપકી તવજ્જોહ એક વક્તમેં મુખ્તલિફ તરફ હો. મગર ક્યા તુમને અયસે મુફતી કો સુના હય ? ક્યા અયસા મુફતી તુમ્હારે ઈલ્મો ખબર યા તુમ્હારી સમઝમેં આતા હય ? ક્યા દુન્યામેં અયસા ભી કોઈ મુફતી હો સકતા હય ? યે સાથ ખળે હૂએ હંય, ઈસ્તિફતા લિએ હૂએ ખળે હંય, એક નહીં દો નહીં દો દરઝન આદમી ખળે હૂએ હંય ઔર ઉસકે બાદ મુફતી અપની જગહ પર બૈઠા હુઆ હય. ઉસકે બાદ પેહલેસે પૂછા, તુમ્હારા સવાલ ક્યા હય ? ઉસને સુના દિયા. દુસરે સે કહા, તુમ્હારા સવાલ ક્યા હય ? ઉસને સુના દિયા. ફિર તીસરે સે કહા.........સબકા સવાલ સુન લિયા. યહાંસે વહાંસે વહાં તક સુન લિયા. અબ કહતે હંય અચ્છા તુમ યે જવાબ લિખ્ખો, તુમ યે લિખ્ખો, તુમ યે લીખ્ખો....! કિસીસે નહીં પૂછ રહે હંય, ક્યા સવાલ થા ! અબ કિસીસે યે નહીં પૂછ રહે હંય કે તુમ્હારા ક્યા સવાલ થા ? ઔર જબ યહાં તક બતા ચૂકે, તો કહા તુમ યે આગે બળ્હાઓ, તુમ યે આગે બળ્હાઓ, તુમ યે........ એક હર્ફ હમ લિખતે હંય તો બહત્તર (૭૨) મર્તબા પળ્હતે હંય ! પતા નહીં કોઈ લફ્ઝ સહીહ હય યા ગલત ! મગર યહાં...! ઉસમેં હવાલે ભી હંય, ઉસમેં અરબી ઈબારતેં ભી હંય, ઉસકે અંદર કિતાબોંકે હવાલે ભી હંય ઔર ઉસકે બાદ કિતના મુત્મઈન હય વો કે સુનતા ભી નહીં હય કે ક્યા તુમને લિખ્ખા ? લે જાઓ ! લે જાઓ ! એક વક્તમેં ઈતની બાતોં કી તરફ તવજ્જોહ હોના....!

મૈં કહતા હૂં ઈમ્તેહાન કર લો. દો બિઠા દો, ખત લિખનેકે લિએ. દોનોં કો મઝમૂન બતાઓ. તો મુઝે યકીન હય કે એક કો તુમ કોઈ મઝમૂન બતાઓગે, ઔર જબ દુસરે કો બતાઓગે તો કહોગે, ક્યા લિખ્ખા ? અચ્છા, તુમને ક્યા લિખ્ખા ? કહેગા, યે લિખ્ખા. તો અબ યે લિખ્ખો. ઈસકે બગૈર તુમ દો ખત મુકમ્મલ નહીં કર સક્તે. **તો ક્યા કોઈ અયસા ભી મુફતી હય જો યૂં ફત્વા બતાતા હો ? ક્યા કોઈ અયસા ભી મુફતી હય ?!**

મૈં આપકો બતાઉ, મામૂલી બાત નહીં હય. એક મસ્અલા આયા

વો વરાસત કે તઅલ્લુક઼ સે થા. ઉસકો હલ કરનેવાલી શખ્સિયતેં ભી મામૂલી નહીં થી. હઝરતે સદરૂશ્શરીઅહ મુસન્નિફે બહારે શરીઅત ઔર દૂસરે મખ્દૂમુલ મિલ્લત હુઝૂર મોહદ્દિષે આઝમે હિન્દ. ઈન દોનોં કો વો સવાલ દે દિયા ઉસ મુફ઼તીને, જિસકા ઝિક્ર મૈં કરના ચાહતા હૂં. સવાલ કા જવાબ ઈતના પેચીદા થા કે પૂરા દિન સર્ફ હો ગયા. સુબ્હસે શામ તક બૈઠે રહે, યે બુઝુર્ગવાર હલ કરતે રહે. વાલિદે બુઝુર્ગવાર કયૂં કે હિસાબમેં કુછ ઝયાદા તેઝ થે તો સદરૂશ્શરીઅહ કે જવાબ સે દો મિનટ પહલે ઉનકા જવાબ મુકમ્મલ હો ગયા ! ઔર દોનોં જવાબ લેકર આયે ઔર લાકર કે ઉસ મુફ઼તીકે સામને (સવાલ) સુનાના શુરૂ કિયા. જૈસે હી સુનાના શુરૂ કિયા, મુકમ્મલ સવાલ હી એક સફ઼ાકા થા. ઔર જવાબ દો સફ઼ે પર હૂઆ. તો પેહલે સવાલ સુના, સુનને કે બાદ વો મુફ઼તી કહતા હય, ઉંગલિયોં કા યૂં યૂં કુછ ઈશારા કિયા.... ઉન ઈશારોં મેં જિતને સેકંડ ભી લગે હોં, લગને કે બાદ કહા, આપને ફ઼લાંકો ઈતના દિયા, ફ઼લાંકો ઈતના દિયા, ફ઼લાંકો ઈતના દિયા... નામ લે લે કર કે બતાતે ગએ, ઔર આપ ફ઼ર્માતે ગએ, હાં ઠીક હય મૈંને યહી કિયા, હાં ઠીક હય મૈંને યહી કિયા, હાં ઠીક હય મૈંને યહી કિયા.... મુકમ્મલ બતા દિયા. ફ઼િર કહા અચ્છા, અયસા કિયા તો જવાબ સહીહ હય ! અબ યે સારે તો હયરાન ! મૈં તો દિનભર ઈસમેં લગા રહા યે ઉંગલીકે ઈશારે મેં ક્યા થા ? ! આપ ખ્યાલ કરો. સોચો, સમજો ! ક્યા અયસા ભી કોઈ મુફ઼તી નઝર આતા હય ?

## ★ એક માહમેં કુર્આન હિફ્ઝ કર લિયા ! ★

દેખો ! હાફિઝેવાલે તો બહોત મિલતે હૈં મગર એક હાફિઝેવાલા અયસા ભી તો થા કે જિસને હઝરત મોહદ્દિષે સૂરતી સે એક અહંમ કિતાબ ઔર ઝખીમ કિતાબ લી થી, મુતાલિએ કે લિએ. સુબ્હસે શામ તક પૂરી કિતાબ દેખ ડાલી. કિતાબ દેખ લી ? કહાં, હાં ! અયસી દેખી હય, અયસી દેખી હય કે, ઈસકા મઝમૂન અબ ઉળકર નિકલ નહીં સકતા, ઔર અરસએ દરાઝ તક તો ઈસકી ઈબારત કે હર હર્ફ઼ કો ભી સુના સકતા હૂં ! આપ ખયાલ કરે ! આપ સોચે ! ક્યા ઈસી તરાહ કા કોઈ

મુફસ્સિર નઝર આયા ? ક્યા ઈસી તરહ કા કોઈ મોહદ્દિષ નઝર આયા ? ઈસ લિએ મૈં કહતા હૂં મૈં અપને મમદૂહ ઔર જિસ મહમૂદ કા ઝિક્ર કરને બૈઠા હૂં ઉસકો આલિમ કહતા હૂં તો મુઝે તસ્કીન નહીં હોતી, મુફસ્સિર કહતા હૂં તો મુઝે સુકૂન નહીં મિલતા. મોહદ્દિષ કહતા હૂં તો સમઝતા હૂં કે હક્ક તો યહ હય કે હક્ક અદા ન હૂવા. કોઈ ભી લફ્ઝ મૈં બોલતા હૂં. ઈસ લિએ કે યે અલ્ફાઝ જિન જિન લોગોં પર બોલે જાતે હંય ઉન્હેં ભી મૈં જાનતા હૂં. ફિર મેરી તબીઅત કહતી હય કે આખિર યે ક્યા થા ?! તો અયસા જવાબ ઔર વો ભી એક ઈલ્હામી જવાબ આતા હય, નાદાન ! મોહદ્દિષ ઔર મુફસ્સિર કહકે તૂ ઉસ ઝાતકો નહીં પેહચાન સક્તા. સુન ! અચ્છી તરહસે સુન ! **વો ખુદાકી કુદરતકા શાહકાર થા, વો નબીકા મોઅજિઝા થા, વો ગૌષે આ'ઝમ કી કરામત થા.** *(દુરૂદ શરીફ)*

## ★ આખિર આ'લા હઝરત હૈ ક્યા ?! ★

દોસ્તો ઔર મૈં તો સમઝતા હૂં દુસરી દર્સગાહોં મેં લોગ જાકર મૌલ્વી બનકર આતે હંય. મગર, **યે 'ઈમામ અહમદ રઝા' હી કી દર્સગાહ હય જહાં જાતે હંય તો આશિક બનકે આતે હંય. ઈન્હોંને નબીકે આશિકોં કી ભીળ લગા દી હય,** હર તરફ 'મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ' પળ્હનેવાલોં કા એક મજમા લગા હય, એક ભીળ લગા દી હય, ઈસલિએ કે એક વજહ હય આશિક ક્યૂં બનાયા ? એક વજહ હય 'હઝરત ઈમામ અહમદ રઝા' સિર્ફ આકિલ બનાકર ભી છોળ સકતે થે. મગર વો સમઝતે થે કે અકલ તો ફરેબ દે દેગી, ઈશ્ક કભી ફરેબ નહીં દેગા. ઈશ્ક કભી ધોકા નહીં દેગા, ઈસલિએ, તો હમ દેખતે હંય કે અકલવાલે મારે મારે ફિર રહે હય ! ઔર ઈશ્કવાલે મદીનેસે લૌ લગાયે હૂએ હંય.

તો દોસ્તો, મેરી ઝુબાનમેં તાકત નહીં હય કે રબ તબારકો તઆલા ને ઐસી ઝાતકો જિસે દીનકી હિદાયત કે લિએ હી ઉસને પૈદા કિયા હય.

યે સિખનેવાલે નહીં હંય, સિખાનેવાલે હંય. ઔર વાક઼ઈ જબ વો સવાલ, વાલિદે બુઝુર્ગવાર (મોહદ્દિષે આ'ઝમ) ને જબ કિયા થા કે હુઝૂર ! મૈં તો દિન ભર ઈસ સવાલમેં લગા રહા જબ જા કે જવાબ સહીહ હૂઆ, આપકે પાસ યે ઉંગલિયોંવાલા કૌનસા ઈલ્મ હય ! યે ઉંગલિયાં હિલાકર આપને જવાબ કયસે દે દિયા ? ! તો ઉન્હોંને યે કહા થા, શાહઝાદે ! યે તો આપકે જદ્દે કરીમ ગૌષે આ'ઝમ رضی اللہ عنہ કી નઝર હય, ફયઝાન હય, યે ઉનકી દૈન હય.

ઝરા સા ખ્યાલ કરો, સોચો, સોચો ! ઈસ લિએ આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી કા તઆરૂફ કોઈ કરાના ચાહે તો ઈસ હયસિયતસે ન દેંખેં કે વો એક આલિમ હય, એક મોહક્કિક઼ હંય એક મુજદ્દિદ હંય, એક અપને વક઼્તકા ઈમામ હંય, ફક઼ીહ હંય... ઈસ હયસિયતસે ન દેંખેં. દેખના હય તો ઈસ હયસિયતસે દેખો કે વો ગૌષે આ'ઝમકી કરામત હય, અલ્લાહ કે રસૂલ કા મોઅજિઝા હય, વો ખુદાકી બેહતરીન કુદરત હય. *(દુરૂદ શરીફ)*

સલ્લલ્લાહુ અલન નબીય્યીલ ઉમ્મીય્યિ વ આલિહિ વ અસ્હ઼ાબિહિ અજમઈન, બિરહતમતિ–ક યા અર્હ઼ર્મરાહિ઼મીન.

*–(હઝરત કે U.K.કે એક બયાનસે)*

*(અઝ : શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફીયુલ જીલાની مدظلہ العالی, સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, બરકાતે ખ્વાજા–માસિક, નવેમ્બર–૨૦૧૭)*

# ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અને સમયનું મહત્વ

સમય અલ્લાહ તઆલાએ અતા કરેલ એક મહાન નેઅમત, બહુ મૂલ્ય હદિયો અને ઘણી કિંમતી ભેટ છે. દુનિયાની કૌમોની ચડતી તથા પડતીની કહાનીમાં સમયના મહત્વનો ચાવીરૂપ રોલ રહ્યો છે. સમયના મહત્વને સમજનાર નીચેથી ઊંચે અને જમીનથી સૂરજ પર પહોંચી ગયા. જેણે પણ સમયને મહત્વ આપ્યું જો તે સાધારણ હતો તો ઉચ્ચ થઈ ગયો અને જો તે કણ બરાબર હતો તો સૂરજ સમાન થઈ ગયો. ઈસ્લામી ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે આપણા બુઝુર્ગો સમયની પાબંદી અને ટાઈમની બેહદ કદર કરતા હતા. તેમના કિંમતી જીવનની કોઈ મિનિટ, કોઈ ઘડી, કોઈ સમય બેકાર અને ફુઝૂલ કામોમાં વેડફાતો ન હતો. આ જ કારણે તેઓએ પોતાના જીવનની કિંમતી ક્ષણો લેખન તથા સંપાદન, શિક્ષા તથા તાલીમ અને દા'વતો તબ્લીગમાં લગાડી. એટલું જ નહીં તે ક્ષણોની કદર કરી તેઓએ એવાં મહાન કાર્યો કરી બતાવ્યાં જેમને જોઈને અને વાંચીને આશ્ચર્ય થાય છે.

સમયની કદર કરનારા મહાન પુરૂષોમાં ઈમામે એહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની જાત ઉપર તરી આવે છે, સમયનું મહત્વ ઈમામ અહમદ રઝાની દ્રષ્ટિએ કેટલું હતું તેને રજૂ કરતાં પહેલાં અમે કુર્આનો હદીષથી અમુક એવી વાતોનું વર્ણન કરીએ છીએ જે સમયના મૂલ્ય તથા મહત્વને જાહેર કરતી જણાશે.

કુર્આને કરીમમાં સમય (જમાનો) અને દિવસ રાતની કસમની સાથે જુદા જુદા સમયોને કસમને યાદ કરવામાં આવી છે. ક્યાંક સવારની કસમ, ક્યાંક ચાશતના સમયની કસમ અને કોઈ જગ્યાએ અસરના સમયની કસમ યાદ કરવામાં આવી છે. જેના દ્વારા ગુજરતા સમય અને વ્હાલા જીવનની વીતતી લહેરોથી નફો ઉઠાવવા તથા સમય અને ક્ષણોને

માપ તોલ કરી વાપરવા તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. તે જ રીતે શરઈ અહકામની અદાયગી માટે પણ સમયની સરહદો કાયમ કરવામાં આવી છે. દા.ત. નમાઝ રોઝા વગેરે એહકામ સમયની અંદર છે તો અદા, નહીં તો કઝા. જેથી મોમિન સમયનું મહત્વ જાણી પોતાને સમયનો પાબંદ બનાવી લે. આ જ પ્રકારે સૂરએ ફુર્કાનમાં ઈર્શાદ ફર્માવ્યો. *(આયત–૬૩)*

હદીષોમાં પણ સમયનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે અને સમયને વેડફવાથી બચવાનો આદેશ આવ્યો છે. જેમ કે પ્યારા આકા ﷺએ ઈર્શાદ ફર્માવ્યું : "શ્રેષ્ઠ મુસલમાન તે છે જે વગર કામની વસ્તુઓ છોડી દે." *(તિર્મિઝી શરીફ)*

આ હદીષ શરીમાં વગર કામનાં બેકાર કામોને છોડવાનો જે દર્સ આપવામાં આવ્યો છે તેના દ્વારા નિઃશંક ! સારી અને કામની વાતોમાં સમયનો વપરાશ કરવાનું પ્રોત્સાહન આપી સમયનું મહત્વ પ્રદર્શિત કરવામાં આવ્યું છે, કે ક્યાંક કોઈ મુસલમાન પોતાના કિંમતી જીવનને ફુઝૂલ અને બેકાર કામોમાં વેડફી દુનિયા તથા આખેરતમાં નુકસાન ન ઉઠાવે.

એક હદીષ શરીફમાં સમયના મહત્વનો એહસાસ આ રીતે આપવામાં આવ્યો છે : પાંચ વસ્તુઓને પાંચ વસ્તુઓ પહેલાં ગનીમત જાણો : (૧) વ્યસ્તતા વહેલાં ફુરસતને (૨) બીમારી પહેલાં તંદુરસ્તીને (૩) ઘડપણ પહેલાં જવાનીને (૪) મૃત્યુ પહેલાં જીવનને (૫) મોહતાજી પહેલાં માલદારીને. *(મિશ્કાત)*

આ સિવાય બીજી ઘણી હદીષોમાં સમયની કદર અને મહત્વ પર રોશની નાખવામાં આવી છે. અમે આટલા પર જ બસ કરી મૂળ વિષય પર પરત આવીએ છીએ.

## ★ બાળપણમાં સમયની પાબંદીનો વિચાર ★

ખલીફએ આ'લા હઝરત અલ્લામા ઝફરૂદ્દીન બિહારી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُલખે છે કે જનાબ અલી મુહમ્મદ ખાન સાહેબ ફર્માવે

છે કે વાલેદા મોહતર્મા ફર્માવતાં હતાં કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ કયારેય પઢવા બાબતે જીદ નથી કરી. પોતે જ સમયસર પઢવા માટે તશરીફ લઈ જતા હતા. જુમ્આના દિવસે પણ ઈચ્છા કરી કે પઢવા જાય પણ પિતાજીની મનાઈ પર રોકાય ગયા. *(હયાતે આ'લા હઝરત–૧૧૩)*

વાંચક મિત્રો ! બાળપણમાં એ એહસાસ કે રજાનો દિવસ તાલીમથી ખાલી ન હોય એ શું આપણને ઈશારો નથી આપતો કે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના મિજાઝમાં સમયની પાબંદીની ને'મત મૂકવામાં આવી હતી. એ તો શિક્ષકો અને વિદ્યાર્થીઓની દરમિયાન ચાલતા રિવાજના કારણે પિતાએ તેમની સાથે રહેવાના સબબે પરવાનગી ન આપી, નહીં તો ઈમામ અહમદ રઝા તો એક દિવસની રજા પાડવા માટે પણ તૈયાર ન હતા. કાશ ! રઝાના જીવનના આ ઉજ્જવળ કદમથી ઈસ્લામી મદ્રસાઓના તલ્બા દર્સ હાંસલ કરે.

## ★ સફરમાં સમયની પાબંદી (નમાઝની અદાયગી બારામાં) ★

હયાતે આ'લા હઝરતમાં છે કે હુઝૂર (આ'લા હઝરત ત્યારના સંજોગોને આધિન) ચાલતી ટ્રેન પર નમાઝ જાઈઝ હોવાના પક્ષમાં ન હતા. એટલા માટે રવાનગી પહેલાં જે ગાડીથી સફર કરવાનો રહેતો અને જે ગાડીથી પાછા ફરવાનો ઈરાદો રહેતો (બંનેના હિસાબે) પાંચેય નમાઝોનો સમય જે સ્ટેશન પર શરૂ થતો અને જે સ્ટેશન સુધી રહેતો તે સ્થળો પર સમયોનું નિશાન આપી દેવામાં આવતું અને સમયોનાં નામ લખી દેવામાં આવતાં. તેના માટે જરૂરી હતું કે ટાઈમ ટેબલ મંગાવીને ગાડીઓના રોકાવવાના સમયો અને સ્થળો જાણી લેવામાં આવે ત્યાર બાદ ભૂગોળના કાયદા પ્રમાણે તે સ્થળોનાં અક્ષાંશ રેખાંશ જાણી નમાઝના સમય કાઢવામાં આવતા, જયારે આ રીતે સંપૂર્ણ સંતોષ થઈ જતો કે આ સફરમાં બધી નમાઝો જમાઅત સાથે સમયસર અદા થઈ શકશે ત્યારે પાકો ઈરાદો ફર્માવતા અને (સામા પક્ષને) વાયદો કરતા અને તે જ તૈયાર કરેલ નકશા પ્રમાણે એક બે સ્ટેશન પહેલાં બધા વુઝૂ કરીને તૈયાર રહેતા.

અને જ્યારે તે સ્ટેશન આવતું જ્યાં નમાઝનો સમય લખવામાં આવ્યો છે, જમાઅત ઉભી થઈ જતી. *(હયાતે આ'લા હઝરત)*

વાંચકો ! સમયનો ઈમામ સફર દરમિયાન નમાઝની વ્યવસ્થાના હેઠળ કઈ રીતે સમયની બચતનો લેહાઝ કરે છે, આ વાત ઉપરના વર્ણનથી ખૂબ સ્પષ્ટ છે. મસ્લકે આ'લા હઝરતને ફેલાવનારાઓ, મુકર્રિરો અને જલસા કરનાઓ માટે ખાસ કરીને બોધદાયક છે. ઈમામે સફરની હાલતમાં જમાઅત છોડવાનું મંઝૂર ન કર્યું. જ્યારે કે આજકાલ વધુ પડતા મુકર્રિરો રોકાણની સ્થિતિમાં ઉતારા પર નમાઝ પઢી લે છે અને અમુક તો તે પણ નથી કરતા ! જલ્સાગાહમાં સમયસર હાજરી અને ન તો સમયસર જલસો સમાપ્ત કરવાની ફિકર. હે કાશ ! બીમાર તથા મઅઝૂર લોકોનો ખ્યાલ કરવામાં આવે.

## ★ ખિદમતે દીન અને સમયની પાબંદી ★

લાહોરના જિમ્મેદારોના સવાલના જવાબમાં લખે છે : "મૌલાના આ ફકીર હકીરના માથે અપાર કામોનો ઢગલો છે. જાતે પોતાના મદરસામાં પગ મૂકવાની પણ ફુરસત નથી મળતી. આ ખિદમત કે ફકીર ગુનેગાર દ્વારા મૌલા કરીમ હુઝૂર ﷺ ફક્ત પોતાના કરમથી લઈ રહ્યા છે એ એહલે સુન્નત તથા મઝહબે એહલે સુન્નતની જ ખિદમત છે.

જે વ્યક્તિ ઈચ્છે જેટલા દિવસ ઈચ્છે ફકીરને ત્યાં કયામ ફર્માવે. મહિના–બે મહિના, વર્ષે–બે વર્ષે અને ફકીરની જે મિનિટ ખાલી જુએ અથવા જે સમયે ફકીરને કોઈ પોતાની જાત માટે અંગત કામ કરતો જુએ, તે જ સમયે પકડ કરે (પૂછતાછ કરે) કે તું આટલી વારમાં ત્રીજુ કામ કરી શક્તો હતો." *–(ફતાવા રઝવિય્યહ્)*

વ્હાલા વાંચક મિત્રો ! ઈમામનું આ વાક્ય કે, "ફકીરની જે મિનિટ ખાલી જુએ" સાફ બતાવી રહ્યું છે કે જ્યાં મિનિટ આટલી કિંમતી હોય ત્યાં કલાકો, દિવસો, અઠવાડિયા, મહિના અને વર્ષોનો તો આપણે અંદાજો જ નથી લગાડી શક્તા.

આપણે (મસ્લકે આ'લા હઝરતના માનનારાઓએ) ઈમામના જીવનના આ વિભાગથી સબક઼ મેળવી પ્રથમ ઘડીએ કમર બાંધી લેવી જોઈએ.

કાશ ! આપણે મિનિટ નહીં તો દિવસોને જ કામમાં લાવવાનું શરૂ કરી દઈએ તો આજે પૂરી દુનિયામાં એહલે સુન્નત મહાન તાક઼ત બનીને ઉભરી શકે છે.

## ★ પુસ્તકો અને સમયની પાબંદીની ઝલક ★

ઈમામે અહલે સુન્નતનાં પુસ્તકોની ખરી સંખ્યા આજ સુધી નક્કી નથી થઈ શકી. કમસે કમ ફતાવા રઝવિય્યહને જુઓ : ૩૦ ભાગ, કુલ ૨૨,૯૭૦ પેજ, ૧૬૮૪૭ પૂછાયેલ ફતાવા અને પત્રિકાઓ ૨૦૬ છે. તેમજ બે ભાગમાં ફતાવા શામી પર હાશિયો, દરેક ભાગ લગભગ ૪૦૦ પેજ પર આધારિત, બે ભાગમાં ફવાતિહુર્રહમૂતનો હાશિયો, આખી તિર્મિઝી શરીફ પર હાશિયો અને ન જાણે કેટલીયે અલગથી પુસ્તિકાઓ અને કેટલા હાશિયા, સમજૂતીઓ અને બુઝુર્ગોની કિતાબોની વગેરે.

એક અંદાજા પ્રમાણે આ'લા હઝરતે લખેલ પુસ્તકોની સંખ્યા એક હજારથી વધુ છે. આ બધી કિતાબો અને પુસ્તકોના પેજ ગણી અને આ'લા હઝરત رحمۃ اللہ علیہના જીવનના વર્ષો અને મહિનાઓ સામે મૂકીએ તો તમને અંદાજો થશે કે ઈમામે અહલે સુન્નતે પોતાના સમયનું કેટલુ ધ્યાન રાખ્યું અને કઈ રીતે પોતાના સમયને દીની કામોમાં ખર્ચ કર્યો.

ખરેખર આ મારા ઈમામની સમયની પાબંદી અને ક્ષણોની ક઼દરનું જ પરિણામ છે કે તેમણે પોતાના નાનકડા જીવનમાં એવી એવી કિતાબો, આટલા બધા પુસ્તકો, અને અઢળક ફતાવા ઉમ્મતે મુસ્લિમાને અર્પણ કરી દીધા, જેનું ઉદાહરણ દુનિયામાં ભાગ્યે જ જોવા મળે છે. ઈમામે અહલે સુન્નતે પોતાના સમયનો ભરપૂર ખયાલ પણ રાખતા, ક઼દર પણ કરતા, દીની શરઈ કામોમાં ખર્ચ પણ કરતા. તેમને ત્યાં ફ્રી સમય અથવા ખાલી બેસવાનો કોઈ ખયાલ જ ન હતો. પોતાના સમયની એક એક ક્ષણને શરઈ મસાઈલના હલ, સવાલોના જવાબ, લોકોની દીની અને શરઈ જરૂરતોને પૂર્ણ કરવામાં અને પુસ્તકો લખવા તથા બદ્‌મઝહબોના વિરોધમાં ખર્ચતા હતા.

## ★ કુર્આનનો તર્જુમો કયા સમયે થયો ? ★

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ઈશ્કો મહબ્બતની ઝબાનમાં કુર્આન હકીમનો એક તર્જુમો કર્યો છે જે ઈલ્મી, અદબી, એતેકાદી દરેક રીતે ઉત્તમ કક્ષાનો અને કુર્આનની હકીકી ઝલકનો આયનાદાર છે. હઝરત સદરુશ્શરીઅહ મૌલાના અમજદઅલી આ'ઝમી (રહ્‌મતુલ્લાહિ તઆલા અલૈહ) બહારે શરીઅતના લેખકના અતિ આગ્રહને લીધે હિ.સ. ૧૩૨૦ ઈ.સ. ૧૯૧૧માં આ તર્જુમો સંપૂર્ણ થયો. જેનું નામ **"કન્ઝુલ ઈમાન ફી તર્જુમતુલ કુર્આન"** રાખવામાં આવ્યું.

કિતાબોમાં છે કે આ તર્જુમા માટે હઝરત સદરુશ્શરીઅહ (રહ્‌મતુલ્લાહિ તઆલા અલૈહ)એ વિનંતિ કરી તો આપે જણાવ્યું કે સમય ક્યાં છે ?! પણ એવું કરો કે મારા કૈલૂલા (ખાધા પછી બપોરનો થોડોક આરામ)ના સમયે આવ્યા કરજો તો લખાવી દઈશ. અને આ રીતે એક મહાન કામ કુર્આનના અજોડ તર્જુમાનું થયું. સમયનો ઉપયોગ તો કોઈ આ'લા હઝરત (રહ્‌મતુલ્લાહિ તઆલા અલૈહ)થી જ શીખે !

આપણે જોઈએ કે ઈમામે અહલે સુન્નતના જીવનનો ભરપૂર અભ્યાસ કરીએ અને તેમના નકશે કદમ પર ચાલીએ. ફક્ત આમ તેમ વાતો કરવા ભેગા મળીને ટાઈમ પાસ કરવા ન બેસવું તથા મોબાઈલ પર લાગેલા ન રહેવું, તેમાંય ખાસ કરીને ઉલમા ખાસ ધ્યાન આપે કે વગર કામની વાતો અને બેકારનાં કામોમાં, નકામી બહષોમાં પોતાનો કિંમતી સમય વેડફીએ નહીં. થોડી જિંદગી મળી છે તો કાંઈક કરી જઈએ. જેટલો પણ સમય મળે કોશિશ કરીએ કે તે (સમય) ઉમ્મતે મુસ્લિમાની કામયાબી તથા તરક્કી, અકાઈદે અહલે સુન્નતની તબ્લીગ, અને મઝહબો મિલ્લતને ફેલાવવા માટે ખર્ચ કરીએ. બેકારની બહસોમાં પડવાને બદલે રચનાત્મક કામોમાં પોતાનો સમય ખર્ચ કરીએ.

*અઝ :* ***મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી***

*(દારુલ ઉલૂમ : ગૌષિયા રઝવિય્યહ, માહનામા આ'લા હઝરત, જૂન–૨૦૧૮, બરેલી શરીફ)*

*(હવાલો : રજૂકર્તા : મૌલાના અબ્દુર્રહમાન હાફિઝ દાઉદ, બરકાતે ખ્વાજા–માસિકજુલાઈ–૨૦૧૮)*

# ઈમામ અહમદ રઝા તથા ઈશ્કે મુસ્તફા ﷺ

*અય ઈશ્ક઼ તેરે સદક઼ે જલનેસે છૂટે સસ્તે*
*જો આગ બુઝા દેગી વો આગ લગાઈ હય*

*–(આ'લા હઝરત)*

પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બત જેના દિલમાં સાચા અર્થમાં જામેલી હશે તેને જહન્નમની આગ જલાવી શકશે નહીં. તેને કોઈ ખતરો પોતાની જાનનો ન દુનિયામાં હશે ન તો આખેરતમાં.

*બેખતર કૂદ પળા આતિશે નમરૂદમેં ઈશ્ક઼*
*અક઼લ થી મહ્‌વે તમાશાએ લબે બામ અભી*

કોણ નથી જાણતું કે ઈશ્કે ખુદામાં મગ્ન હઝરત ઈબ્રાહીમ عليه السلامના માટે નમરૂદની ભયંકર આગ બાગ બની ગઈ. સુબ્હાનલ્લાહ ! સર્વ અલ્લાહવાળાઓની જેમ આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمة الله عليهની હસ્તી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બતમાં ગુમ હતી. અલ્લાહના પ્યારા હબીબ ﷺના ઈશ્કમાં ફના હતી. રસૂલે પાક ﷺની મહોબ્બતના આડે કોઈ ચીજની પરવા આપે રાખી નથી. ખુદ ફર્માવે છે :

*દિલ હૈ વો દિલ જો તેરી યાદસે મઅ્મૂર રહા*
*સર હૈ વો સર જો તેરે ક઼દમોંપે કુર્બાન ગયા*
*ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈર સે કામ*
*લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા*

હા ! કોઈ કેવળ અલ્લાહની મહોબ્બતનો દાવેદાર બને અને

રસૂલેપાક ﷺથી મહોબ્બત ન રાખે (મઆઝલ્લાહ !) તો તે મોમિન જ નથી ! ખુદ રસૂલે પાક ﷺનું ફર્માન છે : **"તમારામાંથી કોઈ હરગિઝ મોમિન નથી થઈ શકતું જ્યાં સુધી હું તેને તેના માબાપ, ઔલાદ તથા તમામ લોકો કરતાં અધિક પ્યારો ન થઈ જાઉં."** *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, કિતાબુલ ઈમાન)* બીજી હદીષમાં છે કે, **"તેની જાન કરતાં પણ અધિક પ્યારો ન થઈ જાઉં."** *(અલ્ મોઅ્જમુલ કબીર)*

સારાંશ કે દુનિયાની દરેક ચીજ ત્યાં સુધી કે પોતાની જાન કરતાં પણ રસૂલે પાક ﷺથી અધિક મહોબ્બત હશે તો જ "મો'મિન" ગણાશે. અલ્લાહના પ્યારા મહબૂબ ﷺના તુફૈલ જ દુનિયા તથા આખેરતની નેઅમતો આપણને મયસ્સર થશે એ એક મો'મિનના માટે યક઼ીની ચીજ છે, ક઼યામતમાં હુઝૂર ﷺની શફાઅતથી જ આપણો છૂટકારો થશે, જો એ ન હોય તો ન જાણે અમ ગુનેહગારોનો શો અંજામ થાય ?! (અલ્લાહની પનાહ !) તો આવા મોહસિને આ'ઝમ આક઼ા ﷺથી ઈશ્ક઼ો મહબ્બત કેમ ન રાખવામાં આવે.

## ★ આ'લા હઝરત : એક સર્વ ક્ષેત્રિય શખ્સિયત ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એક આલિમે દીન હતા, સમયના એક મહાન ફક઼ીહ હતા, એક સૂફીયે બાસફા હતા, એક બાખબર ક઼લમકાર હતા, એક દર્દમંદ રહનુમા હતા અને એક શીરીં મક઼ાલ (મધુરભાષી) શાઈર હતા. આપની શખ્સિયતનાં અગણિત પાસાંઓ છે જે અરબાબે ફિકો ફન (ચિંતનવાળાઓ)ને પોતાના પ્રતિ આકર્ષે છે. દરેક વાંચક આપના ઈલ્મી ખજાનામાં પોતાની દિલચસ્પીના અનુસાર મોતીઓ વીણે છે, અને આશ્ચર્યમુગ્ધ છે કે એક હસ્તીમાં આ પ્રમાણે વિવિધ પાસંઓનો કમાલ કેવી રીતે જમા થઈ ગયો. એક સદી પૂરી થવા આવી છે કે ઈલ્મી ગિરોહ (ગૃપો) તથા દીની તબક઼ો (વર્ગ) આ હસ્તી વિશેના અભ્યાસમાં લાગેલો છે પણ દરેક ઉગનારો દિવસ નવા માર્ગો જાહેર કરતો જાય છે ! નવી ખૂબીઓ પ્રદર્શિત કરતો જાય છે !

**"અક઼ીદાની રક્ષા"** આપનું પ્રથમ મિશન હતું અને એના સંબંધે સંશોધનયુક્ત હવાલાઓ પણ કિતાબોમાં મેહફૂઝ કર્યા, મુનાઝરાને લગતુ સાહિત્ય પણ પૂરુ પાડયું અને નઝમ તથા શેઅરમાં પણ પોતાની શાનો શૌકતને પુરવાર કરી. ફિક઼્હી ઈસ્તિંબાત (દીની મસાઈલ કાઢવા) આપની પ્રિય કલા હતી, એટલા માટે હજારોની સંખ્યામાં દીની મસાઈલને વજૂદમાં લાવ્યા અને ઉઠી રહેલા વાંધાઓને તેહક઼ીક઼ની તલ્વાર વડે નેસ્તો નાબૂદ કરી દીધા.

**"શાને રિસાલતની રક્ષા"** આપના જીવનનો હેતુ હતો એમાં સંપૂર્ણપણે તથા અતિશય મશગૂલ રહ્યા અને પળવારનો વિલંબ પણ ગવારા ન કર્યો અને વાળથી બારીક અદબ વિરૂધ્ધ વાતને ઈમાની નૂર વડે બેનિક઼ાબ કરી દીધી. જેમ કે એક શાઈરનો શેઅર જે જાહેરી રીતે ઘણો મજબૂત સમજાતો હતો પણ તે આ આશિક઼ની નજરેથી ગુજર્યો તો તરત જ તેમાં ફેરફાર કરી નાખ્યો કે શબ્દોની પાકીઝગી વાજિબ હતી. શેઅર હતો કે :

*કબ હૈં દરખ્ત હઝરતેવાલાકે સામને*
*મજનૂન ખળે હૈં ખૈમએ લયલાકે સામને*

સરકાર ﷺની સમક્ષ આજિઝી દર્શાવતી સરખામણીને બદલી નાખવામાં આવી અને આ'લા હઝરતે આ પ્રમાણે શેઅર સુધારી આપ્યો કે :

*કબ હૈં દરખ્ત હઝરતેવાલા કે સામને*
*કુદ્સી ખળે હૈં અર્શે મુઅલ્લાકે સામને*
*(કુદસી = ફરિશ્તા)*

ક઼લમની એક હરકતથી શેઅરની પસ્તીને બુલંદીમાં ફેરવી દીધી.

માજી વાઈસ ચાન્સેલર પ્રોફેસર ડો. મુહમ્મદ ઈસ્હાક કુરૈશી (ફૈસલાબાદ) લખે છે : હઝરત રઝા તે ક઼લમકાર છે કે જેમની તલાશમાં શબ્દો વાણીના જંગલોમાં ભ્રમણ કરતા રહીને ખિદમતમાં હાજર થતા રહે છે અને લાઈનબંધ અદબે મુસ્તફવીથી સરશાર (ભરપૂર) થઈને

માથુ ઝુકાવીને ઉભા રહે છે અને (હઝરત રઝા) તેમને અર્થોની યોગ્યતાના માળખામાં ઢાળીને, અને તે શબ્દોને કાયમી હયાતનો જામ પીવડાવીને કલમના સફરને ચાલુ રાખે છે. એ વાત નિશ્ચિત છે કે શબ્દો તથા અર્થોની મુનાસિબત જેટલા પ્રમાણમાં હઝરત રઝાના કલામમાં છે તેનું દષ્ટાંત મળવું એક અશક્ય બાબત છે.

*(બદીઉર્રઝા ફી મદહિલ્ મુસ્તફા, પેજ–૧૪,૧૫)*

આવો ! એ મહાન અજોડ આશિક઼ે રસૂલની ઈશ્ક઼ે મુસ્તફા ﷺથી ચૂર કૈફિયતના અમુક નમૂનાઓ જોઈએ અને આપણા ઈમાનને તાજગી બખ્શીએ.

## ★ ઈશ્ક઼ે મુસ્તફા ﷺથી ભરપૂર શેઅરોની ઝલકો ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہનો ઈશ્ક઼ે નબી ﷺમાં ચૂર આ શેઅર જુઓ :

*યા ક઼ાફિલતી ઝીદી અજલક – રહમે બર હસ્રતે તશ્ના લબક*
*મોરા જિયરા લરઝે દરક દરક – તયબહસે અભી ન સુના જાના*

**અર્થાત** : હે કાફલાવાળાઓ ! મારા સાથીઓ ! ખુદાને ખાતર મદીનાનું રોકાણ વધારી દો, કેમ કે તમે મદીનાથી જવાની વાત કરો છો તો મારું દિલ ગભરાયને ધડક ધડક કરે છે અને જાન નીકળી નીકળી જાય છે ! એમાં કોઈ શંકા નથી, કેમ કે જ્યારે આ'લા હઝરત જેવો આશિક઼ે રસૂલ મદીના છોડતો હશે તો તેની વર્ણવેલ હાલત થતી જ હશે. કેમ કે આપણા જેવા નકામા પણ એ સમયે પોતે પોતાને નથી સંભાળી શકતા, તો પછી એ તો આપણા ઈમામ છે ! મદીના મુનવ્વરાને છોડવા તો બાળકો તથા જાનવરો પણ નથી ચાહતાં ! તો પછી આ તો મુજદ્દિદે દીનો મિલ્લત છે એમની આ હાલત કેમ ન થાય ?! સાંભળો !

હઝરત પીર જમાઅત અલી શાહ સાહબ મુહદ્દિષે અલીપુરી رحمۃ اللہ علیہને મદીનામાં એક યતીમ બાળક રડતુ મળ્યું જેનો કોઈ પણ વાલી વારસ ન હતો. આપે ફર્માવ્યું, ચાલ મારી સાથે પાકિસ્તાન ! તને દરેક નેઅમત મળશે. તેણે રડતાં રડતાં રોઝએ પાકની તરફ ઈશારો કરતાં

પૂછયું, આ મન્ઝર પણ જોવા મળશે તો ચાલુ તમારી સાથે ?! નહીં તો દુનિયાની બાદશાહીને મદીનાની ફકીરી પર કુર્બાન કરું છું. જ્યારે બાળકોની આ હાલત છે તો ઈશ્કે રસૂલમાં ફના થનાર મુજદ્દિદની આવી હાલત કેમ ન થાય ?!

હઝરત મૌલાના સરદાર અહમદ સાહબ મુહદ્દિષે આ'ઝમે પાકિસ્તાન رحمۃ اللہ علیہની પાસે મદીના શરીફમાં એક બંદો રડતો રડતો આવ્યો કે હઝરત ! અજબનો બનાવ બન્યો. ફર્માવ્યું, વર્ણન કરો ! અર્ઝ કરી, મેં રોઝા પાકની પાસે એક બિલાડી બેઠેલી જોયી જે મને ઘણી પ્યારી લાગી. મેં ઈરાદો કર્યો કે હું તેને મદીના શરીફથી પાકિસ્તાન લઈ જાઉં. રાતે હું સૂતો હતો તો જોયું કે હુઝૂર صلی اللہ علیہ وسلمનો દરબાર લાગેલો છે અને બિલાડી મારી ફરિયાદ કરી રહી છે કે હુઝૂર ! આ મને મદીનાથી પાકિસ્તાન લઈ જવા ચાહે છે !

એક નઅતે પાકમાં આ'લા હઝરત લખે છે :–

*તૂબા મેં જો સબસે ઊંચી નાઝુક સીધી નિકલી શાખ*
*માંગૂં નઅતે નબી લિખનેકો રૂહે કુદ્દસસે એૈસી શાખ*

*(તૂબા = જન્નતની ઝાડ, રૂહે કુદ્દસ = જિબ્રઈલ علیہ السلام)*

**અર્થાત** : આ'લા હઝરત ઈશ્કે મુસ્તફા صلی اللہ علیہ وسلمમાં સરશાર થઈને કહે છે, હઝરત જિબ્રઈલ علیہ السلامની ખિદમતમાં ગુઝારિશ છે કે જન્નતના ખુશ્બોદાર ઝાડ (તૂબા)ની સીધી, ઊંચી તથા અતિશય ઉમદા શાખ અતા કરે જેથી તેની કલમ બનાવીને ખુદા તથા ખુદાઈના મહબૂબ صلی اللہ علیہ وسلمની એના વડે નઅત લખું જેથી એ કલમની નઝાકતોના થકી નઅત શરીફની નઝાકતોને કાળજીથી યથાવત રાખીને નઅત લખવાનો હક્ક અદા કરવામાં આવે.

એક નઅતમાં લખે છે :–

*જાન હૈ ઈશ્કે મુસ્તફા રોઝ ફુઝૂં કરે ખુદા*
*જિસકો હો દર્દકા મઝા નાઝે દવા ઉઠાએ ક્યૂં !*

**અર્થાત** : આક઼ાએ દો જહાં صلی اللہ علیہ وسلمની મહોબ્બત અમારી જાન છે, બલ્કે અમારી હજારો જાનો એના પર કુર્બાન છે ! અલ્લાહ તઆલા એમાં બરકત પેદા ફર્માવે. બાકી રહ્યું એમની મહોબ્બતમાં રડવું તથા આંસૂ વહાવવું, તો આ એવું દર્દ છે કે જેનો અમે ઈલાજ કરવા જ નથી ચાહતા ! કેમ કે જેને આ દર્દમાં મજા આવી ગઈ છે તે ઈલાજ કે સારવાર કરાવવાથી બેઝાર રહે છે. સુબ્હાનલ્લાહ ! આ છે આ'લા હઝરતનો ઈશ્ક઼ ! ખુદા તઆલા આપણને એનો સદક઼ો અતા કરે. લખાણ લાંબુ ન થાય જેથી અમુક શેઅરો જ આ'લા હઝરત رحمۃ اللہ علیہના ઈશ્કે઼ મુસ્તફાથી છલકાતા નક઼લ કરી દઈએ છીએ એને વારંવાર વાંચો અને દિલમાં ઈશ્કે઼ મુસ્તફાની ચાસણી પેદા કરો.

*ભીની સુહાની સુબ્હમેં ઠંડક જિગરકી હૈ*
*કલિયાં ખિલીં દિલોંકી હવા યહ કિધરકી હૈ*
*હમ ગિર્દે કા'બા ફિરતે કલ તક ઔર આજ વો*
*હમ પર નિષાર હૈ યે ઈરાદત કિધરકી હૈ*
*હાં ! હાં ! રાહે મદીના હૈ ગાફિલ ઝરા તૂ જાગ*
*ઓ પાંવ રખનેવાલે ! યે જગહ વઝએ સરકી હૈ*

★

*હાજીઓ ! આઓ ! શહનશાહ કા રોઝા દેખો*
*કા'બા તો દેખ ચૂકે કા'બે કા કા'બા દેખો*

★

*લહદમેં ઈશ્કે઼ રુખે શહકા દાગ લે કે ચલે*
*અંધેરી રાત સુની થી ચિરાગ લે કે ચલે*

★

*યા ઈલાહી જબ 'રઝા' ખ્વાબે ગિરાંસે સર ઉઠાએ*
*દૌલતે બેદાર ઈશ્કે઼ મુસ્તફાકા સાથ હો*

★

*સર તા બકદમ તને સુલ્તાને ઝમન ફૂલ*
*લબ ફૂલ, દહન ફૂલ, ઝકન ફૂલ, બદન ફૂલ*

★

*કરૂં તેરે નામ પે જાં ફિદા, બસ એક જાં નહીં દો જહાં ફિદા*
*દો જહાંસે ભી નહીં જી ભરા, કરું ક્યા કરોળોં જહાં નહીં*

એક વ્યક્તિએ ખિદમતમાં હાજર થઈને નાનાપારાના નવાબની શાનમાં કસીદો લખવાની દરખાસ્ત કરી. (કે ખૂબ નઝરાણાં આપશે !) ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہની ઈમાની ગૈરત જોશમાં આવી અને લખ્યું :

*કરું મદહે અહલે દોવલ રઝા ! પળે ઈસ બલામેં મેરી બલા !*
*મૈં ગદા હૂં અપને કરીમ કા, મેરા દીન પારએ નાં નહીં !*
*(પારાએ નાં = રોટીનો ટુકડો)*

ઈમામ અહમદ રઝા رحمۃاللہ علیہની શાયરી અને કાવ્ય રચનામાં પણ દુનિયાથી બેરગબતીનું વર્ણન મળે છે. આકાએ કરીમ صلی اللہ علیہ وسلمની બારગાહમાં દુનિયાના ગમ અને ફિકરથી છૂટકારા માટે આ રીતે અર્ઝ કરે છે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم

*કાંટા મેરે જિગર સે ગમે રોઝગાર કા*
*યું ખીંચ લીજીયે કે જિગર કો ખબર ન હો*

સારાંશ કે આ'લા હઝરત رحمۃاللہ علیہના દિલમાં ઈશ્કે મુસ્તફા صلی اللہ علیہ وسلمનાં મોજાં મારતો એવો સમુદ્ર ભરેલો હતો કે જ્યારે પણ કલમ ચલાવી જાંનિષારી તથા સર્વસ્વ કુર્બાન કરવાનો જઝબો પ્રદર્શિત થતો રહ્યો. દરેક વાત, વાણી તથા કલામ ઈશ્કે મુસ્તફા صلی اللہ علیہ وسلمથી સરશાર તથા લબરેઝ તથા ઈશ્કને છલકાવતુ હતું. સુબ્હાનલ્લાહ !

## ★ ઈશ્કે મુસ્તફા صلی اللہ علیہ وسلمથી લબરેઝ બે અજોડ કસીદાઓ વિશે જાણો ★

**કસીદા :** **૧.** "કસીદએ મેઅરાજિયહ" જેનો પ્રથમ શેઅર આ છે :–

*વો સરવરે કિશ્વરે રિસાલત જો અર્શ પર જલ્વાગર હુએ થે*
*નયે નિરાલે તરબ કે સામાં અરબ કે મહમાનકે લિએ થે*
*(સરવર = સરદાર, બાદશાહ. કિશ્વર = મુલ્ક. તરબ = ખુશી)*

**અર્થાત** : રિસાલત તથા નબુવ્વતના દેશના સરબરાહ તથા બાદશાહ (નબી અકરમ ﷺ) શબે મેઅરાજના જ્યારે અર્શે મુઅલ્લા પર જલ્વાગર થયા તો અરબના આ મહમાને ઝીશાનની ખુશીના માટે ખુશી ઉપજાવનારા તમામ સબબોને એકત્ર કરી દેવામાં આવ્યા, જેના નિરાલાપણા અને ઉમદાપણાનું વર્ણન નથી કરી શકાતું.

**કસીદા મેઅરાજિયહ લખવાનો સબબ** : હઝરત શાહ તુરાબુલ હક્ક કાદરી رحمۃ اللہ علیہ લખે છે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہના આ કસીદાનો સબબ એક શાઈરનો કસીદો હતો જે મેઅરાજ શરીફથી જ સંબંધિત હતો જેને લઈને તે આ'લા હઝરતની પાસે આવ્યા અને સાંભળવાની દરખાસ્ત કરી. આપે ફર્માવ્યું કે અત્યારે મારી પાસે સમય નથી, તમો અસ્ર બાદ આવજો. જ્યારે અસ્ર બાદ તે આવ્યા તો આપે એ સમય સુધી પોતાનો આ મેઅરાજિયા કસીદો સંપૂર્ણ ૬૭ શેઅરોનો લખી નાખ્યો અને ફર્માવ્યું, પહેલાં મારા પાસેથી કાંઈક સાંભળી લો જે મેં આપના ગયા પછી લખ્યું છે. આપે એની સામે જે પઢયું તો તે અચંબામાં પડી ગયો. અશ્આરની મઅનવિયત, શબ્દોનો ઉતાર ચઢાવ, જુમ્લા (વાક્યો)ની નશિસ્તો બરખાસ્ત અને સફરે મેઅરાજને એ અંદાઝમાં શેઅરોમાં પરોવ્યો કે શાઈર પોતાનો કસીદો સંભળાવ્યા વિના જ પાછો જતો રહ્યો ! એટલે કે પોતાનો કસીદો સંભળાવવાથી માફી ચાહી લીધી. કસીદાએ મેઅરાજ કેવળ સફરે મેઅરાજ, મોઅજિઝાઓ તથા બનાવોનો સંગ્રહ જ નથી, બલ્કે એમાં હુઝૂર ﷺની તારીફ તથા તૌસીફમાં એક પુરવકાર તરીકાથી એવી મન્ઝરકશી કરવામાં આવી છે કે શાઈરોની અક્કલો દંગ તથા હૈરાન છે. યકીન જાણો કે ગુજરેલી સદીના શાઈરોના કલામની સામે જો આ'લા હઝરતનો કેવળ કસીદએ મેઅરાજિયહ જ રાખી દેવામાં આવે તો

તમામ શાઈરોના સર્વ કલામો પર આ એક ક઼સીદો જ છવાઈ જાય. જેમ કે એના પર બે ઈમાન અફરોઝ બનાવો જોઈ લો.

પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! આ તે જ ક઼સીદએ મેઅરાજિયહ છે કે ઉર્દૂના એક મશ્હૂર નઅત ગો શાઈર હઝરત મોહસિન કાકોરવીએ એકવાર પોતાનો ક઼સીદો સંભળાવવા માટે હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની બારગાહમાં બરેલી શરીફ હાજરી આપી. તેમનો ક઼સીદો પણ મેઅરાજિયહ જ હતો, જેનો મત્લઅ છે :

*સિમ્તે કાશીસે ચલા જાનિબે સુથરા બાદલ*
*બર્ક઼ કે કાંધે પે લાઈ હૈ સબા ગંગાજલ*

ઝોહરની નમાઝ બાદ હઝરત મોહસિન કાકોરવીએ એના શેઅરો સંભળાવવા શરૂ કર્યા. હજી બે જ શેઅરો પઢી શક્યા કે હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ફર્માવ્યું કે બસ કરો ! અસરની નમાઝ બાદ બીજા શેઅરો સાંભળવામાં આવશે. એ જ ઝોહર તથા અસ્રની દરમ્યાન આપે પોતાનો આ ક઼સીદએ મેઅરાજિયા કહ્યો અને જ્યારે મજલિસ બેઠી તો પ્રથમ ઈમામ અહમદ રઝાએ પોતાનો ક઼સીદો સંભળાવ્યો. તેને સાંભળીને હઝરત મોહસિને કહ્યું, મૌલાના ! હવે બસ કરો. આના પછી હું મારો ક઼સીદો હવે સંભળાવી નથી શકતો.

મુહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત મૌલાના સૈયદ મુહમ્મદ અશરફી કછોછવી رحمۃ اللہ علیہ વર્ણવે છે કે લખનૌના સાહિત્યકારો (અદીબો)ની એક શાનદાર મેહફિલમાં આ'લા હઝરતનો ક઼સીદએ મેઅરાજિયા મેં મારા ખાસ અંદાઝમાં પઢીને સંભળાવ્યો તો સૌ ઝુમવા લાગ્યા ! મેં એલાન કર્યું કે ઉર્દૂ અદબની દષ્ટિએ હું અદીબોનો ફૈસલો આ ક઼સીદાની ઝબાનના વિશે સાંભળવા ચાહું છું. તો સૌએ કહ્યું : એની ઝબાન તો કૌષર તથા તસ્નીમથી ધોએલી છે.

આ પ્રકારનો એક બીજો બનાવ પણ દિલ્હીમાં ઉપસ્થિત થયો તો ઉપસ્થિત રહેલા શાઈરોએ કહ્યું કે, "અમને કાંઈ ન પૂછો ! આપ ઉમ્રભર

પઢતા રહો અને અમો જીવનભર સાંભળતા રહીશું ! *(શરહે હદાઈકે બખ્શિશ, અઝ : મૌલાના ગુલામ હસન ક઼ાદરી–લાહોર)*

**ક઼સીદા** : ૨. ''ક઼સીદએ નૂર'' જેનો પ્રથમ શેઅર આ છે :–

*સુબ્હ તયબહમેં હૂઈ બટતા હૈ બાળા નૂર કા*
*સદક઼ા લેને નૂરકા આયા હૈ તારા નૂર કા*

અને છેલ્લો શેઅર આ છે :–

*અય 'રઝા' યહ અહમદે નૂરીકા ફયઝે નૂર હૈ*
*હો ગઈ મેરી ગઝલ બળ્હકર ક઼સીદા નૂર કા*

''સૌ પ્રથમ'' આ ક઼સીદો ઉર્સે ક઼ાદરી બદાયૂનીમાં ૫ જમાદિયુલ આખર હિ. ૧૩૧૭ના રોજ પઢવામાં આવ્યો જેમાં હિંદુસ્તાનના નામવર પ્રખ્યાત ઉલમા તથા મશાઈખ મૌલાના અબ્દુલ ક઼ાદિર બદાયૂની, મૌલાના વસી અહમદ મુહદ્દિષે સૂરતી, મૌલાના હાદી અલી ખાન સીતાપુરી, મૌલાના હિદાયત રસૂલ, શાહ મુહમ્મદ ફાખિર ઈલાહાબાદી, મૌલાના અબ્દુસ્સમદ સહવાની, શાહ અલી હુસૈન અશરફી મિયાં કછોછવી, શાહ તજમ્મુલ હુસૈન શાહજહાંપુરી વગેરે મૌજૂદ હતા. હઝરત શાહ અબુલ હુસૈન નૂરી મિયાં સદરે મશાઈખ હતા. હઝરત ફાઝિલે બરેલ્વી પણ બિરાજેલ હતા. બદાયૂંના મશહૂર નઅતખ્વાં હબીબ ક઼ાદરી મરહૂમે પોતાના વિશિષ્ટ અંદાઝમાં ''ક઼સીદએ નૂર'' પઢયો. લોકો વર્ણવતા હતા કે મેહફિલ સરાપા નૂર બની ગઈ ! એક એક શેઅર ચાર ચાર પાંચ પાંચ વાર પઢવામાં આવ્યો. કૈફ તથા સુરૂર (ખુશી)ની એક કૈફિયત છવાઈ ગઈ હતી. તેહસીન (દાદ) તથા આફરીનના નારા હતા. દસ વાગે આ ક઼સીદો શરૂ થયો અને ઝોહરની આગળ આગળ પૂરો થયો. હઝરત શાહ અહમદ નૂરી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز એ જેઓ ગરદન ઝુકાવીને મુરાકેબામાં જણાતા હતા, ગરદન ઉઠાવી અને દુઆ માટે હાથ ઉઠાવ્યા. હઝરત ફાઝિલે બરેલ્વી દીવાનગીભર્યા અંદાઝ સાથે ઉઠયા અને એકદમ એક ચીસ નીકળી અને હઝરત મિયાં સાહબ

ક઼િબ્લાની જાંગો મુબારક પર માથુ રાખી દીધું.... સુબ્હાનલ્લાહ !

*(શરહે હદાઈકે બખ્શિશ, અઝ : મૌલાના ગુલામ હસન ક઼ાદરી, લાહોર)*

ઈશ્કે઼ મુસ્તફા ﷺથી ચૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہની કૈફિયતોથી દિલને સુરૂર તથા રાહત બખ્શવી હોય તો ''શરહે હદાઈકે બખ્શિશ'' વાંચશો.

## ★ આ'લા હઝરતનો સાચો ઈશ્કે઼ રસૂલ અને આપણી હાલત ! ★

આજે રસૂલે પાક ﷺથી મહોબ્બતનો ચાહતનો તથા ઈશ્ક઼નો દાવો તો સૌ કોઈ કરે છે પણ ઈશ્કે઼ મુસ્તફા ﷺના તકાઝાઓને અમુક જ નિભાવતા જોવા મળે છે. આજે આ'લા હઝરતથી મહોબ્બતના દાવેદારોની કમી નથી. ''ઈશ્ક઼ો મહ઼બ્બત ! ઈશ્ક઼ો મહ઼બ્બત ! આ'લા હઝરત ! આ'લા હઝરત !''ના નારાઓ ખૂબ મારવામાં આવે છે. ''મસ્લકે આ'લા હઝરત ! ઝિંદાબાદ !''ના નારા મારનારાઓનું બજાર પણ ખૂબ જ ગરમ છે પણ આ'લા હઝરતના કિરદારથી, ઈશ્કે઼ નબી ﷺના તક઼ાઝાઓથી વિમુખ લોકોનું જીવન જોવા મળે છે. તમામ દીની ફર્ઝો નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત વગેરે બાબતે અલ્લાહ વ રસૂલના હુકમોની પાબંદી આ'લા હઝરતે કેવી કરી તેના માટે વાંચશો તો દંગ રહી જશો કે શરીઅત તથા સુન્નતની પાસદારી આપે કેવી રીતે કરી. જ્યારે આપણે અમલી જિંદગીમાં નારા મારવાથી આગળ વધી શકયા નથી. નઅતની મેહફિલોમાં નઅતખ્વાનો ઉપર રૂપિયાનો વરસાદ વરસાવી નબીની ચાહતનો મોટાભાગે આડંબર જ થતો હોય છે, (ઈલ્લા માશા અલ્લાહ !) પણ અમલના નામે મીંડુ ! તો એવા દેખાવના ચાહકોએ સત્વરે તૌબા કરી ફર્ઝોની, વાજિબોની, સુન્નતોની, શરીઅતની પાબંદી કરી લેવી જોઈએ, નહીં તો રિયાકારોનો અંજામ તો ખૂબ જ બુરો થવાનો છે !

## ★ ઈશ્કે઼ નબી ﷺનો તકાઝો આ છે ! ★

બીજુ અતિ આશ્ચર્ય ત્યારે થાય છે કે ઈશ્કે઼ નબી ﷺના દાવેદારો,

કહેવાતા આશિક઼ે રસૂલ જ્યારે ખુદા વ રસૂલના દુશ્મનોથી સગાઈ સંબંધ, દોસ્તી ઉઠક બેઠક, તેમની સાથે ખાણી પીણીની મેહફિલો કરતા જોવા મળે છે ! દીની મજમામાં તો "મસ્લકે આ'લા હઝરત"ના નારા કૂદી કૂદીને મારે છે પણ બહાર નીકળીને ગુસ્તાખે રસૂલ લોકોને ભેટતા જોવા મળે છે ! પોતાની બહેનોને, દીકરીઓને, ફોઈઓને જાણવા છતાં તેમની સાથે વરસો સુધી પત્ની તરીકે રહેવા દે છે ! તેમના ઘરે તેમના બદમઝહબ સગા આવે તો ઈજ્જતથી દાવતો થાય છે. તેમની સાથે દીકરી વહેવાર થાય છે ! શું આ'લા હઝરતે આ બધુ હરામ તથા ઈમાન માટે કાતિલ ઝહેર હોવું નથી દર્શાવ્યું ?! લખાણ ન લંબાવતાં અંતમાં સાચા આશિક઼ે રસૂલ આ'લા હઝરત رحمۃ اللہ علیہની વસીયત લોકોની જાણ માટે રજૂ કરી દઈએ છીએ તેને વાંચો અને જો તમે સાચે જ આશિક઼ે રસૂલ છો તો તેના પર અમલ કરો.

**"હે લોકો ! તમે મુસ્તફા જાને રહમત صلی اللہ علیہ وسلمનાં ભોળાં ઘેટાઓ છો અને વરૂઓ તમારી ચારેવ તરફ છે, તેઓ ચાહે છે કે તમને બહેકાવે, તમને ફિત્નામાં નાખી દે, તમને પોતાની સાથે જહન્નમમાં લઈ જાય, તેમનાથી બચો ! અને દૂર ભાગો ! દેવબંદી થયા, રાફઝી થયા, નેચરી થયા, ક઼ાદયાની થયા...... સારાંશ કે કેટલાયે ફિર્કા થયા એ સૌ વરૂઓ છે, તમારા ઈમાનની તાકમાં છે, તેમના હુમ્લાઓથી ઈમાનને બચાવો !.... જેનાથી અલ્લાહ વ રસૂલની શાનમાં રજમાત્ર તૌહીન (બેઅદબી) જુઓ, પછી તે તમારો ગમે તેટલો પ્યારો કેમ ન હોય ! તુરત જ તેનાથી અલગ થઈ જાવ ! જેને બારગાહે રિસાલતમાં જરા સરખો પણ ગુસ્તાખ જુઓ, પછી તે તમારો બુઝુર્ગ તથા મોભાવાળો કેમ ન હોય, તમારા અંદરથી તેને દૂધમાંથી માખની જેમ કાઢીને ફેંકી દો. હું પોણા ચૌદ વરસની ઉમરથી એ જ બતાવતો રહ્યો અને અત્યારે પણ ફરી એ જ કહી રહ્યો છું.....જેણે આ સાંભળ્યું અને માન્યું ક઼યામતના દિવસે તેના માટે**

**નૂર તથા નજાત છે અને જેણે ન માન્યું તેના માટે અંધકાર તથા બર્બાદી છે.** જે અહીં હોય તે સાંભળે અને માને અને જેઓ અહીં મૌજૂદ નથી તેમના માટે હાજરજનો પર ફર્ઝ છે કે ગેરહાજર લોકોને એનાથી માહિતગાર કરે.'' *(તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)*

*(અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક, બરકાતે ખ્વાજા–માસિક, ઓકટોબર–૨૦૧૮)*

## ફિર કે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએ ક્યૂં

અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિસે બરેલ્વી رحمۃ اللہ علیہ

ફિર કે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએ ક્યૂં
દિલ કો જો અક્લ દે ખુદા તેરી ગલીસે જાએ ક્યૂં

રુખ્સતે કાફલા કા શોર ગ઼શસે હમેં ઉઠાએ ક્યૂં
સોતે હૈં ઉન્કે સાયામેં કોઈ હમેં જગાએ ક્યૂં

યાદે હુઝૂર કી કસમ ગફલતે ઐશ હૈ સિતમ
ખૂબ હૈં કૈદે ગ઼મમેં હમ કોઈ હમેં છુળાએ ક્યૂં

દેખ કે હઝરતે ગ઼ની ફૈલ પળે ફકીર ભી
છાઈ હૈ અબ તો છાવની હશ્ર હી આ ન જાએ ક્યૂં

જાન હૈ ઈશ્કે મુસ્તફા રોઝ ફુઝૂં કરે ખુદા
જિસ કો દર્દ કા મઝા નાઝે દવા ઉઠાએ ક્યૂં

ખુશ રહે ગુલસે અન્દલીબ ખારે હરમ મુઝે નસીબ
મેરી બલા ભી ઝિક્ર પર ફૂલ કે ખાર ખાએ ક્યૂં

જાને સફર નસીબ કો કિસને કહા મઝેસે સો
ખટકા અગર સહર કા હો શામસે મૌત આએ ક્યૂં

અબ તો ન રોક અય ગ઼ની આદતે સગ બિગળ ગઈ
મેરે કરીમ પહલે હી લુકમાએ તર ખિલાએ ક્યૂં

સંગે દરે હુઝૂરસે હમ કો ખુદા ન સબ્ર દે
જાના હૈ સર કો જો ચુકે દિલ કો કરાર આએ ક્યૂં

હૈ તો **'રઝા'** નરા સિતમ જુર્મ પે ગર લજાએં હમ
કોઈ બજાએ સોઝે ગ઼મ સાઝે તરબ બજાએ ક્યૂં

# ઈમામ અહમદ રઝાનો ૧૦૦મો ઉર્સ

**ફકત વાતોનાં વડાં કરનાર નહીં, પરંતુ કામ કરનાર બનો, નહીં તો અફસોસ સિવાય કાંઈ હાથ નહીં આવે.**

પશ્ચિમી દુનિયાના ઓરિએન્ટલિસ્ટોના ઈસ્લામ પર ઘણા વાંધાઓ છે, એમાંથી એક વાંધો એ પણ છે કે ઈસ્લામ એના માનવાવાળાઓને તસ્બીહ, અલ્લાહનો ઝિક્ર તથા ગુનાહોથી દૂર રહેવાનો હુકમ આપે છે. યૂરોપના ઓરિએન્ટલિસ્ટોનું કહેવું છે કે ઈસ્લામ સુસ્ત અને આળસુ બનાવે છે. પોતાના અનુયાયીઓને નવી શોધો તથા નવા સર્જનોની કાબેલિયતોથી વંચિત કરી દે છે. ઈસ્લામ તેના માનવાવાળાઓને તેહક઼ીક઼ અને રિસર્ચથી દૂર અને ઈબાદતમાં ડૂબેલા જોવા માગે છે, આના જ કારણે મુસલમાનોની જિંદગીમાં સુસ્તી જોવા મળે છે. મુસલમાન સમય વેડફવાની બીમારીમાં સપડાયેલા હોય છે. એમની જિંદગીમાં મહેનત તથા કોશિશ જોવા નથી મળતી. આ વાંધો જો કે સહીહ નથી પરંતુ કેટલીય સદીઓથી મુસ્લિમ ઉમ્મતની ઉણપો જાહેર છે જેનાથી આંખ આડા કાન કરવા પણ જુર્મ છે. આપણી ઉણપો, નિષ્ક્રિયતા તથા સુસ્ત વર્તને જ ગૈરોને વાંધો ઉઠાવવાનો મોકો પૂરો પાડયો છે. એનું કારણ મુસ્લિમ ઉમ્મતનું કુર્આનની તા'લીમથી દૂર થવું છે, એના જ કારણે જમાનાએ આપણને આ દિવસો દેખાડયો છે.

મને આશ્ચર્ય થાય છે કે આ આક્ષેપ લગાડવાવાળાઓને આ વાત ક્યાંથી મળી કે ઈસ્લામ સુસ્તી અને આળસપણા તરફ લઈ જાય છે ! આક્ષેપ કરનારાઓ યૂરોપી ઓરિએન્ટલિસ્ટ છે, તેમણે પોતાની આ સંસ્થાની સ્થાપ્ના એટલા માટે જ કરી કે તેઓ ઈસ્લામ પર રિસર્ચ કરે અને એમાંથી (પોતાની રીતે) ખામીઓ કાઢે. પોતાનાં ઈલ્મી તથા ફિક્રી કામોમાં કહેવાતા તેહક઼ીક઼, સત્યનો સ્વીકાર તથા નિષ્પક્ષપણાનો દાવો કરવાવાળા પશ્ચિમી કહેવાતા બુદ્ધિજીવી લોકો એ કેમ ભૂલી જાય છે કે

કોઈ પણ ધર્મ કે વ્યવસ્થાની સચ્ચાઈનો અંદાજ એની તા'લીમાતથી લગાડવામાં આવે છે, નહીં કે એ મઝહબના અનુયાયીઓના અમલો તથા વર્તનોથી લગાડવામાં આવે. ઈસાઈઓનો ઈતિહાસ ખૂના મરકીઓ તથા જુલ્મો સિતમથી એટલો ભરેલો છે કે હજારો પાનાંઓ એનાથી ભરેલાં છે. શું એનાથી એ પરિણામ કાઢવામાં આવે કે ઈસાઈઓની બુનિયાદ જુલ્મ અને લૂટમાર પર છે ? જો એવું નથી તો પછી ઈસ્લામ પર જ વાંધો કેમ ?! ખરેખર પશ્ચિમી ઓરિએન્ટલિસ્ટોનું કામ જ ઈસ્લામની તા'લીમાતમાં ઉણપો કાઢવાનું છે. જેને તેઓ કરતા આવ્યા છે અને કરતા રહેશે. આ વાંધાઓના પ્રકાશમાં આપણે આપણી સમીક્ષા કરવાની છે. ઈસ્લામ ડગલે ને પગલે આપણને રચનાત્મક, હકારાત્મક તથા ઈન્સાનિયતની ભલાઈનું કામ કરવાનો હુકમ આપે છે. જો આપણે કોઈ નવું કામ નથી કરી શકતા તો કમસે કમ આપણા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)નાં છોડેલાં કામોને જ આગળ વધારીએ અને એમનાં નકશે કદમ પર ચાલતા રહીએ તો પણ એક બહુ મોટુ કામ થઈ જાય.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના વિસાલને ૧૦૦ વર્ષો પૂરાં થઈ રહ્યાં છે. જે ખુશનસીબ હઝરાતે રચનાત્મક, હકરાત્મક તથા ભલાઈનાં કામો કર્યા અને કયામત સુધી અમર થઈ ગયા, એવા જ લોકોમાંથી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની શખ્સિયત છે. આજે પણ એમનું કામ બોલી રહ્યું છે અને દુનિયાની ઈલ્મી ઉણપોને દૂર કરી રહેલ છે. આજે પણ એમની તેહકીકો તથા ઈલ્મી કારનામાઓ કેવળ પૂરાણા ઈલ્મની પ્યાસ નથી બુઝાવી રહ્યા બલ્કે અર્વાચીન ઈલ્મના નિષ્ણાતોને પણ પ્રભાવિત કરી રહેલ છે. આજે પણ તેમનાં ઈલ્મી કારનામાઓને દાદ આપનારા જગતભરમાં નજર આવે છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ઈલ્મી કારનામોઆની સમીક્ષા કરવામાં આવે તો બુદ્ધિ દંગ રહી જાય છે કે એક જાતને કુદરતે જ્ઞાન તથા વિદ્યાઓનો દરિયો બનાવી દીધો હતો ! સાચું કહ્યું છે : *જિસ સિમ્ત આ ગયે હૈં સિક્કે બિઠા દિયે હૈં.*

દરેક વિષય તથા કલામાં એમની કિતાબ, દરેક સવાલ પર એમનો

જવાબ મૌજૂદ છે. અલગ અલગ લોકોએ એમનાં ઈલ્મી કામને દુનિયા સુધી પહોંચાડવા માટે પોતાની યથાશક્તિ કોશિશો કરી પરંતુ હિંદુસ્તાનની સરઝમીન પર હાલમાં સૌથી વધારે અને અનોખુ કામ **હઝરત અલ્લામા હનીફખાન રઝવી** (ઈમામ અહમદ રઝા એકેડમી–બરેલી શરીફ) અને એમના સાથીઓની ટીમ કરી રહી છે અને આ'લા હઝરતના ઈલ્મના ફૈઝાનને આમ કરી રહી છે. આપણામાંથી ઘણા લોકોએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી મહ્બ્બતનો દમ ભર્યો છે અને એમનાથી અક઼ીદતનો ચિરાગ આપણા દિલોમાં રોશન કર્યો છે પરંતુ આપણે એમના કામના જઝબાને આગળ વધારવાની કોશિશ નથી કરી. આપણે વાતો તો મોટી મોટી કરીએ છીએ પરંતુ કામના ક્ષેત્રમાં કમજોર છીએ. જ્યારે કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ આપણને એ પૈગામ આપતા નજર આવે છે કે ફકત ઝુબાનથી દાવો કરી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَને  રાજી નથી રાખી શકતા, જો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَને રાજી કરવા હોય તો આ પ્રમાણે કહો :–

**કામ વોહ લે લીજીયે તુમકો જો રાઝી કરે**
**ઠીક હો નામે 'રઝા' તુમ પે કરોળોં દુરૂદ**

આપણે આપણી જિંદગી તથા આપણાં કામોનો હિસાબ કરવો જોઈએ, જો જિંદગીમાં કોઈ તરી આવે તેવું કામ નથી કર્યું તો અત્યારે કરી લો, બાકી અફસોસ સિવાય કઈ હાથ નહીં લાગે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી ઉર્દૂ–મુંબઈ, નવે. ૨૦૧૮)*

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુ. ૨૦૧૩, અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી, અનુવાદક : હાફેઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ–દયાદરા, નવેમ્બર–૨૦૧૮, બરકાતે ખ્વાજા–માસિક)*

## આ'લા હઝરત : એક મહાન વિદ્વાન વ્યક્તિ

એશિયાખંડમાં આમ તો કેટલીયે વિવિધ ખૂબીઓથી સમૃદ્ધ, ભરચક વિશિષ્ટતાઓવાળી વ્યક્તિઓ થઈ ગઈ પણ જ્યારે એક નિષ્પક્ષ નિરીક્ષક એ સૌનું પરીક્ષણ કરે છે તો જેવી સર્વ ખૂબીઓનાં સંગમરૂપી હસ્તી આ'લા હઝરતની જોવા મળે છે તેવી કોઈ અન્ય જોવા મળતી નથી. આખા જગતમાં ઉર્દૂ બોલીમાં જ્યારે કદી ''આં હઝરત'' બોલવામાં આવે તો એનાથી ઈસ્લામના પયગંબર મુહમ્મદુર્રસૂલુલ્લાહ પ્રતિ દિમાગ વળે છે, તે જ રીતે જ્યારે કોઈ ''આ'લા હઝરત'' શબ્દ બોલે છે તો એનાથી નબીના એક આશિક઼ અહમદ રઝા બરેલ્વીનું વજૂદ દિમાગમાં ફરવા માંડે છે. જોવામાં આવે તો આ સ્થાન તેમને તેમના માનવાવાળાઓની શુભ ભાવનાથી નથી મળ્યું બલ્કે તેમની પોતાના નબીથી અતિશય મહોબ્બત તથા આપની સર્વ ક્ષેત્રિય ઈલ્મી વિશાળતા તથા આપના વિદ્વાનપણાને લીધે મળ્યો છે.

ઉપરોક્ત શબ્દો પાકિસ્તાનના એક ચિંતક, લેખન તથા પત્રકારત્વ ક્ષેત્રના અગ્રગણ્ય મહાનુભવ મૌલાના કૌષર નિયાઝીના ઉચ્ચારેલા છે. વિશ્વભરમાં ઠેક ઠેકાણેથી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વીની વિવિધ વિદ્યાઓમાં નિપૂણતાની પ્રશંસા થતી રહી છે અને જેમ જેમ એમના જીવનનો અભ્યાસ થતો જશે અનાયાસે તેમની વિધ્વતાની પ્રશંસાના પુષ્પો સદા વેરાતાં રહેશે.

આ વિશ્વ વિખ્યાત મહા પુરૂષ આ'લા હઝરતનો જન્મ ૧૦–શવ્વાલ હિ.સ. ૧૨૭૨ (ઈ.સ. પ્રમાણે ૧૪–૬–૧૮૫૬)માં યુ.પી.ના બરેલી શહેરમાં થયો. આપના પિતા મૌલાના રઝા અલી સહિત ખાનદાનમાં તેજસ્વી બુદ્ધિ કૌશલ્ય, મજબૂત વિચાર શક્તિ, સમજદારી, ઉચ્ચ હોંસલો, ઈજ્જત, સખાવત, દિલેરી, ઈલ્મી લગાવ વગેરે પૂર્વજોથી ચાલી આવેલ છે. આ'લા હઝરત એ સર્વ ખૂબીઓના સંગમ હતા. આપ

સુન્ની હનફી પંથના ઈમામ (સૌથી ઉચ્ચ વડા)ના સ્થાને બિરાજમાન હતા.

આમ તો આપની અનેક ખૂબીઓ છે એક એક ખૂબી પર અનેક મોટાં પુસ્તકો રચી શકાય છે. આ ટૂંકા લેખમાં આપની સર્વ ક્ષેત્રિય જ્ઞાનમય વિશાળતાની થોડીક ચર્ચા કરીએ.

પ્રો. મસ્ઊદ અહમદ **P.Hd.** પ્રિન્સીપાલ ગવર્નમેન્ટ કોલેજ–સિંધ (પાક.)એ આ'લા હઝરતની વિવિધ વિદ્યાઓમાં વિદ્વતા સંબંધે જણાવ્યું કે, "આ'લા હઝરતે ઉલૂમે દર્સીમા (એટલે ધાર્મિક વિદ્યાઓ) ઉપરાંત અન્ય વિદ્યાઓ તથા વિષયોને પ્રાપ્ત કર્યા અને કેટલીક કલાવિદ્યાઓનું તો ખૂદ આપની સમજે માર્ગદર્શન કર્યું. આવી સર્વ વિદ્યાઓ તથા વિષયોની સંખ્યા ૪૫ છે. જેમાં કુર્આન, હદીષ, ફિક્હ, તફસીર, મુનાઝરા... વગેરે ઉપરાંત ગણિત શાસ્ત્ર, અંકગણિત વિદ્યા, સમીકરણ તથા બીજગણિત, ભૂમિતી, ખગોળ વિદ્યા, ટ્રીગોનોમેટ્રી, શબ્દકોશ વિદ્યા, ઈતિહાસ વિદ્યા, વકતૃત્વ કળાશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, તત્વજ્ઞાન, ગદ્ય પદ્ય, સ્કવેરોલોજી, લાગેરિઝમ....વગેરે.

છેવટમાં પ્રોફેસર સાહબ જણાવે છે કે મારા ધારવા મુજબ ઈસ્લામી જગતમાં ભાગ્યે જ કોઈ એવો સ્કોલર જોવા મળશે જે આટલા બધા જ્ઞાનો, વિદ્યાઓ તથા વિષયો પર વર્ચસ્વ ધરાવતો હોય. જેની સાબિતી આપના પુસ્તકોના વાંચનથી થાય છે.

ધાર્મિક ક્ષેત્રે આપે ઘણા પુસ્તકો વિવિધ વિષયે લખ્યાં છે તેમાં સૌથી મશહૂર કુર્આન શરીફનો ઉર્દૂ અનુવાદ કન્ઝુલ ઈમાન નામથી કર્યો જે સન્માર્ગ પામનારાઓ માટે દીવાદાંડી સમાન છે. તેમજ બીજુ પુસ્તક "ફતાવા રઝવિય્યહ્" જે વિવિધ ધાર્મિક, સામાજિક પ્રશ્નોના જવાબરૂપે છે. આ ફતાવા રઝવિય્યહ વિશે મશહૂર તત્વચિંતક કૌષર નિયાઝી પોતાના વિચારો રજૂ કરે છે કે હનફી ફિક્હ (દીની પ્રશ્નોના ક્ષેત્ર)માં હિંદુસ્તાનમાં બે પુસ્તકો સૌથી સ્ટાન્ડર્ડ છે. એમાંથી એક "ફતાવા આલમગીરી" છે જે વાસ્તવમાં ચાલીસ આલિમોની સંયુક્ત મહેનતનું પરિણામ છે. જેમણે હનફી પંથનો એક સમૃદ્ધ ધાર્મિક નિયમોનો સંગ્રહ

તૈયાર કર્યો. બીજુ પુસ્તક "ફતાવા રઝવિય્યહ્" છે જેની વિશિષ્ટતા એ છે કે જે કામ ચાલીસ આલિમોએ ભેગા મળીને અંજામ આપ્યું તે આ મર્દે મુજાહિદે એકલાએ કરીને દેખાડયું અને આ ફતાવા રઝવિય્યહ્નો સંગ્રહ આલમગીરી કરતાંય અધિક સમૃદ્ધ છે. અને મેં જે આપને ઈમામ અબૂ હનીફા ષાની (બીજા) કહ્યા છે તે કેવળ મહોબ્બતમાં અથવા શ્રદ્ધામાં નથી કહ્યા, બલ્કે ફતાવા રઝવિય્યહ્ જે બાર હજાર પેજીસમાં છે તેનો અભ્યાસ કર્યા બાદ આ વાત કહી રહ્યો છું કે આપ આ દૌરના અબૂ હનીફા છે. આપના ફત્વાઓમાં (ઉપરોક્ત સર્વ વિષયોના સંબંધી) વિદ્યા કલાઓ પર જે ચર્ચાઓ કરવામાં આવી છે તેને વાંચીને મોટા મોટા સ્કોલરોની બુદ્ધિ આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. કેટલુ સારું થાત કે વર્તમાનકાળના સમયને આપની હયાતી નસીબ થઈ જાત કે જેથી વર્તમાન સમયના વિવિધ ગુંચવાયેલ તથા વિવાદી બનેલા પ્રશ્નો હલ થઈ જાત, કેમ કે આપનું સંશોધન પાકુ તથા સ્ટાન્ડર્ડ તથા સર્વ સ્વીકૃત હતું. તેમજ પોતાના નબીથી મહોબ્બતએ આપની ખાસ ખૂબી હતી. જેની ઝલક માટે આ શેઅર પૂરતો છે :–

*ઉનકી ગલી કે ખાર કશીદા હૈં કિસ લિએ*
*આંખોંમેં આએં, સરપે રહેં, દિલમેં ઘર કરેં*

અન્ય ક્ષેત્રે તથા અન્ય વિષયે આ'લા હઝરત અગણિત ખૂબીઓના ધણી હતા પણ આ ટૂંકા લેખમાં આટલેથી સંતોષ કરીએ છીએ.

*સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

# તફસીર વિદ્યામાં ઈમામ અહમદ રઝાનું વિશિષ્ટ સ્થાન

આ વિષય પર મૂળ ચર્ચાના આરંભથી પહેલાં એ વાત યાદ રાખી લો કે અરબી ભાષા દુનિયાની સર્વ ભાષાઓમાં એ ગણનાએ એકાંકી છે કે તે ઓછામાં ઓછા શબ્દોમાં અધિકથી અધિક અર્થોને સમાવી લે છે.

ઉદાહરણ રૂપે કોઈ નામહરમ સ્ત્રીના દેખવાના સિલસિલામાં હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે :–

**★ અલ નઝરતુલ ઉલા લક વષ્ષાનિયા ★**

ગણત્રીના આ પાંચ શબ્દો છે, પરંતુ જો તેના ભાવાર્થને આપ ઉર્દૂ ભાષામાં પરિવર્તન કરવા ઈચ્છો તો ઈબારત આવી રીતે બનશે, ''પ્રથમ નજર તારા માટે માફ છે, પરંતુ બીજી નજર પર તારાથી મુવાખિઝો (પૂછપરછ) થશે.

**અવલોકન કરો :** અરબી ભાષાના પાંચ શબ્દોનો ભાવાર્થ ઉર્દૂમાં ચૌદ (૧૪) શબ્દોની મદદથી પરિવર્તિત થઈ શકયો છે.

બીજું દષ્ટાંત કુર્આને કરીમની એ આયત છે જેમાં ઔરતના હક્કો બાબતે ઈર્શાદ થયો છે : لَهُنَّ مِثْلُ الَّذِيْ عَلَيْهِنَّ *(સૂરએ બકરહ, આ. ૨૨૮)* ગણત્રીના આ ચાર શબ્દો છે, પરંતુ તેનો ભાવાર્થ જ્યારે ઉર્દૂ ભાષામાં પરિવર્તિત કરશો તો તેની ઈબારત આમ થશે : **''જેવી રીતે મર્દોના હક્કો ઔરતો પર છે એવી જ રીતે ઔરતોના હક્કો મર્દો પર છે.''**

અહીંયા પણ આપ નિહાળી રહ્યા છો કે અરબીના ચાર શબ્દોનો ભાવાર્થ ઉર્દૂના પંદર શબ્દોની મદદથી અદા થઈ શકયો છે.

આ બંને દ્રષ્ટાંતોથી આપ સારી રીતે સમજી ગયા હશો કે અરબી ભાષામાં ફેલાએલા અર્થોને પોતાના અંદર સમેટવા (સંકોચવા)ની જે યોગ્યતા ધરાવે છે, ઉર્દૂ ભાષા બહુ હદ સુધી તેનાથી વંચિત છે. પરંતુ તેને

ભાષા અને તઅબીર પર ઈમામ અહમદ રઝાની અસાધારણ શકિત જ કહેવામાં આવશે કે ઉર્દૂની તંગ દામાની (સંકુચિતતા) છતાં તેમણે પોતાના ઉર્દૂ તર્જૂમામાં સંક્ષિપ્તતા અને વ્યાપકતાના દ્રષ્ટાંતો કાયમ કર્યાં છે. સંક્ષિપ્તતાનો હાલ તો આપ શબ્દોને ગણીને જાણી લેશો પરંતુ વ્યાપકતાનો અંદાઝો આપ એ વાતથી લગાડો કે સમસ્ત ''કન્ઝુલ ઈમાન''માં આયતનો ભાવાર્થ સ્પષ્ટ કરવા માટે એ જ ઈબારતમાં બે વસ્તુઓને થીંગડું જોડવાની કયાંય જરૂરત પડી નથી. કેમ કે તર્જુમો જ એટલો વ્યાપક અને સાફ છે કે એ જ સ્પષ્ટતા માટે બહુ પૂરતો છે.

આ રૂખથી (એંગલથી) અત્યાર સુધી ''કન્ઝુલ ઈમાન''ની ખૂબીઓનો જાયઝો (નિરીક્ષણ) લેવામાં આવ્યો ન હતો. આજે પ્રથમવાર હું આ રૂખથી પર્દો ઉઠાવી રહ્યો છું. આગળ આવનાર દ્રષ્ટાંતોથી આપ સારી રીતે અંદાઝો લગાડી લેશો કે ઈમામ અહમદ રઝાને તઅબીર પર આશ્ચર્યજનક કુદરત (શકિત)ના સાથે સાથે એજાઝની કળામાં પણ કેટલો મહાન કાબૂ હતો.

આ સિલસિલામાં ''કન્ઝુલ ઈમાન''થી અમોએ પચીસ (૨૫) આયતોની પસંદગી કરી છે. જેમાં ઈમામ અહમદ રઝાના તર્જુમાની સાથે સાથે (દેવબંદી) મૌલાના અશરફ અલી થાનવીના તર્જુમાનો પણ એક તુલનાત્મક ખાકો રજુ કર્યો છે કે જેથી આપ આ આઈનામાં ઈમામ અહમદ રઝાના ખુદાદાદ હુનરનો જલ્વો જોઈ શકો.

(૧) أُولَٰئِكَ هُمُ الْخَاسِرُونَ *(સૂરએ બક્ર, આયત–૨૭)*

**રઝવી તર્જુમો** : તેઓ જ નુકસાનમાં છે.

**થાનવી તર્જુમો** : પસ એ જ લોકો છૂટા ખસારા (નુકસાન)માં પડવાના છે.

(૨) وَأُولَٰئِكَ هُمُ الْمُهْتَدُونَ *(સૂરએ બક્ર, આયત ૧૫૭)*

**રઝવી તર્જુમો** : અને એ જ લોકો રાહ પર છે.

**થાનવી તર્જુમો** : અને એ જ લોકો જેમની હકીકત સુધી રસાઈ (પહોંચ) થઈ ગઈ.

(૩) يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَ الصَّلٰوةِ ؕ (સૂરએ બક્રુ, આયત ૧૫૩)

**રઝવી તર્જુમો** : અય ઈમાનવાળાઓ ! સબ્ર અને નમાઝથી મદદ માગો.

**થાનવી તર્જુમો** : અય ઈમાનવાળાઓ ! સબ્ર અને નમાઝથી સહારો પ્રાપ્ત કરો.

(૪) وَاللّٰهُ يَرْزُقُ مَنْ يَّشَآءُ بِغَيْرِ حِسَابٍ ﴿۲۱۲﴾ (સૂરએ બક્રુ, આયત–૨૧૨)

**રઝવી તર્જુમો** : અને ખુદા જેને ચાહે છે બે ગીનતી (અમર્યાદિત) આપે.

**થાનવી તર્જુમો** : અને રિઝક તો અલ્લાહ તઆલા જેને ચાહે બે અંદાઝ આપે છે.

(૫) وَاللّٰهُ يَهْدِىْ مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۲۱۳﴾ (સૂરએ બક્રુ, આયત–૨૧૩)

**રઝવી તર્જુમો** : અને અલ્લાહ જેને ઈચ્છે સીધો રસ્તો દેખાડે.

**થાનવી તર્જુમો** : અને અલ્લાહ જેને ચાહે સીધો રસ્તો બતાવે છે.

(૬) مَنْ ذَا الَّذِىْ يُقْرِضُ اللّٰهَ قَرْضًا حَسَنًا (સૂરએ બક્રુ, આયત–૨૪૫)

**રઝવી તર્જુમો** : છે કોઈ જે અલ્લાહને કર્ઝે હસના આપે.

**થાનવી તર્જુમો** : તે કોણ શખ્સ છે એવો જે અલ્લાહ તઆલાને કરજ આપે, સારી પ્રથા પર કરજ આપવું.

(૭) يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَنْفِقُوْا مِنْ طَيِّبٰتِ مَا كَسَبْتُمْ (સૂરએ બક્રુ, આયત ૨૬૭)

**રઝવી તર્જુમો** : અય ઈમાનવાળાઓ ! પોતાની પાક કમાણીઓમાંથી કાંઈ આપો.

**થાનવી તર્જુમો** : અય ઈમાનવાળાઓ ! નેક નામમાં ખરચ કરતા રહો, ઉમદા ચીજને પોતાની કમાણીમાંથી.

(૮) وَمَنْ يُّؤْتَ الْحِكْمَةَ فَقَدْ اُوْتِىَ خَيْرًا كَثِيْرًا ؕ (સૂરએ બક્રુ, આયત–૨૬૯)

**રઝવી તર્જુમો** : જેને હિકમત મળી તેને બહુ ભલાઈ મળી.

**થાનવી તર્જુમો** : અને સાચું તો એ છે કે જેને દીનની સમજ મળી જાય તેને મોટી ખૈરની વસ્તુ મળી ગઈ.

(૯) قُلْ فَأْتُوْا بِالتَّوْرٰىةِ فَاتْلُوْهَآ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۹۳﴾ (અલઈમ્રાન, આયત–૯૩)

**રઝવી તર્જુમો** : તમે ફર્માવો તૌરેત લાવીને વાંચો જો તમે સાચા છો.

**થાનવી તર્જુમો** : ફર્માવી દો કે તૌરત લાવો પછી તેને વાંચો જો તમે સાચા છો.

(૧૦) لَا يَتَّخِذِ الْمُؤْمِنُوْنَ الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ۚ

(આલે ઈમ્રાન, આયત ૨૮)

**રઝવી તર્જુમો** : મુસલમાન કાફિરોને પોતાના દોસ્ત ન બનાવે, મુસલમાનો સિવાય.

**થાનવી તર્જુમો** : મુસલમાનોએ કુફ્ફારને જાહિરથી તથા બાતિની દોસ્ત બનાવવા જોઈએ નહીં. મુસલમાનોની દોસ્તીથી ઉલ્લંઘન ન કરે.

(૧૧) وَلَا تَنْكِحُوْا مَا نَكَحَ اٰبَآؤُكُمْ مِّنَ النِّسَآءِ اِلَّا مَا قَدْ سَلَفَ ؕ (સૂ.નિસા, આ.૨૨)

**રઝવી તર્જુમો** : અને બાપદાદાથી પરણેલીથી નિકાહ ન કરો, જે થઈ ગયું તે થઈ ગયું.

**થાનવી તર્જુમો** : અને તમે તે ઔરતોથી નિકાહ કરો નહીં જેમનાથી તમારા બાપદાદા, નાનાએ નિકાહ કર્યા હોય. પરંતુ જે વાત ગુજરી ગઈ, ગુજરી ગઈ.

(૧૨) يَّسْتَخْفُوْنَ مِنَ النَّاسِ وَلَا يَسْتَخْفُوْنَ مِنَ اللّٰهِ (સૂરએ નિસા, આયત–૧૦૮)

**રઝવી તર્જુમો** : આદમીઓથી છુપાય છે, અલ્લાહથી છુપાતા (સંતાતા) નથી.

**થાનવી તર્જુમો** : જે લોકોની એ કેફિયત છે કે આદમીઓથી તો છુપાઈ છે અને અલ્લાહથી શરમાતા નથી.

(૧૩) وَاجْتَبَيْنٰهُمْ وَهَدَيْنٰهُمْ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۸۷﴾ (સૂરએ અન્આમ, આયત–૮૭)

**રઝવી તર્જુમો** : અમોએ તેમને ચૂટી લીધા અને સીધો રસ્તો બતાવ્યો.

**થાનવી તર્જુમો** : અમોએ તેમને ચૂટી લીધા અને તે સૌને રાહેરાસ્તની હિદાયત કરી.

(૧૪) فَمَنْ ثَقُلَتْ مَوَازِيْنُهٗ فَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ﴿٨﴾ (સૂરએ અઅરાફ, આયત–૮)

**રઝવી તર્જુમો** : તો જેમના પલ્લા ભારે થયા તેઓ જ મુરાદે પહોંચ્યા.

**થાનવી તર્જુમો** : પછી જે શખ્સનું પલ્લુ ભારી થશે માટે એવા લોકો કામયાબ થશે.

(૧૫) وَّ هُوَ الْوَاحِدُ الْقَهَّارُ ﴿١٦﴾ (સૂરએ રઅદ, આયત–૧૬)

**રઝવી તર્જુમો** : તે એકલો સૌ પર ગાલિબ છે.

**થાનવી તર્જુમો** : અને એ જ વાહિદ છે, ગાલિબ છે.

(૧૬) ذٰلِكَ هُوَ الضَّلٰلُ الْبَعِيْدُ ﴿١٨﴾ (સુરએ ઈબ્રાહીમ, આયત–૧૮)

**રઝવી તર્જુમો** : એ છે દૂરની ગુમરાહી.

**થાનવી તર્જુમો** : એ પણ મોટી દૂરદરાજની ગુમરાહી છે.

(૧૭) اُولٰٓئِكَ هُمُ الْوٰرِثُوْنَ ﴿١٠﴾ (સૂરએ અલ્ મોમેનીન, આ. ૧૦)

**રઝવી તર્જુમો** : એ જ લોકો વારિસ છે.

**થાનવી તર્જુમો** : પસ, એવા જ લોકો વારિસ થવાના છે.

(૧૮) وَمَا كُنَّا عَنِ الْخَلْقِ غٰفِلِيْنَ ﴿١٧﴾ (સૂરએ મો'મેનીન, આ. ૧૭)

**રઝવી તર્જુમો** : અને અમે ખલ્કથી બેખબર નથી.

**થાનવી તર્જુમો** : અને અમે મખ્લૂકની મસલેહતોથી બેખબર ન હતા.

(૧૯) وَاُولٰٓئِكَ هُمُ الْمُعْتَدُوْنَ ﴿١٠﴾ (સૂરએ તૌબા, આ. ૧૦)

**રઝવી તર્જુમો** : અને તેઓ જ સરકશ છે.

**થાનવી તર્જુમો** : અને તે લોકો વધુ ઝિયાદતી (અત્યાચાર) કરી રહ્યા છે.

(૨૦) وَيُذْهِبْ غَيْظَ قُلُوْبِهِمْ (સૂરએ તૌબા, આ. ૧૫)

**રઝવી તર્જુમો** : અને તેમના દિલોની ઘુટન દૂર કરશે.

**થાનવી તર્જુમો** : અને તેમના હ્રદયના ગૈઝ તથા ગઝબને દૂર કરશે.

(૨૧) وَاللّٰهُ خَبِيْرٌ بِمَا تَعْمَلُوْنَ (સૂરએ તૌબા, આ. ૧૬)

**રઝવી તર્જુમો** : અને અલ્લાહ તઆલા તમારા કામોથી ખબરદાર છે.

**થાનવી તર્જુમો** : અને અલ્લાહ તઆલાને સઘળી ખબર છે તમારા સૌ કામોની.

(૨૨) فَعَسٰٓى اُولٰٓئِكَ اَنْ يَّكُوْنُوْا مِنَ الْمُهْتَدِيْنَ (સૂરએ તૌબા, આ. ૧૮)

**રઝવી તર્જુમો** : તો નિકટ છે કે એ લોકો હિદાયતવાળાઓ પૈકી હોય.

**થાનવી તર્જુમો** : માટે એવા લોકો સંબંધે તવક્કોઅ અર્થાત વાયદો છે કે પોતાના હેતુઓ સુધી પહોંચી જશે.

(૨૩) وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ (સૂરએ તૌબા, આ. ૧૯)

**રઝવી તર્જુમો** : અને અલ્લાહ ઝાલિમોને રાહત આપતો નથી.

**થાનવી તર્જુમો** : અને જે લોકો બેઈન્સાફ છે, અલ્લાહ તઆલા તેમને સમજ આપતો નથી.

(૨૪) ثُمَّ اَنْزَلَ اللّٰهُ سَكِيْنَتَهٗ عَلٰى رَسُوْلِهٖ وَعَلَى الْمُؤْمِنِيْنَ (સૂરએ તૌબા, આ. ૨૬)

**રઝવી તર્જુમો** : પછી અલ્લાહે પોતાની તસકીન ઉતારી પોતાના રસૂલ પર અને મુસલમાનો પર.

**થાનવી તર્જુમો** : પછી તેના પછી અલ્લાહ તઆલાએ પોતાના

રસૂલના કલ્બ પર અને બીજા મુસલમાનોના કલ્બ (હૃદય) પર પોતાના તરફથી તસલ્લી નાઝિલ કરી.

(૨૫) وَلَا تَعْثَوْا فِى الْاَرْضِ مُفْسِدِيْنَ﴿۸۵﴾ (સૂરએ હૂદ, આ. ૮૫)

**રઝવી તર્જુમો** : અને જમીનમાં ફસાદ મચાવતા ફરો નહીં.

**થાનવી તર્જુમો** : અને જમીનમાં ફસાદ કરતા કદમથી આગળ વધો નહીં.

સંક્ષિપ્તતા અને વ્યાપકતાના રૂપથી આપે હમણાં કન્ઝુલ ઈમાનના તર્જુમાનું અવલોકન કર્યું, ભાષા અને તાલીમ પર ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ને કેટલી અમર્યાદ શકિત છે કે કયાંક કયાંક અરબી ઈબારતથી પણ તેનો ઉર્દૂ તર્જુમો મુખ્તસર (સંક્ષિપ્ત) થઈ ગયો છે અને તઅબીરનો કમાલ છે કે ભાવાર્થની સ્પષ્ટતામાં કોઈ તફાવત આવ્યો નથી. જયારે કે થાનવી સાહેબનો તર્જુમો અનઆવશ્યકતા તથા અધિકતા અને તઅબીરની કેટલીએ ત્રુટિઓ પર આધારિત છે.

હવે વાતચીતના અંતિમ ચરણ પર પ્રફુલ્લિત ભાષાની હેસિયતથી કન્ઝુલ ઈમાનની ખૂબીઓનુ અવલોકન કરો. આ વિષય પર થોડાક દ્રષ્ટાંતો અવલોકો.

### ★ પ્રથમ દ્રષ્ટાંત ★

સૂરએ યૂનુસની આયત નંબર–૨૪ :–

حَتّٰٓى اِذَآ اَخَذَتِ الْاَرْضُ زُخْرُفَهَا وَ ازَّيَّنَتْ وَ ظَنَّ اَهْلُهَآ اَنَّهُمْ قٰدِرُوْنَ عَلَيْهَآ ۙ
اَتٰىهَآ اَمْرُنَا

**તર્જુમો** : ત્યાં સુધી કે જયારે જમીને પોતાનો શણગાર લઈ લીધો અને બહુ સુસજ્જ થઈ ગઈ અને તેના માલિક સમજ્યા કે તે અમારા વસમાં આવી ગઈ તો તેના પર અમારો હુકમ ઉતર્યો.

### ★ બીજું દ્રષ્ટાંત ★

સૂરએ તકવીરની આ થોડીક આયતો પઢો :

اِذَا الشَّمۡسُ كُوِّرَتۡ ۝ وَ اِذَا النُّجُوۡمُ انۡكَدَرَتۡ ۝ وَ اِذَا الۡجِبَالُ سُيِّرَتۡ ۝ وَ اِذَا الۡعِشَارُ عُطِّلَتۡ ۝ وَ اِذَا الۡوُحُوۡشُ حُشِرَتۡ ۝ وَ اِذَا الۡبِحَارُ سُجِّرَتۡ ۝ وَ اِذَا النُّفُوۡسُ زُوِّجَتۡ ۝

**તર્જુમો :** જ્યારે તડકો લપેટવામાં આવે અને જ્યારે સિતારા ખંખેરાવા લાગે અને જ્યારે પહાડ ચલાવવામાં આવે અને જ્યારે ગર્ભવતી ઊંટણીઓ છૂટી ફરે અને જ્યારે જંગલી જાનવર ભેગા કરવામાં આવે અને જ્યારે સમુદ્ર સળગાવવામાં આવે.

## ★ ત્રીજું દ્રષ્ટાંત ★

સૂરએ અલ્ ઈન્ફિતાર આયત ૧ થી ૫ની આ થોડીક આયતો પઢો :

اِذَا السَّمَآءُ انۡفَطَرَتۡ ۝ وَ اِذَا الۡكَوَاكِبُ انۡتَثَرَتۡ ۝ وَ اِذَا الۡبِحَارُ فُجِّرَتۡ ۝ وَ اِذَا الۡقُبُوۡرُ بُعۡثِرَتۡ ۝ عَلِمَتۡ نَفۡسٌ مَّا قَدَّمَتۡ وَ اَخَّرَتۡ ۝

**તર્જુમો** : જ્યારે આકાશ ફાટી જાય અને જ્યારે તારા તૂટી પડે, અને જ્યારે સમુદ્ર વહાવી દેવામાં આવે, અને જ્યારે કબ્રો ખોતરવામાં આવે.

## ★ ચોથું દ્રષ્ટાંત ★

સુરએ ઈન્શિકાક આયત ૧ થી ૫ની આ થોડી આયતો પઢો :–

اِذَا السَّمَآءُ انۡشَقَّتۡ ۝ وَ اَذِنَتۡ لِرَبِّهَا وَ حُقَّتۡ ۝ وَ اِذَا الۡاَرۡضُ مُدَّتۡ ۝ وَ اَلۡقَتۡ مَا فِيۡهَا وَ تَخَلَّتۡ ۝ وَ اَذِنَتۡ لِرَبِّهَا وَ حُقَّتۡ ۝

*(લેખક : અલ્લામા અર્શદુલ કાદરી–જમશેદપુર*
*અનુવાદક : ડોસુભાઈ પહોંચીયા, નકશબંદી, મુજદ્દિદી,*
*અલ મુઈન–માસિક, જુલાઈ–૨૦૦૧ થી ઓગસ્ટ–૨૦૦૧)*

# આ'લા હઝરતનાં આપણા પર એહસાનો અને આપણે!

બુઝુર્ગાને દીનનાં આપણા ઉપર અગણિત એહસાનો છે. હિંદુસ્તાનની ધરતી પર ઈસ્લામના આગમનથી લઈને આજ સુધીનો ઈતિહાસ સાક્ષી છે કે બુઝુર્ગાને દીન તથા ઉલમાએ એઝામ દરેક દૌરમાં તશરીફ લાવતા રહ્યા અને દીને ઈસ્લામનો પ્રચાર પ્રસાર કરતા રહ્યા અને ઈમાની રૂહાની ખૂશ્બૂ ફેલાવતા રહ્યા. પોત પોતાના યુગમાં જે તે સમયનાં ઈસ્લામ વિરોધી બળો સાથે ટક્કર લેતા રહ્યા અને કુફ્રના અંધકારમાં ઈમાની નૂર પાથરી ઈસ્લામનો ઝંડો લહેરાવતા રહ્યા. સર્વ બુઝુર્ગાને દીન ખાસ કરીને સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ હઝરત મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہનું નામ પડતાં જ દરેક ખુશ અક્રીદા સુન્નીનું દિલ એકદમ ઝુમી ઉઠે છે કે આપની મુબારક હસ્તીએ શિર્કમાં ખુપી ગયેલા ખુંખાર ગુમરાહોને પોતાની કરામતો તથા ઉચ્ચ અખ્લાક઼ વડે તૌહીદના ઝંડાધારી તથા ઈસ્લામના જાંનિષાર બનાવી દીધા હતા.

*હિંદમેં નવ્વે લાખ કો કલ્મા પઢવાયા*
*હમ પર હય એહસાન તુમ્હારા યા ખ્વાજા!*

એ જ પ્રમાણે મુજદ્દિદે અલ્ફેષાની શૈખ અહમદ ફારૂક઼ી સરહિંદી નક્શબંદી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانએ અકબરના કહેવાતા 'દીને ઈલાહી'નો ખાત્મો બોલાવવામાં પોતાની જાનને ખતરામાં રાખી દીધી કે જેના ધર્મમાં ગૈરુલ્લાહ માટે તા'ઝીમી સિજદો જાઈઝ હતો, માથે ટીલક કરવું, જનોઈ પહેરવી, મસ્જિદ મંદિરનો દરજ્જો એક બતાવવો, બાદશાહને ખુદાનો અવતાર કહેવું... વગેરે. આપે ''રામ રહીમ એક''વાળી વિચારધારાનો ખુલ્લો વિરોધ કર્યો. આપની કુર્બાનીઓ રંગ લાવી અને ઈસ્લામનો હક઼્ક઼નો ઝંડો આન, બાન તથા શાન સાથે સદા માટે લહેરાતો રહ્યો. ત્યારે

જ તો શાઈરે મશ્રિક ડો. ઈકબાલે કહ્યું કે :–

*વો હિંદમેં સરમાયએ મિલ્લત કા નિગેહબાં*
*અલ્લાહને બર વક્ત કિયા જિસ્કો ખબરદાર*

વળી જેમનું નામ પડતાં જ અને જેમની નઅતોનો કેવળ એકાદ શેઅર સાંભળતાં જ દિલોમાં ઈશ્કે મુસ્તફા ﷺના ઉમંગોનું એક તુફાન જાગી ઉઠે છે અને દિલોમાં ખુશીઓની લહેરો દોડવા લાગે છે, એ મહાન હસ્તી ૧૪મી સદીના મુજદ્દિદ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہના એહસાનો પણ દીન તથા સુન્નિયત પર અગણિત છે. આપની જાત અનેક ખૂબીઓનો સંગમ હતી જેના થકી વિવિધ ક્ષેત્રે દીનો સુન્નિયતને રોશન કરવામાં આપે જિંદગીની પળે પળને ખર્ચી કાઢી હતી. એટલા જ માટે મહાન વિદ્વાનો, સંશોધકો, ચિંતકો, સ્કોલર્સ આપની ખિદમતોનો અભ્યાસ કરે છે તો અનાયાસે પોકારી ઉઠે કે :–

"ઈમામ અહમદ રઝા ઈલ્મનો એક એવો ગહરો અસીમ સમુદ્ર છે જેના તળિયા સુધી હજી કોઈ નથી પહોંચી શક્યું. હું જીવનભર ઈલ્મ હાંસલ કર્યા બાદ એ પરિણામે પહોંચ્યો છું કે જાણે હજી સુધી એક સમુદ્રના કિનારા પર ઉભો છું ! આપની વિશાળતાઓ તથા ગહરાઈઓ સામે અચંબામાં ડૂબેલો છું." *(હવાલો : ઈમામ અહમદ રઝા એક હમા જેહત શખ્સિયત, અઝ : મૌલાના કૌષર નિયાઝી, પાકિસ્તાન)*

ઈમામ અહમદ રઝાની કઈ કઈ ખૂબીઓનું વર્ણન કરવામાં આવે ! દરેક ખૂબીમાં આપ અજોડ છે અને દરેક વિદ્યા કલામાં લાજવાબ ! જે વિષયે ક઼લમ ઉઠાવ્યો તેહક઼ીક઼ના દરિયા વહાવી દીધા, જે વિદ્યા (કલા)ને હાથ લગાડયો તે વિદ્યાને મેઅરાજ અતા કરી દીધી. આજે એમની સર્વ ક્ષેત્રિય શખ્સિયત ઈલ્મી દુનિયામાં સૂર્ય તથા ચંદ્રની જેમ ચમકતી દમકતી છે. એટલે જ સાહબઝાદા ખુરશીદ અહમદ ગીલાની લખે છે :–

"ફાઝિલે બરેલ્વીની શખ્સિયત અષ્ટકોણી પાસાદાર હીરા જેવી છે,

કે જેવી રીતે તેને સૂરજની રોશની પર રાખવામાં આવે તો દરેક ખૂણેથી એક નવો રંગ જોવા મળે છે, કોઈ બાજુથી સોનેરી, કોઈ બાજુથી લીલો, કોઈ બાજુથી ઉદો, કોઈ બાજુથી લાલ, કોઈ બાજુથી નારંગી અને કોઈ ખૂણેથી આસ્માની. આ'લા હઝરતને કદી ઈલ્મના આફતાબની રોશનીમાં જોવામાં આવે તો એમની શખ્સિયતના કેટલાયે રંગો દિલ તથા નજરને લોભાવવાના સામાનથી ભરપુર જોવા મળે છે.''

*(જહાને રઝા, માર્ચ–૧૯૯૮, બહવાલા : પયગામે રઝા, બિહાર, ૧૯૯૬)*

## ★ સૌથી મહાન એહસાન ઈમાનની રક્ષા ! ★

આજે કોઈને કોઈકે મામૂલી કે વધારે રકમની મદદ કરી દીધી હોય તો તેના એહસાન હેઠળ ઝુકી જાય છે, કોઈને બીમારીમાં સહાય મળી ગઈ, કોઈને મકાન બનાવવા, જાજરૂ બનાવવા કે કુદરતી આપત્તિમાં સહાય મળી ગઈ, કોઈને છોકરી પરણાવવામાં સહાય મળી ગઈ કે કોઈ ન કોઈ ધંધામાં કે મુસીબતમાં કોઈએ સહારો આપી દીધો તો તેના એહસાન હેઠળ દબાયેલો રહે છે. આ સર્વ એહસાનો કેવળ દુનિયામાં ફાયદો આપનારાં છે અને મુસલમાનનું એ વાત પર ઈમાન છે કે મૃત્યુ બાદ કબરમાં સવાલો જવાબ થશે, રાહત કે અઝાબ થશે, કયામતમાં હિસાબ કિતાબ થશે, પછી જેને જે મળશે તે જન્નત કે જહન્નમમાં જશે, અને મુસલમાન ગુનાહોના કારણે જહન્નમમાં જશે તો ગુનાહની સજા ભોગવીને પછી અથવા હુઝૂર ﷺની શફાઅતથી, રબ તઆલાની રહમતથી જહન્નમથી નીકળી છેવટે જન્નતમાં જશે. જ્યારે સર્વ કાફિરો જહન્નમમાં અને સર્વ મુસલમાન જન્નતમાં પહોંચી જશે, પછી દરેકે ત્યાં હમેશાં હમેશાં માટે અનુક્રમે અઝાબ અથવા આરામમાં રહેવાનું છે. તો દુનિયાનું એહસાન તો અમુક વરસો, અમુક મહિના કે અમુક પળોનું ગણાશે કે માણસનો શ્વાસ ક્યારે અટકી જાય એ નિશ્ચિત નથી, પણ આખેરત તો હમેશાંની જિંદગી છે, જ્યાં ''ઈમાન'' વિના છૂટકારો થશે જ નહીં. તો મુસલમાનોના ઈમાનની ચિંતા કરીને તેની રક્ષા કાજે જેણે ઈમાનની સલામતીનો સામાન પૂરો પાડયો, ઈમાનના લૂટારાઓને

ઉઘાડા પાડીને તેમનાથી આમ મુસલમાનોને ચેતવીને તેમના દીન ઈમાનની રક્ષા જેણે કરી તેનાથી મોટુ એહસાન કોઈ દુનિયાદારનું નથી હોય શકતું, અને એ જ મહાન એહસાન આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનું આપણા પર છે.

## ★ ગુમરાહીનાં ઘટાટોપ વાદળો વચ્ચે ઈમામ અહમદ રઝા ચમકતો સૂરજ !★

યાદ કરો એ દૌરને ! જ્યારે આ'લા હઝરત رحمۃ اللہ علیہની બરેલી શરીફની ધરતી પર જલ્વાગરી થઈ (હિ.સ. ૧૨૭૨) તો ચો તરફ કુફ્રની ઘનઘોર ઘટા છવાયેલી હતી અને ગુમરાહીનાં વાદળોની ગાજવીજ થઈ રહી હતી, ગુમરાહીના અંધકારના ઓછાયા મુસલમાનોના ઈમાનને દાગદાર કરવા ઉમટી પડયા હતા. જેમ કે ''કોઈ કાદયાનની ભૂમી પરથી પોકારી રહ્યો હતો કે હું નબી છું !''[૧] તથા કોઈ શાને રિસાલતની તૌહીનમાં કહી રહ્યું હતું કે, ''જો ધારો કે આપના જમાનામાં પણ ક્યાંક અન્ય કોઈ નબી થાય છતાં પણ આપનું અંતિમ હોવું રાબેતા મુજબ બાકી રહે છે, બલ્કે જો ધારો કે નબી صلی اللہ علیہ وسلمના જમાના પછી પણ કોઈ નબી પેદા થાય તો પણ આપના અંતિમપણામાં કોઈ ફરક પડશે નહીં[૨]......'' જ્યારે કે નબી صلی اللہ علیہ وسلمને સૌમાં અંતિમ નબી ન માને તે કાફિર[૩] છે એ કુર્આન હદીષથી સાબિત અકીદો ૧૪૦૦ વરસથી સર્વમાન્ય છે. તો વળી કોઈ પબ્લિકને સમજાવી રહ્યું હતું કે, ''શૈતાનનો ઈલ્મ નબી صلی اللہ علیہ وسلمના ઈલ્મ કરતાં વધારે છે !'' અને ''નબી صلی اللہ علیہ وسلم માટે ઈલ્મે ગયબ હોવાનું માનવું શિર્ક છે.''[૪] જ્યારે કુર્આન હદીષથી સાબિત ૧૪૦૦ વરસના મુસલમાનોનો અકીદો રહ્યો કે, ''જે નબી صلی اللہ علیہ وسلم કરતાં કોઈ અન્યનો ઈલ્મ અધિક દર્શાવે તેણે બેશક ! નબી صلی اللہ علیہ وسلمને અયબ લગાડી અને હુઝૂર صلی اللہ علیہ وسلمની શાન ઘટાડી જેથી તે ગાળ આપનાર છે. અને જે હુઝૂર صلی اللہ علیہ وسلمને ગાળ આપે તે કાફિર મુર્તદ છે.''[૫] કોઈ એવું જૂઠ કહી રહ્યું હતું કે, ''નબી صلی اللہ علیہ وسلمએ એવું ફર્માવ્યું કે હું તો એક બંદો છું, આ દીવાલની પાછળના હાલની મને ખબર નથી.''[૬] તો કોઈ કહી રહ્યો હતો કે, ''હુઝૂરનો ઈલ્મ બાળકો, પાગલો અને ચોપગાં

જાનવરો જેટલો છે."[7] આમ કહી ઈલ્મે ગયબે મુસ્તફા ﷺનો ઈન્કાર કરી રહ્યું હતું. જયારે કુર્આન ગવાહી આપે છે કે :–

مَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ وَلٰكِنَّ اللّٰهَ يَجْتَبِىْ مِنْ رُّسُلِهٖ مَنْ يَّشَآءُ

"અલ્લાહની શાન એ નથી કે તમને પોતાના ગયબથી માહિતગાર કરે, હા ! અલ્લાહ તઆલા પોતાની મશિય્યતના પ્રમાણે પોતાના રસૂલોને ચૂંટી કાઢે છે." અને એ જ રબ તઆલા ફર્માવે છે :–

علم الغيب فلا يظهر على غيبه احدا الا من ارتضى من رسول "અલ્લાહ ગયબનો જાણનાર છે, તે પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો, સિવાય તેના પસંદીદા રસૂલોના."

ઈમાનને હણનારી આવી ઘણી વાતો નબુવ્વતના જૂઠા દાવેદાર ગુલામ અહમદ કાદયાનીએ તેમજ દેવબંદી મોલ્વીઓએ અંગ્રેજોની નમકહલાલી દર્શાવવા મુસલમાનોમાં ફાટફૂટ પડાવવા લખી છાપીને પ્રસિદ્ધ કરી દીધી. આ'લા હઝરતે તેમાંની ખરાબીઓને તેમના આગળ પ્રદર્શિત કરીને તેનાથી તૌબા કરવા રજી. પત્રો મોકલ્યા, જયારે વરસો સુધીની આ કોશિશો તથા મોહલત છતાં દેવબંદી મોલ્વીઓ ટસથી મસ ન થયા તો આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાં رحمۃ اللہ علیہએ 'તહઝીરુન્નાસ'ની પ્રસિદ્ધિના ૩૦ વરસ બાદ, "બરાહીને કાતિઅહ"ની પ્રસિદ્ધિના લગભગ ૧૬ વરસ બાદ, "હિફઝુલ ઈમાન" છપાયાના લગભગ એક વરસ બાદ હિ.સ.૧૩૨૦માં "અલ્ મોઅ્તમદુલ મુસ્તનદ'માં મિર્ઝા ગુલામ અહમદ કાદયાની તથા ઉપરોક્ત કિતાબોમાં હુઝૂર ﷺની ગુસ્તાખી કરનાર દેવબંદી મોલ્વીઓ કાસિમ નાનોત્વી, રશીદ અહમદ ગંગોહી, ખલીલ અહમદ અંબેઠવી તથા અશરફ અલી થાનવીના બારામાં તેમના લખાણોના કારણે કુફ્રના ફત્વા બહાર પાડયા.

---

**૧.** *મિર્ઝા ગુલામ અહમદ કાદયાની,* **૨.** *તહઝીરુન્નાસ, અઝ : કાસિમ નાનોત્વી,* **૩.** *અલ ઈશ્બાહુવન્નઝાઈર વગેરે,* **૪.** *તથા* **૬.** *બરાહીને કાતિઅહ, અઝ : રશીદ અહમદ ગંગોહી,* **૫.** *નસીમુર્રિયાઝ,* **૭.** *હિફઝુલ ઈમાન, અઝ : અશરફઅલી થાનવી*

## ★ એક વસવસા તથા શંકાનું નિવારણ ★

હિ.સ. ૧૩૨૪માં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ''અલ્ મોઅ્તમદુલ્ મુસ્તનદ''નો તે હિસ્સો જે ફત્વા પર આધારિત હતો તેને હરમૈન તૈયેબૈન (મક્કા–મદીના)ના ઉલમાની ખિદમતમાં પેશ કર્યો જેના પર ત્યાંના **૩૫** મહાન આલિમોએ જબરદસ્ત તકરીઝો (પ્રસંશા સાથે સમર્થનો) લખ્યાં અને સ્પષ્ટ શબ્દોમાં લખ્યું કે મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાનીની સાથોસાથ ઉપર જણાવેલ દેવબંદી મોલ્વીઓ વિના શંકાએ ઈસ્લામના વર્તુળથી બહાર છે અને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને દીનની હિમાયતના લીધે ભરપુર દાદ આપી. હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના એ ફત્વાઓ ''હુસ્સામુલ હરમૈન''(હિ.સ. ૧૩૨૪)ના નામથી પ્રકાશિત કરી દેવામાં આવ્યા.

આ મક્કા મદીનાના ઉલમાના તે સમયના ફત્વા છે જ્યારે હરમૈન શરીફૈન પર હાલના વહાબીઓનો કબજો થયો ન હતો. આજે કેટલાક લોકો ત્યાં વહાબીની સત્તા હેઠળ જે બદ્અક઼ીદા ફેલાયેલા છે અને મઝારોની બેઅદબી તથા રોઝા મુબારક પર જે બેઅદબીઓ થાય છે તથા મેહફિલે મીલાદ વગેરેને તેઓ શિર્ક બિદઅત કહે છે, તેને સનદ બનાવીને લોકોને શંકા તથા વસવસામાં નાખે છે કે, ''અરે ! જ્યાંથી ઈસ્લામ ઉદ્ભવ પામ્યો ત્યાં તો આવું છે અને આપણે ત્યાં આ બિદઅતો કેવી ?!'' તેઓ શું હિ.સ. ૧૩૨૪માં જેમને કુફ્રના ફત્વા એ જ પવિત્ર ભૂમી પરથી અપાયા હતા તેને સ્વીકારીને એ દેવબંદી મોલ્વીઓને કાફિર માનશે ?! કેમ કે ત્યારે તો સેંકડો વરસોથી ચાલી આવતી સુન્ની હુકૂમત ત્યાં હતી, જ્યારે આ વહાબી હુકૂમત તો મુસલમાનોમાં વિખવાદ પડાવવા અંગ્રેજોના સહારે ઉભી થયેલી માંડ ૯૦–૧૦૦ વરસથી જ છે ! ખરેખર હક્ક઼ સ્વીકારવા ચાહતા જ હોઉ તો એના ઈતિહાસનો નિષ્પક્ષપણે અભ્યાસ કરો તો જરૂર હક્ક઼ માર્ગ સમજાય જશે. (ઈન્શાઅલ્લાહ !)

તેમજ જેઓ વિના અભ્યાસે કુફ્રના ફત્વા ધડાધડ આપવાનો આક્ષેપ આ'લા હઝરત પર લગાડે છે તેઓ પણ શાંતચિત્તે વિચારે કે ઉપરોક્ત

લખાણમાં આ'લા હઝરતે કુફ્રના ફત્વા બહાર પાડતાં પહેલાં જે તે મોલ્વીઓ સાથે કેટલા વરસો સુધી સંપર્ક કર્યો, છેવટે તેઓ પોતાની વાતો પર અડી જ રહ્યા ત્યારે શરીઅતનો હુકમ બહાર પાડયો, એટલું જ નહીં પણ હરમૈન શરીફૈનના ઉલમા સમક્ષ તેને પેશ કરીને તે ફત્વાઓનું સમર્થન મેળવી ક઼ાદયાની તથા દેવબંદી મોલ્વીઓનાં લખાણો કુફ્રી હોવા પર વજનદાર મહોરો કરાવી લીધી. હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના એ મહાન ઉલમાના સર્વ સમર્થનોવાળા ફત્વા તેમજ તે મહાન ઉલમાના સર્વ નામો પણ અત્રે સ્થળ સંકોચને કારણે રજૂ કરી શકતા નથી, કેવળ એક જ સમર્થક ફત્વો જાણ માટે રજૂ કરું છું :–

## ★ માજી મુફતી મદીના મુનવ્વરાનો ક઼ાદયાની દેવબંદી વિશે ઈમાન અફરોઝ ફત્વો ! ★

"બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહમ. એક અલ્લાહ કો સારી ખૂબિયાં. બાદ હમ્દો સલાત, બેશક ! મૈં ઈસ રોશન રિસાલે ઔર ઝાહિરો વાઝેહ કલામ (સ્પષ્ટ લખાણ) પર મુત્લઅ હુઆ તો મૈંને પાયા કે હમારે મૌલા અલ્લામા ઔર દરયાએ અઝીમુલ ફહમ હઝરત અહમદ રઝાખાંને બેશક ! ઈસ ગિરોહે ખારિજ અઝ દીન, કાફિર ફસાદિયોં કી રાહ ચલનેવાલે કે રદકે લિયે ફરયાદરસી કી તો કિતાબ 'અલ્ મોઅતમદુલ્ મુસ્તનદ'મેં ઉસ ગિરોહ કી બુરી રુસ્વાઈયાં ઝાહિર કી, પસ ઉન્કે ફાસિદ અક઼ીદોંસે એક ભી બગૈર પૂચ વ લચર કિએ ન છોળા. તો અય મુખાતબ ! તુઝ પર લાઝિમ હૈ કે ઈસી રોશન રિસાલેકા દામન પકળ લે જિસે મુસન્નિફને (લેખકે) બઝૂદી લિખ દિયા, તૂ ઉન ગિરોહોં (દેવબંદી) કે રદમેં હર ઝાહિર વ રોશન સરકોબ દલીલ પાએગા. ખુસૂસન જો ઉસ ગિરોહે ખારિજ અઝ દીન કે બાંધે હૂએ નિશાન ખોલ દેને કા કસ્દ કરે વો ખારિજ અઝ દીન કૌન હૈ જિસે વહાબિયહ કહા જાતા હૈ. ઔર ઉન્મેંસે મુદ્દઈએ નબુવ્વત (નબી હોવાનો દાવેદાર) **ગુલામ અહમદ ક઼ાદયાની** હૈ. ઔર દીનસે દુસ્રા નિકલનેવાલા શાને ઉલૂહિયત વ રિસાલત (અલ્લાહ વ રસૂલની શાન)

ઘટાનેવાલા **કાસિમ નાનોત્વી** ઔર **રશીદ અહમદ ગંગોહી** ઔર **ખલીલ અહમદ અંબેઠવી** ઔર **અશરફ અલી થાનવી** ઔર **જો ઉન્કી ચાલ ચલા.** (જે એને માર્ગે ચાલ્યો). અલ્લાહ તઆલા હઝરત જનાબ અહમદ રઝા કો જઝાએ ખૈર અતા કરે કે ઉસને શિફા દી. ઔર કિફાયત કી અપને ફત્વેસે જો કિતાબ "અલ્ મોઅ્તમદુલ્ મુસ્તનદ"મેં લિખ્ખા. જિસ પર આખિરમેં ઉલમાએ મક્કા મુકર્રમાકી તકરીઝેં (સમર્થનો) હૈં. ક્યૂં કે ઉન (દેવબંદીયોં) પર વબાલ ઔર ખરાબીએ હાલ લાઝિમ હો ચૂકી હૈ ઈસ લિએ કે વો ઝમીન મેં ફસાદ ફેલાનેવાલે હૈં. **વો ઔર જો ઉન્કી ચાલ પર હૈ,** અલ્લાહ ઉન્હેં કત્લ કરે ! કહાં ઉંધે જાતે હૈં. અલ્લાહ તઆલા હઝરત જનાબ અહમદ રઝા કો જઝાએ ખૈર દે ઔર ઉસમેં ઔર ઉસ્કી ઔલાદમેં બરકત રખે ઔર ઉસે ઉનમેંસે કરે જો કયામત તક હક્ક઼ બોલેંગે. **રાક઼િમ (લખનાર)** : અપને રબ્બે ક઼દીર કે અફ્વકા મોહતાજ ઉષ્માન બિન અબ્દુસ્સલામ દાગ઼િસ્તાની, માજી મુફતીએ મદીના મુનવ્વરા અફલ્લાહુ અન્હૂ. –*[હવાલો : હુસ્સામુલ હરમૈન (ઉર્દૂ અનુવાદ) પરથી લિપિયાંતર, પેજ નં. ૫૮, ૫૯]*

**હે સુન્ની મુસલમાનો !** વધુ જાણકારી માટે એકવાર "હુસ્સામુલ હરમૈન"નો જરૂર અભ્યાસ કરો અને વિચારો કે આ'લા હઝરતે તમારા ઈમાનની કેટલી ફિકર કરી છે અને તમારા ઈમાનની રક્ષા કાજે કેટલી તકલીફો ઉઠાવી અને બાતિલો સાથે કેટલી ટક્કરો લીધી છે. અને આ વિષયમાં આ'લા હઝરતે સેંકડો કિતાબો લખી છે.

હઝરત મૌલાના અબ્દુલગની સાબરી قدس سرہ (બાદામી બાલ લાહોર) જણાવે છે, "મારા પીરો મુર્શિદ (શાહ સિરાજુલ હક્ક઼ ગુરદાસપૂરી) હઝરત કિબ્લા મુજદ્દિદે મિલ્લત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہથી સારી અકી઼દત ધરાવતા હતા, આપનું ફર્માન હતું કે જો અહમદ રઝા رحمۃ اللہ علیہની શખ્સિયત હિંદુસ્તાનમાં ન થાત તો તમામ હિંદુસ્તાનવાળા વહાબિયતનો સબક પઢત ! અને સાચે જ આ'લા હઝરતે કરોડો લોકોને મુર્તદ થવાથી બચાવ્યા છે અને કિયામત સુધી આપના

મસ્લક પર ચાલનાર બચતા રહેશે, ઈન્શાઅલ્લાહ ! *(ઈમામ અહમદ રઝા વિશ્વના વિવિધ ગ્રુપના વિદ્વાનોની દૃષ્ટિએ)*

હવે મારો પ્રશ્ન છે કે શું તમે એક પણ કિતાબ આ'લા હઝરતની સંપૂર્ણ ધ્યાનથી ઈમાનની મજબૂતીની નિય્યતે કદી વાંચી છે ખરી ?! અગર ના ! તો અફસોસ ! અને અગર હા ! તો મુબારકબાદ છે તમને ! અલ્લાહ મારો તમારો, આપણો સૌનો ખાત્મો ઈમાન પર ફર્માવે. (આમીન) વળી એ પણ પ્રશ્ન છે કે આપણે કેટલા એ ગુસ્તાખ ફિર્કાથી બચીએ છીએ ? જેનાથી બચાવવા આ'લા હઝરત આટલુ ઝઝુમ્યા ! જ્યારે **હડકાયા કૂતરાથી સૌ દૂર ભાગે છે કે જે જાન માટે ખતરો છે !** પણ આ **બેઈમાનીમાં હડકાયા થયેલાઓની ફૂંકથી પણ ઈમાન માટે ખતરો** હોવા છતાં આપણે તેમની સાથે દોસ્તી, ઉઠક બેઠક, સગાઈ, શાદી–વિવાહ સૌ કરીને આપણી આખેરત ખતરામાં નાખી રહ્યા છીએ !

## ★ આ'લા હઝરતનું 'કન્ઝુલ ઈમાન' ! આપણા પર મહાન એહસાન ! ★

આ'લા હઝરતે જેવી રીતે બદ્અક઼ીદગીની ઈમાન વિનાશક બીમારીથી મુસલમાનોને નજાત અપાવવાના માટે ફત્વા લખીને તથા પુષ્કળ કિતાબો લખીને કલમી જંગ કરીને પોતાની કલમના નશ્તર વડે અતિશય કામયાબ ઓપરેશનો કર્યા, તે જ પ્રમાણે કુર્આનની આયતોના ગલત તર્જુમા તથા ખોટા અર્થઘટનો થકી કુર્આનના હવાલાથી બદ્મઝહબોએ બદ્અક઼ીદગી ફેલાવવાનો પ્રયાસ કર્યો તો આ'લા હઝરતે આપણને "કન્ઝુલ ઈમાન" (એટલે ઈમાનનો ખજાનો !) કુર્આનના ઉર્દૂ તર્જુમારૂપે ભેટ ધરી દીધો ! "કન્ઝુલ ઈમાન"નો નિષ્પક્ષપણે અભ્યાસ કરનાર એ વાત સ્પષ્ટપણે જાહેર કર્યા વિના નથી રહી શકતો કે **સર્વ તર્જુમાઓમાં 'કન્ઝુલ ઈમાન' અનોખુ તથા અજોડ છે.** એની વિશિષ્ટતાઓ તથા અજોડપણાનાં વિવિધ કારણો છે જેના માટે ઉલમાની

કિતાબો વાંચો. અહીં મારે કેવળ તર્જુમાનું ખાસ ઈમાનની રક્ષા કરતું પાસુ છે તે દર્શાવવું છે, અને બદ્મઝહબોએ ક્યાં ઠોકરો ખાધી છે તથા તેને અનુસરનારાઓને કઈ જહન્નમની ખાઈમાં ફેંકી રહ્યા છે તે દર્શાવવું છે.

**આયત :-** **وَلَمَّا يَعْلَمِ اللّٰهُ الَّذِيْنَ جٰهَدُوْا مِنْكُمْ وَيَعْلَمَ الصّٰبِرِيْنَ**

*(સૂરએ આલે ઈમરાન, આયત–૧૪૨)*

❖ કોઈકે તર્જુમો કર્યો કે ''અને **હજી માલૂમ નથી કર્યો અલ્લાહે** જેઓ લડનારા છે તમારામાં.'' *(શાહ અબ્દુલ કાદિર)*

❖ હજી ખુદાએ સારી રીતે **માલૂમ કર્યા જ નથી.**

*(ફતહ મુહમ્મદ જાલંધરી દેવબંદી)*

❖ હજી અલ્લાહે તે લોકોને તમારામાંથી **જાણ્યા જ નથી.**

*(અબ્દુલ માજિદ દર્યાબાદી દેવબંદી)*

❖ અલ્લાહે તે લોકોને **જોયા જ નથી.** *(થાનવી દેવબંદી)*

❖ **માલૂમ નથી કર્યા** અલ્લાહે. *(મહમૂદુલ હસન)*

શું મુસલમાને એ અકીદો રાખવો કે **અલ્લાહ પણ કેટલીક વાતોથી અજાણ હોય છે ?!** આપણુ ઈમાન તો એ છે કે **અલ્લાહનો ઈલ્મ** દરેક ચીજ બાબતનો **હમેશાંથી હમેશાં માટે છે** એ માને તે મુસલમાન ! આ કુર્આનના દેવબંદી ગ્રૃપના તર્જુમા છે તે શું તા'લીમ આપે છે ? કહો આ ગુમરાહ કરનાર તર્જુમા છે કે નહીં ?! આવો ! ઈમાન તાજુ કરનારો તર્જુમો આ'લા હઝરતથી વાંચી લો અને દિલમાં ઠંડક તથા ઈમાની નૂર ભરી લો ! આ'લા હઝરતે તર્જુમો કર્યો : ''અને અલ્લાહે તમારા ગાઝીઓની **ઈમ્તેહાન નથી લીધી.''** *(કન્ઝુલ ઈમાન)*

**આયત :-** **وَيَمْكُرُوْنَ وَيَمْكُرُ اللّٰهُ ؕ وَاللّٰهُ خَيْرُ الْمٰكِرِيْنَ**

*(સૂરએ અન્ફાલ, આ. ૩૦, પા. ૯)*

અહીં તેમના તરફથી સામાન્યતઃ તર્જુમો કરવામાં આવ્યો, ''બેશક !

મુનાફિકો **અલ્લાહને ધોકો આપે છે** અને **અલ્લાહ તેમને ધોકો આપનાર છે.''** (મઆઝલ્લાહ !)

ગૈરોના મોટા ભાગના તર્જુમાકારોએ અલ્લાહની શાનનો ખયાલ જ નથી કર્યો. અલ્લાહ તો ધોકો પામવાથી કે ધોકો કરવાથી પાક છે. એ તો મુસલમાનનો અક઼ીદો છે. આ'લા હઝરતે અહીં તર્જુમો કર્યોઃ ''બેશક ! મુનાફિક઼ો ધોકો આપવા ચાહે છે પોતાના ગુમાનમાં, અને તે તેમની તદબીરને નિષ્ફળ કરી દેશે.'' આવો ! હવે આ તર્જુમાઓમાં શાને રિસાલતમાં શું બેઅદબી આ બદ્‌મઝહબોએ કરી તેને જુઓઃ

**આયત :** وَوَجَدَكَ ضَآلًّا فَهَدٰى *(પા. ૩૦, વદ્દુહા, આ. ૭)*

કોઈએ તર્જુમો કર્યો, ''અને પામ્યો તને (રસૂલને) **ભટકતો** પછી રાહ આપી.'' કોઈએ તર્જુમો કર્યો **''રાહ ભૂલેલો''**, કોઈએ તર્જુમો કર્યો **''હક્ક઼ માર્ગથી બેખબર''** કોઈએ **''ભટકતા ભટકતા ફરી રહ્યા છે.''** આ છે ગૈરોના તર્જુમા ! રસૂલે પાકની બારગાહનો અદબ ક્યાં ગયો ?! શું કુર્આન આવી જ તા'લીમ આપે છે ? નહીં ! કુર્આનમાં તો છે કે, وَاِنَّكَ لَتَهْدِىْٓ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ''હે મહબૂબ ! બેશક ! તું સીધી રાહની તરફ માર્ગદર્શન કરે છે.'' એક આયતમાં عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ''બેશક ! તમે સીધા માર્ગે મોકલવામાં આવ્યા છો.'' *(સૂરએ યાસીન)* શું આ આયતો ઉપલી આયત સાથે વિરોધાભાસ નથી ઉભો કરતી ? ના ! કુર્આનમાં વિરોધાભાસ નથી ! પણ ખામી બદ્‌મઝહબોના તર્જુમાની છે કે કુર્આનમાં ટકરાવ જણાવા લાગે છે ! આવો દિલને ઈત્મિનાન બખ્શે એવો તર્જુમો ઉપરોક્ત આયતનો જોઈ લો !

''અને તમને **પોતાની મહોબ્બતમાં** ખૂદ રફતા (બેખૂદ) પામ્યા તો તમને **પોતાના તરફ** રાહ આપી.'' *(કન્ઝુલ ઈમાન)*

આ આ'લા હઝરતનું એહસાન નથી તો શું છે ? ગુમરાહીના વાદળોને ક઼લમના ઈશારાઓથી વેરવિખેર કરીને ઈમાનની રોશનીનો સૂરજ ''કન્ઝુલ ઈમાન''ના નામે ચમકાવી દીધો. અને આવા તર્જુમાની આ તો

કેવળ ઝલક જ છે, વધુ અભ્યાસ માટે ઉલમાએ અહલે સુન્નતની કિતાબો વાંચો.

### ★ "ફતાવા રઝવિય્યહ" તો એક કરામત જ છે ! ★

આ'લા હઝરતની કરામતો વેરતી કલમનો એક ઉઘાડો નમૂનો "ફતાવા રઝવિય્યહ" છે જે લગભગ બાર હજાર પેજોમાં પથરાયેલી છે જેમાં કયામત સુધી આવનારી નસલને જીવનભરના અને દરેક ક્ષેત્રના, દરેક વિષયના, દરેક દૌરમાં ઉપસ્થિત કોયડાનો હલ મળે છે અને મળતો રહેશે, ઈન્શાઅલ્લાહ ! જેમાં બાતિલ ફિર્કાઓના ગુમરાહકુન અવાજો કાઢતાં મોઢાંઓ પર જડબેસલાક લગામો છે જેનાથી માછલી ગલમાં ફસાતાં તડપી ઉઠે છે તેમ બાતિલ ફિર્કાવાળા કુર્આન, હદીષ, ઉલમાના અકવાલથી ભરપુર દલીલોના તાણાવાણારૂપી જાળમાં ફસાઈને તડપવા લાગે છે અને તેમને ભાગવાનો માર્ગ શોધતાંય નથી મળતો. એટલું જ નહીં પણ દીની સર્વ બાબતો હુઝૂર ﷺના ઈલ્મે ગયબ સંબંધે, હાઝિર નાઝિર હોવા સંબંધે, અતાઈ ઈખ્તિયાર સંબંધે તથા નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વગેરેને લગતા પ્રશ્નો તથા સર્વ સામાજિક મામલાઓનો હલ તેમાં સમાયેલ છે. ત્યારે જ તો ડો. ઈકબાલે એક ઈલ્મી બેઠકમાં એના વિશે પોતાના વિચારો પ્રદર્શિત કરતાં જણાવ્યું હતું કે, "ફતાવા રઝવિય્યહ્"ના અભ્યાસ પરથી અંદાજો થાય છે કે તે કેટલા પ્રમાણમાં ઉચ્ચ ઈજતેહાદી કાબેલિયતોથી સજ્જ હતા."

*–(મકાલાતે યૌમે રઝા, પેજ–૧૦, લાહોર)*

એકવાર આપની તબીયત સખત બીમાર હતી. ડોકટરોએ સંપૂર્ણ આરામનો મશ્વરો આપ્યો. આપ શહેરની બહાર એક કોઠીમાં આરામ કરવા રોકાયા હતા. એક દિવસે ત્રીસ પત્રો આવ્યા, મગરિબ બાદ આપે પત્રો સાંભળ્યા અને એક સાથે ચાર જણાને જવાબ લખાવવા શરૂ કરી દીધા. દરેકને એક એક ફકરો બતાવી દેતા તે લખતા જતા. સારાંશ કે સર્વ જવાબો લખાવી દીધા. આ પત્રો મઝહબી તથા ફિકહી સવાલો પર આધારિત હતા.

હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ કિછોછવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે : ''......એ ચીજ રોજ જોવા મળતી કે જવાબની પરિપૂર્ણતા માટે ફિક્હના જુઝિયાની તલાશમાં જે લોકો થાકી જતા તો (આ'લા હઝરતથી) અર્ઝ કરતા, તો આપ તે જ વખતે ફર્માવી આપતા કે રદ્દુલ મુહતાર, જિલ્દ ફલાણીમાં ફલાણા પેજ ઉપર આ શબ્દો સાથે જુઝિયો મૌજૂદ છે, દુર્રે મુખ્તારના ફલાણા પેજ ફલાણી લીટી ઉપર આ લખાણ મૌજૂદ છે, આલમગીરીમાં જિલ્દ, પેજ નં., લીટી સહિત કે આ શબ્દોમાં મૌજૂદ છે. હવે જ્યારે કિતાબોમાં જઈને જોતા તો પેજ નં., લીટી એ જ પ્રમાણે પામતા જે મોઢે આ'લા હઝરતે ફર્માવી દીધી હતું !'' *(ખુત્બાતે સદારત, યૌમે રઝા, નાગપુર, હિ.સ. ૧૩૭૯)*

આપણા તો આપણા પણ ગૈરો પણ આ'લા હઝરતના કમાલોને જોતાં વાહ વાહ પોકારી ઉઠયા, જેમ કે મલિક ગુલામ અલી નાયબ મવદૂદી લખે છે :–

''હકીકત એ છે કે મૌલાના અહમદ રઝાખાં સાહબના બારામાં અત્યાર સુધી અમે લોકો સખત ગલત ફહમીમાં સંડોવાયેલા રહ્યા. તેમની કેટલીક કિતાબો અને ફતાવાના અભ્યાસ પછી એ નિર્ણયે પહોંચ્યો છું કે જે ઈલ્મી ગહરાઈ મેં તેમને ત્યાં જોઈ તે ખૂબ જ થોડા આલિમોમાં જોવા મળે છે.'' *(શહાબ અઠવાડિક–લાહોર, ૩૦ નવે. ૧૯૬૨)*

મૌલાના અબુલ હસનઅલી નદવી (માજી નાઝિમ નદવતુલ ઉલમા–લખનૌ) લખે છે :–

''તેમની (આ'લા હઝરતની) કિતાબો તથા રિસાલાઓની સંખ્યા જીવન ચરિત્ર લખનારાઓનાં કથનો અનુસાર પાંચસો છે જેમાં સૌથી મોટી કિતાબ ''ફતાવા રઝવિય્યહ'' કેટલીક જાડી જિલ્દોમાં છે. હનફી ફિક્હ અને તેના જુઝિયાઓની માલૂમાતની હૈસિયતથી **આ જમાનામાં તેમની જોડ નથી મળતી.** તેમના ફતાવાઓ તથા કિફ્લુલ ફકીહ (હિ.સ. ૧૩૨૩, મક્કા મુકર્રમા) એના પર ન્યાયી સાક્ષી છે. ગણિત

શાસ્ત્ર, ખગોળ શાસ્ત્ર, નજૂમ, રમલ, જફરમાં તેમને સંપૂર્ણ મહારત પ્રાપ્ય હતી.'' *(પેજ–૪૧, જિલ્દ–૩, નુઝહતુલ ખવાતિર, હૈદરાબાદ, બહવાલા : ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશકી નઝરમેં)*

આ'લા હઝરતની આપણા, પરાયા, પ્રોફેસરો, ફિલોસોફરો વગેરે વિદ્વાનોએ જે પ્રસંશા કરી છે તે આ ટૂંકા લેખમાં ન સમાવી શકાય, એના માટે હવાલામાં જણાવેલી કિતાબો વાંચો.

### ★ ''હદાઈક઼ે બખ્શિશ'માં તો બખ્શિશનો ભરપૂર સામાન છે ! ★

*મીનારે કસ્રે રઝા તો બુલંદ કાફી હૈ*
*ઝરા તુમ ઉસ્કે પહેલે હી ઝીને પે ચળ્હકે દિખલા દો*

*ફતાવા રઝવિય્યહ્ તો એક કરામત હૈ*
*ઝરા હદાઈક઼ે બખ્શિશ હી પળ્હ કે દિખલા દો*

આ'લા હઝરતની શખ્સિયતના મક઼ામને સમજવા હઝરત સૈયદ અશ્રફ મારહરવીના ઉપરોક્ત શેઅરો પૂરતા છે, કોણ સમજી શકે છે આપના બુલંદ મક઼ામને ?! ''હદાઈકે બખ્શિશ'' આપની નઅતો મન્ક઼બતોનો સંગ્રહ છે જેમાં આ'લા હઝરતે ઈશ્ક઼ના દરિયા વહાવી દીધા છે ! કાંઈ બજારૂ તથા બેલગામ શાયરો જેમ તરંગોની દુનિયામાં રાચીને નહીં ! પણ હક઼ીક઼તનો ઈઝહાર જ કર્યો છે. આપની નઅતિયા શાયરી કુર્આન હદીષની જાણે તર્જુમાનીનો પ્રવાહ વહાવી રહી છે. ખૂદ ફર્માવે છે કે, ''કુર્આન પાસેથી મેં નઅત ગોઈ શીખી એટલે કે શરીઅતના હુકમોનો લેહાઝ રાખીને, નઅતમાં જો માર્ગદર્શકની જરૂર પડે તો હઝરત હસ્સાનના નક઼્શે ક઼દમ બસ છે.''

એની ઉચ્ચતા વિશે વિદ્વાનોએ ઘણુ કહ્યું છે પણ અહીં સર્વનો સમાવેશ શક્ય નથી, કેવળ એક પ્રસંગ વર્ણવી દઉં છું કે મશ્હૂર અદીબ (સાહિત્યકાર) તથા શાયર જનાબ આબિદ નિઝામી પોતાનો એક પ્રસંગ વર્ણન કરતાં લખે છે કે : લગભગ ઈ.સ. ૧૯૫૯ના અડધા વર્ષ વિત્યા

બાદના પાછલા સમયની વાત છે કે મારે મુલતાનના એક જલ્સાએ યૌમે હુસૈનના પ્રોગ્રામમાં હાજરી આપવા જવાનું થયું. આ જલ્સો ટાઉન હોલમાં હતો. જલ્સામાં હાજર રહેનારાઓમાં મૌલાના માહિરુલ કાદરી, મૌલાના મુહમ્મદ જાફર નદવી ફુલવારી અને કૌષર નિયાઝી, મૌલાના બાકર અલીખાં અમીરે જમાઅતે ઈસ્લામી મુલતાનની કોઠીમાં ઉતરેલા હતા. રાત્રે આ દિલચસ્પ ચર્ચા છેડાઈ ગઈ કે ઉર્દૂનો **સૌથી મહાન નઅત કહેનાર શાયર કોણ** છે ? ઉર્દૂના મોટા મોટા શાયરોના અશ્આર મુકાબલામાં રજૂ થવા લાગ્યા. આ ચર્ચા ઘણીવાર સુધી ચાલી રહી. અંતે એ વાત પર બધાએ એકમતિ દર્શાવી કે **મૌલાના અહમદ રઝાખાં બરેલ્વીથી સારા નઅતના અશ્આર (વધુ સંખ્યામાં) ઉર્દૂના કોઈ શાયરે નથી કહ્યા,** હું તે સમય સુધી મૌલાનાના નામથી તો જરૂર વાકેફ હતો પણ (આપના) કલામથી વાકેફ ન હતો, પાછળથી તેમનું કલામ 'હદાઈકે બખ્શિશ' જોયું તો આ વાતની સચ્ચાઈ પુરવાર થઈ ગઈ. *(પેજ–૧૧૧, મકાલાતે યૌમે રઝા, અવ્વલ મતબૂઆ, લાહોર, બહવાલા યાદે આ'લા હઝરત, મકતબે કાદિરિય્યહ–લાહોર, પેજ–૩૭, બહવાલા : ઈમામ અહમદ રઝા વિશ્વના વિવિધ ગ્રુપના વિદ્વાનોની દૃષ્ટિએ, અઝ : અલ્લામા મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી, દારુલ કલમ, દિલ્હી)*

સરકાર ﷺના ઈશ્કમાં ડૂબેલા અમુક શેઅરો જોતા ચાલો :–

*કરું તેરે નામ પે જાં ફિદા – બસ એક જાં નહીં દો જહાં ફિદા*
*દો જહાંસે ભી નહીં જી ભરા – કરું ક્યા કરોરોં જહાં નહીં !*

**તૂબામેં જો સબસે ઉંચી નાઝુક સીધી નિકલી શાખ**
**માગું નઅતે નબી લિખને કો રૂહે કુદ્દસસે ઐસી શાખ**
*(તૂબા = જન્નતી ઝાડ, રૂહે કુદ્દસ = જિબ્રઈલે અમીન)*

*જાન હય ઈશ્કે મુસ્તફા ઔર ફુઝૂં કરે ખુદા*
*જિસ્કો હો દર્દ કા મઝા નાઝે દવા ઉઠાએ ક્યૂં !*
*જાનો દિલ હોશો ખિરદ સબ તો મદીના પહુંચે*
*તુમ નહીં ચલતે **'રઝા'** સારા તો સામાન ગયા !*

**કરું મદહે અહલે દુવલ 'રઝા', પળે ઈસ બલામેં મેરી બલા**
**મૈં ગદા હૂં અપને કરીમ કા, મેરા દીન પારાએ નાં નહીં !**
*(મદહે અહલે દુવલ = માલદારોની પ્રશંસા, ગદા = ગુલામ, પારાએ નાં = રોટલાનો ટુકડો)*

*ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈરસે કામ*
*લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા*
*કામ વો લે લીજીએ તુમ કો જો રાઝી કરે*
*ઠીક હો નામે* ***'રઝા'*** *તુમપે કરોરોં દુરૂદ*

## ★ અનેક વિધ ક્ષેત્રે આપનાં અજોડ કારનામાંઓ ★

ગૈરુલ્લાહના માટે તા'ઝીમી સિજદો હરામ હોવા વિશે કિતાબ "અઝ્ઝુબદતુઝ્ઝકીયહ ફી તહરીમે સુજૂદિત્તહિય્યહ્" જે ક્યામત સુધી આ બાબતે ઉઠનારી ગુમરાહીનો જવાબ છે. તથા અન્ય "બિદઅત તેમજ મના કરેલ બાબતો" જેમ કે "સ્ત્રીઓની મઝારો પર હાજરીની મનાઈ" તથા ઉર્સોમાં તથા અન્ય સ્થળોએ થતા વાજિંત્રોવાળી કવ્વાલીના પ્રોગ્રામો સંબંધે "વાજિંત્રો સાથે કવ્વાલી હરામ" હોવા વિશે, વર્તમાનકાળમાં ચાલતી તાઝીયાદારીની રસમ વિરુધ્ધ, તેમજ બનાવટી સૂફીઓ, શરીઅતથી બેપરવા પીરોની પોલ ખોલવા સંબંધે શરીઅતના હુકમો દર્શાવતી અસંખ્ય કિતાબો આપે લખી છે.

સાદાતે કિરામની તા'ઝીમ અને તેનું મહત્વ દર્શાવતાં લખાણો તથા આપના જીવનના અમલી નમૂના આ બાબતે અજોડ છે. તેમજ ખાનકાહી જાઈઝ રસમો સામે બદ્અક઼ીદાઓ તરફથી ઉઠેલા વાંધાઓના જવાબો પણ આપે નિહટ્ટા આપ્યા, સૌના ઉપર આપનાં એહસાનો છે. ઉપરાંત ઈલ્મના દરેક ક્ષેત્રે બાતિલ માન્યતાવાળાઓની રેવડી દાણા દાણા આપે જ કરીને ઈસ્લામનો તથા અહલે સુન્નતનો હાથ ઉપર રાખ્યો છે. આપના એહસાનો અગણિત છે જેને આ ટૂંકા લેખમાં સમાવવાં અસમર્થ છે.

## ★ ...પણ આપણે આ'લા હઝરતની કેટલી કદર કરી ?! ★

આપણા આવા મોહસિનની અગણિત કિતાબો વિવિધ વિષયે છે,

ઘણી બધી સંપૂર્ણ તથા આંશિક ગુજરાતી પણ થઈ ચૂકી છે, તેમજ આ'લા હઝરતની શાનમાં આપના જીવન ચરિત્ર પર તથા આપની ખૂબીઓ પર ઘણી કિતાબો છે. ગુજરાતીમાં પણ અમે ચારેક નાની મોટી કિતાબો પ્રસિદ્ધ કરી છે, પણ ''મસ્લકે આ'લા હઝરત ! ઝિંદાબાદ !''નો નારો લગાડનારાઓમાંથી અમુક જ હશે જે એ કિતાબો વાંચવાનો શોખ ધરાવે છે, ખાસ તો ''ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશકી નઝરમેં'' (વિશ્વના વિવિધ ગૃપના વિદ્વાનોની દષ્ટિએ) તથા ''તજલિય્યાતે ઈમામ અહમદ રઝા.....'' વગેરે **દયાદરા**થી પ્રસિદ્ધ થયેલી છે, તેમજ ''ઉજાલા'' વગેરે **SMC ગોંડલ** તરફથી પ્રસિદ્ધ થયેલી, અન્ય સંસ્થાઓએ પણ પ્રસિદ્ધ કરી હશે, પણ અફસોસ કે ન વાંચન પ્રતિ આપણો ઉત્સાહ જોવા મળે છે ન અમલ પ્રતિ સ્ફૂર્તિ જોવા મળે છે.

આ'લા હઝરતે જીવનભર દીનો સુન્નિયતની ખિદમત કરી અને પોતાની પાછળ પોતાના કાબેલ શાગિર્દો તથા ખલીફાઓ તેમજ બાકમાલ ઔલાદ છોડી જેમાં મૌલાના ઝફરુદ્દીન બિહારી, સદરુશ્શરીઅહ મૌલાના અમજદ અલી આઝમી (લેખક : બહારે શરીઅત) સદરુલ અફાઝિલ નઈમુદ્દીન મુરાદાબાદી, હુઝૂર મુહદ્દિષે આ'ઝમ સૈયદ મુહમ્મદ કછોછવી, શેરબે શએ અહલે સુન્નત હસ્મતઅલીખાં પીલીભીતી, પ્રો. સૈયદ મુહમ્મદ સુલેમાન અશરફ, કુત્બે મદીના હઝરત મૌલાના ઝિયાઉદ્દીન અહમદ મદની, હઝરત મૌલાના અહમદ મુખ્તાર મેરઠી, મુબલ્લિગે ઈસ્લામ મૌલાના અબ્દુલ અલીમ મેરઠી, હુઝૂર મુફતીએ આ'ઝમ મુસ્તફા રઝા, હુજ્જતુલ ઈસ્લામ હામિદ રઝા, હઝરત ઈબ્રાહીમ રઝાખાં.... વગેરે પુષ્કળ હસ્તીઓએ દુનિયાભરમાં આ'લા હઝરતના તે મિશનને આગળ વધારવા તનતોડ કોશિશો કરી અને અહલે સુન્નત વ જમાઅતની બેનમૂન ખિદમતો કરી છે, જેના માટે ઈતિહાસ સાક્ષી છે.

*અહમદ રઝા કા તાઝા ગુલિસ્તાં હૈ આજ ભી*
*ખુર્શિદે ઈલ્મ ઉન્કા દરખ્શાં હૈ આજ ભી*

ઈમાન પા રહા હૈ હલાવત કી નેઅમતેં
ઔર કુફ્ર તેરે નામસે લરઝાં હૈ આજ ભી

સબ ઉનસે જલનેવાલોં કે ગુલ હો ગએ ચિરાગ
**'અહમદ રઝા'** કી શમ્એ ફરોઝાં હૈ આજ ભી

કિસ તરહ ઈત્ને ઈલ્મ કે દરયા બહા દિએ
ઉલમાએ હક્ક઼ કી અક઼લ તો હૈરાં હૈ આજ ભી

અલ્લાહ અપને ફયઝસે અબ કામ લીજિએ
ફ઼િત્નોં કે સર ઉઠને કા ઈમ્કાં હૈ આજ ભી

**'મિર્ઝા'** સરે નિયાઝ ઝુકાતા હૈ ઈસ લિએ
ઈલ્મો અમલપે આપ કા એહસાં હૈ આજ ભી

આ'લા હઝરતના આ સર્વ એહસાનોની આપણે ગંભીરપણે નોંધ લેવી જોઈએ અને આપની જાતની મહોબ્બત આપણી ઔલાદમાં ગળથુથીમાંથી નાખવી જોઈએ, જે આ'લા હઝરતને ઓળખી જશે તે જરૂર આપની કિતાબો, આપના ફત્વાનો આદર કરશે, તેના પ્રમાણે અમલ કરશે અને ગુમરાહી તથા બદ્અક઼ીદગીથી બચીને અહલે સુન્નત પર અડગતાથી રહીને પોતાની આખેરતને સમારી શકશે. અલ્લાહ તઆલા આપણને મસ્લકે આ'લા હઝરત અહલે સુન્નત વ જમાઅત પર તા હયાત ક઼ાયમ રાખે અને દીનો સુન્નિયતના માટે દરેક પ્રકારે કુર્બાન થવાની તૌફીક઼ આપે. આમીન બિજાહિન્નબીકરીમ ﷺ.

*(અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, તંત્રી : બરકાતે ખ્વાજા—માસિક, બરકાતે ખ્વાજા—માસિક, જાન્યુઆરી—૨૦૧૦)*

## સલામે 'રઝા'માં સહાબાએ કિરામનો ઉલ્લેખ

દુનિયામાં એવી મહાન હસ્તીઓની ઉણપ તથા અછત નથી જેમણે પોતાના જ્ઞાન તથા બુદ્ધિ અને ઉજ્જવળ સમજ થકી સર્વ જગતને ફાયદો ન પહોંચાડયો હોય અને દુનિયાને અચંબામાં ન નાખી હોય. બુઅલી સૈના, ઉમર ખય્યામ, ઈમામ રાઝી, ઈમામ ગઝાલી, અલ્ બરૂની, ફારાબી, ઈબ્ને રુશ્દ જેમનાં ઈલ્મી કારનામાંઓ પર દુનિયાના અસ્તિત્વ સુધી ફખ્ર કરવામાં આવશે. તેઓમાંનો કોઈ ફિલોસોફી તથા હિકમતનો ઈમામ છે તો કોઈ ગણિત તથા આંકડા શાસ્ત્રનો ઈમામ છે, કોઈ સંસ્કાર શાસ્ત્રી તો કોઈ યુનાની ફિલોસોફીનો ઈમામ છે. પરંતુ સૌથી હૈરતઅંગેઝ શખ્સિયત હિંદુસ્તાનની સરઝમીન પર પૈદા થઈ એ શખ્સિયત **ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہના મુબારક નામે ઓળખાય છે. આપની મુકદ્દસ ઝાત સર્વ જ્ઞાનનો એક એવો સમૂહ છે કે આપના ઈલ્મ વિશે સંપૂર્ણ ચર્ચા કરવા માટે જે તે ઈલ્મનો પ્રભુત્વ તથા જાણકાર જ ચર્ચા કરી શકે છે.

ઈલ્મ તથા કમાલના મૈદાનમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની પ્રભુત્વતા તથા ઊંડાણ અહલે ઈલ્મ તથા અહલે નઝરથી ખિરાજે અક઼ીદત વસૂલ કરે છે અને કરતા રહેશે. આપની શાયરી ફન (કળા)ના આધારે ઉચ્ચતા તથા કમાલ ધરાવે છે અને સંપૂર્ણ રીતે હમ્દ, નઅત, મન્ક઼બત પર જે આધારિત છે. પોતે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''હું મારા નઅતિયા કલામથી ખૂબ જ ખુશ તથા આનંદિત છું કારણ કે મારું કલામ અલ્લાહના ફઝ્લો કરમથી દરેક નકામા તથા નિરર્થક શબ્દો તથા અર્થથી સાફ છે, મારી નઅતના શેઅરો શરીઅત વિરુધ્ધ નથી, તેમાં મના કરેલ તથા નાપસંદ વાતો જે શરીઅત વિરુધ્ધ છે તેનું

નામો નિશાન પણ નથી. શરીઅત વિરુધ્ધનું લખાણ કઈ રીતે આવી શકે છે જ્યારે કે મેં કુર્આને મુકદ્દસથી નઅત ગોઈ (નઅત કહેવાનું) શીખ્યું. કુર્આને અઝીમની નઅતનો આલમ તો એ છે કે શરીઅતના હુકમો મેહફૂઝ રહે અને એક શબ્દ પણ શરીઅત વિરુધ્ધ ન જાય.''

આથી જ તો આપે ફર્માવ્યું :–

*''હૂં અપને કલામ સે નિહાયત મેહઝૂઝ*
*બેજા સે હૈ અલ મિન્નતો લિલ્લાહ મેહફૂઝ*
*કુર્આન સે મૈંને નાઅત ગોઈ સીખી*
*યા'ની રહે અહકામે શરીઅત મલ્હૂઝ''*

ખાસ કરી કલામે રઝામાંથી **સલામે રઝાને જે મક્બૂલિયત મળી છે તે લગભગ બીજી સલામને નથી મળી,** કદાચ જ કોઈ એવો નબીનો દીવાનો હશે જેને આ પ્રખ્યાત સલામના બે–ત્રણ અશ્આર યાદ ન હોય.

જનાબ આબિદ નિઝામી લખે છે કે, **''મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ''** દરેક માણસે ઘણી ઘણી વાર સાંભળી હશે, અને પ્રોફેસર સલીમ ચિશ્તીના વર્ણનાનુસાર હિંદ તથા પાક.માં કદાચ જ નબીનો કોઈ એવો આશિક હશે જેને ઉપરોક્ત સલામના બે ત્રણ અશ્આર યાદ ન હોય. ખરેખર આ સલામ સલાસત, રવાની શેઅરોની ખૂબીઓ અને સાચા ઈશ્કના કારણે ઉર્દૂ સાહિત્યની ખૂબ જ સારી સલામ છે.

સલામે રઝામાં સરવરે દો આલમ ﷺની મુકદ્દસ ખૂબીઓ, પ્યારી આદતો, સખાવત, અઝમત તથા જલાલને એવા રૂપમાં પેશ કરવામાં આવ્યાં છે કે દરેક શેઅર દિલ તથા દિમાગને તાઝગી તથા ઈમાનને રોશની આપે છે. ત્યાર બાદ અહલે બૈતે અત્હાર તથા મુકદ્દસ સહાબાની બારગાહમાં શેઅર અર્ઝ કરવામાં આવ્યા છે અને ત્યાર પછી ચારેવ ઈમામો, અવલિયાએ કિરામ ખાસ કરીને હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની બારગાહમાં સલામની ડાળીઓ પેશ કરવામાં આવી છે અને

અંતમાં રબ તઆલાની બારગાહમાં ઈલ્તેજા છે કે ઈલાહી ! જે રીતે દુનિયામાં અમે તારા પ્યારા હબીબ ﷺની શાનો શૌકતના ડંકા વગાડી રહ્યા છીએ તે રીતે કયામતમાં પણ સલામ તથા નઅતના નગ્મા પેશ કરવાની સઆદત અતા ફર્માવ. આમીન

આ મુબારક સલામના કેટલા અશ્આર છે ? આ વિશે બે કથનો છે : જનાબ શમ્સ બરૈલ્વીના મુજબ તેમની સંખ્યા ૧૭૦ છે. આપ લખે છે કે, "આલા હઝરત رحمۃ اللہ علیہએ ૧૭૦ સલામ પેશ કરી છે." સલામે રઝા પર તઝમીન લખનાર પ્રખ્યાત શાયર સૈયદ મુહમ્મદ મર્ગૂબ અખ્તર હામિદી મુજબ અશ્આરની સંખ્યા ૧૭૨ છે. આપ લખે છે, "આલા હઝરતની મશ્હૂર સલામ 'મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ' જેના પર ૧૭૨ અશ્આર છે, જેનો દરેક શેઅર મોતીઓમાં તોલવામાં લાયક છે."

સલામે રઝામાં તરતીબનો ખાસ ખયાલ રાખવામાં આવ્યો છે. પ્રથમ ૩૦ અશ્આરમાં પ્યારા નબી ﷺના ફઝાઈલ, ૩૧ થી ૮૨ સુધી આપના મુકદ્દસ દેખાવનું ઝિક્ર, ૮૨ થી ૯૦માં આપની વિલાદત, દૂધ પીવાનો જમાનો અને મુબારક બાળપણનું વર્ણન છે, ૯૧ થી ૯૯માં આપના ઝિક્ર તથા મુબારક ખયાલો અને ગલ્બએ દીન, ૧૦૦થી ૧૦૪માં ગઝવાતમાં આપની બહાદુરી, ૧૦૫ થી ૧૧૭માં ખાનદાને નબવી તથા ગુલશને ઝહરાની ખૂશ્બૂ, ૧૧૮થી ૧૨૬માં આપની મુકદ્દસ બીબીઓ, ૧૨૭ થી ૧૪૩માં ખુલ્ફાએ રાશિદીન અને સહાબાએ કિરામ, ૧૪૪ થી ૧૪૯માં તાબઈન તબે તાબઈન અને આલે રસૂલ, ૧૫૦ થી ૧૫૧માં ચારેય મહાન ઈમામો, ૧૫૨ થી ૧૫૫માં હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની બારગાહમાં હાજરી, ૧૫૬ થી ૧૬૧માં પોતાના સિલસિલાના બુઝુર્ગો, ૧૬૨ થી ૧૬૫માં આખી ઉમ્મતે મુસ્લિમાનું વર્ણન અને આ દુઆ પર પોતાની સલામ સંપૂર્ણ કરી કે જ્યારે પ્યારા નબી ﷺ મૈદાને મેહશરમાં તશરીફ લાવે તો મને આ રીતે સલામ અર્ઝ કરવાની ઈજાઝત મળે :–

*મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ*
*શમ્એ બઝમે હિદાયત પે લાખોં સલામ*

સલામે રઝામાં ૧૨૭ અશઆરથી લઈ ૧૪૭ સુધી સહાબાએ કિરામ, ખુલ્ફાએ રાશિદીન અને અશ્રએ મુબશ્શરાની ખિદમતમાં સલામ પેશ કરવામાં આવી છે.

ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ સલામ અર્ઝ ફર્માવે છે :–

*જાં નિષારાને બદરો ઉહદ પર દુરૂદ*
*હક્ક઼ ગુઝારાને બયઅત પે લાખોં સલામ*

**બદર** : હક્ક઼ તથા બાતિલ દરમ્યાન પ્રથમ જંગ થયો તેનું નામ 'બદર' છે. હુઝૂર રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمએ પોતાના ૩૧૩ સહાબા સાથે આ જંગમાં પોતે શિર્કત ફર્માવી અને ફતહ મેળવી. અલ્લાહ તઆલાએ જંગે ઉહદમાં મુસલમાનોની મદદ તથા નુસરત માટે ફરિશ્તા નાઝિલ ફર્માવ્યા. કુર્આને પાકમાં તેનું વર્ણન આ રીતે કરવામાં આવ્યું છે : "અલ્લાહ તઆલાએ બદરના મક઼ામમાં તમારી મદદ ફર્માવી જ્યારે કે તમે કમજોર હતા, અલ્લાહનો ખૌફ અપનાવો જેથી શુક્રગુઝાર બની શકો."

જંગે બદરની ઘણી ફઝીલતો અહાદીષે પાકમાં વર્ણન થયેલ છે અને બદરવાળાઓમાંથી કોઈ પણ દોઝખમાં નહીં જાય. આ પ્રકારની હદીષ હઝરત હફ્સા رضی اللہ عنہاથી મરવી છે. આપ ફર્માવે છે કે અલ્લાહના પ્યારા રસૂલ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, "બદરવાળા તથા હુદૈબિયા (માં શરીક)માંથી કોઈ પણ દોઝખમાં નહીં જાય." *(અત્તઝકિરહ્, ૩૮૮)*

**ઉહદ** : એક પહાડનું નામ છે જે મદીના મુનવ્વરાથી ત્રણ માઈલના અંતરે છે. બદરની હારે કાફિરોને વારંવાર બદલો લેવા માટે ઉશ્કેર્યા, છેવટે તેમણે ઉહદમાં જંગનો પ્લાન બનાવ્યો અને સહાબાએ કિરામએ ઘણી જ મુશ્કેલીઓ બાદ જંગ ફતહ કરી, લગભગ ૭૦ મુસલમાનો આ જંગમાં શહીદ થયા. ચાર મુહાજિર તથા છાસઠ અન્સાર શહીદ થયા. સૈયિદુશ્શુહદા હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہ પણ ઉપરોક્ત જંગમાં શહીદ થયા. આ'લા હઝરત ફાઝિલે બરૈલ્વી رضی اللہ عنہએ ગઝવએ ઓહદના સર્વ શહીદો તથા શરીક થનારાઓની બારગાહમાં સલામ અર્ઝ કરી છે.

**હક્ક્ ગુઝ્ઝારાને બયઅત (બયઅતે રિઝ્વાન) :** હિ.સ. ૬એ અલ્લાહના પ્યારા હબીબ ﷺ ૧૪૦૦ સહાબાના ગૃપ સાથે ઉમરાની નિય્યતે મદીના મુનવ્વરાથી રવાના થયા, મક્કાના કુરૈશીઓને આપની રવાનગીની ખબર મળી તો તેમણે પ્લાન બનાવ્યો કે હુઝૂર ﷺને મક્કામાં દાખલ નહીં થવા દેવામાં આવે. હુદૈબિયાના મક્ામ (જગ્યા) પર આપ પહોંચ્યા તો આપની ઊંટણી બેસી ગઈ. પ્યારા નબી ﷺએ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને કાફિરો તરફ મોકલ્યા અને ફર્માવ્યું કે અમારો ઈરાદો લડાઈ તથા જંગનો નથી, અમે માત્ર અલ્લાહના ઘરની ઝિયારત તથા તવાફ કરવાનો ઈરાદો ધરાવીએ છીએ. કાફિરોએ તે ન સ્વીકાર્યું અને કહ્યું કે, હે ઉષ્માન ! તમે આવ્યા છો માટે ઈચ્છતા હોઉ તો તવાફ કરી લો. પરંતુ આપે નબીની બારગાહના અદબને મહત્વ આપ્યું અને તવાફ કરવાથી તે સમયે ઈન્કાર કર્યો. સહાબાએ બાવળના વૃક્ષ નીચે બેસી પ્યારા નબી ﷺના હાથ મુબારક પર બયઅત કરી વાયદાનું એલાન કર્યું કે અમે છેલ્લી ઘડી સુધી કાફિરો વિરુધ્ધ લડીશું. જ્યારે બધા જ સહાબાએ કિરામ બયઅત લઈ ચૂક્યા તો પ્યારા નબી ﷺએ પોતાનો ડાબો હાથ મુબારક પોતાના જમણા હાથ પર મૂક્યો અને ફર્માવ્યું કે, હે સહાબીઓ ! ગવાહ થઈ જાવ કે આ ઉષ્માનનો હાથ મારા હાથ પર બયઅત લઈ રહ્યો છે. સહાબાએ કિરામની ઉપરોક્ત હિમ્મત, ઈખ્લાસ અને કુર્બાની પર અલ્લાહ તઆલાએ આ આયતે કરીમા નાઝિલ ફર્માવી, ''બેશક ! અલ્લાહ તઆલા ઈમાનવાળાઓથી રાજી થઈ ગયો જયારે તેઓ વૃક્ષ નીચે હુઝૂર ﷺની બયઅત કરી રહ્યા હતા. અલ્લાહ તઆલા જાણે છે કે જે કાંઈ તેમના દિલોમાં છે.'' આથી જ તો ઉપરોક્ત બયઅતને પોતાના દસ્તે કુદરત પર બયઅત ક્રાર આપી અને ફર્માવ્યું, ''બેશક ! જેમણે તમારી બયઅત કરી તેમણે અલ્લાહની બયઅત કરી, તેમના હાથ પર રબ તઆલાનો દસ્તે અક્દસ (હાથ) છે.'' એના વિશે હદીષમાં પણ ફર્માન મળે છે, ''જેણે વૃક્ષ નીચે મારા હાથ પર બયઅત કરી તે જહન્નમમાં નથી જઈ શક્તા !'' *(તકમીલુલ ઈમાન–૧૭૨)*

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ સહાબાની બારગાહમાં સલામ અર્ઝ કરી રહ્યા છે. તે મહાન દસ સહાબા જેમને દુનિયામાં જ જન્નતની ખુશખબર પ્યારા નબી صلی اللہ علیہ وسلمએ આપી દીધી (અશ્રએ મુબશ્શરા) તેમની બારગાહમાં ગુલામાના સલામ અર્ઝ કરી :–

*વો દસોં જિનકો જન્નત કા મુઝદા મિલા*
*ઉસ મુબારક જમાઅત પે લાખોં સલામ*

''સલામ એમના પર જેમના જન્નતી હોવાનું એલાન નબી અકરમ صلی اللہ علیہ وسلمએ આ દુનિયામાં ફર્માવી આપ્યું. તેમને 'અશ્રાએ મુબશ્શિરા' કહે છે. આ દસ મુબારક સહાબાના નામ આ પ્રમાણે છે :–

(૧) હઝરત અબૂબક્ર (૨) હઝરત ઉમર (૩) હઝરત ઉષ્માન (૪) હઝરત અલી (૫) હઝરત તલ્હા (૬) હઝરત ઝુબૈર (૭) હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ (૮) હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ (૯) હઝરત સઈદ બિન ઝૈયદ (૧૦) હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ (رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ)

''અશ્રાએ મુબશ્શિરા'માંના ચાર ખુલ્ફાએ રાશિદીન વિશે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ખૂબ જ સારા અંદાઝમાં અશ્આર કહ્યા છે જેનું પછી વર્ણન કરવામાં આવશે. અત્રે બાકી છ સહાબાનું ટૂંકુ વર્ણન કરવામાં આવે છે :–

**★ હઝરત તલ્હા ઈબ્ને ઉબૈદુલ્લાહ رضی اللہ عنہ ★**

અઢાર વરસની ઉમરમાં ઈસ્લામ કૂબૂલ કરવાવાળાઓની યાદીમાં આઠમું સ્થાન ધરાવે છે. આપનો લકૂબ 'તલ્હતુલ ખૈર' છે. આપના વિશે જ અલ્લાહના પ્યારા રસૂલ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, ''જે જમીન પર ચાલતા ફરતા શહીદને જોવા ઈચ્છે તે મારા તલ્હાને જોઈ લે.''

*(તિર્મિઝી, મનાકિબુલ અશ્રા)*

**★ હઝરત ઝુબૈર ઈબ્ને અવ્વામ رضی اللہ عنہ ★**

૧૬ વરસની ઉમરમાં આપે ઈસ્લામ કૂબૂલ કર્યો, આપનો લકૂબ

"હવારીએ રસૂલ" છે, કારણ કે હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે ગઝવએ અહઝાબના મોક઼ા પર હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "કોણ છે જે કાફિરોના લશ્કર વિશે ખબર કાઢી લાવે ?" હઝરત ઝુબૈર رضی اللہ عنہએ કહ્યું, સરકાર ! હું હાજર છું ! નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, "દરેક નબીના હવારી હોય છે અને ઝુબૈર મારો હવારી છે." હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી રિવાયત છે કે મેં મારા કાનોથી આ શબ્દો નબીના મુક઼દ્દસ હોઠો થકી સાંભળ્યા, "તલ્હા અને ઝુબૈર જન્નતમાં મારા પડોશી હશે."

## ★ હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ ★

સરકાર صلی اللہ علیہ وسلمના આગમન વખતે આપની ઉમર મુબારક ત્રીસ વરસ હતી. આપ તથા હઝરત અબૂ ઉબૈદા ઈબ્ને જર્રાહ એક જ દિવસે ઈમાન લાવ્યા હતા. આપ ઈસ્લામ લાવવામાં છટ્ઠા કે તેરમા ક્રમે છે. આપના ઈમાન લાવવા પર પ્યારા નબી صلی اللہ علیہ وسلم ખૂબ જ ખુશ થયા અને ફર્માવ્યું, "અબ્દુર્રહમાન દુનિયા તથા આખિરતમાં મારા મિત્ર છે." પ્યારા નબી صلی اللہ علیہ وسلمની ઈમામતનો શરફ પણ આપને મળ્યો છે.

## ★ હઝરત સઅદ ઈબ્ને અબી વક્ક઼ાસ رضی اللہ عنہ ★

નબુવ્વતના એલાનના સાતમા દિવસે સત્તર વરસની ઉમરમાં ઈમાન લાવ્યા. પોતાને 'ત્રીજો મુસલમાન' કહેતા હતા. હઝરત મૌલા અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી મરવી છે કે મેં પ્યારા નબી صلی اللہ علیہ وسلمને હઝરત સઅદ સિવાય બીજા કોઈ માટે પોતાના માં બાપનો ઉલ્લેખ કરતા નથી સાંભળ્યા. ઉહદના દિવસે પ્યારા નબી صلی اللہ علیہ وسلم હઝરત સઅદને ફર્માવતા હતા, "હે સઅદ તીર ફેંક ! તારા પર મારા માં બાપ કુર્બાન !" *(બુખારી, મનાક઼િબે અશરા)*

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી મરવી છે કે એક રાત પ્યારા નબી صلی اللہ علیہ وسلم એ આરામ ન ફર્માવ્યો, અને ફર્માવ્યું કે કાશ ! કોઈ 'નેક માણસ' હોત જે પહેરો આપત ! અચાનક મેં હથિયારનો અવાજ સાંભળ્યો અને મેં પૂછયું કોણ ?! તો જવાબ મળ્યો, સઅદ ! શા માટે આવ્યા છો ? તો હઝરત સઅદ رضی اللہ عنہએ જવાબ આપ્યો કે મારા દિલમાં આજે હુઝૂર صلی اللہ علیہ وسلم

વિશે ખૌફ અને કાંઈક શંકા આવી જેથી (પહેરો આપવા) હાજર થઈ ગયો છું. પ્યારા નબી ﷺએ આ સાંભળી દુઆઓથી નવાઝયા અને આરામ ફર્માવ્યો. ત્યારથી જ આપનો લક્બ 'રજુલે સાલેહ' (નેક માણસ) પડી ગયો.

### ★ હઝરત સઈદ બિન ઝૈદ رضی اللہ عنہ ★

લગભગ ૧૫ વરસની ઉમરમાં ઈસ્લામ ક્બૂલ કર્યો અને અવ્વલીન (પ્રથમ ઈસ્લામ લાવનાર જમાઅત)માં મક્ામ મેળવ્યું. આપના વાલિદ સરકાર ﷺની મુલાકાત તથા આપ પર ઈમાન લાવવાની હસરત તથા ઉમ્મીદ સાથે આ દુનિયાથી રુખસત થયા પરંતુ નેક બાપની નેક ઔલાદે ઈમાન લાવવામાં જલ્દી કરી. હઝરત ઝૈદ જે આપના વાલિદ છે તેમની સૌથી મોટી ખૂબી એ હતી કે તેઓ જીવતી દફન કરવામાં આવતી બાળકીઓને પોતાની હિફાઝતમાં લઈ લેતા હતા અને તેમની પરવરિશ કરતા.

### ★ હઝરત અબૂ ઉબૈદા ઈબ્ને જર્રાહ رضی اللہ عنہ ★

લગભગ ૨૯ વરસની ઉમરમાં ઈસ્લામ ક્બૂલ કર્યો. આપનો ક્રમ ઈસ્લામ ક્બૂલ કરનારાઓમાં ૯ મો છે. હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે પ્યારા નબી ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "દરેક ઉમ્મત માટે અમીન (અમાનતદાર) હોય છે અને આ ઉમ્મતના અમાનતદાર અબૂ ઉબૈદા ઈબ્ને જર્રાહ છે." *(મિશ્કાત)*

હઝરત હુઝૈફા رضی اللہ عنہથી મરવી છે કે નજરાનના લોકોનું એક ગૃપ સરકાર ﷺની બારગાહમાં હાજર થયું અને અર્ઝ કરી કે કોઈ અમાનતદાર માણસને તમારી પાસે મોકલો. ફર્માવ્યું કે, હું તમારી તરફ એવા અમીન માણસને મોકલીશ જેમના પર બીજા અમાનતદારો રશ્ક કરશે ! પછી આપે હઝરત અબૂ ઉબૈદા ઈબ્ને જર્રાહને રવાના કર્યા. *(હવાલો ઉપર મુજબ)*

ઉપરોક્ત સૌની બારગાહમાં ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વીએ સલામ અર્ઝ કરી છે :–

વો દસોં જિનકો જન્નત કા મુઝદા મિલા
ઉસ મુબારક જમાઅતપે લાખોં સલામ

હવે ખુલફાએ રાશિદીનની બારગાહમાં સલામ અર્ઝ કરવામાં આવે છે.

**પ્રથમ ખલીફા અફઝલુલ ખલ્ક બઅદર્રુસુલની બારગાહમાં સલામનું નઝરાણુ :–**

ખાસ ઉસ સાબિકે સૈરે કુર્બે ખુદા
ઓહદે કામિલિયત પે લાખોં સલામ

સાયએ મુસ્તફા માયએ ઈસ્તફા
ઈઝ્ઝો નાઝે ખિલાફતપે લાખોં સલામ

યા'ની ઉસ અફઝલુલ્ ખલ્ક્ બઅદર્રુસૂલ
ષાનીયુષ્નૈને હિજરતપે લાખોં સલામ

અસ્દકુસ્સાદિક઼ીન સૈયદુલ મુત્તક઼ીન
ચશ્મો ગૌશે વઝારતપે લાખોં સલામ

**બીજા ખલીફા ફારૂકે હક્કો બાતિલની બારગાહમાં સલામનું નઝરાણુ :–**

વો ઉમર જિસકે અઅ્દાપે શયદા સક઼ર
ઉસ ખુદા દોસ્ત હઝરત પે લાખોં સલામ

ફારૂકે હક્કો બાતિલ ઈમામુલ હુદા
તેગે મસ્લૂલે શિદ્દતપે લાખોં સલામ

તર્જમાને નબી હમ ઝબાને નબી
જાને શાને અદાલતપે લાખોં સલામ

**ત્રીજા ખલીફા ઝુન્નુરૈનની બારગાહમાં સલામનું નઝરાણુ :–**

ઝાહિદે મસ્જિદે અહમદી પર દુરૂદ
દૌલતે જૈશે ઉસ્રતપે લાખોં સલામ

દુર્રે મન્ષૂરે કુર્આં કી સલકે બહી
ઝવજે દોનૂરે ઈફ્ફત પે લાખોં સલામ
યાની ઉષ્માન સાહિબે કમીસે હુદા
હુલ્લા પોશે શહાદતપે લાખોં સલામ

**ચોથા ખલીફા : અલી શાહે ખયરે શિકનની બારગાહમાં :-**

મુર્તુઝા શેરે હક્ક અશજઉલ અશજઈન
સાકીએ શીરો શર્બત પે લાખોં સલામ
અસ્લે નસ્લે સાફા વજહે વસ્લે ખુદા
બાબે ફઝ્લે વિલાયતપે લાખોં સલામ
અવ્વલીં દાફેએ અહલે રિફઝો ખુરૂજ
ચારમી રુકને મિલ્લતપે લાખોં સલામ
શેરે શમ્શીરે ઝન શાહે ખૈબર શિકન
પરતવે દસ્તે કુદરતપે લાખોં સલામ
માહીએ રિફઝો તફઝલો નસ્બો ખુરૂજ
હામીએ દીનો સુન્નતપે લાખોં સલામ

ઉપરોક્ત અશઆરમાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ખુલ્ફાએ રાશિદીનની ખિદમતમાં સલામ અર્ઝ કરીને ચાર ખુલ્ફાના ફઝાઈલ તથા કમાલ એવા અંદાઝમાં બયાન કર્યા છે કે પઢનાર ઝુમી ઉઠે. આપના એવા ફઝાઈલ તથા કમાલાત બયાન કર્યા છે જેના પર કુર્આન તથા હદીષ ગવાહ છે.

પ્યારા નબી صلی اللہ علیہ وسلمના અમુક તે સહાબા છે જે મક્કાની ફતહ પહેલાં ઈમાન લાવ્યા અને અમુક તે છે જે ફતહે મક્કા પછી ઈમાન લાવ્યા. ઉપરોક્ત વહેંચણી કુર્આન મજીદમાં વર્ણન કરવામાં આવી છે. સૂરએ હદીદમાં મુસલમાનોને અલ્લાહની રાહમાં ખર્ચ કરવા પર ઉભારતાં ફર્માવવામાં આવ્યું, "અને તમને શું થયું કે અલ્લાહની

રાહમાં ખર્ચ નથી કરતા ! જ્યારે કે આસમાન તથા જમીનની મીરાસ (વારસો) અલ્લાહ તરફ જ પાછી ફરનાર છે. તમારામાં જે લોકો મક્કાની ફતહ પહેલાં જિહાદ કરશે તેઓ ફત્હે મક્કા પછી જિહાદ કરનારની બરાબર નહીં થાય, તેમનો મર્તબો વધુ મહાન છે. વળી તેમાંના દરેક સાથે અલ્લાહનો વાયદો સારો (ભલાઈનો) છે અને તમે પણ કરો છો અલ્લાહ તઆલાને તેની ખબર છે.'' *(હદીદ, ૫૭/૧૦)*

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ સહાબાના આ બંને તબકાને પણ સલામ અર્ઝ કરી છે :–

*મો'મિનીને પેશે ફતહો પસે ફતહ સબ*
*અહલે ખયરો અદાલતપે લાખોં સલામ*

ટૂંકમાં એ કે ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીનું કલામ શરીઅત તથા કુર્આને પાકની રોશનીમાં અને દરેક શરઈ કમી તથા ઐબથી પાક છે. ચાલતાં ચાલતાં આ'લા હઝરતના નઅતિયા કલામ વિશે તેમનો જ શેર લખી સમાપ્ત કરું છું :–

*વો સુખન હૈ જિસમે સખન ન હો*
*વો બયાં હૈ જિસ્કા બયાં નહીં*

*(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી, ત્રિમાસિક ઉર્દૂ, જાન્યુ.–માર્ચ, ૨૦૦૮)*

*અઝ : મુહમ્મદ રઝા અબ્દુર્રશીદ માલીગ*

*અનુ : મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી*

# અલ્લાહનું તમામ અયબોથી પાક હોવાનો મસ્અલો અને ઈમામ અહમદ રઝા

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ચૌદમી સદી હિજરીના એવા જબરદસ્ત આલિમે દીન છે કે ઈલ્મી ગહરાઈ, ઈસ્તેદલાલની (દલીલો રજુ કરવાની) કુવ્વત અને કષરતે તસાનિફ (ખૂબ કિતાબો લખવા)માં એમના જમાનાના લોકોથી લઈને આજ દિવસ સુધી પૂરી દુનિયામાં એમનો સમકક્ષ જોવા મળતો નથી. પચાસથી વધારે ઈલ્મોમાં એમનાં લખાણો, કિતાબો અમારા દાવા પર ગવાહ છે. જે વિષય પર કલમ ઉઠાવી તેના પર દલીલોના ઢગલા ખડા કરી દીધા. એમની કોઈપણ કિતાબનો અભ્યાસ કરી લો તો એવું લાગશે કે ઘણા લાંબા સમયની તહકીક, રીસર્ચ અને અભ્યાસ બાદ આ કિતાબ તૈયાર થઈ હશે.

ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ એ જે કંઈ લખ્યું છે તે અલ્લાહ عزوجل અને તેના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની રઝા તથા ખુશનુદીના ખાતર જ લખ્યું, નામનાથી કોઈ મતલબ ન રાખ્યો. એ જ કારણે એમની બધી જ કિતાબો આજ સુધી પ્રકાશિત ન થઈ શકી. જો આપ ચાહત તો પોતાના અકીદતમંદોથી મદદ લઈને પોતાની જિંદગીમાં જ પોતાની બધી જ કિતાબોને પ્રકાશિત કરાવી શકત. એક વખત કોઈ મોટા માલદાર અકીદતમંદે આપની દા'વત કરી તો આપે કુબૂલ ફર્માવી. એક ભાઈએ ખુશીનો ઈઝહાર કરતાં કહી આપ્યું કે હવે ફતાવા રઝવિય્યહ્ છપાવવાનો ઈન્તેઝામ થઈ જશે ! આ વાતની આપને જાણ થઈ તો આપે દા'વત જ કેન્સલ કરી નાખી ! (આને લિલ્લાહિયત કહે છે ! નહીં કે માલદાર ચાહકો તથા મુરીદોને પલાળવા ટ્રિકો કરવી, જેમ કે આજકાલ થાય છે ! *–પ્રકાશક*) પરંતુ અલ્લાહની બારગાહમાં ઈખ્લાસ બર્બાદ નથી જતો, ઈખ્લાસની જ

બરકત છે કે જેમ જેમ સમય પસાર થતો જાય છે તેમ તેમ ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ની મકબૂલિયતમાં વધારો થઈ રહ્યો છે અને મુહક્કિકીન એમની કિતાબો તથા એમનાં કારનામાઓની તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. દુનિયાની ઘણી યુનિવર્સિટીઓમાં આપના પર તહકીક તથા રીસર્ચનું કામ થઈ રહ્યું છે. ذالك فضل الله يوتيه من يشاء "આ અલ્લાહનો ફઝ્લ છે તે જેને ચાહે તેને અતા ફર્માવે છે."

આજે જ્યારે એવું મેહસૂસ કરવામાં આવે છે કે ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી પર ઘણુ કામ થઈ ચૂક્યું છે પરંતુ હકીકત એ છે કે હજુ એમની તેહકીકોના ઘણા બધા વિભાગો પર કામ પણ શરૂ થયું નથી ! જરૂરત છે કે નવા તથા જૂના ઈલ્મોના નિષ્ણાતોની એક જમાઅત બનાવવામાં આવે જે આપની બધી જ તસ્નીફો, કિતાબો પર તહકીક કરે અને તે તહકીકને ઉર્દૂ, અરબી, અંગ્રેજીમાં છપાવવામાં આવે ત્યારે સહી તરીકાથી ઈલ્મી દુનિયાને ઈમામ અહમદ રઝા બરેલ્વીના ઈલ્મી મકામ તથા મર્તબાને ઓળખાવી શકાશે.

ઈમામ અહમદ રઝાએ પૂરી જિંદગી હનફી ફિકહના મુતાબિક ફતવા આપ્યા. એમની અનમોલ તહકીકો ફતાવા રઝવિય્યહ્ના બાર (૧૨) ભાગોમાં જોઈ શકાય છે, એમનું અઝીમ કારનામુ એ છે કે એમણે લાખો મુસલમાનોનાં દિલોમાં અલ્લાહ તઆલા અને તેના મહબૂબ સૈયદુલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બતની શમ્અઓ જલાવી અને અઝમતે રસૂલની હિફાઝત માટે બેબાક ઈલ્મી તથા કલમી જેહાદ કર્યો. આ તે કાર્યો છે જેને આપના મુખાલિફો (વિરોધીઓ) પણ માને છે અને આ વિશે તેહકીકો પણ થઈ ચૂકી છે.

ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ એ અલ્લાહ તઆલાની તકદીસ અને તમજીદ (પવિત્રતા) વિશે કંઈ ઓછુ કામ નથી કર્યું ! આ વિશે જો તહકીક કરવામાં આવે તો એક મોટો લેખ તૈયાર કરી શકાય છે.

કલમો لَا اِلٰهَ اِلَّا اللّٰهِ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ દુનિયાની એટલી મોટી અઝીમ તથા કિંમતી નેઅમત છે જેણે તસ્દીક, યકીન તથા તસ્લીમો રઝાથી કબૂલ કરીને પઢવાથી કાફિર મુસલમાન થઈ જાય છે. જે અલ્લાહ તઆલાના કહેર, ગઝબ તથા અઝાબનો હક્કદાર હતો તે કાયમ રહેવાવાળી નેઅમતોનો હક્કદાર થઈ જાય છે પરંતુ મુસલમાનની જિંદગીનું આ પ્રથમ સ્ટેજ છે.

બીજુ સ્ટેજ જે જીવનભર રહેવું જોઈએ તે એ કે મુસલમાનની સૌથી વધુ મહોબ્બત તથા અકીદત અને તઅલ્લુક અલ્લાહ તઆલા અને તેના હબીબે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم થી હોય. અનુભવની વાત છે કે **ઈન્સાનને જેના સાથે વધારે મહોબ્બત અને લગાવ હોય છે તેના વિશે થોડી પણ તૌહીન તે બર્દાશ્ત નથી કરી શક્તો.** તો જે ઝાતે અકદસ પર ઈમાન લાવ્યો છે, જેના સાથે બધાથી વધુ મહોબ્બત કરી છે તેના વિશે જરા સરખી ગુસ્તાખી, મા'મૂલી તૌહીન કેવી રીતે વેઠી શકે છે ?! **જો બર્દાશ્ત કરી લે તો મહોબ્બત તથા ઈમાનના દા'વામાં જૂઠો છે.** મહોબ્બતનો તકાઝો (માંગ) છે કે આદમી પોતાની જાનની બાજી લગાડી આપે પણ મહબૂબે હકીકીની શાન આન પર રજમાત્ર પણ આંચ આવવા ન દે.

મો'મિન બંદાની જિંદગીનું ત્રીજુ સ્ટેજ એ છે કે અલ્લાહ તઆલા અને તેના હબીબે મુકર્રમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના અહકામ અને ફર્માનો પર દિલો જાનથી અમલ કરે અને તેને પોતાની સઆદત (ખુશનસીબી) જાણે.

હઝરત રાબિઆ બસરિયહ્ رضی اللہ عنہا આ પઢયા કરતાં હતાં :–

تعصى الاله وانت تظهر حبه
هذا العمر ى فى الفعال بد يع
لو كان حبك صادقا لا طعته
انّ المحب لمن يحب مطيع

★ ''અલ્લાહ તઆલાની નાફર્માની કરી તું તેની મહોબ્બતનો દા'વો કરે છે ?!

★ જિંદગી આપવાવાળાની કસમ ! આ કાર્ય તો ઘણુ અજીબ છે !

★ જો તારી મહોબ્બત સાચી હોત તો તું રબ્બે કરીમની ઈતાઅત કરત.

★ બેશક ! મહોબ્બત કરનાર મહબૂબનો ફર્માંબરદાર હોય છે.''

આવો ! આ સચોટ હકીકતની રોશનીમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہ ની જિંદગીએ પાકની ચકાસણી કરીએ. ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ ૧૦–શવ્વાલ, હિ.સ. ૧૨૭૨, ઈ.સ. ૧૮૫૬ માં બરેલી શરીફમાં પૈદા થયા. આપે પોતાની વિલાદતે બાસઆદતની તારીખ આ આયતે કરીમાથી ઈસ્તેખરાજ કરી કાઢી છે : اولئك كتب فى قلوبهم الايمان وايدهم بروح منه ''આ તે લોકો છે જેમનાં દિલોમાં અલ્લાહે ઈમાન નક્શ ફર્માવી આપ્યું છે અને પોતાની તરફથી રૂહુલ્ કુદ્સના ઝરીઆ એમની મદદ ફર્માવી.''

આ'લા હઝરત ફર્માવે છે :–

અલ્હમ્દુલિલ્લાહ ! બચપનથી મને અલ્લાહના દુશ્મનોથી નફરત છે અને મારાં બચ્ચાંઓ તથા તેમનાં બચ્ચાંઓને પણ અલ્લાહના દુશ્મનોથી દુશ્મની અલ્લાહના ફઝ્લથી એમની ગળથુથીમાં પીવડાવી દેવામાં આવી છે અને અલ્લાહ તઆલાના ફઝ્લથી આ વાયદો પણ પૂરો થયો : اولئك كتب فى قلوبهم الا يمان અલ્હમ્દુલિલ્લાહ ! જો મારા હૃદયના બે ટુકડા કરવામાં આવે તો અલ્લાહની કસમ ! એક પર لَا اِلٰهَ اِلَّا اللّٰهِ લખેલું હશે, અને બીજા પર مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ લખેલું હશે ! અને અલ્હમ્દુલિલ્લાહ ! દરેક બદ્મઝહબ પર ફતહ વ કામ્યાબી મળી. *(હવાલો : હયાતે આ'લા હઝરત)* આ મોટી નેઅમત અને મોટી સઆદત અલ્લાહ તઆલાના હબીબ સૈયદુલ્ અંબિયા صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી મળી છે.

**અય ''રઝા'' ! યહ ફઝ્લ હૈ અહમદે પાક કા**
**વરના હમ ક્યા જાનતે ખુદા કૌન હૈ !**

સ્પષ્ટ છે કે જેના દિલ પર ઈમાન નક્શ થઈ ચૂક્યું હોય તે અલ્લાહ

તઆલાની અઝમત તથા નામૂસે મુસ્તફા (નબીની ઈજ્જત) صلی اللہ تعالیٰ علیہ وسلم ની હિફાઝત તથા પાસબાની માટે શમશીરે બે નિયામ (ખુલ્લી તલ્વાર) હશે અને મા'મૂલી ગુસ્તાખી પણ બર્દાશ્ત નહીં કરે. આ જ ઈમામ અહમદ રઝાની જિંદગીની વિશિષ્ટતા હતી.

અમલી એ'તેબારથી જુઓ તો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની જિંદગી અલ્લાહ તઆલાના અહકામ અને નબીએ અકરમ સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તા'લીમાત તથા સુન્નતોની આયનાદાર (પ્રતિબિંબરૂપ) હતી.

ઈમામ અહમદ રઝા બરેલ્વીએ અલ્લાહ તઆલાની તકદીસ અને તમજીદ (પાકીઝગી)ના વિશે કેવું ઈલ્મી તથા કલમી કામ કર્યું છે તેની એક ઝલક આ લખાણમાં જોશો. જો આ વિશે તફસીલથી અભ્યાસ કરવામાં આવે તો એક વિશાળ લખાણ તૈયાર થઈ જાય.

પૂરાણી ફિલોસોફી યૂનાની બોલીથી અરબી બોલીમાં તબદીલ થઈ તો ઉલ્માએ ઈસ્લામે ફિલોસોફિકલ ગૈરઈસ્લામી ખયાલો અને અકીદાઓનો રદ કર્યો. હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલીએ "તહાફતુલ્ ફલાસફા"માં આવા વીસ મસ્અલા કાઢી તેના પર તન્કીદ (ટીકા ટીપ્પણ) કરી. બાદમાં ઈમામ ફખ્રુદ્દીન રાઝી અને અન્ય ઉલમાએ ફિલોસોફરો (તત્વચિંતકો)ના ગંદા ખયાલોને રદના નિશાન બનાવ્યા. દીની મદ્રસાઓના નિસાબ (કોર્સ)માં ફિલોસોફીની કિતાબો દાખલ કરવાનો મકસદ એક તો એમની બોલીઓથી જાણકાર થવું હતું, બીજો મકસદ હતો કે ઈસ્લામની વિરૂધ્ધ એમના જે ખયાલો છે તેનો ખુલ્લમ ખુલ્લા રદ કરવામાં આવે.

પરંતુ નિસાબમાં દાખલ કિતાબોના અભ્યાસથી એ હકીકત સામે આવે છે કે આ કિતાબોથી બીજો મકસદ હાંસલ થતો નથી. ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીએ હિ.સ. ૧૩૩૮ માં "અલ્ કલિમતુલ્ મુલ્હિમહ્"નામની કિતાબ લખી આ જરૂરતને પૂરી કરી આપી. આ

કિતાબમાં આપે ફિલોસોફરોના એકત્રીસ મસ્અલાઓ પસંદ કરીને ખૂદ એમની જ દલીલોથી એમનો રદ કર્યો.

પહેલા લેખમાં ફર્માવે છે :–

અલ્લાહ તઆલા ફાઈલે મુખ્તાર છે[1]. એનું કાર્ય કોઈ મુરજ્જેહ (અગ્રતા આપનાર)નું મોહતાજ નથી, ન કોઈ ઈસ્તેઅદાદ (ક્ષમતા)નું પાબંદ. આ મુકદ્દમો ઈમાની નજરમાં તો પોતે જ જરૂરી તથા ખુલ્લમ ખુલ્લા છે. يفعل اللّٰه ما يشاء..........فعّاً لما يريد એવી જ રીતે ઈન્સાની અક્લમાં પણ આદમી પોતાના ઈરાદાને જુએ છે કે બે સરખી વસ્તુઓમાં કોઈ જાતની અગ્રતા સિવાય ખૂદ જાતે જ એક વસ્તુને ખાસ કરી લે છે. બે પ્યાલા સરખા હોય, એક જ પ્રકારના, એક જ પાકી સાફીના, બંનેવમાં એક સરખુ પાણી ભરેલું હોય, તેનાથી નજીક પણ સરખા હોય. અને માણસ પીવા ચાહે તો એમાંથી જેને ઈચ્છે ઉઠાવી લે. પછી તે فعّاً لما يريد ના ઈરાદાનું કહેવું ?! *(હવાલો : અલ્ કલિમતુલ્ મુલ્હિમા)*

આ ચર્ચાનું નિશાન ફિલોસોફરોનો આ કૌલ (બયાન) છે કે અલ્લાહ તઆલા ફાઈલ (કર્તા) છે અને ફાઈલ (કર્તા)ની નિસ્બત બધી જ વસ્તુઓ તરફ બરાબર છે. એટલે બે બરાબર વસ્તુઓમાંથી માણસ કોઈ એકને પોતાની તરફથી તરજીહ (અગ્રતા) નથી આપી શકતો. જો આમ કરે તો "તરજીહ બિલા મુરજ્જેહ (અગ્રતા આપનાર વિના અગ્રતા આપવું) લા'ઝિમ આવશે જે મુહાલ (અશક્ય) છે." (બે બરાબર વસ્તુઓમાંથી એકને વિના કારણ અપનાવવું અને બીજાને છોડી દેવું, આ ફિલોસોફરોના મઝહબમાં મુહાલ છે) આવા જૂઠા ખયાલો પર ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીએ મઅકુલ અને મુદલ્લલ્ (યોગ્ય તથા દલીલબદ્ધ) તરીકાથી ભરપૂર રદ કર્યો, જે ઈલ્મવાળાઓએ વાંચવા લાયક છે.

---

*૧. **ફાઈલે મુખ્તાર** : એટલે એનાથી કોઈપણ કાર્ય થાય તે તેના ઈરાદા તથા ઈખ્તિયારથી જ અસ્તિત્વમાં આવે.*

એક બીજી જગ્યાએ ફિલોસોફરોની આ માન્યતા પર ચર્ચા કરી છે "એમનો ખ્યાલ છે કે અલ્લાહ તઆલાએ ફક્ત પ્રથમ અક્લને પૈદા કરી, બાકી તમામ જહાન અક્કલોનું પૈદા કરેલ છે." ઈમામ અહમદ રઝાએ ઈસ્લામી અકીદો આ પ્રમાણે બયાન કર્યો છે :–

આલમમાં કોઈ ન ફાઈલે મુજબ છે[1] ન ફાઈલે મુખ્તાર[2] ફાઈલે મુતલક અને ફાઈલે મુખ્તાર એક અલ્લાહ વાહિદ કહ્હાર છે. આ મસ્અલો પણ ઈમાની નિગાહમાં ખુલ્લમ ખુલ્લા વાતોમાંથી છે અને અક્લે સલીમ (સદ્બુદ્ધિ) પોતે હાકિમ (ફૈંસલો કરનાર) છે કે મુમ્કિન (પોસિબલ) ખૂદ પોતે પોતાના વજૂદમાં મોહતાજ છે તે બીજાને શું વુજૂદ આપી શકે છે ? બે શબ્દો એના પર લખી આપો કે ઈમાનના માર્ગેથી આ કાંટો પણ અલ્લાહના હુકમથી દૂર થઈ જાય.

*(હવાલો : અલ કલિમતુલ્ મુહિમા)*

ત્યારબાદ આ જૂઠા અકીદાને બાર તરીકાઓથી (રીતે) રદ કર્યો. હકીકત એ છે કે અલ્લાહ તઆલાએ ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ને તે ઈમાની તથા નૂરાની બુદ્ધિમતા અતા ફર્માવી હતી કે જેના સામે કોઈ બાતિલ ખયાલ ટકી શક્તો ન હતો. હિંદુસ્તાનના પ્રખ્યાત મોહક્કિક અને લેખક જનાબ શબ્બીર અહમદખાં ગૌરીએ આ'લા હઝરતની આ કિતાબને આ જમાનાની "તહાફતુલ્ ફલાસેફા" કહી આપી તે યોગ્ય જ છે.

ઈમામ અહમદ રઝા બરેલ્વીએ જૂની (કદીમ) ફિલોસોફીના રદમાં "અલ્ કલિમતુલ્ મુલ્હિમહ્" અને નવી ફિલોસોફીના રદમાં "ફૌઝે મુબીન" લખી. આ બે કિતાબો વિશે ફર્માવે છે :–

મુસલમાન તલ્બા પર બંનેવ કિતાબોનો અભ્યાસ અતિ જરૂરી છે, કારણ કે બંનેવ ફિલોસોફી (નવી જૂની)ની ખરાબીઓ, જહાલતો,

---

૧. ***ફાઈલે મુજબ*** *: જેનાથી કોઈ ફેઈલ કાર્ય ઈરાદા તથા ઈખ્તિયાર વિના જાહેર થાય અને ફાઈલે મુજબ ફાઈલ બિલ ઈજાબ કહેવામાં આવે છે.*

૨. *જેનાથી કાર્ય ઈરાદા તથા ઈખ્તિયારથી જોહર થાય.*

બેવકૂફીઓ તથા ગુમરાહીઓથી ખબરદાર રહે. અને અલ્લાહ તઆલાની મદદથી ઈસ્લામી હક્ક અકાઈદથી એમના પગો ડગમગી ન જાય !

*(હવાલો : અલ કલિમતુલ્ મુલ્હિમહ્)*

## ★ ઈમ્કાને કિઝ્બ (અલ્લાહ જૂઠ બોલી શકે)વાળો મસ્અલો ★

અલ્લાહ તઆલા عزوجل વાજિબુલ્ વુજૂદ છે (જેનું વુજૂદ જરૂરી તથા વાજિબ છે) એની સિફતો તેની ઝાત માટે એવી રીતે સાબિત છે કે જુદા નથી થઈ શક્તી. અલ્લાહ તઆલાનું કલામ યકીની સાદિક (સાચુ) છે, તો જેવી રીતે કલામની સિફત એનાથી જુદા નથી થઈ શક્તી એવી જ રીતે સચોટ (સચ્ચાઈ) એના કલામથી જુદા નથી થઈ શક્તી. લા'ઝિમી વાત છે કે **એના કલામના જૂઠા હોવાનો સવાલ જ પૈદા થતો નથી. સલફથી લઈને ખલફ સુધી (શરૂથી અત્યાર સુધી) ઈસ્લામના માનનારાઓનો આ જ અકીદો હતો.** પરંતુ ભારતમાં અંગ્રેજોની સત્તા દરમ્યાન જેવી રીતે અન્ય અકાઈદમાં ફિત્નાઓએ માથુ ઊંચક્યું તેવી જ રીતે આ ફિત્નો પણ ઉઠયો કે મઆઝલ્લાહ ! અલ્લાહ તઆલા ''જૂઠ બોલી શકે છે, ભલે બોલતો નથી.'' (તૌબા ! તૌબા !) સ્પષ્ટ છે કે આ અકીદો ઉલૂહિય્યતની પાકીના (અલ્લાહના તદ્દન બેઐબ હોવાની) બિલકુલ વિરૂધ્ધ છે. ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمة الله عليه આ જૂઠા અકીદાને કેવી રીતે વેઠી શકે છે ?! એટલે આ જૂઠા અકીદાના વિરૂધ્ધ આપે જબરદસ્ત ઈલ્મી તથા કલમી જેહાદ કર્યો.

ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمة الله عليه એ અલ્લાહ તઆલાની અઝમત, જલાલત, ઉચ્ચ શાન તથા પાકીના બયાનમાં છ (૬) રિસાલા લખ્યા :–

૧. સુબ્હાનુસ્સુબ્બૂહ અન અય્બિ કિઝ્બે મકબૂહ્ : [જૂઠ જેવા મકરૂહ અયબથી સુબ્બૂહ કુદ્દૂસની ઝાત પાક છે.]

**૨.** મઝકે તલબિસ ઈદઆએ તકદીસ : [તકદીસ (પવિત્રતા)ના દા'વાના પ્રપંચનો પર્દાફાશ]

**૩.** અલ્ હય્બતુલ્ જબ્બારિય્યહ્ અલા જિહાલતિલ્ અખબારિયહ્ [અખબારી જહાલત પર રબ્બે જબ્બારનો ડર]

**૪.** પયકાને જાં ગુદાઝ બર મુકઝિબાને બેનિયાઝ [બેનિયાઝ હસ્તીને જૂઠાડનારાઓ પર નાશ કરનાર તીર !]

**૫.** દામાને બાગે સુબ્હાનુસ્સુબ્બૂહ (સુબ્હાનુસ્સુબ્બૂહના બાગનો દામન)

**૬.** અલ્ કમઉલ મુબીન લિ અમાલિલ્ મુક્ઝિબીન [જૂઠલાવનારાઓની ઉમ્મીદોની ઉઘાડી ફજેતી !]

હિ.સ. ૧૩૦૭માં મેરઠથી અબૂ મુહમ્મદ સાદિક અલી મદ્દાહે ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીની ખિદમતમાં સવાલ કર્યો કે **આજકાલ ગંગોહ અને દેવબંદના ઓલમા અલ્લાહ તઆલાનું જૂઠ બોલવું શક્ય (પોસીબલ) છે તે મસ્અલાનું એ'લાન લેખિત તથા મૌખિક રીતે કરી રહ્યા છે,** "બરાહીને કાતિઆ" જે મોલ્વી ખલીલ અહમદ અંબેઠીના નામથી છપાઈ છે જેની તસ્દીક (સમર્થન) મોલ્વી રશીદ અહમદ ગંગોહીએ શરૂથી છેલ્લે સુધી પઢીને કરી છે તેમાં લખેલું છે :–

"જૂઠ શક્ય હોવાનો મસ્અલો તો નવો કાંઈ કાઢયો નથી ! બલ્કે જૂના લોકોમાં ઈખ્તેલાફ રહ્યો છે કે વઈદનું ઉલ્ટુ જાઈઝ છે કે નથી ?!

સવાલ એ છે કે આ અકીદો કેવો છે ? અને તેના માનનાર પાછળ નમાઝ સહીહ છે કે નથી ?!

ઈમામ અહમદ રઝાએ આ સવાલનો જવાબ મોટી સાઈઝના ૧૦૬ પેજની કિતાબના રૂપમાં આપ્યો એનું તારીખી નામ **સુબ્હાનુસ્સુબૂહ અન્ અય્બિ કિઝબિલ્ મકબૂહ** છે. (હિ.સ. ૧૩૦૭)

આ કિતાબ એક પ્રસ્તાવના, ચાર સફાઈઓ અને એક ખાતેમા (ઉપસંહાર) પર આધારિત છે : (જેમાં નીચે મુજબ બયાન છે)

**મુકદ્દમો (પ્રસ્તાવના) :–** અલ્લાહ તઆલાની સિફતો વિશે ઈસ્લામી અકીદો.

**પહેલી સફાઈ :–** જલીલુલ્ કદર ઈસ્લામી ઓલ્માનાં ત્રીસ લખાણો નકલ કર્યા જેનાથી સાબિત થાય છે કે **અલ્લાહ તઆલા માટે જૂઠ મુહાલ (ઈમ્પોસીબલ) હોવા પર તમામ અહલે સુન્નત, અશાએરા તથા માતુરિદિયા સાથોસાથ મોઅ્તઝલાનો પણ ઈજમાઅ છે.**

**બીજી સફાઈ :** અલ્લાહ તઆલા માટે જૂઠ સરીહ મુહાલ (સ્પષ્ટ અશક્ય) હોવા પર ત્રીસ દલીલો, જેમાંથી પાંચ ઓલ્માએ કિરામે બયાન કરી અને બાકી પચ્ચીસ દલીલો ઈમામે અહલે સુન્નતે બયાન કરી.

**ત્રીજી સફાઈ :** મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ "યકરોઝી" પર ચાલીસ સખ્ત દલીલો કાયમ કરી કારણ કે અલ્લાહ તઆલાના માટે જૂઠ (શક્ય) પોસીબલ હોવાનો જૂઠો નુક્તો એણે જ બયાન કર્યો.

**ચોથી સફાઈ :** "બરાહીને કાતિઅહ્"માં લખવામાં આવ્યું છે કે, "જૂઠ શક્ય હોવાનો મસ્અલો ખલફે વઈદની શાખ છે" એના રદ પર દસ દલીલો કાયમ કરી.

**ખાતિમા :** જૂઠ શક્ય હોવાનો અકીદો ધરાવતા લોકોનો હુકમ અને **એમની સોહબતને આગ સમજે, એમના પાછળ નમાઝ કદી ન પઢે,** જો ભૂલથી પણ પઢી હોય તો ફરી પઢે.

ઓલ્માએ દીનથી એક જમાઅતના અનુસાર એમના પર ઘણા તરીકાથી કુફ્ર લા'ઝિમ થાય છે. પરંતુ અમો એહતિયાત કરનાર ઓલ્માના તરીકા પર ચાલી એમને કાફિર નથી કહેતા. *(હવાલો : સુબ્હાનુસ્સુબ્બૂહ)*

આ વિશે ઈમામ અહમદ રઝા બરેલ્વીની બધી જ કિતાબોનો અભ્યાસ કરી લો. દરેક જગ્યાએ તમને પાકા યકીનનો જલ્વો જોવા મળશે

અને ઈમાની નૂર ફૂટતાં નજર આવશે. એક આમ ફહમ (સામાન્ય સમજાય તેવી) દલીલ જુઓ. ફર્માવે છે :–

''હદીષ તથા સીરતની કિતાબોનો અભ્યાસ કરો, ઘણા ખુશનસીબ હોશિયાર બુદ્ધિશાળી કેવળ હુઝૂરના જમાલે જહાંઆરા (ખૂબસૂરતી)ને જોઈને ઈમાન લાવ્યા કે ليس هذاوجه الكذابين આ જૂઠ બોલનારનો ચહેરો નથી. હે શખ્સ ! આ તેના હુઝૂર તથા હબીબ صلى الله تعالى عليه وسلم નો પ્યારો ચહેરો હતો જેના પર દો આલમની બહાર કુર્બાન ! અને પાકી તથા કુદ્દૂસી છે તે ઝાતના કરીમ ચહેરા માટે (જેવી કે એની શાનના લાયક છે) વલ્લાહ ! જો પર્દો ઉઠાવે તો તરત સ્પષ્ટ થઈ જાય કે એ કરીમ પર જૂઠ શક્ય હોવાની તોહમત કેટલી જૂઠી છે ?! મુખાલિફ એને દલીલે ખિતાબી (મૌખિક) કહે તો કહે પરંતુ હું એને ઈકાની (યકીની) દલીલનો લકબ આપુ છું અને મુસલમાનોની ઈમાની હિદાયતથી ઈન્સાફ ચાહું છું અને પોતાના રબની બારગાહમાં તે દિવસ માટે અમાનત રાખુ છું કે :–

يوم ينفع الصد قين صدقهم.......يوم لا ينفع
مـال ولا بـنـون۔ الا مـن ا تـى اللّٰه بقلب سليم

''જે દિવસે સાચાઓને એમની સચ્ચાઈ નફો આપશે, જે દિવસે માલ કામ આવશે ન ઔલાદ, એના સિવાય જે અલ્લાહની બારગાહમાં કલ્બે સલીમ (સારું દિલ) લઈ હાજર થયો.''

ઈમામ અહમદ રઝા મોહદ્દિષે બરેલ્વી જ્યારે દલીલો આપવા બેસે છે તો એવું લાગે છે કે દલીલો અને બુરહાનોનો દરિયો વહી રહ્યો છે, આલોચના કરે છે તો મુકાબિલ (સામેવાળો) બેબસ, લાચાર ઉભેલો નજર પડે છે ! જ્યારે કલમથી ફટકારે છે તો જલાલની વીજળીઓ ચમકે તેમ લાગે છે ! તો વળી અમુક ઠેકાણે નસીહત તથા પ્યારભર્યો અંદાઝ અપનાવે છે. આ બધુ એટલા માટે જ કે વિરોધીઓ રબ્બે કુદૂસ પર જૂઠ શક્ય હોવાનો ધબ્બો લગાડવાથી બચે અને દૂર રહે.

નસીહતનો અંદાઝ જુઓ, જેમાં અદબની તથા ઈખ્લાસની મીઠાશ પણ છે. ફર્માવે છે :–

હા ! હે તે કાણાંઓ જે માથાના બંનેવ તરફ સાંભળવાની શક્તિના કાન બન્યા છે ! જેના પર હવાની મૌજો વાતચીતની ઝીનત કરી ખુશ્બુદાર અવાજો વરસાવી અને એ કુદરતી છીપોમાં નાની બુંદોથી સાંભળવાનાં મોતી બનાવે છે. શું તમારામાં القی السمع وهو شهيد "જે કાન લગાડે (સાંભળે) અને હાજર દિલવાળો હોય"ને લાયક કોઈ નથી ?!

હા ! હે ગોશ્તના તે ટૂકડાઓ ! જે છાતીની ડાબી બાજુમાં શરીરના દેશની ગાદી પર બિરાજેલ છો, શું તમારામાં કોઈ يستمعون القول فيتّبعون ا حسنه "જે વાતને સાંભળે છે અને સારી વાતની પૈરવી ફર્માંબરદારી કરે છે"ને કાબિલ નથી ?

જાને બિરાદર ! યકીન જાણો ! આ ખોટા પૂર્વગ્રહનો વબાલ ઘણો સખ્ત છે, જો આજ ન ખુલ્યું તો કાલ (કિયામત) ક્યાં દૂર છે ?!

## ★ ઈખ્તેલાફનું બેક ગ્રાઉન્ડ ★

મોલ્વી મુહમ્મદ ઈસ્માઈલ દહેલ્વીએ "તકવિયતુલ્ ઈમાન"માં લખી માર્યું કે : "આ બાદશાહની તો એ શાન છે કે એક આનમાં એક કુનના હુકમથી ચાહે તો હજારો વલી તથા ફરિશ્તા જિબ્રઈલ અને મુહમ્મદના બરાબર (સમકક્ષ) પૈદા કરી નાખે."

આ લખાણ પર આઝાદીના શેર અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી એ રદ કરતાં કહ્યું કે સરકારે દો આલમ صلى الله تعالیٰ عليه وسلم ની બધી જ કામિલ સિફતોમાં (ખૂબીઓમાં) તેમના સમાન તથા સરખો (સમકક્ષ) અશક્ય છે.

ઈમામ અહમદ રઝા બરેલ્વીએ એના બેક ગ્રાઉન્ડ તરફ ઈશારો કરતાં ફર્માવ્યું : યાદ રાખશો કે અસલ વાત શાના વિશે ચાલી હતી ? ચર્ચા એ હતી કે હુઝૂર પુરનૂર, ખાતુમુન્નબિય્યીન, અકરમુલ્ અવ્વલીન વલ્ આખરીન صلى الله تعالیٰ عليه وسلم નો મિષ્લ (બરાબર) અને હમસર (સમકક્ષ) હુઝૂરની તમામ કમાલ ધરાવેલી સિફતો (ખૂબીઓ)માં બરાબર શરીક મુહાલ (અશક્ય) છે.**અલ્લાહ તઆલા હુઝૂરને "ખાતમુન્નબિય્યીન"**

**ફર્માવે છે અને નબુવ્વતનું ખતમ થવું એવું છે જેમાં બીજો શરીક(ભાગીદાર) થવાને પાત્ર નથી, તો પછી મિષ્લ (બરાબર) હોવું બુદ્ધિના એ'તેબારથી પણ મુહાલ (અશક્ય) છે.** (મતલબ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم છેલ્લા નબી છે હવે બીજો કોઈનું છેલ્લા થવું શક્ય જ નથી ! *–અનુવાદક*)

منزه عن شريك فى محاسنه فجو هر الحسن فيه غير منقسم

આના ઉપર તે બેવકૂફે જવાબ આપ્યો કે, ''અલ્લાહ તઆલા માટે જૂઠ શક્ય હોવું મુહાલ (અશક્ય) નથી, મુમ્કિન (શક્ય) છે કે અલ્લાહની વાત જૂઠી થઈ જાય. મઆઝલ્લાહ !'' *(સુબ્હાનુસ્સૂબ્બુહ)*

આંદામાન ટાપુના શહીદ, અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદીએ ''તકવિયતુલ્ ઈમાન''ના શફાઅતના મસ્અલાવાળા તથા હુઝૂરનો મિષ્લ સમકક્ષ મુમ્કિન (શક્ય) છે તે લખાણની રદમાં પહેલાં ત્રણ ચાર પેજો લખ્યા. મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ કિતાબ ''યક રોઝહ્''માં એનો જવાબ આપવાની કોશિશ કરી તો અલ્લામાએ ''તહકીકુલ્ ફતાવા'' લખી. આ કિતાબના જવાબમાં મોલ્વી હૈદરઅલી ટોંકીએ થોડુ લખ્યું તો અલ્લામાએ ''ઈમ્તેના ઉન્ નઝીર'' લખી. આ કિતાબની અઝમત તથા જલાલત અને દલીલોની કુવ્વતનો આલમ એ છે કે **આજ સુધી કોઈ મોટાથી મોટા દેવબંદી આલિમને એનો જવાબ આપવાની હિમ્મત ન થઈ શકી.**

આ જ હાલત ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વીની કિતાબ ''સુબ્હાનુસ્સુબ્બૂહ'' અને અન્ય લખાણોની છે કે આજ દિવસ સુધી કોઈને પણ એનો જવાબ આપવાની હિમ્મત ન થઈ શકી. કહી લેવા દો ! કે આ બે અજોડ હસ્તીઓએ لَا اِلٰهَ اِلَّا اللّٰهِ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ પઢવાનો ઈન્સાની તાકાત તથા હિમ્મતના મુતાબિક હક્ક અદા કરી આપ્યો.

ઈમામ અહમદ રઝાએ પહેલાં જ ફર્માવી દીધું હતું અને સહીહ ફર્માવ્યું હતું : ''આ મસ્અલામાં ફકીરનો એક કાફી શાફી તથા વાફી રિસાલો ''સુબ્હાનુસ્સુબ્બૂહ અન્ અયૂબિ કિઝ્બે મકબૂહ'' નામી ઘણો

સમય થયો છપાઈને પ્રકાશિત થઈ ચૂક્યો છે અને ગંગોહીઓ, દેવબંદીઓ, વહાબીઓ વગેરે કોઈથી પણ તેનો જવાબ ન બની શક્યો અને કિયામત સુધી નહીં બની શકે !

حقت عليهم كلمة العذاب بماكذبواربهم وبماكانوايفسقون

લુધિયાણાના મોલ્વી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ કાદિરે એક રિસાલા (કિતાબ) ''તકદીસુર્રહમાન અનિલ કિઝ્બિ વન્નુકસાન'' લખ્યો જેમાં અલ્લાહ તઆલા માટે જૂઠ શક્ય હોવાના જૂઠા અકીદાનો સખ્ત દલીલોથી રદ કર્યો, જ્યારે કે એ પોતે દેવબંદી જમાઅતથી તા'લ્લુક રાખે છે !

મોલ્વી અબ્દુસ્સમીઅ રામપૂરીએ ''અન્વારે સાતિઅહ્''માં લખ્યું છે :–

''કોઈ જનાબે બારી عزوجل ના માટે જૂઠ શક્ય હોવાનો ધબ્બો લગાડે છે.'' એનો જવાબ આપતાં ખલીલ અહમદ અંબેઠી દેવબંદીએ ''બરાહીને કાતિઅહ્'માં લખ્યું કે ''અમે કોઈ નવો મસ્અલો નથી કાઢયો. ખલ્ફે વઈદે[1] માં તો જૂનો ઈખ્તેલાફ ચાલ્યો આવી રહ્યો છે !''

પ્રથમ તો એ કે મોહક્કિકીન ખલ્ફે વઈદના માનનાર (કાઈલ) જ નથી અને જે લોકો માને છે તે જૂઠ શક્ય હોવાના મસ્અલાની ભરપૂર તરીકાથી રદ કરે છે પછી ખલીલ અહમદનો આ જવાબ કેવી રીતે સહીહ થશે ? **ખલ્ફે વઈદનો અર્થ** એ છે કે ''અલ્લાહ તઆલાએ જે ગુનાહો પર સજા આપવાનું કહ્યું છે તેને માફ કરી આપે, કયામતના દિવસે અલ્લાહ તઆલા ઘણા મુજરિમોને માફ ફર્માવી આપશે.'' હવે જો ખલ્ફે વઈદનો અર્થ જૂઠ છે તો ''મઆઝલ્લાહ ! ષુમ્મ મઆઝલ્લાહ ! કયામતના દિવસે અલ્લાહ તઆલા બિલ્ ફેઅલ (કૃત્યથી) જૂઠો થઈ જાય ! અને **આ વાત યકીનવાળી (નિશ્ચિત) છે કે કોઈ મુસલમાન આવો અકીદો નથી રાખતો.**

*૧. ખલ્ફે વઈદનો મતલબ છે અલ્લાહ તઆલાએ જે ગુનાહો પર સજા સંભળાવી છે એને માફ કરી આપે.*

વાત આટલે ખત્મ નથી થતી ! એક શખ્સ કહે છે કે અલ્લાહ તઆલાનું જૂઠ સાબિત છે ! نعوذ بالله આ વિશે મોલ્વી રશીદ અહમદ ગંગોહીથી પૂછવામાં આવ્યું તો જવાબ આપ્યો કે, ''પેલા શખ્સને (એટલે એવું કહેનારને) કોઈ સખ્ત શબ્દો ન કહેવા જોઈએ.'' અલ્લાહુ અકબર ! لا اله الا الله محمد رسول الله આથી વધુ કયો અંધાપો હશે અને કઈ ગુમરાહી હશે ?!

મૌલાના નઝીર અહમદખાં લખે છે :–

કિતાબ ''સિયાનતુન્ નાસ'' (પ્રકાશક : હદીકતુલ્ ઉલૂમ, મેરઠ, હિ.સ. ૧૩૦૭)ના છેલ્લા પેજ પર આ ફત્વો મોલ્વી રશીદ અહમદ ગંગોહીનો પ્રકાશિત થઈ ચૂક્યો છે. એમના હાથથી લખેલો અસલ ફતવો અને તેના પર એમની મોહર પણ છે, તે ફતવો અમારી પાસે મૌજૂદ છે, એનું થોડુક લખાણ આ પ્રમાણે છે :–

અમુક આલિમો ''ખલફે વઈદ''ના વુકૂઅ (થઈ શકવાના) કાઈલ (માનનાર) છે અને એ પણ સ્પષ્ટ છે કે ખલફે વઈદ ખાસ છે અને કિઝૂબ (જૂઠ) આમ છે, કારણ કે કિઝૂબ (જૂઠ) હકીકતના વિરૂધ્ધને કહે છે તો કદી તે વઈદ હોય છે તો કદી વાયદો અને ખબર. અને આ બધા કિઝૂબ (જૂઠ)ના જ પ્રકારો છે અને નૂઅ (જાત)નુ વુજૂદ જિન્સને લાઝિમ છે. દા.ત. જો ઈન્સાન હોય તો જરૂર હયવાન (જાનવર) હશે. એટલે જૂઠ શક્ય હોવાનો અર્થ સહીહ થયો, ભલે કોઈ ફર્દના તહત (તાબેઅ) હોય. તો આ એ'તેબારથી પેલા ત્રીજાને કોઈ સખ્ત કલ્મો (શબ્દો) ન કહેવો જોઈએ. *(હવાલો : ઈમ્તારુલ્ હક્ક, પેજ–૩૧, લેખક : નઝીર અહમદખાં મોલ્વી)*

અલ્લાહ તઆલાની શાને કરીમી જુઓ કે આવા લોકો પર આકાશ તૂટી નથી પડતું !

એ વાત યાદ રાખશો કે ''બરાહીને કાતિઆ'' અસલમાં મોલ્વી રશીદ અહમદ ગંગોહીની લખેલ છે જે મોલ્વી ખલીલ અહમદ અંબેઠીના નામથી પ્રકાશિત થઈ છે.

"હકીમ અબ્દુલ હય લખનવી" મોલ્વી રશીદ અહમદ ગંગોહીની કિતાબોનું વર્ણન કરતાં લખે છે :–

والبرا هين القاطعة فى الرد على الانوار الساطعة للمولوى عبد
السميع الرامفورى طبع باسم الشيخ خليل احمد السهار نفورى

મોલ્વી અબ્દુસ્સમીઅ રામપૂરીની કિતાબ "અન્વારે સાતિઆ"નો રદ "બરાહીને કાતિઆ" છે. આ કિતાબ (મોલ્વી રશીદ અહમદ ગંગોહીની લખેલ છે પરંતુ) મોલ્વી ખલીલ અહમદ અંબેઠીના નામથી પ્રસિદ્ધ થઈ છે. *(હવાલો : નુઝહતુલ્ ખવાતિર, ભાગ–૮, પેજ–૧૫૨)*

મોલ્વી ખલીલ અહમદ અંબેઠી જામિઆ અબ્બાસિયહ્ (હાલ : જામિઆ ઈસ્લામિયહ્) બહાવલપુરમાં મુદર્રિસ હતા. જ્યારે "બરાહીને કાતિઅહ્" છપાઈ તો તરત ઓલ્માએ અહલે સુન્નતે એનાં અમુક લખાણો (જે ઈસ્લામી અકાઈદથી વિરૂધ્ધ હતાં) પર સખ્ત રદનો ઈઝહાર કર્યો. ફાઝિલે જલીલ મૌલાના ગુલામ દસ્તગીર કિસ્વરીએ ખલીલ અંબેઠવીને મુનાઝરાનું ચેલેંજ આપ્યું. શવ્વાલના મહિનામાં હિ.સ. ૧૩૦૬ બહાવલપુર જઈને આપે મુનાઝરો કરી ખલીલ અંબેઠવીને બુરી તરહ હાર આપી. મુનાઝરાના જજ (ફૈસલ) નવાબ મુહમ્મદ સાદિક અબ્બાસીના પીરો મુર્શિદ હઝરત ખ્વાજા ગુલામ ફરીદ (ચાંચરા શરીફ) હતા. એમણે ફેંસલો આપ્યો કે દેવબંદી આલિમોના અકીદાઓ તો વહાબી ઓલમાના અકીદાઓથી મળતા જુલ્તા છે જેમણે એશિયા ખંડમાં ઈખ્તેલાફની આગ સળગાવી. આ ફેંસલા બાદ નવાબ સાહબે (વાલીએ બહાવલપુરે) મોલ્વી ખલીલ અહમદ અંબેઠવીને રાજ્યથી નીકળી જવાનો હુકમ આપી દીધો (તડીપાર કર્યો.)

આ મુનાઝરાનો અહેવાલ "તકદીસુલ્ વકીલ"ના નામથી છપાયો. જેના ઉપર મક્કા મદીનાના ઓલ્મા તથા શૈખુદ્ દલાઈલ્ મૌલાના અબ્દુલ હક્ક મુહાજિર મક્કી અને હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કીની તસ્દીકો (સમર્થનો) પણ છે.

*(હવાલો : તઝકેરએ અકાબિરે અહલે સુન્નત, પેજ–૩૦૬)*

ઉસ્તાદે ઝમન મૌલાના હસન કાનપૂરીએ જૂઠ શક્ય હોવાના રદમાં એક કિતાબ બનામ "તનઝીહુર્રહ્‌માન અન સાઈબતિલ કિઝૂબિ વન્નુકસાન" લખી, એનો જવાબ મોલ્વી મહમૂદુલ્ હસન દેવબંદીએ "જહદુલ્ મિકલ"ના નામથી બે ભાગમાં લખ્યો. જેમાં એમણે **અલ્લાહ તઆલા માટે જૂઠ શક્ય હોવાનો અકીદો સાબિત કર્યો. ઉપરાંત (મઆઝલ્લાહ !) અલ્લાહ તઆલા માટે બધા જ અયબો બુરી વસ્તુઓને શક્ય ઠરાવી દીધી !** લખ્યું છે :–

"બુરાં કાર્યોને બીજા મુમ્કિન (શક્ય) કાર્યોની જેમ બધા જ એહલે હક્ક અલ્લાહ તઆલાની કુદરત હેઠળ માને છે." (મઆઝલ્લાહ !) આગળ લખે છે : "કારણ કે ખરાબી છે તો એ કાર્યોના સ્પષ્ટ તથા પ્રદર્શિત થવામાં છે, ખાસ કુદરત હેઠળ હોવામાં તો બિલકુલ ખરાબી નથી."

*(હવાલો : જહદુલ્ મિકલ, ભાગ–૧, પેજ–૪૧)*


આવા જ એક કૌલ પર ઈમામે ઈશ્કો મહોબ્બતની તન્કીદ (રદ) જુઓ :–

**"કેવી ખુલ્લી સાફ વાત કહી આપી કે કેવળ જૂઠ જ શક્ય નથી બલ્કે દરેક અયબ (ખામી), બુરી વસ્તુ અલ્લાહમાં હોવું શક્ય (મુમ્કિન) છે ! વાહ બહાદુર ! આંખના પલકારામાં બધા જ પાકીના તથા મુકદ્દસ અકીદાઓનાં મૂળ કાપી નાખ્યાં !** આજિઝ, જાહિલ, મૂર્ખ, આળસુ, આંધળો, બહેરો, ગુંગો બધું જ થવું તે શક્ય બતાવ્યું ! ખાવું, પીવું, પેશાબ, પાખાના જવું, બીમાર પડવું, બચ્ચુ પૈદા થવું, સૂવું બલ્કે મૃત્યુ પામવું અને મરીને ફરીથી પૈદા થવું બધુ જ જાઈઝ થઈ ગયું ! (મોલ્વી મહમૂદલ હસન દેવબંદીના લખાણ મુજબ) સારાંશ કે ઈસ્લામના ઉસૂલના હજારો અકીદાઓ જેના પર મુસલમાનોના હાથમાં એ જ દલીલ હતી કે મૌલા તઆલા પર ખામી તથા અયબ (બુરી આદત) મુહાલ બિઝ્ઝાત છે (એટલે કે ઈમ્પોસીબલ છે) એ બધું એકદમ બાતિલ અને બેદલીલ થઈને રહી ગયું!" *(હવાલો : સુબ્હાનુસ્સુબ્બૂહ)*

મૌલાના હકીમ સૈયદ બરકાત અહમદ ટોંકીએ અરબીમાં કિતાબ الصمصام القاضب لراس المفترى على الله الكذب અને મૌલાના મુફતી મુહમ્મદ અબ્દુલ્લાહ ટોંકીએ عجالة الراكب فى امتناع كذب ا لواجب લખી (અલ્લાહ માટે)ને જૂઠ શક્ય હોવાના વહાબી અકીદાનો સખ્ત રદ કરી નાખ્યો.

હકીકત એ છે કે ઈમામ અહમદ રઝા બરેલ્વીએ છ કિંમતી રિસાલાઓ (કિતાબો) લખી તેની પાકી તથા તકદીસ (પવિત્રતા)ના ઈમાન અફરોઝ બયાનોથી કેવળ મુસલમાનોનાં દિલોને જ નહીં દિમાગોને પણ રોશન કરી આપ્યાં. એમની દલીલો વાંચતી વખતે રૂહ પર એક અજીબ કૈફિયત છવાઈ જાય છે. બેશક ! આ'લા હઝરતે અલ્લાહ તઆલા માટે જૂઠ શક્ય હોવાના માટે મોટા મોટા દા'વા કરનારાઓનાં મોઢામાં લગામ લગાડી દીધી. અલ્લાહ તઆલા આપની કબ્ર પર બેશુમાર રહમતો નાઝિલ ફર્માવે. *(આમીન)*

*લેખક : હઝરત અલ્લામા અબ્દુલહકીમ શરફ કાદરી,*
*અનુવાદક : જનાબ મૌલાના મોહસિન મક્કી–સેગવા*





## મન્કબત : દરશાને આ'લા હઝરત
## ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અહમદ રઝા કા તાઝા ગુલિસ્તાં હૈ આજ ભી
ખુર્શિદે ઈલ્મ ઉન્કા દરખ્શાં હૈ આજ ભી

અરસા હુવા વો મર્દે મુજાહિદ ચલા ગયા
સીનોંમેં એક સોઝિશ પિન્હાં હૈ આજ ભી

ઈમાન પા રહા હૈ હલાવત કી નેઅમતેં
ઔર કુફ્ર તેરે નામસે લરઝાં હૈ આજ ભી

સબ ઉનસે જલનેવાલોં કે ગુલ હો ગએ ચિરાગ
'અહમદ રઝા' કી શમ્એ ફરોઝાં હૈ આજ ભી

કિસ તરહ ઈત્ને ઈલ્મ કે દરયા બહા દિએ
ઉલમાએ હક્ક કી અક્લ તો હૈરાં હૈ આજ ભી

મગ્મૂમ અહલે ઈલ્મ ન હોં ક્યૂં તેરે લિએ
જબ ઈલ્મ ખૂદ હી સર બગરિબાં હૈ આજ ભી

ઈશ્કે હબીબે પાકમેં ડૂબા હુવા કલામ
સર ચશ્મએ નિશાતે સુખન દાં હૈ આજ ભી

તુમ ક્યા ગએ કે રૌનકે મેહફિલ ચલી ગઈ
શેઅરો અદબ કી ઝુલ્ફ પરેશાં હૈ આજ ભી

બઅદે વિસાલ ઈશ્કે નબી કમ નહીં હુવા
રૂહે રઝા હુઝૂર પર કુર્બાં હૈ આજ ભી

બેશક ! કરમ હૈ યે જો તુમ્હારે કલામમેં
બેચૈન દિલકે ચૈન કા સામાં હૈ આજ ભી

ભર દી દિલોંમેં ઉલ્ફતો અઝમત રસૂલ કી
જો મખ્ઝને હલાવતે ઈમાં હૈ આજ ભી

જો ઈલ્મ કા ખઝીના કિતાબોંમેં હૈ તેરી
નામૂસે મુસ્તફા કા વો નિગરાં હૈ આજ ભી

**'મિર્ઝા'** સરે નિયાઝ ઝુકાતા હૈ ઈસ લિએ
ઈલ્મો અમલ પે આપ કા એહસાં હૈ આજ ભી

